

# દ્રવ્ય પ્રતિક્રમણને ભાવ પ્રતિક્રમણ કેવી રીતે બનાવશો

સંપાદક
પ.પૂ. મુનિરાજ શ્રી ભાવેશરત્ન વિજયજી મ.સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ॐ ह्रीँ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

# દ્રવ્ય પ્રતિક્રમણને ભાવપ્રતિક્રમણ કેવી રીતે બનાવશો ?

*(પ્રતિક્રમણ સૂત્રાદિના સરળ અર્થ)*
*શબ્દોના ક્રમ પ્રમાણે અર્થ, શબ્દાર્થ, ગાથાનો પૂરો અર્થ*

## • દિવ્ય કૃપા •

કર્મસાહિત્ય નિષ્ણાત પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા + ૩૦૦ વર્ષના ઈતિહાસમાં અજોડ શાસનપ્રભાવક પૂ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા + તપસ્વી સમ્રાટ પૂ. રાજતિલક સૂરીશ્વરજી મ.સા. + મધુરભાષી જિનપ્રભસૂરીશ્વરજી મ.સા.

## • શુભ આશીર્વાદ •

વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય કમલરત્ન સૂરીશ્વરજી મહારાજા તથા
સમર્થ વિદ્વાન પૂ.આ. દર્શનરત્ન સૂરીશ્વરજી મહારાજા તથા
તર્ક સમ્રાટ પૂ.આ.શ્રી અજીતરત્ન સૂરીશ્વરજી મ.

## • સંપાદકશ્રી •

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના સરળ સ્વભાવી
પૂ. કમલરત્ન સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય, ગુણરત્નાવૃત્તિ પ્રણેતા
પૂ. દર્શનરત્ન સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
૧૩૦ અઠ્ઠમના તપસ્વી, વિદ્વાન

**મુનિ શ્રી ભાવેશરત્ન વિજયજી મ.સા. તથા**

**સહ સંપાદકશ્રી**

**તેમના શિષ્ય સરળ સ્વભાવી મુનિશ્રી પ્રશમરત્ન વિ.જી. મ.સા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દ્રવ્ય પ્રતિક્રમણને ભાવપ્રતિક્રમણ કેવી રીતે બનાવશો ?

: સંપાદક :
મુનિ શ્રીભાવેશરત્ન વિજયજી મ.સા.

આભાર દર્શન
પ.પૂ. ગચ્છાધિપતિ શ્રીહેમભૂષણસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પૂ.સાધ્વીજી શ્રી શીલધર્માશ્રીજીના સુશિષ્યા સાધ્વીજી શ્રી ચારૂધર્માશ્રીજી મ.સા.એ આ પુસ્તકનું પ્રુફ સંશોધન કરેલ છે, તે બદલ ભાભર જૈન સંઘ તેઓનો હૃદયથી આભાર માને છે.

**પ્રકાશન સૌજન્ય**

પ.પૂ.મુનિરાજ શ્રી ભાવેશરત્ન વિ.મ.સા.ના વિ.સં.૨૦૬૨ના ભાભર નગરના યશસ્વી ચાતુર્માસ નિમિત્તે ગુરૂભક્તો તરફથી

નકલ : ૨૦૦૦ આવૃત્તિ : તૃતીય પ્રકાશન : વિ.સં.૨૦૬૨

★ સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

**પ્રાપ્તિસ્થાન**

(૧) **શા. દિનેશકુમાર એન્ડ પ્રવીણકુમાર પૂનમચંદ**
મુ. હરિયાવાડા, પો. ઓઢવા, વાયા : દાંતીવાડા, તા.દાંતીવાડા
જિ. બનાસકાંઠા (ગુજરાત) ફોન: (૦૨૭૪૮) ૨૭૨૦૪૮
ફોન : નં. (૦૨૦) ૫૩૮૪૩૪૫ (પુના)

(૨) **શા. હરિલાલ ચમનલાલ**
મુ.પો.જેગોલ, તા. દાંતીવાડા
જિ. બનાસકાંઠા, ફોન : (૦૨૭૪૮) ૨૭૨૦૫૩

(૩) **શા. પોપટલાલ ચમનલાલ**
મુ.પો.જેગોલ, તા. દાંતીવાડા
જિ. બનાસકાંઠા, ફોન : (૦૨૭૪૮) ૨૭૨૦૬૬

(૪) **શા. અશોકકુમાર ચમનલાલ**
મુ.પો.જેગોલ, તા. દાંતીવાડા
જિ. બનાસકાંઠા, ફોન : (૦૨૭૪૮) ૨૭૨૦૫૪

(૫) **શા. ભીખચંદ સરૂપજી**
સદાશીવ પેઠ, ગાયાળી ચોક, જૈન મંદિરની પાસે, પુના-૩૦
ફોન : (૦૨૦) ૪૪૭૮૫૬૧

**ટાઈપ સેટીંગ : રાજ આર્ટસ્, રાજેશ શાહ, ઊંઝા · ૦૨૭૬૭-૩૨૦૫૭૮**
**મુદ્રક : નવકાર ઓફસેટ, રાજેશ શાહ, પાલડી, અમદાવાદ : ૦૯૪૨૭૪ ૭૦૭૭૩, ૦૯૮૭૯૫ ૫૪૫૭૮**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નિવેદન

**'દુષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણ કો આધારા.'**

અનંત ઉપકારી શ્રી કેવળજ્ઞાની એવા તીર્થંકર ભગવાને પ્રતિક્રમણની મહાનતા બતાવી અને બીજબુદ્ધિના ધણી શ્રી ગણધર ભગવંતોએ ત્રિપદીને ઝીલીને સૂત્રરૂપે સંરચના કરી ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામિજીએ એ સૂત્રોના અર્થને સ્પષ્ટ કરતી આવશ્યક નિર્યુક્તિ રચી. પછી આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પૂર્વોનો વિચ્છેદ થતાં પૂર્વકાલીન પદાર્થોનો સંગ્રહ કરીને ૧૪૪૪ ગ્રંથરત્નો લખીને જૈન સંઘને ભેટ ધરી છે. તેમાં આ પ્રતિક્રમણના સૂત્રોના રહસ્યોને ખોલતી બૃહદ્ વૃત્તિ પણ છે.

અજોડ જ્ઞાન દર્શન-ચારિત્રાદિ ગુણોથી વર્તમાન જૈન સંઘો ઉપર જોરદાર ભાવોપકાર કરનાર ૩૦૦ વર્ષમાં અજોડ શાસનપ્રભાવના કરનાર પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમાન્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ઘણીવાર કહેતા કે શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ન થયા હોત તો, એમણે આટલા ગ્રંથો ન બનાવ્યા હોત તો, છતે આગમે આંધળા જેવા હોત. સાર એ છે કે આગમના રહસ્યો આપણા હાથમાં આવ્યા ન હોત.

આ જ પરમોપકારી શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ 'યોગવિંશિકા' નામનો એક ૨૦ ગાથાનો નાનકડો ગ્રંથ પણ બનાવ્યો છે. જેમાં જૈન શાસનના યોગની લોકોત્તર અદ્ભુત વાતોનો ટૂંકમાં સંગ્રહ કર્યો છે અને આ ગ્રંથ ઉપર કલિકાલમાં શ્રુત કેવળીની ગરજ સારનાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે વિશાળ આશયવાળી ટીકા બનાવીને એ ગ્રંથના ભાવોને અત્યંત સ્પષ્ટ કરી આપ્યા છે.

અનંત દુઃખવાળા સંસારથી છૂટીને અનંત સુખવાળા મોક્ષે પહોંચવા માટે જ્ઞાનીઓએ બે સાધનો બતાવ્યા છે. (૧) જ્ઞાન અને (૨) ક્રિયા. આ સાધનો, એ મોક્ષમાર્ગે આગળ વધારનાર એવા સંયમરથના બે પૈડા છે. બેય પૈડાં ચાલતાં જોઈએ. બેયમાં પરસ્પર સરખાપણું જોઈએ. બેમાંથી એક પણ અટકે તો પરિણામે સાધના અટકી જાય. હા બને કે બેમાંથી એક સમયે એક પૈંડુ ગૌણત્વ ધારણ કરે બીજું મુખ્યત્વ પણ જરૂર તો બેયની.

જ્ઞાનને ક્રિયાનો ટેકો જોઈએ અને ક્રિયામાં જ્ઞાનની ચેતના જોઈએ. આ જો થઈ જાય તો કામ થઈ જાય. બસ ! એ જ સામંજસ્યની ખૂબી એ યોગવિંશિકા ગ્રંથમાં બતાવેલી છે. ત્યાં કહ્યું છે કે ક્રિયાને યોગ બનાવવો હોય અર્થાત્ પ્રધાન દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવવી હોય તો ચાર વાતો એમાં ભળવી જોઈએ. **(૧) સ્થાન, (૨) વર્ણ, (૩) અર્થ અને (૪) આલંબન.**

સ્થાનમાં આસન અને મુદ્રા આવે, વર્ણમાં સૂત્રોચ્ચારની શુદ્ધિ આવે. અર્થમાં વિવિધ દૃષ્ટિએ સૂત્રનો અર્થ વિચારાય અને આલંબનમાં યોગ્ય લક્ષ્યને (ધ્યેયને) આકૃતિરૂપે ચિત્તપટ પર સ્થાપવાનું હોય છે.

આ બધું બને તો ક્રિયા યોગ બને છે, એટલે ક્રિયા ભાવરૂપ બને છે. અને ક્રિયા ભાવરૂપ ન બને ત્યાં સુધી પ્રધાન દ્રવ્યક્રિયા તો થવી જ જોઈએ. પ્રધાન દ્રવ્યક્રિયા એ ભાવક્રિયાનું કારણ બને છે. માટે પરમોપકારીશ્રી પૂ. મહોપાધ્યાયજી યશોવિજયજી મહારાજાએ **'ઉપદેશ રહસ્ય'** નામના ગ્રંથમાં પ્રધાન દ્રવ્ય ક્રિયાના ૪ લક્ષણો બતાવ્યા છે. **(૧) તદર્થાલોચન**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨) ગુણાનુરાગ. (૩) અપ્રાપ્ત પૂર્વ હર્ષ અને (૪) વિધિ ભંગે ભવનો ભય.**

પહેલું લક્ષણ **'તદર્થાલોચનમાં** ક્રિયાસૂત્રોના અર્થની ઊંડાણથી વિચારણા કરવી કે જેથી સૂત્રોમાં રહેલા ભાવોને બુદ્ધિથી સમજીને પછી હૃદયથી સ્વીકારીને અને પછી તે ભાવોને અંતરમાં પેદા કરે.

બીજું લક્ષણ **'ગુણાનુરાગ'**માં **સૂત્રનો અર્થ** જાણવાથી આત્મિક ભાવો જેમ જેમ વધે તેમ તેમ સૂત્ર, અર્થ અને સૂત્રના ઉપદેશક અરિહંત ભગવંતો તથા ગણધર ભગવંતો ઉપર ખૂબ રાગ ઉત્પન્ન થાય છે, અને એમ થાય છે કે, સૂત્ર બતાવનાર અરિહંતો તથા સૂત્ર બનાવનારા ગણધર ભગવંતો જ ખરી રીતે આત્માનુ ભલું કરનારા છે. એવા વિચારથી તેઓ પ્રત્યે ખૂબ બહુમાનભાવ પેદા થાય છે.

ત્રીજું લક્ષણ **'અપ્રાપ્તપૂર્વનો હર્ષ'**માં સૂત્ર બતાવનારા એવા અરિહંતાદિ પ્રત્યે ખૂબ અનુરાગ થવાથી અનાદિકાળથી ભટકતા એવા મારા જેવા દરિદ્રને મહાનિધાનરૂપ એવી ક્રિયા કરવાનું ક્યારેય પ્રાપ્ત થયું ન હતું પણ આજે પ્રાપ્ત થવાથી હું કૃતાર્થ-બડભાગી થયો છું એવો હૈયામાં-પ્રમોદભાવ આવે અને વચનથી પણ બોલે.

ચોથું લક્ષણ **'વિધિ ભંગે ભવનો ભય'**માં અરિહંતાદિ પ્રત્યે પ્રીતિ કે ભક્તિ પેદા થઈ તો તેઓના વચનનું આસેવન વિધિપૂર્વક કરવાનું મન થાય, તે સ્વભાવિક છે અને અવિધિથી કરશું તો આ વસ્તુ નહિ મળે એવી સાચી સમજણ આવવાથી અવિધિનો ભય સતત લાગતો હોય છે. તેવી રીતે અહીં (ધર્મક્રિયાઓમાં) પણ પ્રમાદાદિથી અવિધિ આદિથી વિધિમાર્ગનું ઉલ્લંઘન થતું હોય ત્યારે અરે રે આનાથી તો મારો સંસાર ઘટવાને બદલે વધી જશે અને આ ઉત્તમ ક્રિયાઓ ફરી પ્રાપ્ત નહિ થાય એવો ભય રહે છે. આવા ભયથી સાવધાની આવે છે. માટે ભાવ વિનાની ક્રિયાઓ સંમૂર્છિમ જેવી છે અને મોક્ષે ન પહોંચાડી શકે અને ઉપરની ક્રિયાકારકની બેદરકારીથી એવી ક્રિયા વિપરીત ફળને પણ આપનારી બની જાય છે. તો પૂર્વે કહેલ ૪ યોગાંગમાંથી. ત્રીજા **'અર્થ'** નામના યોગાંગને લક્ષ્યમાં રાખીને આ પુસ્તક દ્વારા પ્રયત્ન કરીએ છીએ. સૂત્ર બોલતી વખતે મનમાં એ સૂત્રનો સૂચિત અર્થ યાદ લાવવા માટે આમાં સૂત્રાનુસારે જ ક્રમ ગોઠવવામાં આવ્યો છે. એ એની આગવી વિશેષતા છે. જ્ઞાન ભણવાથી-સદ્દહવાથી, આચરવાથી દ્રવ્યક્રિયા એ ભાવક્રિયા બની જાય છે. અને ભાવપ્રતિક્રમણનું સાક્ષાત્ ફળ તો મોક્ષ છે. અને મોક્ષ ન મળે ત્યાં સુધી વિશિષ્ટ-વિશિષ્ટ કોટિની આત્મવિશુદ્ધિ એ એનું તત્કાળ ફળ છે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ છે. તેની ઉપયોગિતા માટે વધુ ન લખતા વાંચન મનન અભ્યાસ દ્વારા પરમાત્માએ પ્રકાશેલ ભાવપ્રતિક્રમણના સંભાગી બનવા દ્વારા પાંચમા અનાલંબન યોગની અપ્રતિપાતિ પ્રાપ્તિ કરીને અંતે મોક્ષસુખના સંભાગી બનીએ એજ અભિલાષા. આ પુસ્તકના સંપાદનની પ્રેરણા સં. ૨૦૫૯ના પાલિતાણાના ચાતુર્માસ દરમિયાન પન્ના-રૂપાના આરાધકો દ્વારા થઈ તેના ફળ સ્વરૂપે આ દળદાર પુસ્તક પ્રગટ થઈ શક્યું છે. આ પુસ્તકના પ્રુફ સંશોધક અમારી સંસારી ભત્રીજી સાધ્વીજી લલીતગુણાશ્રીજીની શિષ્યા સાધ્વીજી રક્ષિતગુણાશ્રીજી તથા વિસનગરના જૈન શિક્ષિકાબહેન જશુમતીબેન ભરતભાઈ ચોકસીનો સહયોગ પ્રાપ્ત થયો છે. એ સાથે વિસનગરના આદરણીય તથા પ્રામાણિક વ્યક્તિ વિનુભાઈ - હ. શાહ (નિવૃત્ત શિક્ષક)ના ઉપયોગી સૂચનોનો લાભ મળ્યો છે. તે બદલ તે સર્વને અભિનંદન અર્પું છું. **નિવેદક : મુનિ ભાવેશરત્નવિજયજી મ.સા.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

## ક્રિયાની મહાનતા + પ્રતિક્રમણના હેતુઓ

પ્રતિક્રમણ શબ્દ ક્રિયાને સૂચવે છે. આવશ્યક શબ્દનો અર્થ સાધુ શ્રાવક આદિ ચતુર્વિધ સંઘે **અવશ્ય કરવા યોગ્ય** અર્થાત્ જ્ઞાનાદિ ગુણોને તથા મોક્ષને સમસ્ત રીતે વશ કરે તે આવશ્યક છે. પ્રતિક્રમણાદિ એવી આવશ્યક ક્રિયાઓ શ્રુત કેવળી ૧૪ પૂર્વધર મહાપુરુષોએ બતાવી છે. અને પોતાના જીવનમાં આચરેલી છે અને પછી થયેલા સર્વ સુવિહિત મહર્ષિઓએ પણ મહત્તા દર્શાવી છે. **અધ્યાત્મસાર** ગ્રંથમાં પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે

या निश्चयैकलीनानां, क्रियानातिप्रयोजनाः ।
व्यवहारदशास्थानां ता एवाऽतिगुणावहाः ॥१९॥

= નિશ્ચયમાં લીન બનેલાઓને નિમિત્તો મળતાં પણ ન ડગે તેવાઓને ક્રિયાની જરૂર નથી, પણ જેનું મન સ્થિર નથી તેને તો જરૂર છે જ, કારણ કે મન ચંચળ હોવાથી વારંવાર વિષયોમાં ચાલ્યું જાય છે, તો એવા મનને સ્થિર કરવા કુળવધૂ અને ભૂતની વાત દ્વારા શ્રી આવશ્યકાદિ ક્રિયાઓ ખૂબ જ લાભકારી છે.

શ્રી ગણધર રચિત સૂત્રોના શબ્દોનો અચિંત્ય મહિમા છે. એના અક્ષરો સાંભળવાથી પણ ખૂબ લાભ થાય છે. સૂત્ર, અર્થ બંને ન આવડતા હોય પરંતુ વિનય અને બહુમાન પૂર્વક શ્રદ્ધાથી હાથ જોડવાથી સૂત્રની મુદ્રાઓ, વાંદણાની આર્વતવિધિ, સંડાસા, ઈત્યાદિ સાચવીને પ્રતિક્રમણ કરનારો ઘણું પાપ ધુવે છે.

જ્ઞાનીઓએ મનની ચંચળ વૃત્તિઓને જીતીને ધર્મમાં મન સ્થિર બને માટે ક્રિયાઓ બતાવી છે, માટે દરેકે રોજ આદરથી પ્રતિક્રમણ કરવું જ જોઈએ. આજે કેટલોક અજ્ઞાની વર્ગ પોતાની અલ્પ બુદ્ધિથી, દુર્બુદ્ધિથી ક્રિયાઓ જડ છે એમ કહી ક્રિયાની ઉપેક્ષા કરે છે. પરંતુ તેવા લોકોએ સમજવું જોઈએ કે અનાદિકાળથી આત્મા અશુભ ક્રિયાઓથી અશુભકર્મને બાંધીને રખડ્યો છે. તેથી શુભ ભાવો પેદા કરવા શુભ ક્રિયાઓ કરવી ખૂબ જરૂરી છે. આ વાત શાસ્ત્ર સાક્ષેપ છે અને અનાદિની છે. પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સા.એ અધ્યાત્મસારમાં કહ્યું છે,

व्यवहाराऽविनिष्णातो यो ज्ञीप्सति विनिश्चयम् ।
कासारतरणासक्तः सागरं स तितीर्षति ॥७२॥

= જે વ્યવહારને સમજયો નથી અને નિશ્ચયને જાણવાની મહેનત કરે છે. અર્થાત્ વ્યવહારનયથી બતાવેલી ક્રિયાઓ જીવનમાં આચરીને પચાવી નથી અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચયનય મુજબની આત્મામાં લીન બનવાની વાતને અપનાવે છે તે તળાવને તરવા માટે અસમર્થ એવો તે દરિયો તરવાની ઇચ્છા કરનાર જેવો **મહામૂર્ખ** છે. વ્યવહારનું પાચન તે જ નિશ્ચયમાં લીન બનવાની ભૂમિકા છે.

❁ ❁ ❁

શાસ્ત્રોમાં ધર્મક્રિયા બે રીતની છે. (૧) દ્રવ્યક્રિયા અને (૨) ભાવક્રિયા. (અમૃતક્રિયા) તે ક્રિયાઓ કહેલી મુદ્રા પ્રમાણે તથા જે ચાલતી ક્રિયાના સૂત્રોના તે જ અર્થના ઉપયોગપૂર્વક તથા પ્રણિધાનાદિપૂર્વક કરવામાં આવે તો તે ધર્મક્રિયાને ભાવક્રિયા કહી છે. ભાવક્રિયા અતિ ઉત્તમ છે. તત્કાળ ફળપ્રાપ્તિ કરાવે છે. પ્રણિધાન આદિ વિનાની અને ઉપયોગાદિ વિનાની ધર્મક્રિયા "अणुवओगो दव्वं" (ઉપયોગ ન હોવાથી દ્રવ્ય) વચનથી દ્રવ્યક્રિયા બને છે, માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે "उपयोगे धर्मः" = ક્રિયાઓમાં ઉપયોગ રાખવાથી ધર્મ થાય છે. અને તેથી ઉપયોગથી દ્રવ્યક્રિયાઓ - ભાવક્રિયા બને છે. એમ સાર છે. દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવવા માટે અર્થ જાણીને સૂત્ર બોલતી વખતે અર્થ બરાબર ઉપસ્થિત થાય તે રીતે પ્રતિક્રમણ કરવું જોઈએ.

વળી ઘણીવાર આરાધકોની એવી બૂમ આવે છે કે ઉપયોગ એક ધાર્યો જળવાતો નથી, તો તે ઉપયોગનું સાતત્ય જળવાય, તે માટે પ્રતિક્રમણ સૂત્રના હેતુઓ છે તથા બીજી ક્રિયાના સૂત્રના ક્રમનો હેતુ શું છે તે જણાવ્યા (બતાવ્યા) છે તેથી ઉપયોગ **સતત જળવાઈ રહે તેમજ એક પછી બીજી ક્રિયાનું અનુસંધાન પણ જળવાઈ રહે. શ્રી જયચંદ્ર ગણિ મહારાજા વિરચિત "પ્રતિક્રમણ હેતુ ગર્ભ" નામના ગ્રંથમાંથી તેના સારરૂપે મુદ્દાઓ અહીં આપ્યા છે જે ઉપયોગપૂર્વક ભાવક્રિયા કરવામાં ઉપયોગી થશે.**

**– સંપાદક**

## સંદર્ભ ગ્રંથ સૂચિ


| અ.નં. | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧ | શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર વિવેચન સહિત | પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ |
| ૨ | ભાવ પ્રતિક્રમણનું તાળું ખોલો | સંપાદક પૂ. દિવ્યકીર્તિ વિ.જી.મ.સા.ના શિષ્ય મુનિશ્રી પુણ્યકીર્તિવિજયજી મ.સા. |
| ૩ | સાર્થ શ્રી આવશ્યક સૂત્રો | પૂ.આ.શ્રી ચંદ્રગુપ્ત સૂરિશ્વરજી મ.સા. |
| ૪ | સૂત્ર સંવેદનો | સંકલન : સાધ્વીજી શ્રી પ્રશમિતાશ્રીજી |
| ૫ | શ્રી ભદ્રંકર જિનગુણ સ્તવનાવલી | સંપાદક : મુનિશ્રી તત્ત્વપ્રભ વિ.જી.મ.સા. |
| ૬ | શ્રી ઉપદેશ રહસ્ય | પ.પૂ.ઉ.શ્રી યશોવિજયજી મહારાજા |
| ૭ | શ્રી આવશ્યક સૂત્રની ટિકા | પ.પૂ.હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા |
| ૮ | શ્રી પંચપ્રતિક્રમણ સાર્થ | પ્રકાશક : શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા, મહેસાણા |


ઉપરોક્ત ગ્રંથો + ગ્રંથ સર્જકોનો, સંપાદકો આદિનો ઋણ સ્વીકાર કરું છું. - સંપાદક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંચ પ્રતિક્રમણના હેતુઓ

## દેવસિઅ પ્રતિક્રમણના હેતુઓ (કારણો)

દેવસિઅ પ્રતિક્રમણ સાંજે કરવામાં આવે છે. તે (૧) ઉપાશ્રય અને (૨) ગુરુનિશ્રામાં કરવું જોઈએ. સૌથી પહેલાં ઉપાશ્રયાદિને જયણાપૂર્વક પૂંજીને ગુરુ સાક્ષીએ પ્રતિક્રમણ કરવું. • ગુરુના અભાવે સ્થાપનાચાર્યની સાક્ષીએ કરવું.

**પ્રશ્ન-૧ : ગુરુ પાસે પ્રતિક્રમણ કરવાનું કારણ શું ?**

**જવાબ :** ગુરુ પાસે કરવાથી અનુષ્ઠાન વધુ દઢ થાય છે અને જગતમાં સસાક્ષિક વ્યવહાર નિશ્ચલ ગણાય છે. આજે ન્યાયાલયોમાં પણ સાક્ષીથી સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન-૨ : પ્રતિક્રમણ શબ્દ શેને માટે રૂઢ (વપરાયેલો) છે ?**

**જવાબ :** પ્રતિક્રમણ શબ્દ એ છ આવશ્યક માટે વપરાયેલો છે. (શ્રાવકે દરરોજ છ આવશ્યક કરવા જોઈએ.) • શ્રાવકના ૩૬ કર્તવ્યોમાં લખ્યું છે કે (छव्विह आवस्सयंमि उज्जुत्तो होइ पइदिवसं) શ્રાવક હંમેશાં છ આવશ્યકમાં ઉદ્યમશીલ હોય છે. આ છમાંથી ૪થું આવશ્યક પ્રતિક્રમણ છે. પરંતુ આમ છનું ભેગું નામ પ્રતિક્રમણ છે.

**પ્રશ્ન-૩ : પ્રતિક્રમણ કરવાનું કારણ શું છે ?**

**જવાબ :** પંચાચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર)ની શુદ્ધિ માટે છે.

**પ્રશ્ન-૪ : પ્રતિક્રમણમાં છ આવશ્યકના કયા સૂત્ર વડે કયા આચારની શુદ્ધિ થાય છે ?**

જવાબ : (૧) સામાયિકથી ચારિત્રાચારની (૨) ચઉવિસત્થો (લોગસ્સ)થી દર્શનાચારની (૩) વાંદણાથી જ્ઞાનાદિઆચારની (૪) પ્રતિક્રમણ (વંદિતુ)થી જ્ઞાનાદિ આચારના અતિચારની (૫) કાઉસ્સગ્ગથી પ્રતિક્રમણમાં (વંદિત્તામાં) બાકી રહી ગયેલ અતિચારની અને (૬) પચ્ચક્ખાણથી તપાચારની શુદ્ધિ થાય છે અને આ છએ વડે વીર્યાચારની શુદ્ધિ થાય છે.

**• પ્રતિક્રમણ યથાકાલે (સમયસર) કરવું જોઈએ •**

**પ્રશ્ન-૫ : પ્રતિક્રમણનો કાળ (સમય) ઉત્સર્ગ અને અપવાદથી શું છે ?**

**જવાબ : ઉત્સર્ગથી. દેવસી પ્રતિક્રમણનો કાળ** - સૂર્ય અર્ધો ડૂબે ત્યારે વંદિત્તુ આવવું જોઈએ. સૂર્યાસ્તથી ૨૦થી ૨૨ મિનિટ પહેલાં સાંજનું પ્રતિક્રમણ ચાલુ કરવું) તથા રાઈ પ્રતિક્રમણ - સૂર્યોદયે પુરું થાય તે રીતે ચાલુ કરવું. હવે • અપવાદથી (કારણથી) સાંજનાં પ્રતિક્રમણ (દેવસી)નો સમય - મધ્યાહ્નથી મધ્ય રાત્રિ સુધી અને સવારના પ્રતિક્રમણ (રાઈ)નો સમય - અડધી રાતથી બપોર સુધી.

• **નોંધ :** અપવાદમાર્ગ - ખરેખરા કારણથી જ સેવાય છે.

**• હવે ઉપર કહેલા ટાઈમે શુદ્ધ કપડાં પહેરી પ્રતિક્રમણ કરવું. •**
**સૌથી પહેલા સામાયિક લેવું.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૬ : પ્રતિક્રમણમાં સૌથી પહેલા સામાયિક શા માટે લેવામાં આવે છે ?**

**જવાબ :** સામાયિક એ વિરતિ છે. એ વિરતિપણામાં કરેલી ક્રિયા પુષ્ટિકારક અને ફળદાતા બને છે, તેથી પહેલું સામાયિક લેવાય છે. (તે પછી મુહપત્તિ પડિલેહી વાંદણાં દઈને પચ્ચક્ખાણ લેવું.)

**પ્રશ્ન-૭ : પચ્ચક્ખાણ એ છઠ્ઠુ આવશ્યક છે, તો પચ્ચક્ખાણ ત્યાંને બદલે અહીં સામાયિક લીધા પછી શા માટે લેવામાં આવે છે ?**

**જવાબ :** છઠ્ઠા આવશ્યક સુધી પહોંચતા પચ્ચક્ખાણનો સમય વીતી જાય છે. માટે ચૈત્યવંદન ચાલુ થયા પહેલાં પચ્ચક્ખાણ લેવાય છે.

(**નોંધ :** સાંજના પચ્ચક્ખાણમાં દિવસ ચરિમં લખ્યું છે તેથી પચ્ચક્ખાણ સૂર્યાસ્ત પહેલાં લેવું જોઈએ. ● છઠ્ઠા આવશ્યકે પણ મુહપત્તિ પછી વાંદણા દેવાય છે. એ હેતુથી અહીં પણ (સામાયિક પછી તરત મુહપત્તિ વાંદણા દેવાય છે.) ●

**● તે પછી ૪ થોયનું દેવવંદન કરવું.**

**(અને પૂ. હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ પણ લલિત વિસ્તરા ગ્રંથમાં પેજ નંબર ૧૧૩ ઉપર લખ્યું છે. ભાવાનુષ્ઠાનમાં ચોથી થોય બોલાય છે.)**

**પ્રશ્ન-૮ : પ્રતિક્રમણની શરૂઆતમાં જ ૪ થોયનું દેવવંદન શા માટે કરાય છે ?**

**જવાબ :** પ્રતિક્રમણની ધર્મક્રિયા દેવ-ગુરુને વંદન-વિનય, બહુમાન કરવાથી સફળ થાય છે. માટે ૪ થોયથી દેવવંદન કરાય છે.

**● ચૈત્યવંદન ભાષ્યમાં કહેલા ૧૨ અધિકારોથી દેવવંદન કરવું જોઈએ.**

**પ્રશ્ન-૯ : દેવવંદનમાં સૂત્ર બોલતા ૧૨ અધિકારો આવે છે તે કયા કયા છે ?**

| જવાબ : | અધિકાર | કોને વંદન-સ્મરણ થાય છે | પહેલા વગેરે પદ |
|---|---|---|---|
| | ૧લો | ભાવજિન | નમુત્થુણંથી જિઅભયાણં સુધી |
| | ૨જો | દ્રવ્યજિન | જેઅ અઈયાસિદ્ધાથી તિવિહેણ વંદામિ સુધી |
| | ૩જો | એક ચૈત્ય સ્થાપના જિન | અરિહંત ચેઈઆણં |
| | ૪થો | નામજિન | લોગસ્સ |
| | ૫મો | ત્રણે ભુવનના સ્થાપના જિન | સવ્વલોએ |
| | ૬ઠ્ઠો | વિહરમાન જિન | પુક્ખરવરદીવડ્ઢેથી નમંસામિ સુધી |
| | ૭મો | શ્રુતજ્ઞાન | તમતિમિર |
| | ૮મો | સર્વસિદ્ધ ભગવંતો | સિદ્ધાણં બુદ્ધાણંથી સવ્વસિદ્ધાણં સુધી |
| | ૯મો | તીર્થાધિપતિ શ્રી વીર | જો દેવાણવિદેવોથી નરંવનારિંવા સુધી |
| | ૧૦મો | ઉજ્જયંત (ગિરનાર) | ઉજ્જિંતસેલથી નમંસામિ સુધી |
| | ૧૧મો | અષ્ટાપદ તીર્થ | ચત્તારિથી દિસંતુ સુધી |
| | ૧૨મો | સુદૃષ્ટિદેવ (સમકિતિદેવ) | વેયાવચ્ચ ગરાણં |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**• દેવવંદન કરીને ચાર ખમાસમણ વડે ગુરુને વંદન કરવું. •**

દુનિયામાં પણ મોટા માણસ એવા રાજા-મંત્રીના બહુમાનથી કાર્ય સિદ્ધ થાય છે તેમ અહીં સૌથી મહાન રાજા એવા તીર્થંકર ભગવાન અને સૌથી મહાન મંત્રી રૂપ આચાર્યાદિ.

**પ્રશ્ન-૧૦ : ચાર ખમાસમણમાં "ભગવાનહં" આદિનો અર્થ શું છે ?**

જવાબ : 'ભગવાનહં'નો અર્થ જેની નિશ્રામાં પ્રતિક્રમણ કરીએ છીએ એવા એક આચાર્યને વંદન કરું છું તથા આચાર્યહંનો અર્થ - સર્વ આચાર્યોને વંદન કરું છું વગેરે. (**નોંધ :** 'ભગવાનહં' એ આર્ષ ષષ્ઠી એ.વ. છે.)

**• ત્યારપછી ઈચ્છકારી સમસ્ત શ્રાવક વંદુ તેમ શ્રાવકોએ સભામાં બધા સાંભળે તે રીતે બોલવું જોઈએ. •**

**પછી અતિચારરૂપી ભારથી ભરેલો હોય તેમ કાયાને નમાવી મસ્તક જમીનને અડાડીને હાથ ખુલ્લો સ્થાપીને સંપૂર્ણ પ્રતિક્રમણના બીજ રૂપ તથા સમસ્ત અતિચારના બીજરૂપ એવું 'સવ્વસ્સવિ દેવસિઅ' સૂત્ર બોલવું.** - આ સૂત્રનો અર્થ આ રીતે છે. દિવસના સર્વ અતિચાર હવે **દુશ્ચિંતિત** એટલે દ્વેષ આદિ વડે દુષ્ટ ચિંતવન રૂપ (વિચાર) હોય તે, **દુર્ભાષિત** એટલે - ઉપયોગ વિના. અનિષ્ટ એવી દુષ્ટાદિ ભાષા બોલવાથી થયા હોય તે, **દુશ્ચેષ્ટિત** - એટલે ઉપયોગ વગર હાલવા ચાલવા આદિ કાર્યો તથા કામવાસના વગેરે કાર્યની દુષ્ટ ચેષ્ટારૂપ પ્રવૃત્તિ કરવાથી અતિચારો થયા હોય તે મિથ્યા થાઓ (નાશ થાઓ).

**પ્રશ્ન-૧૧ : "સવ્વસ્સવિ દેવસિઅ' સૂત્રને બીજ સૂત્ર શા માટે કહેવાય છે ?**

**જવાબ :** આખા પ્રતિક્રમણની સંક્ષિપ્ત વિગત આ સૂત્રમાં જ છે અને પ્રતિક્રમણમાં આ સૂત્રમાં કહેલી બાબતોને (ક્રિયાઓને) વિસ્તારથી કરવાની છે માટે આ સૂત્રને બીજરૂપ (બીજસૂત્ર) કહેવાય છે.

**• પછી ઊભા થઈને. પ્રથમ (પહેલા) ચારિત્રાચારની શુદ્ધિને માટે કરેમિભંતે અને ઈચ્છામિઠામિ (શ્રાવક શ્રાવિકા ગુરુ નિશ્રામાં પ્રતિક્રમણ કરતા હોય ત્યારે 'કરેમિભંતે, ઈચ્છામિ ઠામિ' વિગેરે સૂત્રો દરેક સ્થળે પોતાના અલગ ધારી લેવા જોઈએ તથા પ્રતિક્રમણના સૂત્રો પણ ભણાવનારની સાથે પોતે મનમાં ધારવાના છે. આ વાતને ન ભૂલે) વગેરે સૂત્રો કહી કાયોત્સર્ગ કરવો.**

**પ્રશ્ન-૧૨ : પાંચે આચારમાં સૌથી પહેલા ચારિત્રાચારની શુદ્ધિ કેમ કરાય છે ?**

**જવાબ :** (૧) પાંચેય આચારમાં ચારિત્રાચાર મોટો છે. (૨) મુક્તિનું નજીકનું (ડાયરેક્ટ) કારણ છે. અને જ્ઞાનાદિ તો પરંપરા એ કારણ છે. તે આ રીતે ચારિત્ર ૧૪મે ગુણઠાણે છે. ૧૪મા પછી તત્કાળ (તરત) અવશ્ય મુક્તિ થાય છે અને કેવળજ્ઞાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયારે ૧૨મા ગુણઠાણાના અંતે થવા છતાં તરત મુક્તિ પ્રાપ્ત થતી નથી માટે ગવાણું કે - કડી - **ચારિત્ર વિણ નવિ મુક્તિ રે.** (૩) ચારિત્ર વગરનાને સમકિત હોય કે ન હોય, પણ ચારિત્રવાળાને તો સમકિત હોય જ છે. વળી (૪) ચારિત્ર વિના જ્ઞાન દર્શન સંપૂર્ણ ફળને આપતા નથી પરંતુ જ્ઞાનદર્શન, તો ચારિત્રથી યુક્ત હોય તો સંપૂર્ણ ફળ આપે છે. (૫) કેવળજ્ઞાનથી ચારિત્ર અધિક ગણાય છે. કારણ કે ગૃહસ્થાવાસમાં રહેલ કેવળી હોય અને દીક્ષા લીધેલ કોઈ સાધુ હોય તો - બંનેમાંથી વંદન કોને કરશો ? જેની પાસે વ્યવહાર ચારિત્ર (વેશ+ગુણ) હશે તેને જ. અને કેવળ જ્ઞાની એવા ગૃહસ્થને દેવો પણ નમતા નથી. માટે ચારિત્ર શ્રેષ્ટ છે. માટે પ્રથમથી જ ચારિત્રાચારની શુદ્ધિ માટે શ્રાવકને નાણંમિનો કાઉસ્સગ્ગ કરાય છે તથા સાધુને ગાથાનો કાઉ૦ કરાય છે.

આ કાઉ૦ દિવસ દરમ્યાન જે દોષ લાગ્યા હોય તે દોષોને પણ શ્રાવકો અને સાધુઓએ યાદ કરીને ધારી રાખવાના છે. કારણ કે તે પછી દેવસિઅં આલોઉં બોલતી વખતે - ગુરૂની સમક્ષ થયેલ દોષોની આલોચના કરવાની છે. અર્થાત્ દોષોને ધોવાના છે માટે પહેલા, નાના દોષો પછી મોટા દોષો કહેવાના છે. માટે મનમાં એ રીતે ગોઠવી રાખે.

લોકવ્યવહારમાં પણ રાજાદિકને મુદ્દાસર ગોઠવીને કહેવાનું હોય છે તેમ અહીં પણ સમજી લેવું.

અહીં ગાથાના કાઉ૦નું ચિંતવન વડીલ સાધુને બે વાર કરવાનું છે. નાના (શિષ્યાદિ)ઓને. એકવાર કરવાનું છે. કારણ કે નાનાઓને ક્રિયા કાર્ય સંબંધી ઘણું યાદ કરવાનું છે. તેથી તેમ થવાથી શિષ્યોને પૂરતો સમય મળી શકે અને શ્રાવકોએ પાંચ આચારના જે અતિચારો કહેલા છે તેમાંના તે દિવસમાં પોતાને જે લાગ્યા હોય તે અતિચારોને મનમાં ક્રમથી ગોઠવીને ધારી રાખવાના છે.

**પછી કાઉ૦ પારી લોગસ્સ (ચોવીસસ્તવ) કહેવો. અહીં બીજું આવશ્યક (ચઉવિસત્થો) સૂચિત થાય છે.**

**તે પછી મુહપત્તિનું પડિલેહણ કરી વાંદણા આપે. અહીં ત્રીજું આવશ્યક વાંદણા સૂચિત થાય છે.**

**પ્રશ્ન-૧૩ : અહીં ત્રીજું આવશ્યક એવા વાંદણા આપવાનો હેતુ શું છે ?**

**જવાબ :** નાણંમિના કાઉ૦માં તથા સયણાસણન્નની ગાથામાં ધારેલા (યાદ રાખેલા) અતિચારોની આલોચના કરવાની છે. (દેવસિઅં આલોઉંથી) અર્થાત્ અતિચારો ગુરુને કહેવાના છે. માટે કહ્યા પહેલા વિનય પ્રદર્શિત કરવા માટે વાંદણા આપવાના છે.

● ૩૨ દોષરહિત ● ૧૭ સંડાસાપૂર્વક અને ૨૫ આવશ્યકથી યુક્ત એવા વિશુદ્ધ વાંદણા આપવા જોઈએ. ● ગુરુવંદન ભાષ્યમાં કહ્યું છે કે ૨૫ આવશ્યકમાંથી એકને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ વિરાધે અથવા ઓછું દે તો વાંદણા દેવાના નિર્જરાફળને તે પામી શકતો નથી તેથી ૨૫ આવશ્યકોને જાણીને જાળવવા બરાબર ઉપયોગ રાખવો જોઈએ.

**પ્રશ્ન-૧૪ : આ આવશ્યક એટલે શું ? અને વાંદણાના ૨૫ આવશ્યક કયા છે ?**

**જવાબ :** અવશ્ય સાચવવાના તે આવશ્યક કહેવાય. વાંદણાના ૨૫ આવશ્યકો આ પ્રમાણે છે. ૨ અવનત + ૧ યથાજાત + ૧૨ આવર્ત + ૪ શિરનમન + ૩ ગુપ્તિ + ૨ પ્રવેશ + ૧ નિષ્ક્રમણ = ૨૫. તેની વિગત આ મુજબ છે : ● (**૨ અવનત** વાંદણામાં બે વાર શરીરનો ઉપરનો ભાગ નમાવવો, પહેલું વાંદણુ દેવા માટે અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગતા એટલે 'અણુજાણહ મે મિઉગ્ગહં' એ પદ બોલતાં શરીરનો ઉપરનો ભાગ નમાવવો. તે ૧ અવનત થયું. બીજી વાર વાંદણામાં બીજું થાય - એ બે અવનત રૂપે બે આવશ્યકો થયા.) + ● (**૧ યથાજાત** - એટલે જે રીતે દીક્ષામાં જન્મ થયો હતો. અર્થાત્ ઓઘો મુહપત્તિ અને ચોલપટ્ટો એટલું જ રાખી સાધુ થયેલો, તો તેટલું જ રાખી હાથ જોડે... અથવા જન્મતો બાળકના બે હાથ જોડેલા હોય તેમ કરસંપુટ કરેલા હાથને લલાટે લગાડે તે **યથાજાત** આવશ્યક કહેવાય.) + ● (**૧૨ આવર્ત :** એક વાંદણામાં ૬ આવર્ત. આવે તો બે વાંદણા થઈને ૧૨ થાય. તે આ પ્રમાણે છે. પ્રથમ ૩ આવર્ત '**અહો કાયં કાય.**' એ બે બે અક્ષરો થાય એટલે '**અ**' બોલતા બે હાથની દશેય આંગળીઓ નખના સ્પર્શ વગર ગુરુચરણે લગાડે (ગુરુચરણની સ્થાપના શ્રાવક મુહપત્તિથી અને સાધુ મુહપત્તિ ઢીંચણ પર મુકી ઓઘાથી કરે.) તથા '**હો**' ઉત્તાન હાથે (સવળા હાથે) પોતાના લલાટને સ્પર્શે, એમ બે બે અક્ષરના ત્રણ પદો બોલતાં ૩ આવર્ત થયા. પછી હાથ જોડી '**વઈક્કંતો**' સુધી બોલે અને ત્યાંથી બીજા ૩ **આવર્ત** ૩-૩ અક્ષરના **જત્તાભે જવણિ જજં ચભે** જાણવા. તેમાં પહેલો અક્ષર 'જ' ગુરુચરણે અવળો હાથ લગાડતાં. '**ત્તા**' ઉત્તાન (સવળા) બંને હાથે વચ્ચે વિશ્રામરૂપ કહે અને ત્રીજે અક્ષર '**ભે**' લલાટના ભાગે હાથ લગાડતાં બોલે આ એક આવર્ત થયો તે જ રીતે '**જવણિજ્**' અને '**જંચભે**'ના ૩-૩ અક્ષરો એ ઉપર મુજબ આવર્ત કરવા. એમ **૩ આવર્ત** થયા. ● આમ પહેલે વાંદણે ૬ આવર્ત અને તે મુજબ જ બીજા વાંદણે ૬ આવર્ત મળીને કુલ ૧૨ આવર્ત થયા) + ● (**૪ શિરનમન** એટલે ૪ વખત માથું નમાવવું તેમાં પહેલા ૩ આવર્ત થયા પછી '**સંફાસં**' બોલતાં ૧લી વાર અને બીજા ૩ આવર્ત થયા પછી '**ખામેમિ**' બોલતાં ૨જી વાર એમ એક એક વાંદણામાં ૨ વખત અને બે વાંદણા થઈને ૪ શિરનમન થયા.) + ● (**૩ ગુપ્તિ** - વાંદણા દેતાં મન-વચન-કાયાની ગુપ્તિ રાખવી. (કાયાને ઠેકાણે રાખવી) ) + ● **૨ પ્રવેશ** + અને **૧ નિષ્ક્રમણ.** એટલે બે વાર ગુરુની આજ્ઞા માંગી અવગ્રહમાં પ્રવેશ કરવો. અને એક **નિષ્ક્રમણ** એટલે અવગ્રહની બહાર નીકળવું. તે આ પ્રમાણે પ્રથમ વાંદણે આજ્ઞા માંગી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**'નિસીહિ'** કહી સંડાસા (સાંધા) અને જમીન પૂંજી અવગ્રહમાં પ્રવેશ કરે... પછી **'આવસ્સિયાએ'** કહી પાછળ પૂંજી અવગ્રહથી બહાર નીકળવાનું પછી બીજા વાંદણામાં પ્રવેશ કરે. પણ બહાર નીકળે નહિ એટલે **'આવસ્સિયાએ'** કહે નહિ. આમ ૨ વાર પ્રવેશ થયો અને ૧ વાર નીકળવું (નિષ્ક્રમણ) થયું. આ રીતે કુલ ૨૫ આવશ્યક વાંદણામાં જાળવવા જોઈએ. ● વિધિપૂર્વક વાંદણા દઇ (અહીં બીજા વાંદણામાં અવગ્રહમાં પ્રવેશ કર્યા પછી બહાર નીકળવાનું નથી. અવગ્રહમાં રહ્યા છતાં જ પછીની ક્રિયા દેવસી અતિચાર (દેવસિઅં આલોઉં), વંદિત્તુ 'અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ' સુધી કરવાનું છે. જુઓ પ્રશ્ન-૧૮ આ મુજબ. પરંપરા છે. બીજી પ્રચલિત આચારણા મુજબ બીજા વાંદણાં પૂરા થયા પછી અવગ્રહની બહાર નીકળી જવું. પછી આગળની ક્રિયા કરવી તથા આ મુજબ દરેક વાંદણાઓમાં બીજું વાંદણુ આપ્યા પછી અવગ્રહની બહાર નીકળી જવું.)

હવે પૂર્વે ધારી રાખેલા દિવસસંબંધી અતિચારોની ચારિત્રની વિશુદ્ધિ માટે સારી રીતે કાયાને નમાવીને **'ઈચ્છા. સંદિ. ભ. દેવસિઅં આલોઉં.** બોલતો ગુરુસમક્ષ અતિચારોની આલોચના કરે. આ સૂત્ર પછી **સાધુ ઠાણે કમણે ચંકમણે** સૂત્ર અને શ્રાવક **સાત લાખ** બોલી, મનમાં ધારેલા અતિચાર ગુરુ સામે પ્રકાશે. (આલોચે.)

**પ્રશ્ન-૧૫ : ત્યાર પછી 'સવ્વસ્સવિ દેવસિઅ' સૂત્ર કયા હેતુથી ઉચ્ચરાય છે ?**

**જવાબ :** આ સૂત્ર દિવસના મનવચનકાયાના સર્વ અતિચારનું સંગ્રહ કરનારું છે. માટે ગુરુ પાસે દંડ (પ્રાયશ્ચિત) માંગે છે. પછી ગુરુ 'પડિક્કમેહ' એ પ્રમાણે કહી પ્રતિક્રમણ રૂપ બીજા પ્રાયશ્ચિતનો ઉપદેશ કરે છે. શિષ્ય તે પ્રાયશ્ચિતના સ્વીકાર સ્વરૂપે **'ઈચ્છં તસ્સ મિચ્છામિ દુક્કડં'** કહે છે. (૧૦ પ્રકારના પ્રાયશ્ચિતમાં પ્રતિક્રમણ નામનું બીજું પ્રાયશ્ચિત છે.) તે પછી વિધિપૂર્વક **યોગમુદ્રાપૂર્વક વીરાસનમાં** બેસી **સમભાવમાં રહીને ઉપયોગવાળા મનથી પદે પદે સંવેગની પ્રાપ્તિ કરતાં** ડાંસમચ્છરના **ડાંસને નહિ ગણતા.** સાધુ **શ્રમણ સૂત્ર** (પગામસજ્ઝાય) અને શ્રાવક **વંદિતા સૂત્રને** કહે.

**પ્રશ્ન-૧૬ : મુનિ શ્રમણસૂત્ર કહે તે પહેલાં પ્રારંભમાં નવકાર, કરેમિભંતે, ચત્તારિ મંગલં, ઈચ્છામિ ઠામિ અને ઈરિયાવહીયં સૂત્ર કયા હેતુથી કહે છે ?**

**જવાબ :** બધા કાર્યો પરમેષ્ઠિ નમસ્કાર પૂર્વક કરવાના છે. માટે પ્રારંભમાં **નવકાર મંત્ર** ભણે છે. સમભાવમાં સ્થિર થઈને પ્રતિક્રમણ કરવું જોઈએ માટે **'કરેમિભંતે'** (સામાયિક સૂત્ર) કહે છે. પછી માંગલિકને માટે **ચત્તારિ મંગલમ્,** બોલે છે. પછી દિવસના અતિચારોને આલોચવા માટે **'ઈચ્છામિ પડિક્કમિઉં'** સૂત્રને કહે છે, અને જવા આવવાના અતિચારની આલોચના માટે **'ઇરિયાવહિયં'** સૂત્રને મુનિ બોલે છે અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાકીના સમસ્ત અતિચારથી પાછા પડવા માટે મુનિ શ્રમણસૂત્રને બોલે છે. શ્રાવક - નવકાર, કરેમિભંતે, અને 'ઇચ્છામિ પડિક્કમિઉં' એ ત્રણ સૂત્રો બોલીને વંદિતા સૂત્રને કહે છે.

**પ્રશ્ન-૧૭ : શ્રાવકને વંદિતા પહેલા ૩ સૂત્રો જ કેમ બોલાય છે ?**

**જવાબ :** શ્રાવક : ઉપરોક્ત હેતુથી પોતાની પરંપરા પ્રમાણે ૩ સૂત્રો બોલીને વંદિત્તા સૂત્રને કહે છે.

**પ્રશ્ન-૧૮ : 'અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ'થી શ્રમણ સૂત્રકે વંદિતુ સૂત્ર ઊભા ઊભા કેમ બોલાય છે ?**

**જવાબ :** અતિચાર, રૂપ પાપના ભારથી હલકો થયો છે, માટે ઊભા થવાનું છે. પણ બે રીતે ઊભા થવાનું છે. (૧) દ્રવ્યથી ઊભા થઈને (૨) ભાવથી આરાધના કરવા માટે ઊભો થયો છું એમ સૂચવા માટે. **અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએથી** ઊભા થઈને અવગ્રહની બહાર નીકળીને પૂર્વની જેમ વાંદણામાં ગુરુ પાસે પ્રતિક્રમણ આવશ્યક કરવા. અવગ્રહમાં પ્રવેશ કર્યો હતો તે કાર્ય પૂરું થતાં હવે અવગ્રહની બહાર નીકળે. મુનિ શ્રમણસૂત્રને અને શ્રાવક વંદિતા સૂત્રને પૂરું કરે. ● **અહીં ૪થું આવશ્યક પ્રતિક્રમણ (વંદિતુ) પૂરું થાય છે. આ પ્રતિક્રમણ વડે ચાર પ્રકારના કર્મ** - સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિતમાંથી પ્રથમના બે પ્રકારના પાપકર્મ દૂર થાય છે.

**● તે પછી વાંદણા આપે**

**પ્રશ્ન-૧૯ : વંદિત્તા પછી તરત વાંદણા અપાય છે તે કયા હેતુથી ?**

**જવાબ :** તસ્સ ધમ્મસ્સ કેવલિ પન્નત્તસ્સ સુધી અતિચારનું પ્રતિક્રમણ કર્યા પછી ગુરુ પ્રત્યે થયેલા પોતાના અપરાધને ખમાવવાને માટે અને પાપથી પાછા પડવા માટે. વંદિત્તા પછી તરત વાંદણા વડે વંદન કરાય છે. ● વંદન આઠ કારણે કરાય છે. (૧) પ્રતિક્રમણ, (૨) સજ્ઝાય (સ્વાધ્યાય), (૩) કાઉસ્સગ કરવા, (૪) અપરાધ ખમાવવા, (૫) પરોણા સાધુ આવે ત્યારે, (૬) આલોચના લેતા (૭) પચ્ચક્ખાણ લેતા, અને (૮) અણસણ કરતી વખતે તેમાં અહીં ૧લા અને ૪થા કારણે વાંદણા અપાય છે.

**હવે તે પછી "અબ્ભુટ્ઠિઓ"ના પાપથી ગુરુને ખમાવવા.** (તેમાં પાંચ ઉપર મુનિરાજો હોય તો ગુરુ સહિત ત્રણને ખમાવવા) પછી...

**પ્રશ્ન-૨૦ : અબ્ભુટ્ઠિઆ પછીના બે વાંદણા કયા હેતુથી દેવાય છે ?**

**જવાબ :** આઠ કારણોમાંના ૩જા કારણ એવા, કાઉસ્સગ કરવા માટે ફરી બે વાંદણા દેવાના છે.

**● તે પછી ભૂમિને પૂંજીને અવગ્રહમાંથી બહાર નીકળીને** 'આયરિય ઉવજ્ઝાય' સૂત્ર ૩ ગાથા રૂપ બોલે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૨૧ : અહીં આયરિય, ઉવજ્ઝાયમાં ખમાવવાનું હોવા છતાં પણ અવગ્રહની બહાર કયા હેતુથી નીકળાય છે ?**

**જવાબ :** આયરિય ઉવજ્ઝાય સૂત્રમાં **'જે મે કેઈ કસાયા'** અક્ષરોથી એટલે ૪ કષાયોથી પાછા હઠવું છે. એવું સૂચવા માટે અહીં **આયરિય ઉવજ્ઝાય પૂર્વના વાંદણામાં** અવગ્રહની બહાર નીકળાય છે.

**પ્રશ્ન-૨૨ : 'આયરિય ઉવજ્ઝાય' સૂત્ર કયા હેતુથી બોલાય છે ?**

**જવાબ :** આ સૂત્ર પછી ચારિત્ર આદિના અતિચારોની શુદ્ધિ કરવા માટે બે લોગ૦ આદિ કાઉસ્સગ્ગો કરવાના છે. પરંતુ કષાયો ભારે હોય તો ચારિત્રનો પર્યાય શેરડીના કુચાની જેમ નિષ્ફળ ન જાય માટે ચારિત્રની સફળતા માટે કષાયોને ઠારવા માટે **'આયરિય ઉવજ્ઝાય'** સૂત્ર બોલાય છે.

**પ્રશ્ન-૨૩ : બે લોગસ્સનો કાઉસ્સગ્ગ કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** શ્રમણસૂત્ર કે વંદિત્તામાં ચારિત્રાચારની રહી ગયેલી અશુદ્ધિને દૂર કરવા માટે બે લોગ૦નો કાઉ૦ કરાય છે. આ કાઉ૦ને કરવા (**આયરિય ઉવજ્ઝાએ** સૂત્ર પછી પહેલું **કરેમિભંતે, ઈચ્છામિઠામિ, તસ્સ ઉત્તરી** એ ત્રણ સૂત્ર કહીને પ્રથમ ચારિત્રાચારની વિશુદ્ધિ માટે ૨ લોગ૦નો કાઉ૦ કરાય છે.

**પ્રશ્ન-૨૪ : સાંજનું પ્રતિક્રમણ ઠાવ્યા પછીનું પહેલું કરેમિભંતે, તથા વંદિત્તુ (ચોથું આવશ્યક) બોલતા પહેલાંનું બીજું કરેમિભંતે કહી ગયા છતાં અહીં ત્રીજું કરેમિભંતે કયા હેતુથી બોલાય છે ?**

**જવાબ :** બધી ધર્મક્રિયાઓ સમતામાં રહેલાને સફળ થાય છે. વારંવાર આ વાત યાદ રહે માટે આદિ, મધ્ય અને અંતમાં કરેમિભંતે બોલાય છે.

**પ્રશ્ન-૨૫ : બે લોગ૦નો કાઉ૦ પાર્યા પછી જ્ઞાનાચાર અને દર્શનાચારની વિશુદ્ધિ માટે એક-એક લોગ૦નો કાઉ૦ કરાય છે તો આ બંનેમાં પહેલો કોનો કાઉ૦ કરવો ? અને શા માટે ?**

**જવાબ :** પહેલી દર્શનાચારની વિશુદ્ધિ કરવાની છે. કારણ કે જેમ કતકનું ચૂર્ણ મેલા પાણીને શુદ્ધ કરે છે, અંજન જેમ આંખને ચોક્ખી કરે છે, તેમ દર્શન એ જ્ઞાનને નિર્મળ કરે છે. વળી દીવો અને અજવાળું (પ્રકાશ) એ બંને સાથે પેદા થાય છે, પરંતુ અજવાળું થવાનું કારણ તો દીવો તેમ દર્શન અને જ્ઞાન બંને સાથે ઉત્પન્ન થાય છે. પરંતુ જ્ઞાન પ્રમાણભુત થવામાં કારણ તો સમ્યગ્દર્શન જ છે. માટે દર્શનાચાર વિશુદ્ધિનો કાઉ૦ પહેલો કરવો અને નજીકના ઉપકારી એવા ઋષભ આદિ ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપ **લોગ૦ તથા સવ્વલોએ અરિહંત ચેઈયાણં સૂત્રો કહીને ૧ લોગ૦નો કાઉ૦**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવો. ● અને ૧ લોગ૦ના કાઉ૦ને પારીને જ્ઞાનાચારની વિશુદ્ધિને માટે પુક્ખર વરદીવઢ્ઢે અને સુઅસ્સભગવઓ સૂત્ર કહીને બીજો ૧ લોગ૦નો કાઉ૦ કરવો.

**પ્રશ્ન-૨૬ : ત્રણ કાઉસ્સગ્ગોમાં પહેલો બે લોગ૦નો અને પછીના બે એક-એક લોગસ્સના કાઉસ્સગ્ગ કરાય છે એ કયા હેતુથી ?**

**જવાબ :** પૂર્વે કહેલ યુક્તિ મુજબ ચારિત્રાચારની વિશેષતા હોવાથી પ્રથમ ૨ લોગ૦નો કાઉ૦ છે અને પછી ૧-૧ લોગ૦નો કાઉ૦ કરાય છે.

**ત્રણે કાઉસ્સગ્ગ પૂર્ણ કરી સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર કહેવું.**

**પ્રશ્ન-૨૭ : ત્રણે કાઉસ્સગ્ગ પૂરા કર્યા પછી સિદ્ધાણં બુદ્ધાણં કયા હેતુથી બોલાય છે ?**

**જવાબ :** ચારિત્રાચાર-દર્શનાચાર અને જ્ઞાનાચારની વિશુદ્ધિ કરીને ખૂબ ઉત્કૃષ્ટ ફળ (નિર્જરા રૂપફળ) મેળવ્યું છે. તેથી ઉત્કૃષ્ટફળની પ્રાપ્તિ કરનારા એવા સિદ્ધભગવંતોને યાદ કરવા માટે તેઓની સ્તુતિ રૂપ **સિદ્ધાણં બુદ્ધાણં'** સૂત્ર બોલાય છે. બધી સારી ક્રિયાઓનું ફળ.

શાશ્વત સિદ્ધિરૂપ મોક્ષ મળે છે તેમ જિનેશ્વરોએ કહ્યું અને સંસારમાં પણ દેવ મનુષ્યના ઊંચા સુખો મળે છે. ખેતરમાં ખેડૂતને ધાન્ય સાથે ઘાસ પણ મળે છે. તેમ આનુષંગિક ફળ સમજવા.

**પ્રશ્ન-૨૮ : મોક્ષસુખની મુખ્યતા છે. તો તે મોક્ષની સ્તુતિરૂપ 'સિદ્ધાણં બુદ્ધાણં' શરૂઆતમાં ન કહેતાં અંતે (છેલ્લે) કયા હેતુથી કહેવાય છે ?**

**જવાબ :** કોઈપણ ક્રિયાનું ફળ - ક્રિયા કર્યા પછી છેલ્લે (અંતે) જ મળે છે જેમ વૃક્ષમાં રસની પ્રાપ્તિ માટે ૧લું મૂળ. પછી થડ થડથી શાખા. પ્રશાખા, પાંદડુ ફૂલ ફળ હોય. તેમ અહીં પણ સમજવું તેથી ૧લી ગાથામાં ધર્મ ક્રિયાના ફળરૂપ સિદ્ધિ (મોક્ષ)નું સ્મરણ કરાય છે. બીજમાં પછી નજીકના ઉપકારી શ્રી વીરપ્રભુ વિશેષ સ્મરણીય હોવાથી પછી ગિરનાર (ઉજ્જયંતગિરિ) મહાતીર્થ હોવાથી તેના ભૂષણરૂપશ્રી નેમનાથ ભ.ને પછી અષ્ટાપદ તીર્થને નમસ્કારરૂપ ગાથા કહીને **આ પ્રમાણે અતિચારની શુદ્ધિ કરી શ્રુતદેવતાનો કાઉસ્સગ્ગ કરવો.**

**પ્રશ્ન-૨૯ : શ્રુતદેવતાનો કાઉ૦ શા માટે કરાય છે ? અને ૧ નવકારનો કાઉસ્સગ્ગ કેમ કરાય છે ?**

**જવાબ :** બધી ધર્મક્રિયાનો આધારરૂપ શ્રુત છે. તેથી આપણામાં શ્રુતજ્ઞાન વધે માટે શ્રુતદેવતાનો કાઉ૦ કરાય છે અને દેવો થોડી મહેનતે સિદ્ધ થતા હોવાથી ૮ શ્વાસોશ્વાસવાળો (એક જ નવકારનો) કાઉ૦ કરાય છે. શ્રુતદેવતાની સ્તુતિ રૂપ **'સુઅ દેવયા ભગવઈ'**ની સ્તુતિ કહેવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૩૦ : શ્રુતની વૃદ્ધિ માટે શ્રુતને બદલે શ્રુતદેવ (વ્યંતરદેવ)નો કાઉસ્સગ્ગ કેમ કરો છો ?**

**જવાબ :** શ્રુતદેવતાના વિષયસંબંધી એવો આત્માનો શુભ પરિણામ સ્મરણકર્તાના કર્મ ખપાવે છે.

**• તે પછી ક્ષેત્રદેવતાનો કાઉ૦ કરવો •**

**પ્રશ્ન-૩૧ : ક્ષેત્રદેવતાનો કાઉ૦ કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** આપણે રહેલા ક્ષેત્રના નાયક છે માટે તેઓને કૃતજ્ઞતારૂપે યાદ કરવામાં આવે છે. ત્રીજા મહાવ્રતની ભાવનામાં - માલિકની જગ્યાએ વારંવાર પૂછીને લેવાની છે તેથી ક્ષેત્રદેવના સ્મરણરૂપ કાઉ૦ કરાય છે.

**પ્રશ્ન-૩૨ : શ્રુતદેવતા અને ક્ષેત્રદેવતાના કાઉ૦માં મિથ્યાત્વ લાગે કે નહિ ?**

**જવાબ :** પૂર્વધરોના કાળમાં પણ આ કાઉ૦ થતો હતો તો મિથ્યાત્વ લાગે એવું બોલવું. યોગ્ય નથી. આવશ્યક સૂત્રની બૃહદ્‌વૃત્તિમાં પ્રારંભમાં જ પૂ. હરિભદ્રસૂરિજીએ શ્રુતદેવતાને નમસ્કાર કર્યો છે.

પક્ખિસૂત્રાદિ તથા આવશ્યક સૂત્રની પંચાગીમાં શ્રુતદેવતાદિનો કાઉ૦ કરવો એવું બતાવેલું છે. આ કાઉ૦થી તો મિથ્યાત્વ તો ન જ લાગે પરંતુ ગુણની ઉપબૃંહણા કરાય છે, અર્થાત્ જ્ઞાનાચારનું પાલન થાય છે. તે પછી એક નવકાર ગણી બેસી મુહપત્તિ પડિલેહી બે વાંદણા આપવા.

**પ્રશ્ન-૩૩ : આ ચોથી વખતે અહીં વાંદણા દેવાય છે એ કયા હેતુથી ?**

**જવાબ :** રાજાની આજ્ઞાથી કાર્ય પૂરું કર્યા પછી પણ સેવકો રાજાને નમનપૂર્વક નિવેદન કરે છે. તેમ ગુરુ આજ્ઞાથી ચારિત્રાદિકની શુદ્ધિ કરનારા એવા ૬ આવશ્યકો પુરા કર્યા છે એમ જણાવવા માટે આ છેલ્લા (૪થા) વાંદણા અપાય છે ! **સામાયિક-ચઉવીસત્થો, વાંદણા, પ્રતિક્રમણ કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી એમ નિવેદન કર્યું છે. અહીં ષડ્આવશ્યક રૂપ પ્રતિક્રમણ પૂરું થયું છે પછી 'ઈચ્છામો અણુસટ્ઠિં' કહે છે.**

**પ્રશ્ન-૩૪ : ઈચ્છામો અણુસટ્ઠિંનો અર્થ શું છે ?**

**જવાબ :** હું અનુશાસ્તિ(આજ્ઞા)ને ઈચ્છું છું. ગુરુની આજ્ઞા છે કે મનથી (ઉપયોગથી) પ્રતિક્રમણ કરવું પરંતુ વેઠ ન વાળવી તેથી મેં ગુર્વાજ્ઞા મુજબનું પ્રતિક્રમણ કર્યું છે તેવો ઈચ્છામો અણુસટ્ઠિંનો અર્થ છે. તેથી ગુરુએ અધ્યાહારથી હા કહ્યું છે માટે શિષ્ય ગુરુવચનના સ્વીકાર રૂપ **'નમો ખમાસમણાણં બોલે'** તે પછી **'નમોઽર્હત્' પૂર્વક નમોઽસ્તુ વર્ધમાનાય'ની ત્રણ સ્તુતિ ઊંચા સ્વરે બધા સાથે બોલે.**

**પ્રશ્ન-૩૫ : નમોઽસ્તુ વર્ધમાનાય કયા હેતુથી બોલાય છે ?**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબ : વીર પ્રભુનું શાસન વર્તે છે. તેમની આજ્ઞાથી પ્રતિક્રમણ કરવાનું છે તે નિર્વિઘ્ને પૂરું થયું છે તેથી આનંદને વ્યક્ત કરવા તથા માંગલિકને માટે એકરાગે ઊંચેથી બોલાય છે.

**પ્રશ્ન-૩૬ : નમોડસ્તુની આ ત્રણ સ્તુતિઓને ઊંચા સ્વરે બોલવાનું કારણ શું છે ?**

**જવાબ :** કૃતજ્ઞોનો વ્યવહાર છે કે કામ સારી રીતે નિર્વિઘ્ને પૂરું થવાથી દેવ-ગુરુની સ્તુતિરૂપ વખાણ જોરદાર કરવો જોઈએ. તથા (૨) દુનિયામાં રાજ્ય કે લગ્નમાં આનંદદાયક કરવા વાજા વગડાવે છે અને (૩) મોટે અવાજે નૃત્યપૂર્વક ગીતો ગવડાવે છે. તેમ અહીં પૂજ્યની પૂજા પણ કરાય છે તથા પૂજ્ય એવા વર્ધમાન સ્વામિની. વધતા (ઊંચા) સ્વરે જોસથી ક્રમસર વધતા અક્ષરોવાળી ૩ સ્તુતિઓ આનંદને વ્યક્ત કરવા માટે બોલાય છે.

દેવસિ પ્રતિક્રમણમાં **ગુરુના વિનય માટે ગુરુ પ્રથમ એક સ્તુતિ બોલે ત્યાં સુધી બધા બેસે** પછી બધા સાથે બોલે **પક્ખી આદિમાં ગુરુના વિશેષ વિનય માટે** શરૂથી ૩ સ્તુતિ સુધી સાથે બોલતા નથી પછી બધા બોલે છે.

**પ્રશ્ન-૩૭ : પૂ. સાધુ ભગવંતો અને શ્રાવકોને 'નમોડર્હત્' અને 'નમોડસ્તુ વર્ધમાનાય' બોલાય છે પણ પૂ.સાધ્વીજી મ. અને સ્ત્રીઓને નથી બોલાતા. પરંતુ 'સંસાર દાવા' બોલાય છે તે કયા કારણથી ?**

જવાબ : તે સૂત્રો પૂર્વમાંથી ઉદ્ધૃત છે. માટે ન બોલાય. સ્ત્રીઓને દૃષ્ટિવાદ કે પૂર્વ ભણવાનો અધિકાર નથી તેથી 'સંસારદાવા' બોલાય છે.

**પ્રશ્ન-૩૮ : સ્ત્રીઓને દૃષ્ટિવાદ આદિસૂત્રો ભણવાનો અધિકાર કેમ નથી ?**

જવાબ : દૃષ્ટિવાદમાં ઊંચી વિદ્યાઓના ઘણા અતિશયો (પ્રભાવો) છે તથા સર્વ કામનું વર્ણન છે. તેથી (૧) સ્ત્રીઓ યોગ્યતા વિનાની છે, (૨) અલ્પ સત્વવાળી છે. (૩) તુચ્છ છે. (૪) થોડું હોય તો પણ ઘણું અભિમાન આવી જાય છે અને (૫) અધીરી હોય છે માટે ઉત્થાન, સમુત્થાન શ્રુત, અરુણોપપાત, વરુણોપપાત. આદિ અધ્યયનો તથા દૃષ્ટિવાદ આદિ સૂત્રો ભણાવાતા નથી.

**તે પછી નમુત્થુણં કહી મનોહર સ્વર વડે પ્રાચીન મહાપુરુષોએ રચેલું સ્તવન કહેવું, તે પછી 'વરકનક'ની ગાથા સાથે કહીને ચાર ખમાસમણ વડે ગુર્વાદિકને વાંદે.**

**પ્રશ્ન-૩૯ : અહીં દેવ-ગુરુને વંદન કયા હેતુથી છે ? (અહીં નમુત્થુણં તથા સ્તવન અને ચાર ખમાસમણા કયા હેતુથી છે ?)**

જવાબ : પ્રતિક્રમણની શરૂઆતમાં અને અંતમાં દેવ-ગુરુને વંદન કરવું જોઈએ. માટે નમુત્થુણંથી દેવને વંદન કર્યું અને ચાર ખમાસમણથી ગુર્વાદિકને વંદન કર્યું. કારણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે છેલ્લે પણ મંગળ કરવું જોઈએ. ધર્મ હૈયામાંથી નીકળી ન જાય માટે **તે પછી શ્રાવક 'અઢ્ઢાઈજ્જેસુ' કહી અઢી દ્વિપના સર્વે મુનિને વાંદે.** (મુનિને તે સૂત્ર શ્રમણસૂત્રમાં આવી જાય છે. માટે બોલવાનું નથી.) **તે પછી 'દેવસિઅ પાયચ્છિત્તનો કાઉ૦ કરવો.**

**પ્રશ્ન-૪૦ : પહેલા અતિચારોની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કર્યો હતો છતાં અહીં ૪ લોગ૦નો કાઉ૦ ફરી કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** પહેલાં અતિચારોની વિશુદ્ધિ માટે કાઉ૦ કર્યો હતો છતાં બીજી વખત કરવાથી. તે વિશુદ્ધિ મજબૂત (દૃઢ) થાય છે. **(માટે ૪ લોગ૦નો કાઉ૦ ફરી કરાય છે. પછી લોગસ્સ બોલાય છે તે મંગળ માટે છે. તે પછી બે ખમા. દઈને સજ્ઝાય સંદિસાહુ અને સજ્ઝાય કરું ? એમ આદેશ માંગી માંડલીમાં બેસી નવકાર કહી સજ્ઝાય બોલી.** નવકાર કહેવો. તે પછી 'દુક્ખક્ખય કમ્મક્ખય નિમિતં કાઉ૦ કરું ? ઈચ્છં, દુક્ખકખય કમ્મક્ખય નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ કહી ૪ લોગ૦નો સંપૂર્ણ કાઉ૦ કરવો, લઘુશાંતિ કહેવી અને પ્રગટ લોગસ્સ કહેવો.

તે પછી શ્રાવકને સામાયિક પારવાની અંતર્ગત ચઉક્કસાયનું ચૈત્યવંદન જયવીયરાય સુધી કરવું.

●

## રાઈઅ પ્રતિક્રમણના હેતુઓ

દેવસિઅ કરતાં રાઈઅ પ્રતિક્રમણના હેતુઓમાં જે ફરક છે તે અહીં કહેશું. બાકી દેવસિઅ પ્રતિક્રમણની જેમ સમજી લેવા.

**રાત્રિના છેલ્લા પ્રહરે ઊંઘને ત્યજી ઉપાશ્રયમાં આવી શુદ્ધ કપડાં પહેરી દાગીના છોડી સ્થાપનાચાર્ય સ્થાપી ઈરિયાવહિયં કરી સામાયિક લેવાની વિધિ કરે.**

**પ્રશ્ન-૧ : પહેલી ઈરિયાવહિયં કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** ઈરિયા વગર ચૈત્યવંદન, સજ્ઝાય, આવશ્યક **આદિ કરવું કલ્પતું નથી.** એવું શ્રી **મહાનિશીથ** સૂત્રમાં કહ્યું છે. દ્રવ્ય પૂજા કરવા માટે શરીરની બાહ્યશુદ્ધિ કરાય છે તેમ ભાવપૂજા કરવા માટે. આત્માની અંતરશુદ્ધિ કરાય છે માટે **● આ પ્રમાણે સાધુ ઈરિયાવહિયં કરી અને શ્રાવક સામાયિક લઈ અને ખમાસમણ પૂર્વક ઈચ્છા. સંદિસહ ભગવન્ કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણી રાઈય પાયચ્છિત વિસોહણત્થં કાઉ૦ કરું ? ઈચ્છં કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણી રાઈય પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ, ઈત્યાદિ કહી ૪ લોગ૦નો ૧૦૦ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉ૦ કરવો પરંતુ** સ્ત્રીના રાગ વાળું સ્વપ્ન તે કુસુમિણ કહેવાય. દ્વેષવાળું સ્વપ્ન તે દુસુમિણ કહેવાય. (હવે સ્ત્રીને રાગ વડે સ્વપ્નમાં જોઈ હોય તો તે **દૃષ્ટિ વિપર્યાસ** કહેવાય છે. અને સ્વપ્નમાં સ્ત્રીનું સેવન તે **સ્ત્રી વિપર્યાસ** કહેવાય છે. (સ્ત્રીને સ્વપ્નમાં રાગથી જોવાથી રાગ થવાથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ લોગ૦ ચંદેસુ સુધી ગણવા તથા સ્ત્રીને સ્વપ્નમાં આસેવન કરવાથી ૪ લોગ૦ સાગરવર ગંભીરા સુધી ગણવા.)

● આ કાઉસ્સગ્ગ ખરાબ સ્વપ્ન આદિથી પેદા થયેલા પાપોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત રૂપે છે અને તે કાઉ૦ રાઈ પ્રતિક્રમણથી જુદો છે. કારણ કે દુ:સ્વપ્ન (સ્ત્રી સેવનરૂપ સ્વપ્ન)ના પ્રાયશ્ચિત રૂપે હોવાથી.

**તે પછી સર્વ ધર્મક્રિયા શ્રી દેવ-ગુરુને વંદનપૂર્વક કરે તો સફળ થાય છે માટે પૂર્વે કહ્યું તે મુજબ પ્રથમ "જગચિંતામણિ" ચૈત્યવંદન જયવીયરાય સુધી કરવું.** તે **પછી** ચાર ખમાસમણા વડે ગુર્વાદિકને વંદન કરી **સજ્ઝાય સંદિસાહુ અને સજ્ઝાય કરું નો આદેશ માંગી નવકાર કહી પછી ભરહેસરની સજ્ઝાય કહેવી** (વાસ્તવમાં છેલ્લા પ્રહરમાં ઉઠેલા સાધુ કે શ્રાવક રાઈઅ પ્રતિક્રમણનો સમય થાય ત્યાં સુધી સ્વાધ્યાય, કાયોત્સર્ગાદિ કરે.) **પછી ઈચ્છકાર સુહરાઈ વડે સુખશાતા પૃચ્છા કરી રાઈઅ પડિક્કમણે ઠાઉં ? આદેશ માંગી સવ્વસ્સવિ રાઈય. રાત્રિક અતિચારનું બીજક સૂત્ર કહેવું તે પછી "નમુત્થુણં" વડે સંક્ષિપ્ત દેવવંદન કરવું.**

**પ્રશ્ન-૨ : પૂર્વે 'જગચિંતામણિ' વડે દેવવંદન કર્યું છે તો અહીં ફરીથી સંક્ષિપ્ત (સોર્ટ) દેવવંદન કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** જગચિંતામણિનું ચૈત્યવંદન (દેવવંદન) એ સ્વાધ્યાય આદિ કરવા માટે માંગલિક તરીકે હતું અને શોર્ટ દેવવંદન (નમુત્થુણં) એ રાત્રિ પ્રતિક્રમણના પ્રારંભમાં મંગળ કરવા માટે છે.

**પ્રશ્ન-૩ : સાંજના પ્રતિક્રમણમાં પ્રતિક્રમણ ઠાવ્યા પછી કરેમિભંતે બોલાય છે તો સવારના પ્રતિક્રમણમાં નમુત્થુણં પછી કરેમિભંતે કયા હેતુથી બોલાય છે ?**

**જવાબ :** રાત્રિપ્રતિક્રમણના પ્રારંભમાં નમુ૦ માંગલિક માટે છે - તેથી સર્વત્ર દેવ (પ્રભુ) ભક્તિ કરવા જેવી છે તથા તેવી પરંપરા છે માટે નમુત્થુણં શરૂમાં આવ્યું અને પછી કરેમિભંતે કહેવું.

આ મુજબ નમુત્થુણં કહી ઊભા થઈ કરેમિભંતે કહી ચારિત્રાચાર, દર્શનાચાર અને જ્ઞાનાચારના અતિચારની વિશુદ્ધિ માટે અનુક્રમે ત્રણ કાયોત્સર્ગ કરવા ૧લામાં એક લોગ૦ ૨જામાં એક લોગ૦ અને ૩જામાં નાણંમિની ૮ ગાથા ગણવી.

**પ્રશ્ન-૪ : દેવસિ પ્રતિ૦માં ચારિત્રાચારની શુદ્ધિ માટે ૨ લોગ૦નો કાઉ૦ કર્યો હતો તો સવારના પ્રતિક્રમણમાં ૧ લોગ૦નો કાઉ૦ છે એ કયા હેતુથી ?**

**જવાબ :** રાત્રિમાં ગમન આદિ થોડું (અલ્પવ્યાપાર) હોવાથી ચારિત્રાચારના અતિચાર ઓછા લાગે છે માટે ૧ લોગ૦ છે.

**પ્રશ્ન-૫ : સાંજના પ્રતિક્રમણમાં પ્રતિક્રમણ ઠાવ્યા પછી તરત જ શરૂઆતમાં**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જ ચારિત્રાચારના અતિચારનો કાઉ૦ (નાણંમિનો કાઉ૦) મુક્યો છે તો સવારના પ્રતિક્રમણમાં છેલ્લે કેમ મૂક્યો ?**

**જવાબ :** શરૂઆતમાં નિદ્રાથી લથડતો હોવાથી સારી રીતે અતિચાર ન વિચારી શકાય માટે નાણંમિનો કાઉ૦ છેલ્લે મૂક્યો છે. નોંધ : મુનિને 'સયણાસણન્નપાણે'ની ગાથા ગણવી. તે પછી **'સિદ્ધાણં બુદ્ધાણં' કહી મુહપત્તિ પડિલેહવી, પછી વાંદણા દેવા. અહીંથી આયરિય ઉવજ્ઝાએ, કરેમિભંતે, ઈચ્છામિછામિ, તસ્સ ઉત્તરી ઈત્યાદિ પ્રશ્ન-૧૩થી ૨૩ સુધી બધી વિધિ, હેતુ વિગરે સાંજના પ્રતિક્રમણની જેમ સમજવું. ● તે પછી તપચિંતવણીનો કાઉ૦ કરવો.**

**પ્રશ્ન-૬ : પૂર્વે ચારિત્ર-દર્શન અને જ્ઞાનની અતિચારની વિશુદ્ધિનો કાઉ૦ કર્યો હોવા છતાં અહીં ફરી તપ ચિંતવણીનો કાઉ૦ કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** પૂર્વે શુદ્ધિ કરતાં પણ બાકી રહી ગયેલી એવી અતિચારની અશુદ્ધિની અહીં ભેગી (સમૂહરૂપે) શુદ્ધિ માટે આ કાઉ૦ છે. **● તે કાઉસ્સગ્ગમાં તપ ચિંતવન આ પ્રમાણે કરવાનું છે.**

પ્રભુ મહાવીર સ્વામિએ ઉત્કૃષ્ટ તપ છ મહિનાનો કર્યો તો હે જીવ ! કરી શકીશ ? ભાવના છે. શક્તિ નથી પરિણામ નથી, પછી ૫ ઓછા એવો છમાસી તપ કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી પરિણામ નથી તે રીતે આગળ ૧૦ ઓછા - ૧૫ ઓછા, ૨૦ ઓછા, ૨૫ ઓછા, છમાસી તપ કરી શકીશ. એમ દરેક વખતે ભાવના છે. શક્તિ નથી પરિણામ નથી, એમ ચિંતવવું પછી ૫ માસી તપ કરી શકીશ ? ૫ ઓછા, ૧૦ ઓછા, ૧૫ ઓછા, ૨૦ ઓછા, ૨૫ ઓછા પછી. ચારમાસી એ પ્રમાણે ઉતરતા ત્રણ માસી, બે માસી સુધી ૧ માસી તપ કરી શકીશ ? ભાવના છે. શક્તિ નથી, પરિણામ નથી. એમ ચિંતવવું પછી. ૧ ઉપ૦ ઓછે, એવો ૧ માસી તપ કરી શકીશ ? ભાવના છે, શક્તિ નથી, પરિણામ નથી, એ પ્રમાણે ૨ ઓછા, ૩ ઓછા, યાવત્ ૧૩ ઓછા પછી ૩૪ ભક્ત કરી શકીશ, ૩૨ ભક્ત, ૩૦ ભક્ત યાવત્ અઠ્ઠમ, છઠ્ઠ, ચઉત્થભક્ત, ઉપવાસ, આયંબિલ, નીવી, એકાસણું, બિયાસણું, અવઢ્ઢ, પુરિમઢ્ઢ, સાઢપોરિસી., પોરિસી, નવકારશી સુધી ચિંતવવું, હવે જે તપ કરેલો હોય પણ આજે કરવાનો ન હોય ત્યાંથી ભાવના છે. શક્તિ છે, પરિણામ નથી એમ ચિંતવવું અને જે તપ આજે કરવાનો છે ત્યાં ભાવના છે, શક્તિ છે, પરિણામ છે એમ ચિંતવવું પછી નમો અરિહંતાણં બોલી કાઉસ્સગ્ગ પારવો.

કાઉ૦નું આવું ચિંતવન જેને ન આવડતું હોય તેણે ૧૬ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. કાઉ૦ પારી લોગ૦ કહી પછી મુહપત્તિ પડિલેહી વાંદણા દઈને, "સકલતીર્થ" વડે તીર્થોની વંદના કરીને પછી. પૂર્વે ચિંતવેલ પચ્ચક્ખાણ કરે અને "સામાયિક, ચઉવીસત્થો, વાંદણા, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખણ કર્યું છે જી' એમ બોલે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પચ્ચક્ખાણ ન આવડતું હોય તો ધારી લે અને અંતે 'ધાર્યું છે જી' એમ બોલે તે પછી 'ઈચ્છામો અણુસટ્ઠિં' કહીને વિશાલ લોચન દલં'ની ત્રણ ગાથા વીર પ્રભુની સ્તુતિ રૂપ બોલે નમોઽસ્તુની જેમ ઊંચે સ્વરે નહિ પણ અહીં મંદસ્વર વડે બોલે તે ''લઘુ ચૈત્યવંદના' સમજવી.

**પ્રશ્ન-૭ : વિશાલલોચન દલંને મંદ સ્વરે બોલવાનો હેતુ શું છે ?**

**જવાબ :** આ સૂત્ર જનહિ પરંતુ આખું રાઈઅ પ્રતિક્રમણ જ મંદ (ધીમા) સ્વરે (અવાજે) કરવાનું છે. જો રાત્રે ઊંચા અવાજે બોલવું, ઉધરસ ખાવી, હુંકારા કરવા, અને ખોંખારા ખાવા આદિની પણ ના પાડી છે. કારણ કે તે અવાજોથી ગરોળી વગેરે હિંસક જીવો જાગીને માખી આદિને ખાઈ જવાના હિંસાદિ કાર્યો કરવા માંડે છે, તથા ધોબી, લુહાર આદિ પણ આરંભના કાર્યમાં વહેલા પ્રવર્તે છે, માટે સવારમાં જોસથી બોલવામાં અનેક દોષો લાગે છે.

**પ્રશ્ન-૮ : છેલ્લે કલ્લાણ કંદં આદિ-૪ થોયવાળું દેવવંદન કરવાનું જ છે, તો લઘુ ચૈત્યવંદન (વિશાલલોચન દલં) કયા હેતુથી છે ?**

**જવાબ :** લઘુ ચૈત્યવંદન એ છ આવશ્યકના છેડે છેલ્લા (લાસ્ટ) મંગળ માટે છે તથા ચાર થોયનું દેવવંદન એ કાળવેળા પ્રતિબદ્ધ છે માટે વિશેષ માંગલિક માટે છે.

**તે પછી નમુત્થુણં કહી ૪ થોયનું દેવવંદન કહીને નમુત્થુણં કહીને ચાર ખમાસમણ વડે ગુર્વાદિકને વંદન કરીને** (પૌષધમાં રહેલો શ્રાવક તથા મુનિ. ચારખમાસમણાની પહેલા જ ઇચ્છા૦ સંદિ૦ ભ૦ બહુવેલ સંદિસાહુ ? અને બહુવેલ કરશું. તે બે આદેશ મંગાય છે.) અને બે આદેશ માંગ્યા પછી ચાર ખમાસમણ વડે ગુર્વાદિકને વાંદે એ બહુવેલના બે આદેશોનો અર્થ શું છે ? મુનિએ તથા પોષાર્થીએ બધુકાર્ય ગુરુ મહારાજને પૂછીને જ કરવાનું છે. પરંતુ આખા દિવસમાં ક્ષણે ક્ષણે શ્વાસ લેવો તે નાના કાર્યો બહુવાર (ઘણીવાર) ગુરુને પૂછવાનું અશક્ય છે, તેથી શ્વાસ લેવો આદિ એવા નાના કાર્યોની સંમતિ ગુરુ પાસેથી મેળવી લે છે. માટે નાના કાર્યોની અનુમતિ માટે - આ બહુવેલના બે આદેશો છે.) **શ્રાવક અઢાઈજ્જેસુ બોલે તે પછી વિહરમાન (વિચરતા) જિન શ્રી સીમંધર સ્વામિ જિન આરાધનાર્થે અને શ્રી શત્રુંજય મહાતીર્થ આરાધનાર્થે ચૈત્યવંદન કરવાનું પ્રવર્તન સામાચારી. (પરંપરા = આચરણા = રૂઢી) પ્રમાણે તથા સામાયિકની બે ઘડી (૪૮ મિનિટ)નો સમય પૂરો કરવા જાણવું.** અહીં સવારના પ્રતિક્રમણની વિધિ પૂરી થાય છે.

રાઈ પ્રતિક્રમણમાં પણ છ આવશ્યક કયા સૂત્રથી સૂચિત થાય છે તથા પંચાચારની શુદ્ધિ વિગેરે તથા બીજા હેતુઓ પણ દેવસિઅ પ્રતિ૦ મુજબ સમજવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પાક્ષિક પ્રતિક્રમણના હેતુઓ

● દરેક ચૌદશે પક્ખિ પ્રતિક્રમણ કરવું જોઈએ. ●

**પ્રશ્ન-૧ : દેવસિ તથારાઈ પ્રતિ૦ દરરોજ કરવાથી ૧૫ દિવસના પાપની શુદ્ધિ થઈ ગઈ તો પછી ચૌદશ પક્ખિ પ્રતિ૦ કયા હેતુથી કરાય છે ?**

જવાબ : સવાર-સાંજનું પ્રતિ૦ રોજ કરવા છતાં પણ બાકી રહી ગયેલ દોષની શુદ્ધિ માટે ચૌદશનું પ્રતિક્રમણ કરાય છે. તેલ વિગેરેથી શરીરને ચમકતું કરવા છતાં પણ પાવડર, વિલેપન અને દાગીના વડે, અધિક શોભાયમાન કરાય છે તથા ઘરને રોજ સાફ કરવા છતાં પણ હોળી દિવાળી આદિ પર્વાદિમાં ચારે બાજુથી ખૂણે ખાંચરેથી સાફ કરાય છે તેમ અહીં પણ સમજવું.

**● ચૌદશના પ્રતિ૦માં પ્રારંભથી, પુરુ વંદિત્તુ** કહે ત્યાં સુધીમાં દેવસિ પ્રતિ.ની **જેમ વિધિ તથા હેતુઓ વિગેરે જાણવા, તે પછી ખમા.** દઈને દેવસિઅ આલોઈઅ **પડિકકંતા ઈચ્છાકારેણ સંદિસહ** ભગવન્ ! **પક્ખિ** મુહપત્તિ પડિલેહું ? એમ બોલીને **મુહપત્તિ પડિલેહી વાંદણા દેવા.**

**પછી સંબુદ્ધા ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઈચ્છં ખામેમિ પક્ખિઅં કહી ગુરુ સહિત ત્રણને પણ બે શેષ (બાકી) રહેતા હોય તો અનુક્રમે અબ્ભુટ્ઠિઓ કરવો.**

**પ્રશ્ન-૨ : અહી સંબુદ્ધા કહી અબ્ભુટ્ઠિઓ કયા હેતુથી કરાય છે ?**

જવાબ : ક્ષમા પ્રધાન એવી સર્વ ક્રિયા સફળ થાય છે એમ જણાવતા સંબુદ્ધ એવા ગુર્વાદિકને ખમાવવા માટે આ અબ્ભુટ્ઠિઓ બોલાય છે.

**પછી ઊભા થઈ ઈચ્છા૦ સંદિ૦** ભગ૦ **પક્ખિઅં આલોઉં ? ઈચ્છં, આલોએમિ જોએ પક્ખિઓ, ઈત્યાદિ કહી પાક્ષિક અતિચાર કહે, પછી સવ્વસ્સવિ પક્ખિઅ ઈત્યાદિ સૂત્ર કહી, ઈચ્છકારી** ભગવન્ **પસાય કરી પક્ખિ તપ પસાય કરાવશોજી કહી પક્ખિનું પ્રાયશ્ચિત** માગે **અને** ગુરુ **ચઉત્થેણં કહી પક્ખિ લેખે પ્રાયશ્ચિત આપે, તે પૂરો કર્યો હોય તો 'પઈટ્ઠિઓ' કહે. કરી આપવાનો હોય તો 'તહત્તિ' કહે, નહિ તો મૌન રહે. પછી વાંદણા દઈ ઈચ્છા. સંદિ.** ભ. **પ્રત્યેક ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિ ખામેઉં ? ઈચ્છં કહી** ગુરુ **આદિ ત્રણને બે શેષ રહેતા હોય તો અનુક્રમે ખમાવે, તે પછી વાંદણા દઈને 'દેવિસિઅં આલોઈઅ પડિક્કંતા, ઈચ્છા૦ સદિ૦** ભગ૦ **પક્ખિઅં પડિક્કમાવેહ, કહે ત્યારે** ગુરુ ભગવંત **'સમ્મં પડિક્કમેહ' કહે પછી, કરેમિભંતે તથા ઈચ્છામિ પડિક્કમિઉં ! જો મે પક્ખિઓ... કહીને** ખમાસમણ આપીને **ઈચ્છા૦ સંદિ૦** ભ૦ **પક્ખિસુત્તં સંભળેમિ ? ઈચ્છં** કહી પછી પક્ખિસૂત્ર બોલનાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ૦ સાધુ ભ૦ ખમાસમણ આપીને ઈચ્છા૦ સંદિ૦ ભ૦ પક્ખિસુત્તં કઢું ? ઈચ્છં કહીને પક્ખિ સૂત્ર બોલે... ગુરુ નિશ્રા વિના શ્રાવકો કરતા હોય ત્યારે પક્ખિસૂત્રને સ્થાને વંદિત્તુસૂત્ર બોલે તેના અંતમાં સુઅદેવયા ભગવઈ સૌ સાથે બોલી બેસીને વંદિતુસૂત્ર (મુનિ શ્રમણસૂત્ર) બોલે. શેષ ગાથા ઊભા થઈને દેવસિઅ મુજબ સમજવું.

**તે પછી કરેમિભંતે ! ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગ, તસ્સ ઉત્તરી૦ અન્નત્થ કહી ૧૨ લોગ૦નો કાઉ૦ કરે.**

**પ્રશ્ન-૩ : પક્ખિમાં ૧૨ લોગ૦નો કાઉ૦ કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** વંદિત્તુ બોલ્યા છતાં અશુદ્ધ રહેલા એવા અતિચારોની શુદ્ધિ માટે ૧૨ લોગ૦ કાઉ૦ કરાય છે તે પછી પ્રગટ લોગ૦ કહી **મુહપત્તિ પડિલેહી વાંદણા દઈ ઈચ્છા૦ સંદિ૦ ભ૦ સમત્ત ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં, ? કહી અબ્ભુટ્ઠિઓ કરે.**

**પ્રશ્ન-૪ : પૂર્વે સંબુદ્ધ અને પ્રત્યેક કહી સામાન્ય તથા વિશેષથી અપરાધ ખમાવેલ છે છતાં વળી ત્રીજી વાર ખમાવવું એ કયા હેતુથી છે ?**

**જવાબ :** છેલ્લે ૧૨ લોગ૦ના કાઉ૦માં જ શુભ એકાગ્ર ભાવ દ્વારા કોઈ યાદ આવેલા અપરાધને ખમાવવા માટે અથવા અહીં પક્ખિ પ્રતિ૦ પૂરું થાય છે તેથી પહેલાના અબ્ભુટ્ઠિઆ (પ્રત્યેક અબ્ભુટ્ઠિઓ) પછી કાંઈ અપ્રીતિકર (અરુચતું) થયું હોય તથા **વિતથ** ક્રિયા થઈ હોય તેને ખમાવવા માટે અથવા તેવી વિધિ જ છે. (તે કર્મક્ષયના કારણરૂપ છે.) તેથી ત્રીજો અબ્ભુટ્ઠિઓ બોલાય છે **તે પછી ચાર ખમાસમણ વડે પાક્ષિક ખામણાં ખામે.**

**પ્રશ્ન-૫ : આ ચારે ખામણા કરવાનો હેતુ શું છે ?**

**જવાબ :** ચારમાંથી ૧લા ખામણા દ્વારા ગુરુને કહેવાનું કે આપના ૧૫ દિવસ તો સારી રીતે પસાર થયા છે તેમ બાકીના દિવસો પણ એ રીતે પસાર થાઓ. આવી રીતે ગુરુનું મંગળ થાય માટે બહુમાન અપાય છે. આ રીતે આચાર્યનો પાક્ષિક વિનયનો વ્યવહાર **'પિઅં ચમે'** એવા ખામણાના પ્રથમ સૂત્રથી કરાય છે.

બીજા ખામણાથી ચૈત્યવંદન અને સાધુવંદન સંબંધી જે થયું છે તે બધુ ગુરુને કહેવા માટે બીજું છે તે **'પુવ્વિં ચેઈયાઈ'**થી શરૂ થાય છે.

ત્રીજું ખામણે પોતાનું જે બન્યું છે તે બધું ગુરુને જણાવવા માટે **'ઉવટ્ઠિઓહં'**થી શરૂ થાય છે.

ચોથું ખામણે-શિષ્યે જે શિખામણો લીધી છે તેમાં ગુરુનો ઉપકાર છે અને બહુ માનને ઈચ્છતો **'અહમ પુવ્વાઈ'**થી શરૂ થાય છે.

આ ચારે ખામણામાં દરેક ખામણાંની અંતે અનુક્રમે **(૧) તુબ્ભેહિં સમં (૨) અહમવિ વંદામિ ચેઈયાઈ (૩) આયરિય સંતિઅં (૪) નિત્થારગ પારગા હોહ, એ ચારે વચનો ક્રમથી ગુરુ મહારાજ કહે છે. શિષ્ય દરેક વખતે ઈચ્છં કહે અને સર્વને**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંતે 'ઇચ્છામો અણુસટ્ઠિં' કહો. શ્રાવક-શ્રાવિકા ગુરુનિશ્રા વિના પ્રતિક્રમણ કરતા હોય તો ચાર ખમા. દઈ દરેક વખતે ખામણાંના ઠેકાણે નવકાર બોલે. અહીં પાક્ષિક વિધિ પૂર્ણ થાય છે.**

તે પછી વંદિત્તા પછીના વાંદણાથી બાકીની વિધિ, દેવસિઅ મુજબ જાણવી. ફરક એટલો છે કે શ્રુતદેવતાને સ્થાને ભવનદેવતાનો કાઉ૦ કરવો.

**પ્રશ્ન-૬ : અહીં શ્રુતદેવતાને સ્થાને ભવનદેવતાનો કાઉ૦ કયા હેતુથી છે ?**

**જવાબ :** પક્ખિસૂત્રને છેડે સુઅ દેવયાથી શ્રુતદેવતાને યાદ કરી લીધા છે માટે અહીં ભવન દેવતાને યાદ કરાય છે.

**પ્રશ્ન-૭ : ખિત્તદેવયા (ક્ષેત્રદેવતા)ની રોજની સ્તુતિમાં ભવનનું ક્ષેત્રનો સમાવેશ થઈ જાય છે માટે ખરેખર રોજ ભવનદેવતાની સ્મૃતિ થાય જ છે તો પછી અહીં ભવન દેવતાનો અલગ કાઉ૦ કયા હેતુથી કરાય છે ?**

**જવાબ :** ક્ષેત્રમાં ભવન સમાઈ જાય છે છતાં પર્વદિવસે વિશેષ (અધિક) સ્મૃતિ માટે ક્ષેત્રદેવતાની જગ્યાએ ભવનદેવતાનો કાઉ૦ સાક્ષાત્ (ભવનની સામે) કરાય છે.

- સ્તવનની જગ્યાએ અજિતશાંતિ સ્તોત્ર અને
- સજ્ઝાયની જગ્યાએ ઉવસગ્ગહરં સ્તોત્ર + સંસાર દાવાની ૪ ગાથા બોલવી તથા
- લઘુશાંતિની જગ્યાએ. બૃહત્ (મોટી) શાંતિ બોલવી.

## ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણના હેતુઓ

ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં ક્રમવિધિ તથા હેતુઓ પક્ખિની જેમ સમજવા પણ ફક્ત શબ્દોમાં જ ફરક સમજવો. (એટલે જ્યાં પક્ખિઅં છે ત્યાં ચઉમાસિઅં કે સંવત્સરિઅં બોલવું. ● કાઉ૦માં ૧૨ લોગસ્સની જગ્યાએ ૨૦ લોગ૦ ૪૦ લોગ૦ + ૧ નવકાર નહિ તો (ન આવડે તો) ૧૬૦ નવકાર ગણવા. ● અબ્ભુટ્ઠિઓ ખામવામાં જો બે મુનિ શેષ રહે તેમ ચોમાસીમાં ૫ મુનિને ખામવા તથા સંવત્સરીમાં ૭ મુનિને ખામવા.

**લિ. "સૂરિ રામ"ના સમુદાયના કમલરત્નસૂરિજીના**
**શિષ્ય દર્શનરત્નસૂરિજીના વિનેય**
**(શિષ્ય) મુનિ ભાવેશરત્ન વિજયજી મ.સાહેબે**
**એ સ્પષ્ટ સારરૂપ લખાણ લખેલ છે.**
**શ્રી જયચંદ્રગણિ વિરચિત "પ્રતિક્રમણ હેતુ ગર્ભ ગ્રંથ આદિના આધારે**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી મુનિસુવ્રત-શાંતિનાથ-પાર્શ્વનાથ-વાસુપૂજ્ય-સંભવનાથાય નમોનમઃ
ૐ હ્રીં શ્રી અરિહંત ઉવજ્ઝાય ગૌતમસ્વામિને નમઃ
શ્રી કનકપ્રભસૂરિ ગુરુભ્યો નમઃ



# પૂ.આ.કનકપ્રભ સૂરીશ્વરજી મ.સા.

પૂજ્ય શ્રી સ્વભાવથી શાંત, પરગજુ હતા.
દયા ગુણ તો તેઓના રોમરોમમાં ઓતપ્રોત થયેલો હતો,
કોઈના પણ દુઃખને પોતે જોઈ શક્તા ન હતા.

સ્વ. ચૈ. વ. ૭, વિ. સં. ૨૦૪૬ (હાડેચા)

## સ્વ. ગઢેચા તારાચંદભાઈ પ્રેમચંદભાઈ પરિવાર, વજાપુરવાળા (હાલ ભાભર)



સ્વ. તારાચંદભાઈ
આ. વ. ૧૩, વિ. સં ૨૦૪૪

સુશ્રાવક તારાચંદભાઈ અને ચોથીબેન અનેક ગુણોથી સુશોભિત હતા, દયાળુ હતા. ધર્મશીલતા અને ઉદારતા એમને વરેલી હતી. શીલ અને સદાચારના ખપી હતા અને નિંદા આદિથી તેઓશ્રી પર હતા. અને પૂ. કનકપ્રભસૂરિ મ.સા.ના પરમ ગુરુભક્ત હતા અને તેઓશ્રીએ પાલિતાણા, સમેતશીખર, પાવાપુરી, રાણકપુર આદિ અનેક તીર્થોની યાત્રા કરીને સમ્યગ્દર્શન ગુણને નિર્મળ બનાવ્યો હતો.



ગઢેચા ચોથીબેન
જન્મ : વિ. સં. ૧૯૭૯



સ્વ. હરગોવનભાઈ
આ. સુ. ૨, વિ. સં ૨૦૬૨

હરગોવનભાઈ અને પ્રેમીલાબેનનું જીવન અનેક ગુણોથી મઘમઘાયમાન છે. હરગોવનભાઈએ સજોડે ઉપધાન તપ આદિની અરાધના કરેલ છે. તથા પ્રેમિલાબેનેમાસક્ષમણ, ૧૬ ભત્તુ, ૧૦ ઉપવાસ, બે અઠ્ઠાઈ, ક્ષીરસમુદ્ર, નવપદની ૧૧ ઓળી આદિની તપશ્ચર્યા કરીને જીવનને ધન્ય બનાવ્યુ છે. તથા બીજા દરેક ધર્મ કાર્યોમાં ઉદારતાથી લાભ લીધેલ છે. ૨૪-૦૯-૦૬, રવિવારે શ્રી હરગોવનભાઈ સમાધિ પૂર્વક દેવલોક થયા.



ગઢેચા પ્રેમીલાબેન
જન્મ : પો. વ. 3, વિ. સં. ૨૦૦3

**આ દાનના પ્રેરક ગઢેચા તારાચંદભાઈ પ્રેમચંદભાઈ પરિવારના ઉપકારી સદુપદેશક મુ. શ્રીયોગરત્નવિ. મ. સા. તથા સા. શ્રીયોગદર્શિતાશ્રીજી (બેન-બનેવી આદિ)**

### હસ્તે

ગઢેચા હરગોવનદાસ તારાચંદભાઈ
ધર્મપત્નિ ગઢેચા પ્રેમીલાબેન હરગોવનદાસ
પુત્ર – ગઢેચા સંદિપકુમાર હરગોવનદાસ
ગઢેચા ભરતકુમાર હરગોવનદાસ
ગઢેચા રાજેષકુમાર હરગોવનદાસ
પૂત્રવધૂ – હિનાબેન સંદિપકુમાર ગઢેચા
દિપ્તીબેન ભરતકુમાર ગઢેચા
પ્રીયાબેન રાજેષકુમાર ગઢેચા

પૌત્ર – ઉમંગ, હર્ષ, પૌત્રી – રિધ્ધી, રાજવી, પ્રાજંલ
૦૨૭૩૫– ૨૨૩૧૪૭ (R) સંદિપભાઈ
૨૨૩૧૪૮ (O) સંદિપભાઈ
૨૨૩૪૦૦ (O) ભરતભાઈ, રાજેષભાઈ
૨૨૨૪૦ (R) સંદિપભાઈ
(M) ૯૪૨૬૦૪૧૧૦૮ (સંદિપભાઈ)
૯૮૨૪૦૩૮૨૪૦ (ભરતભાઈ)
૯૪૨૭૦૪૪૮૭૯ (રાજેષભાઈ)


રાજવી ટ્રેડીંગ કંપની
ગંજબજાર, ભાભર.
સંદિપ ગઢેચા -૦૨૭૩૫/૨૨૩૧૪૮

વિજય કરિયાણા સ્ટોર્સ
વાવ રોડ, ભાભર.
રાજેશભાઈ ગઢેચા
M : [illegible]

રાજવી ટ્રેડર્સ
વાવ રોડ, ભાભર.
ભરતભાઈ ગઢેચા
M : ૯૮૨[illegible]


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री मुनिसुव्रत-शांति-शंखेश्वर-पार्श्व-वासुपूज्य-संभवनाथाय नमो नमः



પ.પૂ.આ.શ્રી શાંતિચંદ્ર સૂરીશ્વરજી મ.સા.
સ્વ.જે.વ.૪,વિ.સં.૨૦૨૯(ભાભર)

## સ્વ. રોલીયા કકલદાસ કપુરચંદ પરિવાર, ભાભર



લીયા કકલદાસ
.૯, વિ.સં.૨૦૪૦

સુશ્રાવક કકલદાસભાઈ અને મથુબેન અનેક ગુણોથી સુશોભિત હતા. જીવદયા અને કરૂણાના પ્રેમી હતા. ધર્મ ભાવના અને ઉદારતા એમને વરેલી હતી. કુટુંબમાં ધર્મની આરાધના ખુબ જ થાય તેવા ધગશવાળા હતા. કોઈની નિંદા ક્યારેય ન કરતા, પણ તેઓ શ્રીના ગુણ જ જોતા અને તેઓના વખાણ જ કરતા. આપણે પણ એ બધા ગુણને પામીએ એવી શ્રદ્ધાંજલિ અર્પીએ



સ્વ. રોલીયા મથુબેન
આ.સુ.૨, વિ.સં.૨૦૩૭



વ.પન્નાલાલ
.૪, વિ.સં.૨૦૬૨

ભાભર જૈનસંઘના ટ્રસ્ટી, સુશ્રાદ્ધ પન્નાભાઈ તથા ભીખીબેન અનેક ગુણોથી ચમકતા હતા.પન્નાભાઈમાં ગંભીરતા, ક્ષમા તથા લોકપ્રિયતા આદિ અનેક ગુણો હતા. તેમણે શાસનના,સમાજના અનેક કાર્યો કરીને જીવનને સુગંધમય બનાવ્યું હતું. તેઓએ પોતાના જીવનમાં આયંબીલશાળા, પાંજરાપોળ, પાઠશાલા, ભોજનશાળા, જૈન મહાવીર બોર્ડિંગ, સાધર્મિક ભક્તિ આદિથી રોલીયા કુટુંબમાં સુસંસ્કારોને ટકાવી રાખ્યા. કોઈના ઘરમાં પણ ટી.વી.ન આવવા દીધી. તથા તેમના ઘરોમાં કોઈ મહેમાનને પણ ત્યાર સુધી રાત્રીભોજન કરાવ્યું નથી. તથા સત્તરગામ સમાજમાં સંસ્કારો ટકે, વધે તે માટેના મના અથાગ પ્રયત્નો રહ્યા હતા. પોતે લોકપ્રિય હોવાથી ગામના સરપંચ તરીકે પણ ચુંટાણા હતા, ને તેનાથી તેઓએ ધર્મના અને સમાજના અનેક કાર્યો કર્યા. એ ફુલ-ચાલ્યું ગયું પણ તેની વાસને મુક્તું ગયું. પન્નાભાઈનો મોટામાં મોટો ગુણ તો એ હતો કે તેમણે જૈનસંઘની એકતાને કાવી રાખી. એ આત્માની ખાટને શાસનદેવ પુરે અને એમના આત્માને શાસનદેવ શાંતિ અર્પે એ અભ્યર્થના



રોલીયા ભીખીબેન

લિ. રમેશભાઈ કે.

## સ્તે-રોલીયા પન્નાલાલ કકલદાસ પરિવાર

ાઈઓ - બાલચંદભાઈ, મુક્તિભાઈ, જિનદાસભાઈ, રમેશચંદ્ર
ો - મહેન્દ્રભાઈ, શૈલેષભાઈ, કુમારભાઈ, પીયુષભાઈ
વધૂઓ - જ્યોત્સનાબેન (સસરાજીની અદ્ભુત સેવા કરનાર), ભાવનાબેન મોહિનીબેન, રંજનબેન
ી - હંસાબેન (સા.શ્રી સુકૃત પૂર્ણાશ્રીજી મ.સા.), સુશીલાબેન, ઉર્મિલાબેન, ભાવનાબેન, ચેતનાબેન
- ચિરાગ, ચિંતન, અક્ષર, યશ, જૈનમ્
ી - પૂજા, ડોલી, ભક્તિ
નં. : ૨૨૩૪૯૦ મો. ૯૪૨૭૦૪૪૭૯૮, ૯૪૨૭૪૮૨૯૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા વિભાગ : ૧

**(સૂત્રો - સૂત્રાર્થ - વિધિઓ - પચ્ચક્ખાણો - નવસ્મરણો)**


| ક્રમ | વિષય : સૂત્રો | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧. | શ્રી નમસ્કાર સૂત્ર (પંચ મંગલ સૂત્ર) | ૧ |
| ૨. | શ્રી પંચિંદિય (ગુરુ સ્થાપના) સૂત્ર | ૫ |
| ૩. | શ્રી ખમાસમણ (પંચાંગ પ્રણિપાત) સૂત્ર | ૮ |
| ૪. | શ્રી ઇચ્છકાર (સુગુરુને સુખશાતા પૃચ્છા) સૂત્ર | ૮ |
| ૫. | શ્રી ઈરિયાવહિયં (ઈરિયા પથિકી) સૂત્ર | ૯ |
| ૬. | શ્રી તસ્સ ઉત્તરી (કાઉસ્સગ્ગના હેતુઓનું) સૂત્ર | ૧૨ |
| ૭. | શ્રી અન્નત્થ (કાઉસગ્ગના આગારોનું) સૂત્ર | ૧૨ |
| ૮. | શ્રી લોગસ્સ (નામસ્તવ) સૂત્ર | ૧૪ |
| ૯. | શ્રી કરેમિ ભંતે (સામાયિકનું પચ્ચક્ખાણ સૂત્ર) | ૧૮ |
| ૧૦. | શ્રી સામાઈઅ વય જુત્તો (સામાયિક પારવાનું) સૂત્ર | ૧૯ |
| ૧૧. | શ્રી જગચિંતામણી ચૈત્યવંદન સૂત્ર (ગૌતમસ્વામીએ અષ્ટાપદ તીર્થની યાત્રા સમયે બનાવેલ ચૈત્યવંદન) | ૨૧ |
| ૧૨. | શ્રી જંકિંચિ સૂત્ર | ૨૫ |
| ૧૩. | શ્રી નમુત્થુણં (શક્રસ્તવ) સૂત્ર | ૨૫ |
| ૧૪. | શ્રી જાવંતિ ચેઈઆઈ (સર્વ ચૈત્યોને વંદન) સૂત્ર | ૩૦ |
| ૧૫. | શ્રી જાવંત કેવિ સાહૂ (સર્વ સાધુઓને વંદન) સૂત્ર | ૩૦ |
| ૧૬. | શ્રી નમોર્હત્ (સંક્ષિપ્ત પંચ પરમેષ્ઠી નમસ્કાર) સૂત્ર | ૩૧ |
| ૧૭. | શ્રી ઉવસગ્ગહરં સ્તવન (કષ્ટો નાશ કરનાર સ્તોત્ર) સૂત્ર | ૩૧ |
| ૧૮. | શ્રી જયવીયરાય (પ્રાર્થના) સૂત્ર | ૩૩ |
| ૧૯. | શ્રી અરિહંત ચેઈઆણં (ચૈત્ય-સ્તવ) સૂત્ર (શ્રી અર્હંત ચૈત્યોને કાયોત્સર્ગથી વંદનના હેતુરૂપ સૂત્ર) | ૩૫ |
| ૨૦. | શ્રી કલ્લાણ કંદં (ચાર થોયો) સૂત્ર | ૩૬ |
| ૨૧. | શ્રી સંસારદાવાનલ સ્તુતિઓ (ચાર થોયો) | ૩૮ |
| ૨૨. | શ્રી પુક્ખરવરદીવડ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર | ૪૦ |
| ૨૩. | શ્રી સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) સૂત્ર | ૪૩ |
| ૨૪. | શ્રી વેયાવચ્ચગરાણં સૂત્ર | ૪૫ |
| ૨૫. | શ્રી ભગવાનાદિ વંદન સૂત્ર | ૪૫ |
| ૨૬. | શ્રી દેવસિઅ પડિક્કમણે ઠાઉં (જઘન્ય પ્રતિક્રમણ) સૂત્ર | ૪૫ |
| ૨૭. | શ્રી ઇચ્છામિ ઠામિ (પ્રતિક્રમણ ગર્ભિત કાયોત્સર્ગ) સૂત્ર | ૪૬ |
| ૨૮. | શ્રી નાણંમિ (પંચાચારના અતિચારનું)સૂત્ર | ૪૮ |
| ૨૯. | શ્રી સુગુરુ વાંદણાં (દ્વાદશાવર્ત ગુરુ વંદના) સૂત્ર | ૫૩ |
| ૩૦. | શ્રી દેવસિઅં આલોઉં (દિવસના અતિચાર બોલવાનું) સૂત્ર | ૫૭ |
| ૩૧. | શ્રી સાત લાખ (જીવ હિંસાની આલોચના કરવાનું) સૂત્ર | ૫૮ |
| ૩૨. | શ્રી અઢાર પાપસ્થાનક (અઢાર પાપની માફી માગવાનું) સૂત્ર | ૫૯ |
| ૩૩. | શ્રી વંદિત્તુ (શ્રાવક પ્રતિક્રમણ) સૂત્ર (શ્રાવકને ધર્મમાં લાગેલા અતિચારોનું સૂત્ર) | ૬૦ |
| ૩૪. | શ્રી અબ્ભુટ્ઠિઓ (ગુરુને ક્ષમાપના કરવાનું) સૂત્ર | ૮૨ |
| ૩૫. | શ્રી આયરિય ઉવજ્ઝાએ સૂત્ર (મધ્યમ પ્રતિક્રમણના કાયોત્સર્ગ નામના પાંચમા આવશ્યકની શરૂઆતનું સૂત્ર) | ૮૪ |
| ૩૬. | શ્રી શ્રુતદેવતા (સરસ્વતી દેવી)ની સ્તુતિ (થોય) | ૮૫ |
| ૩૭. | શ્રી ક્ષેત્રદેવતા (પ્રતિક્રમણની જગ્યાના માલિક દેવતા)ની સ્તુતિ (થોય) | ૮૬ |
| ૩૮. | શ્રી કમલદલ (બહેનોને માટે બોલાતી....... સરસ્વતી દેવી)ની સ્તુતિ (થોય) | ૮૬ |
| ૩૯. | શ્રી નમોસ્તુ વર્ધમાનાય સૂત્ર (પ્રતિક્રમણ નિર્વિઘ્ને પૂર્ણ થયું તેના આનંદમાં બોલાતી પ્રભુ મહાવીરની સ્તુતિ રૂપ સૂત્ર) | ૮૭ |
| ૪૦. | શ્રી વિશાલ લોચન સૂત્ર (નિર્વિઘ્ને પ્રતિક્રમણ પૂરું થયાના આનંદને વ્યક્ત કરવા માટે મંદ સ્વરે બોલાતી મહાવીર સ્તુતિ રૂપ સૂત્ર) | ૮૯ |
| ૪૧. | શ્રી વરકનક (૧૭૦ તીર્થંકરોની સ્તુતિ) સૂત્ર | ૯૦ |
| ૪૨. | શ્રી અઢાઈજ્જેસુ (અઢી દ્વિપના સર્વ મુનિઓને વંદન) સૂત્ર | ૯૧ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | વિષય : સૂત્રો | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૪૩. | શ્રી લઘુશાંતિ સ્તવ (નાની શાંતિ સ્તોત્ર) | .૯૨ |
| ૪૪. | શ્રી ચઉક્કસાય (પાર્શ્વનાથ ચૈત્યવંદન) સૂત્ર | ૧૦૦ |
| ૪૪-અ. | રાઈઅ પ્રતિક્રમણના સૂત્રો | ૧૦૧ |
| ૪૫. | શ્રી ભરહેસરની સજ્ઝાય સૂત્ર (સવારના પ્રતિક્રમણમાં સ્વાધ્યાયની સૂચક બોલાતી સજ્ઝાય) | ૧૦૨ |
| ૪૬. | શ્રી સકલ તીર્થ વંદના (સમસ્ત તીર્થોને વંદના) | ૧૦૪ |
| ૪૭. | શ્રી મન્નહ જિણાણં સજ્ઝાય સૂત્ર (શ્રાવકને હંમેશાં કરવાના છત્રીસ કર્તવ્યો રૂપ સૂત્ર) | ૧૧૩ |
| ૪૮. | શ્રી સંતિકરં સ્તવન | ૧૧૫ |
| ૪૯. | શ્રી સકલાર્હત સ્તોત્ર (પક્ખિ પ્રતિક્રમણનું ચૈત્યવંદન) | ૧૨૦ |
| ૫૦. | શ્રી સ્નાતસ્યાની સ્તુતિ (ચાર થોયો) | ૧૩૩ |
| ૫૧. | શ્રી પાક્ષિકાદિ અતિચાર | ૧૩૬ |
| ૫૨. | શ્રી ભુવન (ભવન) દેવતાની સ્તુતિ (થોય) | ૧૫૦ |
| ૫૩. | શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ (થોય) | ૧૫૦ |
| ૫૪. | શ્રી અજીતશાંતિ સ્તવન | ૧૫૧ |
| ૫૫. | શ્રી બૃહચ્છાંતિ (મોટી શાંતિ) સ્તોત્ર | ૧૭૭ |
| | **: વિધિઓ :** | |
| ૫૬. | ગુરુવંદનની વિધિ | ૧૯૦ |
| ૫૭. | સામાયિક લેવાની વિધિ | ૧૯૧ |
| ૫૮. | સામાયિક પારવાની વિધિ | ૧૯૧ |
| ૫૯. | ચૈત્યવંદનની વિધિ | ૧૯૨ |
| ૬૦. | દેવસિઅ પ્રતિક્રમણની વિધિ | ૧૯૩ |
| ૬૧. | રાઈઅ પ્રતિક્રમણની વિધિ | ૧૯૫ |
| ૬૨. | પક્ખિ પ્રતિક્રમણની વિધિ | ૧૯૭ |
| ૬૩. | ચઉમાસી પ્રતિક્રમણની વિધિ | ૧૯૮ |
| ૬૪. | સંવચ્છરી પ્રતિક્રમણની વિધિ | ૧૯૯ |
| ૬૫. | છીંકના કાઉસ્સગ્ગની વિધિ | ૧૯૯ |
| ૬૬. | પોસહની વિધિ | ૧૯૯ |
| | (A) સવારની પોરિસી ભણાવવાની વિધિ | ૨૦૨ |
| | (B) પૌષધની અંતર્ગત આવતી ક્રિયાઓ | ૨૦૩ |
| | (C) માત્રુ- (પેશાબ) જવાની વિધિ | ૨૦૪ |
| | (D) સ્થંડિલ (ઠલ્લે) જવાની વિધિ | ૨૦૪ |
| | (E) સત્તર સંડાસા (પ્રમાર્જના)ની વિધિ | ૨૦૪ |
| | (F) પૌષધમાં આલોચના ક્યારે આવે ? | ૨૦૫ |
| | (G) પોસહ પારવાની વિધિનું સૂત્ર | ૨૦૬ |
| ૬૭. | દેવવંદનની વિધિ | ૨૦૭ |
| ૬૮. | રાઈ મુહપત્તિની વિધિ | ૨૦૮ |
| ૬૯. | પચ્ચક્ખાણ પારવાની વિધિ | ૨૦૮ |
| ૭૦. | સાંજના પડિલેહણની વિધિ | ૨૦૯ |
| ૭૧. | માંડલાની વિધિ | ૨૦૯ |
| ૭૨. | પૌષધ વગર તપમાં પડિલેહણ કરવાની વિધિ | ૨૧૦ |
| ૭૩. | સ્થાપનાચાર્ય (સ્થાપનાજી)ની પડિલેહણની વિધિ | ૨૧૦ |
| ૭૪. | સંથારા પોરિસી વિધિ (અર્થ સહિત) | ૨૧૧ |
| | **: વિવિધ પચ્ચક્ખાણો (અર્થ સહિત) :** | |
| ૭૫. | (A) નવકારશીનું પચ્ચક્ખાણ | ૨૧૭ |
| | (B) પોરિસી-સાઢ પોરિસીનું પચ્ચક્ખાણ | ૨૧૮ |
| | (C) પુરિમઢ, અવઢનું પચ્ચક્ખાણ | ૨૧૯ |
| | (D) એકાસણા—બિયાસણાનું પચ્ચક્ખાણ | ૨૨૦ |
| | (E) આયંબિલનું પચ્ચક્ખાણ | ૨૨૧ |
| | (F) તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ | ૨૨૧ |
| | (G) ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ | ૨૨૨ |
| | (H) પાણહારનું પચ્ચક્ખાણ | ૨૨૩ |
| | (I) ચઉવિહારનું પચ્ચક્ખાણ | ૨૨૩ |
| | (J) તિવિહારનું પચ્ચક્ખાણ | ૨૨૩ |
| | (k) દુવિહારનું પચ્ચક્ખાણ | ૨૨૪ |
| | (L) દેશાવકાશિકનું પચ્ચક્ખાણ | ૨૨૪ |
| | **: નવ સ્મરણો :** | |
| ૭૬. | (૧) શ્રી નવકાર | ૧ |
| | (૨) શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમ્ | ૩૧ |
| | (૩) શ્રી સંતિકરં સ્તવનમ્ | ૧૧૨ |
| | (૪) શ્રી તિજય પહુત્ત સ્તોત્રમ્ | ૨૨૪ |
| | (૫) શ્રી નમિઊણ સ્તોત્રમ્ | ૨૨૫ |
| | (૬) શ્રી અજિતશાંતિ સ્તવનમ્ | ૧૫૧ |
| | (૭) શ્રી ભક્તામર સ્તોત્રમ્ | ૨૨૬ |
| | (૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્રમ્ | ૨૨૯ |
| | (૯) શ્રી મોટી શાંતિ સ્તોત્રમ્ | ૧૭૭ |
| | **: વિભાગ-૨ :** | |
| | **(સ્તુતિઓ - દુહાઓ - ચૈત્યવંદનો - સ્તવનો - હાલરડું - થોયો -સજ્ઝાયો)** | |
| | **: સ્તુતિઓ :** | |
| ૭૭. | ભગવાનની આગળ બોલાતી સંસ્કૃત અને ગુજરાતી સ્તુતિઓ | ૨૩૩ |
| | **: દુહાઓ :** | |
| ૭૮. | (૧) શ્રી સીમંધર સ્વામીના ચૈત્યવંદન પૂર્વે બોલાતા દુહાઓ | ૨૩૬ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | વિષય : સૂત્રો | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | (૨) શ્રી શત્રુંજય મહાતીર્થના ચૈત્યવંદનની પૂર્વે બોલાતા દુહાઓ | ૨૩૬ |
| | **: ચૈત્યવંદનો :** | |
| ૭૯. | (૧) શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન (શ્રી સીમંધર જગધણી...) | ૨૩૭ |
| | (૨) શ્રી સીમંધર આદિ વીસ વિહરમાન જિનનું ચૈત્યવંદન (શ્રી સીમંધર યુગમંધર પ્રભુ...) | ૨૩૮ |
| ૮૦. | શ્રી શત્રુંજય મહાતીર્થના ચૈત્યવંદનો | |
| | (૧) શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર દીઠે દુર્ગતિ વારે | ૨૩૮ |
| | (૨) સોના રૂપાને ફૂલડે સિદ્ધાચલને વધાવું | ૨૩૮ |
| | (૩) ઋષભની પ્રતિમા મણિમયી ભરતેશ્વરે કીધી | ૨૩૯ |
| ૮૧. | શ્રી આદિનાથજીના ચૈત્યવંદનો | |
| | (૧) અરિહંત નમો ભગવંત નમો | ૨૩૯ |
| | (૨) આદિદેવ અલવેસરું | ૨૪૦ |
| ૮૨. | શ્રી પુંડરીકસ્વામીજીનું ચૈત્યવંદન (આદીશ્વર જિનરાયનો ગણધર ગુણવંત) | ૨૪૦ |
| ૮૩. | શ્રી રાયણપગલાંનું ચૈત્યવંદન | ૨૪૦ |
| | (આદિ જિનેશ્વર રાયના, છે પગલા મનોહાર) | ૨૪૦ |
| ૮૪. | શ્રી ઘેટી પગલાંનું ચૈત્યવંદન (સર્વ તીર્થ શિરોમણી, શત્રુંજય સુખકાર) | ૨૪૧ |
| ૮૫. | શ્રી પંચતીર્થનું ચૈત્યવંદન (સુખદાયી, શ્રી આદિનાથ, અષ્ટાપદ વંદો) | ૨૪૧ |
| ૮૬. | શ્રી ધર્મનાથ ભગવાનનું ચૈત્યવંદન (ભાનુનંદન ધર્મનાથ સુવ્રતા ભલી માત) | ૨૪૧ |
| ૮૭. | શ્રી શાંતિનાથજીનું ચૈત્યવંદન (શાંતિ જિનેશ્વર સોળમા...) | ૨૪૧ |
| ૮૮. | શ્રી નેમનાથજીનું ચૈત્યવંદન (નેમનાથ બાવીસમા...) | ૨૪૨ |
| ૮૯. | શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચૈત્યવંદનો | |
| | (૧) સકલ ભવિજન ચમત્કારી | ૨૪૨ |
| | (૨) ૐ નમઃ પાર્શ્વનાથાય વિશ્વ ચિંતામણીયતે | ૨૪૩ |
| | (૩) સેવો પાર્શ્વ શંખેશ્વરો | ૨૪૩ |
| | (૪) આશ પૂરે પ્રભુ પાસજી | ૨૪૪ |
| ૯૦. | શ્રી મહાવીરસ્વામીજીનું ચૈત્યવંદન (સિદ્ધારથ સુત વંદીએ) | ૨૪૪ |
| ૯૧. | શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન (શ્યામલ વાન સોહામણા...) | ૨૪૪ |
| ૯૨. | શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન (મહા સુદિ આઠમ દિને...) | ૨૪૫ |
| ૯૩. | શ્રી એકાદશીનું ચૈત્યવંદન (શાસન નાયક વીરજી...) | ૨૪૫ |
| ૯૪. | શ્રી પર્યુષણ પર્વનું ચૈત્યવંદન (પર્વ પર્યુષણ ગુણ નીલો) | ૨૪૬ |
| ૯૫. | શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન (અરિહંત પદ ધ્યાતો થકો) | ૨૪૬ |
| ૯૬. | સામાન્ય જિન ચૈત્યવંદનો | |
| | (૧) જગન્નાથને તે નમું હાથ જોડી... | ૨૪૭ |
| | (૨) આજ દેવ અરિહંત નમું... | ૨૪૮ |
| | (૩) જિનવર બિંબને પૂજતાં... (પૂજાના ફળનું) | ૨૪૮ |
| ૯૭. | શ્રી વીશસ્થાનકનું ચૈત્યવંદન (પહેલે પદ અરિહંત નમું...) | ૨૪૯ |
| ૯૮. | ચોત્રીસ અતિશય વર્ણન ગર્ભિત ચૈત્યવંદન (અદ્‌ભુત અતિશય જેહને...) | ૨૪૯ |
| ૯૯. | શ્રી દેરાસર જવાના ફળનું ચૈત્યવંદન (પ્રણમું શ્રી જિનરાજ આજ...) | ૨૫૦ |
| | **: સ્તવનો :** | |
| ૧૦૦. | શ્રી સીમંધર સ્વામીના સ્તવનો | |
| | (૧) કોટ કોટારો કેવડો હો સાહેબ (મારવાડી રાગ) | ૨૫૧ |
| | (૨) શ્રી સીમંધર સાહિબા, હું કેમ આવું તુમ પાસ | ૨૫૨ |
| | (૩) તુમે મહાવિદેહ ક્ષેત્રે જઈ કહેજો ચાંદલિયા | ૨૫૩ |
| | (૪) સ્વામી સીમંધરા વિનંતી | ૨૫૩ |
| | (૫) વીસ વિહરમાન તીર્થંકરનું સ્તવન (સિમંધર યુગમંધર બાહુ) | ૨૫૪ |
| ૧૦૧. | શ્રી સિદ્ધગિરિ મહાતીર્થના સ્તવનો | |
| | (૧) જાત્રા નવાણું કરીએ વિમલગિરિ | ૨૫૫ |
| | (૨) આજ મારાં નયણાં સફળ થયાં | ૨૫૫ |
| | (૩) સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા | ૨૫૬ |
| | (૪) ભવજલ પાર ઉતાર જિણંદજી | ૨૫૬ |
| | (૫) તુમે તો ભલે બિરાજોજી | ૨૫૭ |
| | (૬) વંદના વંદના વંદના રે | ૨૫૭ |
| | (૭) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ | ૨૫૮ |
| ૧૦૨. | શ્રી આદિનાથજીના સ્તવનો | |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | વિષય : સૂત્રો | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | (૧) દાદા આદીશ્વરજી, દૂરથી આવ્યો | ૨૫૯ |
| | (૨) સુણ જિનવર શેત્રુંજા ધણીજી .. | ૨૫૯ |
| | (૩) ડુંગરે ડુંગરે તાહરા દેહરા ..... | ૨૬૧ |
| ૧૦૩. | શ્રી અજીતનાથ જિન સ્તવનો | |
| | (૧) પ્રીતલડી બંધાણી રે .......... | ૨૬૧ |
| | (૨) જીવડા વિષમ વિષયની હેવા . | ૨૬૨ |
| ૧૦૪. | શ્રી સંભવ જિન સ્તવનો | |
| | (૧) સાહેબ સાંભળો રે ........... | ૨૬૨ |
| | (૨) હાં રે હું તો મોહ્યો રે ......... | ૨૬૩ |
| ૧૦૫. | શ્રી અભિનંદન જિન સ્તવન ........ (અભિનંદન સ્વામી હમારા) | ૨૬૪ |
| ૧૦૬. | શ્રી સુમતિનાથ જિન સ્તવન......... (સુમતિનાથ ગુણશું મિલિજી) | ૨૬૪ |
| ૧૦૭. | શ્રી પદ્મપ્રભ સ્વામી જિન સ્તવન .... (પદ્મપ્રભ પ્રાણ સે પ્યારા) | ૨૬૪ |
| ૧૦૮. | શ્રી સુપાર્શ્વ જિન સ્તવન ............ (ક્યું ન હો સુનાઈ સ્વામી) | ૨૬૫ |
| ૧૦૯. | શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન ........... (દેખણ દે રે સખી) | ૨૬૫ |
| ૧૧૦. | શ્રી સુવિધિ જિન સ્તવન ............ (સુવિધિ જિનેશ્વર સાંભળો રે) | ૨૬૬ |
| ૧૧૧. | શ્રી શીતલનાથ જિન સ્તવન......... (શીતલ જિનવર સાહિબ વિનવું) | ૨૬૬ |
| ૧૧૨. | શ્રી શ્રેયાંસ જિન સ્તવન ............ (શ્રી શ્રેયાંસ જિન અંતરજામી) | ૨૬૭ |
| ૧૧૩. | શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન ......... (સ્વામી તુમે કાંઈ કામણ કીધું) | ૨૬૭ |
| ૧૧૪. | શ્રી વિમલનાથ જિન સ્તવનો | |
| | (૧) સેવો ભવિયાં વિમલ જીણેશર . | ૨૬૮ |
| | (૨) દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે ..... | ૨૬૮ |
| ૧૧૫. | શ્રી અનંત જિન સ્તવન ............. (કરુણાયર પ્રભુ વિનવું રે) | ૨૬૯ |
| ૧૧૬. | શ્રી ધર્મનાથ જિન સ્તવન ........... (ધર્મ જિણેશર, ધર્મ ધુરંધર) | ૨૬૯ |
| ૧૧૭. | શ્રી શાંતિનાથ જિન સ્તવનો | |
| | (૧) સુણ દયાનિધિ ! તુજપદ પંકજ | ૨૭૦ |
| | (૨) શાંતિ જિનેશ્વર સાચો સાહિબ .. | ૨૭૧ |
| ૧૧૮. | શ્રી કુંથુ જિન સ્તવન ............... (મનડું કિમ હિ ન બાજે) | ૨૭૧ |
| ૧૧૯. | શ્રી અરનાથ જિન સ્તવન........... (અરનાથકો સદા મોરી વંદના રે) | ૨૭૨ |
| ૧૨૦. | શ્રી મલ્લિનાથ જિન સ્તવન ......... (પ્રભુ મલ્લિ જિણંદ શાંતિ આપજો) | ૨૭૨ |
| ૧૨૧. | શ્રી મુનિસુવ્રત સ્વામીજીનું સ્તવન .... (મુનિસુવ્રત મન મોહ્યું મારું) | ૨૭૨ |
| ૧૨૨. | શ્રી નેમિજિન સ્તવન ............... (અરજ સુણો હો નેમ નગીના) | ૨૭૩ |
| ૧૨૩. | (૧) શ્રી શંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન | |
| | (અ) (તારા નયના રે પ્યાલા પ્રેમના ભર્યા છે) ...... | ૨૭૩ |
| | (બ) (નિત્ય સમરું સાહિબ શયણાં) .............. | ૨૭૫ |
| | (૨) શ્રી પંચાસર પાર્શ્વજિન સ્તવન . (શરણ તુમારે આયો જિણંદરાય) | ૨૭૪ |
| | (૩) શ્રી પાર્શ્વ જિન સ્તવન | |
| | (અ) (તમે બોલો બોલોને પારસનાથ) .......... | ૨૭૪ |
| | (બ) મુજ સરીખા મેવાસીને .. | ૨૭૬ |
| ૧૨૪. | શ્રી મહાવીર જિન સ્તવનો | |
| | (૧) વીરકુંવરની વાતડી કેને કહીએ ! . | ૨૭૬ |
| | (૨) વીર વહેલા આવો ને ગૌતમ કહી બોલાવોને ............. | ૨૭૭ |
| | (૩) શ્રી વીરપ્રભુનું ૨૭ ભવનું સ્તવન (ઢાળ-પાંચ) (શ્રી શુભવિજય સુગુરુ નમી) . | ૨૭૮ |
| | (૪) વીર હમણાં આવે છે મારે મંદિરીયે ................... | ૨૮૨ |
| | (૫) મહાવીર સ્વામી રે વિનંતી સાંભળો.................... | ૨૮૩ |
| ૧૨૫. | આત્મ સ્વભાવનું સ્તવન ........... (પ્રભુ વીરનો પંથડો વ્હાલો હો રાજ) | ૨૮૩ ૨૮૩ |
| ૧૨૬. | શ્રી સામાન્ય જિન સ્તવનો | |
| | (૧) જિન તેરે ચરણકી શરણ ગ્રહું .. | ૨૮૪ |
| | (૨) કામ સુભટ ગયો હારી રે ..... | ૨૮૪ |
| ૧૨૭. | શ્રી પ્રતિમા સ્થાપનાનું સ્તવન ....... (ભરતાદિકે ઉદ્ધાર જ કીધો) | ૨૮૫ |
| ૧૨૮. | શ્રી પર્યુષણના સ્તવનો | |
| | (૧) સુણજો સાજન સંત, પજુષણ આવ્યા રે. .................. | ૨૮૬ |
| | (૨) પ્રભુ વીર જિણંદ વિચારી ..... | ૨૮૬ |
| ૧૨૯. | શ્રી નવપદજીનાં સ્તવનો | |
| | (૧) અવસર પામીને રે કીજે ...... | ૨૮૭ |
| | (૨) નવપદ ધરજો ધ્યાન ......... | ૨૮૮ |
| ૧૩૦. | શ્રી અષ્ટમીના સ્તવન (ઢાળ બે) | |
| | (૧) હાં રે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશ જો ........... | ૨૮૯ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | વિષય : સૂત્રો | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | (૨) વીર જિનવર ઈમ ઉપદિશે .... | ૨૯૦ |
| ૧૩૧. | શ્રી વીરપ્રભુનું હાલરડું ............ (માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે રે) | ૨૯૧ |
| | **: થોયો :** | |
| ૧૩૨. | શ્રી સીમંધર જિનવરની થોયો | |
| | (૧) શ્રી સીમંધર જિનવર સુખકર સાહિબ દેવ ............... (આ થોય ચાર વખત બોલી શકાય) | ૨૯૩ |
| | (૨) શ્રી સીમંધર મુજને વ્હાલા (ચાર થોયો) ............... | ૨૯૪ |
| | (૩) અજુવાલી તે બીજ સોહાવે રે (ચાર થોયો) ............... | ૨૯૪ |
| ૧૩૩. | શ્રી શત્રુંજય તીર્થની થોયો | |
| | (૧) શ્રી શેત્રુંજે આદિ જિન આવ્યા . | ૨૯૪ |
| | (૨) પ્રણમો ભવિયા રિસહ જિનેસર (ચાર થોયો) ............... | ૨૯૫ |
| | (૩) સકલ મંગલ લીલા મુનિ ધ્યાન | ૨૯૫ |
| ૧૩૪. | શ્રી આદિનાથજીની ચાર થોયો પ્રહ ઊઠી વંદુ, ઋષભદેવ ગુણવંત .. | ૨૯૬ |
| ૧૩૫. | શ્રી શાંતિનાથજીની (એક એક વાક્યવાળી) ચાર થોયો ............................ | |
| | (૧) દદ્યાદર્હન્ શાંતિઃ શાંતિમ્ .......... (ચાર થોયો) ............... | ૨૯૭ |
| | (૨) શ્રી શાંતિ સુહંકર સાહિબો (ચાર થોયો) ............... | ૨૯૭ |
| ૧૩૬. | શ્રી નેમનાથજીની થોયો | |
| | (૧) રાજુલ વર નારી, રૂપથી રતિ હારી (ચાર થોયો) ............... | ૨૯૭ |
| | (૨) શ્રી ગિરનાર શિખર શણગાર (ચાર થોયો) ............... | ૨૯૮ |
| | (૩) રાજુલ રાણી ગુણમણિ ખાણી (ચાર થોયો) ............... | ૨૯૯ |
| | (૪) ગિરનારે ગીરવો વ્હાલો નેમિ જિણંદ ..................... | ૨૯૯ |
| ૧૩૭. | શ્રી પાર્શ્વનાથજીની થોયો (ચાર થોયો) (શંખેશ્વર પાસજી પૂજીએ) | ૨૯૯ |
| ૧૩૮. | પોષ દશમીની થોયો (ચાર થોયો) ... પોષ દશમી દિન પાસ જિનેશ્વર | ૩૦૦ |
| ૧૩૯. | શ્રી મહાવીર જિનની થોયો | |
| | (૧) સર હરર ખલખલ દ્રસગ છબછબ (ચાર થોયો) ............... | ૩૦૦ |
| | (૨) વીરમ્ દેવમ્ નિત્યમ્ વંદે (ચાર થોયો) ............... | ૩૦૧ |
| ૧૪૦. | શ્રી જ્ઞાનપંચમીની સંસ્કૃત ૪ થોયો શ્રી નેમિઃ પંચરૂપ ત્રિદશ પતિકૃત .... | ૩૦૧ |
| ૧૪૧. | શ્રી એકાદશીની સંસ્કૃત ૪ થોયો શ્રી ભાગૂ નેમિર્બભાષે ............. | ૩૦૨ |
| ૧૪૨. | શ્રી પર્યુષણની ૪ થોયો | |
| | (૧) વરસ દિવસમાં અષાઢ ચોમાસું | ૩૦૨ |
| | (૨) પુણ્યવંત પોશાળે આવે ....... | ૩૦૩ |
| ૧૪૩. | શ્રી સિદ્ધચક્રજી (નવપદજી)ની ૪ થોયો પ્રહ ઊઠી વંદુ, સિદ્ધચક્ર સદાય | ૩૦૪ |
| ૧૪૪. | શ્રી નવતત્ત્વની ૪ થોયો ........... જીવાજીવા પુણ્યને પાવા | ૩૦૫ |
| ૧૪૫ | શ્રી ચાર શાશ્વતા જિનની ૪ થોયો .... ઋષભ ચંદ્રાનન વંદન કીજે | ૩૦૫ |
| ૧૪૬. | શ્રી વીશ સ્થાનક તપની ૪ થોયો .... વીશ સ્થાનક તપ વિશ્વમાં મોટો | ૩૦૬ |
| ૧૪૭. | રાત્રિ ભોજનની ૪ થોયો શાસન નાયક વીરજી એ, પામી પરમ આધાર તો. ..................... | ૩૦૬ |
| ૧૪૮. | શ્રી અધ્યાત્મની ૪ થોયો ........... ઊઠી સવેળા સામાયિક લીધું | ૩૦૭ |
| ૧૪૯. | વિવિધ થોયો (પ્રત્યેક થોય ચાર વખત બોલી શકાય) | |
| | (૧) પુંડરિક ગણધર પાય પ્રણમી જે | ૩૦૮ |
| | (૨) શ્રી આદિ શાંતિ નેમિ પાસ ... | ૩૦૮ |
| | (૩) અષ્ટ મહાપ્રતિહારસુ એ ...... | ૩૦૮ |
| | (૪) શંખેશ્વર પાર્શ્વ જુહારીએ ...... | ૩૦૮ |
| | **: સજ્ઝાય :** | |
| ૧૫૦ | શ્રી અમકા (અંબિકા) સતીની સજ્ઝાય | ૩૦૮ |
| ૧૫૧. | નટવાની (આત્મચિંતનની) સજ્ઝાય .. | ૩૧૦ |
| ૧૫૨. | શ્રીમતી વહુ (સતી)ની સજ્ઝાય ...... | ૩૧૧ |
| ૧૫૩. | શ્રી હીરસૂરિજીની સજ્ઝાય ........... | ૩૧૧ |
| ૧૫૪. | શ્રી જંબુસ્વામીજીની સજ્ઝાય (મારવાડી ભાષામાં) ............... | ૩૧૩ |
| ૧૫૫. | શ્રી ધન્નાજીની સજ્ઝાય ............. | ૩૧૪ |
| ૧૫૬. | શ્રી ચેલણા સતીની સજ્ઝાય .......... | ૩૧૬ |
| ૧૫૭. | શ્રી મૃગાપુત્રની સજ્ઝાય ............ | ૩૧૬ |
| ૧૫૮. | શ્રી શાલિભદ્રની સજ્ઝાય (ગાથા ૫૦) | ૩૧૯ |
| ૧૫૯. | શ્રી ગજસુકુમાલની સજ્ઝાય .......... | ૩૨૨ |
| ૧૬૦. | શ્રી રહનેમિની સજ્ઝાય ............. | ૩૨૩ |
| ૧૬૧. | શ્રી વિજયશેઠ - વિજયા શેઠાણીની સજ્ઝાય ...................... | ૩૨૪ |
| ૧૬૨. | શ્રી કૃષ્ણ-વાસુદેવની સજ્ઝાય (ઢાળ-૫) | ૩૨૪ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમ | વિષય : સૂત્રો | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧૬૩. | શ્રી મેતારજ મુનિની સજ્ઝાય | ૩૨૯ |
| ૧૬૪. | શ્રી મેઘકુમારની સજ્ઝાય | ૩૩૦ |
| ૧૬૫. | શ્રી બળદેવ (શ્રીકૃષ્ણના મોટાભાઈ) મુનિની સજ્ઝાય | ૩૩૦ |
| ૧૬૬. | શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય | ૩૩૧ |
| ૧૬૭. | શ્રી અનાથી મુનિની સજ્ઝાય | ૩૩૧ |
| ૧૬૮. | શ્રી અરણિક મુનિની સજ્ઝાય | ૩૩૨ |
| ૧૬૯. | શ્રી સીતા સતીની સજ્ઝાય | ૩૩૩ |
| ૧૭૦. | શ્રી દ્રૌપદી (કડવા તુંબડા)ની સજ્ઝાય | ૩૩૩ |
| ૧૭૧. | શ્રી અઈમુત્તા મુનિની સજ્ઝાય | ૩૩૪ |
| ૧૭૨. | વૈરાગ્યની સજ્ઝાય | |
| | (૧) તે તરિયા ભાઈ તે તરિયા | ૩૩૫ |
| | (૨) હતું બાળકપણું પછી નિશાળે ભણવું | ૩૩૫ |
| | (૩) તન ધન જોબન કારમું જી રે | ૩૩૬ |
| | (૪) ઊંચા તે મંદિર માળિયા | ૩૩૬ |
| | (૫) માનમાં માનમાં માનમાં રે | ૩૩૭ |
| ૧૭૩. | ઉત્તમ મનોરથની સજ્ઝાય | ૩૩૭ |
| ૧૭૪. | કર્મ વિડંબણાની સજ્ઝાય | ૩૩૮ |
| ૧૭૫. | આઠ કર્મની સજ્ઝાય | ૩૩૯ |
| ૧૭૬. | નરક દુઃખની સજ્ઝાય | ૩૩૯ |
| ૧૭૭. | અધ્યાત્મની સજ્ઝાય (નાવમેં નદીયાં ડુબી જાય) | ૩૪૦ |
| ૧૭૮. | વિનયની સજ્ઝાય | ૩૪૧ |
| ૧૭૯. | શ્રાવક કરણીની સજ્ઝાય | ૩૪૧ |
| ૧૮૦. | મૈથુન પાપસ્થાનકની સજ્ઝાય | ૩૪૩ |
| ૧૮૧. | પરિગ્રહ પાપસ્થાનકની સજ્ઝાય | ૩૪૪ |
| ૧૮૨. | અભ્યાખ્યાન પાપસ્થાનકની સજ્ઝાય | ૩૪૪ |
| ૧૮૩. | મુનિ ગુણની સજ્ઝાય | ૩૪૫ |
| ૧૮૪. | ધર્મ દૃઢતાની સજ્ઝાય | ૩૪૬ |
| ૧૮૫. | શ્રી પડિક્કમણાની સજ્ઝાય | ૩૪૬ |
| ૧૮૬. | શ્રી પડિક્કમણાના ફળની સજ્ઝાય | ૩૪૭ |
| ૧૮૭. | શ્રી સામાયિકના લાભની સજ્ઝાય | ૩૪૮ |
| ૧૮૮. | શ્રી નમસ્કાર મહામંત્રની સજ્ઝાય | ૩૪૮ |
| ૧૮૯. | સાચા જૈનત્વની સજ્ઝાય | ૩૪૯ |
| ૧૯૦. | આગમ આશાતનાની સજ્ઝાય | ૩૪૯ |
| ૧૯૧. | છઠ્ઠા આરાની સજ્ઝાય | ૩૫૦ |
| ૧૯૨. | શ્રી પર્યુષણા પર્વની સજ્ઝાય | ૩૫૧ |
| ૧૯૩. | અનિત્ય ભાવનાની સજ્ઝાય | ૩૫૧ |
| ૧૯૪. | અશરણ ભાવનાની સજ્ઝાય | ૩૫૨ |
| ૧૯૫. | એકત્વ ભાવનાની સજ્ઝાય | ૩૫૨ |
| ૧૯૬. | અન્યત્વ ભાવનાની સજ્ઝાય | ૩૫૩ |
| ૧૯૭. | પાંચમની સજ્ઝાય | ૩૫૩ |
| ૧૯૮. | આઠમની સજ્ઝાય | ૩૫૪ |
| ૧૯૯. | અગિયારશની સજ્ઝાય | ૩૫૪ |
| ૨૦૦. | સાડા ત્રણસો ગાથાના સ્તવનની ઢાળ ૧લી (સજ્ઝાય) | ૩૫૫ |
| ૨૦૧. | સમક્તિના ત્રણ લિંગની સજ્ઝાય ઢાળ બીજી | ૩૫૫ |
| ૨૦૨. | સમક્તિના દશ વિનયની સજ્ઝાય ઢાળ ત્રીજી | ૩૫૭ |
| ૨૦૩. | સમક્તિના આઠ પ્રભાવકની સજ્ઝાય ઢાળ છઠ્ઠી | ૩૫૭ |
| | **: વિભાગ-૩ :** | |
| | **(નૂતન સ્તવનો-પારણું-ગીત-ગહુલી-દીક્ષાગીતો-અન્ય ગીત)** | |
| | **: પ્રકિર્ણ - નૂતન સ્તવનો :** | |
| ૨૦૪. | શ્રી મહાવીર જિન સ્તવન | |
| | (૧) ધોમ પડે રે ધરતી તપે રે (મારવાડી ભાષામાં) | ૩૫૮ |
| | (૨) મત જાઓ મારા મહાવીર સ્વામી (મારવાડી) | ૩૫૮ |
| ૨૦૫. | દાદા તારું મંદિર તો આ જગનો સહારો છે. (અર્વાચિન સ્તવન) | ૩૫૯ |
| | **: પારણું :** | |
| ૨૦૬. | સક સાંઈ રે સોના રૂપારો પારણો | ૩૫૯ |
| | **: ગીત :** | |
| ૨૦૭. | આત્માને શિખામણનું ગીત (ભોલી આત્માને ડાગ લગાઈ જો માંત) | ૩૬૦ |
| | **: ગહુંલી :** | |
| ૨૦૮. | જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા, આ છે અણગાર અમારા. | ૩૬૦ |
| | **: દીક્ષા ગીતો :** | |
| ૨૦૯. | (૧) જા સંયમ પંથે દીક્ષાર્થી, તારો પંથ સદા ઉજમાળ બને | ૩૬૧ |
| | (૨) ઓઘો છે અણમૂલો, એનું ખૂબ જતન કરજો (ઓઘો હાથમાં આવે ત્યારે ગાવા માટે) | ૩૬૨ |
| | **: અન્ય ગીત :** | |
| ૨૧૦. | ઉપકારી ગુરુદેવનું ગીત (કલેક્ટર રચિત) | ૩૬૩ |
| | **: અન્ય :** | |
| ૨૧૧. | અંજના સુંદરીની સજ્ઝાય | ૩૬૪ |
| ૨૧૨. | વૈરાગ્યની સજ્ઝાય | ૩૬૫ |
| ૨૧૩. | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન | ૩૬૬ |
| ૨૧૪. | શ્રી નેમિનાથ જિન સ્તવન | ૩૬૬ |
| ૨૧૫. | શુદ્ધિપત્રક વિચારણા | ૩૭૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ હ્રીં શ્રી જેગોલ તીર્થપતિશ્રી ધર્મનાથ સ્વામિને નમઃ
॥ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥
॥ નમો નમઃ શ્રીગુરુરામચન્દ્રસૂરયે ॥

# (૧) શ્રી નમસ્કાર (પંચમંગલરૂપ) સૂત્ર

(પદ-૯, સંપદા-૮, ગુરુ અક્ષર-૭, લઘુ અક્ષર-૬૧, સર્વ અક્ષર-૬૮)

**નમો અરિહંતાણં** ॥૧॥
નમસ્કાર કરું છું અરિહંત ભગવંતોને

**નમો સિદ્ધાણં** ॥૨॥
નમસ્કાર કરું છું સિદ્ધ ભગવંતોને

**નમો આયરિયાણં** ॥૩॥
નમસ્કાર કરું છું આચાર્ય ભગવંતોને

**નમો ઉવજ્ઝાયાણં** ॥૪॥
નમસ્કાર કરું છું ઉપાધ્યાય ભગવંતોને

**નમો લોએ સવ્વસાહૂણં** ॥૫॥
નમસ્કાર કરું છું લોકમાં રહેલ સર્વ સાધુ ભગવંતોને

**એસો પંચ નમુક્કારો** ॥૬॥
આ પાંચ (પરમેષ્ઠિ)ને કરેલ નમસ્કાર

**સવ્વપાવપ્પણાસણો** ॥૭॥
સર્વ પાપનો નાશ કરનાર છે.

**મંગલાણં ચ સવ્વેસિં** ॥૮॥
મંગલોમાં અને સર્વ

**પઢમં હવઇ મંગલં** ॥૯॥
પ્રથમ છે મંગલ

શબ્દાર્થ :- **નમો**-નમસ્કાર, **અરિહંતાણં**-અરિહંત ભગવંતોને, **સિદ્ધાણં**-સિદ્ધ ભગવંતોને, **આયરિયાણં**-આચાર્ય ભગવંતોને, **ઉવજ્ઝાયાણં**-ઉપાધ્યાય ભગવંતોને, **લોએ**-લોકમાં, **સવ્વસાહૂણં**-સર્વ સાધુભગવંતોને, **એસો**-આ, **પંચ**-પાંચ, **નમુક્કારો**-નમસ્કાર, **સવ્વ**-સર્વ, **પાવપ્પણાસણો**-પાપનો નાશ કરનાર, **મંગલાણં**-મંગલોમાં, **ચ**-અને, **સવ્વેસિં**-સર્વ, **પઢમં**-પ્રથમ, **હવઈ**-છે, **મંગલં**-મંગલ.

અર્થ : *અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું, સિદ્ધ ભગવંતોને નમસ્કાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરું છું, આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું, ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું, લોકમાં રહેલ સર્વ સાધુભગવંતોને નમસ્કાર કરું છું. આ પાંચને કરેલ નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. કેવળજ્ઞાન પામીને ભવ્ય જીવોને બોધ આપતા તે શ્રી અરિહંત ભગવંત બાર ગુણ સહિત છે. (આઠ પ્રતિહાર્ય અને ચાર અતિશય.)

**૧. અશોકવૃક્ષ** - જ્યાં ભગવંતનું સમવસરણ રચાય ત્યાં ભગવંતના દેહથી બારગણું આસોપાલવનું વૃક્ષ દેવતા રચે છે. જેની નીચે બેસી ભગવંત ધર્મોપદેશ આપે છે તે.

**૨. સુરપુષ્પવૃષ્ટિ** - એક યોજન પ્રમાણ સમવસરણ ભૂમિમાં જળ સ્થળમાં ઉત્પન્ન થયેલા સુગંધી પંચવર્ણા સચિત્ત ફૂલોની વૃષ્ટિ ઢીંચણ પ્રમાણ દેવતા કરે છે તે.

**૩. દિવ્ય ધ્વનિ** - ભગવંતની વાણીને માલકોશ રાગ, વીણા, વાંસળી, આદિકના સ્વર વડે દેવતા પૂરે તે.

**૪. ચામર** - રત્નજડિત સુવર્ણની દાંડીવાળા ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમાં દેવતાઓ ભગવંતને વીંઝે છે તે.

**૫. આસન** - ભગવંતને બેસવાને રત્નજડિત સુવર્ણમય સિંહાસન દેવતાઓ સમવસરણમાં રચે છે તે.

**૬. ભામંડળ** - ભગવંતના મસ્તકની પાછળ શરદઋતુના સૂર્યના કિરણ જેવું ઉગ્ર તેજવાળું ભામંડળ (તેજનું માંડલું) દેવતા રચે છે તે. ભગવંતના તેજને પોતાના તેજમાં સંહરી લે છે, તે ન હોય તો ભગવંતના મુખ સામે જોઈ શકાય નહિ.

**૭. દુંદુભિ** - ભગવંતના સમવસરણ વખતે દેવતાઓ દેવદુંદુભિ વગેરે વાજીંત્રો વગાડે છે તે એમ સૂચવે છે કે હે ભવ્યો ! તમે શિવપુરના સથવારા તુલ્ય આ ભગવંતને સેવો !

**૮. છત્ર** - સમવસરણમાં ભગવંતના મસ્તક ઉપર ઉપરાઉપર શરદઋતુના ચંદ્ર તુલ્ય ઉજ્જવલ અને મોતીના હારોએ સુશોભિત ત્રણ ત્રણ છત્રો દેવતાઓ રચે છે તે. ભગવંત સમવસરણમાં પૂર્વાભિમુખે બેસે છે અને બીજી ત્રણ દિશાઓમાં ભગવંતના જેવા ત્રણ પ્રતિબિંબો દેવતાઓ સ્થાપે છે. તેથી બાર છત્ર સમવસરણમાં હોય છે. એ એમ સૂચવે છે કે ત્રણ ભુવનના સ્વામી એવા આ ભગવંતને હે ભવ્યો ! તમે સેવો. સમવસરણ ન હોય ત્યારે પણ આઠ પ્રાતિહાર્ય તો હોય જ છે.

**ચાર અતિશય નીચે મુજબ છે.**

(૧) **અપાયાપગમાતિશય** - **અપાય**=ઉપદ્રવ, **અપગમ**=નાશ. પોતાને

✻ કેવળજ્ઞાન પામીને ભવ્ય જીવોને બોધ આપતા અથવા આપવાને વિચરતા તે શ્રી અરિહંત બાર ગુણ સહિત છે - આઠ પ્રતિહાર્ય અને ચાર અતિશય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલા ઉપદ્રવ એટલે સર્વ રોગો આદિનો નાશ થયેલ હોય અને બીજાના ઉપદ્રવ પણ નાશ પામે એટલે ભગવાન વિચરે ત્યાં દરેક દિશામાં મળીને સવાસો યોજન સુધીમાં રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, દુ:કાળ આદિ થાય નહિ.

(૨) **જ્ઞાનાતિશય** - જેનાથી ભગવાન લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે તે, કારણ કે તેમને કેવળજ્ઞાન છે. તેથી કાંઈ પણ તેમને અજ્ઞાત રહી શકતું નથી.

(૩) **પૂજાતિશય** - જેનાથી શ્રી તીર્થંકર સર્વપૂજ્ય છે એટલે ભગવંતની પૂજા, રાજા, બલદેવાદિ, દેવતા - ઈંદ્ર આદિ કરે છે, અગર કરવાની અભિલાષા કરે છે તે.

(૪) **વચનાતિશય** - જેનાથી શ્રી તીર્થંકરની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચને પોતપોતાની ભાષામાં સમજાય છે, કારણ કે તેમની વાણી સંસ્કારાદિક ગુણવાળી હોય છે.

**આ વાણી ૩૫ ગુણવાળી હોય છે તે આ પ્રમાણે –**

(૧) સર્વ ઠેકાણે સમજાય તેવી. (૨) યોજન પ્રમાણ સંભળાય તેવી. (૩) પ્રૌઢ (૪) મેઘ જેવી ગંભીર. (૫) શબ્દ વડે સ્પષ્ટ. (૬) સંતોષકારક. (૭) દરેક મનુષ્ય એમ જાણે કે મને જ કહે છે એવી. (૮) પુષ્ટ અર્થવાળી. (૯) પૂર્વાપર વિરોધરહિત. (૧૦) મહાપુરુષને છાજે એવી. (૧૧) સંદેહ વગરની. (૧૨) દૂષણ રહિત અર્થવાળી. (૧૩) કઠણ વિષયને સહેલો કરે એવી. (૧૪) જ્યાં જેવું શોભે તેવું બોલાય એવી. (૧૫) ષડ્ દ્રવ્ય અને નવ તત્ત્વને પુષ્ટ કરે એવી. (૧૬) પ્રયોજન સહિત. (૧૭) પદ રચના સહિત. (૧૮) છ દ્રવ્ય અને નવ તત્ત્વે પટુતા સહિત. (૧૯) મધુર. (૨૦) પારકો મર્મ જણાઈ ન આવે એવી ચતુરાઈવાળી. (૨૧) ધર્મ અર્થ પ્રતિબદ્ધ. (૨૨) દીપ સમાન પ્રકાશ-અર્થ સહિત. (૨૩) પરનિંદા અને પોતાનાં વખાણ વગરની. (૨૪) કર્તા, કર્મ, ક્રિયા, કાળ, વિભક્તિ સહિત. (૨૫) આશ્ચર્યકારી. (૨૬) વક્તા સર્વગુણસંપન્ન છે એવું જેમાં લાગે તેવી. (૨૭) ધૈર્યવાળી. (૨૮) વિલંબ રહિત. (૨૯) ભ્રાંતિ રહિત. (૩૦) સર્વ પોતપોતાની ભાષામાં સમજે એવી. (૩૧) શિષ્ટ બુદ્ધિ ઉપજાવે એવી. (૩૨) પદના અર્થને અનેકપણે વિશેષ આરોપણ કરી બોલે તેવી. (૩૩) સાહસિકપણે બોલે એવી. (૩૪) પુનરુક્તિ દોષ વગરની. (૩૫) સાંભળનારને ખેદ ન ઊપજે એવી.

**શ્રી અરિહંત ભગવંત ૧૮ દોષથી રહિત છે. તે અઢાર દોષ આ પ્રમાણે છે.**

(૧) દાનાંતરાય (૨) લાભાંતરાય (૩) વીર્યાંતરાય (૪) ભોગાંતરાય (૫) ઉપભોગાંતરાય (૬) હાસ્ય (૭) રતિ (૮) અરતિ (૯) ભય (૧૦) શોક (૧૧) જુગુપ્સા-નિંદા (૧૨) કામ (૧૩) મિથ્યાત્વ (૧૪) અજ્ઞાન (૧૫) નિદ્રા (૧૬) અવિરતિ (૧૭) રાગ (૧૮) દ્વેષ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨) આઠ કર્મનો ક્ષય કરીને સિદ્ધિપદ-મોક્ષપદ પ્રાપ્ત કર્યું છે તે શ્રી સિદ્ધ ભગવંતના આઠ ગુણ.**

**૧. અનંત જ્ઞાન** - જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણે છે.

**૨. અનંતદર્શન** - દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આથી લોકાલોકના સ્વરૂપને સમસ્ત પ્રકારે દેખે છે.

**૩. અવ્યાબાધ સુખ** - વેદનીય કર્મનો ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડારહિત નિરુપાધિકપણું પ્રાપ્ત થાય છે.

**૪. અનંત ચારિત્ર** - મોહનીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે. આથી સિદ્ધ ભગવાન સ્વ સ્વભાવમાં સદા અવસ્થિત રહે છે તે જ ત્યાં ચારિત્ર છે.

**૫. અક્ષયસ્થિતિ** - આયુઃ કર્મનો ક્ષય થવાથી નાશ નહિ થાય એવી અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની આદિ છે, પણ અંત નથી. તેથી સાદિ અનંત કહેવાય છે.

**૬. અરૂપીપણું** - નામ કર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત થાય છે, કેમ કે શરીર હોય તો એ ગુણો રહે છે, પણ સિદ્ધને શરીર નથી તેથી અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

**૭. અગુરુલઘુ** - ગોત્રકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. તેથી ભારે હળવો ઊંચ અથવા નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

**૮. અનંતવીર્ય** - અંતરાયકર્મનો ક્ષય થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય-શક્તિ પ્રાપ્ત થાય છે - સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે તેવી શક્તિ સ્વાભાવિક સિદ્ધમાં રહે છે. છતાં તેઓ તેવું વીર્ય કદી ફોરવતા નથી અને ફોરવશે નહિ, કેમ કે પુદ્ગલ સાથેની પ્રવૃત્તિ એ તેમનો ધર્મ નથી. એ ગુણથી પોતાના આત્મિક ગુણોને, છે તેવાના તેવા રૂપે ધારી રાખે, (ફેરફાર થવા દે નહિ).

**(૩) પાંચ આચારને પાળે અને બીજાને પળાવે તથા ધર્મના નાયક એવા શ્રી આચાર્ય ભગવંતના ૩૬ ગુણ પંચિંદિય સૂત્રના અર્થમાં છે.**

**(૪) સિદ્ધાંત ભણે અને બીજાને ભણાવે તે શ્રી ઉપાધ્યાય-ભગવંતના ૨૫ ગુણ છે. ઉપાધ્યાયને પાઠક અને વાચક પણ કહેવાય છે.**

(૧) આચારાંગ, (૨) સૂયગડાંગ (૩) ઠાણાંગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી, (૬) જ્ઞાતા-ધર્મકથા, (૭) ઉપાસક દશાંગ, (૮) અંતગડ દશાંગ, (૯) અનુત્તરોવવાઈ, (૧૦) પ્રશ્ન વ્યાકરણ, (૧૧) વિપાક-એ અગ્યાર અંગ અને (૧) ઉવવાઈ, (૨) રાયપસેણી, (૩) જીવાભિગમ, (૪) પન્નવણા, (૫) જંબૂદ્વીપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પન્નતિ, (૬) ચંદપન્નત્તિ, (૭) સૂરપન્નતિ, (૮) કપ્પિયા, (૯) કપ્પવડિંસયા, (૧૦) પુષ્ફિયા, (૧૧) પુપ્ફ ચૂલિયા અને (૧૨) વહ્નિ-દશાંગ – એ બાર ઉપાંગને, ભણે ભણાવે તેથી ૨૩ ગુણ થયા. (૨૪) ચરણસિત્તરિ અને (૨૫) કરણસિત્તરિને પાળે એમ ૨૫ ગુણો થયા.

**(૫) મોક્ષમાર્ગને સાધવા માટે પ્રયત્ન કરે તે સાધુ ભગવંત, તેમના ૨૭ ગુણો છે.**

(૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ, (૨) સર્વથા મૃષાવાદ વિરમણ, (૩) સર્વથા અદત્તાદાન વિરમણ, (૪) સર્વથા મૈથુન વિરમણ અને (૫) સર્વથા પરિગ્રહ વિરમણ એ પાંચ મહાવ્રત અને (૬) સર્વથા રાત્રિ ભોજન વિરમણ એ છ વ્રતને પાળે તેથી છ ગુણ (૭) થી (૧૨) પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ કાયની રક્ષા કરે તેથી છ ગુણ, (૧૩) થી (૧૭) પાંચ ઇંદ્રિયનો નિગ્રહ કરે એટલે તેના વિષય વિકારોને રોકે તેથી પાંચ ગુણ, (૧૮) લોભનો નિગ્રહ, (૧૯) ક્ષમાનું ધારણ કરવું, (૨૦) ચિત્તની નિર્મળતા રાખવી, (૨૧) વિશુદ્ધ રીતે વસ્ત્રની પડિલેહણા કરવી, (૨૨) સંયમ યોગમાં પ્રવૃત્ત રહેવું, (૫ સમિતિ, ૩ ગુપ્તિ આદરવી, નિદ્રા, વિકથા અને અવિવેક ત્યજવા) (૨૩) અકુશળ મનનો સંરોધ એટલે ખોટા માર્ગે જતા મનને રોકવું, (૨૪) અકુશળ વચન સંરોધ, (૨૫) અકુશળ કાયાનો સંરોધ, (૨૬) શીતાદિ પરીસહ સહન કરવા અને (૨૭) મરણાદિ ઉપસર્ગ સહેવા એમ ૨૭ થયા. એ પ્રકારે **અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના, ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭ મળી કુલ - ૧૦૮ ગુણ પંચપરમેષ્ઠિના જાણવા.**

---

## (૨) શ્રી પંચિંદિય (ગુરુ સ્થાપના) સૂત્ર

(પદ-૮, ગાથા-૨, ગુરુ અક્ષર-૧૦, લઘુ અક્ષર-૭૦, સર્વ અક્ષર-૮૦)

***પંચિંદિઅ - સંવરણો,**

પાંચ ઇંદ્રિયો (ના વિષયો)ને રોકનાર,

---

*** પાંચ ઇન્દ્રિયો અને તેના વિષયો :** ચામડી, જીભ, નાક, આંખ, કાન તેના વિષયો અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ વર્ણ, શબ્દ છે.

(૧) **સ્પર્શ** - ૮ - ગુરુ, લઘુ, મૃદુ, કર્કશ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ.

(૨) **રસ** - **૫** - તીખો, કડવો, ખાટો, મધુર, ખારો.

(૩) **ગંધ** - ૨ - સુગંધ, દુર્ગંધ.

(૪) **વર્ણ** - **૫** - લાલ, પીળો, લીલો, સફેદ, કાળો.

(૫) **શબ્દ** - ૩ સચિત્ત, અચિત્ત, મિશ્ર.

એમ પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયો અનુકૂળ મળે તો રાગ ન કરે અને પ્રતિકૂળ મળે તો દ્વેષ ન કરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તહ *નવવિહ - - બંભચેર ગુત્તિધરો ।**

તથા નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર,

**ચઉવિહ *કસાય - મુક્કો,**

ચાર પ્રકારના કષાયથી મુક્ત,

**ઈઅ અટ્ઠારસ - ગુણેહિં સંજુત્તો ॥૧॥**

આ અઢાર ગુણોથી સંયુક્ત.

શબ્દાર્થ - **પંચિંદિય**-પાંચ ઈન્દ્રિય, **સંવરણો**-રોકનાર, **તહ**-તથા, **નવવિહ**-નવ પ્રકારની, **બંભચેર**-બ્રહ્મચર્યની, **ગુત્તિધરો**-ગુપ્તિને ધારણ કરનાર, **ચઉવિહ**-ચાર પ્રકારના, **કસાય**-કષાયથી, **મુક્કો**-મુક્ત, **ઈઅ**-એ, **અટ્ઠારસગુણેહિં**-અઢાર ગુણો વડે, **સંજુત્તો**-સંયુક્ત.

**અર્થ** - પાંચ ઈન્દ્રિયો (ના વિષયો)ને રોકનાર તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, ચાર કષાયથી મુક્ત, એ અઢાર ગુણોથી સંયુક્ત.

***પંચ - મહવ્વયજુત્તો,**

પાંચ મહાવ્રતથી યુક્ત.

---

* બ્રહ્મચર્ય-શીયળની નવ પ્રકારની ગુપ્તિ - વાડ નીચે પ્રમાણે છે. ખેતરનું જેમ વાડથી રક્ષણ થાય તેમ બ્રહ્મચર્યનું આ નવ વાડોથી રક્ષણ થાય છે.

(૧) સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે. (૨) સ્ત્રીની સાથે રાગથી વાતો ન કરે. (૩) સ્ત્રી બેઠી હોય તે આસને પુરુષ બે ઘડી બેસે નહિ અને પુરુષ બેઠો હોય તે આસને સ્ત્રી પણ ત્રણ પ્રહર સુધી બેસે નહિ. (૪) રાગ વડે સ્ત્રીનાં અંગોપાંગ જુએ નહિ. (૫) સ્ત્રી પુરુષ સૂતા હોય અગર કામભોગની વાત કરતા હોય ત્યાં ભીંતના આંતરે રહે નહિ. (૬) અગાઉ ભોગવેલા વિષયાદિને સંભારે નહિ. (૭) સ્નિગ્ધ આહાર કરે નહિ. નીરસ એવો પણ અધિક આહાર કરે નહિ. (૯) શરીરની શોભા-ટાપટીપ કરે નહિ.

* સંસારની પરંપરા જેનાથી વધે તે કષાય. **કષ**-સંસાર, **આય**-લાભ તેથી **કષાય**-સંસારનો લાભ. તે ચાર પ્રકારે છે. ક્રોધ, માન, માયા અને લોભ.

* પાંચ મહાવ્રત -

(૧) **સર્વથા પ્રાણાતિપાત વિરમણ-સર્વથા** - સર્વ રીતે **પ્રાણ**-જીવને, **અતિપાત**-મારવાથી, **વિરમણ**-અટકવું.

(૨) **સર્વથા મૃષાવાદ વિરમણ** - **મૃષા**-જૂઠ, **વાદ**-બોલવાથી, **વિરમણ**-અટકવું.

(૩) **સર્વથા અદત્તાદાન વિરમણ** - **અદત્ત**-નહિ આપેલું, **આદાન**-લેવાથી, **વિરમણ**-અટકવું.

(૪) **સર્વથા મૈથુનવિરમણ** - **મૈથુન**-વિષય સુખના ભોગવટાથી, **વિરમણ**-અટકવું.

(૫) **સર્વથા પરિગ્રહ વિરમણ** - **પરિગ્રહ**-ધન-ધાન્ય વગેરે વસ્તુના સંગ્રહથી **વિરમણ**-અટકવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

***પંચ - વિહાચારપાલણ - સમત્થો ।**

પાંચ પ્રકારના આચારને પાલન કરવા માટે સમર્થ,

***પંચ - સમિઓ તિ-ગુત્તો,**

પાંચ સમિતિવાળા (અને) ત્રણ ગુપ્તિવાળા,

**છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ ॥૨॥**

(એ) છત્રીસ ગુણવાળા (તે) ગુરુ મારા (છે.)

**શબ્દાર્થ** - **પંચ**-પાંચ, **મહવ્વય**-મહાવ્રતથી, **જુત્તો**-યુક્ત, **પંચવિહાયાર**-પાંચ પ્રકારના આચારને, **પાલણસમત્થો**-પાલન કરવા માટે સમર્થ, **સમિઓ**-સમિતિવાળા, **તિગુત્તો**-ત્રણ ગુપ્તિવાળા, **છત્તીસ**-છત્રીસ, **ગુણો**-ગુણવાળા, **ગુરુ**-ગુરુ, **મજ્ઝ**-મારા.

**અર્થ** - પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચારને પાલન કરવા માટે સમર્થ, પાંચ સમિતિવાળા, ત્રણ ગુપ્તિવાળા એ છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે.

---

*** પાંચ પ્રકારનો આચાર-જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.**

(૧) **જ્ઞાનાચાર** - જ્ઞાન ભણે ભણાવે, લખે લખાવે, જ્ઞાનના ભંડાર કરે કરાવે, ભણનારને સહાય આપે.

(૨) **દર્શનાચાર** - શુદ્ધ સમ્યક્ત્વને પોતે પાળે, બીજાને પળાવે અને સમ્યક્ત્વથી પડતાને સમજાવી સ્થિર કરે.

(૩) **ચારિત્રાચાર** - પોતે શુદ્ધ ચારિત્ર પાળે, બીજાને પળાવે અને પાળનારને અનુમોદે.

(૪) **તપાચાર** - છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારનો તપ પોતે કરે, કરાવે અને કરતાને અનુમોદન આપે.

(૫) **વીર્યાચાર** - ધર્માનુષ્ઠાન (ધર્મક્રિયા) કરવામાં છતી શક્તિ ગોપવે નહિ તથા તમામ આચાર પાળવામાં વીર્યશક્તિ સંપૂર્ણ રીતે ફોરવે તે.

*** ચારિત્ર ધર્મની રક્ષાને અર્થે મુનિને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપી આઠ પ્રવચનની માતાને પાળવાની જરૂર છે, તે આ પ્રમાણે -**

(૧) **ઈર્યાસમિતિ** - સાડા ત્રણ હાથ આગળ દૃષ્ટિ નીચે રાખીને ભૂમિ જોતાં ચાલવું.

(૨) **ભાષાસમિતિ** - હિતકારી, મિત, નિરવદ્ય વચન બોલવું.

(૩) **એષણાસમિતિ** - પ્રાસુક આહાર પાણી આદિ વહોરવાં.

(૪) **આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ** - વસ્ત્ર, પાત્ર પૂંજેલી ભૂમિ ઉપર લેવા મૂકવાં.

(૫) **પારિષ્ઠાપનિકાસમિતિ** - મલ-મૂત્ર, પૂંજેલી, જીવ ન હોય તેવી ભૂમિએ પરઠવવાં.

(૧) **મનગુપ્તિ** - મનમાં આર્ત્ત, રૌદ્ર ધ્યાન ધ્યાવવાં નહિ.

(૨) **વચનગુપ્તિ** - નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવું નહિ.

(૩) **કાયગુપ્તિ** - શરીર અણપડિલેહ્યું હલાવવું નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩) શ્રી ખમાસમણ (પંચાંગ પ્રણિપાત) સૂત્ર

(ગુરુ અક્ષર-૩, લઘુ અક્ષર-૨૫, સર્વ અક્ષર-૨૮)

**ઇચ્છામિ ખમાસમણો ।।૧।।**

હું ઈચ્છું છું કે હે ક્ષમાશ્રમણ !

**વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ ।।૨।।**

વંદન કરવાને માટે શરીરની શક્તિ સહિત (તથા) પાપ વ્યાપારને તજીને.

**મત્થએણ *વંદામિ ।।૩।।**

મસ્તક વડે વંદન કરું છું.

**શબ્દાર્થ** - ઈચ્છામિ-હું ઈચ્છું છું, **ખમાસમણો**-હે ક્ષમાશ્રમણ, **વંદિઉં**-વાંદવાને, **જાવણિજ્જાએ**-શક્તિ સહિત એવા, **નિસીહિયાએ**-પાપવ્યાપાર ત્યાગ કર્યો છે એવા શરીર વડે, **મત્થએણ**-મસ્તકથી, **વંદામિ**-હું વંદના કરું છું.

**અર્થ** - હે ક્ષમાશ્રમણ ! શરીરની શક્તિ સહિત અને પાપવ્યાપારને તજીને હું વંદન કરવાને માટે ઈચ્છું છું (અને) મસ્તક વડે વંદન કરું છું.

## (૪) શ્રી ઇચ્છકાર (સુગુરુને સુખશાતા પૃચ્છા) સૂત્ર

(ગુરુ અક્ષર-૪, લઘુ અક્ષર-૪૮, સર્વ અક્ષર-૫૨)

**ઇચ્છકાર સુહરાઈ ? સુહદેવસિ* ?**

ઈચ્છા કરું છું (આપ) સુખે રાત્રિ, સુખે દિવસ,

**સુખતપ ? શરીર નિરાબાધ ?**

સુખે તપશ્ચર્યામાં, શરીર સંબંધી રોગરહિતપણામાં,

**સુખ સંજમજાત્રા નિર્વહો છો જી ?**

સુખે સંયમયાત્રામાં પ્રવર્તો છો જી,

**સ્વામી શાતા છે જી ?**

હે સ્વામિન્ ! આપને શાતા છે જી ?

**ભાત-પાણીનો લાભ દેજો જી ।।૪।।**

ભાત-પાણીનો લાભ આપજો જી.

* અહીં બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એમ પાંચ અંગ ભૂમિને લગાડી નમસ્કાર થાય છે.
* મધ્યાહ્ન પહેલા સુહરાઈ અને પછી સુહદેવસિ કહેવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - ઈચ્છકાર-ઈચ્છા કરું છું, **સુહરાઈ**-સુખે રાત્રિ, **સુહદેવસિ**-સુખે દિવસ, **સુખતપ**-સુખે તપશ્ચર્યામાં, **શરીરનિરાબાધ**-શરીરે રોગરહિતપણું, **સુખસંજમજાત્રા**-સુખે સંયમયાત્રામાં, **નિર્વહો છો જી**-પ્રવર્તો છો જી.

**અર્થ** - (હે ગુરુજી !) સુખે રાત્રિ, સુખે દિવસ, સુખે તપશ્ચર્યામાં, શરીર સંબંધી રોગરહિતપણામાં, સુખે સંયમયાત્રામાં પ્રવર્તો છો જી, એમ ઈચ્છું છું. હે સ્વામિન્ ! શાતા છે જી ? ભાત-પાણીનો લાભ આપશોજી.

---

## (૫) શ્રી ઈરિયાવહિયં (ઈરિયા પથિકી) સૂત્ર

(પદ-૨૬, સંપદા-૭, ગુરુ અક્ષર-૧૪, લઘુ અક્ષર-૧૩૬, સર્વ અક્ષર-૧૫૦)

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્,**

ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો હે ભગવન્ !

**ઇરિયાવહિયં પડિક્કમામિ[1] ?**

ચાલવાના માર્ગમાં (જે પાપ લાગ્યું હોય તેનાથી) પાછો ફરું ?

**ઈચ્છં[2], ઇચ્છામિ પડિક્કમિઉં ॥૧॥**

આજ્ઞા પ્રમાણ છે, હું ઈચ્છું છું, પાછો ફરવા માટે.

**ઇરિયાવહિયાએ, વિરાહણાએ ॥૨॥**

માર્ગમાં ચાલતાં જે વિરાધના થઈ હોય.

**શબ્દાર્થ** - **ઈચ્છાકારેણ**-ઈચ્છાપૂર્વક, **સંદિસહ**-આજ્ઞા આપો, **ભગવન્**-હે ભગવન્ ! **ઈરિયાવહિયં**-ઈરિયાવહિ-ગમનાગમન કરતાં થયેલ જીવબાધાદિ પાપક્રિયા, **પડિક્કમામિ**-હું પડિક્કમું (પાછો હઠું) ? **ઈચ્છં**-આજ્ઞા પ્રમાણ છે, **ઈચ્છામિ પડિક્કમિઉં**-હું પડિક્કમવા (પાછો હઠવા)ને ઈચ્છું છું, **ઈરિયાવહિયાએ**-માર્ગમાં ચાલતા, **વિરાહણાએ**-જીવની વિરાધના થઈ હોય.

**અર્થ** - હે ભગવન્ ! આપ ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો, માર્ગમાં ચાલતાં જે પાપ થયું હોય તેનાથી પાછો ફરું. આજ્ઞા પ્રમાણ છે હું પાપથી પાછો ફરવા ઈચ્છું છું - માર્ગમાં ચાલતાં જે વિરાધના થઈ હોય.

**ગમણાગમણે ॥૩॥ પાણક્કમણે, બીયક્કમણે,**

જતાં, આવતાં, જીવ પગ નીચે આવવાથી, ધાન્ય બીજ (ઘઉં, તુવેર વગેરે આખા ધાન્ય) પગ નીચે આવવાથી,

---

૧. ગુરુ 'પડિક્કમેહ' કહે.

૨. ગુરુ મહારાજના આદેશના સ્વીકાર માટે 'ઈચ્છં' કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**હરિયક્કમણે, ઓસા-ઉત્તિંગ-પણગદગ,**

લીલી વનસ્પતિ પગ નીચે આવવાથી, ઝાકળ, કીડીના નગરાં, પાંચ રંગની લીલફૂગ, સચિત્ત પાણીયુક્ત

**મટ્ટી-મક્કડા-સંતાણા સંકમણે ॥૪॥**

સચિત્ત માટી (કાદવ) કરોળિયાની જાળ પગ નીચે આવવાથી અથવા મસળવાથી.

**શબ્દાર્થ** - **ગમણાગમણે**-જતાં આવતાં **પાણક્કમણે**-પ્રાણી (જીવ) ચાંપ્યા હોય, **બીયક્કમણે**-બીજ ચાંપ્યા હોય, **હરિયક્કમણે**-લીલી વનસ્પતિ ચાંપી હોય, **ઓસા**-ઝાકળ, **ઉત્તિંગ**-કીડિયારું, ઉત્તિંગા, **પણગદગ**-સેવાળ તથા કાચું પાણી, **મટ્ટી**-માટી, **મક્કડાસંતાણા**-કરોળિયાની જાળ, **સંકમણે**-પગ નીચે આવી હોય.

**અર્થ** - જેમ કે જતાં, આવતાં, જીવો પગ નીચે આવવાથી, ધાન્યનાં બીજ પગ નીચે આવવાથી, લીલી વનસ્પતિ પગ નીચે આવવાથી, ઝાકળ, કીડીનાં નગરાં, પાંચ રંગની લીલફૂગ, સચિત્ત માટીયુક્ત સચિત્ત પાણી, કરોળિયાની જાળ પગ નીચે આવવાથી.

**જે મે જીવા વિરાહિયા ॥૫॥**

જે જીવોની મેં વિરાધના કરી હોય (કયા જીવોની ?)

**એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥૬॥**

એક ઈન્દ્રિયવાળા, બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયવાળા, ચાર ઈન્દ્રિયવાળા, પાંચ ઈન્દ્રિયવાળા.

**શબ્દાર્થ** - **જે**-જે, **મે**-મેં, **જીવા**-જીવો, **વિરાહિયા**-વિરાધ્યા (દુઃખી કર્યા) હોય, **એગિંદિયા**-એકેંદ્રિય જીવો, **બેઈંદિયા**-બેઇંદ્રિય જીવો, **તેઈંદિયા**-ત્રણ ઇંદ્રિયવાળા, **ચઉરિંદિયા**-ચાર ઇંદ્રિયવાળા, **પંચિંદિયા**-પાંચ ઇંદ્રિયવાળા.

**અર્થ** - જે જીવોની મેં વિરાધના કરી હોય તે પાપથી પાછો ફરવા ઇચ્છું છું. (જીવોના કેટલા પ્રકાર અને કેવી રીતે વિરાધના થઈ હોય તે જણાવે છે), એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવોને.

---

**નોંધ :** જે સૂત્રમાં ગાથા ન હોય છતાં આંકડા આપ્યા હોય તે સંપદાના સમજવા.

**નોંધ :** આ ઇરિયાવહિયં સૂત્રમાં જે પાપ થયેલ છે, તેની ૧૮,૨૪,૧૨૦ (અઢાર લાખ ચોવીસ હજાર એકસોને વીસ) રીતે માફી માગેલ છે. તે આ પ્રમાણે - એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, આ પાંચ પ્રકારના જીવોના ઉત્તરભેદ જીવવિચારની અપેક્ષાએ ૫૬૩ ભેદ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અભિહયા[1], વત્તિયા[2], લેસિયા[3], સંઘાઈયા[4], સંઘટ્ટિયા[5],**

(૧) લાતે માર્યા હોય (સામે આવતા હણ્યા હોય) (૨) ધૂળ નીચે ઢાંક્યા હોય, (૩) જમીન સાથે ઘસ્યા હોય, (૪) માંહેમાંહે શરીર એકઠા કર્યા હોય, (૫) થોડા સ્પર્શથી દુઃખ ઉપજાવ્યું હોય.

**પરિયાવિયા[6], કિલામિયા[7], ઉદ્દવિયા[8], ઠાણાઓ ઠાણં સંકામિયા[9]**

(૬) પરિતાપ ઉપજાવ્યો હોય, (૭) મરેલા જેવા કર્યા હોય, (૮) ત્રાસ પમાડ્યા હોય, (૯) એક સ્થાનેથી બીજે સ્થાને મૂક્યા હોય.

**જીવિયાઓ વવરોવિયા[10] તસ્સ મિચ્છામિદુક્કડં ॥૭॥****

(૧૦) જીવિતથી જુદા કર્યા હોય. (આવા જે પાપ કર્યા હોય) તે મિથ્યા થાઓ. મારું દુષ્કૃત (તેની હું માફી માગું છું.)

**શબ્દાર્થ** - **અભિહયા**-લાતે માર્યા, **વત્તિયા**-ધૂળ વડે ઢાંક્યા, **લેસિયા**-જમીન સાથે ઘસ્યા, **સંઘાઈયા**-ભેગા કર્યા, **સંઘટ્ટિયા**-સ્પર્શ કર્યા હોય, **પરિયાવિયા**-પરિતાપ ઉપજાવ્યા, **કિલામિયા**-ખેદ પમાડ્યા, **ઉદ્દવિયા**-બીવરાવ્યા (ત્રાસ પમાડ્યા), **ઠાણાઓ ઠાણં**-એક ઠેકાણેથી બીજે ઠેકાણે, **સંકામિયા**-મૂક્યા, **જીવિયાઓ વવરોવિયા**-જીવિતથી ચૂકાવ્યા (મારી નાખ્યા) **તસ્સ**-તે, **મિચ્છા**-મિથ્યા થાઓ, **મિ**-મારું, **દુક્કડં**-દુષ્કૃત.

**અર્થ** - લાતે માર્યા હોય, ધૂળે કરીને ઢાંક્યા હોય, જમીન સાથે ઘસ્યા હોય, માંહેમાંહે એકઠા કર્યા હોય, થોડા સ્પર્શથી દુઃખી કર્યા હોય, પરિતાપ ઉપજાવ્યા હોય, મરેલા જેવા કર્યા હોય, ત્રાસ પમાડ્યા હોય, એક સ્થાનથી બીજે સ્થાને મૂક્યા હોય, જીવિતવ્યથી જુદા કર્યા હોય તે સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ એટલે એ પાપની માફી માગું છું.

---

એકેન્દ્રિય-૨૨, બેઈન્દ્રિયના-૨, તેઈન્દ્રિયના-૨, ચઉરિન્દ્રિયના-૨, પંચેન્દ્રિયના-૪ ભેદ છે,તેમાં

(૧) નરકના-૧૪ (૨) દેવોના-૧૯૮ (૩) મનુષ્યના-૩૦૩ (૪) તિર્યંચના-૨૦ ભેદ મળી કુલ : ૨૨+૨+૨+૨+૧૪+૧૯૮+૩૦૩+૨૦ = **૫૬૩** જીવભેદ થાય. વિસ્તાર રૂચિવાળા જીવોએ જીવવિચાર જોવા.

એ ૫૬૩ જીવોની હિંસા રાગથી અને દ્વેષથી એમ બે પ્રકારે થાય. (૨) તે જીવોની હિંસા અભિહયા, વત્તિઆ વગેરે (૧૦) પ્રકારે થઈ શકે છે. મનથી, વચનથી, કાયાથી થાય છે. (૩) હિંસા કરવી, કરાવવી અને અનુમોદવી એમ (૩) પ્રકારે થઈ શકે છે. ભૂતકાળમાં હિંસા થઈ હોય, વર્તમાનમાં થતી હોય અને ભવિષ્યમાં થવાની હોય એમ (૩) પ્રકારે માફી માગવામાં આવે છે અને તે માફી અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ ગુરુ, આત્મા એમ (૬)ની સાક્ષીએ માગવામાં આવે છે. આ પ્રમાણે ૫૬૩x૨x૧૦x૩x૩x૩x૬ = ૧૮,૨૪,૧૨૦ રીતે માફી મંગાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬) શ્રી તસ્સ ઉત્તરી (કાઉસ્સગ્ગના હેતુઓનું) સૂત્ર*

(પદ-૬, સંપદા-૧, ગુરુ અક્ષર-૧૦, લઘુ અક્ષર-૩૯, સર્વ અક્ષર-૪૯)

**તસ્સ ઉત્તરીકરણેણં,**

તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે,

**પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં,**

પ્રાયશ્ચિત કરવા માટે (ગુરુ પાસે આલોચના કરવા માટે), આત્માની વિશુદ્ધિ કરવા માટે (અંતરમેલને ટાળવા માટે), આત્માને શલ્યથી રહિત કરવા માટે.

**પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥**

પાપકર્મોનો ઘાત કરવા માટે, કરું છું કાઉસ્સગ્ગ.

**શબ્દાર્થ** - **તસ્સ**-તેની, **ઉત્તરીકરણેણં**-ફરીને શુદ્ધિને અર્થે, **પાયચ્છિત્તકરણેણં**-પ્રાયશ્ચિત કરવા માટે, **વિસોહીકરણેણં**-વિશેષ શુદ્ધિએ કરી, **વિસલ્લીકરણેણં**-શલ્યરહિતપણે કરી, **પાવાણં કમ્માણં**-પાપકર્મોને, **નિગ્ઘાયણટ્ઠાએ**-ઘાત કરવાને માટે, **ઠામિ**-કરું છું, **કાઉસ્સગ્ગં**-કાઉસ્સગ્ગ.

**અર્થ** - (જે પાપ થયું હોય) તે પાપને વિશેષ શુદ્ધ કરવા માટે, પ્રાયશ્ચિત માટે, આત્માની વિશુદ્ધિ કરવા માટે, આત્માને શલ્ય રહિત કરવા માટે, પાપકર્મોનો ઘાત કરવા માટે (**કાયોત્સર્ગ**-કાયા + ઉત્સર્ગ - કાયાનો ત્યાગ, અહીં કાયાના ત્યાગમાં કેટલી છૂટ રહે છે તે અન્નત્થ સૂત્રમાં જણાવેલ છે.) કાયોત્સર્ગ કરું છું.

## (૭) શ્રી અન્નત્થ (કાઉસ્સગ્ગના આગારોનું) સૂત્ર

(પદ-૨૮, સંપદા-૫, ગુરુ અક્ષર-૧૩, લઘુ અક્ષર-૧૨૭, સર્વ અક્ષર-૧૪૦)

**અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં,**

(અહીં બાર આગાર (છૂટ)નું વર્ણન કરવામાં આવે છે (તે) સિવાય કાયવ્યાપારનો ત્યાગ કરું છું.) **તે બાર આગારનાં નામ :**

(૧) ઊંચો શ્વાસ લેવા વડે (૨) નીચો શ્વાસ મૂકવા વડે (૩) ઉધરસ આવવાથી.

**છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ ॥૧॥**

---

* પાપથી લેપાયેલ આત્મા ઇરિયાવહિયંથી શુદ્ધ થાય છે, તે છતાં જેટલો અશુદ્ધિવાળો બાકી રહ્યો હોય તેને વિશેષ શુદ્ધ કરવાને માટે આ સૂત્ર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) છીંક આવવાથી, (૫) બગાસું આવવાથી, (૬) ઓડકાર આવવાથી, (૭) વાછૂટ થવાથી, (૭) ચક્કર આવવાથી, (૯) પિત્તના પ્રકોપ વડે મૂર્ચ્છા આવવાથી.

**શબ્દાર્થ** - **અન્નત્થ**-બીજે (નીચેની બાર બાબતો સિવાય), **ઊસસિએણં**-ઊંચો શ્વાસ લેવાથી **નીસસિએણં**-નીચો શ્વાસ લેવાથી, **ખાસિએણં**-ઉધરસ આવવાથી, **છીએણં**-છીંક આવવાથી, **જંભાઈએણં**-બગાસું આવવાથી, **ઉડ્ડુએણં**-ઓડકાર આવવાથી, **વાયનિસગ્ગેણં**-વાછૂટ થવાથી, **ભમલીએ**-ચકરી આવવાથી, **પિત્તમુચ્છાએ**-પિત્ત વડે મૂર્ચ્છા આવવાથી.

**અર્થ** - (૧) ઊંચો શ્વાસ લેવા વડે, (૨) નીચો શ્વાસ મૂકવા વડે, (૩) ઉધરસ આવવાથી, (૪) છીંક આવવાથી, (૫) બગાસું આવવાથી, (૬) ઓડકાર આવવાથી, (૭) વાછૂટ થવાથી, (૮) ચક્કર આવવાથી, (૯) પિત્તના પ્રકોપ વડે મૂર્ચ્છા આવવાથી.

## સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં ॥૨॥

(૧૦) સૂક્ષ્મ શરીરનો સંચાર થવાથી, (૧૧) સૂક્ષ્મ રીતે થૂંક અથવા કફ ગળવાથી, (૧૨) સૂક્ષ્મ દૃષ્ટિના સંચારથી. (હાલવાથી)

**શબ્દાર્થ** - **સુહુમેહિં**-સૂક્ષ્મ, **અંગસંચાલેહિં**-અંગ ચાલવાથી, **ખેલસંચાલેહિં**-થૂંક અથવા કફ આવવાથી, **દિટ્ઠિસંચાલેહિં**-દૃષ્ટિ (આંખ) ચાલવાથી.

**અર્થ** - સૂક્ષ્મ શરીરનો સંચાર થવાથી, સૂક્ષ્મ રીતે થૂંક અથવા કફ ગળવાથી, સૂક્ષ્મ દૃષ્ટિના સંચારથી.

## એવમાઈએહિં, આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥

એ વગેરે (બીજા પણ ચાર) આગારો સિવાય ભાંગ્યા વગરનો (અખંડિત) વિરાધના વગરનો હોજો મારો કાયોત્સર્ગ.

**શબ્દાર્થ** - **એવમાઈએહિં**-એ વગેરે, **આગારેહિં**-આગારો ટાળીને, **અભગ્ગો**-અખંડિત, **અવિરાહિઓ**-અવિરાધિત, **હુજ્જ**-હો, **મે**-મારો, **કાઉસ્સગ્ગો**-કાઉસ્સગ્ગ.

**અર્થ** - આ આગાર તથા બીજા* ચાર આગાર સિવાય મારો કાયોત્સર્ગ અખંડિત અને વિરાધના વગરનો હોજો.

---

* **બીજા ચાર આગાર** : (૧) અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાને જવું પડે તથા વીજળીના પ્રકાશથી વસ્ત્રાદિ ઓઢવું પડે. (૨) બિલાડી, ઉંદર વગેરે આડાં ઊતરતા હોય અથવા પંચેન્દ્રિય જીવનું છેદન-ભેદન થતું હોય તો બીજે સ્થાને જવું પડે. (૩) અકસ્માત ચોરની ધાડ આવી પડે અથવા રાજાદિકના ભયથી બીજે જવું પડે. (૪) સિંહ વગેરે ઉપદ્રવ કરતા હોય અથવા સર્પાદિક દંશ કરે તેમ હોય અથવા ભીંત પડે તેવી હોય તો બીજે સ્થાને જવું પડે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥૪॥**

જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર વડે ન પારું.

**તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥**

ત્યાં સુધી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે પોતાની વોસિરાવું છું. (ત્યાગ કરું છું)

**શબ્દાર્થ** - **જાવ**-જ્યાં સુધી, **અરિહંતાણં**-અરિહંત, **ભગવંતાણં**-ભગવંતોને, **નમુક્કારેણં**-નમસ્કાર કરીને, **ન પારેમિ**-ન પારું, **તાવ**-ત્યાં સુધી, **કાયં**-કાયાને, **ઠાણેણં**-સ્થાન વડે, **મોણેણં**-મૌન પણે, **ઝાણેણં**-ધ્યાન વડે, **અપ્પાણં**-પોતાની, **વોસિરામિ**-વોસિરાવું છું.

**અર્થ** - જ્યાં સુધી અરિહંત ભગવંતને નમસ્કાર કરવા વડે ન પારું ત્યાં સુધી મારી કાયાને સ્થાન વડે, મૌન વડે, ધ્યાન વડે વોસિરાવું છું.*

---

*** કાયોત્સર્ગના ૧૯ દોષ : આ કાઉસ્સગ્ગ ૧૯ દોષ છોડીને કરવાનો છે. તે આ પ્રમાણે-**

(૧) ઘોડાની પેઠે એક પગ ઊંચો રાખે, વાંકા પગ રાખે તે **ઘોટકદોષ.**

(૨) જેમ વાયરાથી વેલડી હાલે તેમ શરીરને ધુણાવે તે **લતાદોષ.**

(૩) થાંભલા પ્રમુખને ઓઠીંગણ દઈ રહે તે **સ્તંભાદિદોષ.**

(૪) ઉપર મેડી અથવા માળ હોય તેને મસ્તક ટેકાવી રહે તે **માલદોષ.**

(૫) ગાડાની ઉંધની પેઠે અંગુઠા તથા પાની મેળવીને પગ રાખે તે **ઉદ્ધિદોષ.**

(૬) નિગડ (બેડી)માં પગ નાખ્યાની પેઠે પગ પહોળા રાખે તે **નિગડદોષ.**

(૭) નગ્ન ભીલડીની જેમ ગુહ્ય સ્થાને હાથ રાખે તે **શબરીદોષ.**

(૮) ઘોડાના ચોકડાની જેમ હાથ રજોહરણયુક્ત આગળ રાખે તે **ખલિણદોષ.**

(૯) નવ પરિણીત વધૂની જેમ માથું નીચું રાખે તે **વધૂદોષ.**

(૧૦) નાભિની ઉપર અને ઢીંચણથી નીચે લાંબુ વસ્ત્ર રાખે તે **લંબોત્તરદોષ.**

(૧૧) ડાંસ મચ્છરના ભયથી, અજ્ઞાનથી અથવા લજ્જાથી હૃદયને આચ્છાદન કરી સ્ત્રીની જેમ ઢાંકી રાખે તે **સ્તનદોષ.**

(૧૨) શીતાદિકના ભયથી સાધ્વીની જેમ બંને સ્કંધ ઢાંકી રાખે એટલે સમગ્ર શરીર આચ્છાદિત રાખે તે **સંયતિદોષ.**

(૧૩) આલાવો ગણવાને અર્થે અથવા કાયોત્સર્ગની સંખ્યા ગણવાને અંગુલિ તથા પાંપણના ચાળા કરે તે **ભમુહંગુલિદોષ.**

(૧૪) કાગડાની જેમ ડોળા ફેરવે તે **વાયસદોષ.**

(૧૫) પહેરેલાં વસ્ત્ર જૂ અથવા પરસેવે કરી મલિન થવાના ભયથી કોઠની જેમ ગોપવી રાખે તે **કપિત્થદોષ.**

(૧૬) યક્ષાવેશિતની જેમ માથું ધુણાવે તે **શિરઃકંપદોષ.**

(૧૭) મૂંગાની જેમ હું હું કરે તે **મૂકદોષ.**

(૧૮) આલાવો ગણતાં મદિરા પીધેલની જેમ બડબડાટ કરે તે **મદિરાદોષ.**

(૧૯) વાનરની જેમ આસપાસ જોયા કરે, ઓષ્ટપુટ હલાવે તે **પ્રેક્ષ્યદોષ.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૮) શ્રી લોગસ્સ (નામસ્તવ) સૂત્ર

(પદ-૨૮, સંપદા-૨૮, ગુરુ અક્ષર-૨૭, લઘુ અક્ષર-૨૨૯, સર્વ અક્ષર-૨૫૬)

**લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે ।**

(કેવળજ્ઞાન વડે) લોકનો ઉદ્યોત કરનાર, ધર્મતીર્થના કરનાર, રાગદ્વેષને જીતનારા,

**અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ॥૧॥**

અરિહંત ભગવંતનું હું કીર્તન કરીશ, ચોવીશે પણ કેવળજ્ઞાની,

**ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ ।**

ઋષભદેવ તથા અજીતનાથને હું વંદું છું, સંભવનાથને, અભિનંદનસ્વામીને તથા સુમતિનાથને,

**પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥**

પદ્મપ્રભસ્વામીને, રાગદ્વેષને જીતનારા સુપાર્શ્વનાથને તથા ચંદ્રપ્રભસ્વામીને વંદન કરું છું.

**શબ્દાર્થ** - **લોગસ્સ**-લોકને, **ઉજ્જોઅગરે**-ઉદ્યોત કરનારા, **ધમ્મતિત્થયરે**-ધર્મરૂપ તીર્થના કરનારા, **જિણે**-જીતનારા, **અરિહંતે**-અરિહંત ભગવંતોને, **કિત્તઈસ્સં**-હું સ્તવીશ, **ચઉવીસંપિ**-ચોવીશે, **કેવલી**-કેવળી ભગવંતોને, **ઉસભમજિઅં**-શ્રી ઋષભદેવને, શ્રી અજીતનાથને, **ચ**-અને, **વંદે**-હું વંદના કરું છું, **સંભવમભિણંદણં ચ**-સંભવનાથ તથા અભિનંદનસ્વામીને, **સુમઈ**-સુમતિનાથને, **પઉમપ્પહં**-પદ્મપ્રભસ્વામીને, **સુપાસં**-સુપાર્શ્વનાથને, **ચંદપ્પહં**-ચંદ્રપ્રભસ્વામીને.

**અર્થ** - લોકમાં ઉદ્યોત કરનારા, ધર્મરૂપ તીર્થને કરનારા, રાગદ્વેષને જીતનારા, કેવળજ્ઞાની એવા ચોવીશે તીર્થંકરોનું હું કીર્તન કરીશ. શ્રી ઋષભદેવને તથા શ્રી અજીતનાથને હું વંદન કરું છું. શ્રી સંભવનાથને, શ્રી અભિનંદનસ્વામીને, શ્રી સુમતિનાથને, શ્રી પદ્મપ્રભસ્વામીને, શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને તથા જિનેશ્વર શ્રી ચંદ્રપ્રભસ્વામીને હું વંદન કરું છું.

**સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ ।**

સુવિધિનાથ એટલે પુષ્પદંતસ્વામીને અને શીતલનાથને, શ્રેયાંસનાથને, વાસુપૂજયસ્વામીને,

**વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥**

વિમલનાથને, અનંતનાથને, (રાગદ્વેષને) જીતનારા ધર્મનાથને તથા શાંતિનાથને વંદન કરું છું.

**શબ્દાર્થ** - **સુવિહિં**-સુવિધિનાથને, **પુપ્ફદંતં**-(૯મા પ્રભુનું બીજું નામ) પુષ્પદંતને, **સીઅલ સિજ્જંસ**-શીતળનાથ તથા શ્રેયાંસનાથને, **વાસુપૂજ્જં**-વાસુપૂજ્યસ્વામીને,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિમલમણંતં**-વિમલનાથ તથા અનંતનાથને, **જિણં**-જિનને, **ધમ્મં**-ધર્મનાથને, **સંતિં**-શાંતિનાથને.

**અર્થ** - શ્રી સુવિધિનાથને (જેમનું બીજું નામ) પુષ્પદંતસ્વામીને, શ્રી શીતલનાથને, શ્રી શ્રેયાંસનાથને,શ્રીવાસુપૂજ્યસ્વામીને, શ્રીવિમલનાથને, શ્રીઅનંતનાથને, જિનેશ્વર શ્રીધર્મનાથને તથા શ્રીશાંતિનાથને હું વંદન કરું છું.

**કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।**

કુંથુનાથને, અરનાથને તથા મલ્લિનાથને વંદન કરું છું, મુનિસુવ્રતસ્વામીને તથા નમિજિનેશ્વરને,

**વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥**

હું વંદન કરું છું અરિષ્ટનેમિનાથને, પાર્શ્વનાથને તથા શ્રી વર્ધમાનસ્વામીને.

**શબ્દાર્થ** - **કુંથું**-કુંથુનાથને, **અરં**-અરનાથને, **મલ્લિં**-મલ્લિનાથને, **મુણિસુવ્વયં**-મુનિસુવ્રતસ્વામીને, **નમિજિણં**-નમિજિનને, **વંદામિ**-હું વંદના કરું છું, **રિટ્ઠનેમિં**-અરિષ્ટનેમિને, **પાસં**-પાર્શ્વનાથને, **વદ્ધમાણં**-વર્ધમાનસ્વામીને.

**અર્થ** - શ્રી કુંથુનાથને, શ્રી અરનાથને, શ્રી મલ્લિનાથને, શ્રી મુનિસુવ્રતસ્વામીને અને શ્રી નમિનાથને વંદન કરું છું. શ્રી અરિષ્ટનેમિનાથને, શ્રી પાર્શ્વનાથને અને શ્રી વર્ધમાનસ્વામીને વંદન કરું છું.

**એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા ।**

એ પ્રકારે મેં (નામપૂર્વક) સ્તવના કરી, (કર્મરૂપ) રજ તથા મળ છોડી દીધા છે (જેમણે) એવા, જરા અને મરણ સર્વથા ક્ષીણ થઈ ગયા છે,

**ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥૫॥**

ચોવીશે પણ જે સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ઠ છે એવા એ તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.

**શબ્દાર્થ** - **એવં**-એવી રીતે, **મએ**-મેં, **અભિથુઆ**-સ્તવ્યા, **વિહુય**-ટાળ્યા છે, **રયમલા**-કર્મ રૂપ રજ અને મલ જેમણે, **પહીણ**-વિશેષ ક્ષય કર્યા છે, **જરમરણા**-જરા અને મરણ જેમણે, **જિણવરા**-સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ઠ, **તિત્થયરા**-તીર્થંકરો, **મે**-મને, **પસીયંતુ**-પ્રસન્ન થાઓ.

**અર્થ** - આ રીતે મારા વડે સ્તવના કરાયેલા, કર્મરૂપ રજ અને મલ દૂર કર્યા છે એવા, જરા અને મૃત્યુ સર્વથા ક્ષીણ થયા છે એવા, ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકરદેવો મારા ઉપર પ્રસન્ન થાઓ.

**કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।**

(જેમને ઇન્દ્રાદિએ) સ્તવ્યા છે, વંદન કર્યા છે, પૂજ્યા છે અને જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે.

**આરુગ્ગ-બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥૬॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ, (મને) આરોગ્યરૂપ સમ્યગ્દર્શનનો લાભ અને પ્રધાન ઉત્તમ સમાધિ આપો.

**શબ્દાર્થ** - **કિત્તિય**-સ્તવ્યા, **વંદિય**-વાંદ્યા, **મહિયા**-પૂજ્યા, **જે એ**-જેઓ આ, **લોગસ્સ**-લોકમાં, **ઉત્તમા**-ઉત્તમ, **સિદ્ધા**-સિદ્ધ થયા છે, **આરુગ્ગ**-આરોગ્ય, **બોહિલાભં**-સમ્યગ્દર્શનનો લાભ, **સમાહિવરં**-પ્રધાન સમાધિ, **ઉત્તમં**-ઉત્તમ, **દિંતુ**-આપો.

**અર્થ** - ઈન્દ્રાદિ દેવતાઓ વડે સ્તવના કરાયેલા, વંદના કરાયેલા, પૂજાયેલા અને લોકમાં જે ઉત્તમ સિદ્ધ (અરિહંત) થયા છે, તેઓ મને ભાવ આરોગ્ય માટે સમ્યગ્દર્શનનો લાભ અને શ્રેષ્ઠ ઉત્તમ મનની સમાધિ આપો.

**ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા ।**

ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મલ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, (તેજસ્વી)

**સાગરવરગંભીરા, સિદ્ધા, સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥**

શ્રેષ્ઠ સાગર જેવા ગંભીર એવા સિદ્ધ પરમાત્માઓ મોક્ષ મને આપો.

**શબ્દાર્થ** - **ચંદેસુ**-ચંદ્રના સમૂહથી, **નિમ્મલયરા**-અતિ નિર્મળ, **આઈચ્ચેસુ**-સૂર્યના સમૂહથી, **અહિયં**-અધિક, **પયાસયરા**-પ્રકાશ કરનારા, **સાગરવરગંભીરા**-મોટા સમુદ્રની પેઠે ગંભીર એવા, **સિદ્ધા**-સિદ્ધ ભગવાનો, **સિદ્ધિં**-સિદ્ધિને, **મમ**-મને, **દિસંતુ**-આપો.

**અર્થ** - ચંદ્રના સમૂહથી વિશેષ નિર્મલ, સૂર્યના સમૂહથી વિશેષ પ્રકાશ કરનારા, મોટા સમુદ્ર જેવા ગંભીર એવા સિદ્ધ પરમાત્માઓ મને મોક્ષ આપો.*

---

*** સામાયિક લેતા પહેલાં લોગસ્સ પછી મુહપત્તિનું પડિલેહણ કરવાનું હોય છે, તેના ૫૦ બોલ નીચે પ્રમાણે છે.**

(૧) સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું, (૨) સમક્તિ મોહનીય (૩) મિશ્ર મોહનીય (૪) મિથ્યાત્વ મોહનીય પરિહરું (૫) કામરાગ, (૬) સ્નેહરાગ (૭) દૃષ્ટિરાગ પરિહરું (આ ૭ બોલ દ્વારા મુહપત્તિને ત્રણ વાર ફેરવી દૃષ્ટિ પડિલેહણ કરવું.) (૮) સુદેવ (૯) સુગુરુ (૧૦) સુધર્મ આદરું (૧૧) કુદેવ (૧૨) કુગુરુ (૧૩) કુધર્મ પરિહરું (૧૪) જ્ઞાન (૧૫) દર્શન (૧૬) ચારિત્ર આદરું (૧૭) જ્ઞાન વિરાધના (૧૮) દર્શન વિરાધના (૧૯) ચારિત્રવિરાધના પરિહરું (૨૦) મનગુપ્તિ (૨૧) વચનગુપ્તિ (૨૨) કાયગુપ્તિ આદરું (૨૩) મનદંડ (૨૪) વચનદંડ (૨૫) કાયાદંડ પરિહરું (૮ થી ૨૫ બોલ ડાબા હાથે ત્રણ વાર અક્ખોડા ત્રણ વાર પક્ખોડા કરવા) (૨૬) હાસ્ય (૨૭) રતિ (૨૮) અરતિ પરિહરું (૨૬ થી ૨૮ આ ત્રણ બોલ દ્વારા ડાબા હાથની આગળ-પાછળના ભાગની પ્રમાર્જના કરવી.) (૨૯) ભય (૩૦) શોક (૩૧) દુગંછા પરિહરું, (૨૯-૩૧ આ ત્રણ બોલ દ્વારા જમણા હાથની આગળ-પાછળના ભાગની પ્રમાર્જના કરવી) (૩૨) કૃષ્ણલેશ્યા (૩૩) નીલલેશ્યા (૩૪) કાપોત લેશ્યા પરિહરું, (૩૨-૩૪ આ ત્રણ બોલ દ્વારા કપાળના મધ્ય-ડાબા-જમણા ભાગની પ્રમાર્જના કરવી.) (૩૫) રસગારવ (૩૬) ઋદ્ધિગારવ (૩૭) શાતાગારવ પરિહરું (૩૫-૩૭ આ ત્રણ બોલ દ્વારા મુખના મધ્ય-ડાબા-જમણા ભાગની પ્રમાર્જના કરવી) (૩૮) માયાશલ્ય (૩૯) નિયાણશલ્ય (૪૦) મિથ્યાત્વશલ્ય પરિહરું, (૩૮-૪૦ આ ત્રણ બોલ દ્વારા છાતીના મધ્ય-ડાબા-જમણા ભાગની પ્રમાર્જના કરવી) (૪૧) ક્રોધ (૪૨) માન પરિહરું, (૪૩) માયા (૪૪) લોભ પરિહરું, (૪૧-૪૨ ડાબા ખભાની ૪૩-૪૪ જમણા ખભાની પ્રમાર્જના કરવી) (૪૫) પૃથ્વીકાય (૪૬) અપ્કાય (૪૭) તેઉકાયની જયણા કરું, (૪૫-૪૭ આ ત્રણ બોલ દ્વારા ડાબી બાજુ પગની પ્રમાર્જના કરવી) (૪૮) વાઉકાય (૪૯) વનસ્પતિકાયની જયણા કરું (૫૦) ત્રસકાયની રક્ષા કરું, (૪૮-૫૦ આ ત્રણ બોલ દ્વારા જમણી બાજુ પગની પ્રમાર્જના કરવી).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૯) શ્રી કરેમિ ભંતે (સામાયિકનું પચ્ચક્ખાણ) સૂત્ર

(ગુરુ અક્ષર-૭, લઘુ અક્ષર-૬૯, સર્વ અક્ષર-૭૬)

**કરેમિ ભંતે સામાઇઅં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ**

હું કરું છું હે ભગવંત સામાયિક *સાવદ્ય (પાપવાળા) યોગનું પચ્ચક્ખાણ કરું છું.

**જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ**

જ્યાં સુધી નિયમમાં રહેલો છું (ત્યાં સુધી) બે રીતે ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી અને કાયાથી (પાપ વ્યાપારને) ન કરું અને ન કરાવું,

**તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.**

તે સંબંધી હે ભગવંત ! (પૂર્વે કરેલા) પાપથી હું પાછો ફરું છું, (આત્મસાક્ષીએ) નિંદું છું, (ગુરુ સાક્ષીએ) વિશેષ નિંદું છું અને એ આત્માનો ત્યાગ કરું છું.

**શબ્દાર્થ** - **કરેમિ**-કરું છું, **ભંતે**-હે ભગવન્ ! **સામાઈઅં**-સામાયિક, **સાવજ્જં**-પાપકારી, **જોગં**-યોગને, **પચ્ચક્ખામિ**-પચ્ચક્ખાણ કરું છું, **નિયમં**-નિયમને, **પજ્જુવાસામિ**-પર્યુપાસું સેવું, **દુવિહં**-બે પ્રકારે, **તિવિહેણં**-ત્રણ પ્રકારે, **મણેણં**-મન વડે, **વાયાએ**-વચન વડે, **કાએણં**-કાયા વડે, **ન કરેમિ**-ન કરું, **ન કારવેમિ**-ન કરાવું, **તસ્સ**-તે (પૂર્વે કરેલ અપરાધ) થકી, **પડિક્કમામિ**-પાછો હઠું છું, **નિંદામિ**-આત્મસાક્ષીએ નિંદું છું, **ગરિહામિ**-ગુરુ સાક્ષીએ વિશેષ કરી નિંદું છું, **અપ્પાણં**-મારા આત્માને, **વોસિરામિ**-ત્યાગ કરું છું.

**અર્થ** - હે ભગવંત ! હું સામાયિક કરું છું તેમાં પાપ વ્યાપારનું પચ્ચક્ખાણ કરું છું. જ્યાં સુધી નિયમમાં રહેલો છું ત્યાં સુધી બે રીતે, ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી (પાપ વ્યાપારને) હું કરીશ નહિ અને કરાવીશ નહિ અને

* **અવદ્ય**-પાપ, **સ**-સહિત, **સાવદ્ય**-પાપસહિત.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂતકાળમાં કરેલા તે પાપોથી ભગવંત ! હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું અને (પાપરૂપ) આત્માનો ત્યાગ કરું છું.*

---

* અહીં જે પાપ-વ્યાપાર (ક્રિયા)નું પચ્ચક્ખાણ બતાવ્યું છે, તેના ૪૯ ભાંગા થાય છે તે આ પ્રમાણે –

૧. મનથી કરવું.
૨. મનથી કરાવવું.
૩. મનથી અનુમોદવું.
૪. વચનથી કરવું.
૫. વચનથી કરાવવું.
૬. વચનથી અનુમોદવું.
૭. કાયાથી કરવું.
૮. કાયાથી કરાવવું.
૯. કાયાથી અનુમોદવું.
૧૦. મન વચનથી કરવું.
૧૧. મન વચનથી કરાવવું.
૧૨. મન વચનથી અનુમોદવું.
૧૩. મન કાયાથી કરવું.
૧૪. મન કાયાથી કરાવવું.
૧૫. મન કાયાથી અનુમોદવું.
૧૬. વચન કાયાથી કરવું.
૧૭. વચન કાયાથી કરાવવું.
૧૮. વચન કાયાથી અનુમોદવું.
૧૯. મન વચન કાયાથી કરવું.
૨૦. મન વચન કાયાથી કરાવવું.
૨૧. મન વચન કાયાથી અનુમોદવું.
૨૨. મનથી કરવું, કરાવવું.
૨૩. વચનથી કરવું, કરાવવું.
૨૪. કાયાથી કરવું, કરાવવું,
૨૫. મનથી કરવું, અનુમોદવું.
૨૬. વચનથી કરવું, અનુમોદવું.
૨૭. કાયાથી કરવું અનુમોદવું.
૨૮. મનથી કરાવવું અનુમોદવું.
૨૯. વચનથી કરાવવું અનુમોદવું.
૩૦. કાયાથી કરાવવું અનુમોદવું.
૩૧. મનથી કરવું કરાવવું અનુમોદવું.
૩૨. વચનથી કરવું કરાવવું અનુમોદવું.
૩૩. કાયાથી કરવું કરાવવું અનુમોદવું.
૩૪. મન વચનથી કરવું કરાવવું.
૩૫. મન કાયાથી કરવું કરાવવું.
૩૬. વચન કાયાથી કરવું કરાવવું.
૩૭. મન વચનથી કરવું અનુમોદવું.
૩૮. મન કાયાથી કરવું અનુમોદવું.
૩૯. વચન કાયાથી કરાવવું અનુમોદવું.
૪૦. મન વચનથી કરાવવું અનુમોદવું.
૪૧. મન કાયાથી કરાવવું અનુમોદવું.
૪૨. વચન કાયાથી કરાવવું અનુમોદવું.
૪૩. મન વચનથી કરવું કરાવવું અનુમોદવું.
૪૪. મન કાયાથી કરવું કરાવવું અનુમોદવું.
૪૫. વચન કાયાથી કરવું કરાવવું અનુમોદવું.
૪૫. મન વચન કાયાથી કરવું કરાવવું.
૪૭. મન વચન કાયાથી કરવું અનુમોદવું.
૪૮. મન વચન કાયાથી કરાવવું અનુમોદવું.
૪૯. મન વચન કાયાથી કરવું કરાવવું - અનુમોદવું.

## (૧૦) શ્રી સામાઈઅ વયજુત્તો (સામાયિક પારવાનું) સૂત્ર

(ગાથા-૨, ગુરુ અક્ષર-૭, લઘુ અક્ષર-૬૭, સર્વ અક્ષર-૭૪)

**સામાઈઅ વયજુત્તો, જાવ મણે હોઈ નિયમસંજુત્તો ।**

સામાયિક વ્રતથી યુક્ત જયાં સુધી મન હોય નિયમથી સંયુક્ત (ત્યાં સુધી),

**છિન્નઈ અસુહં કમ્મં, સામાઈઅ જત્તિઆ વારા ॥૧॥**

છેદે છે અશુભ કર્મને સામાયિક જેટલી વાર કરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **સામાઈઅ**-સામાયિક, **વયજુત્તો**-વ્રતથી સહિત, **જાવ**-જ્યાં સુધી, **મણે**-મન, **હોઈ**-હોય, **નિયમસંજુત્તો**-નિયમથી યુક્ત, **છિન્નઈ**-છેદાય છે, **અસુહં**-અશુભ, **કમ્મં**-કર્મ, **સામાઈઅ**-સામાયિક, **જત્તિઆ વારા**-જેટલી વાર.

**અર્થ** - સામાયિક વ્રતથી યુક્ત જીવનું મન જ્યાં સુધી નિયમથી સંયુક્ત હોય ત્યાં સુધી જેટલી વાર સામાયિક કરે છે, તેટલી વાર અશુભ કર્મને છેદે છે.

**સામાઈઅંમિ ઉ કએ, સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા ।**

સામાયિક વળી કરતી વખતે સાધુ જેવો શ્રાવક થાય છે જે કારણથી,

**એએણ કારણેણં, બહુસો સામાઈઅં કુજ્જા ॥૨॥**

એ કારણથી બહુ વાર સામાયિક કરવું જોઈએ.

**શબ્દાર્થ** - **સામાઈઅંમિ**-સામાયિક, **ઉ**-વળી, **કએ**-કર્યે છતે, **સમણો ઈવ**-સાધુની જેવો, **સાવઓ**-શ્રાવક, **હવઈ**-થાય છે, **જમ્હા**-જે કારણથી, **એએણ**-એ, **કારણેણં**-કારણથી, **બહુસો**-બહુ વાર, **કુજ્જા**-કરવું.

**અર્થ** - વળી સામાયિક કરતી વખતે જે કારણથી શ્રાવક સાધુ જેવો થાય છે એ કારણથી બહુવાર સામાયિક કરવું જોઈએ.

**સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. ॥**

***દશ મનના, દશ વચનના, બાર કાયાના - એ બત્રીસ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. ॥**

---

* સામાયિકમાં બત્રીસ દોષનો ત્યાગ કરવાનો છે તે દોષ આ પ્રમાણે -

**મનના દશ-૧.** વૈરી દેખી દ્વેષ કરે. ૨. અવિવેક ચિંતવે. ૩. અર્થ ન ચિંતવે. ૪. મનમાં ઉદ્વેગ ધરે. ૫. યશની વાંછા કરે. ૬. વિનય ન કરે. ૭. ભય ચિંતવે. ૮. વ્યાપાર ચિંતવે. ૯. ફળનો સંદેહ રાખે. ૧૦.નિયાણું કરે.

**વચનના દશ-૧.** કુવચન બોલે. ૨. હુંકારા કરે. ૩. પાપ આદેશ આપે. ૪. લવારો કરે. ૫. કલહ કરે. ૬. આવો જાઓ કહે. ૭. ગાળ બોલે. ૮. બાળક રમાડે. ૯. વિકથા કરે. ૧૦. હાંસી કરે.

**કાયાના બાર-૧.** આસન ચપળ હોય. ૨. ચારે દિશાએ જુએ. ૩. સાવદ્ય કામ કરે. ૪. આળસ મરડે. ૫. અવિનયે બેસે. ૬. ઓઠું લઈ બેસે. ૭. મેલ ઉતારે. ૮. ખરજ ખણે. ૯. પગ ઉપર પગ ચઢાવે. ૧૦. અંગ ઉઘાડું મૂકે. ૧૧. અંગ ઢાંકે. ૧૨. ઊંઘે.

એ સર્વ મળી બત્રીશ દોષ સામાયિકમાં અયતનાથી લાગે છે તે તજવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧) શ્રી જગચિંતામણિ ચૈત્યવંદન સૂત્ર

(ગૌતમ સ્વામિજીએ અષ્ટાપદ તીર્થની યાત્રા સમયે બનાવેલ ચૈત્યવંદન)

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઇચ્છં**

ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો હે ભગવંત ! હું ચૈત્યવંદન કરું ? (ગુરુ 'કરેહ' એ પ્રમાણે આજ્ઞા આપે એટલે શિષ્ય કહે) આજ્ઞા પ્રમાણ છે.

**શબ્દાર્થ** - **ઇચ્છાકારેણ**-ઇચ્છાપૂર્વક, **સંદિસહ**-આજ્ઞા આપો, **ભગવન્**-હે ભગવંત, **ઇચ્છં**-આજ્ઞા પ્રમાણ છે.

**અર્થ** - હે ભગવંત ! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો. હું ચૈત્યવંદન કરું ? આજ્ઞા પ્રમાણ છે.

**જગચિંતામણિ જગનાહ, જગગુરુ, જગરક્ખણ,**

ભવ્ય જીવોને ચિંતામણિરત્ન સમાન, ભવ્ય જીવોના નાથ, જગતના ગુરુ, છ જીવનિકાયના રક્ષક,

**જગબંધવ, જગસત્થવાહ, જગભાવવિઅક્ખણ,**

સકળ જંતુના બંધુ, મોક્ષાભિલાષીના સાર્થવાહ, જગતમાં રહેલ છ દ્રવ્યને કહેવામાં વિચક્ષણ.

***અટ્ઠાવય સંઠવિઅ રૂવ, કમ્મટ્ઠ વિણાસણ,**

અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન કરેલું છે રૂપ (પ્રતિબિંબ) જેમનું, આઠ કર્મનો નાશ કરનાર એવા,

**ચઉવીસંપિ જિણવર જયંતુ અપ્પડિહયસાસણ ॥૧॥**

ચોવીશે પણ જિનવરો જયવંતા વર્તો, જેમનું શાસન કોઈથી ન હણાય તેવું છે.

**શબ્દાર્થ** - **જગચિંતામણિ**-ભવ્ય જીવોને ચિંતામણિ રત્ન સમાન, **જગનાહ**-ભવ્ય જીવોના નાથ, **જગગુરુ**-સર્વ લોકના હિતનો ઉપદેશ કરનાર, **જગરક્ખણ**-છ જીવ નિકાયના રક્ષક, **જગબંધવ**-સમાન બોધવાળાના તથા સકળ જંતુના બંધુ, **જગસત્થવાહ**-મોક્ષાભિલાષીના સાર્થવાહ, **જગભાવ**-ષટ્દ્રવ્ય તથા નવ તત્ત્વના સ્વરૂપને કહેવામાં, **વિઅક્ખણ**-વિચક્ષણ, **અટ્ઠાવય**-અષ્ટાપદ પર્વત ઉપર, **સંઠવિઅરૂવ**-જેમનાં બિંબ સ્થાપન કરેલાં છે, **કમ્મટ્ઠ**-આઠ કર્મને, **વિણાસણ**-નાશ કરનારા, **જિણવર**-તીર્થંકરો, **જયંતુ**-જય પામો !, **અપ્પડિહય**-કોઈથી હણાયું નથી, **સાસણ**-શાસન જેમનું.

**અર્થ** - ભવ્ય જીવોને ચિંતામણિરત્ન સમાન, ભવ્ય જીવોના નાથ, જગતના

* અષ્ટાપદ ઉપર શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રીએ ચોવીશે તીર્થંકરની મણિમય પ્રતિમા સ્થાપન કરેલ છે. તે દરેક તીર્થંકરોની પોતપોતાની કાયાના માપે પ્રતિમા છે, સૌની નાસિકા સરખી લાઈનમાં છે, બેઠકની પાટલી ઊંચી નીચી છે. * કોઇ કહે છે કે આંખ સરખી લાઇનમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુ, છ જીવનિકાયના રક્ષક, સકળ જીવના (નિષ્કારણ) બંધુ, મોક્ષાભિલાષીના સાર્થવાહ, જગતમાં રહેલ છ દ્રવ્યને કહેવામાં વિચક્ષણ, અષ્ટાપદ પર્વત ઉપર સ્થાપન કરેલા છે પ્રતિબિંબ જેમના, આઠ કર્મનો નાશ કરનારા, જેમનું શાસન કોઈથી ન હણાય તેવું છે એવા ચોવીશે તીર્થંકરો જયવંતા વર્તો.

**કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં**

(અસિ, મષી, કૃષિ એ) કર્મવાળી ભૂમિ કર્મભૂમિને વિષે

**પઢમ સંઘયણિ, *ઉક્કોસય સત્તરિસય,**

પ્રથમ સંઘયણવાળા, ઉત્કૃષ્ટથી એકસો સિત્તેર,

**જિણવરાણ વિહરંત લબ્ભઈ,**

જિનેશ્વરો વિચરતા મળે છે,

**નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સ નવ સાહૂ ગમ્મઈ,**

નવ ક્રોડ કેવલજ્ઞાની, ક્રોડ હજાર નવ (નવ હજાર ક્રોડ) સાધુ જાણીએ,

***સંપઈ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ,**

વર્તમાનમાં (શ્રી સીમંધરસ્વામી આદિ) તીર્થંકર વીશ, મુનિયો બે ક્રોડ કેવળજ્ઞાન ધારણ કરનારા,

**સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ ॥૨॥**

સાધુઓ ક્રોડ હજાર બે (બે હજાર ક્રોડ) તેમની સ્તવના કરીએ છીએ નિત્ય સવારે.

**શબ્દાર્થ** - **કમ્મભૂમિહિં**-જ્યાં કર્મ વર્ત્તે છે એવા, **કમ્મભૂમિહિં**-કર્મભૂમિના ક્ષેત્રોને વિષે, **પઢમસંઘયણિ**-પહેલા સંઘયણવાળા, **ઉક્કોસય**-ઉત્કૃષ્ટપણે, **સત્તરિસય**-એકસો સિત્તેર, **જિણવરાણ**-તીર્થંકરો, **વિહરંત**-વિચરંતા, **લબ્ભઈ**-પામીએ, **નવકોડિહિં**-નવ ક્રોડ, **કેવલિણ**-કેવળી, **કોડિસહસ્સ**-ક્રોડ હજાર, **નવ**-નવ **સાહૂ**-સાધુઓ, **ગમ્મઈ**-જાણીએ, **સંપઈ**-વર્તમાનકાળે, **વીસ**-વીશ, **મુણિ**-મુનિઓ, **બિહું કોડિહિં**-બે ક્રોડ, **વરનાણ**-ઉત્તમ (કેવળ) જ્ઞાનવાળા, **સમણહ**-સાધુઓ, **કોડિસહસ્સદુઅ**-બે હજાર ક્રોડ, **થુણિજ્જઈ**-સ્તવના કરીએ, **નિચ્ચ વિહાણિ**-નિત્ય પ્રભાતે.

**અર્થ** - અસિ, મષી, કૃષી એ કર્મ છે તેવી કર્મભૂમિને વિષે પ્રથમ સંઘયણવાળા

---

* ૫ ભરત, ૫ ઐરાવત અને ૫ મહાવિદેહની પૂર્વ પશ્ચિમની મળી ૧૬૦ વિજય એમ ૧૭૦ ઠેકાણે એકેક તીર્થંકર ઉત્કૃષ્ટ કાળે હોય, શ્રી અજિતનાથ સ્વામીના સમયે તે પ્રમાણે હતા.

* જઘન્યકાળે વીશ તીર્થંકરો હોય તે પ્રમાણે હાલ મહાવિદેહની ૮-૯-૨૪-૨૫મી વિજયમાં એકેક છે, એટલે જંબૂદ્વીપમાં ચાર, ધાતકી ખંડમાં (બે મહાવિદેહ માટે) ૮ અને પુષ્કરાર્ધમાં ૮ મળી ૨૦ છે. વિજયના આંક દરેક વખતે બદલાયા કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટથી એકસો સિત્તેર જિનવરો વિચરતા મળે છે. નવ ક્રોડ કેવલજ્ઞાની અને નવ હજાર ક્રોડ સાધુ વિચરતા મળે. હાલમાં વીશ તીર્થંકર, બે ક્રોડ, કેવળજ્ઞાન ધારણ કરનારા મુનિઓ, બે હજાર ક્રોડ સાધુઓ વિચરે છે તેમની નિત્ય સવારે સ્તવના કરીએ છીએ.

**જયઉ સામિઅ જયઉ સામિઅ રિસહ સત્તુંજિ,**

જય પામો સ્વામી જય પામો સ્વામી, ઋષભદેવ શત્રુંજય ઉપર

**ઉજ્જિંજતિ પહુ નેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ,**

ગિરનાર ઉપર પ્રભુ નેમિ જિનેશ્વર, જય પામો મહાવીરસ્વામી સાચોર નગરને શોભાવનાર.

**ભરુઅચ્છહિં મુણિસુવ્વય, *મુહરિ પાસ દુહ દુરિઅ ખંડણ,**

---

* શ્રી મુહરી પાર્શ્વનાથ હાલ **ટીંટોઈ** ગામમાં બિરાજમાન છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાની યાદ અપાવે તેવી પ્રાચીન ભવ્ય મૂર્તિ છે. **વિશાળ જિનાલયમાં આરસની** ચોવીશી અને પરિકર મધ્યે સાત મોહફણાથી અલંકૃત મૂળનાયક પરમાત્મા **શ્રી મુહરી પાર્શ્વનાથ** ભગવાનની **પ્રગટ પ્રભાવી ચમત્કારી દેદીપ્યમાન ૩૩ ઈંચની ભવ્ય મૂર્તિ શોભી રહી છે. એ** ટીંટોઈ ગામ **સાબરકાંઠા જિલ્લામાં મોડાસા અને શામળાજી** વચ્ચે **આવેલું છે. હિંમતનગરથી ૪૦ કિ.મી. દૂર છે. નેશનલ હાઈવે નં. ૮ થી ૩ કિ.મી. દૂર આ ગામ આવેલું છે.**

**શ્રી મુહરી પાર્શ્વનાથ** માટે કોઈક પ્રતિક્રમણના અર્થના પુસ્તકમાં જણાવ્યું છે કે સોનામહોર આપવાથી દર્શન આપતા હોવાથી મુહરી નામ પડ્યું છે. કોઈક પુસ્તકમાં મથુરામાં બિરાજમાન એ **મુહરી પાર્શ્વનાથ** એવો અર્થ કરેલો છે, જ્યારે તપાગચ્છીય શ્રી વિજયસેનસૂરિસંતાનીય મુનિ શ્રી જયવિજયજી વિરચિત **'ષડાવશ્યક બાલાવબોધ'** જે વિ.સં. ૧૭૫૧ની સાલમાં - રચાયેલ છે. તેમાં **'શ્રી જગચિંતામણિ સૂત્ર'**ના બાલાવબોધમાં પાના નં. ૬૧ ઉપર **મુહરી** ગામમાં બિરાજતા શ્રી પાર્શ્વનાથ એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. એટલે સોનામહોર અને મથુરા નગરીનો ઉલ્લેખ અસંગત જણાય છે.

આ ભવ્ય પ્રતિમા પહેલાં **મુહરી** ગામમાં હતી. આજે પણ તે શામળાજી નજીક **'દેવની મોરી'** ગામ છે અને પ્રાચીન જિનાલયના અવશેષ પણ જોવા મળે છે. શ્રી ગૌતમસ્વામી અષ્ટાપદ પર ગયા ત્યારે આ સૂત્રની રચના થયેલ છે, એટલે એ વખતે **મુહરી પાર્શ્વનાથ** પ્રભુ એ મુહરી ગામમાં બિરાજતા હતા. ક્યારે એ મંદિરનો નાશ થયો એ ઉલ્લેખ નથી. પરંતુ હાલ જે **ટીંટોઈમાં** બિરાજમાન છે, ત્યાં વિ.સં. ૧૯૨૮ની સાલમાં પ્રતિષ્ઠા થયેલ છે. બાલાવબોધ વિ.સં. ૧૭૫૧માં રચાયેલ તે વખતે **'મુહરી'** ગામ વિદ્યમાન હોવું જોઈએ.

આ પ્રતિમા ૨૫૦૦ વર્ષ ઉપરાંત જુની છે. આજે પણ શામળાજી નજીક મેશ્વો સરોવર ડેમ ખોદાયો ત્યારે ત્યાંથી શ્રી બુદ્ધના અસ્થિ અને વાળ નીકળેલ, એના પરથી અનુમાન થાય કે આ **'મુહરી'** નગરી પરમાત્મા મહાવીર સ્વામીના સમયમાં હતી. ભગવાન મહાવીર સ્વામી અને શ્રી બુદ્ધ સમકાલીન છે.

**ટીંટોઈ** ગામના રહીશને દેવીએ સ્વપ્ન આપી આ પ્રતિમાજી **મુહરી** ગામમાંથી હાલ **ટીંટોઈમાં** પધરાવેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરૂચમાં મુનિસુવ્રતસ્વામી મુહરી ગામમાં પાર્શ્વનાથ દુઃખ અને પાપનો નાશ કરનારા.

**અવરવિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિંકેવિ,**

બીજા (પાંચ) મહાવિદેહને વિષે જે તીર્થંકરો (તથા) ચાર દિશાઓ અને વિદિશાઓમાં જે કોઈ પણ, (ખૂણાઓમાં)

**તીઆણાગય સંપઈઅ, વંદું જિણ સવ્વે વિ ॥૩॥**

ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં વંદન કરું છું જિનેશ્વર સર્વેને પણ.

**શબ્દાર્થ** - **જયઉ સામિય**-સ્વામી જય પામો, **રિસહ**-ઋષભદેવ ભગવાન, **સત્તુંજિ**-શત્રુંજય ઉપર, **ઉજ્જિંજતિ**-શ્રી ગિરનાર પર્વત ઉપર, **પહુ**-પ્રભુ, **નેમિજિણ**-નેમિનાથ ભગવાન, **વીર**-શ્રી વીર ભગવાન, **સચ્ચઉરિ**-સત્યપુરી (સાચોર) નગરના, **મંડણ**-આભૂષણ રૂપ, **ભરુઅચ્છહિં**-ભરૂચને વિષે, **મુણિસુવ્વય**-મુનિસુવ્રત સ્વામી, **મુહરિ**-મુહરી ગામમાં, **પાસ**-શ્રી પાર્શ્વનાથ ભગવાન, **દુહ**-દુઃખ, **દુરિય**-પાપના, **ખંડણ**-ખંડન કરનાર, **અવર**-બીજા, **વિદેહિં**-પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે, **તિત્થયરા**-તીર્થંકરો, **ચિહું**-ચાર, **દિસિ**-દિશાઓમાં, **વિદિસિ**-વિદિશાઓમાં (ખૂણાઓમાં), **જિંકેવિ**-જે કોઈપણ, **તીઅ**-અતીત (ભૂત)કાળ સંબંધી, **અણાગય**-અનાગત-ભવિષ્યકાળ સંબંધી, **સંપઈઅ**-વર્તમાનકાળ સંબંધી, **વંદું**-હું વંદના કરું છું, **જિણ**-જિનેશ્વરોને, **સવ્વેવિ**-સર્વ પણ.

**અર્થ** - શત્રુંજય ઉપર ઋષભદેવ, ગિરનાર પર્વત ઉપર પ્રભુ નેમિ જિનેશ્વર, જયવંતા વર્તો, સાચોર નગરને શોભાવનાર મહાવીર સ્વામી, ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામી અને દુઃખ અને પાપનો નાશ કરનારા, મુહરી (હાલ ટીંટોઈ) ગામમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ સ્વામી જય પામો. બીજા પાંચ મહાવિદેહને વિષે તીર્થંકરો હોય તથા ચાર દિશામાં અને વિદિશાઓમાં ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનમાં જે કોઈ પણ જિનેશ્વરો હોય તે સર્વેને પણ હું વંદન કરું છું.

**સત્તાણવઈ સહસ્સા, લક્ખા છપ્પન અટ્ઠ કોડિઓ ।**

સત્તાણુ હજાર, લાખ છપ્પન, આઠ ક્રોડ,

**બત્તિસય બાસિઆઇં, તિઅલોએ ચેઈએ વંદે ॥૪॥**

બત્રીશ સો બ્યાસી, ત્રણ લોકને વિષે જિનમંદિર છે તેને વંદન કરું છું.

**શબ્દાર્થ** - **સત્તાણવઈ**-સત્તાણુ, **સહસ્સા**-હજાર, **લક્ખા**-લાખ, **છપ્પન**-છપ્પન, **અટ્ઠ**-આઠ, **કોડિઓ**-ક્રોડ, **બત્તિસય**-બત્રીશ સો, **બાસિઆઈ**-બ્યાસી, **તિઅલોએ**-ત્રણ લોકને વિષે, **ચેઈએ**-ચૈત્યોને, **વંદે**-હું વંદના કરું છું.

**અર્થ** - ત્રણે લોકમાં રહેલા આઠ ક્રોડ, સત્તાવન લાખ, બસો ને બ્યાસી (૮,૫૭,૦૦,૨૮૨) જિનમંદિરોને વંદન કરું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પનરસ કોડિ સયાઈં, કોડિ બાયાલ લક્ખ અડવન્ના ।**

પંદરસો ક્રોડ (પંદર અબજ), ક્રોડ બેંતાલીશ લાખ અઠ્ઠાવન,

**છત્તીસ સહસ અસિઈં, સાસય બિંબાઈં પણમામિ ॥૫॥**

છત્રીશ હજાર એંસી (પૂર્વ કહેલ જિનમંદિરને વિષે રહેલા) શાશ્વત જિનબિંબોને પ્રણામ કરું છું.

શબ્દાર્થ - **પનરસ**-પંદર, **કોડિસયાઈ**-સો ક્રોડ, **બાયાલ**-બેંતાલીશ, **લક્ખ**-લાખ, **અડવન્ના**-અઠ્ઠાવન, **છત્તીસ**-છત્રીશ, **સહસ**-હજાર, **અસિઈ**-એંશી, **સાસય**-શાશ્વતા, **બિંબાઈ**-બિંબોને, **પણમામિ**-હું પ્રણામ કરું છું.

**અર્થ** - તે જિનમંદિરોને વિષે રહેલા પંદર અબજ, બેંતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીસ હજાર અને એંશી (૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦) શાશ્વત બિંબોને (પ્રતિમાઓને) પ્રણામ કરું છું.

---

## (૧૨) શ્રી જંકિંચિ સૂત્ર

**જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ ।**

જે કોઈ નામ રૂપે તીર્થો છે. સ્વર્ગમાં, પાતાળમાં, મનુષ્યલોકમાં,

**જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ ॥૧॥**

જેટલા જિનેશ્વરના બિંબો છે તે સર્વને વંદન કરું છું.

શબ્દાર્થ - **જંકિંચિ**-જે કોઈ, **નામતિત્થં**-નામરૂપ તીર્થો છે, **સગ્ગે**-સ્વર્ગલોકમાં, **પાયાલિ**-પાતાળ લોકમાં, **માણુસે લોએ**-મનુષ્ય લોકમાં, **જાઈ**-જેટલા, **જિણબિંબાઈ**-જિનબિંબોને, **તાઈ**-તે, **સવ્વાઈ**-સર્વને, **વંદામિ**-વાંદું છું.

**અર્થ** - સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્યલોકમાં જે કોઈ નામરૂપ તીર્થો છે, (તેમાં) જેટલા જિનેશ્વરના બિંબો છે તે સર્વેને હું વંદન કરું છું.

---

## (૧૩) શ્રી નમુત્થુણં (શક્રસ્તવ) સૂત્ર

(પદ-૩૩, સંપદા-૯, ગુરુ અક્ષર-૩૩, લઘુ અક્ષર-૨૬૪, સર્વ અક્ષર-૨૯૭)

**નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥**

નમસ્કાર થાઓ *અરિહંત ભગવંતોને.

---

* અરિહંત પરમાત્મા ૩૪ અતિશય યુક્ત હોય છે જે નીચે પ્રમાણે છે -

૧. શરીર અનંતરૂપમય, સુગંધમય, રોગરહિત, પરસેવારહિત અને મલરહિત હોય.

૨. રૂધિર તથા માંસ ગાયના દૂધ સમાન ધોળા અને દુર્ગંધ વગરના હોય.

૩. આહાર તથા નિહાર ચર્મચક્ષુથી અદશ્ય હોય.

૪. શ્વાસોચ્છ્વાસમાં કમળ જેવી સુગંધ હોય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં ॥૨॥**

ધર્મની આદિના કરનારને, તીર્થના સ્થાપનારને, પોતાની મેળે બોધ પામનારને.

**પુરિસુત્તમાણં, પુરિસસીહાણં,**

પુરુષને વિષે ઉત્તમને, પુરુષને વિષે સિંહ સમાનને,

**પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં ॥૩॥**

---

**આ ચાર અતિશય જન્મથી જ હોય છે, માટે સ્વાભાવિક-સહજાતિશય કહેવાય છે.**

૫. યોજન પ્રમાણ સમવસરણમાં મનુષ્ય, દેવ અને તિર્યંચની ક્રોડા કોડી સમાય અને તેમને બાધા થાય નહિ.

૬. ચારે બાજુ પચીશ પચીશ યોજન સુધી પૂર્વોત્પન્ન રોગ ઉપશમે અને નવા રોગ થાય નહિ.

૭. વૈરભાવ જાય.

૮. મરકી થાય નહિ.

૯. અતિવૃષ્ટિ એટલે હદ ઉપરાંત વરસાદ થાય નહિ.

૧૦. અનાવૃષ્ટિ એટલે વરસાદનો અભાવ થાય નહિ.

૧૧. દુર્ભિક્ષ એટલે દુકાળ ન પડે.

૧૨. સ્વચક્ર અને પરચક્ર (સ્વરાજ્ય અને પરરાજ્ય)નો ભય ન હોય.

૧૩. ભગવંતની વાણી મનુષ્ય, તિર્યંચ અને દેવતા પોતપોતાની ભાષામાં સમજે. (વાણી પાંત્રીશ ગુણવાળી હોય છે તે ગુણ નવકારની ટીપ્પણીમાં જોવા.)

૧૪. એક યોજન સુધી સરખી રીતે ભગવંતની વાણી સંભળાય.

૧૫. સૂર્યથી બાર ગણા તેજવાળું ભામંડળ પ્રભુની પાછળ મસ્તક પાસે હોય. **આ અગિયાર (૫ થી ૧૫) અતિશયો કેવળજ્ઞાન થાય ત્યારે ઉત્પન્ન થાય છે. તેથી તે કર્મક્ષયજાતિશય કહેવાય છે.** ૬ થી ૧૨માં જણાવેલા રોગાદિક સાત ઉપદ્રવ ભગવંત વિહાર કરે ત્યારે પણ ચાર દિશાએ ફરતા પચીશ પચીશ યોજન સુધી ન હોય.

૧૬. આકાશમાં ધર્મચક્ર હોય.

૧૭. બાર જોડી (ચોવીશ) ચામર અણવીંઝ્યાં વીંઝાય.

૧૮. પાદપીઠ સહિત સ્ફટિક રત્નનું ઉજ્જ્વળ સિંહાસન હોય.

૧૯. ત્રણ છત્ર (સમવસરણ વખતે દરેક દિશાએ) હોય.

૨૦. રત્નમય ધર્મધ્વજ હોય. (તેને ઈન્દ્રધ્વજ પણ કહે છે.)

૨૧. નવ સુવર્ણ કમળ ઉપર ચાલે. (બે ઉપર પગ મૂકે અને સાત પાછળ રહે, તેમાંથી વારાફરતી બે બે આગળ આવે.)

૨૨. મણિ, સુવર્ણ અને રૂપાના એ રીતે ત્રણ ગઢ હોય.

૨૩. ચાર મુખે કરી ધર્મદેશના દે છે એમ દેખાય. (પૂર્વ દિશાએ ભગવંત બેસે, બાકીની ત્રણ દિશાએ ત્રણ પ્રતિબિંબ વ્યંતરદેવ સ્થાપે.)

૨૪. સ્વશરીરથી બારગણું ઊંચું અશોકવૃક્ષ, છત્ર, ઘંટા (ટોકરીઓ) પતાકા આદિથી યુક્ત હોય.

૨૫. કાંટા અધોમુખ એટલે અવળા થઈ જાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષને વિષે ઉત્તમ પુંડરીક (કમળ) સમાનને, પુરુષને વિષે પ્રધાન ગંધહસ્તિ સમાનને.

**શબ્દાર્થ** - **નમુત્થુણં**-નમસ્કાર હો, **અરિહંતાણં**-અરિહંતોને, **ભગવંતાણં**-ભગવાનોને, **આઈગરાણં**-ધર્મની આદિ કરનારને, **તિત્થયરાણં**-ધર્મતીર્થના પ્રવર્તાવનારાને, **સયંસંબુદ્ધાણં**-પોતાની મેળે તત્ત્વના જાણનારાને, **પુરિસુત્તમાણં**-પુરુષોમાં ઉત્તમને, **પુરિસસીહાણં**-પુરુષોમાં સિંહ સમાનને, **પુરિસવર**-પુરુષોમાં પ્રધાન, **પુંડરીઆણં**-કમળ સમાનને, **ગંધહત્થીણં**-ગંધહસ્તી સમાનને.

**અર્થ** - *ધર્મની શરૂઆત કરનાર[૧], તીર્થના સ્થાપનાર[૨], સ્વયં બોધ પામનાર[૩], પુરુષોમાં ઉત્તમ[૪], પુરુષોમાં સિંહ સમાન[૫], પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક કમળ સમાન[૬], પુરુષોમાં પ્રધાન ગંધહસ્તિ સમાન[૭] અરિહંત ભગવંતને[૮] નમસ્કાર હો.

**લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં,**

લોકને વિષે ઉત્તમ, લોકના નાથ, લોકનું હિત કરનાર,

**લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં ॥૪॥**

લોકના વિષે દીપક સમાન, લોકમાં પ્રકાશ કરનાર.

**અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં,**

અભયદાન આપનાર, (શ્રુતજ્ઞાન રૂપ) ચક્ષુ આપનાર, (મોક્ષ) માર્ગને આપનાર,

**શરણદયાણં, બોહિદયાણં ॥૫॥**

શરણ આપનાર, સમકિત આપનાર.

---

૨૬. ચાલતી વખતે સર્વ વૃક્ષ (પ્રભુને) નમી પ્રણામ કરે.
૨૭. ચાલતી વખતે આકાશમાં દુંદુભિ વાગે.
૨૮. યોજન સુધીમાં અનુકૂળ વાયુ હોય.
૨૯. મોર વગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા કરતાં ફરે.
૩૦. સુગંધી જળની વૃષ્ટિ થાય.
૩૧. જળ-સ્થળમાં ઊપજેલા પાંચ વર્ણવાળાં સચિત્ત ફૂલની ઢીંચણ સુધી વૃષ્ટિ થાય.
૩૨. કેશ, રોમ, દાઢી, મૂછના વાળ અને નખ (સંયમ લીધા પછી) વધે નહિ.
૩૩. જઘન્યપણે ચાર નિકાયના ક્રોડ દેવતા પાસે રહે.
૩૪. સર્વ ઋતુઓ અનુકૂળ રહે.

**આ છેલ્લા ૧૬ થી ૩૪ એટલે ઓગણીશ અતિશયો દેવતા કરે તેથી તે દેવકૃતાતિશય કહેવાય છે.** આ ચોત્રીસ અતિશયનો જે ચાર અતિશયમાં સમાવેશ થાય છે તે અરિહંતના ગુણનું વર્ણન કરતાં અગાઉ જણાવી ગયા છીએ તે સમજવા.

* આ સૂત્રમાં શ્રી અરિહંતની ૩૬ વિશેષણો દ્વારા સ્તુતિ કરી છે, જે આંકડા દ્વારા બતાવેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **લોગુત્તમાણં**-લોકમાં ઉત્તમને, **લોગનાહાણં**-લોકના નાથને, **લોગહિઆણં**-લોકના હિતકારીને, **લોગપઈવાણં**-લોકને વિષે દીપક સમાનને, **લોગપજ્જોઅગરાણં**-લોકને વિષે ઉદ્યોત કરનારાને, **અભયદયાણં**-અભયદાન આપનારાને, **ચક્ખુદયાણં**-અંતરચક્ષુના ઉઘાડનારાને, **મગ્ગદયાણં**-મોક્ષમાર્ગ આપનારાને, **શરણદયાણં**-શરણ આપનારાને, **બોહિદયાણં**-બોધિબીજને આપનારાને.

**અર્થ** - લોકમાં ઉત્તમ[૯], લોકના નાથ[૧૦], લોકનું હિત કરનાર[૧૧], લોકમાં દીપક સમાન[૧૨], લોકમાં પ્રકાશ કરનાર[૧૩], અભયદાન આપનાર[૧૪], શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુ આપનાર[૧૫], મોક્ષમાર્ગ આપનાર[૧૬], શરણ આપનાર[૧૭], સમકિત આપનાર[૧૮] (અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ).

**ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં,**

ધર્મને આપનાર, ધર્મનો ઉપદેશ કરનાર, ધર્મના નાયક,

**ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ॥૬॥**

ધર્મના સારથિ, ધર્મ (દાન-શીલ-તપ-ભાવ) રૂપ શ્રેષ્ઠ ચાર ગતિનો અંત કરનાર ચક્રવર્તી.

**અપ્પડિહયવરનાણ-દંસણધરાણં વિઅટ્ટછઉમાણં ॥૭॥**

કોઈથી હણાય નહિ એવા શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શનને ધારણ કરનાર, ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું (નહિ જાણવાપણું) જેમનું.

**શબ્દાર્થ** - **ધમ્મદયાણં**-ધર્મના આપનારાને, **ધમ્મદેસયાણં**-ધર્મનો ઉપદેશ કરનારાને, **ધમ્મનાયગાણં**-ધર્મના નાયકને, **ધમ્મસારહીણં**-ધર્મના સારથીને, **ધમ્મવર**-ધર્મ રૂપી શ્રેષ્ઠ, **ચાઉરંત**-ચાર ગતિનો અંત કરનાર, **ચક્કવટ્ટીણં**-ચક્રવર્તીને, **અપ્પડિહય**-કોઈથી હણાય નહીં તેવા, **વરનાણ**-કેવળજ્ઞાન, **દંસણ**-કેવળ દર્શનને, **ધરાણં**-ધારણ કરનારને, **વિઅટ્ટ**-નિવર્ત્યું છે, **છઉમાણં**-છદ્મસ્થપણું જેમનું.

**અર્થ** - ધર્મને આપનાર[૧૯], ધર્મનો ઉપદેશ કરનારા[૨૦], ધર્મના નાયક[૨૧], ધર્મના સારથિ[૨૨] (રથ ચલાવનારને સારથિ કહેવાય છે) ધર્મના શ્રેષ્ઠ ચાર ગતિનો અંત કરનાર ચક્રવર્તી[૨૩], હણાય નહિ તેવા શ્રેષ્ઠ જ્ઞાન, દર્શનને ધારણ કરનારા[૨૪], ચાલ્યું ગયું છે છદ્મસ્થપણું જેમનું[૨૫] (તેવા અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ).

**જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,**

રાગદ્વેષને જીતનાર, (તથા) જિતાડનાર, તરનાર, તારનાર,

**બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥૮॥**

તત્ત્વના જાણનાર, જણાવનાર, કર્મથી મુક્ત મૂકાવનારા.

**શબ્દાર્થ** - **જિણાણં**-જીતનારને, **જાવયાણં**-જીતાડનારને, **તિન્નાણં**-તરનારને,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તારયાણં**-તારનારને, **બુદ્ધાણં**-તત્ત્વ જાણનારને, **બોહયાણં**-બોધ આપનારને, **મુત્તાણં**-પોતે કર્મથી મૂકાયેલાને, **મોઅગાણં**-બીજાને કર્મથી મૂકાવનારને.

**અર્થ** - રાગદ્વેષને જીતનાર[26], જિતાડનાર[27], તરનાર[28], તારનાર[29], તત્ત્વના જાણનાર[30] જણાવનાર[31], કર્મથી મુક્ત[32], મૂકાવનારા[33], (અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ)

**સવ્વન્નૂણં, સવ્વદરિસીણં,**

સર્વજ્ઞ, સર્વદર્શી,

**સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ,**

કલ્યાણરૂપ, અચળ, રોગરહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ,

**મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં,**

ફરીથી પાછા આવવાનું નથી એવી સિદ્ધિગતિ નામને ધારણ કરનારા સ્થાનને પામેલા (એવા અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ)

**નમો જિણાણં જિઅભયાણં ॥૯॥**

નમસ્કાર થાઓ રાગદ્વેષને જીતનારને તથા સર્વ ભયને જીતનારને.

**શબ્દાર્થ** - **સવ્વન્નૂણં**-સર્વજ્ઞોને, **સવ્વદરિસિણં**-સર્વદર્શીને, **સિવં**-ઉપદ્રવ રહિતને, **અયલં**-અચળને, **અરુઅં**-રોગ રહિતને, **અણંતં**-અનંતને, **અક્ખયં**-અક્ષયને, **અવ્વાબાહં**-બાધા રહિતને, **અપુણરાવિત્તિ**-જ્યાંથી ફરી અવતાર લેવો નથી એવું, **સિદ્ધિગઈનામધેયં**-સિદ્ધગતિ નામના, **ઠાણં**-સ્થાનને, **સંપત્તાણં**-પામેલાને, **નમો**-નમસ્કાર હો, **જિણાણં**-જિનેશ્વરોને, **જિઅભયાણં**-જીત્યા છે ઈહલોકાદિ સાત ભય જેમણે એવાને.

**અર્થ** - સર્વજ્ઞ[34], સર્વદર્શી[35], કલ્યાણરૂપ, અચળ, રોગરહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ, જ્યાંથી ફરીથી પાછા આવવાનું નથી એવી સિદ્ધિગતિ નામને ધારણ કરનારા સ્થાનને પામેલા[36] અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. રાગદ્વેષને જીતનાર અને સર્વ ભયને જીતનારને નમસ્કાર થાઓ.

**જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે,**

જે ભૂતકાળમાં સિદ્ધ થયા છે, જે થશે ભવિષ્ય કાળમાં,

**સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥**

હમણાં વર્તમાનકાળમાં છે સર્વેને ત્રણ પ્રકારે (મન, વચન, કાયાથી) હું વંદન કરું છું.

**શબ્દાર્થ** - **જે**-જેઓ, **અઈઆ**-અતીતકાળે, **સિદ્ધા**-સિદ્ધ થયા. **ભવિસ્સંતિ**-થશે, **અણાગએ કાલે**-અનાગતકાળને, વિષે, **સંપઈઅ**-વર્તમાન કાળે, **વટ્ટમાણા**-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યમાન છે, **સવ્વે**-તે (દ્રવ્યજિન) સર્વેને, **તિવિહેણ**-ત્રિવિધે મન, વચન, કાયાએ કરી, **વંદામિ**-હું વંદના કરું છું.

**અર્થ** - ભૂતકાળમાં જે સિદ્ધ થયા છે, ભવિષ્યકાળમાં જે થશે અને હમણાં વર્તમાનમાં જે છે તે સર્વેને ત્રિવિધે હું વંદન કરું છું.

## (૧૪) શ્રી જાવંતિ ચેઈઆઈં (સર્વ ચૈત્યોને વંદન) સૂત્ર*

(પદ-૪, સંપદા-૪, ગાથા-૧, ગુરુ અક્ષર-૩, લઘુ અક્ષર-૩૨, સર્વ અક્ષર-૩૫)

**જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ ।**

જેટલી જિનપ્રતિમાઓ છે, ઉર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં.

**સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં ॥૧॥**

સર્વેને તેને વંદન કરું છું, અહીં રહેલો ત્યાં રહેલીને.

**શબ્દાર્થ** - **જાવંતિ**-જેટલી, **ચેઈઆઈ**-જિનપ્રતિમાઓ છે, **ઉડ્ઢે**-ઉર્ધ્વલોકને વિષે, **અહે**-અધોલોકને વિષે, **તિરિઅ લોએ**-તિર્ચ્છાલોકને વિષે, **સવ્વાઈ**-સર્વને, **તાઈ**-તેને, **વંદે**-હું વંદના કરું છું, **ઈહ**-અહીં, **સંતો**-રહેલો, **તત્થ**-ત્યાં, **સંતાઈ**-રહેલીને.

**અર્થ** - ઉર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં જેટલી જિનપ્રતિમાઓ છે તેને અહીં રહેલો હું ત્યાં રહેલી સર્વેને વંદન કરું છું.

## (૧૫) શ્રી જાવંત કે વિ સાહૂ (સર્વ સાધુઓને વંદન) સૂત્ર*

(પદ-૪, સંપદા-૪, ગાથા-૧, ગુરુ અક્ષર-૧, લઘુ અક્ષર-૩૭, સર્વ અક્ષર-૩૮)

**જાવંત કે વિ સાહૂ, ભરહે-રવય-મહાવિદેહે અ ।**

જેટલા કોઈપણ સાધુઓ ભરત ક્ષેત્રમાં, ઐરવત ક્ષેત્રમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં,

**સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૧॥**

સર્વેને તેઓને નમેલો છું, ત્રિવિધે (મન, વચન, કાયાથી) ત્રણ દંડથી વિરામ પામેલાને.

**શબ્દાર્થ** - **જાવંત**-જેટલા, **કેવિ**-કોઈપણ, **સાહૂ**-સાધુઓ, **ભરહ**-ભરતક્ષેત્રને વિષે, **એરવય**-ઐરવત ક્ષેત્રને વિષે, **મહાવિદેહે**-મહાવિદેહ ક્ષેત્રને વિષે, **સવ્વેસિં**-સર્વને, **તેસિં**-તેને, **પણઓ**-નમ્યો, **તિવિહેણ**-કરવું, કરાવવું અનુમોદવું એમ ત્રણ

* આ બંને સૂત્ર મુક્તાશુક્તિ મુદ્રામાં બોલાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારે, તિદંડ-ત્રણ દંડથી મન-વચન-કાયાએ કરીને, વિરયાણં-વિરામ પામેલાને.

**અર્થ** - ભરતક્ષેત્રમાં, ઐરાવત ક્ષેત્રમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં, કરવું, કરાવવું-અનુમોદવું એમ ત્રણ પ્રકારે મન, વચન, કાયાના ત્રણ દંડથી વિરામ પામેલા જે કોઈપણ સાધુઓ છે, તે સર્વેને હું નમેલો છું.

## (૧૬) શ્રી નમોऽર્હત્ (સંક્ષિપ્ત પંચ પરમેષ્ઠિ નમસ્કાર) સૂત્ર

**નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥૧॥**

નમસ્કાર હો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુઓને.

શબ્દાર્થ - **નમો**-નમસ્કાર હો, **અર્હત્**-અરિહંત, **સિદ્ધ**-સિદ્ધ, **આચાર્ય**-આચાર્ય, **ઉપાધ્યાય**-ઉપાધ્યાય, **સર્વસાધુભ્યઃ**-સર્વ સાધુઓને,

**અર્થ** - અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય (અને) સર્વ સાધુઓને (મારા) નમસ્કાર હો.

## (૧૭) શ્રી ઉવસગ્ગહરં સ્તવન

## (કષ્ટો નાશ કરનાર સ્તોત્ર) સૂત્ર

(ગાથા-૫, ગુરુ અક્ષર-૨૧, લઘુ અક્ષર-૧૬૪, સર્વ અક્ષર-૧૮૫)

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં ।**

ઉપસર્ગ (વિઘ્ન) ને હરનારા, પાર્શ્વ નામનો યક્ષ જેને છે એવા, પાર્શ્વનાથસ્વામીને વંદન કરું છું, કર્મના સમૂહથી મૂકાયેલાને,

**વિસહરવિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ॥૧॥**

(વિષને ધારણ કરનાર) સર્પના વિષને નાશ કરનારા, મંગળ અને કલ્યાણના ઘર રૂપ.

શબ્દાર્થ - **ઉવસગ્ગ**-ઉપસર્ગ (વિઘ્ન)ને, **હરં**-હરનાર, **પાસં**-પાર્શ્વ નામનો યક્ષ જેને છે એવા, **પાસં**-પાર્શ્વનાથને, **વંદામિ**-હું વંદું છું, **કમ્મઘણ**-કર્મના સમૂહથી, **મુક્કં**-મૂકાયેલા, **વિસહર**-વિષધર-સર્પના, **વિસ**-વિષને, **નિન્નાસં**-નાશ કરનારા છે, **મંગલ**-મંગળ, **કલ્લાણ**-કલ્યાણના, **આવાસં**-ઘરરૂપ છે.

**અર્થ** - ઉપસર્ગને હરનારા, પાર્શ્વ નામનો યક્ષ જેને છે એવા, કર્મના સમૂહથી મૂકાયેલા, સર્પના વિષને. નાશ કરનારા, જે મંગળ અને કલ્યાણના ઘરરૂપ છે એવા શ્રી પાર્શ્વનાથ સ્વામીને હું વંદન કરું છું.

**વિસહર ફૂલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।**

વિષધર સ્ફુલિંગમંત્રને, કંઠમાં ધારણ કરે જે કોઈ હંમેશાં મનુષ્ય,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તસ્સ ગહ-રોગ મારી, દુટ્ઠ-જરા જંતિ ઉવસામં ॥૨॥**

તેના ગ્રહ, રોગ અને મરકી, દુષ્ટ તાવ પામે છે શાંતિને.

**શબ્દાર્થ** - **વિસહર ફુલિંગમંતં**-વિષધર સ્ફુલિંગ નામના મંત્રને, **કંઠે**-કંઠમાં, **ધારેઈ**-ધારણ કરે, **જો**-જે, **સયા**-હમેશાં, **મણુઓ**-મનુષ્ય, **તસ્સ**-તેના, **ગહ**-ગ્રહ, **રોગ**-રોગ, **મારી**-મરકી, **દુટ્ઠ**-નઠારો, **જરા**-તાવ, **જંતિ**-પામે છે, **ઉવસામં**-શાંતિને.

**અર્થ** - જે કોઈ મનુષ્ય વિષધર સ્ફુલિંગમંત્રને કંઠમાં સદા ધારણ કરે છે તેના ગ્રહ, રોગ, મરકી અને દુષ્ટ તાવ શાંતિને પામે છે.

**ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ ।**

રહો દૂર મંત્ર તમને નમસ્કાર પણ ઘણા ફળવાળો થાય છે,

**નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥**

મનુષ્ય તિર્યંચને વિષે પણ જીવો, પામે નહીં દુઃખ ને દુર્ભાગ્ય.

**શબ્દાર્થ** - **ચિટ્ઠઉ**-રહો, **દૂરે**-દૂર, **મંતો**-મંત્ર, **તુજ્ઝ**-તમારો, **પણામો વિ**-નમસ્કાર પણ, **બહુફલો**-ઘણાં ફળવાળો, **હોઈ**-થાય છે, **નર**-મનુષ્ય, **તિરિએસુવિ**-તિર્યંચને વિષે પણ, **જીવા**-જીવો, **પાવંતિ**-પામે, **ન**-નહીં, **દુક્ખ**-દુઃખ, **દોગચ્ચં**-દુર્ભાગ્ય.

**અર્થ** - તે મંત્ર-દૂર રહો, તમને કરેલો નમસ્કાર પણ ઘણા ફળવાળો થાય છે, મનુષ્ય, તિર્યંચ ગતિને પામેલા પણ જીવો દુઃખ અને દુર્ગતિને પામતા નથી.

**તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવબ્ભહિએ ।**

તમારું દર્શન પામે છતે ચિંતામણિ રત્ન કલ્પવૃક્ષથી અધિક,

**પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥**

પામે છે નિર્વિઘ્નપણે જીવો અજરામર સ્થાનને.

**શબ્દાર્થ** - **તુહ**-તમારું, **સમ્મત્તે**-સમકિત-દર્શન, **લદ્ધે**-પામ્યે છતે, **ચિંતામણિ**-ચિંતામણિ રત્ન, **કપ્પપાયવબ્ભહિએ**-કલ્પવૃક્ષથી અધિક,**પાવંતિ**-પામે છે, **અવિગ્ઘેણં**-નિર્વિઘ્નપણે, **જીવા**-જીવો, **અયરામરં**-અજરામર, **ઠાણં**-સ્થાનને,

**અર્થ** - ચિંતામણિ રત્ન (અને) કલ્પવૃક્ષથી અધિક એવું તમારું સમ્યગ્દર્શન પામે છતે જીવો નિર્વિઘ્નપણે અજરામર (મોક્ષ) સ્થાનને પામે છે.

**ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ ।**

એ પ્રકારે સ્તવેલા હે મોટા યશવાળા ! ભક્તિના સમૂહે કરી પરિપૂર્ણ એવા હૃદય વડે,

**તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ ॥૫॥**

તેથી હે દેવ ! આપો બોધિબીજ ભવો ભવને વિષે શ્રી પાર્શ્વ જિનચંદ્ર !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - ઈઅ-એ પ્રકારે, **સંથુઓ**-સ્તવેલા, **મહાયસ**-હે મોટા યશવાળા, **ભત્તિબ્ભર**-ભક્તિના સમૂહે કરી, **નિબ્ભરેણ**-પરિપૂર્ણ એવા, **હિયએણ**-હૃદયે કરી, **તા**-તે કારણ માટે, **દેવ**-હે દેવ ! **દિજ્જ**-આપો, **બોહિં**-બોધિબીજ, **ભવે ભવે**-ભવો ભવને વિષે, **પાસજિણચંદ**-હે શ્રી પાર્શ્વ જિનચંદ્ર !

**અર્થ** - હે મોટા યશવાળા ! ભક્તિના સમૂહથી પરિપૂર્ણ હૃદય વડે આ પ્રમાણે સ્તવના કરી, તેથી હે દેવ ! શ્રી પાર્શ્વ જિનચંદ્ર ! (મને) જન્મો જન્મને વિષે બોધિબીજ (સમ્યગ્દર્શન) આપો.

---

## (૧૮) શ્રી જયવીયરાય (પ્રાર્થના) સૂત્ર

(પદ-૨૦, સંપદા-૨૦, ગાથા-૫, ગુરુ અક્ષર-૧૯,
લઘુ અક્ષર-૧૭૨, સર્વ અક્ષર-૧૯૧)

**જય વીયરાય જગગુરુ હોઉ મમં,**
જય પામો હે વીતરાગ હે જગતના ગુરુ, થાઓ મને,
**તુહ પભાવઓ ભયવં ભવનિવ્વેઓ,**
તમારા પ્રભાવથી હે ભગવન્ સંસાર પરથી કંટાળો,
**મગ્ગાણુસારિઆ ઇટ્ઠફલસિદ્ધિ ॥૧॥**
માર્ગાનુસારીપણું, ઈષ્ટફળની સિદ્ધિ.

**શબ્દાર્થ** - **જય**-જય પામો, **વીયરાય**-હે વીતરાગ, **જગગુરુ**-હે જગતના ગુરુ, **હોઉ**-થાઓ, **મમં**-મને, **તુહ**-તમારા, **પભાવઓ**-પ્રભાવથી, **ભયવં**-હે ભગવન્ ! **ભવનિવ્વેઓ**-ભવનું ઉદાસપણું, **મગ્ગાણુસારિઆ**-માર્ગાનુસારીપણું, **ઇટ્ઠફલ**-ઈષ્ટ ફળની, **સિદ્ધિ**-સિદ્ધિ.

**અર્થ** - હે વીતરાગ ! હે જગતના ગુરુ ! (તમે) જય પામો, હે ભગવંત ! મને તમારા પ્રભાવથી સંસારથી કંટાળો[1], માર્ગાનુસારીપણું[2] (અને) ઈષ્ટફળની સિદ્ધિ[3] હોજો.

**લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ ।**
લોક વિરુદ્ધનો ત્યાગ, વડિલ જનની પૂજા, પરોપકાર કરવાપણું,
**સુહગુરુજોગો તવ્વયણ સેવણા આભવમખંડા ॥૨॥**
સદ્‌ગુરુનો યોગ, તેમનાં વચનોની સેવા, સંસારમાં છું ત્યાં સુધી અખંડપણે.

**શબ્દાર્થ** - **લોગવિરુદ્ધચ્ચાઓ**-લોક વિરુદ્ધનો ત્યાગ, **ગુરુજણપૂઆ**-વડિલ જનની પૂજા, **પરત્થકરણં**-પરોપકાર કરવાપણું, **ચ**-અને, **સુહગુરુજોગો**-શુદ્ધ ગુરુનો યોગ, **તવ્વયણ**-તેમનાં વચનની, **સેવણા**-સેવા, **આભવં**-જયાં સુધી ભવ કરવા પડે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં સુધી, **અખંડા**-અખંડ.

**અર્થ** - લોક વિરુદ્ધનો ત્યાગ[૪], વડિલ જનની પૂજા[૫], પરોપકાર કરવાપણું[૬], સદ્‌ગુરુનો યોગ[૭], તેમના વચનોની સેવા[૮], સંસારમાં છું ત્યાં સુધી અખંડપણે થાઓ.

**વારિજ્જઇ જઇવિ નિઆણબંધણં વીયરાય ! તુહ સમએ ।**

વારેલું (અટકાવેલું) છે જો કે નિયાણાનું બાંધવું હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમાં,

**તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥**

તો પણ મને હોજો સેવા ભવોભવને વિષે તમારા ચરણની.

**શબ્દાર્થ** - **વારિજ્જઈ**-નિષેધ્યું છે, **જઈવિ**-જો કે, **નિઆણબંધણં**-નિયાણાનું બાંધવું, **તુહ**-તમારા, **સમએ**-સિદ્ધાંતમાં **તહવિ**-તોપણ, **મમ**-મને, **હુજ્જ**-હોજો, **સેવા**-સેવા, **ભવેભવે**-ભવોભવને વિષે, **તુમ્હ**-તમારા,**ચલણાણં**-ચરણની.

**અર્થ** - હે વીતરાગ ! તમારા સિદ્ધાંતમાં જો કે નિયાણાનું બાંધવું અટકાવેલું છે તો પણ મને [૯]ભવોભવના વિષે તમારા ચરણોની સેવા હોજો.

**દુક્ખખઓ કમ્મખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ ।**

દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ મરણ અને બોધિબીજનો લાભ,

**સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥૪॥**

પ્રાપ્ત થાઓ મને, એ, તમને હે નાથ ! પ્રણામ કરવાથી.

**શબ્દાર્થ** - **દુક્ખખઓ**-દુઃખનો ક્ષય, **કમ્મખઓ**-કર્મનો ક્ષય, **સમાહિમરણં**-સમાધિ મરણ, **બોહિલાભો**-બોધિબીજનો લાભ, **સંપજ્જઉ**-પ્રાપ્ત થાઓ, **મહએઅં**-મને એ, **તુહ**-તમને, **નાહ**-હે નાથ ! **પણામકરણેણં**-પ્રણામ કરવાથી.

**અર્થ** - હે નાથ ! તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય[૧], કર્મનો ક્ષય[૨], સમાધિમરણ[૩] અને બોધિબીજનો[૪] લાભ એ (ચાર) પ્રાપ્ત થાઓ.*

**સર્વ-મંગલ-માંગલ્યં, સર્વકલ્યાણકારણમ્ ।**

સર્વ મંગલોમાં મંગળરૂપ, સર્વ કલ્યાણોનું કારણ,

**પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥**

પ્રધાન એવું સર્વ ધર્મોમાં જૈન જય પામે છે શાસન.

**શબ્દાર્થ** - **સર્વમંગલ**-સર્વ મંગલમાં, **માંગલ્યં**-મંગલરૂપ, **સર્વકલ્યાણ**-સર્વ કલ્યાણનું, **કારણં**-કારણરૂપ, **પ્રધાનં**-પ્રધાન એવું, **સર્વધર્માણાં**-સર્વ ધર્મોમાં, **જૈનં**-

---

* આ સૂત્રમાં પરમાત્માના પ્રભાવથી આઠ વસ્તુઓની પ્રાર્થના-માંગણી કરવામાં આવી છે અને તેમને પ્રણાણ કરવા વડે ચાર વસ્તુની પ્રાર્થના કરવામાં આવેલ છે. આ સૂત્ર મુક્તાશુક્તિ મુદ્રામાં બોલાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન, **જયતિ**-જય પામે છે, **શાસનં**-શાસન.

**અર્થ** - સર્વ મંગળોમાં મંગળરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ, સર્વ ધર્મોમાં પ્રધાન (એવું) જૈન શાસન જય પામે છે.

---

## (૧૯) શ્રી અરિહંત ચેઈઆણં (ચૈત્યસ્તવ) સૂત્ર

(શ્રી અર્હત ચૈત્યોને કાયોત્સર્ગથી વંદનના હેતુરૂપ સૂત્ર)
(પદ-૧૫, સંપદા-૩, ગુરુ અક્ષર-૧૬, લઘુ અક્ષર-૭૩, સર્વ અક્ષર-૮૯)

**અરિહંતચેઈઆણં કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥**

અરિહંતની પ્રતિમાને (વંદનાદિ માટે) હું કરું છું કાયોત્સર્ગ.

**વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ,**

વંદનને નિમિત્તે, પૂજા કરવાને નિમિત્તે, સત્કારને નિમિત્તે,

**સમ્માણવત્તિયાએ, બોહિલાભવત્તિયાએ, નિરુવસગ્ગ-વત્તિયાએ ॥૨॥**

સન્માનને નિમિત્તે, સમ્યગ્દર્શનને પ્રાપ્તિ નિમિત્તે, ઉપસર્ગરહિત (મોક્ષ) સ્થાન પામવાને નિમિત્તે.

શબ્દાર્થ - **અરિહંત ચેઈઆણં**-અરિહંતની પ્રતિમાને (વંદનાદિ નિમિત્તે) **વંદણવત્તિયાએ**-વાંદવાને નિમિત્તે, **પૂઅણવત્તિયાએ**-પૂજા કરવાને નિમિત્તે, **સક્કારવત્તિયાએ**-સત્કાર કરવાને નિમિત્તે, **સમ્માણવત્તિયાએ**-સન્માનને નિમિત્તે, **બોહિલાભવત્તિયાએ**-બોધિલાભને નિમિત્તે, **નિરુવસગ્ગવત્તિયાએ**-ઉપસર્ગરહિત સ્થાનક (મોક્ષ) પામવા નિમિત્તે.

**અર્થ** - હું અરિહંતની પ્રતિમાને વંદના કરવા માટે, પૂજા કરવા માટે, સત્કારને માટે, સન્માનને માટે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે, ઉપસર્ગરહિતસ્થાન પામવા માટે કાયોત્સર્ગ કરું છું.

**સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ,**

શ્રદ્ધાથી, બુદ્ધિપૂર્વક, ધીરજપૂર્વક, ધારણાપૂર્વક,

**અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥**

અનુપ્રેક્ષાપૂર્વક (વારંવાર વિચારણા કરવાપૂર્વક) વધતા પરિણામે કરું છું કાયોત્સર્ગ.

શબ્દાર્થ - **સદ્ધાએ**-શ્રદ્ધાથી, **મેહાએ**-નિર્મળ બુદ્ધિથી, **ધિઈએ**-ચિત્તની સ્થિરતાથી, **ધારણાએ**-ધારણાપૂર્વક, **અણુપ્પેહાએ**-વારંવાર વિચારીએ, **વઢ્ઢમાણીએ**-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધતા પરિણામે.

**અર્થ** - વધતા પરિણામે શ્રદ્ધાથી, બુદ્ધિપૂર્વક, ધીરજપૂર્વક, ધારણાપૂર્વક, વારંવાર વિચારણાપૂર્વક હું કાયોત્સર્ગ કરું છું.

---

## *(૨૦) શ્રી કલ્લાણકંદં (ચાર થોયો) સૂત્ર

**કલ્લાણકંદં પઢમં જિણિંદં, સંતિં તઓ નેમિજિણં મુણિંદં ।**

કલ્યાણના મૂળ, પ્રથમ જિનેશ્વરને, શાંતિનાથ તથા નેમિ જિનેશ્વરને મુનીન્દ્રને

**પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભત્તીઈ વંદે સિરિ વદ્ધમાણં ॥૧॥**

પાર્શ્વનાથને પ્રકાશ કરનાર, સારા ગુણોના એક સ્થાન, ભક્તિથી વંદન કરું છું શ્રી વર્ધમાન સ્વામીને.

**શબ્દાર્થ** - **કલ્લાણકંદં**-કલ્યાણના મૂળ, **પઢમં**-પહેલા, **જિણિંદં**-શ્રી જિનેન્દ્રને, **સંતિં**-શ્રી શાંતિનાથને, **તઓ**-તે પછી, **નેમિજિણં**-શ્રી નેમિજિનને, **મુણિંદં**-મુનિઓના ઇંદ્રને, **પાસં**-શ્રી પાર્શ્વનાથને, **પયાસં**-ત્રણ ભુવનને પ્રકાશ કરનારા, **સુગુણિક્કઠાણં**-સારા ગુણોના એક સ્થાનરૂપ, **ભત્તીઈ**-ભક્તિથી, **વંદે**-હું વંદના કરું છું, **સિરિવદ્ધમાણં**-શ્રી વર્ધમાન સ્વામીને.

**અર્થ** - કલ્યાણના મૂળ શ્રી પ્રથમ જિનેશ્વરને, મુનિઓના ઇન્દ્ર શ્રી શાંતિનાથને તથા શ્રી નેમિજિનેશ્વરને, પ્રકાશ કરનારા અને સારા ગુણોના એક સ્થાનરૂપ શ્રી પાર્શ્વનાથ સ્વામીને, શ્રી વર્ધમાન સ્વામીને ભક્તિપૂર્વક હું વંદન કરું છું.

**અપારસંસાર સમુદ્દપારં, પત્તા સિવં દિંતુ સુઈક્કસારં ।**

પાર ન પમાય એવા સંસાર સમુદ્રના પારને પામેલા મોક્ષને આપો, સારી વસ્તુઓમાં એક સારભૂત,

**સવ્વે જિણિંદા સુરવિંદવંદા, કલ્લાણ-વલ્લીણ-વિસાલ-કંદા ॥૨॥**

સર્વે જિનેશ્વરો દેવોના સમૂહથી વંદાયેલા, કલ્યાણરૂપી વેલડીના વિશાળ મૂળ સમાન.

**શબ્દાર્થ** - **અપાર**-જેનો પાર નથી એવો, **સંસાર સમુદ્દ**-સંસારરૂપ સમુદ્રના, **પારં**-પારને, **પત્તા**-પામેલા, **સિવં**-મોક્ષને, **દિંતુ**-આપો, **સુઈક્કસારં**-સર્વ પવિત્ર વસ્તુઓને વિષે સારરૂપ, **સવ્વે**-બધા, **જિણિંદા**-જિનેંદ્રો, **સુરવિંદ**-દેવતાના સમૂહથી, **વંદા**-વંદાએલા, **કલ્લાણવલ્લીણ**-કલ્યાણરૂપ વેલના, **વિસાલકંદા**-વિશાળ મૂળિયારૂપ.

---

* દરેક ચાર થોયના જોડામાં પહેલી સ્તુતિ અમુક તીર્થંકર અગર તીર્થંકરોની હોય, બીજી સર્વજિનોની, ત્રીજી જ્ઞાન અગર સિદ્ધાંતની અને ચોથી શાસનના અધિષ્ઠાયક યક્ષ-યક્ષિણીની હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - પાર ન પમાય એવા સંસાર સમુદ્રના પારને પામેલા, દેવોના સમૂહથી વંદાયેલા, કલ્યાણરૂપ વેલડીના વિશાળ મૂળ સમાન સર્વે જિનેશ્વરો, સારી વસ્તુઓમાં એક સારભૂત, મોક્ષને આપો.

**નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં, પણાસિયાસેસ કુવાઈદપ્પં ।**

નિર્વાણ માર્ગમાં શ્રેષ્ઠ વાહન (રથ) સમાન, નાશ કર્યા છે સઘળા કુવાદીઓના અભિમાનને.

**મયં જિણાણં શરણં બુહાણં, નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ॥૩॥**

મત (સિદ્ધાંત) જિનેશ્વરોનો, શરણ પંડિતોને, નમસ્કાર કરું છું, નિત્ય ત્રણે જગતમાં પ્રધાન.

**શબ્દાર્થ** - **નિવ્વાણમગ્ગે**-મોક્ષ માર્ગને વિષે, **વરજાણકપ્પં**-શ્રેષ્ઠ વાહન સમાન, **પણાસિય**-નાશ કર્યો છે, **અસેસ**-બધા, **કુવાઈ**-કુવાદિઓના, **દપ્પં**-ગર્વને, **મય**-મતને, **જિણાણં**-જિનેશ્વરોના, **સરણં**-આધારરૂપ, **બુહાણં**-તત્વવેત્તાઓને, **નમામિ**-હું નમું છું, **નિચ્ચં**-હંમેશાં, **તિજગપ્પહાણં**-ત્રણ જગતને વિષે પ્રધાન.

**અર્થ** - નિર્વાણમાર્ગમાં જવા માટે શ્રેષ્ઠ વાહન સમાન, નાશ કર્યું છે સઘળા કુવાદીઓનું અભિમાન જેણે, પંડિતોને શરણરૂપ, ત્રણે જગમાં પ્રધાન એવા જિનેશ્વરોના સિદ્ધાંતને હું નિત્ય નમસ્કાર કરું છું.

**કુંદિંદુગોક્ખીરતુસારવન્ના, સરોજહત્થા કમલે નિસન્ના ।**

મચકુંદ (મોગરો), ચંદ્ર, ગાયનું દૂધ, ઝાકળના સમાન વર્ણવાળી, કમળ છે હાથમાં જેને, કમળ ઉપર બેસેલી.

**વાએસિરિ પુત્થયવગ્ગહત્થા, સુહાય સા અમ્હ સયા પસત્થા ॥૪॥**

શ્રુતદેવી, પુસ્તકનો સમુદાય હાથમાં છે જેને, સુખ માટે,તેણી, અમને, સદા, કલ્યાણ કરનારી.

**શબ્દાર્થ** - **કુંદ**-મચકુંદના ફૂલ, **ઈન્દુ**-ચંદ્ર, **ગોક્ખીર**-ગાયનું દૂધ, **તુસાર**-હિમના જેવા, **વન્ના**-વર્ણવાળી, **સરોજ**-કમળ, **હત્થા**-જેના હાથમાં છે, **કમલે**-કમળને વિષે, **નિસન્ના**-બેઠેલી, **વાએસિરી**-શ્રુતદેવી, **પુત્થય**-પુસ્તકનો, **વગ્ગ**-સમૂહ, **હત્થા**-જેના હાથમાં છે, **સુહાય**-સુખને, માટે, **સા**-તે, **અમ્હ**-અમને, **સયા**-હંમેશાં, **પસત્થા**-ઉત્તમ.

**અર્થ** - મચકુંદ, ચંદ્ર, ગાયનું દૂધ અને ઝાકળના જેવા રંગવાળી, હાથમાં કમળ છે જેને, કમલ ઉપર બેસેલી, પુસ્તકનો સમુદાય હાથમાં છે જેને, કલ્યાણ કરનારી એવી તે ઉત્તમ શ્રુતદેવી અમને સદા સુખ માટે થાઓ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## *(૨૧) શ્રી સંસારદાવાનલ (ચાર થોયો) સ્તુતિઓ

(પદ-૧૬, સંપદા-૧૬, ગાથા-૪, ગુરુ અક્ષર કેટલા ?
લઘુ અક્ષર કેટલા ? સર્વ અક્ષર-૨૫૨)

**સંસારદાવાનલદાહનીરં, સંમોહધૂલીહરણેસમીરં ।**

સંસારરૂપ દાવાનળના તાપને ઓલવવામાં પાણી સમાન, મોહરૂપી ધૂળને દૂર કરવામાં પવન સમાન,

**માયા-રસા-દારણ-સાર-સીરં, નમામિ વીરં ગિરિસાર-ધીરં ॥૧॥**

માયારૂપ પૃથ્વીને ખોદવા માટે તીક્ષ્ણ હળ સમાન, હું નમસ્કાર કરું છું, વીરપ્રભુને, મેરુ પર્વત જેવા ધીર.

**શબ્દાર્થ** - **દાવાનલ**-દાવાનળના, **દાહ**-તાપને (ઓલવવામાં), **નીરં**-પાણી સમાનને, **સંમોહ**-મોહરૂપી, **ધૂલી**-ધૂળને, **હરણે**-દૂર કરવામાં, **સમીરં**-પવન સમાનને, **માયા**-કપટરૂપી, **રસા**-પૃથ્વીને, **દારણ**-ખોદવામાં, **સાર**-તીક્ષ્ણ, **સીરં**-હળ સમાનને, **નમામિ**-હું નમું છું, **વીરં**-શ્રી વીર ભગવાનને, **ગિરિસાર**-મેરુપર્વત જેવા, **ધીરં**-ધીરને.

(અહીં વીરપ્રભુને જુદીજુદી ઉપમા દ્વારા સ્તુતિ કરે છે.)

**અર્થ** - સંસારરૂપ દાવાનલના દાહ માટે પાણી સમાન, મોહરૂપ ધૂળને દૂર કરવા માટે પવન સમાન, માયારૂપ પૃથ્વી ખોદવા માટે તીક્ષ્ણ હળ સમાન અને મેરુપર્વત જેવા ધીર એવા શ્રી વીરપ્રભુને નમસ્કાર કરું છું.

**ભાવાવનામસુરદાનવમાનવેન,**

ભાવથી નમેલા દેવ-દાનવ અને મનુષ્યના સ્વામી,

**ચૂલાવિલોલકમલાવલિમાલિતાનિ ।**

મુગટને વિષે રહેલા ચપળ એવા કમળની શ્રેણીઓથી પૂજાએલા,

**સંપૂરિતાભિનતલોકસમીહિતાનિ,**

સારી રીતે પૂરા કર્યા છે નમસ્કાર કરનાર લોકના મનોવાંછિત જેણે,

**કામં નમામિ જિનરાજપદાનિ તાનિ ॥૨॥**

સ્વેચ્છાએ નમસ્કાર કરું છું જિનેશ્વરના ચરણોને તે.

**શબ્દાર્થ** - **ભાવ**-ભાવપૂર્વક, **અવનામ**-નમસ્કાર કરનારા, **સુર**-દેવ, (વૈમાનિક) **દાનવ**-દાનવ, **માનવ**-મનુષ્યના, **ઈન**-સ્વામીઓના, **ચૂલા**-મુગટને વિષે રહેલા,

---

* આ સ્તુતિ શ્રીહરિભદ્રસૂરિએ રચી છે. તે સમ સંસ્કૃત ભાષામાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિલોલ**-ચપળ એવા, **કમલ**-કમળોની, **આવલિ**-શ્રેણીથી, **માલિતાનિ**-પૂજાએલા, **સંપૂરિત**-સારી રીતે પૂરેલા છે, **અભિનત**-નમેલો ભક્ત, **લોક**-લોકોના, **સમીહિતાનિ**-વાંછિતો જેણે, **કામં**-સ્વેચ્છાએ, **નમામિ**-હું નમસ્કાર કરું છું, **જિનરાજ**-જિનેશ્વર ભગવંતોના, **પદાનિ**-ચરણોને, **તાનિ**-તે.

**(અહીં જિનેશ્વરોના ચરણોની સ્તુતિ કરી છે.)**

**અર્થ** - ભાવથી નમેલા દેવ-દાનવ અને મનુષ્યના સ્વામીના મુગટ ઉપર રહેલા ચપળ એવા કમળની શ્રેણીઓથી (વડે) પૂજાએલા, સારી રીતે પૂરા કર્યા છે નમસ્કાર કરનાર લોકના મનોવાંછિત જેણે, એવા તે જિનેશ્વરોના ચરણોને હું સ્વેચ્છાએ નમસ્કાર કરું છું.

**બોધાગાધં સુપદપદવી-નીરપૂરાભિરામં,**

જ્ઞાનથી ગંભીર, સારા પદોની રચના રૂપ પાણીના સમૂહ વડે મનોહર,

**જીવાહિંસાવિરલલહરીસંગમાગાહદેહં ।**

જીવની અહિંસારૂપ આંતરારહિત તરંગોના પરસ્પર સંગમથી અગાધ-ઊંડો છે દેહ જેનો,

**ચૂલાવેલં ગુરુગમમણીસંકુલં દૂરપારં,**

સિદ્ધાંતની ચૂલિકારૂપ વેલવાળા, મોટા એવા સરખા પાઠરૂપ રત્નોથી ભરેલો છે દૂર છે કિનારો જેનો (દુઃખે કરીને પાર પામી શકાય એવો)

**સારં વીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે ॥૩॥**

પ્રધાન વીરપ્રભુના આગમરૂપ સમુદ્રને, આદરપૂર્વક સારી રીતે હું સેવું છું.

**શબ્દાર્થ** - **બોધાગાધં**-જ્ઞાનથી ગંભીર, **સુપદ**-સારા પદોની, **પદવી**-રચનારૂપ, **નીરપૂર**-જળના પૂર વડે, **અભિરામં**-મનોહર, **જીવાહિંસા**-જીવોની અહિંસારૂપ, **અવિરલ**-આંતરા રહિત, **લહરી**-તરંગોના, **સંગમ**-મળવાથી, **અગાહ**-અગાધ, **દેહં**-સ્વરૂપવાળા, **ચૂલા**-સિદ્ધાંતોની ચૂલિકારૂપ, **વેલં**-વેલવાળા, **ગુરુ**-મોટા, **ગમ**-પાઠરૂપ, **મણી**-રત્નોથી, **સંકુલં**-ભરપૂર, **દૂર પારં**-દૂર છે કાંઠો જેનો, **સારં**-પ્રધાન, **વીરાગમ**-વીરભગવાનના આગમરૂપ, **જલનિધિં**-સમુદ્રને, **સાદરં**-આદર સહિત, **સાધુ**-સારી રીતે, **સેવે**-હું સેવું છું.

**અર્થ** - જ્ઞાનથી ગંભીર, સારા પદોની રચનારૂપ પાણીના સમૂહ વડે મનોહર, જીવની અહિંસારૂપ આંતરારહિત તરંગોના પરસ્પર સંગમથી ઊંડો છે દેહ જેનો, સિદ્ધાંતોની ચૂલિકારૂપ વેલવાળા, મોટા એવા સરખા પાઠરૂપ મણિથી ભરેલા, દૂર છે કિનારો જેનો તથા પ્રધાન એવા વીરપ્રભુના આગમરૂપ સમુદ્રને આદરપૂર્વક સારી રીતે હું સેવું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આમૂલાલોલધૂલી-બહુલ-પરિમલા-લીઢ-લોલાલિમાલા-,**

મૂળ સુધી ડોલતા, પરાગની (સુગંધી કણીઆની) અત્યંત સુગંધમાં લીન થયેલ ચપળ ભમરાઓની શ્રેણીના,

**ઝંકારારાવસારામલદલ કમલાગારભૂમિ-નિવાસે ।**

ઝંકારના શબ્દોથી શ્રેષ્ઠ, નિર્મળ પાંદડાંવાળા કમળ ઉપર ભવનની ભૂમિમાં નિવાસ કરનારી,

**છાયાસંભારસારે વરકમલકરે તારહારાભિરામે,**

કાંતિના સમૂહ વડે શોભતી, સુંદર કમળ હાથમાં છે જેને એવી, દેદીપ્યમાન હાર વડે મનોહર,

**વાણીસંદોહદેહે ભવવિરહવરં દેહિ મે દેવિ ! સારં ॥૪॥**

(દ્વાદશાંગીરૂપ) વાણીના સમૂહરૂપ દેહવાળી,સંસારના વિરહનું વરદાન આપો મને હે શ્રુતદેવી ! પ્રધાન.

**શબ્દાર્થ** - **આમૂલ**-મૂળ સુધી, **આલોલ**-ડોલતું, **ધૂલી**-પરાગના-રજના, **બહુલ**-ઘણાં, **પરિમલ**-સુગંધને વિષે, **આલીઢ**-આસક્ત, **લોલ**-ચપળ, **અલિ**-ભમરાઓની, **માલા**-પંક્તિઓના, **ઝંકાર**-ઝંકારના, **આરાવસાર**-શબ્દોથી શ્રેષ્ઠ, **અમલ**-નિર્મળ, **દલ**-પત્રવાળાં, **કમલ**-કમળરૂપ, **અગાર**-ઘરની, **ભૂમિ**-ભૂમિમાં, **નિવાસે**-જેનો નિવાસ છે એવી, **છાયા**-કાંતિના, **સંભાર**-સમૂહથી, **સારે**-સુશોભિત, **વર**-પ્રધાન, **કમલકરે**-કમળ જેના હાથમાં છે, **તાર**-દેદીપ્યમાન, **હાર**-હાર વડે, **અભિરામે**-મનોહર, **વાણી**-દ્વાદશાંગીરૂપ વાણીનો, **સંદોહદેહે**-સમૂહ જેનો દેહ સ્વરૂપ છે, **ભવવિરહ**-મોક્ષરૂપ, **વરં**-વરદાન, **દેહિ**-આપો, **મે**-મને, **દેવિ**-દેવિ, **સારં**-પ્રધાન.

**અર્થ** - મૂળ સુધી ડોલતા, પરાગની અત્યંત સુગંધમાં આસક્ત થયેલા ચપળ ભમરાઓની શ્રેણીના ઝંકાર (એવા ગુંજારવના) શબ્દોથી શ્રેષ્ઠ, નિર્મળ પાંદડાંવાળા કમળ ઉપર ભવનની ભૂમિમાં નિવાસ કરનારી, કાંતિના સમૂહ વડે શોભતી, સુંદર કમળ હાથમાં છે જેને એવી, દેદીપ્યમાન હાર વડે મનોહર, દ્વાદશાંગીરૂપ વાણીના સમૂહરૂપ દેહવાળી, હે શ્રુતદેવી ! મને સંસારના વિરહનું એટલે પ્રધાન એવા મોક્ષનું વરદાન આપો.

---

## (૨૨) શ્રી પુક્ખરવરદીવડ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર

(પદ-૧૬, સંપદા-૧૬, ગાથા-૪, ગુરુ અક્ષર-૩૪, લઘુ અક્ષર-૧૮૨, સર્વ અક્ષર-૨૧૬)

**પુક્ખરવરદીવડ્ઢે, ધાયઈ સંડે અ જંબૂદીવે અ ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુષ્કરવરદ્વીપના અર્ધભાગના, ધાતકીખંડના અને જંબૂદ્વીપના,

**ભરહેરવયવિદેહે, ધમ્માઈગરે નમંસામિ ॥૧॥**

ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રમાં ધર્મની શરૂઆત કરનારને નમસ્કાર કરું છું.

**શબ્દાર્થ** - **પુક્ખરવર**-પુષ્કરવર નામના, **દીવડ્ઢે**-અર્ધ દ્વીપમાં, **ધાયઈસંડે**-ધાતકી ખંડને વિષે, **જંબૂદીવે**-જંબૂદ્વીપની અંદર, **એરવય**-ઐરાવતક્ષેત્રને વિષે, **વિદેહે**-મહાવિદેહ ક્ષેત્રને વિષે, **ધમ્માઈગરે**-ધર્મની આદિ કરનાર, **નમંસામિ**-હું નમસ્કાર કરું છું.

**અર્થ** - પુષ્કરવરદ્વીપના અર્ધા ભાગના, ધાતકીખંડના અને જંબૂદ્વીપના કુલ પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરાવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહક્ષેત્રમાં ધર્મની શરૂઆત કરનારને હું નમસ્કાર કરું છું.

**તમતિમિરપડલવિદ્ધંસણસ્સ સુરગણનરિંદમહિયસ્સ ।**

અજ્ઞાન સ્વરૂપ અંધકારના સમૂહનો નાશ કરનાર, દેવતાઓના સમૂહ અને મનુષ્યોના ઇન્દ્રોથી (સ્વામીથી) પૂજાયેલા,

**સીમાધરસ્સ વંદે, પપ્ફોડિઅમોહજાલસ્સ ॥૨॥**

મર્યાદામાં રાખનારને વંદન કરું છું મોહની જાળ તોડી નાખનાર.

**શબ્દાર્થ** - **તમ**-અજ્ઞાનરૂપી, **તિમિર**-અંધકારના, **પડલ**-સમૂહનો, **વિદ્ધંસણસ્સ**-નાશ કરનારને, **સુરગણ**-દેવતાના સમૂહના, **નર**-મનુષ્યોના, **ઈંદ**-ઇંદ્રોએ, **મહિઅસ્સ**-પૂજેલાને, **સીમાધરસ્સ**-મર્યાદામાં રાખનારને, **વંદે**-હું વંદના કરું છું, **પપ્ફોડિઅ**-તોડી નાંખી છે, **મોહજાલસ્સ**-મોહજાળ જેણે.

**અર્થ** - અજ્ઞાનસ્વરૂપ અંધકારના સમૂહને નાશ કરનાર, દેવતાઓના સમૂહ અને મનુષ્યોના સ્વામીથી પૂજાએલા, આત્માને મર્યાદામાં રાખનાર, મોહની જાળ તોડી નાખનાર એવા (સિદ્ધાંતને) હું વંદન કરું છું.

**જાઈજરામરણસોગપણાસણસ્સ, કલ્લાણપુક્ખલ-**

**વિસાલસુહાવહસ્સ ।**

જન્મ, જરા, મૃત્યુ અને શોકનો અત્યંત નાશ કરનાર, કલ્યાણ અને સંપૂર્ણ વિશાળ (મોક્ષના) સુખને આપનાર,

**કો દેવદાણવનરિંદગણચ્ચિઅસ્સ, ધમ્મસ્સ સારમુવલબ્ભ**

**કરે પમાયં ? ॥૩॥**

કોણ દેવ, દાનવ અને મનુષ્યના ઇન્દ્રોના (સ્વામીના) સમૂહથી પૂજાએલ ધર્મના સારને પામીને કરે પ્રમાદ ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **જાઈ**-જન્મ, **જરા**-વૃદ્ધાવસ્થા, **મરણ**-મૃત્યુ, **સોગ**-શોકને, **પણાસણસ્સ**-નાશ કરનારાને, **કલ્લાણ**-કલ્યાણ, **પુક્ખલ**-સંપૂર્ણ, **વિસાલ**-વિશાળ, **સુહાવહસ્સ**-મોક્ષ સુખના આપનારા, **કો**-કોણ, **દેવ**-દેવતા, **દાણવ**-દાનવ, **નર**-મનુષ્યો, **ઈંદ**-ઇંદ્રોના, **ગણ**-સમૂહે, **અચ્ચિઅસ્સ**-પૂજેલા, **ધમ્મસ્સ**-શ્રુત ધર્મનો, **ઉવલબ્ભ**-પ્રાપ્ત કરીને, **કરે**-કરે, **પમાયં**-પ્રમાદને.

**અર્થ** - જન્મ, જરા, મૃત્યુ અને શોકનો અત્યંત નાશ કરનાર, કલ્યાણ અને સંપૂર્ણ વિશાળ સુખને આપનાર, દેવ-દાનવ અને મનુષ્યોના સ્વામીના સમૂહથી પૂજાએલ એવા ધર્મના (શ્રુતધર્મના) સારને પામી કોણ પ્રમાદ કરે ?

**સિદ્ધે ભો પયઓ ણમો જિણમએ, નંદી સયા સંજમે,**

(સર્વ નયથી) સિદ્ધ હે લોકો ! આદરપૂર્વક નમસ્કાર કરો જિનમતને, મંગલ કરનાર છે સદા ચારિત્રધર્મમાં.

**દેવંનાગસુવન્નકિન્નરગણ, સ્સબ્ભૂઅભાવચ્ચિએ ।**

વૈમાનિક-ભવનપતિ-જ્યોતિષી અને વ્યંતરદેવોના સમૂહથી સત્યભાવે પૂજાએલ છે,

**લોગો જત્થ પઈટ્ઠિઓ જગમિણં, તેલુક્કમચ્ચાસુરં,**

સંપૂર્ણ લોકનું જેમાં પ્રતિષ્ઠા પામેલ આ જગત, ત્રણ લોકમાંના મનુષ્યો, દેવો વગેરેનું નિરુપણ છે,

**ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ ॥૪॥**

શ્રુતધર્મ વૃદ્ધિ પામો શાશ્વત વિજયપૂર્વક ઉત્તર ધર્મની વૃદ્ધિને કરો.

**શબ્દાર્થ** - **સિદ્ધે**-સિદ્ધ એવા, **ભો**-હે જ્ઞાનવંત લોકો, **પયઓ**-આદર સહિત, **ણમો**-હું નમસ્કાર કરું છું, **જિણમએ**-શ્રી જિનમત (સિદ્ધાંત)ને, **નંદી**-વૃદ્ધિ થાઓ, મંગલકારી, **સયા**-હંમેશાં, **સંજમે**-ચારિત્ર ધર્મને વિષે, **દેવ**-વૈમાનિક દેવ, **નાગ**-ભવનપતિ દેવ, **સુવન્ન**-જ્યોતિષી દેવ, **કિન્નર**-વ્યંતર દેવતાના, **ગણ**-સમૂહથી, **સ્સબ્ભૂઅભાવ**-સત્ય ભાવે કરીને, **અચ્ચિએ**-પૂજાએલા, **લોગો**-સર્વ લોકનું જ્ઞાન, **જત્થ**-જેમાં, **પઈટ્ઠિઓ**-રહેલ છે, **જગમિણં**-આ જગત, **તેલુક્ક**-ત્રણ લોક, **મચ્ચ**-મનુષ્ય, **અસુરં**-ભવનપતિ, **વઢ્ઢઉ**-વૃદ્ધિ પામો, **સાસઓ**-શાશ્વતો, **વિજયઓ**-વિશેષ જયપૂર્વક, **ધમ્મુત્તરં**-દેશવિરતિ સર્વવિરતિ આદિ બીજા ધર્મને, **વઢ્ઢઉ**-વૃદ્ધિ પામો.

**અર્થ** - હે લોકો ! સર્વનયથી સિદ્ધ થયેલ ચારિત્ર ધર્મમાં સદા મંગલ કરનાર, જે વૈમાનિક-ભવનપતિ-જ્યોતિષી અને વ્યંતરદેવોના સમૂહથી સત્યભાવે (ખરેખરા ભાવે) પૂજાએલ છે. જેમાં સંપૂર્ણ લોકનું તથા આ જગતના ત્રણ લોકમાંના મનુષ્યો, દેવો વગેરેનું જ્ઞાન પ્રતિષ્ઠા પામેલ છે. એવા જિનેશ્વરનો મત શ્રુતધર્મરૂપ સિદ્ધાંતને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદરપૂર્વક નમસ્કાર કરો. તે શાશ્વત એવો શ્રુતધર્મ-સિદ્ધાંત વિજયપૂર્વક વૃદ્ધિ પામો અને દેશવિરતિ-સર્વવિરતિ આદિ બીજા ધર્મની વૃદ્ધિ કરો.

**સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં* વંદણવત્તિયાએ૦**

શ્રુતનો હે ભગવન્ ! કરું છું કાયોત્સર્ગ.

**શબ્દાર્થ** - **સુઅસ્સ**-શ્રુતને, **ભગવઓ**-પવિત્ર, **કરેમિ**-કરું છું, **કાઉસ્સગ્ગં**-કાયોત્સર્ગ.

**અર્થ** - પવિત્ર શ્રુતધર્મને આરાધવા માટે હું કાઉસ્સગ્ગ કરું છું.

---

## (૨૩) શ્રી સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) સૂત્ર

(પદ-૨૦, સંપદા-૨૦, ગાથા-૫, ગુરુ અક્ષર-૨૫,
લઘુ અક્ષર-૧૫૧, સર્વ અક્ષર-૧૭૬)

**સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં ।**

સિદ્ધોને, બોધ પામેલાને, સંસારસમુદ્રથી પાર પામેલાને, ગુણસ્થાનકના ક્રમે ચડી મોક્ષે પહોંચેલાને.

**લોઅગ્ગમુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં ॥૧॥**

લોકના અગ્ર ભાગને પામેલાને નમસ્કાર થાઓ સદા સર્વ સિદ્ધોને.

**શબ્દાર્થ** - **સિદ્ધાણં**-સિદ્ધોને, **બુદ્ધાણં**-બુદ્ધોને, **પારગયાણં**-સંસારસમુદ્રના પાર પામેલાને, **પરંપરગયાણં**-ગુણસ્થાનકના ક્રમે ચડી મોક્ષે પહોંચેલાને, **લોઅગ્ગં**-લોકના અગ્ર ભાગને, **ઉવગયાણં**-પામેલાને, **નમો**-નમસ્કાર કરું છું, **સયા**-હંમેશાં, **સવ્વસિદ્ધાણં**-સર્વ સિદ્ધોને.

**અર્થ** - સિદ્ધને, બોધ પામેલાને, સંસાર સમુદ્રના પાર પામેલાને, ગુણસ્થાનકના ક્રમે ચડી મોક્ષે પહોંચેલાને, લોકના અગ્રભાગને પામેલાને એવા સર્વ સિદ્ધોને હું સદા નમસ્કાર કરું છું.

**જો દેવાણ વિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ ।**

જે દેવોના પણ દેવ છે, જેને દેવતાઓ અંજલી કરીને નમસ્કાર કરે છે,

**તં દેવદેવમહિઅં, સિરસા વંદે મહાવીરં ॥૨॥**

તે દેવોના દેવથી (ઇંદ્રોથી) પૂજાયેલા, મસ્તક વડે હું વંદના કરું છું, મહાવીર સ્વામીને.

**શબ્દાર્થ** - **જો**-જે, **દેવાણવિ**-દેવોના પણ, **દેવો**-દેવ છે, **જં**-જેને, **દેવા**-દેવતાઓ, **પંજલી**-બે હાથ જોડીને, **નમંસંતિ**-નમસ્કાર કરે છે, **તે**-તે, **દેવદેવ**-

---

* આ સૂત્ર (૨૨મું) પછી વંદણવત્તિયાએ સૂત્ર બોલવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવના દેવોએ (ઇંદ્રોએ), **મહિઅં**-પૂજેલા, **સિરસા**-મસ્તક વડે, **વંદે**-હું વંદના કરું છું, **મહાવીરં**-મહાવીર સ્વામીને.

**અર્થ** - જે દેવોના પણ દેવ છે, જેને દેવતાઓ અંજલી કરીને નમસ્કાર કરે છે તે દેવોના દેવથી પૂજાયેલા તે મહાવીર સ્વામીને હું મસ્તક વડે વંદના કરું છું.

**ઇક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ ।**

એક માત્ર નમસ્કાર જિનવરમાં શ્રેષ્ઠ એવા વર્ધમાન સ્વામીને,

**સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા ॥૩॥**

સંસાર સમુદ્રથી તારે છે પુરુષને કે સ્ત્રીને.

**શબ્દાર્થ** - **ઈક્કોવિ**-એક પણ, **નમુક્કારો**-નમસ્કાર, **જિણવર**-જિનવરમાં, **વસહસ્સ**-શ્રેષ્ઠ એવા, **વદ્ધમાણસ્સ**-વર્ધમાન સ્વામીને, **સંસાર**-સંસારરૂપ, **સાગરાઓ**-સમુદ્રથી, **તારેઈ**-તારે છે, **નરં**-પુરુષને, નારિં **વા**-અથવા સ્ત્રીને.

**અર્થ** - જિનવરમાં શ્રેષ્ઠ એવા વર્ધમાન સ્વામીને (કરેલો) એક પણ નમસ્કાર પુરુષને કે સ્ત્રીને સંસારસમુદ્રથી તારે છે.

**ઉજ્જિંતસેલસિહરે દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ ।**

ગિરનાર પર્વતના શિખર ઉપર, દીક્ષા, કેવળજ્ઞાન, મોક્ષ જેના થયા છે,

**તં ધમ્મચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ ॥૪॥**

તે ધર્મના ચક્રવર્તી એવા અરિષ્ટ નેમિને નમસ્કાર કરું છું.

**શબ્દાર્થ** - **ઉજ્જિંતસેલ**-ગિરનાર પર્વત, **સિહરે**-શિખર ઉપર, **દિક્ખા**-દીક્ષા કલ્યાણક, **નાણં**-કેવળજ્ઞાન કલ્યાણક, **નિસીહિઆ**-મોક્ષ કલ્યાણક, **જસ્સ**-જેના થયા છે, **ધમ્મચક્કવટ્ટિં**-ધર્મના ચક્રવર્તી એવા, **અરિટ્ઠનેમિં**-અરિષ્ટ નેમિને, **નમંસામિ**-હું નમસ્કાર કરું છું.

**અર્થ** - ગિરનાર પર્વતના શિખર ઉપર જેમના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક થયા છે. તે ધર્મચક્રવર્તી શ્રી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું.

**ચત્તારિ અટ્ઠ દસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વીસં ।**

ચાર, આઠ, દસ અને બે (એમ) વંદાએલા જિનવરો ચોવીશ,

**પરમટ્ઠ નિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૫॥**

પરમાર્થથી સંતોષ પામેલા સિદ્ધ ભગવંતો મોક્ષને મને આપો.

**શબ્દાર્થ** - **ચત્તારિ**-ચાર, **અટ્ઠ**-આઠ, **દશ**-દશ, **દો**-બે, **વંદિઆ**-વંદાએલા છે, **જિણવરા**-જિનવરો, **ચઉવ્વીસં**-ચોવીશ, **પરમટ્ઠ**-પરમાર્થથી, **નિટ્ઠિઅટ્ઠા**-કૃતાર્થ થયા છે, **સિદ્ધા**-સિદ્ધ ભગવંતો, **સિદ્ધિં**-સિદ્ધિને, **મમ**-મને, **દિસંતુ**-આપો.

**અર્થ** - ચાર, આઠ, દસ અને બે, એ ચોવીશ (દેવો આદિથી) વંદાયેલા જિનવરો પરમાર્થથી સંતોષ પામેલા, સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ પદને આપો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૪) શ્રી વેયાવચ્ચગરાણં સૂત્ર

**વેયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદિટ્ઠિ સમાહિગરાણં**

વૈયાવચ્ચના કરનાર, શાંતિના કરનાર, સમ્યગ્દષ્ટિ જીવોને સમાધિ કરનારા (દેવોને આશ્રયીને)

**કરેમિ કાઉસ્સગ્ગં.........અન્નત્થ૰**

કરું છું કાયોત્સર્ગ.

**શબ્દાર્થ** - **વેયાવચ્ચ**-વૈયાવચ્ચના, **ગરાણં**-કરનાર, **સંતિગરાણં**-શાંતિના કરનાર, **સમ્મદિટ્ઠિ**-સમ્યગ્દષ્ટિ જીવોને (દેવોને આશ્રયીને) **સમાહિગરાણં**-સમાધિના કરનાર.

**અર્થ** - શ્રી જિનશાસનની વૈયાવચ્ચના કરનાર, શાંતિના કરનાર અને સમ્યગ્દષ્ટિ જીવોને સમાધિ કરનાર દેવોને આશ્રયીને હું કાયોત્સર્ગ કરું છું.

## (૨૫) શ્રી ભગવાનાદિ વંદન સૂત્ર

**ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં**

ભગવંતોને, આચાર્યોને, ઉપાધ્યાયોને સર્વ સાધુઓને નમું છું.

**અર્થ** - ભગવંતોને, આચાર્યોને, ઉપાધ્યાયોને (અને) સર્વ સાધુઓને નમું છું.

## (૨૬) દેવસિઅ પડિક્કમણે ઠાઉં (જઘન્ય પ્રતિક્રમણ) સૂત્ર

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?**

ઈચ્છા વડે આજ્ઞા આપો કે ભગવન્, દિવસ સંબંધી પ્રતિક્રમણમાં સ્થિર થવા માટે.

**ઇચ્છં** — આજ્ઞા પ્રમાણ છે.

**સવ્વસ્સવિ, દેવસિઅ,**

સર્વ પણ દિવસ સંબંધી,

**દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ મિચ્છામિ દુક્કડં ।**

દુષ્ટ ચિંતવન, દુષ્ટ વચન બોલવાનું, દુષ્ટ ચેષ્ટારૂપ પ્રવૃત્તિ કરવાનું મિથ્યા થાઓ મારું દુષ્કૃત.

**શબ્દાર્થ** - **સવ્વસ્સવિ**-સર્વ પણ, **દેવસિઅ**-દિવસ સંબંધી, **દુચ્ચિંતિઅ**-દુષ્ટ ચિંતવન કરવાથી, **દુબ્ભાસિઅ**-દુષ્ટ ભાષણ કરવાથી, **દુચ્ચિટ્ઠિઅ**-દુષ્ટ ચેષ્ટારૂપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ કરવાથી.

**અર્થ** - હે ભગવન્ ! સ્વેચ્છાથી મને દિવસ સંબંધી, પ્રતિક્રમણમાં સ્થિર થવા માટે આજ્ઞા આપો. આપની આજ્ઞા પ્રમાણે છે. સર્વ પણ દિવસ સંબંધી, દુષ્ટ ચિંતવન, દુષ્ટ વચન બોલવાનું, દુષ્ટ ચેષ્ટારૂપ પ્રવૃત્તિ કરવાનું, મારું પાપ મિથ્યા થાઓ.

---

## (૨૭) શ્રી ઇચ્છામિ ઠામિ (પ્રતિક્રમણ ગર્ભિત કાયોત્સર્ગ) સૂત્ર

(ગુરુ અક્ષર-૨૯, લઘુ અક્ષર-૧૩૮, સર્વ અક્ષર-૧૬૭)

**ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં**

ઈચ્છું છું કરું છું કાયોત્સર્ગ.

**જો મે દેવસિઓ અઈઆરો કઓ**

જે મેં દિવસ સંબંધી અતિચાર કર્યા હોય,

**કાઈઓ, વાઈઓ, માણસિઓ,**

કાયાથી,વચનથી, મનથી,

શબ્દાર્થ - **ઈચ્છામિ**-ઈચ્છું છું, **ઠામિ**-કરું છું, **જો**-જે, **દેવસિઓ**-દિવસ સંબંધી, **અઈઆરો**-અતિચાર, **કઓ**-કર્યા હોય, **કાઈઓ**-કાયા સંબંધી, **વાઈઓ**-વચન સંબંધી, **માણસિઓ**-મન સંબંધી.

**અર્થ** - જે મેં દિવસ સંબંધી કાયાથી, વચનથી અને મનથી અતિચાર કર્યા હોય.

**ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો, અકપ્પો, અકરણિજ્જો,**

જિનાગમ વિરુદ્ધ બોલવાથી, ઉન્માર્ગને સેવવાથી, અકલ્પ્યપણાથી ઉત્પન્ન થયેલ, નહીં કરવા યોગ્ય કરવાથી,

**દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, અણાચારો,**

દુર્ધ્યાન ધ્યાવવાથી, દુષ્ટ ચિંતન કરવાથી, અનાચારથી,

**અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો**

જે ઈચ્છવા યોગ્ય નથી તેથી શ્રાવકને જે ઉચિત નથી તે કરવાથી.

શબ્દાર્થ - **ઉસ્સુત્તો**-જિનાગમ વિરુદ્ધ બોલવાથી, **ઉમ્મગ્ગો**-ઉન્માર્ગને સેવવાથી, **અકપ્પો**-અકલ્પ્યપણાથી ઉત્પન્ન થયેલ, **અકરણિજ્જો**-નહિ કરવા યોગ્ય કરવાથી, **દુજ્ઝાઓ**-દુર્ધ્યાન ધ્યાવવાથી, **દુવ્વિચિંતિઓ**-દુષ્ટ ચિંતન કરવાથી, **અણાયારો**-અનાચારથી, **અણિચ્છિઅવ્વો**-જે ઈચ્છવા યોગ્ય નથી તેથી, **અસાવગપાઉગ્ગો**-શ્રાવકને જે ઉચિત નથી તે કરવાથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ - જિનાગમ વિરુદ્ધ બોલવાથી, ઉન્માર્ગને સેવવાથી, અકલ્પ્યપણાથી ઉત્પન્ન થયો હોય, જે નહીં કરવા યોગ્ય તે કરીને, દુર્ધ્યાન ધ્યાવવાથી, દુષ્ટ ચિંતન કરવાથી, અનાચાર કરવાથી જે શ્રાવકને કરવા યોગ્ય નથી તે કરવાથી થયેલ અતિચાર.

**નાણે, દંસણે, ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ**

જ્ઞાનને વિષે, દર્શનને વિષે, દેશવિરતિરૂપ શ્રાવક ધર્મને વિષે, શ્રુત (સિદ્ધાંત)ને વિષે, સામાયિકને વિષે.

**તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં,**

ત્રણ ગુપ્તિને વિષે, ચાર કષાયને વિષે, પાંચ અણુવ્રતને વિષે

**શબ્દાર્થ** - **નાણે**-જ્ઞાનને વિષે, **દંસણે**-દર્શનને વિષે, **ચરિત્તાચરિત્તે**-દેશવિરતિરૂપ શ્રાવક ધર્મને વિષે, **સુએ**-શ્રુત-સિદ્ધાંતને વિષે, **સામાઈએ**-સામાયિકને વિષે, **તિણ્હં**-ત્રણ, **ગુત્તીણં**-ગુપ્તિને વિષે, **ચઉણ્હં**-ચાર, **કસાયાણં**-કષાયે કરી, **પંચણ્હં**-પાંચ, **અણુવ્વયાણં**-અણુવ્રત મધ્યેથી.

**અર્થ** - જ્ઞાનને વિષે, દર્શનને વિષે, દેશવિરતિરૂપ શ્રાવક ધર્મને વિષે, શ્રુત સિદ્ધાંતને વિષે, સામાયિકને વિષે, ત્રણ ગુપ્તિને વિષે, ચાર કષાયને વિષે, પાંચ અણુવ્રતને વિષે.

**તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં સિક્ખાવયાણં,**

ત્રણ ગુણવ્રત વિષે, ચાર શિક્ષાવ્રત વિષે,

**બારસવિહસ્સ સાવગધમ્મસ્સ,**

બાર પ્રકારના શ્રાવક ધર્મને વિષે,

**જં ખંડિઅં જં વિરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં ।**

જે દેશથી ભાંગ્યું હોય-ખંડના કરી હોય અને જે સર્વ થકી વિરાધ્યું હોય તે મિથ્યા થાઓ મારું દુષ્કૃત.

**શબ્દાર્થ** - **તિણ્હં**-ત્રણ, **ગુણવ્વયાણં**-ગુણવ્રત મધ્યેથી, **ચઉણ્હં**-ચાર, **સિક્ખાવયાણં**-શિક્ષાવ્રત મધ્યેથી, **બારસવિહસ્સ**-બાર પ્રકારના વ્રત રૂપ, **સાવગધમ્મસ્સ**-શ્રાવક ધર્મ માંહેથી, **જં**-જે, **ખંડિઅં**-દેશ થકી ભાંગ્યું હોય, **જં**-જે, **વિરાહિઅં**-સર્વથકી વિરાધ્યું હોય, **તસ્સ**-તેનું, **મિચ્છા**-મિથ્યા, **મિ**-મારું, **દુક્કડં**-દુષ્કૃત.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ - ત્રણ ગુણવ્રતને વિષે, ચાર શિક્ષાવ્રતને વિષે એમ બાર પ્રકારના* શ્રાવક ધર્મને વિશે જે દેશથી ભાંગ્યું હોય કે જે સર્વથી વિરાધ્યું હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

---

## (૨૮) શ્રી નાણંમિ (પંચાચારના અતિચારનું) સૂત્ર

**નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ ।**

જ્ઞાનને વિષે, દર્શનને વિષે ચારિત્રને વિષે, તપને વિષે તેમ જ વીર્યને વિષે,

**આયરણં આયારો, ઈઅ એસો પંચહા ભણિઓ ॥૧॥**

આચરણ તે આચાર, એવી રીતે પાંચ પ્રકારનો કહેલો છે.

શબ્દાર્થ - **નાણંમિ**-જ્ઞાનને વિષે, **દંસણંમિ**-દર્શનને વિષે, **ચરણંમિ**-ચારિત્રને વિષે, **તવંમિ**-તપને વિષે, **તહ ય**-તેમજ, **વીરિયંમિ**-વીર્યને વિષે, **આયરણં**-જે આચરણ, **આયારો**-તે આચાર કહેવાય છે, **ઈઅ**-એવી રીતે, **એસો**-એ આચાર, **પંચહા**-પાંચ પ્રકારનો, **ભણિઓ**-કહેલો છે.

અર્થ - જ્ઞાનને વિષે, દર્શનને વિષે, ચારિત્રને વિષે, તપને વિષે તથા વીર્યને વિષે જે આચરણ તે આચાર કહેવાય છે એવી રીતનો એ આચાર પાંચ પ્રકારનો કહેલો છે.

---

* શ્રાવકના બાર વ્રત :

પાંચ અણુવ્રત : (૧) **સ્થૂલપ્રાણાતિપાત વિરમણ વ્રત**-મોટી હિંસાથી અટકવું.

(૨) **સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત**-મોટું જૂઠ બોલવાથી અટકવું.

(૩) **સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત**-નહિ આપેલાને લેવાથી અટકવું.

(૪) **સ્વદારાસંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત**-સ્વપત્નીમાં સંતોષ કેળવી પરસ્ત્રીને સેવવાથી અટકવું.

(૫) **સ્થૂલ પરિગ્રહવિરમણ વ્રત**-મોટા પરિગ્રહથી અટકવું.

ત્રણ ગુણવ્રત : (૬) **દિગ્‌પરિમાણ વ્રત**-દિશાનું પરિમાણ-પ્રમાણ કરવું.

(૭) **ભોગોપભોગ પરિમાણ વ્રત**-ભોગ અને ઉપભોગનું પ્રમાણ કરવું.

(૮) **અનર્થદંડ વિરમણ વ્રત**-નકામા પાપથી અટકવું.

ચાર શિક્ષાવ્રત : (૯) **સામાયિક વ્રત**-સામાયિક કરવું.

(૧૦) **દેશાવગાસિક વ્રત**-હાલની પ્રવૃત્તિ પ્રમાણે ઉપવાસ અથવા એકાશનાદિ કરી આઠ સામાયિક અને બે પ્રતિક્રમણ કરવાનો રિવાજ છે.

(૧૧) **પૌષધોપવાસ વ્રત**-ઉપવાસ સહિત પૌષધ કરવો.

(૧૨) **અતિથિ સંવિભાગ વ્રત**-અતિથિને જમાડીને જમવું જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિન્હવણે ।**

કાળ, વિનય, બહુમાન, ઉપધાન તથા ન છૂપાવવું,

**વંજણ-અત્થ-તદુભએ, અટ્ઠવિહો નાણમાયારો ॥૨॥**

શુદ્ધ ઉચ્ચાર, અર્થ અને તે બંને, એમ આઠ પ્રકારે જ્ઞાનનો આચાર છે.

**શબ્દાર્થ** - **કાલે**-જે કાળે ભણવાની આજ્ઞા હોય તે કાળે ભણવું, તે કાળ આચાર, **વિણએ**-જ્ઞાનીનો વિનય કરવો તે વિનય આચાર, **બહુમાણે**-જ્ઞાની ઉપર અંતરંગ પ્રેમ, **ઉવહાણે**-સૂત્રો ભણવાને તપ વિશેષ કરવો તે ઉપધાન આચાર, **તહ**-તથા **અનિન્હવણે**-ભણાવનાર ગુરુને ન ઓળવવા (છૂપાવવા) તે અનિન્હવણ આચાર, **વંજણ**-સૂત્રના અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર કરવો તે વ્યંજનાચાર, **અત્થ**-સૂત્રનો અર્થ બરાબર કરવો તે અર્થ-આચાર, **તદુભએ**-સૂત્ર અર્થ બંને શુદ્ધ ભણવા તે તદુભય આચાર, **અટ્ઠવિહો**-આઠ પ્રકારનો, **નાણમાયારો**-જ્ઞાનાચાર કહેલો છે.

**અર્થ** - *કાળમાં ભણવું, જ્ઞાનીનો વિનય કરવો, જ્ઞાની ઉપર અંતરંગ પ્રેમ તે બહુમાન, સૂત્રો ભણવા માટે તપ વિશેષ કરવો તે ઉપધાન, તેમ જ ગુરુને છૂપાવવા નહિ, સૂત્રના અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર કરવો તે વ્યંજન (સૂત્ર), સાચો અર્થ કરવો તે અર્થ તથા બંને શુદ્ધ ભણવા તે તદુભય એમ આઠ પ્રકારે જ્ઞાનનો આચાર છે.

**નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ ।**

નિઃશંકિત થવું, નિઃકાંક્ષિત થવું, દુગંછા ન કરવી, વ્યામોહદૃષ્ટિ ન થવી,

**ઉવવૂહ થિરીકરણે, વચ્છલ પભાવણે અટ્ઠ ॥૩॥**

ઉપબૃંહણા, સ્થિર કરવું, વાત્સલ્ય કરવું, પ્રભાવના કરવી એ આઠ.

**શબ્દાર્થ** - **નિસ્સંકિઅ**-વીતરાગના વચનમાં શંકા ન કરવી, **નિક્કંખિઅ**-જિનમત વિના અન્ય મતની ઈચ્છા ન કરવી, **નિવ્વિતિગિચ્છા**-દુગંછા ન કરવી, **અમૂઢદિટ્ઠી**-મિથ્યાત્વીના ચમત્કાર દેખી તેનાથી વ્યામોહિત ન તવું, **ઉવવૂહ**-સમકિતધારીના અલ્પ ગુણની પણ પ્રશંસા કરવી, **થિરીકરણે**-જિન ધર્મ પામેલાને તેમાં સ્થિર કરવા, **વચ્છલ્લ**-સાધર્મિક વાત્સલ્ય કરવું, **પભાવણે**-જૈન શાસનની પ્રભાવના કરવી, **અટ્ઠ**-આ આઠ લક્ષણો દર્શનાચારનાં છે.

**અર્થ** - વીતરાગના વચનમાં શંકા ન કરવી તે નિઃશંકિત, જિનમત વિના

---

* કાળવેળા સિવાય તેમ જ અસજ્ઝાય સિવાયના કાળમાં ભણવું.

કાળવેલા-ચાર પ્રકારે છે. સૂર્યોદય પહેલાં ૪૮ મિનિટ, મધ્યાહ્નની આગળ પાછળ ૨૪ મિનિટ, સૂર્યાસ્ત પછી ૪૮ મિનિટ અને મધ્યરાત્રિની આગળ પાછળ ૨૪ મિનિટ.

અસજ્ઝાય કાળને આશ્રયીને - ત્રણ ચોમાસીમાં કા.સુ. ૧૪, ફા.સુ. ૧૪, અષાઢ સુ. ૧૪ના મધ્યાહ્નથી કા.વ. ૨, ફા.વ.૨ અને અષાઢ વ.૨ના સૂર્યોદય સુધી. તેમજ ચૈત્ર સુદી-૫ તેમજ આસો સુદી-૫ના મધ્યાહ્નથી ચૈત્ર વદ-૨ તેમજ આસો વદ-૨ના સૂર્યોદય સુધી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્યમતની ઈચ્છા ન કરવી તે નિઃકાંક્ષિત, સાધુ-સાધ્વીના મલિન વસ્ત્ર તેમ જ ગાત્ર દેખી દુગંછા ન કરવી અથવા ધર્મના ફળમાં સંદેહ ન રાખવો તે નિર્વિતિગિચ્છા, મિથ્યાત્વીના કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી વ્યામોહિત ન થવું તે અમૂઢદષ્ટિ, સમ્યક્ત્વ ધારણ કરનારના અલ્પગુણની શુદ્ધ મનથી પ્રશંસા કરવી તે ઉપબૃંહક, અન્યને જિનધર્મમાં જોડવા તથા ધર્મ પામેલાને સ્થિર કરવા તે સ્થિરીકરણ, સાધર્મિક ભાઈઓનું અનેક પ્રકારે હિતચિંતન તે વાત્સલ્ય અને અન્યદર્શની પણ જૈનદર્શનની અનુમોદના કરે તેવાં કાર્ય કરવા તે પ્રભાવના એમ આઠ પ્રકારનો દર્શનનો આચાર છે.

**પણિહાણજોગજુત્તો, પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં ।**

પ્રણિધાન યોગથી યુક્ત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત,

**એસ ચરિત્તાચારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો ॥૪॥**

આ ચારિત્રનો આચાર, આઠ પ્રકારનો છે જાણવા યોગ્ય.

**શબ્દાર્થ** - **પણિહાણજોગ**-સાવધાનપણે મન, વચન, કાયાના યોગથી, **જુત્તો**-યુક્ત એવો, **પંચહિં**-પાંચ, **સમિઈહિં**-સમિતિ વડે, **તીહિં**-ત્રણ, **ગુત્તીહિં**-ગુપ્તિ વડે, **એસ**-એ, **ચરિત્તાયારો**-ચારિત્રાચાર, **અટ્ઠવિહો**-આઠ પ્રકારનો, **હોઈ**-છે, **નાયવ્વો**-જાણવા યોગ્ય.

**અર્થ** - પ્રણિધાનયોગથી યુક્ત એટલે મન-વચન-કાયાની એકાગ્રતાથી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલન વડે આ ચારિત્રનો આચાર આઠ પ્રકારનો જાણવા યોગ્ય છે.

**બારસવિહંમિ વિ તવે, સબ્ભિંતરબાહિરે કુસલદિટ્ઠે ।**

બાર પ્રકારના તપને વિષે અભ્યંતર અને બાહ્ય સહિત અરિહંતોએ ઉપદેશેલ,

**અગિલાઈ અણાજીવી, નાયવ્વો સો તવાયારો ॥૫॥**

ગ્લાનિ-ખેદ વગર, આજીવિકાની ઇચ્છા વગર જાણવા યોગ્ય છે તે તપનો આચાર.

**શબ્દાર્થ** - **બારસવિહંમિ**-બાર પ્રકારના, **તવે**-તપને વિષે, **સબ્ભિંતર**-છ પ્રકારે અભ્યંતર, **બાહિરે**-છ પ્રકારે બાહ્ય, **કુસલદિટ્ઠે**-કુશળ પુરુષ તીર્થંકરોએ ઉપદેશેલા, **અગિલાઈ**-દુગંછા ભાવે રહિત, **અણાજીવી**-આજીવિકા દોષ રહિત, **નાયવ્યો**-જાણવો, **સો**-તે, **તવાયારો**-તપ આચાર,

**અર્થ** - અરિહંત પરમાત્માએ ઉપદેશેલ અભ્યંતર અને બાહ્ય સહિત બાર પ્રકારના તપને ગ્લાનિ-ખેદ વગર તેમજ હું તપ કરું તો આજીવિકા ચાલે એમ આજીવિકાની ઈચ્છા વગર આચરવો તે તપનો આચાર જાણવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અણસણમૂણોઅરિઆ, વિત્તિસંખેવણં રસચ્ચાઓ ।**

અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસ (વિગઈ) ત્યાગ,

**કાયકિલેસો સંલીણયા ય બજ્ઝો તવો હોઈ ॥૬॥**

કાયક્લેશ અને સંલીનતા એ બાહ્ય તપ છે.

**શબ્દાર્થ - અણસણં**-ચાર પ્રકારના આહારનો ત્યાગ તે અણસણ, **ઊણોઅરિઆ**-પાંચ સાત કોળિયા ઓછા ખાવા અથવા ઓછાં વસ્ત્ર પાત્ર રાખવાં તે ઉણોદરી, **વિત્તીસંખેવણં**-દ્રવ્ય વગેરેનો સંક્ષેપ કરવો તે વૃક્ષિસંક્ષેપ, **રસચ્ચાઓ**-વિગઈ પ્રમુખ રસનો થોડો અથવા અધિક ત્યાગ તે રસત્યાગ, **કાયકિલેસો**-કાયાને કષ્ટ આપવા લોચ કરાવવો તે કાયક્લેશ, **સંલીણયા**-વિષયાદિકની ઉદીરણા કરવી નહિ, તેમજ અંગોપાંગ સંકોચી રાખવા તે સંલીનતા.

**અર્થ** - ચારે પ્રકારના આહારનો ત્યાગ તે અનશન (ઉપલક્ષણથી એકાસણું બિયાસણું પણ ગણાય), પાંચ સાત કોળિયા ઓછા જમવા તે ઉણોદરી. અમુક દ્રવ્યથી વધુ ન વાપરવા તે વૃત્તિસંક્ષેપ*, દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ અને કડા એ છ વિગઈમાંથી* શક્તિ મુજબ એક, બે, ત્રણ આદિ વિગઈનો ત્યાગ તે રસત્યાગ, કાયાને કષ્ટ આપવું-લોચ કરાવવો તે કાયક્લેશ, અંગોપાંગ સંકોચી રાખવા તે સંલીનતા, એ છ પ્રકારે બાહ્ય તપ છે.

**પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ ।**

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ તથા સ્વાધ્યાય,

**ઝાણં ઉસ્સગ્ગો વિ અ, અબ્ભિંતરઓ તવો હોઈ ॥૭॥**

ધ્યાન અને કાયોત્સર્ગ અભ્યંતર તપ છે.

**શબ્દાર્થ - પાયચ્છિત્તં**-લાગેલા દોષનો ગુરુ પાસે પ્રકાશ કરી તેના નિવારણને અર્થે ગુરુ જે આલોયણ આપે તે કરવું તે પ્રાયશ્ચિત તપ, **વિણઓ**-જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય કરવો તે વિનય તપ, **વેયાવચ્ચં**-ગુરુ પ્રમુખની આહાર વગેરેથી ભક્તિ કરવી તે વૈયાવચ્ચ તપ, **તહેવ**-તેમજ, **સજ્ઝાઓ**-વાચના, પૃચ્છના પ્રમુખ પાંચ પ્રકારથી અભ્યાસ કરવો તે સ્વાધ્યાય તપ, **ઝાણં**-આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન નિવારી

* દા.ત. : નામ અને સ્વાદ એમ બે રીતમાંથી કોઈપણ રીતે દ્રવ્યની ધારણા થઈ શકે. ચા સવારે પીધી અને બપોરે પીધી તો સ્વાદ બદલાય પણ નામ એક જ છે એટલે એક દ્રવ્ય પણ ગણી શકાય

* આ વિગઈનો ત્યાગ ત્રણ રીતે થઈ શકે : (૧) મૂળથી (૨) કાચી (૩) નિવિયાતી. દા.ત. દૂધ વિગઈ-મૂળથી ત્યાગ હોય તો દૂધમાંથી બનેલી કોઈપણ ચીજ વાપરી શકાય નહિ.

કાચી ત્યાગ હોય તો ફક્ત દૂધ પીવાય નહિ પણ દૂધની બીજી કોઈ બનાવટ વાપરી શકાય. નિવિયાતી ત્યાગ હોય તો દૂધનો સ્વાદ ફેર થઈ ગયેલી ચીજ (ખીર, દૂધપાક વિ.) ન વપરાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ તથા શુક્લ ધ્યાનમાં પ્રવર્તવું તે ધ્યાન, **ઉસ્સગ્ગો**-કર્મ ક્ષય અર્થે કાયાને વોસરાવવી તે કાયોત્સર્ગ તપ, **વિઅ**-નિશ્ચે, **અબ્ભિતરઓ**-અભ્યંતર, **તવો**-તપ.

**અર્થ** - જે દોષ થયા હોય તે ગુરુને કહી તે પાપથી છૂટવા ગુરુ જે આલોચના આપે તે કરવું તે પ્રાયશ્ચિત તપ, પૂજ્યો તરફ મન, વચન, કાયાથી નમ્રભાવને પ્રકટ કરવો તે વિનય તપ, ગુરુ પ્રમુખની આહાર વગેરેથી ભક્તિ કરવી તે વૈયાવૃત્ય તપ, તેમજ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા એ પાંચ પ્રકારે અભ્યાસ કરવો, તે સ્વાધ્યાય તપ, આર્ત, રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ અને શુક્લધ્યાનમાં પ્રવર્તવું તે ધ્યાનતપ, કર્મ ક્ષય માટે કાયાને વોસરાવવી તે કાયોત્સર્ગ તપ, એ અભ્યંતર તપ છે.

## અણિગૂહિઅબલવીરિઓ, પરક્કમઈ જો જહુત્તમાઉત્તો ।

પોતાના બળ વીર્યને ગોપવ્યા સિવાય પરાક્રમ કરે જે, તીર્થંકર દેવે કહ્યું છે તેમ સાવધાન થઈને,

## જુંજઈ અ જહાથામં, નાયવ્વો વીરિયાયારો ॥૮॥

(ધર્મને વિષે) ઉદ્યમ કરે પોતાની શક્તિ અનુસાર તે જાણવો વીર્યાચાર.

**શબ્દાર્થ** - **અણિગૂહિઅ**-પ્રગટ છે, **બલવિરિઓ**-બળવીર્ય જેનું, **પરક્કમઈ**-પરાક્રમ કરે છે, **જો**-જે, **જહુત્તં**-તીર્થંકર દેવે જેમ કહ્યું છે તેમ, **આઉત્તો**-સાવધાન થઈને, **જુંજઈ**-પ્રવર્તે, **જહાથામં**-પોતાની શક્તિને અનુસાર, **વીરિયાયારો**-વીર્યાચાર.

**અર્થ** - પોતાના બળ વીર્યને ગોપવ્યા સિવાય તીર્થંકર પરમાત્માઓએ જે પ્રમાણે કહ્યું છે તેમ સાવધાન થઈને જે પરાક્રમ કરે અર્થાત્ ધર્મને વિષે પોતાની શક્તિ અનુસાર ઉદ્યમ કરે તે વીર્યાચાર જાણવો. (મન-વચન-કાયાથી એમ ત્રણ પ્રકારે બળને ગોપવ્યા સિવાય ધર્મ આરાધનામાં ઉદ્યમ કરે તે રીતે ત્રણ આચાર વીર્યાચારના છે.)*

---

* જ્ઞાનાચારના-૮, દર્શનાચારના-૮, ચારિત્રાચારના-૮, તપાચારના-૧૨ અને વીર્યાચારના-૩ આચાર થઈ પંચાચારના ઉત્તરભેદ ૩૯ થાય છે, ચારિત્રાચારમાં શ્રાવકના બારે વ્રતના આચારનું પાલન આવી જાય તેના જુદા જુદા ભેદ ગણતાં ૧૨૪ આચાર થાય છે. તે આચારમાં જે અતિક્રમ દોષ (જે ભુલ, સ્ખલના) થઈ હોય તે અતિચાર કહેવાય છે, તેનું વિસ્તારથી વર્ણન 'વંદિત્તુ' સૂત્રમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## *(૨૯) શ્રી સુગુરુ વાંદણાં (દ્વાદશાવર્ત ગુરુ વંદના) સૂત્ર

(પદ-૫૮, ગુરુ અક્ષર-૨૫, લઘુ અક્ષર-૨૦૧, સર્વ અક્ષર-૨૨૬)

**ઇચ્છામિ ખમાસમણો !**

**વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ ॥૧॥**

હું ઇચ્છું છું હે ક્ષમાશ્રમણ ! વંદન કરવા માટે શક્તિ સહિત, પાપ-વ્યાપારનો ત્યાગ કરીને. (અહીં ગુરુ છંદેણ કહે એટલે ઇચ્છા વડે (કે તું વંદના કરે)

**અણુજાણહ, મે મિઉગ્ગહં નિસીહિ ॥૨॥**

આજ્ઞા આપો મને મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણ ક્ષેત્ર) પાપ-વ્યાપારનો ત્યાગ. (અહીં ગુરુ અણુજાણામિ કહે એટલે આજ્ઞા આપું છું કે મારા અવગ્રહમાં પ્રવેશ કર.)

**શબ્દાર્થ** - **અણુજાણહ**-આજ્ઞા આપો, **મે**-મને, **મિઉગ્ગહં**-મિત અવગ્રહ (સાડા ત્રણ હાથ પ્રમાણવાળા ક્ષેત્ર)માં પ્રવેશ કરવાને, **નિસીહિ**-ગુરુવંદન સિવાય બીજો વ્યાપાર જેણે નિષેધ્યો.

**અર્થ** - હે ક્ષમાશ્રમણ ! તપસ્વી ! મને આજ્ઞા આપો કે શક્તિ સહિત પાપ-વ્યાપારનો ત્યાગ કરવાપૂર્વક મિત અવગ્રહમાં પ્રવેશ કરીને વંદન કરવા માટે હું ઇચ્છું છું.

---

* આ વાંદણાં દેતાં પચ્ચીશ આવશ્યક સાચવવા જોઈએ તે ન સાચવે તો વંદન કરનાર પણ નિર્જરાફળ પામે નહિ. તે આવશ્યક આ પ્રમાણે –

'ઇચ્છામિ ખમાસમણો.' પ્રમુખ 'અણુજાણહ' પર્યંત બોલતાં પોતાનું અર્ધું શરીર નમાડી દેવામાં આવે તે પ્રથમ અવનત અને ફરી બીજી વાર પણ તેમજ કરતાં બીજો અવનત જાણવો. જન્મ થતી વખતે અથવા દીક્ષાયોગ આદરતી વખતે જેવી મુદ્રા હોય, તેવી નમ્ર મુદ્રા (બે હાથ જોડી લલાટે લગાડવારૂપ) વંદન કરતી વખતે ધારણ કરવી તે યથાજાત જાણવું. **'અહો, કાયં,** કાયરૂપ ત્રણ અને **'જત્તા ભે,** જવણિજ્જં **ચ ભે'** રૂપ બીજા ત્રણ એમ છ એક વખતના વંદનમાં અને તે છ બીજી વખતના વંદનમાં મળી ૧૨ આવર્ત (ગુરુચરણે હાથનાં તળાં લગાડી પછી તેમજ ખામેમિ કહેતાં તે પોતાના લલાટે લગાડવારૂપ) થાય છે. **'કાય સંફાસં'** કહેતા ફરી સ્વમસ્તક નમાવવું, બીજી વાર મસ્તક નમાવવું. એમ બે વંદનનાં મળી ચાર વખત શિરનમન થાય છે. મન વચન અને કાયાને અન્ય વ્યાપારથી નિવર્તાવી વંદન કરતી વખતે સારી રીતે ગોપવી રાખવારૂપ ત્રણ ગુપ્તિ જાણવી. **'અણુજાણહ મે મિઉગ્ગહં'** કહી બંને વખત વંદન કરતાં ગુરુ આજ્ઞા પામીને અવગ્રહમાં પ્રવેશ કરવો તે બે પ્રવેશ જાણવા અને પ્રથમ વંદન કરતી વખતે **'આવસ્સિઆએ'** કહીને અવગ્રહમાંથી બહાર નીકળવું તે એક નિષ્ક્રમણ સમજવું. એવી રીતે દ્વાદશાવર્ત વંદન કરતી વખતે પચ્ચીશ આવશ્યક સાચવવા જ જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અ-હો, કા-યં, કા-ય, સંફાસં-ખમણિજ્જો ભે કિલામો ।**

અધઃકાયરૂપ આપના ચરણને શરીર વડે સ્પર્શ કરતાં ક્ષમા કરજો હે ભગવંત ! (તમોને) જે કાંઈ ખેદ (બાધા) ઊપજ્યો હોય તે,

**અપ્પકિલંતાણં બહુસુભેણ, ભે દિવસો વઈક્કંતો ? ॥૩॥**

અલ્પ ગ્લાનિવાળા એવા આપને ઘણા સમાધિભાવે કરી આપનો દિવસ વીત્યો છે ? (અહીં ગુરુ તહત્તિ કહે એટલે તે પ્રમાણે છે.)

**જ-ત્તા ભે ? ॥૪॥ જ-વ-ણિજ્જં ચ ભે ? ॥૫॥**

તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય રૂપ યાત્રા અવ્યાબાધપણે વર્તે છે હે ભગવંત ? (ગુરુ તુબ્ભંપિ વટ્ટએ-તમને પણ વર્તે છે ? એમ કહે.)

ઇન્દ્રિય અને નોઇન્દ્રિયથી શરીર પીડા પામતું નથી ને ? હે ભગવંત ! (અહીં ગુરુ એવં કહે એટલે - એ પ્રમાણે છે.)

**ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઇક્કમં,**

હું ખામું છું, (અહીં ગુરુ અહમવિ ખામેમિ તુમં-હું પણ તમને ખામું છું એમ કહે.) હે ક્ષમાશ્રમણ (તપસ્વી) દિવસ સંબંધી અપરાધને !

**શબ્દાર્થ** - **અહોકાયં**-અધઃકાયરૂપ આપના પગોને, **કાયસંફાસં**-શરીરે કરીને સ્પર્શ કરવાને આજ્ઞા આપો, **ખમણિજ્જો**-ખમજો, **ભે**-હે ભગવંત ! (તમોને) **કિલામો**-કાંઈ ખેદ ઉપજાવ્યો હોય, **અપ્પકિલંતાણં**-અલ્પ ગ્લાનિવાળા, **બહુસુભેણ**-ઘણા સમાધિભાવે કરી, **દિવસો**-દિવસ, **વઈક્કંતો**-વીત્યો છે ? **જત્તા**-તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાયરૂપ યાત્રા, **જવણિજ્જંચ**-ઇંદ્રિય અને નોઇંદ્રિયથી પીડા નહિ પામતું શરીર છે ? **ખામેમિ**-હું ખામું છું, **દેવસિઅં**-દિવસ સંબંધી, **વઈક્કમ્મં**-અપરાધને.

**અર્થ** - હે ભગવંત ! આપના નીચેના શરીર-ચરણને શરીર વડે સ્પર્શ કરતાં જે કાંઈ ખેદ આપને થયો હોય તો ક્ષમા આપશો. અલ્પખેદવાળા આપને ઘણા સમાધિભાવથી (આપનો) દિવસ વીત્યો છે ? હે કરુણાનિધિ ! આપને તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાયરૂપ યાત્રામાં હે ભગવંત ! આપનું ઇંદ્રિય અને નોઇંદ્રિયથી પીડા નહીં પામતું શરીર છે ? હે ક્ષમાશ્રમણ તપસ્વી ! દિવસ સંબંધી મારા દ્વારા થયેલા અપરાધને હું ખામું છું.

**આવસ્સિઆએ, પડિક્કમામિ, ખમાસમણાણં,**

આવશ્યક ક્રિયા કરતાં લાગેલા અતિચારથી હું પાછો હઠું છું, ક્ષમાશ્રમણ સંબંધી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દેવસિઆએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ,*

દિવસ સંબંધી થયેલી આશાતનાઓ તેત્રીશમાંથી કોઈપણ,

---

* ગુરુ મહારાજ સંબંધી તેત્રીશ આશાતના અવશ્ય વર્જવી જોઈએ તે આ પ્રમાણે-

૧-૯ ગુરુ મહારાજની ૧ આગળ ૨ પડખે (બંને પાસે) તેમજ ૩ અત્યંત નજીક અડકીને ૧ ચાલતાં - ૨ ઊભા રહેતાં અને ૩ બેસતાં આશાતના લાગે છે. પરંતુ જો ખાસ અગત્યના કારણસર તેમ કરવું પડે તો આશયશુદ્ધિથી અને અધિક લાભના કારણથી આશાતના દોષ ગણાતો નથી. એમ દરેકના ત્રણ ત્રણ ભેદ કરતાં તેના ૯ ભેદ થઈ શકે છે. ૧૦ ગુરુ મહારાજ પહેલાં ભોજન વખતે ચળુ કરી લેવાથી કે આચમન લેવાથી દોષ લાગે. ૧૧ બહારથી ગુરુ સાથે આવ્યા છતાં જો ગુરુ મહારાજ થકી પહેલાં ગમણાગમણે આલોવે એટલે 'ઇરિયાવહી' પડિક્કમે તો ગુરુનો અનાદર વિનયભંગ કરવારૂપ દોષ લાગે. ૧૨ રાત્રિએ સંથારો કર્યા બાદ ગુરુ મહારાજ કંઈ પૂછે કે બોલાવે ત્યારે સાંભળ્યું નહિ સાંભળ્યું કરી કશો ઉત્તર નહિ આપતાં કેવળ મૌન જ ધારી રહે તો આશાતના લાગે. ૧૩ ગુરુ પાસે આવેલા કોઈ ગૃહસ્થાદિકને વશ કરી લેવા ગુરુ મહારાજ તેમને બોલાવે તે પહેલાં પોતે બોલાવી લે તો ગુરુ-આશાતના લાગે. ૧૪ ભિક્ષાવૃત્તિથી આણેલાં આહાર-પાણી પ્રમુખ ગુરુ મહારાજ પાસે જ પ્રથમ હાજર કરી દેવાં જોઈએ અને ગોચરી પણ ત્યાંજ આલોવવી જોઈએ, તેને બદલે તેમ નહિ કરતાં,તે સંબંધે ઇચ્છા મુજબ વર્તતાં એટલે ગુરુ પહેલાં ઉતાવળ કરી આવેલી ગોચરી કોઈ સાધુ જોઈ લે તેમજ ૧૫ ગુરુ પહેલાં બીજાને બતાવી દે તો દોષ લાગે. ૧૬ આવેલાં આહાર પાણી વાપરવા બીજાને નિમંત્રણ કરીને પછી ગુરુ મહારાજને નિમંત્રણ કરે તો તેથી અનાદરદોષ લાગે. ૧૭ ખાદ્ય મધુર પદાર્થ ભિક્ષામાં આવેલો જાણી આપઇચ્છાએ ગુરુને પૂછ્યા વગર પોતે ગમે તેને આપી દે, તો આશાતના લાગે. ૧૮ સરસ સ્નિગ્ધ પદાર્થ આવેલો હોય તો તે ગુર્વાદિકને નહિ આપતાં પોતે જ આરોગી જાય તો ગુરુ-આશાતના લાગે. ૧૯ ગુરુ મહારાજ સાદકરી બોલાવે ત્યારે બહેરાની જેમ કશો પણ ઉત્તર પાછો ન આપે, શૂન્યવત્ બેસી રહે તો દોષ લાગે. ૨૦ જયારે કોઈ વડિલ સાધુ સાદ કરે ત્યારે સામા થઈ જેમ આવે તેમ બોલે - આ મારી કેડે લાગ્યા છે, મને જ દેખ્યો છે, આમની સાથે ક્યાંથી પનારે પડ્યા, ઇત્યાદિક કટુ ભાષણ કરતાં દોષ લાગે. ૨૧ ગુરુ પાસે જઈ નમ્રપણે જવાબ દેવાને બદલે પોતાના આસને બેઠા બેઠા ઉત્તર આપવાથી ગુરુ-આશાતના લાગે. ૨૨ શું કહો છો ? શું છે ? કહોને ? ઇત્યાદિક વિનયરહિત ભાષણ ગુરુ સાથે કરતાં આશાતના લાગે. ૨૩ કંઈ કામ કરવા ગુરુ મહારાજ શિષ્યને બોલાવે ત્યારે તોછડાઈ ભરેલી રીતે બોલે કે તમે જ કરોને ? મને શા માટે કહો છો ? — આમ તુંકારાદિ દેતાં ગુરુ-આશાતના લાગે. ૨૪ વાહ ! અમને જ દીઠા છે ને ! તમે જાતે કેમ કરતા નથી ? અથવા બીજા શિષ્યને કરવા કેમ કહેતા નથી ? એમ ગુરુ મહારાજની તર્જના કરતાં ગુરુ-આશાતના લાગે. ૨૫ ગુર્વાદિક વડિલ સાધુઓને વ્યાખ્યાન પ્રમુખ કરતાં દેખી શિષ્ય દુમણો થાય પણ પ્રમુદિત ન થાય તો ગુરુ આશાતના લાગે અથવા ગુર્વાદિક વડિલનો કોઈ રાગી હોય તેને દેખી દુમણો થાય તો

તેથી પણ ગુરુ-આશાતના લાગે. ૨૬ ગુરુ મહારાજ વ્યાખ્યાનાદિક કરતા હોય ત્યારે 'એ તમે ભૂલી ગયા છો, આ વાત તમને યાદ નથી, એનો અર્થ એ ન હોય' ઇત્યાદિક અનુચિત વચન બોલતાં ગુરુ-આશાતના લાગે. ૨૭ અથવા એ બાબત હું તમને પછી સારી રીતે સમજાવીશ એમ આપ ડહાપણ બતાવવા સભા સમક્ષ બોલી, ચાલતી કથાનો ભંગ કરે તો તેથી ગુરુઆશાતના લાગે. ૨૮ અથવા એવે અવસરે આવીને શિષ્ય કહે કે 'મહારાજ ! પોરસીવેળા કે આહારવેળા થઈ ગઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંકિંચિ મિચ્છાએ, મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ,**

જે કાંઈ મિથ્યાભાવરૂપ મન સંબંધી પાપ, વચન સંબંધી પાપ, શરીરસંબંધી પાપ થયા હોય.

**કોહાએ, માણાએ, માયાએ, લોભાએ,**

ક્રોધરૂપ, માનરૂપ, માયારૂપ, લોભરૂપ, આશાતનાએ કરીને.

શબ્દાર્થ - **આવસ્સિઆએ**-આવશ્યક ક્રિયા સેવતાં લાગેલા અતિચારથી, **પડિક્કમામિ**-હું નિવર્તું છું, **ખમાસમણાણં**-ક્ષમાશ્રમણ સંબંધી, **તિત્તીસન્નયરાએ**-તેત્રીશ આશાતનામાંથી, **દેવસિઆએ આસાયણાએ**-દિવસે થયેલી આશાતનાએ કરી, **જંકિંચિ**-જે કાંઈ, **મિચ્છાએ**-મિથ્યાભાવરૂપ આશાતનાએ કરીને, **મણદુક્કડાએ**-મન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, **વયદુક્કડાએ**-વચન સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, **કાયદુક્કડાએ**-શરીર સંબંધી પાપ તે રૂપ આશાતનાએ કરીને, **કોહાએ**-ક્રોધરૂપ આશાતનાએ કરીને, **માણાએ**-માનરૂપ આશાતનાએ કરીને, **માયાએ**-માયારૂપ આશાતનાએ કરીને, **લોભાએ**-લોભરૂપ આશાતનાએ કરીને.

**અર્થ** - હે ક્ષમાશ્રમણ તપસ્વી ! આવશ્યક ક્રિયા આદિ કરતાં (ચરણ સિત્તરી અને કરણ સિત્તરીમાં) લાગેલા અતિચારથી અને દિવસ સંબંધી થયેલી આશાતનામાં તેત્રીશ આશાતનામાંથી જે કાંઈ મારા વડે મિથ્યાભાવરૂપ આશાતના થઈ હોય તેવી મનસંબંધી પાપરૂપી આશાતના, વચન સંબંધી પાપરૂપી આશાતના, કાયાસંબંધી પાપરૂપી આશાતના થઈ હોય, ક્રોધરૂપ, માનરૂપ, માયારૂપ અને લોભરૂપ આશાતનાઓ કરીને.

**સવ્વકાલિઆએ, સવ્વમિચ્છોવયારાએ, સવ્વધમ્માઇક્કમણાએ, આસાયણાએ,**

---

છે' એમ કહીને પર્ષદાનો ભંગ કરે તો ગુરુઆશાતના લાગે. ૨૯ અથવા પર્ષદા ઊઠી ગઈ ન હોય એટલામાં ડહાપણ બતાવવા માટે ગુરુ મહારાજે વ્યાખ્યાનમાં કહેલી જ વાત વધારે વિસ્તારી કહી બતાવે તો ગુરુ આશાતના લાગે. ૩૦ ગુરુ સંબંધી શય્યા-સંથારા પ્રમુખને પોતાના પગ વગેરેથી સંઘટ્ટ કરી પાછું ખમાવે નહિ તો આશાતના લાગે. ૩૧ ગુરુની શય્યા કે સંથારાદિક ઉપર પોતે બેસે કે આળોટે કે અસભ્ય રીતે તેનો સ્પર્શ કરે તો ગુરુ આશાતના લાગે. ૩૨ ગુરુ થકી ઊંચા આસને બેસે અથવા ગાદી કરી બેસે અથવા ગુરુ જેવાં કે તેથી અધિક મૂલ્યવાળાં વસ્ત્ર વાપરે તો દોષ લાગે. ૩૩ ગુરુ જેવા સમાન આસન ઉપર બેસે અથવા ગુરુ જેવાં સમાન વસ્ત્ર લઈ વાપરે તો ગુરુઆશાતના લાગે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર (કૂડ, કપટ) રૂપ આશાતનાએ કરીને, સર્વ ધર્મકરણીને અતિક્રમવા રૂપ, આશાતનાએ કરીને,

**જો મે અઈઆરો કઓ, તસ્સ ખમાસમણો !**

જે મેં અતિચાર કર્યા હોય તે સંબંધી ક્ષમાશ્રમણ તપસ્વી !

**પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥**

પાછો હઠું છું આત્મસાક્ષીએ નિંદું છું, ગુરુ સાક્ષીએ વિશેષે કરી નિંદું છું, મારા આત્માને પાપ થકી વોસિરાવું છું.

**શબ્દાર્થ** - **સવ્વકાલિઆએ**-સર્વકાળ સંબંધી, **સવ્વમિચ્છોવયારાએ**-સર્વ મિથ્યા ઉપચાર (કૂડ, કપટ) રૂપ આશાતનાએ કરીને, **સવ્વધમ્માઈક્કમણાએ**-સર્વધર્મ કરણીને અતિક્રમવારૂપ આશાતનાએ કરીને, **આસાયણાએ**-આશાતનાએ કરીને, **જો**-જે, **અઈઆરો**-અતિચાર, **કઓ**-કર્યો હોય.

**અર્થ** - સર્વ કાળ સંબંધી, સર્વ મિથ્યા ઉપચાર અર્થાત્ કૂડ અને કપટરૂપ આશાતના કરીને, સર્વધર્મકરણીને દોષથી કરીને કરેલી આશાતના જે મારા જીવે જે અતિચાર કર્યા હોય તેને હે ક્ષમાશ્રમણ તપસ્વી ! આત્મસાક્ષીએ નિંદું છું, ગુરુની સાક્ષીએ વિશેષ નિંદું છું, તેનાથી હું પાછો ફરું છું, પાપરૂપ મારા આત્માનો ત્યાગ કરું છું.

---

## (૩૦) શ્રી દેવસિઅં આલોઉં
## (દિવસના અતિચાર બોલવાનું) સૂત્ર

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં આલોઉં ?**

ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો હે ભગવન્ ! દિવસ સંબધી અતિચાર પ્રકાશું ?

**ઇચ્છં, આલોએમિ જો મે દેવસિઓ૦**

આપનું વચન અંગીકાર કરું છું અને પ્રકાશું છું, જે મેં દિવસ સંબંધી.

**શબ્દાર્થ** - **દેવસિઅં**-દિવસ સંબંધી અતિચાર, **આલોઉં**-પ્રકાશું, **ઇચ્છં આલોએમિ**-આપનું વચન અંગીકાર કરું છું અને પ્રકાશું છું, **જો**-જે, **મેં**-મેં, **દેવસિઓ**-દિવસ સંબંધી.

**અર્થ** - હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક-આપની ઇચ્છા હોય તો દિવસ સંબંધી અતિચારો (પાપો) કર્યા હોય તેને આલોચવા (પ્રકાશિત કરવા) આજ્ઞા આપો – જે મેં દિવસ સંબંધી અતિચાર કર્યા હોય તેને પ્રકાશું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩૧) શ્રી સાત લાખ (જીવહિંસાની આલોચના કરવાનું) સૂત્ર

***સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્‌કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, ચૌદ લાખ મનુષ્ય એવંકારે ચોરાશી લાખ જીવ યોનિમાંહે માહરે જીવે જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય, તે સવિહુ મને, વચને કાયાએ કરી, મિચ્છામિ દુક્કડં ॥**

**અર્થ** - સાત લાખ પ્રકારના પૃથ્વીકાયના જીવો (માટી, ઢેફું, પથ્થર વગેરે), સાત લાખ પ્રકારના પાણીના શરીરવાળા જીવો (પાણી, ઝાકળ, બરફ, ધુમ્મસ વગેરે), સાત લાખ પ્રકારના અગ્નિકાયના જીવો (લાઈટ, બલ્બ, મસાલ વગેરે), સાત લાખ પ્રકારના પવનના શરીરવાળા જીવો (રજકણ, હવા વગેરે), દશ લાખ પ્રકારના પ્રત્યેક વનસ્પતિકાયના જીવો (ફળ, ફૂલ, મૂળ, બી, પાંદડુ વગેરે), ચૌદ

---

* અહીં પૃથ્વીકાયાદિના સાત લાખ ભેદ કેવી રીતે થાય છે તે જણાવે છે. અત્રે જીવોના ચોરાશી લાખ ઉત્પત્તિ સ્થાન-યોનિ બતાવેલા છે.

યોનિના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન સરખા હોય તેવી અનેક યોનિના સમુદાયને એક યોનિ ગણેલ છે.

**વર્ણ** - ૫ લાલ પીળો, લીલો, કાળો, સફેદ.

ગંધ - ૨ સુગંધ, દુર્ગંધ.

**રસ** - ૫ તીખો, કડવો, ખાટો, મધુર, ખારો.

**સ્પર્શ** - ૮ સ્નિગ્ધ, રુક્ષ, ઉષ્ણ, શીત, કર્કશ, લીસો, કઠણ, નરમ.

**સંસ્થાન** - ૫ વૃત્ત, પરિમંડલ, ચોરસ, લંબચોરસ, ત્રિકોણ.

૫x૨x૫x૮x૫=૨૦૦૦ યોનિના ભેદ

તેમાં પૃથ્વીકાયના મૂળ ભેદ ૩૫૦x૨૦૦૦=૭ લાખ પૃથ્વીકાયના ઉત્પત્તિ સ્થાન થાય.

તેવી જ રીતે અપ્‌કાય, તેઉકાય, વાઉકાયના મૂળ ભેદ ૩૫૦ છે. એટલે ૭ લાખ સ્થાન થશે.

પ્રત્યેક વનસ્પતિકાયના મૂળ ભેદ ૫૦૦x૨૦૦૦=૧૦ લાખ ઉત્પત્તિ સ્થાન.

સાધારણ વનસ્પતિકાયના મૂળ ભેદ ૭૦૦x૨૦૦૦=૧૪ લાખ ઉત્પત્તિ સ્થાન.

દેવતા, નારક, તિર્યંચ, પંચેન્દ્રિયના મૂળ ભેદ ૨૦૦x૨૦૦૦=૪ લાખ ઉત્પત્તિ સ્થાન.

મનુષ્યના મૂળ ભેદ ૭૦૦x૨૦૦૦=૧૪ લાખ ઉત્પત્તિ સ્થાન.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખપ્રકારના સાધારણ વનસ્પતિકાયના જીવો (એક શરીરમાં અનંતા જીવો), બે લાખ પ્રકારના બેઇંદ્રિય (શંખ, કોડી, અળસિયા વગેરે), બે લાખ પ્રકારના તેઇંદ્રિય (કીડી, મંકોડા વગેરે), બે લાખ પ્રકારના ચઉરિંદ્રિય (મચ્છર, વીંછી વગેરે), ચાર લાખ પ્રકારના દેવતાઓ (વૈમાનિક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીના દેવતાઓ), ચાર લાખ પ્રકારના નારકીઓ, ચાર લાખ પ્રકારના તિર્યંચ પંચેંદ્રિય (તિર્યંચ-પશુ, પંખી) ચૌદ લાખ પ્રકારના મનુષ્યો. એ પ્રમાણે ચોરાશી લાખ પ્રકારની જે જીવોની યોનિ છે તેમાંથી (તેયોનિઓમાંથી) મારા જીવે (વડે) જે કોઈ જીવને હણ્યો હોય, કોઈની પાસે હણાવ્યો હોય અને હણનારની પ્રશંસા કરી હોય તો સર્વ રીતે મન, વચન અને કાયા વડે પાપ કર્યા હોય તો તે પાપ મિથ્યા થાઓ.

---

## (૩૨) શ્રી અઢાર પાપસ્થાનક

## (અઢાર પાપની માફી માગવાનું) સૂત્ર

**પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગ્યારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ અરતિ, સોળમે પર-પરિવાદ, સત્તરમે માયા મૃષાવાદ, અઢારમે મિથ્યાત્વશલ્ય.**

**અર્થ** - બીજાના પ્રાણનો નાશ ચિંતવવો તે પ્રાણાતિપાત, અસત્ય વચન બોલવું તે મૃષાવાદ, પારકી વસ્તુ માલિકની સંમતિ વિના લઈ લેવાની વૃત્તિ તે અદત્તાદાન, વિષય ભોગ ભોગવવાની ઈચ્છા તે મૈથુન,* નવ પ્રકારે બાહ્ય અને ચૌદ પ્રકારે અભ્યંતર વસ્તુ વગેરેની ઇચ્છા તે પરિગ્રહ, બીજાની ઉપર તપી જવું તે ક્રોધ, પ્રાપ્ત અને અપ્રાપ્ત એવી પૌદગલિક વસ્તુનો અહંકાર તે માન, ગુપ્તપણે સ્વાર્થવૃત્તિ સિદ્ધ કરવાની વૃત્તિ (ઇચ્છા) તે માયા, (કપટ) ધનાદિ સંપત્તિને ભેગી કરીને સંગ્રહ કરી રાખવાની અભિલાષા તે લોભ, પૌદ્ગલિક અને નાશવંત વસ્તુ પર પ્રીતિ તે રાગ, અણગમતા જીવાદિ પદાર્થો પ્રત્યે તિરસ્કારવાળી વૃત્તિ (ખાર) તે દ્વેષ, બીજાની સાથે વિખવાદ (કજીઓ) કરવાની વૃત્તિ તે કલહ, નહીં દીઠેલું અને નહીં સાંભળેલું પરજીવ ઉપર આળ દેવું તે અભ્યાખ્યાન, બીજા જીવના દોષની ચાડી ખાવી તે પૈશુન્ય, અનુકૂળ અને પ્રતિકૂળ પ્રસંગોમાં જેમ કે સુખ ને દુઃખમાં હર્ષ (આનંદ) અને શોક (અણગમો=વિષાદ) કરવો તે રતિ-અરતિ, ગુણી અને નિર્ગુણી જીવની નિંદા કરવી તે પર-પરિવાદ, કપટ વૃત્તિ વડે અસત્ય બોલી છળ કરીને લોકોને ઠગવાના પરિણામ તે માયામૃષાવાદ, વ્યવહારથી કુદેવ, કુગુરુ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુધર્મ સેવવાની તીવ્ર અભિલાષા અને નિશ્ચયથી (જિનેશ્વર દેવોના પરમ તારક એવા માર્ગ ઉપરની શ્રદ્ધાનો અભાવ) આત્મ સ્વરૂપના અનુભવને વિઘ્નકર્તારૂપ આત્માનો પરિણામ તે મિથ્યાત્વશલ્ય.

**એ અઢાર પાપસ્થાનકમાંહે મારે જીવે જે કોઈ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય, તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥**

**અર્થ** - એ અઢાર પાપસ્થાનકમાંથી મારા જીવે જે કોઈ પાપ સેવ્યું હોય, કોઈની પાસે સેવરાવ્યું હોય અને સેવનારની જે કાંઈ પ્રશંસા (અનુમોદના) કરી હોય તે મન, વચન અને કાયા વડે સર્વ પાપ મિથ્યા થાઓ અર્થાત્ દૂર થાઓ.

---

## (૩૩) શ્રી વંદિત્તુ (શ્રાવક પ્રતિક્રમણ) સૂત્ર*

(શ્રાવકને ધર્મમાં લાગેલા અતિચારોનું સૂત્ર)

**વંદિત્તુ સવ્વસિદ્ધે, ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ ।**

વંદન કરીને સર્વજ્ઞ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવંતને ધર્મચાર્યને સર્વ સાધુ ભગવંતોને,

**ઇચ્છામિ પડિક્કમિઉં, સાવગધમ્માઇઆરસ્સ ॥૧॥**

ઈચ્છું છું પાછા ફરવા માટે શ્રાવક ધર્મમાં લાગેલા અતિચારથી.

**શબ્દાર્થ** - **વંદિત્તુ**-વાંદીને, **સવ્વસિદ્ધે**-સર્વજ્ઞ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવંતને, **ધમ્માયરિએ**-ધર્માચાર્યને, **સવ્વસાહૂ અ**-આચાર્ય ઉપાધ્યાય વગેરે સર્વ સાધુઓને, **ઈચ્છામિ**-હું ઇચ્છું છું, **પડિક્કમિઉં**-પ્રતિક્રમવાને, **સાવગધમ્માઈઆરસ્સ**-શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચારથી.

**અર્થ** - સર્વજ્ઞ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવંતને, ધર્માચાર્યને તથા સર્વ સાધુ ભગવંતોને વંદન કરીને, શ્રાવક ધર્મમાં લાગેલા અતિચારથી પાછો ફરવા માટે હું ઇચ્છું છું.

**(સામાન્યથી સર્વ વ્રતના અતિચાર તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર-તપ-વિર્ય અને સંલેખનાના અતિચારો)**

**જો મે વયાઈઆરો, નાણે તહ દંસણે ચરિત્તે અ ।**

જે મને વ્રતોને વિષે અતિચાર લાગ્યા હોય, જ્ઞાન તથા દર્શન અને ચારિત્રને વિષે,

**સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ ॥૨॥**

સૂક્ષ્મથી અથવા બાદરથી તેને નિંદું છું અને તેની ગર્હા કરું છું.

---

* શ્રાવકને દિવસ સંબંધી લાગેલા અતિચારને આલોચવાને અર્થે આ સૂત્ર પ્રતિક્રમણમાં સાંજે સૂર્ય અર્ધ અસ્ત પામેલો હોય તે વખતે કહેવાનું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **વયાઈઆરો**-વ્રતોને વિષે અતિચાર લાગ્યા હોય, **નાણે**-જ્ઞાનને વિષે, **તહ**-તથા, **દંસણે**-દર્શનને વિષે, **ચરિત્તે**-ચારિત્રને વિષે, **સુહુમો**-સૂક્ષ્મ, **બાયરો વા**-અથવા બાદર, **તં**-તેને, **નિંદે**-નિંદું છું, **ગરિહામિ**-ગર્હા કરું છું.

**અર્થ** - જ્ઞાનને વિષે તથા દર્શનને વિષે તથા ચારિત્રને વિષે સૂક્ષ્મથી અથવા બાદરથી જે વ્રતના અતિચારો મને લાગ્યા હોય, તેને હું નિંદું છું અને તેની ગર્હા કરું છું.

(ગૃહસ્થને સર્વ પાપનું મૂળ રૂપ પરિગ્રહ આદિના અતિચારનું પ્રતિક્રમણ)

## દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહે અ આરંભે ।

સચિત્ત=ઘોડો આદિ, અચિત્ત=સોનુ આદિ એમ બે પ્રકારના પરિગ્રહ છે અને સાવદ્ય-પાપવાળો એવો બહુ પ્રકારનો આરંભ.

## કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૩॥

કરાવવાથી, કરવાથી અને અનુમોદવાથી પાછો ફરું છું, દિવસ સંબંધી સર્વ અતિચારથી.

**શબ્દાર્થ** - **દુવિહે**-બે પ્રકારનો, **પરિગ્ગહંમિ**-પરિગ્રહ, **સાવજ્જે**-સાવદ્ય-પાપવાળો, **બહુવિહે**-બહુ પ્રકારનો, **આરંભે**-આરંભ, **કારાવણે**-બીજાની પાસે કરાવવાથી, **અ**-અનુમોદવાથી, **કરણે**-પોતાની જાતે કરવાથી, **પડિક્કમે**-હું પડિક્કમું છું, **દેસિઅં**-દિવસ સંબંધી, **સવ્વં**-સર્વ અતિચાર પ્રત્યે.

**અર્થ** - બે પ્રકારનો પરિગ્રહ (સચિત્ત અને અચિત્ત) છે અને સાવદ્ય-પાપવાળો (જિનમંદિર આદિ સિવાયનો) એવો બહુ પ્રકારનો આરંભ. તે બંનેને કરાવવાથી, પોતે કરવા થકી અને બીજા કરનારાઓને અનુમોદવાથી તે સંબધી સર્વ અતિચારથી પાછો ફરું છું. (નોંધ : સચિત્ત-અચિત્ત એ બાહ્ય પરિગ્રહ છે, અને મિથ્યાત્વ અવિરતિ કષાય આદિ તે અભ્યંતર પરિગ્રહ છે.)

---

*** બાહ્ય પરિગ્રહ નવ પ્રકારે** - ધન[૧], ધાન્ય[૨], ક્ષેત્ર[૩], વાસ્તુ[૪], રૂપ્ય[૫] (રૂપું), સુવર્ણ[૬], કુપ્ય[૭] (તાંબુ,પિત્તળ), દ્વિપદ[૮] (બે પગવાળા), ચતુષ્પદ[૯] (ચાર પગવાળા).

**અભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારે** - મિથ્યાત્વ[૧], પુરુષ વેદ[૨], સ્ત્રીવેદ[૩], નપુંસક વેદ[૪], હાસ્ય[૫], રતિ[૬], અરતિ[૭], ભય[૮], શોક[૯], જુગુપ્સા[૧૦], ક્રોધ[૧૧], માન[૧૨], માયા[૧૩], લોભ[૧૪].

(જ્ઞાનાચારના અતિચાર)

## જં બદ્ધમિંદિએહિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં ।

જે બાંધ્યું હોય ઈન્દ્રિયો વડે, ચાર કષાય વડે, અપ્રશસ્ત ભાવ વડે,

## રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૪॥

રાગથી અથવા દ્વેષથી, તેને નિંદું છું અને તેને ગર્હું છું.

**શબ્દાર્થ** - **બદ્ધં**-બાંધ્યું હોય, **ઈંદિએહિં**-ઇંદ્રિયો વડે કરી, **ચઉહિં**-ચાર, **કસાએહિં**-કષાયે કરી, **અપ્પસત્થેહિં**-અપ્રશસ્ત ભાવે કરી, **રાગેણ**-રાગ વડે, **વ**-અથવા, **દોસેણ**-દ્વેષ વડે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - ઈન્દ્રિયો વડે, ચાર કષાયો વડે, અપ્રશસ્ત ભાવ વડે, રાગથી અથવા દ્વેષથી જે અતિચારરૂપ અશુભકર્મ (જ્ઞાનાવરણીય) બાંધ્યું હોય તેને નિંદું છું અને ગર્હું છું.

(દર્શનાચારના અતિચાર)

**આગમણે નિગમણે, ઠાણે ચંકમણે અણાભોગે ॥**

આવતાં જતાં, સ્થાનમાં, આમતેમ ફરતાં, ઉપયોગ વિના,

**અભિઓગે અ નિઓગે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૫॥**

લોકોના આગ્રહથી, પરાધીનતાના કારણે, પડિક્કમું છું. દિવસ સંબંધી સર્વ અતિચારથી.

**શબ્દાર્થ** - **આગમણે**-આવતાં, **નિગમણે**-જતાં, **ઠાણે**-મિથ્યાત્વીના સ્થાને ઊભા રહેતાં, **ચંકમણે**-આમતેમ ફરતાં, **અણાભોગે**-ઉપયોગ વિના, **અભિઓગે**-રાજા અથવા ઘણા લોકોના આગ્રહથી, **નિઓગે**-પરાધીનતાના કારણથી.

**અર્થ** - ઉપયોગરહિતપણે, રાજાના અથવા ઘણા લોકોના આગ્રહથી, તથા પરાધીનતાના કારણથી મિથ્યાત્વીના મંદિરાદિકને વિષે આવતાં જતાં તેમના સ્થાનકે ઊભા રહેતાં, ત્યાં જ આમ તેમ ફરતાં, દિવસ સંબંધી જે અતિચારરૂપ પાપકર્મ બાંધ્યું હોય તે સર્વથી પાછો ફરું છું.

(સમ્યક્ત્વના અતિચાર)

**સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ ।**

જિનવચનમાં (જૈન ધર્મમાં) શંકા, અન્યમતની ઇચ્છા, ધર્મના ફળનો સંદેહ, મિથ્યાત્વીની પ્રશંસા તેમજ મિથ્યાત્વીનો પરિચય,

**સમ્મત્તસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૬॥**

સમ્યક્ત્વના અતિચારમાં પાછો ફરું છું દિવસ સંબંધી સર્વ પાપથી.

**શબ્દાર્થ** - **સંકા**-જિનવચનમાં શંકા, **કંખ**-અન્ય મતની ઇચ્છા, **વિગિચ્છા**-સાધુ-સાધ્વીની મલિનતા દેખી દુગંછા કરવી અથવા ધર્મના ફળનો સંદેહ, **પસંસ**-મિથ્યાત્વીની પ્રશંસા, **તહ**-તેમજ, **સંથવો**-પરિચય. **કુલિંગીસુ**-મિથ્યાત્વીનો, **સમ્મત્તસ્સ**-સમકિતના, **અઈયારે**-અતિચારમાં.

**અર્થ** - જિનવચનમાં શંકા, અન્યમતની ઇચ્છા, ધર્મના ફળનો સંદેહ અથવા સાધુ-સાધ્વીના મલિન ગાત્ર તથા વસ્ત્ર દેખી દુગંછા કરવી, મિથ્યાત્વીની પ્રશંસા તથા તેમનો પરિચય, એ સમ્યક્ત્વના અતિચારમાં દિવસ સંબંધી જે પાપ બાંધ્યું હોય તે સર્વથી પાછો ફરું છું.

(આરંભ - સમારંભોની નિંદા)

**છક્કાય સમારંભે, પયણે અ પયાવણે અ જે દોસા ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ કાયના સમારંભને વિષે પોતે રાંધતાં અથવા બીજા પાસે રંધાવતાં જે દોષ લાગ્યા હોય,

**અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે ॥૭॥**

પોતાના માટે અથવા બીજાને માટે, અથવા બંને માટે, નિશ્ચે તેને નિંદું છું.

**શબ્દાર્થ** - **છક્કાય**-છકાયના, **સમારંભે**-સમારંભને વિષે પ્રવર્ત્તવાથી, **પયણે**-પોતે રાંધતાં, **પયાવણે**-બીજાની પાસે રંધાવતાં, **જે**-જે, **દોસા**-દોષ લાગ્યા હોય, **અત્તટ્ઠા**-પોતાને અર્થે, (માટે) **પરટ્ઠા**-પરને અર્થે, **ઉભયટ્ઠા**-પોતાને તથા પરને બંનેને અર્થે, **ચેવ**-નિશ્ચે.

**અર્થ** - પોતાને માટે તથા બીજા માટે, વળી પોતાને તથા બીજાને એ બંનેને માટે પોતે રાંધતાં, બીજા પાસે રંધાવતાં અને બીજા રાંધતા હોય તેને અનુમોદન દેતાં, છ કાયના સમારંભમાં પ્રવર્ત્તતાં જે દોષ લાગ્યા હોય તેને હું નિંદું છું.

**(સામાન્યથી બાર વ્રતના અતિચાર)**

**પંચણ્હ-મણુવ્વયાણં[1], ગુણવ્વયાણં[2] ચ તિણ્હમઈયારે ।**

પાંચ અણુવ્રતને વિષે, ગુણવ્રત ત્રણને વિષે અતિચાર,

**સિક્ખાણં[3] ચ ચઉણ્હં, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૮॥**

શિક્ષાવ્રતને વિષે ચાર, પાછો ફરું છું દિવસ સંબંધી સર્વથી.

**શબ્દાર્થ** - **પંચણ્હં**-પાંચ, **અણુવ્વયાણં**-અણુવ્રતને વિષે, **ગુણવ્વયાણં**-ગુણવ્રતને વિષે, **તિણ્હં**-ત્રણ, **સિક્ખાણં**-શિક્ષાવ્રતને વિષે, **ચઉણ્હં**-ચાર, **પડિક્કમે**-હું પડિક્કમું છું.

**અર્થ** - પાંચ અણુવ્રતને વિષે, ત્રણ ગુણવ્રતને વિષે, ચાર શિક્ષાવ્રતને વિષે અને તપ-સંલેષણાદિને વિષે, જે દિવસ સંબંધી અતિચાર લાગ્યા હોય તેથી હું પાછો ફરું છું.

**પઢમે અણુવ્વયંમિ, થૂલગ-પાણાઇવાયવિરઈઓ ।***

---

૧. સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી પ્રાપ્ત થાય માટે અનુવ્રત અને મહાવ્રતની અપેક્ષાએ ન્હાનાં માટે અણુવ્રત તે પાંચ છે, તે પાંચ મૂળ ગુણ છે.

૨. મૂળ ગુણોને વિશેષ પ્રકારે ગુણ કરવાવાળા (પુષ્ટિવાળા) તેથી ગુણવ્રત તે ત્રણ છે.

૩. શિષ્યને વિદ્યા ગ્રહણની પેઠે વારંવાર સેવન કરવા યોગ્ય હોવાથી શિક્ષાવ્રત, (સંયમની તાલિમરૂપ વ્રત) તે ચાર છે. બાર વ્રત માંહેલા પહેલાં આઠ વ્રતો યાવત્કથિત (કાયમના) અને આ શિક્ષાવ્રત ઇત્વરકાલિક (થોડા કાળ માટેના)સમજવાં.

* અહીં કોઈ કોઈ શંકા કરે કે પ્રાણાતિપાત વિરમણ વ્રતવાળાને વધાદિ અતિચાર લાગે નહિ. કારણ કે પ્રાણાતિપાત શબ્દે વધાદિનું ગ્રહણ થઈ શકે નહિ તેથી અતિચાર ન લાગે. તેને માટે ઉત્તર આપે છે કે - મુખ્યતાએ પ્રાણાતિપાતનું જ પચ્ચક્ખાણ થાય છે. તો પણ વધાદિક પ્રાણાતિપાતના હેતુ હોવાથી તેનું પણ પચ્ચક્ખાણ આવી ગયું. માટે વધાદિક કરવાથી અતિચાર લાગે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલા અણુવ્રતને વિષે, સ્થૂલ પ્રાણાતિપાતની વિરતિનું ઉલ્લંઘન કરીને,

**આચરિય-મપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૯॥**

જે આચરણ અપ્રશસ્તભાવે વર્તતાં સેવ્યાં હોય, અહીંયાં પ્રમાદના પ્રસંગથી.

**શબ્દાર્થ** - **પઢમે**-પહેલાં, **અણુવ્વયંમિ**-અણુવ્રતને વિષે, **થૂલગ**-સ્થૂલ, **પાણાઈવાય**-પ્રાણાતિપાતની, **વિરઈઓ**-વિરતિનું ઉલ્લંઘન કરીને, **આયરિઅં**-જે આચરણ સેવ્યાં હોય, **અપ્પસત્થે**-અપ્રશસ્તભાવે વર્તતાં, **ઈત્થ**-અહીંયા, **પમાયપ્પસંગેણં**-પ્રમાદના પ્રસંગથી.

**અર્થ** - અહીંયા પહેલાં અણુવ્રતને વિશે પ્રમાદના પ્રસંગે અપ્રશસ્તભાવે વર્તવાથી સ્થૂલ પ્રાણાતિપાતની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યાં હોય તે જેમ કે.

(પહેલા વ્રતના અતિચાર)

**વહ બંધ છવિચ્છેએ, અઈભારે ભત્તપાણવુચ્છેએ ।**

જીવને મારવો, દોરડા વડે બાંધવો, તેના અવયવને છેદવાં, અતિભાર મૂકવો, ભાતપાણી ચારાનો અંતરાય કરવો.

**પઢમવયસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૦॥**

આ પહેલા વ્રતના અતિચારને વિષે, પાછો ફરું છું. દિવસ સંબંધી સર્વથી.

**શબ્દાર્થ** - **વહ**-જીવને મારવો, **બંધ**-દોરડા વડે બાંધવો, **છવિચ્છેએ**-તેના અવયવને છેદવાં, **અઈભારે**-તેના ઉપર ઘણો ભાર ભરવો, **ભત્તપાણ**-ભાતપાણી-ચારાનો, **વુચ્છેએ**-અંતરાય કરવો, **પઢમવયસ્સ**-આ પહેલા વ્રતના, **ઈઆરે**-અતિચાર મધ્યે.

**અર્થ** - મારવો, દોરડા વડે બાંધવો, તેના અંગોને છેદવા, તેના ઉપર અતિભાર મૂકવો, તેને ભાત-પાણી-ચારાનો અંતરાય કરવો, પહેલા વ્રતના અતિચાર વિષે જે અતિચાર દિવસ સંબંધી લાગ્યા હોય તે સર્વથી હું પાછો ફરું છું.

(બીજા વ્રતના અતિચાર)

**બીએ અણુવ્વયંમિ, પરિથૂલગ-અલિઅવયણ વિરઈઓ ।**

બીજા અણુવ્રતને વિષે, અતિમોટા જૂઠા વચનની વિરતિનું ઉલ્લંઘન કરીને,

**આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૧॥**

જે આચરણ અપ્રશસ્તભાવે વર્તતાં સેવ્યાં હોય, અહીંયા પ્રમાદના પ્રસંગથી.

**શબ્દાર્થ** - **બીએ**-બીજા, **અણુવ્વયંમિ**-અણુવ્રતને વિષે, **પરિથૂલગ**-અતિ મોટા, **અલિઅવયણ**-જુઠા વચનની, **વિરઈઓ**-વિરતિનું ઉલ્લંઘન કરીને.

**અર્થ** - અહીંયા બીજા અણુવ્રતને વિષે, પ્રમાદના પ્રસંગે અપ્રશસ્તભાવમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તતા અતિશયે કરીને* મોટાં જુઠાણાની વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ કર્યું હોય તે જેમકે.

**સહસા રહસ્સ દારે, મોસુવએસે અ કૂડલેહે અ ।**

અણવિચારે, એકાંતે (છાની વાત કરનાર ઉપર રાજ્ય વિરુદ્ધ ગુન્હો મૂકતાં), સ્ત્રીએ કહેલી વાત પ્રગટ કરતાં, ખોટો ઉપદેશ આપતાં, જુઠા દસ્તાવેજ કરવા,

**બીઅવયસ્સ-ઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૨॥**

બીજા વ્રતના અતિચારને, હું પડિક્કમું છું દિવસ સંબંધી સર્વ.

**શબ્દાર્થ** - **સહસા**-અણવિચારે, **રહસ્સ**-એકાંતે-છાની વાત કરનાર ઉપર રાજ્ય વિરુદ્ધ ગુન્હો મૂકતાં, **દારે**-સ્ત્રીએ કહેલી વાત પ્રગટ કરતાં, **મોસુવએસે**-ખોટો ઉપદેશ આપતાં, **કૂડલેહે**-જુઠા દસ્તાવેજ કરવા, **બીઅ**-બીજા, **વયસ્સઈયારે**-વ્રતના અતિચારને.

**અર્થ** - અણવિચારે કોઈના ઉપર આળ મૂકતાં, એકાંતે છાની વાત કરનાર ઉપર રાજ્ય વિરુદ્ધ ગુન્હો મૂકતાં. સ્ત્રીએ કહેલી વાત પ્રગટ કરતાં, ખોટા ઉપદેશ આપતાં અને જૂઠા દસ્તાવેજ કરતાં, બીજા વ્રતને વિશે જે કોઈ અતિચાર લાગ્યો હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું. (હું પાછો પડું છું.)

(ત્રીજા વ્રતના અતિચાર)

**તઈએ અણુવ્વયંમિ, થૂલગપરદવ્વહરણવિરઈઓ ।**

ત્રીજા અણુવ્રતને વિશે, બાદરપણે બીજાના દ્રવ્યના હરણની વિરતિનું ઉલ્લંઘન કરીને,

**આયરિઅમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૩॥**

જે આચરણ અપ્રશસ્તભાવે સેવ્યાં હોય, અહીંયા પ્રમાદના પ્રસંગથી.

**શબ્દાર્થ** - **તઈએ**-ત્રીજા, **અણુવ્વયંમિ**-અણુવ્રતને વિષે, **થૂલગ**-મોટા

---

* ૧ મોટાં જૂઠાણાં પાંચ છે તે આ પ્રમાણે : ૧. દ્વેષાદિ વડે અવિષકન્યાને વિષકન્યા કહેવી વગેરે કન્યા સંબંધી ફેરફાર બોલવું તે **કન્યાલીક**. ૨. થોડાં દૂધવાળી ગાય (ઉપલક્ષણથી દૂઝણાં જનાવર)ને ઘણાં દૂધવાળી અને ઘણાં દૂધવાળીને થોડા દૂધવાળી કહેવી ઇત્યાદિક કહેવું તે **ગવાલીક**. ૩. પારકી ભૂમિને પોતાની ભૂમિ કહેવી વગેરે **ભૂમ્યલીક**. ૪. ધન-ધાન્યાદિ પારકી થાપણ રાખી હોય છતાં નથી રાખી એમ જૂઠું બોલી ઓળવવી તે **ન્યાસાપહાર**. (અદત્ત વસ્તુને રાખવાથી અદત્તાદાન લાગે છે, છતાં વચનની મુખ્યતા હોવાથી અહીં મૃષાવાદપણું પણ ગણ્યું છે.) અને ૫. લાંચ લઈને અગર મત્સર (ઇચ્છા) વડે ખોટી સાક્ષી પૂરવી તે **કૂટસાક્ષિત્વ**. આ પાંચ પૈકી પહેલામાં દ્વિપદ સર્વ સંબંધી અને બીજામાં ચતુષ્પદ સર્વ સંબંધી અલીકનો સમાવેશ થાય છે. ન્યાસાપહાર તથા કૂટસાક્ષિત્વ એ બેનો દ્વિપદાદિના જૂઠાણામાં અંતર્ભાવ (સમાવેશ) થાય છે, છતાં પણ લોકમાં અત્યંત નિંદિત હોવાથી જૂદાં ગણ્યાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(બાદરપણે) **પરદવ્વ**-પારકા દ્રવ્યના, **હરણ**-હરણથી.

**અર્થ** - અહીંયાં ત્રીજા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી અપ્રશસ્તભાવે વર્તતાં થકાં, બાદરપણે પરદ્રવ્યના હરણથી વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યું હોય તે જેમકે.

**તેનાહડપ્પઓગે, તપ્પડિરૂવે વિરુદ્ધગમણે અ ।**

ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી, ખોટી વસ્તુને ખરી જેવી કરી વેચવી, દાણચોરી વગેરે રાજ્ય વિરુદ્ધ આચરણ કરવું,

**કૂડતુલકૂડમાણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૪॥**

ખોટા તોલ રાખવાં, ખોટા માપ રાખવાં વગેરે હું પડિક્કમું છું. દિવસ સંબંધી સર્વ અતિચારને.

**શબ્દાર્થ** - **તેનાહડપ્પઓગે**-ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી, **તપ્પડિરૂવે**-ખોટી વસ્તુને ખરી જેવી કરી વેચવી, **વિરુદ્ધગમણે**-દાણચોરી વગેરે રાજ્ય વિરુદ્ધ આચરવું, **કૂડતુલ**-ખોટા તોલ રાખવા, **કૂડમાણે**-ખોટાં માપ રાખવાં.

**અર્થ** - ચોરની આણેલી વસ્તુ અર્થાત્ ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી, ખોટી વસ્તુ ખરી જેવી કરી વેચવી, દાણચોરી પ્રમુખ રાજ્ય વિરુદ્ધ આચરવા અગર શત્રુ રાજાના દેશમાં રાજ્ય તરફથી જવાનો નિષેધ કર્યો હોય છતાં વ્યાપારાદિ પ્રસંગે જતાં ખોટાં તોલ રાખવા, ખોટાં માપ રાખવા, તેથી જે પાપ લાગ્યું હોય તે દિવસ સંબંધી સર્વને હું પડિક્કમું છું.

**(ચોથા વ્રતના અતિચાર)**

**ચઉત્થે અણુવ્વયંમિ, નિચ્ચં પરદારગમણ-વિરઈઓ ।**

ચોથા અણુવ્રતને વિષે, નિરંતર પરદારા સાથે ગમન કરવાની વિરતિનું ઉલ્લંઘન કરીને,

**આયરિઅમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૫॥**

જે આચરણ અપ્રશસ્તભાવે અહીંયા પ્રમાદના પ્રસંગથી સેવ્યાં હોય.

**શબ્દાર્થ** - **ચઉત્થે**-ચોથા, **નિચ્ચં**-નિત્યે, **અણુવ્વયંમિ**-અણુવ્રતને વિષે, **પરદારગમણ**-પરસ્ત્રી સાથે ગમન કરવાથી.

**અર્થ** - અહીંયા ચોથા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી, અપ્રશસ્તભાવે વર્તવાથી નિરંતર પરદારા સાથે ગમન કરવાથી વિરતિનું ઉલ્લંઘન કરીને જે આચરણ સેવ્યું હોય તે જેમ કે.

**અપરિગ્ગહિઆ ઇત્તર, અણંગ વિવાહ તિવ્વ-અણુરાગે ।**

કુંવારી કન્યા અથવા વિધવાની સાથે, બીજાએ થોડા વખત માટે રાખેલી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેશ્યાની સાથે વિષય સેવવો, ભિન્ન અંગોથી ક્રીડા કરવી, પોતાના પુત્ર-પુત્રી સિવાય બીજાના વિવાહ કરવા, કામભોગને વિશે તીવ્ર અનુરાગ કરવો,

***ચઉત્થવયસ્સ-ઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૬॥**

ચોથા વ્રતના અતિચાર વિષે પડિક્કમું છું દિવસ સંબંધી સર્વ અતિચારને.

**શબ્દાર્થ** - **અપરિગ્ગહિઆ**-કુંવારી કન્યા અથવા વિધવાની સાથે વિષય સેવવો, **ઈત્તર**-બીજાએ થોડા વખત માટે રાખેલી વેશ્યાની સાથે વિષય સેવવો, **અણંગ**-ભિન્ન અંગોથી ક્રીડા કરવી, **વિવાહ**-પોતાના પુત્ર-પુત્રી સિવાય બીજાના વિવાહ કરવા, **તિવ્વઅણુરાગે**-કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો, **ચઉત્થ**-ચોથા.

**અર્થ** - કુંવારી કન્યા અથવા વિધવાની સાથે મૈથુન કરવું, બીજાએ થોડા વખત માટે રાખેલી વેશ્યાની સાથે મૈથુન કરવું, અનંગક્રીડા કરવી, પોતાના પુત્ર-પુત્રી સિવાય બીજાના વિવાહ કરવા, કામભોગને વિષે તીવ્ર અનુરાગ કરવો, ચોથા વ્રતના અતિચારમાં જે કોઈ અતિચાર દિવસ સંબંધી મને લાગ્યો હોય તે સર્વને હું પડિક્કમું છું.

(પાંચમા વ્રતના અતિચાર)

**ઈત્તો અણુવ્વએ પંચમંમિ, આયરિઅમપ્પસત્થંમિ ।**

એ પછી અણુવ્રતને વિષે પાંચમા આચરણના અપ્રશસ્તભાવમાં વર્તતા,

**પરિમાણપરિચ્છેએ, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૭॥**

પરિગ્રહના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી, અહીંયા પ્રમાદના પ્રસંગ થકી.

**શબ્દાર્થ** - **ઈત્તો**-એ પછી, **અણુવ્વએ**-અણુવ્રતને વિષે, **પંચમંમિ**-પાંચમા, **પરિમાણપરિચ્છેએ**-પરિગ્રહના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી.

**અર્થ** - એ પછી, અહીંયા પાંચમા અણુવ્રતને વિષે પ્રમાદના પ્રસંગ થકી, અપ્રશસ્તભાવે વર્તવાથી પરિગ્રહના પ્રમાણની વિરતિનું ઉલ્લંઘન કરી, જે આચરણ સેવ્યું હોય તે જેમ કે.

***ધણધન્ન ખિત્તવત્થૂ, રૂપ્પસુવન્ને અ કુવિઅ-પરિમાણે ।**

---

* આ ચોથું વ્રત બે પ્રકારે ગ્રહણ થઈ શકે છે, તેથી સ્વદારા સંતોષીને છેલ્લા ત્રણ અતિચાર અને પહેલા બે સેવાય તો વ્રત ભંગ જ થાય અને પરસ્ત્રીગમનવિરમણવાળાને પાંચ અતિચાર સમજવા. અહીં પુરુષને સ્ત્રી આશ્રયી કહ્યું છે, તે પ્રમાણે સ્ત્રીને પુરુષ આશ્રયી અતિચાર, અનાચાર વગેરે સમજી લેવું.

* ધન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે : ૧. ગણી શકાય તે **ગણિમ**-સોપારી નાળીએર વગેરે. ૨. તોળી શકાય તે **ધરિમ**-ગોળ, ઘી વગેરે. ૩. માપી શકાય **તે મેયં**-કાપડ, જમીન, તેલ, દૂધ વગેરે અને ૪. પરીક્ષા કરવા યોગ્ય તે **પરિછેદ્ય**-માણેક, મોતી, રૂપા, નાણું વગેરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન-ધાન્ય, ખેતર-ઘરહાટ, રૂપું-સોનું અને રૂપા સોના સિવાયની ધાતુની વસ્તુઓને પરિમાણ ઉપર રાખવાથી,

**દુપએ ચઉપ્પયંમિ ય, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૮॥**

બે પગવાળા અને ચાર પગવાળા વિષે, હું પડિક્કમું છું, દિવસ સંબધી અતિચારને.

**શબ્દાર્થ** - **ધણ**-ધન, **ધન્ન**-ધાન્ય, **ખિત્ત**-ક્ષેત્ર, **વત્થુ**-ઘર-હાટ, **રૂપ્પ**-રૂપું, **સુવન્ને**-સોનું, **કુવિઅ**-સોના રૂપા સિવાય બીજા ધાતુઓની વસ્તુઓને, **પરિમાણે**-પરિમાણ ઉપરાંત રાખવાથી, **દુપએ**-દાસદાસીઓ વગેરે બે પગવાળાં, **ચઉપ્પયંમિ**-ઘોડા વગેરે ચાર પગવાળાં પ્રાણીઓને.

**અર્થ** - ધન-ધાન્ય, ખેતર-ઘરહાટ, રૂપું-સોનું અને રૂપા સોના સિવાય બીજી ધાતુની વસ્તુઓને પરિમાણ ઉપરાંત રાખવાથી તથા દાસ-દાસી વગેરે બે પગવાળા અને ઘોડા વગેરે ચાર પગવાળાં પ્રાણીઓને પરિમાણ ઉપરાંત રાખવાથી લાગેલા દિવસ સંબંધી સર્વ અતિચારને હું પડિક્કમું છું.

**(છટ્ઠા વ્રતના અતિચાર)**

**ગમણસ્સ ઉ પરિમાણે, દિસાસુ ઉડ્ઢં અહે અ તિરિઅં ચ ।**

જવાના પરિમાણથી અધિક જતાં દિશાને વિષે ઉર્ધ્વદિશામાં, અધોદિશામાં અને તિર્ચ્છી દિશામાં,

**વુડ્ઢી સઈઅંતરદ્ધા, પઢમંમિ ગુણવ્વએ નિંદે ॥૧૯॥**

પરિમાણ વધારતાં, માર્ગમાં અમુક હદની સ્મૃતિનો ભ્રંશ થવાથી વધારે જતાં, પહેલા ગુ-વ્રતને વિષે અતિચારને નિંદુ છું.

**શબ્દાર્થ** - **ગમણસ્સ**-જવાના, **પરિમાણે**-પરિમાણથી અધિક જતાં, **દિસાસુ**-દિશામાં, **ઉડ્ઢં**-ઉર્ધ્વદિશામાં, **અહે**-અધોદિશામાં, **તિરિઅં**-તિર્છી દિશામાં, **વુઢ્ઢિ**-પરિમાણ વધારતાં, **સઈઅંતરદ્ધા**-માર્ગમાં અમુક હદની સ્મૃતિનો ભ્રંશ થવાથી વધારે જતાં, **ગુણવ્વએ**-ગુણવ્રતને વિષે.

**અર્થ** - દિશાઓને વિષે ઉર્ધ્વદિશામાં, અધોદિશામાં અને તિર્ચ્છીદિશામાં જવાના પરિમાણથી અધિક જતાં, એક દિશામાં જવાનું ઘટાડી બીજી દિશામાં તે પરિમાણ વધારતાં અને કરેલા પ્રમાણની વિસ્મૃતિ થવાથી વધારે જતાં, પહેલા ગુણવ્રતને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને આત્માની સાક્ષીએ નિંદું છું.

**(સાતમા વ્રતના અતિચાર)**

**મજ્જંમિ અ મંસંમિ અ, પુપ્ફે અ ફલે અ ગંધમલ્લે અ ।**

મદિરા અને માંસ, પુષ્પ, ફળ, ગંધ, પુષ્પની માળા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉવભોગ પરિભોગે, બીઅમ્મિ ગુણવ્વએ નિંદે ॥૨૦॥**

ઉપભોગ અને પરિભોગ નામના બીજા ગુણવ્રતના અતિચારને નિંદું છું.

**શબ્દાર્થ** - **મજ્જંમિ**-મદિરા, **મંસંમિ**-માંસ, **પુપ્ફે**-પુષ્પ, **ફલે**-ફળ, **ગંધ**-બરાશ પ્રમુખ ગંધ, **મલ્લે**-પુષ્પની માળા, **ઉવભોગ-પરિભોગે**-ઉપભોગ પરિભોગ નામના, **બીઅંમિ**-બીજા, **ગુણવ્વએ**-ગુણવ્રતને વિષે.

**અર્થ** - મદિરા, માંસ અને બીજા પણ નહીં ખાવા યોગ્ય પદાર્થ તથા પુષ્પ, ફળ, બરાસ પ્રમુખ ગંધ અને પુષ્પની માળાને ભોગવવાથી, ઉપભોગ-પરિભોગ નામના બીજા ગુણવ્રતને વિષે લાગેલ અતિચારને હું નિંદું છું.

**સચિત્તે પડિબદ્ધે, અપોલિ દુપ્પોલિઅં ચ આહારે ।**

સચિત્ત વસ્તુ વાપરવી, સચિત્ત સાથે જોડાયેલી વાપરવી, નહિ પકાવેલ પદાર્થ વાપરવા, અરધા કાચા પદાર્થ ખાવાથી,

**તુચ્છોસહિ-ભક્ખણયા, પડિક્કમે દેસિસં સવ્વં ॥૨૧॥**

તુચ્છ પદાર્થ ભક્ષણ કરવાથી પડિક્કમું છું દિવસ સંબંધી સર્વ અતિચારને.

**શબ્દાર્થ** - **સચ્ચિત્તે**-સચિત્ત વસ્તુ વાપરવી. **પડિબદ્ધે**-સચિત્ત સાથે જોડાયેલી વસ્તુ વાપરવી, **અપોલિ**-નહિ પકાવેલા પદાર્થ વાપરવા, **દુપ્પોલિઅં**-અરધા કાચા પદાર્થ, **આહારે**-ખાવાથી, **તુચ્છોસહિ**-તુચ્છ પદાર્થ, **ભક્ખણયા**-ભક્ષણ કરવાથી.

**અર્થ** - સચિત્ત વસ્તુ વાપરવી અથવા પરિમાણ છતાં પ્રમાદના વશથી અધિક સચિત્ત વાપરવા, સચિત્ત સાથે જોડાયેલી વસ્તુ વાપરવી, નહીં પકાવેલા પદાર્થ વાપરવા, અર્ધપક્વ તથા અર્ધકાચા પદાર્થ વાપરવા અને તુચ્છ પદાર્થ ભક્ષણ કરવા, એ સચિત્તના ત્યાગના પાંચ અતિચારમાંથી જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વેને હું પડિક્કમું છું.

**ઇંગાલી-વણ-સાડી, ભાડી-ફોડી સુવજ્જએ કમ્મં ।**

અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટિકકર્મ, સ્ફોટિકકર્મ અત્યંતપણે વર્જવાં કર્મ,

**વાણિજ્જં ચેવ દંત, લક્ખરસ-કેસ-વિસવિસયં ॥૨૨॥**

વેપાર વળી હાથીદાંત મુક્તાફલ વગેરેનો વેપાર, લાખનો વેપાર, રસનો વેપાર, કેશનો વેપાર, ઝેરનો વેપાર.

**શબ્દાર્થ** - **ઈંગાલી**-અંગારકર્મ-એટલે કુંભાર અને ભાડભુંજા વગેરેનાં અગ્નિ સંબંધી કર્મ, **વણ**-વનકર્મ-એટલે ફળ, ફૂલ, વનસ્પતિ, અનાજ વગેરે ઉગાડવા, તથા છેદવાનું કર્મ, **સાડી**-શકટકર્મ-એટલે ગાડાં, બેલ વગેરે વેચવા, વેચાવવાનું કર્મ, **ભાડી**-ભાટિકકર્મ એટલે ઘોડા, ઊંટ, બળદ વગેરે ભાડે આપવા અપાવવાનું કર્મ, **ફોડી**-સ્ફોટિકકર્મ-કૂવા, વાવ વગેરે ખોદવા-ખોદાવવાનું કર્મ, **સુવજ્જએ**-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંતપણે વર્જવાં, **કમ્મં**-કર્મ, **વાણિજ્જં**-વેપાર, **ચેવ**-વળી નિશ્ચે, **દંત**-હાથીદાંત, મુક્તાફળ વગેરેનો વેપાર, **લક્ખ**-લાખનો વેપાર, **રસ**-રસનો વ્યાપાર-ઘી, તેલ, ગોળ વગેરેનો વ્યાપાર, **કેસ**-કેશનો વ્યાપાર-મોર, પોપટ, મનુષ્ય અને પશુનો વ્યાપાર, **વિસવિસયં**-ઝેરનો વ્યાપાર-અફીણ, સોમલ વગેરેનો તથા શસ્ત્રાદિના વ્યાપાર.

**અર્થ** - કુંભાર અને ભાડભુંજા વગેરેના અગ્નિ સંબંધી કર્મ તે અંગારકર્મ, પુષ્પ, ફળ, વનસ્પતિ, અનાજ વગેરે ઉગાડવા તથા છેદવા તે વનકર્મ, ગાડા, બેલ વગેરે વેચવા, વેચાવવા તે શકટકર્મ, ઘોડા, ઊંટ, બળદ વગેરે ભાડે આપવા તે ભાટિકકર્મ, કૂવા, વાવ વગેરે ખોદવા, ખોદાવવા તે સ્ફોટિક કર્મ, આ પાંચ કર્મ શ્રાવકે અત્યંત વર્જવા, વળી નિશ્ચયે પાંચ કુવાણિજય તેમાં હાથીદાંત, મુક્તાફળ વગેરે જયાં નિપજતાં હોય તે સ્થાનકે જઈ ખરીદ કરવાં તે દંતકુવાણિજય, લાખ, કસુંબો, હરતાલ વગેરેનો વ્યાપાર તે લાખકુવાણિજય, ઘી, તેલ, ગોળ વગેરેનો વ્યાપાર તે રસકુવાણિજય, મોર, પોપટ અને મનુષ્ય તથા પશુનો વ્યાપાર તે કેશકુવાણિજય, અફીણ, સોમલ વગેરે તથા શસ્ત્રાદિનો વ્યાપાર તે વિષવિષયકુવાણિજય, એ પાંચ કુવાણિજયને શ્રાવકે વર્જવાં.

**એવું ખુ જંતપિલ્લણ, કમ્મં નિલ્લંછણં ચ દવદાણં ।**

એ પ્રમાણે નિશ્ચયથી યંત્રમાં પીલવાનું કર્મ, નાક, કાન, વીંધવાનું કર્મ, અગ્નિદાહ દેવો,

**સરદહતલાયસોસં, અસઈપોસં ચ વજ્જિજ્જા ॥૨૩॥**

સરોવર-દ્રહ-તળાવ વગેરે સૂકવવા, વ્યભિચારી સ્ત્રીનું પોષણ કરવું તે વર્જવું.

**શબ્દાર્થ** - **એવં**-એ પ્રમાણે, **ખુ**-નિશ્ચયથી, **જંતપિલ્લણ**-ઘંટી ચરખા પ્રમુખ યંત્રમાં શેરડી, તલ વગેરે પીલવવાના કામનું, **કમ્મં**-કર્મ, **નિલ્લંછણં**-નાક, કાન, વીંધવા, વીંધાવવા, **ચ**-અને **દવદાણં**-અગ્નિદાહ દેવા, **સર**-સરોવર, દહ-દ્રહ, **તલાય**-તળાવને, **સોસં**-સુકાવી નાખવાં, **અસઈપોસં**-હિંસક જીવો તથા નઠારી સ્ત્રી વગેરેનું પોષણ કરવું, **વજ્જિજ્જા**-વર્જવાં.

**અર્થ** - એ પ્રમાણે નિશ્ચયથી ઘંટી, ચરખા વગેરે યંત્રમાં શેરડી, તલ વગેરે પીલવા, પીલાવવા, નાક, કાન આદિ વીંધવા, વીંધાવવા, અગ્નિદાહ દેવો, સરોવર, દ્રહ અને તળાવ વગેરેને સૂકવી નાખવા અને વ્યભિચારી સ્ત્રીનું પોષણ કરવું એ પાંચ સામાન્ય કર્મ વર્જવા.

(આઠમા વ્રતના અતિચાર)

**સત્થગ્ગિ-મુસલ-જંતગ, તણ-કટ્ઠે-મંત-મૂલ-ભેસજ્જે ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શસ્ત્ર, અગ્નિ, સાંબેલું, યંત્ર, ઘાસ, કાષ્ટ, સર્પ વગેરેને ઉતારવાના મંત્ર, નાગદમની પ્રમુખ જડી-બુટ્ટી આદિ મૂલ ગોળી ચૂરણ વગેરે ભેષજ,

**દિન્ને દવાવિએ વા, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૪॥**

આપવાથી અથવા બીજાની પાસે અપાવવાથી (તથા અનુમોદવાથી) પાછો ફરું છું, દિવસ સંબંધી સર્વ અતિચારથી.

**શબ્દાર્થ** - **સત્થ**-શસ્ત્ર, **અગ્નિ**-અગ્નિ, **મુસલ**-સાંબેલું, **જંતગ**-યંત્ર, **તણ**-તૃણ, (ગૂમડાંના કરમિયાને મારી નાખે એવી જાતના ઘાસો) **કટ્ઠે**-કાષ્ટ, **મંત**-સર્પ વગેરેને ઉતારવાના મંત્ર, **મૂલ**-નાગદમણી પ્રમુખ જડી-બુટ્ટી, **ભેસજ્જે**-ગોળી, ચૂરણ વગેરે વસ્તુઓ, **દિન્ને**-આપવાથી, **દવાવિએ**-બીજાની પાસે અપાવવાથી, **વા**-અથવા.

**અર્થ** - શસ્ત્ર, અગ્નિ, મુસલ, યંત્ર, તૃણ, કાષ્ટ, સર્પ વગેરેને ખીલવવાના, જીવોને સ્થિર કરવાના મંત્ર, નાગદમની પ્રમુખ (જડીબુટ્ટી આદિ) મૂળ અને ગોળી ચૂરણ વગેરે ભેષજ (ઉપદ્રવકારી એવી દવા રૂપી વસ્તુઓ) બીજાને આપવાથી, બીજાની પાસે અપાવવાથી અને આપનારને અનુમોદવાથી દિવસ સંબધી જે અતિચાર લાગ્યા હોય તેનાથી પાછો ફરું છું.

**ન્હાણુ-વ્વટ્ટણ-વન્નગ, વિલેવણે સદ્દ-રૂવ-રસ-ગંધે ।**

સ્નાન, ઉદ્‌વર્તન (મેલ ઉતારવો) રંગ કરવો, વિલેપન, શબ્દ, રૂપ, રસ, ગંધ સંબંધી,

**વત્થાસણ-આભરણે, પડિક્કમે દેસિસં સવ્વં ॥૨૫॥**

વસ્ત્ર, આસન, આભૂષણ સંબંધી પાછો ફરું છું, દિવસ સંબંધી સર્વ અતિચારથી.

**શબ્દાર્થ** - **ન્હાણ**-અળગણ પાણીથી ન્હાવું, **ઉવ્વટ્ટણ**-પીઠી વગેરે ચોળી શરીરનો મેલ ઉતારવો, **વન્નગ**-અળતો, ગુલાલ વગેરેથી રંગ કરવો, **વિલેવણે**-કેસર ચંદન વગેરેનું વિલેપન કરવું, **સદ્દ**-શબ્દ, **રૂવ**-રૂપ, **રસ**-રસ, **ગંધે**-ગંધ, **વત્થ**-વસ્ત્ર, **આસણ**-આસન, **આભરણે**-આભૂષણ, **પડિક્કમે**-હું પડિક્કમું છું, **દેસિઅં**-દિવસ સંબંધી.

**અર્થ** - અળગણ પાણી વગેરેથી ન્હાવું, પીઠી વગેરે ચોળી શરીરનો મેલ ઉતારવો. અબીલ-ગુલાલ અલતાદિક તથા કેશર ચંદનાદિનું વિલેપન કરવું, શબ્દ, રૂપ, રસ ગંધ, વસ્ત્ર, આસન, આભરણ (ઘરેણું) ઇત્યાદિ અનેક ઉપભોગના પદાર્થ સંબંધી જે અતિચાર લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વ અતિચારથી પાછો ફરું છું.

**કંદપ્પે કુક્કુઈએ મોહરિ અહિગરણ ભોગ અઈરિત્તે ।**

કામભોગની કથા કરવી (કંદર્પ) લોકોને હાંસી આવે એવી કામચેષ્ટા કરવી, મુખરપણું (વાચાળપણે અઘટિત વચન બોલવાં), અધિકરણ (શસ્ત્ર વગેરે સજ્જ કરવાં), ઉપભોગ પરિભોગની વસ્તુ ખપ કરતાં વિશેષ રાખવી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દંડંમિ અણટ્ઠાએ, તઈઅંમિ ગુણવ્વએ નિંદે ॥૨૬॥

દંડ અનર્થ (વિરમણ નામના) ત્રીજા ગુણવ્રતને વિશે હું નિંદું છું.

**શબ્દાર્થ** - **કંદપ્પે**-કામભોગની કથા કરવી, **કુક્કુઈએ**-લોકોને હાંસી આવે એવી કામચેષ્ટા કરવી, **મોહરિ**-વાચાળપણે અઘટિત વચન બોલવા, **અહિગરણ**-શસ્ત્ર વગેરે સજ્જ કરવાં, **ભોગઅઈરિત્તે**-ઉપભોગ-પરિભોગની વસ્તુ ખપ કરતાં વિશેષ રાખવી, **દંડંમિ અણટ્ઠાએ**-અનર્થદંડ વિરમણ નામના, **તઈઅંમિ**-ત્રીજા, **ગુણવ્વએ**-ગુણવ્રતને વિષે.

**અર્થ** - કામભોગની કથા કરવી, લોકોને હાંસી આવે એવી કામચેષ્ટા કરવી, વાચાળપણે અઘટિત વચન બોલવાં, શસ્ત્ર વગેરે સજ્જ કરવાં, ઉપભોગ-પરિભોગની વસ્તુ ખપ કરતાં વિશેષ રાખવી, અનર્થદંડવિરમણ નામના ત્રીજા ગુણવ્રતને વિશે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું.

(નવમા વ્રતના અતિચાર)

## તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઈવિહૂણે ।

ત્રણ પ્રકારના દુષ્પ્રણિધાન વિષે (દુષ્ટ વ્યાપારમાં) અનવસ્થાન (અવિનયપણે બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું) સ્મૃતિ વિના (પ્રમાદથી સામાયિક લીધું છે કે નહિ તે યાદ ન રહેવું.)

## સામાઈઅ વિતહકએ, પઢમે સિક્ખાવએ નિંદે ॥૨૭॥

સામાયિક વિતથપણે અર્થાત્ ખોટી રીતે કરતાં પ્રથમ શિક્ષાવ્રતને વિશે નિંદું છું.

**શબ્દાર્થ** - **તિવિહે**-ત્રણ પ્રકારના, **દુપ્પણિહાણે**-દુ:પ્રણિધાન-દુષ્ટ યોગ વ્યાપારમાં, **અણવટ્ઠાણે**-અવિનયપણે, બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું, **સઈવિહૂણે**-પ્રમાદથી સામાયિક લીધું છે કે નહિ તે યાદ ન રહેવું, **વિતહકએ**-વિતથપણે અર્થાત્ ખોટી રીતે કરતાં, **પઢમે**-પ્રથમ, **સિક્ખાવએ**-શિક્ષાવ્રતને વિષે.

**અર્થ** - મન, વચન, કાયા, એમ ત્રણ પ્રકારના દુષ્પ્રણિધાન અર્થાત્ દુષ્ટ યોગ વ્યાપારના ત્રણ અતિચાર, અવિનયપણે બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું, પ્રમાદથી સામાયિક લીધું છે કે નહીં તે યાદ ન રહેવું, એવી રીતે સામાયિક વિતથપણે અર્થાત્ ખોટી રીતે કરતાં, પ્રથમ શિક્ષાવ્રતને વિશે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું.

(દસમા વ્રતના અતિચાર)

## આણવણે પેસવણે, સદ્દે રૂવે અ પુગ્ગલક્ખેવે ।

લાવતાં, મોકલતાં શબ્દને વિષે, રૂપને વિષે, પુદ્ગલને નાખતાં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દેસાવગાસિઅંમિ, બીએ સિક્ખાવએ નિંદે ॥૨૮॥**

દેશાવકાશિક (નામના) બીજા શિક્ષાવ્રતને વિશે હું નિંદું છું.

**શબ્દાર્થ** - **આણવણે**-નિયમિત ભૂમિમાં બહારથી કાંઈ ચીજ મંગાવવી, **પેસવણે**-પરિમાણ ઉપરાંત ભૂમિને વિષે પોતાના કાર્ય માટે બીજાને મોકલવા, **સદ્દે**-પરિમાણ ઉપરાંત ભૂમિએ રહેલાને ખોંખારાદિકથી જણાવવું, **રૂવે**-રૂપ દેખાડીને પોતાની જાણ કરવી, **પુગ્ગલક્ખેવે**-પદાર્થ નાંખી પોતાપણું જણાવવું, **દેસાવગાસિઅંમિ**-દેશાવકાશિક નામના, **બીએ**-બીજા, **સિક્ખાવએ**-શિક્ષાવ્રતને વિષે.

**અર્થ** - નિયમિત ભૂમિમાં બહારથી કાંઈ ચીજ મંગાવવી, પરિમાણ ઉપરાંત ભૂમિને વિશે પોતાના કાર્ય માટે બીજાને મોકલવા, પરિમાણ ઉપરાંત ભૂમિએ રહેલાને ખોંખારાદિકથી જણાવવું, તેને રૂપ દેખાડવું, તેવે સ્થળે કાંઈક પદાર્થ નાંખી પોતાપણું જણાવવું, આ પાંચ અતિચાર માંહેથી દેશાવગાશિક નામના બીજા શિક્ષાવ્રતને વિશે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું. (નોંધ : આ બીજા શિક્ષાવ્રતમાં છટ્ઠા વ્રતના સંક્ષેપની મુખ્યતા છે. એના સંક્ષેપથી બીજા આઠ વ્રતોનો સંક્ષેપ કરવાનું બને છે.)

(અગ્યારમા વ્રતના અતિચાર)

**સંથારુચ્ચારવિહી, પમાય તહ ચેવ ભોયણાભોએ ।**

સંથારા સંબંધી, લઘુનીતિ તથા વડીનીતિ સંબંધી, પ્રમાદ તેમ વળી ભોજન સંબંધી ચિંતા કરવી,

**પોસહવિહિવિવરીએ, તઈએ સિક્ખાવએ નિંદે ॥૨૯॥**

પોસહની વિધિથી વિપરીત કરવાથી, ત્રીજા શિક્ષાવ્રતને વિશે નિંદું છું.

**શબ્દાર્થ** - **સંથાર**-સંથારા સંબંધી, **ઉચ્ચારવિહી**-લઘુનીતિ તથા વડીનીતિ સંબંધી, **પમાય**-પ્રમાદ, **તહ ચેવ**-તેમ વળી, **ભોયણાભોએ**-ભોજન સંબંધી ચિંતા કરવી, **પોસહવિહિ**-પોસહનો વિધિ, **વિવરીએ**-વિપરીત કરવાથી, **તઈએ**-ત્રીજા, **સિક્ખાવએ**-શિક્ષાવ્રતને વિષે.

**અર્થ** - સંથારા સંબંધી બે પ્રકારના અર્થાત્ સંથારાને ન પડિલેહે (ન જુએ) ન પ્રમાર્જે તથા પડિલેહે પ્રમાર્જે તો બરાબર ન પડિલેહે પ્રમાર્જે અને લઘુનીતિ (પેશાબ) તથા વડીનીતિ (ઝાડા) સંબંધી બે પ્રકારના અર્થાત્ લઘુનીતિ અને વડીનીતિ પરઠવવાની ભૂમિને ન પડિલેહે ન પ્રમાર્જે અને પડિલેહે, પ્રમાર્જે તો બરાબર ન પડિલેહે ન પ્રમાર્જે એમ ચાર તથા ભોજન સંબંધી ચિંતા કરવી, એ રીતે પોસહમાં વિધિથી વિપરીતપણે કરવાથી ત્રીજા શિક્ષાવ્રતને વિશે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(બારમા વ્રતના અતિચાર)

**સચ્ચિત્તે નિક્ખિવણે, પિહિણે વવએસ મચ્છરે ચેવ ।**

સચિત્ત વસ્તુ ઉપર મૂકવું, ઢાંકવું, વ્યપદેશ, માત્સર્ય (ઇર્ષા) અને

***કાલાઈક્કમદાણે, ચઉત્થે સિક્ખાવએ નિંદે ॥૩૦॥***

કાલાતિક્રમ દાનને વિષે, ચોથા શિક્ષાવ્રતને વિશે નિંદું છું.

**શબ્દાર્થ** - **સચ્ચિત્તે**-સચિત્ત વસ્તુ, **નિક્ખિવણે**-નાખવી, **પિહિણે**-દેવા યોગ્ય વસ્તુને સચિત્ત પદાર્થ વડે ઢાંકવી, **વવએસ**-નહિ દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી અને દેવાની બુદ્ધિએ પરની વસ્તુને પોતાની કહેવી, **મચ્છરે**-ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા કરતા દાન દેવું, **ચેવ**-નિશ્ચે, **કાલાઈક્કમદાણે**-ગોચરીનો કાળ વીતી જતાં મુનિને આમંત્રણ કરવું, **ચઉત્થે**-ચોથા.

**અર્થ** - સાધુને દેવા યોગ્ય ભોજન સચિત્ત વસ્તુ ઉપર મૂકવું, દેવા યોગ્ય વસ્તુને સચિત્ત પદાર્થ વડે ઢાંકવી, નહીં દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી, દેવાની બુદ્ધિએ પરની વસ્તુને પોતાની કહેવી, ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા કરતા દાન દેવું, ગોચરીનો કાળ વીતી ગયા પછી મુનિને આમંત્રણ આપવું. ચોથા શિક્ષાવ્રતને વિષે પૂર્વોક્ત અતિચાર મધ્યેથી જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું.

**સુહિએસુ અ દુહિએસુ અ, જા મે અસ્સંજએસુ અણુકંપા ।**

સુખીને વિષે, દુ:ખીને વિષે અથવા જે મેં અસંયતિ પાસત્થાદિકને આપતાં જે મને અનુકંપા થઈ છે,

**રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૧॥**

રાગથી અથવા દ્વેષથી, તેને હું નિંદું છું અને ગર્હું છું.

**શબ્દાર્થ** - **સુહિએસુ**-જ્ઞાનાદિકને વિષે જેનું હિત છે એવા સુવિહિતને (જ્ઞાન-દર્શનરૂપ માર્ગને આચરનાર) વિષે અથવા સુખીને વિષે, **દુહિએસુ**-વ્યાધિથી પીડાએલા તપે કરી દુર્બળ એવા દુ:ખીને વિષે, **જા**-જે, **મે**-મને, **અસ્સંજએસુ**-**અ**-નથી, **સ્વં**-સ્વછંદે, **યત**-યત્ન એટલે પોતાની સ્વેચ્છાએ વિચરવાવાળા નહીં પણ ગુરુની આજ્ઞાએ વિચરવાવાળા એવા સુસાધુને વિષે, અથવા પાસત્થાને વિષે, **અણુકંપા**-અનુકંપા-દયા.

**અર્થ** - જ્ઞાનાદિને વિશે હિત છે જેનું એવા સુખીને વિષે તથા વ્યાધિથી પીડાયેલા, તપે કરીને દુર્બલ અને તુચ્છ ઉપધિવાળા એવા દુ:ખીને વિશે *તથા

* આથી લાંબુ અશુભ આયુષ્ય બંધાય છે. જે માટે આગમમાં કહ્યું છે કે - તેવા રૂપના સાધુ, બ્રાહ્મણ, સંયત, પાપકર્મને હણનાર અને તેનું પ્રત્યાખ્યાન કરનાર એ બધાની હીલના, નિંદા, હિંસા, ગર્હા અગર અન્ય કોઈ અપ્રીતિના પ્રકારપૂર્વક અશનાદિકે કરી દાન આપે તો પ્રાણી અશુભ લાંબુ આયુષ્ય બાંધે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુનિશ્રાએ વિચરનારા સુસાધુને વિષે રાગથી અથવા દ્વેષથી મને જે અન્નાદિ દેવારૂપ અનુકંપા થઈ હોય તેને હું નિંદું છું અને ગુરુની સાક્ષીએ ગર્હું છું અથવા વસ્ત્રાદિક વડે સુખી, રોગ વડે દુઃખી એવા અસંયત પાસત્થાદિકને રાગથી અથવા દ્વેષથી જે મને દયા થઈ હોય તેને હું નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું અથવા અસંયત એટલે છ કાયનો વધ કરનારા બ્રાહ્મણ ભિખારી આદિ સુખી અગર દુઃખીને રાગ દ્વેષે કરીને દાન આપતાં જે અતિચાર લાગ્યો હોય તેને નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું.

**સાહૂસુ સંવિભાગો, ન કઓ તવ-ચરણ-કરણ-જુત્તેસુ ।**

સાધુને વિશે સંવિભાગ ન કર્યો, તપ, ચરણ સિત્તરી, કરણ સિત્તરીએ સહિત એવા,

**સંતે ફાસુઅદાણે, તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૨॥**

હોવા છતાં પ્રાસુક (નિર્દોષ) અશનાદિક દાન વિષે, તેને હું નિંદું છું અને ગર્હું છું.

**શબ્દાર્થ** - **સાહૂસુ**-સાધુને વિષે, **સંવિભાગો**-સંવિભાગ, **ન કઓ**-ન કર્યો, **ચરણ**-ચરણસિત્તરી, **કરણ**-કરણસિત્તરિ, **જુત્તેસુ**-સહિત એવા, **સંતે**-હોવા છતાં, **ફાસુઅદાણે**-નિર્દોષ અશનાદિકનું દાન.

**અર્થ** - તપ તથા ચરણસિત્તરી અને કરણસિત્તરીએ સહિત એવા સાધુઓને વિશે, નિર્દોષ અશનાદિક હોવા છતાં મારા જીવે સંવિભાગ (આતિથ્ય) ન કીધો હોય, તેથી જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું.

**(સંલેષણાના અતિચાર)**

**ઇહલોએ પરલોએ, જીવિઅ-મરણે અ આસંસપઓગે ।**

આલોકને વિષે, પરલોકને વિષે, જીવવાની-મરવાની વાંછાનો-મનનો વ્યાપાર,

**પંચવિહો, અઈઆરો, મા મજ્ઝ હુજ્જ મરણંતે ॥૩૩॥**

પાંચ પ્રકારના અતિચારો, ન મને હોજો મરણના અંત વખતે.

**શબ્દાર્થ** - **ઈહલોએ**-આલોકને વિષે, **પરલોએ**-પરલોકને વિષે, **જીવિઅ**-જીવવાની, **મરણે**-મરવાની, **આસંસપઓગે**-વાંછાનો-મનનો વ્યાપાર, **પંચવિહો**-પાંચ પ્રકારના, **મા**-ન, **મજ્ઝ**-મને, **હુજ્જ**-હોજો, **મરણંતે**-મરણાંત સુધી.

**અર્થ** - ધર્મના પ્રભાવથી આ લોકને વિષે સુખની ઇચ્છા તથા પરલોકમાં દેવેંદ્રાદિના સુખની ઇચ્છા, અનશનને લીધે સન્માન દેખી જીવવાની ઇચ્છા તથા દુઃખ આવે મરવાની ઇચ્છા અને ચ શબ્દથી કામભોગની તીવ્ર ઇચ્છા, સંલેષણા સંબંધી આ પાંચ પ્રકારના અતિચાર મને મરણાંત સુધી ન હોજો.

**ત્રણ યોગ વડે સર્વ વ્રતના અતિચાર**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કાએણ કાઈઅસ્સ, પડિક્કમે વાઈઅસ્સ વાયાએ ।**

કાયા વડે કાયાના અતિચારથી, પાછો ફરું છું, વચનના અતિચારોને વચનથી,

**મણસા માણસિઅસ્સ, સવ્વસ્સ વયાઈઆરસ્સ ॥૩૪॥**

મન વડે મનના અતિચાર (એમ) સર્વ વ્રતના અતિચારથી.

**શબ્દાર્થ** - **કાએણ**-કાયોત્સર્ગ વગેરે કાયાના વ્યાપારથી, **કાઈઅસ્સ**-કાયાથી વધ વગેરે કરાએલા અતિચારને, **વાઈઅસ્સ**-વચનના અતિચારને, **વાયાએ**-જિન સ્તવન વગેરે વચનના વ્યાપારથી, **મણસા**-મન વડે, **માણસિઅસ્સ**-મનના અતિચારને.

**અર્થ** - કાયાથી વધાદિકે કરાયેલા અતિચારને કાયોત્સર્ગાદિ જે કાયાના શુભ વ્યાપાર તેણે કરીને, આળ પ્રમુખ દેવાના વચનના અતિચારને મિથ્યાદુષ્કૃત દેવા આદિ શુભ વચનના વ્યાપારે કરીને અને દેવતત્ત્વાદિને વિશે શંકા પ્રમુખ મનના અતિચારને અનિત્યાદિ ભાવનાના શુભ ચિંતને કરીને, એમ સર્વ વ્રતના અતિચારથી પાછો ફરું છું.

**વંદણવયસિક્ખાગા-રવેસુ સન્ના-કસાયદંડેસુ ।**

બે પ્રકારનાં વંદન, બાર પ્રકારના વ્રત, બે પ્રકારની શિક્ષા, ત્રણ ગારવને વિષે, ચાર સંજ્ઞા, ચાર કષાય, ત્રણ દંડને વિષે,

**ગુત્તીસુ અ સમિઇસુ અ, જો અઈઆરો અ તં નિંદે ॥૩૫॥**

ત્રણ ગુપ્તિને વિષે, પાંચ સમિતિને વિષે, જે અતિચાર લાગ્યો હોય તેને હું નિંદુ છું.

**શબ્દાર્થ** - **વંદણ**-બે પ્રકારના વંદન, **વય**-બાર પ્રકારના વ્રત, **સિક્ખા**-બે પ્રકારની શિક્ષા, **ગારવેસુ**-ત્રણ ગારવને વિષે, **સન્ના**-ચાર સંજ્ઞા, **કસાય**-ચાર કષાય, **દંડેસુ**-ત્રણ દંડને વિષે, **ગુત્તીસુ**-ત્રણ ગુપ્તિને વિષે, **સમિઈસુ**-પાંચ સમિતિને વિષે.

**અર્થ** - બે પ્રકારનાં વંદન, બાર પ્રકારના વ્રત, બે પ્રકારની શિક્ષા (ગ્રહણ અને આસેવનરૂપ) ત્રણ ગારવ, ચાર સંજ્ઞા, ચાર કષાય, ત્રણ દંડ, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ અને અ(ચ) શબ્દથી શ્રાવકની અગિઆર પડિમા તેને વિષે જે અતિચાર લાગ્યા હોય તેને હું નિંદું છું.

**સમ્મદિટ્ઠી જીવો, જઈવિ હુ પાવં સમાયરે કિંચી ।**

સમ્યગ્દષ્ટિ જીવ, જો કે નિશ્ચયે પાપ કરે થોડું,

**અપ્પોસિ હોઈ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઈ ॥૩૬॥**

તેને અલ્પ થાય બંધ, કારણ કે ન નિર્દયપણે કરે.

**શબ્દાર્થ** - **સમ્મદિટ્ઠી**-સમ્યગ્દષ્ટિ, **જીવો**-જીવ, **જઈવિ હુ**-જો કે નિશ્ચયે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પાવં**-પાપ, **સમાયરે**-કરે, **કિંચી**-થોડું, **અપ્પો**-અલ્પ, **સિ**-તેનો (શ્રાવકનો), **બંધો**-બંધ, **જેણ**-કારણ કે, **નિદ્ધંધસં**-નિર્દયપણે-હિંસાનો વ્યાપાર, **કુણઈ**-કરે.

**અર્થ** - સમ્યગ્દૃષ્ટિ જીવ જો કે થોડું પણ પાપ કરે તો પણ તેને અલ્પ બંધ હોય, કારણ કે તે નિર્દયપણે હિંસાદિ વ્યાપાર કરતો નથી.

**તં પિ હુ સપડિક્કમણં, સપ્પરિઆવં સઉત્તરગુણં ચ ।**

તેણે પણ નિશ્ચયે પાછા ફરવાથી યુક્ત, પશ્ચાતાપ કરવાથી યુક્ત ગુરુએ આપેલા પ્રાયશ્ચિત કરવાથી યુક્ત,

**ખિપ્પં ઉવસામેઈ, વાહિવ્વ સુસિક્ખિઓ વિજ્જો ॥૩૭॥**

શીઘ્રપણે શમાવે છે, વ્યાધિને જેમ સારી રીતે શીખેલો વૈદ્ય.

**શબ્દાર્થ** - **તંપિ હુ**-તેને પણ, નિશ્ચયે, **સપડિક્કમણં**-પ્રતિક્રમણ કરવાથી યુક્ત, **સપ્પરિઆવં**-પશ્ચાતાપ કરવાથી યુક્ત, **સઉત્તરગુણં**-ગુરુએ આપેલા પ્રાયશ્ચિત કરવાથી યુક્ત, **ખિપ્પં**-શીઘ્રપણે, **ઉવસામેઈ**-શમાવે છે, **વાહિવ્વ**-વ્યાધિને જેમ, **સુસિક્ખિઓ**-સારી રીતે શીખેલો, **વિજ્જો**-વૈદ્ય.

**અર્થ** - પાછા ફરવાથી યુક્ત, પશ્ચાત્તાપ કરવાથી યુક્ત, ગુરુએ આપેલા પ્રાયશ્ચિત કરવાથી યુક્ત એવો શ્રાવક, જેમ સારી રીતે શીખેલો વૈદ્ય વ્યાધિને ઉપશમાવે છે તેમ નિશ્ચયથી તે અલ્પ કર્મના બંધને પણ શીઘ્રપણે ઉપશમાવે છે.

**જહા વિસં કુટ્ઠગયં, મંતમૂલવિસારયા ।**

જેમ ઝેરને શરીરમાં વ્યાપેલા, મંત્રમૂળના જાણનારા,

**વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઈ નિવ્વિસં ॥૩૮॥**

વૈદ્યો હણે છે, મંત્રો વડે, તેથી તે થાય છે વિષ રહિત.

**શબ્દાર્થ** - **જહા**-જેમ, **વિસં**-ઝેરને, **કુટ્ઠગયં**-શરીરમાં વ્યાપેલા, **મંતમૂલ**-મંત્ર મૂળના, **વિસારયા**-જાણનારા, **વિજ્જા**-વૈદ્યો, **હણંતિ**-હણે છે, **મંતેહિં**-મંત્રો વડે, **તો**-તેથી, **નિવ્વિસં**-વિષ રહિત.

**અર્થ** - જેમ શરીરમાં વ્યાપેલા સર્પાદિકના વિષને મંત્ર અને મૂળના (જડીબુટ્ટીના) જાણનાર વૈદ્યો મંત્રોએ કરીને નાશ કરે છે ત્યારે તે શરીર વિષરહિત થાય છે. (તેમ સમકિતિને પ્રતિક્રમણ નિષ્પાપ નિર્મળ બનાવે છે.)

**એવં અટ્ઠવિહં કમ્મં, રાગ-દોસ-સમજ્જિઅં ।**

એ જ પ્રમાણે આઠ પ્રકારના કર્મને, રાગ-દ્વેષથી બાંધેલા,

**આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઈ સુસાવઓ ॥૩૯॥**

ગુરુની સમીપે પોતાના પાપને પ્રકાશતો, આત્માની સાક્ષીએ નિંદતો, શીઘ્ર હણે છે ભલો શ્રાવક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **અટ્ઠવિહં**-આઠ પ્રકારના, **કમ્મં**-કર્મને, **રાગદોસ**-રાગ દ્વેષથી, **સમજ્જિઅં**-બાંધેલા, **આલોઅંતો**-ગુરુની સમીપે પોતાના પાપ પ્રકાશતો, **નિંદંતો**-આત્માની સાખે નિંદતો, **ખિપ્પં**-શીઘ્ર, **હણઈ**-હણે છે, **સુસાવઓ**-ભલો શ્રાવક.

**અર્થ** - એ જ પ્રમાણે ગુરુની સમીપે પોતાના પાપ પ્રકાશતો વળી આત્મસાખે નિંદતો એવો સુશ્રાવક રાગ-દ્વેષથી બાંધેલાં એવાં આઠે પ્રકારના કર્મને શીઘ્ર હણે છે.

**કયપાવો વિ મણુસ્સો, આલોઈઅ નિંદિઅ ગુરુસગાસે ।**

કર્યું છે પાપ એવો પણ મનુષ્ય, પાપને આલોચીને આત્માની સાક્ષીએ નિંદા કરીને ગુરુની સમીપે,

**હોઈ અઈરેગ લહુઓ ઓહરિઅ-ભરુવ્વ ભારવહો ॥૪૦॥**

થાય છે અતિશય હલકો ઉતારીને ભારને જેમ ભારને વહન કરનાર.

**શબ્દાર્થ** - **કયપાવો**-કર્યું છે પાપ જેણે એવો, **વિ**-પણ, **મણુસ્સો**-મનુષ્ય, **આલોઈઅ**-પાપને પ્રકાશ કરતો, **નિંદિઅ**-આત્માની સાખે નિંદા, **ગુરુસગાસે**-ગુરુની સમીપે કરતો, **અઈરેગ**-અતિશય, **લહુઓ**-હલકો, **ઓહરિઅભરુવ્વ**-જેમ ભારને ઉતારીને, **ભારવહો**-ભારને વહન કરનાર.

**અર્થ** - જેમ ભારનો વહન કરનાર, ભારને ઉતારીને હળવો થાય છે તેમ કરેલાં છે પાપ એવો મનુષ્ય, ગુરુની સમીપમાં જ પાપને આલોચીને તથા આત્મસાખે નિંદા કરીને પાપથી અત્યંત હળવો થાય છે.

**આવસ્સએણ એએણ, સાવઓ જઈવિ બહુરઓ હોઈ ।**

આવશ્યક કરવાથી આ, શ્રાવક જો કે ઘણી કર્મરૂપ રજવાળો હોય છે,

**દુક્ખાણમંતકિરિઅં, કાહી અચિરેણ કાલેણ ॥૪૧॥**

પાપરૂપ દુઃખનો વિનાશ કરશે થોડા કાળમાં.

**શબ્દાર્થ** - **આવસ્સએણ**-આવશ્યક કરવાથી, **એએણ**-આ, **બહુરઓ**-આરંભ તથા પરિગ્રહથી ઘણાં પાપવાળો, **દુક્ખાણં**-પાપરૂપ દુઃખનો, **અંતકિરિઅં**-નાશ, **કાહી**-કરશે, **અચિરેણ**-થોડા, **કાલેણ**-કાળમાં.

અર્થ - જો કે આરંભ તથા પરિગ્રહ કરી ઘણી કર્મરૂપ રજવાળો શ્રાવક હોય તો પણ આ આવશ્યક કરવાથી થોડા કાળમાં જ તે પાપરૂપ દુઃખનો વિનાશ કરશે.

(વિસ્મૃત થયેલ અતિચાર)

**આલોઅણા બહુવિહા, ન ય સંભરિઆ પડિક્કમણ કાલે ।**

આલોચન કરવાની રીતિ બહુ પ્રકારની છે, ન સાંભરી હોય પ્રતિક્રમણ કરવાને અવસરે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મૂલગુણ ઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ ॥૪૨॥**

મૂલગુણને વિષે તથા ઉત્તરગુણના વિશે હું નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું.

**શબ્દાર્થ** - **આલોઅણા**-આલોચવાની રીતિ, **બહુવિહા**-બહુ પ્રકારની છે, **સંભરિઆ**-સાંભરી હોય, **પડિક્કમણકાલે**-પ્રતિક્રમણ કરવાને અવસરે, **મૂલગુણ**-મૂળગુણને વિષે, **ઉત્તરગુણે**-ઉત્તરગુણને વિષે, **નિંદે**-હું નિંદું છું, **ગરિહામિ**-ગુરુની સાખે ગર્હું છું.

**અર્થ** - ગુરુની પાસે મૂલગુણને વિષે તથા ઉત્તરગુણને વિષે પાપ આલોચના કરવાની બાબતો ઘણા પ્રકારની છે, તે પ્રતિક્રમણ કરવાના અવસરે જે ન સાંભરી હોય, (યાદ ન આવી હોય), તે ન સંભારવા થકી જે અતિચાર લાગ્યો હોય, તેને આત્મસાખે નિંદું છું અને ગુરુની સાખે ગર્હું છું.

**તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ,**

તે શ્રાવક ધર્મને કેવલીભાષિત,

**અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ, વિરઓમિ વિરાહણાએ,**

હું ઉપસ્થિત થયો છું, આરાધના માટે, હું નિવર્ત્યો છું (પાછો ફર્યો છું) ધર્મની વિરાધનાથી,

**તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ॥૪૩॥**

મન, વચન, કાયાએ, ત્રિવિધે પાપ થકી પાછો ફરેલો, હું વંદન કરું છું જિનને ચોવીસ.

**શબ્દાર્થ** - **ધમ્મસ્સ**-શ્રાવક ધર્મને, **કેવલિપન્નત્તસ્સ**-કેવળી ભાષિત, **અબ્ભુટ્ઠિઓમિ**-હું ઊઠ્યો છું, **આરાહણાએ**-આરાધનાને માટે, **વિરઓમિ**-હું નિવર્ત્યો છું, **વિરાહણાએ**-ધર્મની વિરાધનાથી, **પડિક્કંતો**-પાપથી નિવર્ત્યો થકો.

**અર્થ** - તે કેવલીભાષિત શ્રાવક ધર્મની આરાધનાને માટે હું ઉપસ્થિત થયો છું, વળી તે ધર્મની વિરાધના થકી હું પાછો ફર્યો છું, મન, વચન, કાયાએ કરીને પાપ થકી પાછો ફરતો એવો હું ચોવીસ જિનને વંદન કરું છું.

(સર્વ ચૈત્યવંદન)

**જાવંતિ ચેઈઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ ।**

જેટલી જિનપ્રતિમાઓ છે, ઉર્ધ્વ લોકને વિષે અને અધોલોકને વિષે અને તિર્ચ્છાલોકને વિષે,

**સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઇં ॥૪૪॥**

સર્વને તેને હું વંદન કરું છું, અહીં રહેલો ત્યાં રહેલીને.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **જાવંતિ**-જેટલી, **ચેઈઆઈ**-જિનપ્રતિમાઓ, **ઉદ્ઘે**-ઉર્ધ્વલોકને વિષે, **અહે**-અધોલોકને વિષે, **તિરિઅ લોએ**-તિર્ચ્છાલોકને વિષે, **સવ્વાઈ**-સર્વને, **તાઈ**-તેને, **વંદે**-હું વંદના કરું છું, **ઈહ**-અહીં, **સંતો**-રહેલો, **તત્થ**-ત્યાં, **સંતાઈ**-રહેલીને.

**અર્થ** - ઉર્ધ્વલોકને વિષે તથા અધોલોકને વિષે અને તિર્ચ્છાલોકને વિષે જેટલી જિનપ્રતિમાઓ છે તેને અહીં રહેલો હું ત્યાં રહેલી સર્વેને વંદના કરું છું.

## જાવંત કેવિ સાહૂ, ભરહે-રવય-મહાવિદેહે અ ।

જેટલા કોઈપણ સાધુઓ, ભરતક્ષેત્રને વિષે અને ઐરાવત ક્ષેત્રને વિષે અને મહાવિદેહ ક્ષેત્રને વિષે,

## સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૪૫॥

સર્વને તેને નમ્યો, ત્રિવિધે ત્રણ દંડથી-મન, વચન અને કાયાથી પાપથી નિવર્તેલાને (વિરામ પામેલાને)

**શબ્દાર્થ** - **જાવંત**-જેટલા, **કેવિ**-કોઈપણ, **સાહૂ**-સાધુઓ, **ભરહ**-ભરતક્ષેત્રને વિષે, **એરવય**-ઐરાવત ક્ષેત્રને વિષે, **મહાવિદેહે**-મહાવિદેહ ક્ષેત્રને વિષે, **સવ્વેસિં**-સર્વને, **તેસિં**-તેને, **પણઓ**-નમ્યો, **તિવિહેણ**-મન, વચન, કાયાએ કરીને, **તિદંડ**-ત્રણ દંડથી, **વિરયાણં**-નિવર્તેલાને.

**અર્થ** - (પાંચ) ભરત, (પાંચ) ઐરાવત અને (પાંચ) મહાવિદેહ ક્ષેત્રને વિષે જે કોઈ સાધુઓ મન, વચન, કાયાએ કરીને ત્રણ દંડથી વિરામ પામેલા છે તેઓ સર્વને હું નમ્યો.

### (શુભ ભાવની પ્રાર્થના)

## ચિરસંચિય-પાવપણાસણીઈ, ભવસયસહસ્સ મહણીએ ।

લાંબા કાળથી એકઠાં કરેલાં પાપોને નાશ કરનારી ભવને શત સહસ્ત્ર-લાખ હણનારી.

## ચઉવીસ-જિણ-વિણિગ્ગય કહાઈ, વોલંતુ મે દિઅહા ॥૪૬॥

ચોવીસ જિનેશ્વરોના મુખથી નીકળેલી કથાઓ વડે વ્યતીત થાઓ મારે દિવસો.

**શબ્દાર્થ** - **ચિરસંચિય**-લાંબા કાળથી એકઠા કરેલા, **પણાસણીઈ**-નાશ કરનારી, **ભવ**-ભવને, **સયસહસ્સ**-શત સહસ્ત્ર-લાખ, **મહણીએ**-હણનારી, **વિણિગ્ગય**-મુખથી નીકળેલી, **કહાઈ**-કથાઓ કરવા વડે, **વોલંતુ**-વ્યતીત થાઓ, **દિઅહા**-દિવસો.

**અર્થ** - ચિરકાળથી એકઠાં કરેલા પાપને નાશ કરનારી, શત સહસ્ત્ર અર્થાત્ લાખ ભવને હણનારી એવી ચોવીસ તીર્થંકરોના મુખથી નીકળેલી કથા કરવા વડે મારા દિવસો વ્યતીત થાઓ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ ।**

મારે મંગલરૂપ હો અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, સાધુ મહારાજા, શ્રુતધર્મ અને ચારિત્રધર્મ,

**[1]સમ્મદિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ ॥૪૭॥**

સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ, આપો ચિત્તની સ્થિરતા અને સમ્યક્ત્વ.

**શબ્દાર્થ** - **મમ**-મારે, **મંગલ**-મંગળરૂપ હો, **અરિહંતા**-અરિહંત ભગવાન, **સિદ્ધા**-સિદ્ધ ભગવાન, **સાહૂ**-સાધુ મહારાજા, **સુઅં**-શ્રુતધર્મ, **ધમ્મો**-ચારિત્ર ધર્મ, **સમ્મદિટ્ઠી**-સમ્યગ્દૃષ્ટિ, **દેવા**-દેવતાઓ, **દિંતુ**-આપો, **સમાહિં**-ચિત્તની સ્થિરતા, **બોહિં**-સમ્યક્ત્વ.

**અર્થ** - શ્રી અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન વળી સાધુ મહારાજા, શ્રુતધર્મ તથા ચારિત્રધર્મ એ મારે મંગલરૂપ છે. વળી સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ મને ધર્મને વિષે ચિત્તની સ્થિરતા તથા આ ભવે તથા પરભવે સમ્યક્ત્વ આપો.

(કયા કારણે પ્રતિક્રમણ કરવું)

**પડિસિદ્ધાણં કરણે, કિચ્ચાણમકરણે પડિક્કમણં ।**

નિષેધવા યોગ્ય, અશુભ કાર્ય કરવાથી, કરવા યોગ્ય શુભ કાર્ય ન કરવાથી પાછો ફરું છું.

**અસદ્દહણે અ તહા, વિવરીય પરૂવણાએ અ ॥૪૮॥**

સૂક્ષ્મ વિચાર ઉપર શ્રદ્ધા ન કરવાથી તથા વિપરીત પ્રરૂપણા કરવાથી.

**શબ્દાર્થ** - **પડિસિદ્ધાણં**-નિષેધવા યોગ્ય અશુભ કાર્ય, **કરણે**-કરવાથી, **કિચ્ચાણં**-કરવા યોગ્ય શુભ કર્મ, **અકરણે**-ન કરવાથી, **પડિક્કમણં**-પ્રતિક્રમણ છે, **અસદ્દહણે**-સૂક્ષ્મ વિચાર ઉપર શ્રદ્ધા ન કરવાથી, **વિવરીય**-વિપરીત, **પરૂવણાએ**-પ્રરૂપણા કરવાથી.

**અર્થ** - નિષેધવા યોગ્ય (શંકા વધાદિ અશુભ કાર્યને) કરવાથી તથા કરવા યોગ્ય (દેવપૂજા સામાયિકાદિ શુભ કાર્યને) ન કરવાથી વળી (નિગોદાદિ સૂક્ષ્મ

---

૧. અહીં કોઈ શંકા કરે કે દેવો સમાધિ બોધિ આપવાને સમર્થ છે કે નહિ ? સમર્થ હોય તો સર્વને શા માટે નથી આપતા ? અને અસમર્થ હોય તો પ્રાર્થના કરવી ફોગટ છે. કદાચ યોગ્યતાવાળાને જ આપે એમ કહેશો તો પછી બકરીના ગળાના આંચળ માફક તેમની પ્રાર્થના કરીને શું ? તેનું શાસ્ત્રકાર સમાધાન કરે છે કે - સર્વત્ર યોગ્યતા એ જ પ્રમાણ છે, પરંતુ જેમ ઘડો બનાવવાને માટીની યોગ્યતા છે ખરી, તો પણ કુંભાર, ચક્ર, ચીવર, દંડાદિક સર્વ તેનાં સહકારી કારણ છે. તેમ અહીં પણ ભવ્ય જીવની યોગ્યતા છતાં કુંભાર, ચક્રાદિ કારણની પેઠે બીજાની સહાયની જરૂર પડે છે. એટલે નડતાં વિઘ્નોનું નિવારણ કરી દેવતાઓ સમાધિ બોધિ પ્રાપ્ત થવામાં સુગમતાવાળા થઈ શકે છે માટે પ્રાર્થના કરવી યોગ્ય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારને) અશ્રદ્ધા કરવાથી અને જિનાગમથી વિરુદ્ધ પ્રરૂપણા કરવાથી જે પાપ લાગ્યું હોય તે દૂર કરવાને પ્રતિક્રમણ (કરવાનું) છે.

(સર્વ જીવ પ્રત્યે ક્ષામણા)

**ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે ।**

ખમાવું છું સર્વજીવોને, સર્વ જીવો ખમાવજો મને,

**મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ ॥૪૯॥**

મૈત્રી છે મારે સર્વજીવોની સાથે, વૈરભાવ મારે નથી કોઈ જીવની સાથે.

**શબ્દાર્થ** - **ખામેમિ**-ખમાવું છું, **સવ્વજીવે**-સર્વ જીવોને, **સવ્વે**-સર્વ, **જીવા**-જીવો, **ખમંતુ**-ખમજો, **મે**-મને, **મિત્તી**-મૈત્રી છે, **મે**-મારે, **સવ્વભૂએસુ**-સર્વ જીવોની સાથે, **વેરં**-વૈરભાવ, **મજ્ઝ**-મારે, **ન**-નથી, **કેણઈ**-કોઈ જીવની સાથે.

**અર્થ** - સર્વ જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મારા અપરાધને ખમાવજો-માફ કરજો. મારે સર્વજીવોની સાથે મૈત્રીભાવ છે. કોઈ જીવની સાથે મારે વેર નથી.

**એવમહં આલોઈઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં ।**

એ પ્રમાણે મેં પાપને આલોચ્યું (પ્રકાશ્યું), આત્માની સાખે નિંદા કરી, ગુરુસાખે ગર્હા કરી, દુગંછા કરી સમ્યક્ પ્રકારે,

**તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ॥૫૦॥**

ત્રિવિધે મન, વચન, કાયાએ કરી પાછો ફરતો હું વંદના કરું છું જિનને ચોવીસ.

**શબ્દાર્થ** - **એવં**-એ પ્રમાણે, **અહં**-મેં, **આલોઈઅ**-પાપ આલોચ્યું (પ્રકાશ્યું), **નિંદિઅ**-આત્માની સાખે નિંદા કરી, **ગરહિઅ**-ગુરુ સાખે ગર્હણા કરી, **દુગંછિઅં**-દુગંચ્છા કરી, **સમ્મં**-સમ્યક્ પ્રકારે, **તિવિહેણ**-ત્રિવિધે-મન, વચન, કાયાએ કરી, **પડિક્કંતો**-પડિક્કમતો થકો (પાછો હઠતો થકો), **વંદામિ**-હું વંદના કરું છું, **જિણે**-જિનને, **ચઉવ્વીસં**-ચોવીશ.

**અર્થ** - આ પ્રમાણે સમ્યક્ પ્રકારે પાપ આલોચ્યું, આત્મસાખે નિંદા કરી, ગુરુ સાખે ગર્હા કરી અને દુગંછા કરી અને ત્રિવિધે પાપથી પાછો ફરતો ચોવીસ જિનને હું વાંદું છું.

---

## (૩૪) શ્રી અબ્ભુટ્ઠિઓ (ગુરુને ક્ષમાપના કરવાનું) સૂત્ર

(ગુરુ અક્ષર-૧૫, લઘુ અક્ષર-૧૧૧, સર્વ અક્ષર-૧૨૬)

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !**

ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો હે ભગવન્ !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં *ખામેઉં ?**

ઉપસ્થિત થયો છું અંદર દિવસના અપરાધને ખમાવવા માટે,

**ઇચ્છં, ખામેમિ દેવસિઅં,**

આજ્ઞા પ્રમાણ છે, ખામું છું દિવસના અપરાધને.

**શબ્દાર્થ** - **અબ્ભુટ્ઠિઓમિ**-ઉપસ્થિત થયો છું, **અબ્ભિંતર**-અંદર, **દેવસિઅં**-દિવસના અપરાધને, **ખામેઉં**-ખમાવવાને, **ખામેમિ**-ખામું છું.

**અર્થ** - હે ભગવન્ ! ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો, દિવસના અપરાધને ખમાવવા માટે ઉપસ્થિત થયો છું, (ગુરુ ભગવંત આજ્ઞા આપે એટલે) આજ્ઞા પ્રમાણ છે, દિવસના અપરાધને ખમાવું છું.

**જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે,**

જે કોઈ અપ્રીતિ થાય તેવું, વિશેષ અપ્રીતિ થાય તેવું, ભોજનને વિષે, પાણીને વિષે,

**વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે,**

વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એક વાર બોલવાના વિષે, વારંવાર બોલવાના વિષે,

**ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ,**

ઊંચે બેસવાથી, સમાન આસને બેસવાથી, વચ્ચે બોલવાથી, વધારીને બોલવાથી,

**શબ્દાર્થ** - **જંકિંચિ**-જે કોઈ, **અપત્તિઅં**-અપ્રીતિ ભાવ, **પરપત્તિઅં**-વિશેષ અપ્રીતિ ભાવ, **ભત્તે**-ભોજનને વિષે, **પાણે**-પાણીને વિષે, **વિણએ**-વિનયને વિષે, **વેયાવચ્ચે**-વૈયાવચ્ચને વિષે, **આલાવે**-એકવાર બોલવાને વિષે, **સંલાવે**-વારંવાર બોલવાને વિષે, **ઉચ્ચાસણે**-ગુરુથી ઊંચે આસને બેસવાને વિષે, **સમાસણે**-ગુરુની બરાબર આસને બેસવાને વિષે, **અંતરભાસાએ**-ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં, **ઉવરિભાસાએ**-ગુરુએ કહેલી વાતને વધારીને વિશેષપણે કહેવામાં,

**અર્થ** - જે કાંઈ ભોજનને વિષે, પાણીને વિષે, વિનયને વિષે, વૈયાવચ્ચને વિષે, એકવાર બોલવાથી, વારંવાર બોલવાથી, ગુરુથી ઊંચે આસને બેસવાથી, ગુરુની સમાન આસને બેસવાથી, ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવાથી, ગુરુએ કહેલી વાતને વધારીને કહેવાથી અપ્રીતિ ભાવ કે વિશેષ અપ્રીતિ ભાવ ઉપજાવ્યો હોય.

---

* સવારથી મધ્યાહ્ન સુધી રાઈઅં બોલવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંકિંચિ મજ્ઝ વિણયપરિહીણં, સુહુમં વા બાયરં વા,**

જે કાંઈ મારાથી વિનયરહિતપણું નાનું અથવા મોટું કર્યું હોય,

**તુબ્ભે જાણહ અહં ન જાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં.**

તમે જાણો છો હું જાણતો નથી તે મિથ્યા થાઓ મારું દુષ્કૃત (પાપ)

**શબ્દાર્થ** - **જં કિંચિ**-જે કાંઈ, **મજ્ઝ**-મેં, **વિણયપરિહીણં**-વિનયરહિતપણું કર્યું હોય, **સુહુમં**-સૂક્ષ્મ, **બાયરં**-બાદર-સ્થૂલ, **તુબ્ભે**-તમે, **જાણહ**-જાણો છો, **ન જાણામિ**-હું જાણતો નથી.

**અર્થ** - (એવી રીતે) જે કાંઈ પણ નાનું કે મોટું મારાથી વિનયરહિતપણું થયું હોય જે તમે જાણો છો, હું જાણતો નથી તે મારું દુષ્કૃત (અપરાધ) મિથ્યા થાઓ.

---

## (૩૫) *શ્રી આયરિય ઉવજ્ઝાએ સૂત્ર

(મધ્યમ પ્રતિક્રમણના કાયોત્સર્ગ નામના પાંચમા આવશ્યકની શરૂઆતનું સૂત્ર)

(ગાથા-૩, પદ-૧૨, ગુરુ અક્ષર-૧૯, લઘુ અક્ષર-૯૧, સર્વ અક્ષર-૧૧૦)

**આયરિય ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલ ગણે અ ।**

આચાર્ય, ઉપાધ્યાય, તેમના શિષ્ય, સાધર્મિક, એક આચાર્યનો પરિવાર તે કુલ, ઘણા આચાર્યનો પરિવાર તે ગણ, તે સર્વે ઉપર,

**જે મે કેઈ કસાયા સવ્વે તિવિહેણ ખામેમિ ॥૧॥**

જે મેં કોઈપણ કષાય કર્યો હોય તે સર્વેને ત્રિવિધે (ત્રણ પ્રકારે) ખામું છું.

**શબ્દાર્થ** - **આયરિય**-આચાર્ય, **ઉવજ્ઝાએ**-ઉપાધ્યાય, **સીસે**-શિષ્ય, **સાહમ્મિએ**-સાધર્મી, **કુલ**-એક આચાર્યનો પરિવાર, **ગણે**-એક વાચનાવાળો ઘણા આચાર્યનો પરિવાર, **કેઈ**-કોઈ પણ પ્રકારનો, **કસાયા**-કષાય કર્યો હોય, **સવ્વે**-તે સર્વને, **તિવિહેણ**-ત્રિવિધે કરી, **ખામેમિ**-હું ખામું છું.

**અર્થ** - આચાર્ય, ઉપાધ્યાય, તેમના શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણ ઉપર જે કોઈપણ મેં કષાય કર્યો હોય તે સર્વને મન-વચન-કાયાથી એટલે ત્રિવિધે ખામું છું.

**સવ્વસ્સ સમણસંઘસ્સ, ભગવઓ અંજલિં કરિઅ સીસે ।**

સર્વ શ્રમણસંઘરૂપ ભગવંતના (કરેલ અપરાધને) અંજલિ કરીને મસ્તક ઉપર,

**સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ ॥૨॥**

સર્વને ખમાવીને ખામું છું સર્વના અપરાધને હું પણ.

---

* આ સૂત્ર વડે, આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધુ, સમુદાય, સંઘ અને સર્વ જીવોની સાથે ખામણા થાય છે, માટે સૂત્ર બોલતી વખતે બરાબર ઉપયોગ રાખવામાં આવે તો કર્મનિર્જરા થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **સવ્વસ્સ**-સર્વ, **સમણસંઘસ્સ**-શ્રમણ સંઘરૂપ, **ભગવઓ**-ભગવંતના સંબંધમાં કરેલા અપરાધ પ્રત્યે, **અંજલિં**-બે હાથ, **કરિય**-જોડીને, **સીસે**-મસ્તક ઉપર, **ખમાવઈત્તા**-ખમાવીને, **ખમામિ**-ખમું છું, **સવ્વસ્સ**-સર્વના કરેલા અપરાધને, **અહયંપિ**-હું પણ.

**અર્થ** - મસ્તક ઉપર અંજલિ કરીને (બે હાથ જોડીને) સર્વ શ્રમણસંઘરૂપ ભગવંતના કરેલ સર્વ અપરાધને ખમાવીને, સર્વના અપરાધને હું પણ ખામું છું.

**સવ્વસ્સજીવરાસિસ્સ, ભાવઓધમ્મ-નિહિઅ-નિઅ-ચિત્તો ।**

સર્વ જીવોના સમૂહના સંબંધમાં ભાવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે,

**સવ્વં ખમાવઇત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ ॥૩॥**

સર્વને ખમાવીને ખામું છું સર્વને હું પણ.

**શબ્દાર્થ** - **જીવરાસિસ્સ**-જીવોના સમૂહના સંબંધમાં કરેલા અપરાધ પ્રત્યે, **ભાવઓ**-ભાવથી, **ધમ્મ**-ધર્મને વિષે, **નિહિઅ**-સ્થાપ્યું છે, **નિયચિત્તો**-પોતાનું ચિત્ત જેણે, **ખમાવઈત્તા**-ખમાવીને,

**અર્થ** - ભાવથી ધર્મને વિષે સ્થાપ્યું છે પોતાનું ચિત્ત જેણે એવો હું સર્વ જીવોના સમૂહના સંબંધમાં કરેલા અપરાધ પ્રત્યે સર્વને ખમાવીને હું પણ સર્વેને ખમું છું.

---

## (૩૯) શ્રી શ્રુતદેવતા (સરસ્વતી દેવી)ની સ્તુતિ (થોય)

(ગાથા-૧, પદ-૪, સંપદા-૪, ગુરુ અક્ષર-૨, લઘુ અક્ષર-૩૫, સર્વ અક્ષર-૩૭)

**સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, *અન્નત્થ૦**

શ્રુતદેવતાને (સ્મરણ કરવા) માટે કરું છું કાયોત્સર્ગ,

**સુઅદેવયા ભગવઈ, નાણાવરણીય કમ્મસંઘાયં ।**

શ્રુતદેવતા (સરસ્વતી) ભગવતી જ્ઞાનાવરણીય કર્મના સમૂહને,

**તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તી ॥૧॥**

તેઓના ક્ષય કરો સતત જેઓની શ્રુતરૂપ સાગરમાં ભક્તિ છે.

**શબ્દાર્થ** - **સુઅદેવયાએ**-શ્રુત દેવતાને અર્થે, **સુઅદેવયા**-શ્રુત દેવતા, **ભગવઈ**-ભગવતી, **નાણાવરણીય**-જ્ઞાનાવરણીય, **કમ્મસંઘાયં**-કર્મના સમૂહને, **તેસિં**-તેઓના, **ખવેઉ**-ક્ષય કરો, **સયયં**-નિરંતર, **જેસિં**-જેઓની, **સુઅસાયરે**-શ્રુતરૂપ સાગરને વિષે, **ભત્તી**-ભક્તિ છે.

---

* અહીં વંદણવત્તિયાએ ન કહેતાં અન્નત્થ ઉસસિએણં કહેવું, તેનું કારણ એ છે કે દેવતાઓ અવિરત હોવાથી તેમને વંદન-પૂજન થાય નહિ સ્મરણ પ્રાર્થના થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - શ્રુતદેવતાને સ્મરણ કરવા માટે કાયોત્સર્ગ કરું છું, જેઓની શ્રુતરૂપ સાગરને વિષે સતત ભક્તિ છે તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમૂહને ભગવતી એવી સરસ્વતી ક્ષય કરો.

## (૩૭) શ્રી ક્ષેત્રદેવતા (પ્રતિક્રમણની જગ્યાના માલિક દેવતા)ની સ્તુતિ (થોય)

(ગાથા-૧, પદ-૪, સંપદા-૪, ગુરુ અક્ષર-૩, લઘુ અક્ષર-૩૩, સર્વ અક્ષર-૩૬)

**ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦**

ક્ષેત્રદેવતાને (સ્મરણ કરવા) માટે કરું છું કાયોત્સર્ગ,

**જિસે ખિત્તે સાહૂ, દંસણનાણેહિં ચરણસહિએહિં ।**

જેના ક્ષેત્રમાં સાધુઓ દર્શન જ્ઞાન વડે ચારિત્ર સહિત,

**સાહંતિ મુક્ખમગ્ગં, સા દેવી હરઉ દુરિઆઇં ॥૧॥**

સાધે છે મોક્ષમાર્ગને, તે દેવી હરણ કરો દુરિતોને (પાપોને).

**શબ્દાર્થ** - **જિસે**-જેના, **ખિત્તે**-ક્ષેત્રને વિષે, **સાહૂ**-સાધુઓ, **દંસણ**-દર્શન, **નાણેહિં**-જ્ઞાન વડે, **ચરણ**-ચારિત્ર, **સહિએહિં**-સહિત, **સાહંતિ**-સાધે છે, **મુક્ખમગ્ગં**-મોક્ષ માર્ગને, **સા**-તે, **દેવી**-દેવી, **હરઉ**-હરણ કરો, **દુરિયાઈ**-પાપોને.

**અર્થ** - જેના ક્ષેત્રમાં સાધુ ચારિત્ર સહિત દર્શન અને જ્ઞાન વડે મોક્ષમાર્ગને સાધે છે તે દેવી પાપોને (કષ્ટોને) હરણ કરો.

## (૩૮) શ્રી કમલદલ (બહેનોને માટે બોલાતી સરસ્વતી દેવી)ની સ્તુતિ* (થોય)

(ગાથા-૧, પદ-૪, સંપદા-૪, ગુરુ અક્ષર-૪, લઘુ અક્ષર-૪૦, સર્વ અક્ષર-૪૪)

**કમલદલવિપુલનયના, કમલમુખી કમલગર્ભસમગૌરી ।**

કમળના પત્ર (પાંદડું) જેમ વિસ્તીર્ણ નેત્રવાળી, કમળના જેવા મુખવાળી કમળના ગર્ભની જેમ ગૌર વર્ણવાળી,

**કમલે સ્થિતા ભગવતી, દદાતુ શ્રુતદેવતા સિદ્ધિમ્ ॥૧॥**

કમળ ઉપર રહેલી ભગવતી આપો શ્રુતદેવી (સરસ્વતી) સિદ્ધિને.

**શબ્દાર્થ** - **કમલદલ**-કમળના પત્ર જેવા, **વિપુલ**-વિશાળ, **નયના**-નેત્રવાળી,

---

* આ થોય સ્ત્રીઓએ સુઅદેવયાની સ્તુતિને બદલે કહેવાની છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કમલમુખી**-કમળના જેવા મુખવાળી, **કમલગર્ભ**-કમળના ગર્ભની, **સમ**-સમાન, **ગૌરી**-ગૌર વર્ણવાળી, **કમલે**-કમળમાં, **સ્થિતા**-રહેલી, **ભગવતી**-ભગવતી, **દદાતુ**-આપો, **શ્રુતદેવતા**-શ્રુત દેવતા (સરસ્વતી) **સિદ્ધિં**-સિદ્ધિને. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિરૂપ સિદ્ધિને અને પરંપરાએ મોક્ષરૂપી સિદ્ધિને.

**અર્થ** - કમળના પત્ર જેમ વિસ્તીર્ણ નેત્રવાળી, કમળના જેવા મુખવાળી, કમળના ગર્ભની જેમ ગૌર વર્ણવાળી, કમળ ઉપર રહેલી, ભગવતી એવી સરસ્વતી સિદ્ધિને આપો.

---

## (૩૯) શ્રી નમોઽસ્તુ વર્ધમાનાય સૂત્ર*

(પ્રતિક્રમણ નિર્વિઘ્ને પૂર્ણ થયું તેના આનંદમાં બોલાતી પ્રભુ મહાવીરની સ્તુતિરૂપ સૂત્ર)

**સામાયિક, ચઉવીસત્થો (લોગસ્સ), વાંદણાં, પડિક્કમણું,**

**કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી**

**ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં,**

ઇચ્છીએ છીએ ગુરુની આજ્ઞાને, નમસ્કાર થાઓ ક્ષમાશ્રમણને, (ગુરુ મહારાજને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ**

નમસ્કાર થાઓ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ ભગવંતોને.

શબ્દાર્થ - ઇચ્છામો-અમે ઇચ્છા કરીએ છીએ, **અણુસટ્ઠિં**-ગુરુ આજ્ઞાને, **ખમાસમણાણં**-ક્ષમાશ્રમણને.

**અર્થ** - અમે ગુરુની આજ્ઞાને ઇચ્છીએ છીએ, ક્ષમાશ્રમણને નમસ્કાર થાઓ, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ.

**નમોઽસ્તુ વર્દ્ધમાનાય, સ્પર્દ્ધમાનાય કર્મણા ।**

નમસ્કાર થાઓ શ્રી વર્ધમાનસ્વામીને, સ્પર્ધા કરનાર કર્મની સાથે,

**તજ્જયાવાપ્તમોક્ષાય પરોક્ષાય કુતીર્થિનામ્ ॥૧॥**

તે કર્મનો જય કરીને મોક્ષ પ્રાપ્ત કરનાર, પરોક્ષ (ન જાણી શકાય તેવા) કુતીર્થિઓને.

શબ્દાર્થ - **અસ્તુ**-થાઓ, **વર્દ્ધમાનાય**-વર્દ્ધમાન સ્વામીને, **સ્પર્દ્ધમાનાય**-સ્પર્ધા

---

* સાંજે પ્રતિક્રમણ કરતી વખતે છ આવશ્યક પૂરા થયા પછી તેના હર્ષ નિમિત્તે શ્રી પરમાત્માની આ સ્તુતિ બોલાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનાર, **કર્મણા**-કર્મની સાથે, **તજ્જય**-તે કર્મના જયથી, **અવાપ્તમોક્ષાય**-મોક્ષને પ્રાપ્ત કરનાર, **પરોક્ષાય**-આંખથી પર, **કુતીર્થિનામ્**-મિથ્યાત્વીઓને.

**અર્થ** - કર્મની સાથે સ્પર્ધા કરનાર અને તે કર્મનો જય કરીને મોક્ષને પ્રાપ્ત કરનાર તથા કુતીર્થિઓને (બાવા આદિને) પરોક્ષ એવા શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર થાઓ.

**યેષાં વિકચારવિંદરાજ્યા, જ્યાયઃ ક્રમકમલાવલિં દધત્યા ।**

જેઓની ખીલેલા કમળની શ્રેણી વડે પ્રશંસા કરવા યોગ્ય ચરણકમળની શ્રેણીને ધારણ કરતી,

**સદૃશૈરિતિ સંગતં પ્રશસ્યં, કથિતં સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥**

સરખાની સાથે એ પ્રમાણે મળવું પ્રશંસનીય કહેલું છે. થાઓ મોક્ષને માટે તે જિનેશ્વરો.

**શબ્દાર્થ** - **યેષાં**-જેમની, **વિકચ**-ખીલેલા, **અરવિંદ**-કમળોની, **રાજ્યા**-પંક્તિ વડે, **જ્યાયઃ**-પ્રશંસા કરવા યોગ્ય, **ક્રમ**-ચરણરૂપ, **કમલાવલિં**-કમળની શ્રેણીને, **દધત્યા**-પોતાની ઉપર ધારણ કરતી, **સદશૈઃ**-સરખાની સાથે, **ઈતિ**-એ પ્રકારે, **સંગતં**-મળવું, **પ્રશસ્યં**-પ્રશંસનીય, **કથિતં**-કહેલું છે, **સંતુ**-થાઓ, **શિવાય**-મોક્ષને અર્થે, **તે**-તે, **જિનેન્દ્રાઃ**-જિનેન્દ્રો.

**અર્થ** - જે જિનેશ્વરોની પ્રશંસા કરવા યોગ્ય ચરણકમળની શ્રેણીને ધારણ કરતી એવી ખીલેલા કમળની શ્રેણી છે તે સરખાની સાથે મળવું તે પ્રશંસનીય છે. એ પ્રમાણે કહેલું છે તે જિનેશ્વરો મોક્ષને માટે થાઓ. (નોંધ : દેવોએ રચેલ સુવર્ણકમળને જિનેશ્વરના ચરણનું મિલન થાય છે. એટલે સરખે સરખાનો મેળ સારો બેસે છે, તે પ્રશંસનીય છે.

**કષાયતાપાર્દિતજન્તુનિર્વૃતિં, કરોતિ યો જૈનમુખામ્બુદોદ્ગતઃ ।**

કષાય રૂપ તાપથી પીડિત થયેલા પ્રાણીઓને શાંતિ કરે છે જે ગણધરના મુખ રૂપ મેઘથી નીકળેલો,

**સ શુક્રમાસોદ્ભવવૃષ્ટિસન્નિભો, દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્ ॥૩॥**

તે જેઠ માસમાં ઉત્પન્ન થયેલ વરસાદ જેવો છે, કરો સંતોષ મારા વિષે વિસ્તાર વાણીનો.

**શબ્દાર્થ** - **કષાયતાપ**-કષાયરૂપ તાપથી, **અર્દિત**-પીડિત એવા, **જંતુ**-પ્રાણીઓને, **નિર્વૃતિં**-શાંતિ, **કરોતિ**-કરે છે, **યો**-જે, **જૈન**-ગણધરના, **મુખ**-મુખરૂપી, **અંબુદ**-મેઘથી, **ઉદ્ગતઃ**-નીકળેલો, **સ**-તે, **શુક્રમાસ**-જેઠ માસમાં, **ઉદ્ભવ**-ઉત્પન્ન થયેલા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વૃષ્ટિ**-વરસાદ, **સંનિભઃ**-જેવો, **દધાતુ**-કરો, **તુષ્ટિં**-સંતોષ, **મયિ**-મારે વિષે, **વિસ્તરઃ**-વિસ્તાર, **ગિરાં**-વાણીનો.

**અર્થ** - જે ગણધરના મુખરૂપ મેઘથી નીકળેલો, જેઠ માસમાં ઉત્પન્ન થયેલા વરસાદ જેવો, વાણીનો વિસ્તાર કષાયરૂપ તાપથી પીડા પામેલ જીવોને શાંતિ કરે છે તે (વાણીનો વિસ્તાર) મને સંતોષ કરો. (મારા ઉપર શાંતિ કરો)

---

## (૪૦) શ્રી વિશાલલોચન સૂત્ર*

(નિર્વિઘ્ને પ્રતિક્રમણ પૂરું થયાના આનંદને વ્યક્ત કરવા
મંદ સ્વરે બોલાતી મહાવીર સ્તુતિરૂપ સૂત્ર)

**વિશાલલોચનદલં, પ્રોદ્યદ્દન્તાંશુકેસરમ્ ।**

વિશાળ નેત્રરૂપ પત્ર છે, અત્યંત ઝળહળતા એવા દાંતના કિરણરૂપ કેસર (સુગંધના કણિયા) છે,

**પ્રાતર્વીરજિનેન્દ્રસ્ય, મુખપદ્મં, પુનાતુ વઃ ॥૧॥**

પ્રભાત સમયે શ્રી વીર પરમાત્માનું મુખકમળ પવિત્ર કરો તમને.

**શબ્દાર્થ** - **વિશાલ**-વિશાળ છે, **લોચનદલં**-નેત્રરૂપી પત્રા જેમાં, **પ્રોદ્યત્**-પ્રકાશમાન, **દંતાંશુ**-દાંતનાં કિરણરૂપ, **કેસરં**-કેસરવાળું, **પ્રાતઃ**-પ્રાતઃકાળે, **વીરજિનેન્દ્રસ્ય**-શ્રી વીર ભગવાનનું, **મુખપદ્મં**-મુખરૂપી કમળ, **પુનાતુ**-પવિત્ર કરો, **વઃ**-તમને,

**અર્થ** - મુખકમળને વિષે વિશાળ નેત્રરૂપ પાંદડાવાળું અને અત્યંત ઝળહળતા એવા દાંતના કિરણરૂપ કેસરવાળું (સુગંધિ કણિયાવાળું) એવું વીર પરમાત્માનું મુખકમળ પ્રભાત સમયે તમને પવિત્ર કરો.

**યેષામભિષેકકર્મ કૃત્વા, મત્તા હર્ષભરાત્ સુખં સુરેન્દ્રાઃ ।**

જેઓના અભિષેક કાર્યને કરીને મસ્ત થયેલા હર્ષના સમૂહથી સુખને દેવેન્દ્રો,

**તૃણમપિ ગણયન્તિ નૈવ નાકં, પ્રાતઃ સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥**

તૃણ તુલ્ય પણ ગણતા નથી જ, દેવલોક સંબંધી પ્રભાત સમયે થાઓ મોક્ષને માટે તે જિનેશ્વરો.

**શબ્દાર્થ** - **યેષાં**-જે-જિનેન્દ્રોનું, **અભિષેકકર્મ**-સ્નાન કર્મ, **કૃત્વા**-કરીને, **મત્તા**-ઉન્મત્ત થયેલા, **હર્ષભરાત્**-હર્ષના સમૂહથી, **સુખં**-સુખરૂપ, **સુરેન્દ્રાઃ**-દેવતાના ઇંદ્રો,

---

* પ્રભાત સમયે રાઈ પ્રતિક્રમણના છ આવશ્યક પછી આ સ્તુતિ બોલાય છે. માટે પ્રાભાતિકવીરસ્તુતિ એ નામ પણ આપવામાં આવેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તૃણમપિ**-તૃણ તુલ્ય પણ, **ગણયન્તિ**-ગણતા, **નૈવ**-નથી જ, **નાકં**-સ્વર્ગને, **પ્રાતઃ**-પ્રાતઃકાળે, **સંતુ**-થાઓ, **શિવાય**-મોક્ષને માટે, **તે**-તે, **જિનેન્દ્રા**-જિનેંદ્રો.

**અર્થ** - જેઓના અભિષેક કાર્ય કરીને હર્ષના સમૂહથી મસ્ત થયેલા દેવેન્દ્રો દેવલોકના સુખને તૃણ તુલ્ય પણ ગણતા નથી તે જિનેશ્વરો પ્રભાત સમયે મોક્ષને માટે થાઓ.

**કલંકનિર્મુક્તમમુક્તપૂર્ણતં, કુતર્કરાહુગ્રસનં સદોદયમ્ ।**

કલંકથી રહિત, પૂર્ણતાને નહિ મૂકનાર, ખોટા તર્ક કરનાર, પરદર્શનીરૂપ રાહુને ભક્ષણ કરનાર, નિરંતર (હંમેશાં) ઉદય પામેલું,

**અપૂર્વચન્દ્રં જિનચન્દ્રભાષિતં, દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્ ॥૩॥**

અપૂર્વ ચંદ્રસમાન જિનેશ્વરોએ ઉપદેશેલા દિવસની શરૂઆતમાં નમસ્કાર કરું છું પંડિતોએ નમસ્કાર કરેલ છે.

**શબ્દાર્થ** - **કલંક**-કલંકથી, **નિર્મુક્ત**-રહિત, **અમુક્ત**-નથી મૂકાણી, **પૂર્ણતં**-પૂર્ણતા જેની, **કુતર્ક**-કુતર્ક કરનારા અન્ય મતિરૂપ, **રાહુ**-રાહુને, **ગ્રસનં**-ભક્ષણ કરનાર, **સદોદયં**-હંમેશાં ઉદય પામેલા, **અપૂર્વચન્દ્રં**-અપૂર્વ ચંદ્રરૂપ, **જિનચંદ્ર**-જિનચંદ્રના, **ભાષિતં**-આગમને, **દિનાગમે**-પ્રભાત સમયે, **નૌમિ**-હું નમસ્કાર કરું છું, **બુધૈઃ**-પંડિતોએ, **નમસ્કૃતમ્**-નમસ્કાર કરેલા.

**અર્થ** - કલંકથી રહિત, પૂર્ણતાને પામેલું, ખોટા તર્ક કરનાર. પરદર્શનીરૂપ રાહુને ભક્ષણ કરનાર, હંમેશાં ઉદય પામેલા, અપૂર્વચન્દ્ર સમાન જિનેશ્વરે ઉપદેશેલા આગમને પ્રભાત સમયે હું નમસ્કાર કરું છું. અથવા (હું સ્તવના કરું છું)

---

## (૪૧) શ્રી વરકનક (૧૭૦ તીર્થંકરોની સ્તુતિ) સૂત્ર*

**વરકનક-શંખ-વિદ્રુમ, મરકતઘનસન્નિભં વિગતમોહમ્ ।**

ઉત્તમ સુવર્ણ, શંખ, પરવાળા, નીલમ, મેઘના જેવા વર્ણવાળા, મોહ વિનાના,

**સપ્તતિશતં જિનાનાં, સર્વામર-પૂજિતં વંદે ॥૧॥**

એકસો સિત્તેર તીર્થંકરોને સર્વ દેવતાઓથી પૂજિત હું વંદન કરું છું.

**શબ્દાર્થ** - **વર**-ઉત્તમ, **કનક**-સુવર્ણ, **શંખ**-શંખ, **વિદ્રુમ**-પરવાળાં, (રાતા) **મરકત**-નીલમ (લીલો), **ઘન**-મેઘના, **સંનિભં**-જેવા વર્ણવાળા, **વિગતમોહમ્**-મોહ રહિત, **સપ્તતિશતં**-એકસો સિત્તેર, **જિનાનાં**-તીર્થંકરોને, **સર્વામર**-સર્વ દેવતાઓએ, **પૂજિતં**-પૂજેલાને.

**અર્થ** - ઉત્તમ સુવર્ણ, (પીળા) શંખ, પરવાળા, નીલમ, મેઘના જેવા

---

* આ સૂત્ર વડે ઉત્કૃષ્ટ કાળે વિચરતા ૧૭૦ જિનેશ્વરોને તેમના વર્ણ વડે સ્તવેલા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણવાળા (શ્યામ વર્ણવાળા) મોહ વિનાના, સર્વ દેવતાઓથી પૂજિત એવા એકસો સિત્તેર તીર્થંકરોને હું વંદન કરું છું.

આ સૂત્ર વડે ઉત્કૃષ્ટ કાળે વિચરતા ૧૭૦ જિનેશ્વરોને તેમના વર્ણ વડે સ્તવેલા છે.

## (૪૨) શ્રી અડ્ઢાઈજ્જેસુ (અઢી દ્વિપના સર્વ મુનિઓને વંદન) સૂત્ર

(ગુરુ અક્ષર-૧૩, લઘુ અક્ષર-૭૨, સર્વ અક્ષર-૮૫)

**અડ્ઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ, પનરસસુ કમ્મભૂમીસુ,**

અઢીદ્વીપ તથા સમુદ્ર પ્રમાણ પંદર કર્મભૂમિઓમાં,

**જાવંત કે વિ સાહૂ, રયહરણગુચ્છપડિગ્ગહધારા ।**

જે કોઈ પણ સાધુઓ રજોહરણ (ઓઘો) ગુચ્છા (પાત્રાની ઝોળી ઉપર બંધાય તે) પાત્રાને ધારણ કરનારા,

**પંચ મહવ્વયધારા, અટ્ઠારસસહસ્સસીલંગધારા,**

પાંચ મહાવ્રતને ધારણ કરનારા, અઢાર હજાર શીલ-ચારિત્રના અંગના ધરનારા.

**અક્ખુયાયારચરિત્તા, તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ ॥૧॥**

અખંડ આચારરૂપ ચારિત્રવાળા, તે સર્વેને મસ્તક વડે મનથી વંદન કરું છું.

**શબ્દાર્થ** - **અડ્ઢાઈજ્જેસુ**-અઢી, **દીવસમુદ્દેસુ**-દ્વીપ અને બે સમુદ્ર સંબંધી, **પનરસસુ**-પંદર, **કમ્મભૂમીસુ**-કર્મભૂમિને વિષે, **રયહરણ**-રજોહરણ-ઓઘો, **ગુચ્છ**-ગુચ્છક, **પડિગ્ગહ**-પાત્રાને, **ધારા**-ધરનારા, **પંચ**-પાંચ, **મહવ્વય**-મહાવ્રતને, **ધારા**-ધારણ કરનારા, **અટ્ઠારસ**-અઢાર, **સહસ્સ**-હજાર, **સીલંગધારા**-શીલના અંગને ધરનારા, **અક્ખુય**-સંપૂર્ણ, **આયાર**-આચારરૂપ, **ચરિત્તા**-ચારિત્રના પાળનારા, **સિરસા**-મસ્તકે, **મણસા**-મને કરી, **મત્થએણ વંદામિ**-હું વંદના કરું છું.

**અર્થ** - અઢીદ્વીપ તથા સમુદ્ર પ્રમાણ (ક્ષેત્રમાંની) પંદર કર્મભૂમિઓમાં રજોહરણ, ગુચ્છા, પાત્રાને ધારણ કરનારા, પાંચ મહાવ્રતને ધારણ કરનારા, અઢાર હજાર શીલ-ચારિત્રના અંગના ધરનારા, અખંડિત-નિરતિચાર આચારરૂપ ચારિત્રવાળા જે કોઈ પણ સાધુ છે તે સર્વેને મસ્તક વડે મનથી હું વંદના કરું છું.

***ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ?**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો ભગવન્ ! દિવસ સંબંધી અતિચારના પ્રાયશ્ચિતની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરું ?

**ઇચ્છં, દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦**

આજ્ઞા પ્રમાણ છે. દિવસ સંબંધી પ્રાયશ્ચિતની વિશુદ્ધિ માટે કરું છું કાયોત્સર્ગ.

***ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કાઉસ્સગ્ગ કરું ?**

ઇચ્છાપૂર્વક આજ્ઞા આપો ભગવન્ ! દુઃખના ક્ષય અને કર્મક્ષય માટે કાયોત્સર્ગ કરું ?

**ઇચ્છં, દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ.**

આજ્ઞા પ્રમાણ છે. દુઃખના ક્ષય અને કર્મક્ષય માટે કરું છું કાયોત્સર્ગ.

## (૪૩) શ્રી લઘુશાંતિ સ્તવ (નાની શાંતિ સ્તોત્ર) સૂત્ર*

**શાંતિં શાંતિનિશાંતં, શાંતં શાંતાશિવં નમસ્કૃત્ય ।**

શાંતિનાથ ભગવાનને શાંતિના સ્થાનરૂપ રાગ-દ્વેષથી પર, શાંત થયા છે ઉપદ્રવ જેનાથી નમસ્કાર કરીને,

---

* બૃહદ્ગચ્છીય પ્રસિદ્ધપ્રભાવક શ્રી માનદેવસૂરિ શ્રી નાડુલ (નાડોલ) નગર મધ્યે ચોમાસું હતા તે વખતે શ્રી શાકંભરી નગર મધ્યે શ્રી સંઘ, શાકિનીએ કરેલ મરકીના ઉપદ્રવથી પીડાવાથી, તે શ્રી સંઘે માણસો મોકલી, શ્રી માનદેવસૂરિને હકીકત જાહેર કરીને (જણાવીને) ઉપદ્રવ નિવારવા માટે વિનંતી કરી. તેથી પદ્મા, જયા, વિજયા અને અપરાજિતા એ ચાર દેવીઓનું સાન્નિધ્ય છે જેમને એવા અને અત્યંત કરુણાભાવે કરીને સહિત એવા તે સૂરિએ ઉપદ્રવ નિવારવા અર્થે આ લઘુશાંતિસ્તવની રચના કરીને શાકંભરીના સંઘને મોકલ્યું. તેથી આ સ્તવને પોતે ભણવાથી અગર અન્ય પાસે સાંભળવાથી અને સ્તવ વડે મંત્રિત જળને છાંટવાથી ઉપદ્રવ નાશ પામ્યો અને શાંતિ થઈ. આ પ્રમાણે આ સ્તોત્રની રચના શ્રી નાડુલ મધ્યે શ્રી માનદેવસૂરિએ કરી. શાકંભરીના સંઘનો ઉપદ્રવ શાંત થયો તેથી સર્વત્ર શાંતિને અર્થે આ સ્તોત્ર ગણાય છે. હાલમાં દૈવસિક પ્રતિક્રમણને અંતે પણ બોલાય છે. આ શાંતિ પ્રતિક્રમણમાં ક્યારે દાખલ થઈ તે વિષે વૃદ્ધવાદ એવો છે કે શ્રી માનદેવસૂરિએ બનાવ્યા પછી તે માંગલિક અર્થે સર્વત્ર ગણાતી, પાછળથી એટલે આજથી લગભગ ૫૦૦ વર્ષ અગાઉ એક યતિજી શ્રી ઉદેપુરમાં હતા. તેમની પાસે શ્રાવકો હર વખત માંગલિક અર્થે શાંતિ સાંભળવા આવતા. લોકો વારંવાર કંટાળો દેવા લાગ્યા, તેથી તેમણે 'પ્રતિક્રમણમાં દુક્ખક્ખય કમ્મક્ખયના કાઉસ્સગ્ગને અંતે શાંતિ કહેલી, તેથી સૌના સાંભળવામાં આવે એવો ઠરાવ કર્યો ત્યારથી તે રિવાજ પ્રચલિત થયો.

એ યતિજીનો અર્થ એ કરવાનો કે તપાગચ્છના ગાદીપતિ શ્રીપૂજ્ય આચાર્ય મહારાજ હોવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સ્તોતુઃ શાંતિનિમિત્તં, મંત્રપદૈઃ શાંતયે સ્તૌમિ ॥૧॥**

સ્તુતિ કરનારની શાંતિના કારણરૂપ મંત્રોના પદ વડે શાંતિને માટે હું સ્તુતિ કરું છું.

**શબ્દાર્થ** - **શાંતિં**-શાંતિનાથ ભગવાનને, **શાંતિનિશાંતં**-શાંતિના સ્થાનરૂપ, **શાંતં**-રાગ દ્વેષ રહિત, **શાંત**-શાંત થયા છે, **અશિવં**-ઉપદ્રવ જેનાથી, **નમસ્કૃત્ય**-નમસ્કાર કરીને, **સ્તોતુઃ**-સ્તુતિ કરનારની, **શાંતિનિમિત્તં**-શાંતિના કારણરૂપ, **મંત્રપદૈઃ**-મંત્રોના પદ વડે, **શાંતયે**-શાંતિંને અર્થે, **સ્તૌમિ**-હું સ્તુતિ કરું છું.

**અર્થ** - શાંતિના સ્થાનરૂપ, રાગ-દ્વેષથી પર થયેલા, જેનાથી ઉપદ્રવ શાંત થયા છે, સ્તુતિ કરનારની શાંતિના કારણરૂપ, એવા શ્રી શાંતિનાથને શાંતિને માટે નમસ્કાર કરીને, મંત્રોના પદ વડે હું સ્તુતિ કરું છું.

**ઓમિતિ નિશ્ચિતવચસે, નમો નમો ભગવતેડર્હતે પૂજામ્ ।**

ૐ એવું નિશ્ચયવાચક પદ છે જેમનું, વારંવાર નમસ્કાર થાઓ. સમગ્ર ઐશ્વર્યવાળા યોગ્ય પૂજાને માટે,

**શાંતિજિનાય જયવતે, યશસ્વિને સ્વામિને દમિનામ્ ॥૨॥**

શાંતિનાથ ભગવાનને, રાગ-દ્વેષને જીતનારા યશવાળા સ્વામીને ઇંદ્રિયોને દમન કરનારા મુનિઓના.

**શબ્દાર્થ** - **ઓમ્ ઈતિ**-ૐ એવું, (આ પ્રમાણેના) **નિશ્ચિતવચસે**-નિશ્ચયવાચક (નિશ્ચિત વચનવાળા) પદ છે જેમનું, **નમોનમો**-વારંવાર નમસ્કાર થાઓ, **ભગવતે**-સમગ્ર ઐશ્વર્યવાળા, **અર્હતે**-યોગ્ય, **પૂજાં**-પૂજાને, **શાંતિજિનાય**-શાંતિનાથ ભગવાનને, **જયવતે**-રાગાદિકને જીતનારાને, **યશસ્વિને**-યશવાળાને, **સ્વામિને**-સ્વામીને, **દમિનામ્**-ઇંદ્રિયોને દમન કરનારા.

**અર્થ** - ૐ આ પ્રમાણેના નિશ્ચિત વચનથી જેમનું સ્વરૂપ જણાય છે. એવા (અને) જે સમગ્ર ઐશ્વર્યવાળા, પૂજાને યોગ્ય રાગ-દ્વેષને જીતનારા, યશવાળા અને ઇંદ્રિયોને દમન કરનારા (મુનિરાજ)ના સ્વામી એવા શાંતિનાથને વારંવાર નમસ્કાર થાઓ.

**સકલાતિશેષક મહા-સંપત્તિ સમન્વિતાય શસ્યાય ।**

સર્વ ચોત્રીશ અતિશયરૂપ, મોટી સંપત્તિએ સહિત, પ્રશંસા કરવા યોગ્યને,

**ત્રૈલોક્યપૂજિતાય ચ, નમો નમઃ શાંતિદેવાય ॥૩॥**

ત્રણ લોકના જીવો વડે પૂજાયેલા અને વારંવાર નમસ્કાર થાઓ શ્રી શાંતિનાથને.

**શબ્દાર્થ** - સકલ-સર્વ, **અતિશેષક**-ચોત્રીશ અતિશયરૂપ, **મહાસંપત્તિ**-મોટી સંપત્તિએ, **સમન્વિતાય**-સહિતને, **શસ્યાય**-પ્રશંસા કરવા યોગ્યને, **ત્રૈલોક્ય**-ત્રણ લોકના જીવોએ, **પૂજિતાય**-પૂજેલાને, **નમોનમઃ**-વારંવાર નમસ્કાર થાઓ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંતિદેવાય-શ્રી શાંતિનાથને,

**અર્થ** - સર્વ ચોત્રીશ અતિશય, રૂપ મહાન સંપત્તિવાળા, જે પ્રશંસા કરવા યોગ્ય છે અને ત્રણ લોકના જીવો વડે પૂજાયેલા એવા શ્રી શાંતિનાથને વારંવાર નમસ્કાર થાઓ.

**સર્વામરસુસમૂહ સ્વામિક-સંપૂજિતાય ન જિતાય ।**

સર્વ દેવતાઓના સુંદર સમૂહ તેમના સ્વામી ચોસઠ ઇંદ્રોથી પૂજાયેલાને, દેવતાઓથી પણ નહિ જીતાયેલાને.

**ભુવનજનપાલનોદ્યત-તમાય સતતં નમસ્તસ્મૈ ॥૪॥**

ત્રણ ભુવનના લોકોનું પાલન કરવામાં અતિશય ઉદ્યમી એવાને નિરંતર નમસ્કાર તેને.

**શબ્દાર્થ** - **સર્વામર**-સર્વ દેવતાઓના, **સુસમૂહ**-સુંદર સમૂહ, **સ્વામિક**-તેમના સ્વામી-ચોસઠ ઇંદ્રોથી, **સંપૂજિતાય**-પૂજાયેલાને, **ન જિતાય**-દેવતાઓથી પણ નહિ જીતાયેલાને, **ભુવન**-ત્રણ ભુવનના, **જન**-લોકોનું, **પાલન**-પાલન કરવામાં, **ઉદ્યતતમાય**-અતિશય સાવધાન એવાને, **સતતં**-હંમેશાં, **તસ્મૈ**-તેને.

**અર્થ** - સમસ્ત દેવતાઓના સુંદર સમૂહ,તેમના સ્વામી ચોસઠ ઇંદ્રો વડે પૂજાયેલા અને દેવતાઓથી પણ નહિ જીતાયેલાને, ત્રણ ભુવનના લોકોનું પાલન કરવામાં અતિશય ઉદ્યમી એવા તેમને (શાંતિનાથ ભગવાનને) નિરંતર નમસ્કાર થાઓ.

**સર્વદુરિતૌઘનાશન-કરાય સર્વાશિવપ્રશમનાય ।**

સર્વ દુઃખોના સમુદાયને નાશ કરનારને સર્વ ઉપદ્રવોને શાંત કરનારને,

**દુષ્ટગ્રહભૂતપિશાચ, શાકિનીનાં પ્રમથનાય ॥૫॥**

દુષ્ટ ગ્રહ ભૂત પિશાચ શાકીનીઓનાં ઉપદ્રવને નાશ કરનારને.

**શબ્દાર્થ** - **દુરિતૌઘ**-પાપના સમૂહના, **નાશનકરાય**-નાશ કરનારને, **સર્વાશિવ**-સર્વ ઉપદ્રવોને, **પ્રશમનાય**-શાંત કરનારને, **દુષ્ટગ્રહ**-દુષ્ટ ગ્રહ, **ભૂત**-ભૂત, **પિશાચ**-પિશાચ, **શાકિનીનાં**-શાકિનીઓને, **પ્રમથનાય**-નાશ કરનારને.

**અર્થ** - સર્વ દુઃખોના સમુદાયને નાશ કરનારા અને સર્વ ઉપદ્રવોને શાંત કરનાર દુષ્ટ ગ્રહ, ભૂત, પિશાચ, શાકીનીઓના ઉપદ્રવને નાશ કરનારા એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.

**યસ્યેતિ નામ મંત્ર-પ્રધાનવાક્યોપયોગકૃતતોષા ।**

જે શાંતિનાથને એ પ્રમાણે પૂર્વે કહેલ નામરૂપ મંત્ર તે વડે સર્વોત્તમ એવું જે વચન તેના ઉપયોગથી જેણે સંતોષ કર્યો છે એવી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિજયા કુરતે જનહિત-મિતિ ચ નુતા નમત તં શાંતિમ્ ॥૬॥**

વિજયાદેવી કરે છે લોકોનું હિત એ પ્રમાણે અને (આગળ કહેવાશે તે પ્રમાણે) સ્તુતિ કરાયેલી નમસ્કાર કરો તેવા શાંતિનાથને.

**શબ્દાર્થ** - **યસ્ય**-જે શાંતિનાથનો, **ઈતિ**-એ પ્રમાણે પૂર્વે કહેલ, **નામમંત્ર**-('શાંતિ' એવો) નામ રૂપ મંત્ર, **પ્રધાન**-તે વડે સર્વોત્તમ એવું, **વાક્ય**-જે વચન, **ઉપયોગ**-તેના ઉપયોગથી, **કૃતતોષા**-જેણે સંતોષ કર્યો છે એવી, **વિજયા**-વિજયાદેવી, **કુરુતે**-કરે છે, **જનહિતં**-લોકોનું હિત, **ઈતિ ચ**-અને એ પ્રમાણે, **નુતા**-સ્તવાયેલી છે, **નમત**-નમસ્કાર કરો.

**અર્થ** - જેના નામરૂપ મંત્ર(શાંતિ)ની પ્રધાનતાવાળા વચનના ઉપયોગથી સંતુષ્ટ થયેલી વિજયાદેવી લોકોનું હિત કરે છે. તેવી રીતે (તેથી) તે વિજયાદેવી (લોકો વડે) સ્તવાયેલી છે. માટે તે શ્રી શાંતિનાથ ભગવાનને તમે નમસ્કાર કરો.

**ભવતુ નમસ્તે ભગવતિ ! વિજયે સુજયે પરાપરૈરજિતે ।**

થાઓ નમસ્કાર તમોને હે ભગવતિ વિજયાદેવી, સુજયાદેવી મંત્ર શાસ્ત્ર પ્રસિદ્ધ પરાપર રહસ્ય વડે અજીતાદેવી,

**અપરાજિતે ! જગત્યાં, જયતીતિ જયાવહે ભવતિ ॥૭॥**

(કોઈ ઠેકાણે પરાભવ નહીં પામેલી એવી) અપરાજિતા દેવી, પૃથ્વીને વિષે, જય પામે છે જયાવહા ભવતિ.

**શબ્દાર્થ** - **ભવતુ**-થાઓ, **તે**-તમોને, **ભગવતિ**-હે ભગવતિ, **વિજયે**-વિજયાદેવી, **સુજયે**-સારા જયવાળી, **પરાપરૈઃ**-પરાપર રહસ્ય વડે, **અજિતે**-નહિ જીતાએલી, **અપરાજિતે**-કોઈ ઠેકાણે પરાભવ નહિ પામેલી, **જગત્યાં**-પૃથ્વીને વિષે, **જયતિ**-જય પામે છે, **ઈતિ**-એમ સ્તુતિ કરવાથી , **જયાવહે**-સ્તુતિ કરનારને જય આપનારી, **ભવતિ**-સાક્ષાત્ થનાર.

**અર્થ** - હે ભગવતિ **વિજયા, (વિજયાદેવી કેવી છે.) સુજયા, અજિતા, અપરાજિતા**, જયાવહા, ભવતિ (સાક્ષાત્થનારી) દેવિ ! તમારી શક્તિ *મંત્રશાસ્ત્ર-પ્રસિદ્ધ પરાપર રહસ્ય વડે પૃથ્વી ઉપર જય પામે છે તેથી તમને નમસ્કાર થાઓ.

છઠ્ઠી ગાથામાં વર્ણવેલ વિજયાદેવીની સ્તવના, સાતમી ગાથાથી પંદરમી ગાથા સુધી એમ નવ ગાથા દ્વારા કરાય છે. અહીં ભગવતી વગેરે વિશેષણો વિજયાદેવી માટે વપરાયા છે. જ્ઞાનાદિ ઐશ્વર્યથી યુક્ત હોવાથી ભગવતી કહેવાય છે, વિશિષ્ટ જયને પ્રાપ્ત કરનારી હોવાથી વિજયા, સારી રીતે જયને પ્રાપ્ત કરનારી

---

* અર્થ અને રહસ્ય પરત્વે (તરફ) મંત્રની સાત ભૂમિકાઓ હોય છે. (૧) પ્રકટ-અર્થ (૨) ગુપ્ત-અર્થ (૩) ગુપ્તતર-રહસ્ય (૪) સંપ્રદાય-રહસ્ય (૫) કુલ-રહસ્ય (૬) નિગર્ભ-રહસ્ય (૭) પરાપર-રહસ્ય, આમાં પહેલી બે અર્થની ભૂમિકાઓ છે અને પછી પાંચ રહસ્યની ભૂમિકાઓ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી સુજયા, કોઈનાથી પણ ન જિતાય એવી હોવાથી અજિતા, કોઈનાથી પણ પરાજય ન પામનારી એટલે અપરાજિતા, નિરંતર જયને વરનારી હોવાથી જયાવહા, સાક્ષાત્ સહાયને કરનારી હોવાથી ભવતી, મંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ પરાપર રહસ્યથી યુક્ત દેવીની શક્તિ જય પામે છે. આવી દેવીને આ ગાથાથી નમસ્કાર કરાય છે.

**સર્વસ્યાપિ ચ સંઘસ્ય, ભદ્રકલ્યાણમંગલપ્રદદે ।**

સકલ પણ સંઘને ભદ્ર (સુખ), કલ્યાણ (ઉપદ્રવનો અભાવ) અને મંગલ (વિઘ્નનો નાશ કરનાર)ને સારી રીતે આપનારી,

**સાધૂનાં ચ સદાશિવ-સુતુષ્ટિપુષ્ટિપ્રદે ! જીયાઃ ॥૮॥**

સાધુ ભગવંતોને તથા નિરંતર શિવ (નિરુપદ્રવપણું), સુતુષ્ટિ (ચિત્તની શાંતિ) અને પુષ્ટિ (ધર્મની વૃદ્ધિ)ને સારી રીતે આપનારી હે દેવિ ! તું જય પામ.

શબ્દાર્થ - **સર્વસ્ય**-બધા, **અપિ**-પણ, **સંઘસ્ય**-સંઘને, ભદ્ર-સુખ, (નિરુપદ્રવીપણું) **કલ્યાણ**-ઉપદ્રવ-રહિતપણું, **મંગલ**-મંગળને, **પ્રદદે**-પ્રકર્ષે કરી આપનારી, **સાધૂનાં**-સાધુઓને, **સદા**-નિરંતર, **શિવ**-નિરુપદ્રવપણું, **સુતુષ્ટિ**-ચિત્તની શાંતિ, **પુષ્ટિ**-ધર્મની વૃદ્ધિને, **પ્રદે**-આપનારી, **જીયાઃ**-જય પામો.

**અર્થ** - અને સકળ સંઘને પણ ભદ્ર, કલ્યાણ (આનંદ) અને મંગલને સારી રીતે આપનારી તથા સાધુ ભગવંતોને શિવ, સુતુષ્ટિ અને પુષ્ટિને સારી રીતે આપનારી હે દેવિ ! તું વિજય પામ.

**ભવ્યાનાં કૃતસિદ્ધે, નિર્વૃતિનિર્વાણજનનિ ! સત્ત્વાનામ્ ।**

ભવ્ય જીવોની કરી છે કાર્યસિદ્ધિ જેણે, તથા ચિત્તની સમાધિ અને મોક્ષ આપનારી પ્રાણીઓને,

**અભયપ્રદાનનિરતે, નમોઽસ્તુ સ્વસ્તિપ્રદે તુભ્યમ્ ॥૯॥**

ઉત્કૃષ્ટ રીતે નિર્ભયપણું આપવા માટે તત્પર, નમસ્કાર થાઓ, કલ્યાણને આપનારી તમને,

શબ્દાર્થ - **ભવ્યાનાં**-ભવ્ય પ્રાણીઓને, **કૃતસિદ્ધે**-સિદ્ધિ કરનારી, **નિર્વૃતિ**-ચિત્તની સમાધિ, **નિર્વાણ**-મોક્ષ, **જનનિ**-ઉત્પન્ન કરનારી, **સત્ત્વાનાં**-ભવ્ય જીવોને, **અભયપ્રદાન**-અભય આપવામાં, **નિરતે**-તત્પર, **અસ્તુ**-હો.

**અર્થ** - ભવ્ય જીવોની સિદ્ધિને કરનારી, પ્રાણીઓના ચિત્તની સમાધિ (શાંતિ) તથા મોક્ષને ઉત્પન્ન કરનારી, અભયદાન (નિર્ભયપણું) આપવા માટે તત્પર, કલ્યાણને આપનારી, હે દેવિ ! તમને નમસ્કાર થાઓ.

**ભક્તાનાં જંતૂનાં, શુભાવહે ! નિત્યમુદ્યતે ! દેવિ !**

ભક્તજનોના શુભને કરનારી, હંમેશાં ઉદ્યમવાળી, હે દેવિ !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સમ્યગ્દૃષ્ટીનાં ધૃતિરતિમતિ-બુદ્ધિપ્રદાનાય* ॥૧૦॥**

સમ્યગ્દૃષ્ટિ જીવોને ધૈર્ય-પ્રીતિ-મતિ-બુદ્ધિ પ્રકર્ષે આપનારી.

**જિનશાસનનિરતાનાં, શાન્તિનતાનાં ચ જગતિ જનતાનામ્ ।**

જિનશાસનમાં રક્ત, શ્રી શાંતિનાથને નમસ્કાર કરનાર જગત મધ્યેના જનસમુદાયને,

**શ્રી સંપત્કીર્તિયશોવર્દ્ધનિ ! જય દેવિ વિજયસ્વ ॥૧૧॥**

લક્ષ્મી, સંપત્તિ, કીર્તિ* અને યશને વધારનારી હે જયાદેવી ! તમે જય પામો.

**શબ્દાર્થ** - **ભક્તાનાં**-ભક્ત, **જંતૂનાં**-જીવોને, **શુભાવહે**-કલ્યાણ કરનારી, **નિત્યં**-નિરંતર, **ઉદ્યતે**-તત્પર, **દેવિ**-દેવી, **સમ્યગ્દૃષ્ટીનાં**-સમ્યગ્દૃષ્ટિ જીવોને, **ધૃતિ**-ધીરજ, **રતિ**-પ્રીતિ, **મતિ**-મતિ, (દીર્ઘ દૃષ્ટિ), **બુદ્ધિ**-બુદ્ધિ (ચાલુ વિષયને જાણનારી), **પ્રદાનાય**-આપવાને, **જિનશાસન**-જિનશાસનમાં, **નિરતાનાં**-તત્પરને, **નતાનાં**-નમસ્કાર કરનારા, **જગતિ**-જગતમાં, **જનતાનાં**-જન સમુદાયને, **શ્રી**-લક્ષ્મી, **સંપત્**-સંપત્તિ, **કીર્તિ**-કીર્તિ-એક દિગ્વ્યાપી યશ, **યશઃ**-યશને, સર્વ દિગ્વ્યાપી યશ, **વર્દ્ધનિ**-વધારનારી, **જયદેવિ**-હે જયાદેવી, **વિજયસ્વ**-તમે વિજય પામો.

**અર્થ** - ભક્તજનોના શુભને કરનારી, સમ્યગ્દૃષ્ટિ જીવોને ધૈર્ય, પ્રીતિ (આનંદ), મતિ, બુદ્ધિ, પ્રકર્ષે કરીને આપવા માટે હંમેશાં ઉદ્યમવાળી, જિનશાસનમાં રક્ત અને શ્રી શાંતિનાથને નમસ્કાર કરનાર જગત મધ્યેના જનસમુદાયને લક્ષ્મી, સંપત્તિ, કીર્તિ અને યશને વધારનારી હે દેવી ! તું જય પામ, વિજય પામ.

**સલિલાનલવિષવિષધર-દુષ્ટગ્રહરાજરોગરણભયતઃ ।**

પાણી, અગ્નિ, ઝેર, સર્પ, ખરાબ-ગ્રહ, રાજા, રોગ અને યુદ્ધના ભયથી,

**રાક્ષસરિપુગણમારી-ચૌરેતિ શ્વાપદાદિભ્યઃ ॥૧૨॥**

રાક્ષસ શત્રુઓના સમૂહ, મરકી, ચોર, સાત ઈતિ અને જંગલી પ્રાણીઓના ભયથી.

**અથ રક્ષ રક્ષ સુશિવં, કુરુ કુરુ શાંતિં ચ કુરુ કુરુ સદેતિ ।**

હવે રક્ષણ કર, રક્ષણ કર, અતિશય નિરુપદ્રવપણું કર, કર અને હંમેશાં શાંતિને કર,

**તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, કુરુ કુરુ સ્વસ્તિં ચ કુરુ કુરુ ત્વમ્ ॥૧૩॥**

તુષ્ટિને કર કર, પુષ્ટિને કર કર, કલ્યાણને કર કર તું.

---

* ધૃતિ એટલે સંતોષ, મતિ એટલે દીર્ઘદૃષ્ટિ.

* એક દેશવ્યાપી ખ્યાતિ તે કીર્તિ અને સર્વ દિશામાં ફેલાયેલી ખ્યાતિ તે યશ, અથવા દાન-પુણ્ય કરવાથી પ્રાપ્ત થાય તે કીર્તિ અને પરાક્રમ વડે પ્રાપ્ત થાય તે યશ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **સલિલ**-જળ, **અનલ**-અગ્નિ, **વિષ**-ઝેર, **વિષધર**-સર્પ, **રાજરોગ**-મોટા રોગ, રાજા, રોગ, **રણ**-લડાઈના, **ભયતઃ**-ભયથી, **રાક્ષસ**-રાક્ષસના, **રિપુગણ**-શત્રુઓનો સમૂહ, **મારી**-મરકી, **ચૌર**-ચોર, **ઈતિ**-સાત ઈતિ. (ભય) **શ્વાપદાદિભ્યઃ**-ફાડી ખાનારા પ્રાણી વગેરેથી, **અથ**-હવે, **રક્ષ રક્ષ**-રક્ષણ કરો રક્ષણ કરો, **સુશિવં**-અતિશય નિરુપદ્રવપણું, **કુરુ કુરુ**-કરો કરો, **સ્વસ્તિ**-કલ્યાણને, **ત્વં**-તમે.

**અર્થ** - પાણી, અગ્નિ, ઝેર, સાપ, ખરાબ, ગ્રહ, રાજા, રોગ અને યુદ્ધના ભયથી, રાક્ષસ, શત્રુઓના સમૂહ, મરકી, ચોર, સાત ઈતિ* અને જંગલી પ્રાણીઓ વગેરેથી (ભૂત પિશાચાદિથી) હે દેવી ! રક્ષણ કર, રક્ષણ કર, અતિશય નિરુપદ્રવપણું કર, નિરંતર શાંતિને કર, તુષ્ટિ પુષ્ટિ અને કલ્યાણને કર.

**ભગવતિ ! ગુણવતિ ! શિવશાંતિ-તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ કુરુ કુરુ જનાનામ્ ।**

હે ભગવતી ! હે ગુણવતી ! દેવી ! શિવશાંતિ-તુષ્ટિ-પુષ્ટિ અને કલ્યાણને આ જગતમાં કર કર લોકોના,

**ઓમિતિ નમો નમો હ્રાઁ હ્રીં હૂઁ, હ્રઃ યઃ ક્ષઃ હ્રીં ફૂટ્ ફૂટ્ સ્વાહા ॥૧૪॥**

ૐ નમો નમો હ્રાઁ હ્રીં હૂઁ, હ્રઃ યઃ ક્ષઃ હ્રીં ફૂટ્ ફૂટ્ સ્વાહા.

**એવં યન્નામાક્ષર-પુરસ્સરં સંસ્તુતા જયાદેવી ।**

એ પ્રમાણે જે શાંતિનાથ ભગવાનના નામાક્ષરમંત્રપૂર્વક સ્તવાયેલી જયાદેવી,

**કુરુતે શાંતિં નમતાં, નમો નમઃ શાન્તયે તસ્મૈ ॥૧૫॥**

કરે છે શાંતિને શ્રી શાંતિનાથ ભગવાનને નમેલ જીવોની તે શ્રી શાંતિનાથ સ્વામીને નમસ્કાર થાઓ.

**શબ્દાર્થ** - **ભગવતી**-હે ભગવતી, **ગુણવતી**-હે ગુણવાળી, **શિવશાંતિ**-કલ્યાણ, શાંતિ, **ઈહ**-આ લોકમાં, **જનાનાં**-લોકોના, **એવં**-એવી રીતે, **યન્નામાક્ષર**-જેના નામના અક્ષરોના, **પુરસ્સરં**-મંત્રપૂર્વક, **સંસ્તુતા**-સ્તુતિ કરેલી, **નમતાં**-નમસ્કાર કરનારા જીવોની.

**અર્થ** - ભગવતી ! ગુણવતી ! દેવી ! આ જગતમાં લોકોના કલ્યાણ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષેમ કર ૐ નમો નમો હ્રાઁ હ્રીં હૂઁ, હ્રઃ, યઃ ક્ષઃ હ્રીં ફૂટ્ ફૂટ્ સ્વાહા એ પ્રમાણે જે શાંતિનાથ ભગવાનના નામાક્ષર મંત્રપૂર્વક સ્તવાયેલી જયાદેવી શ્રી શાંતિનાથ ભગવાનને નમેલા જીવોને શાંતિ કરે છે તે શ્રી શાંતિનાથ સ્વામીને

---

* અતિવૃષ્ટિ (ઘણો વરસાદ), અનાવૃષ્ટિ (વરસાદ ન થાય તે) ઉંદર, તીડ, પોપટ (સૂડા), સ્વચક્ર (પોતાના રાજાના સૈન્યનો) ભય તથા પરચક્ર ભય એ સાત પ્રકારે ઈતિ (ઉપદ્રવ) જાણવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમસ્કાર થાઓ.

**ઇતિ પૂર્વસૂરિદર્શિત-મંત્રપદવિદર્ભિતઃ સ્તવઃ શાંતેઃ ।**

આ પ્રમાણે પૂર્વાચાર્યોએ બતાવેલ અને મંત્રપદોથી ગૂંથાએલું સ્તવન શ્રી શાંતિનાથ પરમાત્માનું,

**સલિલાદિભયવિનાશી, શાંત્યાદિકરશ્ચ ભક્તિમતામ્ ॥૧૬॥**

જળ વગેરે ભયનો નાશ કરનાર અને શાંતિ વગેરે કરનાર છે ભક્તિ કરનાર મનુષ્યોને.

**શબ્દાર્થ** - ઇતિ-એ પ્રમાણે, **પૂર્વસૂરિ**-પૂર્વાચાર્યોએ, **દર્શિત**-બતાવેલા, **મંત્રપદ**-મંત્રના પદથી, **વિદર્ભિતઃ**-ગર્ભિત એવું, **સ્તવઃ**-સ્તવન, **શાંતેઃ**-શાંતિનાથનું, **સલિલાદિ**-જળ વગેરેના, **ભયવિનાશી**-ભયને નાશ કરનાર, **શાંત્યાદિકરઃ**-શાંતિ વગેરેને કરનારા, **ભક્તિમતામ્**-ભક્તિ કરનારા મનુષ્યોને.

**અર્થ** - આ પ્રમાણે પૂર્વાચાર્યોએ બતાવેલ અને મંત્રપદોથી ગૂંથાએલું શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન, જળ વગેરે ભયનો નાશ કરનાર અને ભક્તિ કરનાર મનુષ્યને શાંતિ વગેરે કરનાર છે.

**યશ્ચૈનં પઠતિ સદા, શૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્ ।**

જે માણસ આ સ્તવનને ભણે છે, નિરંતર સાંભળે છે, ભાવના કરે છે (સ્મરણ કરે છે) સાવધાન યોગપૂર્વક,

**સ હિ શાંતિપદં યાયાત્, સૂરિઃ શ્રીમાનદેવશ્ચ ॥૧૭॥**

તે અવશ્ય શાંતિપદ (મોક્ષ) પામે આચાર્યશ્રી માનદેવ પણ તે પદ પામે.

**શબ્દાર્થ** - યઃ-જે, **એનં**-આ સ્તવનને, **પઠતિ**-ભણે છે, **સદા**-હંમેશાં, **શૃણોતિ**-સાંભળે છે, ભાવયતિ-મનમાં સ્મરે છે, **યથાયોગં**-સાવધાન યોગ રાખીને, **હિ**-અવશ્ય, **શાંતિપદં**-શાંતિના સ્થાનને, યાયાત્-પામે, **સૂરિઃ શ્રીમાનદેવઃ**-શ્રીમાનદેવસૂરિ.

**અર્થ** - જે માણસ આ સ્તવનને નિરંતર ભણે છે, સાવધાન યોગપૂર્વક (એકાગ્રપણે) સાંભળે છે અથવા સ્મરણ કરે છે તે અવશ્ય શાંતિપદને પામે. આચાર્ય શ્રી માનવદેવસૂરિ પણ તે પદ પામે.

**ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ ।**

ઉપસર્ગો ક્ષય પામે છે, છેદાય છે વિઘ્નરૂપી વેલડીઓ,

**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૧૮॥**

મન પ્રસન્નતાને પામે છે. પૂજતે છતે જિનેશ્વરને.

**શબ્દાર્થ** - ઉપસર્ગાઃ-ઉપસર્ગો, **ક્ષયં**-ક્ષયને, **યાંતિ**-પામે છે, **છિદ્યન્તે**-છેદાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, **વિઘ્ન**-વિઘ્નરૂપ, **વલ્લયઃ**-વેલડીઓ, **મનઃ**-મન, **પ્રસન્નતાં**-પ્રસન્નપણાને, **એતિ**-પામે છે, **પૂજ્યમાને**-પૂજન કરતાં, **જિનેશ્વરે**-જિનેશ્વરનું.

**અર્થ** - જિનેશ્વરનું પૂજન કરતાં ઉપસર્ગો (કષ્ટો) ક્ષય પામે છે, વિઘ્નરૂપ વેલડીઓ છેદાઈ જાય છે, મન પ્રસન્નતાને પામે છે.

**સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્ ।**

સર્વ મંગલમાં માંગલિક સર્વ કલ્યાણનું કારણ,

**પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૧૯॥**

મુખ્ય સર્વધર્મોમાં જૈન જય પામે છે શાસન.

**શબ્દાર્થ** - **સર્વમંગલ**-સર્વ મંગળોમાં, **માંગલ્યં**-માંગલિક, **સર્વકલ્યાણ**-સર્વ કલ્યાણનું, **કારણં**-કારણ, **પ્રધાનં**-મુખ્ય, શ્રેષ્ઠ, **સર્વધર્માણાં**-સર્વ ધર્મોમાં, **જૈનં**-જૈન, **જયતિ**-જય પામે છે, **શાસનં**-શાસન.

**અર્થ** - સર્વ મંગળોમાં માંગલિક, સર્વ કલ્યાણનું (સુખનું) કારણ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું શ્રી જૈનશાસન જય પામે છે.

---

## (૪૪) શ્રી ચઉક્કસાય (પાર્શ્વનાથ ચૈત્યવંદન) સૂત્ર*

**ચઉક્કસાયપડિમલ્લુલ્લૂરણુ, દુજ્જયમયણબાણમુસુમૂરણુ ।**

ચાર કષાય રૂપ પ્રતિમલ્લને (વેરીને) ઉચ્છેદનાર, દુર્જય કામદેવના બાણને ભાંગનાર.

**સરસપિયંગુવન્નુ ગયગામિઉ, જયઉ પાસુ ભુવણત્તયસામિઉ ॥૧॥**

લીલી રાયણના વર્ણવાળા, હાથી જેવી ગતિવાળા, જય પામો શ્રી પાર્શ્વનાથ ભગવાન, ત્રણ ભુવનના સ્વામી.

**શબ્દાર્થ** - **ચઉક્કસાય**-ચાર કષાયરૂપ, **પડિમલ્લ**-વેરીને, **ઉલ્લૂરણુ**-ઉચ્છેદનાર, **દુજ્જય**-દુર્જય, **મયણ**-કામદેવના, **બાણ**-બાણને, **મુસુમૂરણુ**-ભાંગનાર, **સરસ**-રસવાલી-નીલી, **પિયંગુ**-રાયણ જેવા, **વન્નુ**-વર્ણવાળા, **ગય**-હાથી જેવી, **ગામિઉ**-ગતિવાળા, **જયઉ**-જયવંત વર્તો, **પાસુ**-પાર્શ્વનાથ, **ભુવણત્તય**-ત્રણ ભુવનના, **સામિઉ**-સ્વામી.

**અર્થ** - ચાર કષાયરૂપ વેરીને ઉચ્છેદનાર, દુઃખે કરીને જીતાય એવા કામદેવના બાણને ભાંગનાર, લીલી રાયણના વર્ણવાળા, હાથીની જેવી ગતિવાળા, ત્રણ

---

* રાત્રિએ સંથારાપોરિસીમાં આ સૂત્ર ચૈત્યવંદન તરીકે બોલવામાં આવે છે. દરેક શ્રાવક સંથારાપોરિસી ભણાવી શકતા નથી. તેથી દેવસિ પ્રતિક્રમણના અંતે સામાયિક પારતી વખતે લોગસ્સ કહ્યા પછી કહેવાનો વિધિ શ્રાવકોને માટે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભુવનના સ્વામી એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન જય પામો.

**જસુ તણુકંતિકડપ્પસિણિદ્ધઉ, સોહઈ ફણિમણિકિરણાલિદ્ધઉ ।**

જેના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધ છે, શોભે છે નાગની ફણા ઉપર રહેલા મણિના કિરણોથી વ્યાપ્ત છે,

**નં નવજલહર-તડિલ્લય-લંછિઉ, સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ ॥૨॥**

નિશ્ચે નવા મેઘ-વીજળીની લતા સહિત છે તે જિનેશ્વર પાર્શ્વનાથ આપો વાંછિતને.

**શબ્દાર્થ** - **જસુ**-જેના, **તણુ**-શરીર, **કંતિ**-કાંતિ, **કડપ્પ**-સમૂહ, **સિણિદ્ધઉ**-સ્નિગ્ધ, **સોહઈ**-શોભે છે, **ફણિ**-ફેણનું, **મણિ**-મણિ (રત્ન), **આલિદ્ધઉ**-વ્યાપ્ત, **નં**-નિશ્ચે, **નવ**-નવો, **જલહર**-મેઘ, **તડિત્**-વીજળી, **લય**-લતા, **લંછિઉ**-સહિત, **સો**-તે, **જિણુ**-જિન, **પાસુ**-પાર્શ્વનાથ, **પયચ્છઉ**-આપો, **વંછિઉ**-વાંછિત.

**અર્થ** - જેના શરીરની કાંતિનો સમૂહ સ્નિગ્ધ છે, જે નાગની ફણા ઉપર રહેલા મણિના કિરણોથી વ્યાપ્ત છે, જે વીજળીની લતા સહિત નવા મેઘની જેમ શોભે છે તે શ્રી જિનેશ્વર પાર્શ્વનાથ વાંછિતને આપો.

---

## ૪૪(અ) રાઈઅ પ્રતિક્રમણના સૂત્રો

**(અ) ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! કુસુમિણ દુસુમિણ ઉક્ષાવણી રાઈઅપાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ?**

ઈચ્છાપૂર્વક આજ્ઞા આપો ભગવન્ ! કુસ્વપ્ન દુઃસ્વપ્ન આદિથી ઉત્પન્ન થયેલા પાપ દૂર કરવા માટે રાત્રિ સંબંધી પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગ કરું ?

**ઇચ્છં, કુસુમિણ દુસુમિણ ઉક્ષાવણી રાઈઅપાયશ્ચિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦**

આજ્ઞા પ્રમાણ છે, કુસ્વપ્ન દુઃસ્વપ્ન* દૂર કરવા માટે રાત્રિ સંબંધી પ્રાયશ્ચિત્ત વિશુદ્ધિ કરવા માટે કરું છું કાયોત્સર્ગ.

**શબ્દાર્થ** - **કુસુમિણ**-કુસ્વપ્ન, **દુસુમિણ**-દુસ્વપ્ન, **ઉક્ષાવણી**-દૂર કરવા માટે, **વિસોહણત્થં**-વિશુદ્ધિ માટે.

---

* રાત્રિમાં કામભોગાદિનાં દુઃસ્વપ્ન આવ્યા હોય તો સાગરવરગંભીરા સુધી અને બીજા દુઃસ્વપ્ન આવ્યા હોય તો ચંદેસુ નિમ્મલયરા સુધી ચાર લોગસ્સનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૫) શ્રી *ભરહેસરની સજ્ઝાય - સૂત્ર

(સવારના પ્રતિક્રમણમાં સ્વાધ્યાયની સૂચક બોલાતી સજ્ઝાય)

**ભરહેસર બાહુબલી, અભયકુમારો અ ઢંઢણકુમારો ।**

શ્રી ભરતેશ્વર, બાહુબલિજી, અભયકુમાર તથા ઢંઢણકુમાર,

**સિરિઓ અણિઆઉત્તો, અઈમુત્તો નાગદત્તો અ ॥૧॥**

શ્રી સ્થૂલભદ્રજીના નાનાભાઈ શ્રીયક, અરણિકાપુત્ર આચાર્ય, અતિમુક્તકુમાર તથા નાગદત્ત.

**અર્થ** - શ્રી ભરતેશ્વર, બાહુબલિજી, અભયકુમાર તથા ઢંઢણકુમાર, શ્રી સ્થૂલભદ્રજીના નાનાભાઈ શ્રીયક, અર્ણિકાપુત્ર આચાર્ય, અતિમુક્તકુમાર તથા નાગદત્ત.

**મેઅજ્જ થૂલિભદ્દો, વયરરિસિ નંદિસેણ સિંહગિરિ ।**

મેતાર્યમુનિ, સ્થૂલભદ્ર, વજ્રઋષિ, નંદિષેણ, સિંહગિરિ,

**કયવન્નો અ સુકોસલ, પુંડરિઓ કેસિ કરકંડૂ ॥૨॥**

કૃતપુણ્ય (કયવન્ના શેઠ) સુકોશલમુનિ, પુંડરિક, કેશી, કરકંડુ (પ્રત્યેક બુદ્ધ)

**અર્થ** - મેતાર્યમુનિ, સ્થૂલભદ્ર, વજ્રસ્વામી, નંદિષેણ, સિંહગિરિ, કૃતપુણ્ય, સુકોશલમુનિ, પુંડરીક, કેશી અને કરકંડુ (પ્રત્યેક બુદ્ધ)

**હલ્લ વિહલ્લ સુદંસણ, સાલ મહાસાલ સાલિભદ્દો અ ।**

હલ્લ, વિહલ્લ, સુદર્શન શેઠ, શાલ અને મહાશાલમુનિ, શાલિભદ્ર,

**ભદ્દો દસન્નભદ્દો, પસન્નચંદો અ જસભદ્દો ॥૩॥**

ભદ્રબાહુસ્વામી, દશાર્ણભદ્ર, પ્રસન્નચંદ્ર રાજર્ષિ, યશોભદ્રસૂરિ.

**અર્થ** - હલ્લ, વિહલ્લ, સુદર્શન (શેઠ), શાલ અને મહાશાલમુનિ, શાલિભદ્ર, ભદ્રબાહુસ્વામી, દશાર્ણભદ્ર, પ્રસન્નચન્દ્ર રાજર્ષિ, યશોભદ્રસૂરિ.

**જંબૂપહૂ વંકચૂલો, ગયસુકુમાલો અવંતિસુકુમાલો ।**

જંબૂસ્વામી, વંકચૂલ રાજકુમાર, ગજસુકુમાલમુનિ, અવંતિસુકુમાલ,

**ધન્નો ઈલાઈપુત્તો, ચિલાઈપુત્તો અ બાહુમુણી ॥૪॥**

ધન્નાકુમાર, ઈલાચીપુત્ર, ચિલાતીપુત્ર અને બાહુમુનિ.

**અર્થ** - જંબૂસ્વામી, વંકચૂલ રાજકુમાર, ગજસુકુમાલ, અવન્તિસુકુમાલ, ધન્નો

---

* પ્રાતઃસ્મરણીય મહાપુરુષો અને મહાસતીઓનું સ્મરણ કરવા માટે આ સજ્ઝાય પ્રાતઃકાલમાં રાઈઅ પડિક્કમણ, કરતી વખતે બોલાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ન્ય), ઇલાચીપુત્ર, ચિલાતીપુત્ર અને બાહુમુનિ.

**અજ્જગિરિ, અજ્જરક્ખિઅ, અજ્જસુહત્થી ઉદાયગો મણગો ।**

આર્યમહાગિરિ, આર્યરક્ષિત, આર્યસુહસ્તિસૂરિ, ઉદાયન રાજર્ષિ, મનકકુમાર,

**કાલયસૂરી સંબો, પજ્જુન્નો મૂલદેવો અ ॥૫॥**

કાલકાચાર્ય, શામ્બકુમાર, પ્રદ્યુમ્નકુમાર અને મૂલદેવ (રાજા)

**અર્થ** - આર્યમહાગિરિ, આર્યરક્ષિત, આર્યસુહસ્તિસૂરિ, ઉદાયન રાજર્ષિ, મનકકુમાર, કાલિકાચાર્ય, શામ્બકુમાર, પ્રદ્યુમ્નકુમાર અને મૂલદેવ (રાજા)

**પભવો વિણ્હુકુમારો, અદ્દકુમારો દઢપ્પહારી અ ।**

પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દઢપ્રહારી,

**સિજ્જંસ કૂરગડૂ અ, સિજ્જંભવ મેહકુમારો અ ॥૬॥**

શ્રેયાંસ, કુરગડુ સાધુ, શય્યંભવ સ્વામી અને મેઘકુમાર.

**અર્થ** - પ્રભવસ્વામી, વિષ્ણુકુમાર, આર્દ્રકુમાર, દઢપ્રહારી, શ્રેયાંસ, કુરગડુ સાધુ, શય્યંભવસ્વામી અને મેઘકુમાર.

**એમાઇ મહાસત્તા, દિંતુ સુહં ગુણ-ગણેહિં-સંજુત્તા ।**

એ વગેરે મહાપુરુષો આપો સુખ અનેક ગુણોથી યુક્ત છે,

**જેસિં નામગ્ગહણે, પાવપ્પબંધા વિલયં જંતિ ॥૭॥**

અને જેઓના નામ લેવાથી પાપના દઢ બંધો નાશ પામે છે.

**અર્થ** - એ વગેરે જે મહાપુરુષો અનેક ગુણોથી યુક્ત છે અને જેઓનાં નામ લેવાથી પાપના દઢ બંધો (પરંપરા) નાશ પામે છે, તે સુખને આપો.

**સુલસા ચંદનબાલા, મણોરમા મયણરેહા દમયંતી ।**

સુલસા, ચંદનબાળા, મનોરમા, મદનરેખા, દમયંતી,

**નમયાસુંદરી સીયા, નંદા ભદ્દા સુભદ્દા ય ॥૮॥**

નર્મદાસુંદરી, સીતા, નંદા, ભદ્રા અને સુભદ્રા.

**અર્થ** - સુલસા, ચંદનબાળા, મનોરમા, મદનરેખા, દમયંતી, નર્મદાસુંદરી, સીતા, નંદા, ભદ્રા અને સુભદ્રા.

**રાઈમઈ રિસિદત્તા, પઉમાવઈ અંજણા સિરીદેવી ।**

રાજિમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજનાસુંદરી, શ્રીદેવી,

**જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઈ, પભાવઈ ચિલ્લણાદેવી ॥૯॥**

જયેષ્ઠા, સુજયેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી અને ચેલ્લણારાણી.

**અર્થ** - રાજિમતી, ઋષિદત્તા, પદ્માવતી, અંજનાસુંદરી, શ્રીદેવી, જયેષ્ઠા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુજયેષ્ઠા, મૃગાવતી, પ્રભાવતી અને ચેલ્લણા રાણી.

**બંભી સુંદરી રુપ્પિણી, રેવઈ કુંતી સિવા જયંતી અ ।**

બ્રાહ્મી, સુંદરી, રુક્મિણી, રેવતી, કુંતી, શિવા, જયન્તી,

**દેવઈ દોવઈ ધારણી, કલાવઈ પુપ્ફચૂલા ય ॥૧૦॥**

દેવકી, દ્રૌપદી, ધારણી, કલાવતી અને પુષ્પચૂલા.

**અર્થ** - બ્રાહ્મી, સુંદરી, રુક્મિણી, રેવતી, કુંતી, શિવા, જયન્તી, દેવકી, દ્રૌપદી, ધારણી, કલાવતી અને પુષ્પચૂલા.

**પઉમાવઈ અ ગોરી, ગંધારી લક્ખમણા સુસીમા ય ।**

તથા પદ્માવતી,ગૌરી, ગાન્ધારી, લક્ષ્મણા, સુસીમા અને

**જંબૂવઈ સચ્ચભામા, રુપ્પિણી કણ્હટ્ઠ મહિસીઓ ॥૧૧॥**

જંબૂવતી, સત્યભામા, રુક્મિણી, એ આઠ કૃષ્ણની પટ્ટરાણીઓ.

**અર્થ** - તથા પદ્માવતી, ગૌરી, ગાન્ધારી, લક્ષ્મણા, સુસીમા, જંબૂવતી, સત્યભામા, રુક્મિણી એ આઠ કૃષ્ણની પટ્ટરાણીઓ.

**જક્ખા ય જક્ખદિન્ના, ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના અ ।**

યક્ષા અને યક્ષદત્તા, ભૂતા તેમજ એ રીતે ભૂતદત્તા,

**સેણા વેણા રેણા, ભઈણીઓ, થૂલિભદ્દસ્સ ॥૧૨॥**

સેણા, વેણા અને રેણા એ સાત બહેનો સ્થૂલભદ્રની.

**અર્થ** - યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા એ સાત સ્થૂલભદ્રની બહેનો.

**ઇચ્ચાઈ મહાસઈઓ, જયંતિ અકલંકસીલકલિઆઓ ।**

એ વગેરે મહાસતીઓ જય પામે છે નિષ્કલંક શીલને ધારણ કરનારી,

**અજ્જ વિ વજ્જઈ જાસિં, જસ-પડહો તિહુઅણે સયલે ॥૧૩॥**

કે આજે પણ વાગે છે જેઓના યશનો પડહ ત્રણ ભુવનમાં સમગ્ર.

**અર્થ** - એ વગેરે નિષ્કલંક શીલને ધારણ કરનારી મહાસતીઓ જય પામે છે કે જેઓના યશનો પડહ આજે પણ સમગ્ર ત્રણ ભુવનમાં વાગે છે.

## (૪૬) શ્રી સકલ-તીર્થ-વંદના (સમસ્ત તીર્થોને વંદના)

**સકલ તીર્થ વંદું કર જોડ, જિનવર-નામે મંગલ કોડ ।**

સર્વ તીર્થોને વંદના કરું છું હાથ જોડીને, જિનેશ્વર ભગવંતના નામથી મંગલ ક્રોડો પ્રવર્તે છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશદિશ ॥૧॥**

પહેલા દેવલોકમાં લાખ બત્રીશ જિન-મંડપ ચૈત્યોને વંદના કરું છું હંમેશાં.

**અર્થ** - સર્વ તીર્થોને હાથ જોડીને વંદના કરું છું જિનવર ભગવંતના નામથી પ્રભાવથી સામ્રાજ્યથી ક્રોડો મંગલ પ્રવર્તે છે. પહેલા દેવલોકમાં બત્રીશ લાખ જિન-ભવન (દેરાસર) છે તેને હું હંમેશાં વંદના કરું છું.

**બીજે લાખ અઠ્ઠાવીસ કહ્યાં, ત્રીજે બાર લાખ સદહ્યાં ।**

બીજે સ્વર્ગે લાખ અઠ્ઠાવીશ કહ્યાં છે અને ત્રીજે બાર લાખ વર્ણવ્યાં છે,

**ચોથે સ્વર્ગે અડલખ ધાર, પાચમે વંદું લાખ જ ચાર ॥૨॥**

ચોથે સ્વર્ગે (દેવલોકમાં) આઠ લાખ ધારણ કરવા, પાંચમા સ્વર્ગે વંદું છું લાખ ચાર ચૈત્યોને.

**અર્થ** - બીજા સ્વર્ગે અઠ્ઠાવીશ લાખ જિન ચૈત્યો કહ્યા છે. ત્રીજે સ્વર્ગે બાર લાખ, ચોથે સ્વર્ગે આઠ લાખ, પાંચમા દેવલોકમાં ચાર લાખ જિન ચૈત્યોને વર્ણવ્યા છે તેને હું વંદના કરું છું.

**છઠ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીસ સહસ પ્રાસાદ ।**

છઠ્ઠા સ્વર્ગમાં હજાર પચાસ, સાતમા સ્વર્ગમાં ચાલીસ હજાર જિન-ચૈત્યો,

**આઠમે સ્વર્ગે છ હજાર, નવ દશમે વંદું શત ચાર ॥૩॥**

આઠમા સ્વર્ગમાં છ હજાર, નવમા દશમા સ્વર્ગમાં વંદું છું ચારસો.

**અર્થ** - છઠ્ઠા સ્વર્ગમાં પચાસ હજાર, સાતમા દેવલોકમાં ચાલીસ હજાર, આઠમા સ્વર્ગમાં છ હજાર અને નવમા અને દશમા દેવભવનમાં બંને મળીને ચારસો એ દરેક જિન ભવનને હું વંદના કરું છું.

**અગ્યાર-બારમે ત્રણશેં સાર, નવ ગ્રૈવેયકે ત્રણશેં અઢાર ।**

અગ્યાર-બારમા દેવલોકમાં ત્રણસો સારભૂત, નવ ગ્રૈવેયકમાં ત્રણસો અઢાર.

**પાંચ અનુત્તર સર્વે મલી, લાખ ચોરાશી અધિકાં વળી ॥૪॥***

પાંચ અનુત્તરમાં સર્વ મળી લાખ, ચોરાશીથી પણ અધિક.

**અર્થ** - અગ્યારમા અને બારમા દેવલોકમાં બંને મળીને ત્રણસો જિન-ભવન, નવ ગ્રૈવેયકમાં ત્રણસો અઢાર, પાંચ અનુત્તર સર્વ મળીને ચોરાશી લાખથી પણ અધિક જિન-ચૈત્યો પ્રધાન છે.

**સહસ સત્તાણું ત્રેવીશ સાર, જિનવર ભવનતણો અધિકાર ।**

હજાર સત્તાણું ત્રેવીશ મુખ્ય, જિનેશ્વર ભગવંતોના ભવનોનો અધિકાર છે.

* સ્વર્ગ, પાતાળ અને મૃર્ત્યુલોકમાં રહેલા શાશ્વત ચૈત્યો અને શાશ્વત બિંબોની સંખ્યા અનુક્રમે પાછળ મુજબ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**લાંબા સો જોજન વિસ્તાર, પચાસ ઊંચાં બહોંતેર ધાર ॥૫॥**

લાંબા સો યોજન, પહોળા પચાસ યોજન અને ઊંચા બહોંતેર યોજન ધારણ કરવા.

**અર્થ** - સત્તાણું હજાર અને ત્રેવીશ જિનેશ્વર ભગવંતોને સારભૂત ભવનો (દેરાસરો) છે, તેને વંદના કરું છું. (શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે) તે સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બહોંતેર યોજન ઊંચાં છે.

| લોક | શાશ્વત ચૈત્યો (દેરાસરો) | શાશ્વત બિંબો (જિનમૂર્તિઓ) |
|---|---|---|
| સ્વર્ગ | ૮૪,૯૭,૦૨૩ | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |
| પાતાળ અથવા ભવનપતિના આવાસમાં | ૭,૭૨,૦૦,૦૦૦ | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |
| મર્ત્યલોકમાં (મનુષ્યલોકમાં) (તિર્ચ્છાલોકમાં) | ૩૨૫૯ | ૩,૯૧,૩૨૦ |

**(૧) સ્વર્ગમાં રહેલા શાશ્વત જિનચૈત્ય અને શાશ્વતબિંબો**

| નામ | ચૈત્ય સંખ્યા | પ્રત્યેક ચૈત્યમાં બિંબ સંખ્યા | કુલ બિંબો |
|---|---|---|---|
| પહેલા દેવલોકે | ૩૨ લાખ | ૧૮૦ | ૫૭,૬૦,૦૦,૦૦૦ |
| બીજા દેવલોકે | ૨૮ લાખ | ૧૮૦ | ૫૦,૪૦,૦૦,૦૦૦ |
| ત્રીજા દેવલોકે | ૧૨ લાખ | ૧૮૦ | ૨૧,૬૦,૦૦,૦૦૦ |
| ચોથા દેવલોકે | ૮ લાખ | ૧૮૦ | ૧૪,૪૦,૦૦,૦૦૦ |
| પાંચમા દેવલોકે | ૪ લાખ | ૧૮૦ | ૭,૨૦,૦૦,૦૦૦ |
| છઠ્ઠા દેવલોકે | ૫૦,૦૦૦ | ૧૮૦ | ૯૦,૦૦,૦૦૦ |
| સાતમા દેવલોકે | ૪૦,૦૦૦ | ૧૮૦ | ૭૨,૦૦,૦૦૦ |
| આઠમા દેવલોકે | ૬,૦૦૦ | ૧૮૦ | ૧૦,૮૦,૦૦૦ |
| નવમા દેવલોકે } દશમા દેવલોકે } | ૪૦૦ | ૧૮૦ | ૭૨,૦૦૦ |
| અગ્યારમા દેવલોકે } બારમા દેવલોકે } | ૩૦૦ | ૧૮૦ | ૫૪,૦૦૦ |
| નવ ગ્રૈવેયકમાં | ૩૧૮ | ૧૨૦ | ૩૮,૧૬૦ |
| અનુત્તરમાં | ૫ | ૧૨૦ | ૬૦૦ |
| કુલ | ૮૪,૯૭,૦૨૩ | | ૧,૫૨,૯૪,૪૪,૭૬૦ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોકના પ્રત્યેક ચૈત્યમાં ૧૮૦ બિંબની ગણત્રી નીચેના ધોરણે કરવામાં આવે છે.

દરેક દેવલોકમાં પાંચ સભા હોય છે. ૧. મજ્જન સભા, ૨. અલંકાર સભા, ૩. સુધર્મ સભા, ૪. સિદ્ધાયતન સભા, ૫. વ્યવસાય સભા.

એ દરેક સભાને ત્રણ દ્વાર હોય છે એટલે પાંચ સભામાં બધાં મળીને પંદર દ્વાર હોય છે. એ દરેક દ્વાર ઉપર ચૌમુખ બિંબ હોય છે. એટલે પાંચ સભામાં ૬૦ બિંબો હોય છે અને દરેક દેવલોકમાં રહેલું ચૈત્ય ત્રણ દ્વારવાળું જ હોય છે અને તે દરેક દ્વાર પર ચૌમુખજી હોય છે. એટલે તેમાં કુલ-૧૨ બિંબ હોય છે અને તે ચૈત્યના ગભારામાં ૧૦૮ જિનબિંબો હોય છે. જે મળીને ચૈત્યમાં રહેલાં બિંબોની કુલ સંખ્યા-૧૨૦ની થાય છે.

સભાનાં ૬૦ તથા ચૈત્યનાં ૧૨૦ બિંબો મળીને કુલ-૧૮૦ બિંબ થાય છે.

**નોંધ :** નવ ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનોમાં સભાઓ હોતી નથી. તેથી તેમાં ૧૨૦ બિંબો હોય છે.

**(૨) પાતાળલોકમાં (ભવનપતિમાં) રહેલાં શાશ્વત ચૈત્યો તથા શાશ્વત બિંબો**

| નામ | ચૈત્ય સંખ્યા | દરેક ચૈત્યમાં પ્રતિમાની સં. | કુલ બિંબો |
|---|---|---|---|
| ૧. અસુર નિકાય | ૬૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૧૫,૨૦,૦૦,૦૦૦ |
| ૨. નાગકુમાર | ૮૪,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૫૧,૨૦,૦૦,૦૦૦ |
| ૩. સુપર્ણકુમાર | ૭૨,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૨૯,૬૦,૦૦,૦૦૦ |
| ૪. વિદ્યુતકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૫. અગ્નિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૬. દ્વીપકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૭. ઉદધિકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૮. દિક્કુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| ૯. પવનકુમાર | ૯૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૭૨,૮૦,૦૦,૦૦૦ |
| ૧૦. સ્તનિતકુમાર | ૭૬,૦૦,૦૦૦ | ૧૮૦ | ૧,૩૬,૮૦,૦૦,૦૦૦ |
| **કુલ** | ૭,૭૨,૦૦,૦૦૦ | X૧૮૦= | ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ |

**(૩) તિર્ચ્છાલોકમાં શાશ્વત ચૈત્યો ૩૨૫૯ છે.**

૩૨૫૯ ચૈત્યમાં નંદીશ્વર દ્વીપના ૫૨, રૂચક દ્વીપના ૪ અને કુંડલદ્વીપના ૪. એમ ૬૦ ચૈત્યો ૪ દ્વારવાળાં હોય છે. એટલે તેમાં રહેલા જિનબિંબોની સંખ્યા ૧૨૪ હોય છે અને બાકીના એટલે ૩૧૯૯ ચૈત્યોમાં ૧૨૦ બિંબો હોય છે. આ રીતે મનુષ્યલોકમાં રહેલાં સઘળાં બિંબોની સંખ્યા ૩,૯૧,૩૨૦ની થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તિર્ચ્છાલોકના ૩૨૫૯ શાશ્વત ચૈત્યોની વિગત

જંબૂદ્વીપના-૬૩૫, ધાતકી ખંડના-૧૨૭૨, પુષ્કરવરના-૧૨૭૨, તથા મનુષ્યક્ષેત્રની બહાર-૮૦ મંદિર. તેથી કુલ-૬૩૫+૧૨૭૨+૧૨૭૨+૮૦=૩૨૫૯ શાશ્વત ચૈત્યો છે.

## જંબૂદ્વીપના ૬૩૫ શાશ્વત ચૈત્યોની વિગત

ભરતક્ષેત્રના ૩ ચૈત્ય (ગંગા અને સિંધુના પ્રપાતકુંડમાં ૧-૧ તથા વૈતાઢ્ય પર્વત ઉપર ૧=૩, હિમવંત પર્વત ઉપર ૨ ચૈત્ય (૧ શિખર ઉપર અને ૧ પર્વત ઉપર દ્રહમાં)

(દરેક જગાએ ક્ષેત્રના ૩ અને પર્વતના ૨ તે તે નદીઓના પ્રપાતકુંડમાં, તે ક્ષેત્રના વૈતાઢ્ય ઉપર તેમજ પર્વતના શિખર ઉપર અને પર્વતના દ્રહમાં સમજી લેવા)

હિમવંત ક્ષેત્ર-૩, મહાહિમવંત પર્વત-૨, હરિવર્ષ ક્ષેત્ર-૩, નિષધ પર્વત-૨=૧૫

આ રીતે દક્ષિણના ૧૫ શાશ્વત મંદિર તે જ રીતે ઉત્તરના નીલવંત પર્વત-૨, રમ્યક્ક્ષેત્ર-૩, રુક્મિ પર્વત-૨, ઐરણ્યવંત ક્ષેત્ર-૩, શિખરી પર્વત-૨, ઐરવત ક્ષેત્ર-૩=૧૫ કુલ-૩૦.

જંબૂદ્વીપના મહાવિદેહના ૬૦૫ મંદિરો – ૧. દેવકુરુના-૨૨૮, ૨. ઉત્તરકુરુના-૨૨૮, ૩. પૂર્વ મહાવિદેહ-૬૨. ૪. પશ્ચિમ મહાવિદેહ-૬૨, ૫. મેરુના-૨૫.

(૧) **દેવકુરુના-૨૨૮**—નિષધ પર્વત પરથી શીતોદા નદી નીકળે છે. તે પર્વતની તળેટીમાં જ્યાં દ્રહમાં નદી પડે છે, તે દ્રહની મધ્યમાં **૧ ચૈત્ય**, તે નદીની બે બાજુ ચિત્ર, વિચિત્ર બે પર્વત છે. તે પર્વતના શિખર ઉપર **૨ ચૈત્ય,** તે નદી દેવકુરુ ક્ષેત્રમાંથી પસાર થાય છે, તે ૫ દ્રહમાં થઈને પસાર થાય છે. આ દરેક દ્રહની મધ્યમાં એક મંદિર છે. તે દ્રહના ૫ ચૈત્ય, પાંચેય દ્રહની બંને બાજુ કંચનગિરિ પર્વત આવેલા છે એટલે ૧૦ કંચનગિરિ પર્વતો થશે. તે દરેક પર્વત ઉપર ૧૦ મંદિરો છે એટલે કંચનગિરિના=૧૦૦ ચૈત્ય, પૃથ્વીકાય, વૃક્ષ આકારનું જંબૂવૃક્ષ દેવકુરુ ક્ષેત્રમાં આવેલું છે. તે જંબૂપીઠ ઉપર ૧૧૭ જંબૂવૃક્ષો છે.

મધ્યમાં એક જંબૂવૃક્ષ છે તેની ફરતા તેનાથી અડધા માપવાળા બીજા આઠ વૃક્ષો છે અને તે આઠ વૃક્ષોને ફરતા બીજા ૧૦૮ વૃક્ષો છે. તે દરેક વૃક્ષની મધ્યની ડાળી ઊંચી છે અને તે ડાળી ઉપર એક-એક મંદિર છે. એટલે જંબૂવૃક્ષના ૧૧૭ **ચૈત્યો.**

નિષધ પર્વતથી શરૂ કરી ગજદંત આકારના બે પર્વતો-પૂર્વમાં સોમનસ ગજદંત અને પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ ગજદંત બે પર્વતો, શરૂમાં ૫૦૦ યોજન પહોળા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને મેરુની નજીક આવતાં હાથીદાંતની જેમ પાતળા થઈ જાય છે અને આ પર્વતો મહાવિદેહ ક્ષેત્રથી દેવકુરુને જુદા પાડે છે તે બે પર્વતનાં **૨ ચૈત્ય,** દેવકુરુ ક્ષેત્રની **મધ્યમાં ૧ ચૈત્ય** આવેલું છે. એટલે કુલ=૧+૨+૫+૧૦૦+૧૧૭+૨+૧=૨૨૮ શાશ્વત ચૈત્ય થાય.

(૨) **ઉત્તરકુરુક્ષેત્રના**-૨૨૮ ચૈત્ય તે દેવકુરુની જેમ સમજવા.

શીતા નદીના દ્રહનું ૧, દ્રમક ઝમક પર્વતના ૨, દ્રહના ૫, કંચનગિરિના ૧૦૦, શાલ્મલવૃક્ષના ૧૧૭, માલ્યવંત ગજદંત અને ગંધમાદન ગજદંત ૨, ઉત્તરકુરુ ક્ષેત્રની મધ્યમાં ૧=૨૨૮ ચૈત્ય.

(૩) **પૂર્વ મહાવિદેહ-૬૨ ચૈત્યો છે.** ૧૬ વિજયમાં દરેકમાં નદીના દ્રહની મધ્યમાં ૨ ચૈત્ય અને એક વિજયના બે ભાગ કરતાં વૈતાઢ્ય પર્વતના શિખર ઉપર ૧ એમ કુલ-૩. ૧૬X૩=૪૮ ચૈત્યો. બે વિજયની મધ્યમાં રહેલા વક્ષસ્કાર પર્વત (અંતરપર્વત)ના શિખર ઉપર ૮ એટલે વક્ષસ્કાર પર્વતના ૮ ચૈત્યો.

૧૬ વિજયના ૧૪ આંતરા થાય. તેમાં એક આંતરામાં વક્ષસ્કાર પર્વત અને બીજા આંતરામાં નદી હોય છે. એટલે ૬ અંતરનદીના ૬ ચૈત્ય.

૪૮+૮+૬=૬૨ ચૈત્યો.

(૪) **પશ્ચિમ મહાવિદેહના ૬૨**

| | | |
|---|---|---|
| ૧૬ વિજયના દરેક વિજયમાં ૩ એટલે ૧૬X૩ | = | ૪૮ ચૈત્ય |
| ૮ વક્ષસ્કાર પર્વતના | = | ૮ ચૈત્ય |
| ૬ અંતર નદીના | = | ૬ ચૈત્ય |
| | | **૬૨ ચૈત્યો** |

(૫) **મેરુપર્વતના ૨૫ ચૈત્યો**

મેરુ પર્વતની તળેટીમાં સમભૂતલા પૃથ્વી ઉપર ભદ્રશાલ વનમાં ચાર દિશામાં એકેક ચૈત્ય છે, તે ભદ્રશાલ વનના **૪ ચૈત્ય.**

૫૦૦ યોજન ઊંચું નંદનવન છે, તેની ચારે દિશામાં એકેક મંદિર છે, નંદનવનના ૪ ચૈત્ય.

૬૨,૫૦૦ યોજન ઊંચે સોમનસવનની ચારે દિશામાં એકેક મંદિર છે, સોમનસવનના ૪ ચૈત્ય, ત્યાંથી ૩૬,૦૦ યોજન ઊંચે પાંડુકવનની ચારે દિશામાં એકેક મંદિર છે. પાંડુકવનના ૪ ચૈત્ય.

મેરુ પર્વતની ચૂલિકા સૌથી ઊંચે એક મંદિર તે ચૂલિકાનું ૧ ચૈત્ય.

મેરુ પર્વતની સમભૂતલા પૃથ્વી ઉપર ચાર વિદિશામાં હાથીના આકારના કરિકૂટ પર્વત છે તે કરિકૂટ પર્વતના ૮ ચૈત્ય.

૪+૪+૪+૪+૧+૮ = ૨૫ ચૈત્ય.

આ રીતે જંબૂદ્વીપના ૩૦+૨૨૮+૨૨૮+૬૨+૬૨+૨૫ = **૬૩૫ ચૈત્યો.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાતકી ખંડ અને પુષ્કરવરદ્વીપમાં ૨ ભરતક્ષેત્ર, ૨ ઐરાવત ક્ષેત્ર, ૨ મહાવિદેહ ક્ષેત્ર છે. તેથી તેમાં જંબૂદ્વીપ કરતાં બમણા ચૈત્ય થશે. તદુપરાંત તે બે ખંડમાં વક્ષસ્કાર પર્વતના બે ચૈત્ય વધુ થશે. માટે ૧૨૭૨ એટલે ધાતકીખંડના ૧૨૭૨ અને પુષ્કરવરદ્વીપના ૧૨૭૨, જંબૂદ્વીપ + ધાતકીખંડ + પુષ્કરવરદ્વીપ = ૬૩૫+૧૨૭૨+૧૨૭૨ = ૩૧૭૯ **ચૈત્યો.**

મનુષ્યક્ષેત્રની બહાર-૮૦ ચૈત્ય છે.

૧. પુષ્કરવરદ્વીપના બે ભાગ કરતા માનુષોત્તર પર્વત ઉપર ચારે દિશામાં **એકેક ચૈત્ય** એટલે માનુષોત્તર પર્વતના ૪ ચૈત્યો. ૨. નંદીશ્વર દ્વીપમાં ગોળાકારે **૫૨** પર્વત છે અને તે દરેકના શિખર ઉપર એકેક ચૈત્ય છે. એટલે નંદીશ્વર દ્વીપના **૫૨ ચૈત્યો.** ૩. નંદીશ્વર દ્વીપમાં સૌધર્મેન્દ્રની ઇન્દ્રાણીની ૧૬ નગરીઓ છે, તે દરેકમાં એકેક ચૈત્ય છે એટલે નંદીશ્વર દ્વીપની નગરીના ૧૬ ચૈત્યો. ૪. કુંડલદ્વીપ અને રૂચકદ્વીપમાં ચારે દિશામાં પર્વત ઉપર એટલે ૮ ચૈત્યો એટલે તિર્ચ્છાલોકમાં શાશ્વતા ચૈત્યો = જંબુદ્વીપના + ધાતકીખંડના + પુષ્કરવરદ્વીપના + મનુષ્યલોકની બહાર = ૬૩૫+૧૨૭૨+૧૨૭૨+૮૦ = ૩૨૫૯ **શાશ્વત ચૈત્યો.**

**એકસો એંશી બિંબ પ્રમાણ, સભા-સહિત એક ચૈત્યે જાણ ।**

એકસો એંશી જિનબિંબોનું પ્રમાણ, (આ દરેક) સભા-સહિત એક ચૈત્યમાં જાણવું,

**સો ક્રોડ બાવન ક્રોડ સંભાલ, લાખ ચોરાણું સહસ ચૌંઆલ ॥૬॥**

એકશો ક્રોડ, બાવન ક્રોડને યાદ કરીને લાખ ચોરાણું હજાર ચુમ્માલીશ.

**અર્થ** - દરેક જિનભવનમાં સભા સહિત એક ચૈત્યમાં એકસો એંશી જિનબિંબોનું પ્રમાણ છે એ જાણવું અને એકસો બાવન ક્રોડ, ચોરાણું લાખ અને ચુમ્માલીશ હજાર ને યાદ કરીને હું વંદના કરું છું.

**સાતશેં ઉપર સાઠ વિશાલ, સવિ બિંબ પ્રણમું ત્રણ કાલ ।**

સાતસોથી અધિક સાઠ વિશાલ, સવિ જિનબિંબોને હું પ્રણામ કરું છું ત્રણ કાલ,

**સાત ક્રોડ ને બહોંતેર લાખ, ભવનપતિમાં દેવલ ભાખ ॥૭॥**

સાત ક્રોડને બહોંતેર લાખ ભવનપતિમાં ચૈત્યો રહેલા છે એમ કહેલું છે.

**અર્થ** - સાતસોથી અધિક સાઠ વિશાલ સર્વ જિનબિંબોને હું ત્રણે કાલમાં પ્રણમું છું. ભવનપતિ દેવલોકમાં સાત ક્રોડ બહોંતેર લાખ જિન ચૈત્યો છે એવું કહેલું છે.

**એકસો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ ।**

એકસો એંશી બિંબોનું પ્રમાણ, એક એક ચૈત્યમાં સંખ્યા જાણવી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તેરસેં ક્રોડ નેવ્યાશી ક્રોડ, સાઠ લાખ વંદું કરજોડ ॥૮॥**

તેરસો ક્રોડ, નેવ્યાશી ક્રોડ, સાઠ લાખ. વંદના કરું છું હાથ જોડીને.

**અર્થ** - તે દરેક એક-એક જિન-મંડપમાં એકસો એંશી બિંબોની સંખ્યા તેરસો નેવ્યાશી ક્રોડ અને સાઠ લાખ જિનબિંબો થાય છે એમ જાણીને બે હાથ જોડીને હું વંદના કરું છું.

**બત્રીસેં ને ઓગણસાઠ, તિર્છાલોકમાં ચૈત્યનો પાઠ ।**

બત્રીસો અને ઓગણસાઠ મનુષ્યલોકમાં શાશ્વત ચૈત્યો જણાવેલાં છે,

**ત્રણ લાખ એકાણું હજાર, ત્રણશેં વીશ તે બિંબ જુહાર ॥૯॥**

ત્રણ લાખ એકાણું હજાર ત્રણસો વીશ તે બિંબોને હું વંદના કરું છું.

**અર્થ** - તિર્છાલોકમાં-ત્રણ હજાર બસ્સો ઓગણસાઠ શાશ્વત જિન ચૈત્યોમાં ત્રણ લાખ એકાણું હજાર ત્રણસો વીશ જિનબિંબો જણાવેલાં છે તેને હું વંદના કરું છું.

**વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ ।**

વ્યંતર, જયોતિષ દેવલોકમાં ઉપરાંત જે શાશ્વત જિનબિંબો છે વંદન કરું છું તેને,

**ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ ॥૧૦॥**

ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન નામના ગુણોથી યુક્ત.

**અર્થ** - આ ઉપરાતં વ્યંતર જયોતિષ દેવલોકમાં રહેલા શાશ્વતા જિનબિંબો અને દિવ્ય ગુણોના સામ્રાજયથી યુક્ત એવા શાશ્વતા જિનેશ્વર ભગવંતના શુભ નામ-ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન છે તેમને હું વંદના કરું છું.

**સમેતશિખર વંદું જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ ।**

સમેતશિખર પર વંદન કરું છું જિનેશ્વરોને વીશ, અષ્ટાપદ પર વંદન કરું છું ચોવીશ જિનેશ્વરોને,

**વિમલાચલ ને ગઢ ગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર ॥૧૧॥**

વિમલાચલ (શત્રુંજય) પર્વત ગિરનાર ઉપર, આબુ ઉપર પણ જિનેશ્વરોની હું સ્તુતિ કરું છું.

**અર્થ** - સમેતશિખર પર વીશ જિનબિંબોને અને અષ્ટાપદ પર ચોવીશ જિનબિંબોને શત્રુંજય, ગિરનાર, આબુ શિખર પર રહેલી ભવ્ય જિન પ્રતિમાઓને હું વંદના કરું છું સ્તુતિ કરું છું.

**શંખેશ્વર કેસરિઓ સાર, તારંગે શ્રી અજિત જુહાર ।**

શંખેશ્વર, કેશરિયાજી વળી સારભૂત છે, તારંગે શ્રી અજિતનાથ ભગવાનની સ્તુતિ કરું છું,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંતરિક્ષ વરકાણો પાસ, જીરાવલો ને થંભણ પાસ ॥૧૨॥**

તેમ જ અંતરિક્ષ પાર્શ્વનાથ, વરકાણા પાર્શ્વનાથ, જીરાવલા પાર્શ્વનાથ અને સ્થંભન પાર્શ્વનાથ.

**અર્થ** - સારભૂત શ્રી શંખેશ્વર તીર્થ, શ્રી કેસરિયાજી તીર્થ, તારંગે શ્રી અજિતનાથ ભગવાન, અંતરિક્ષ પાર્શ્વનાથ, વરકાણા પાર્શ્વનાથ, જીરાવલા પાર્શ્વનાથ અને સ્થંભન પાર્શ્વનાથને હું વંદના કરું છું.

**ગામ નગર પુર પાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણગેહ ।**

ગામ, નગર, પુરોમાં અને પત્તનમાં જેટલાં જિનેશ્વર ભગવંતોના ચૈત્યો છે તેને હું વંદના કરું છું ગુણના ઘર સમાન,

**વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ ॥૧૩॥**

વિહરમાનને (ચાલતાને) વંદન કરું છું જિનોને વીસ અને સિદ્ધ અનંતોને હું વંદન કરું છું.

**અર્થ** - ગામ, નગર, પુરોમાં અને પત્તનમાં (પાટણમાં) જેટલા ગુણોના ઘરરૂપ જિનેશ્વર ભગવંતોના ચૈત્યો છે તેને હું વંદના કરું છું. વળી વીશ વિહરમાન (હાલ વિચરતા) જિનેશ્વર ભગવંતો તેમજ સિદ્ધપદને પામેલા અનંત સિદ્ધોને હું હંમેશાં પ્રતિદિન વંદના કરું છું.

**અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ સીલાંગના ધાર ।**

અઢી દ્વીપમાં જેટલા સાધુઓ છે જે અઢાર હજાર શીલાંગથી યુક્ત છે,

**પંચમહાવ્રત સમિતિ સાર, પાળે પળાવે પંચાચાર ॥૧૪॥**

પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ સારભૂત તે પાળે પળાવે એ પાંચ આચારને.

**અર્થ** - અઢી દ્વીપમાં જેટલા વિરક્ત સાધુઓ છે જે અઢાર હજાર શીલાંગના રથને ધારણ કરનારા છે, તેમજ સારભૂત એવા પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, આચારને પાળે છે અને બીજાને પણ પળાવનારા છે.

**બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ, તે મુનિ વંદું ગુણમણિમાલ ।**

બાહ્ય તેમજ અભ્યંતર તપમાં ઉદ્યમવંત થયેલા તેવા મુનિઓને વંદન કરું છું, ગુણરૂપ મણિરત્નની માળા સમાન,

**નિતનિત ઊઠી કીર્તિ કરું, જીવ કહે ભવ-સાયર તરું ॥૧૫॥**

દરરોજ ઊઠીને તેમની કીર્તના કરું અને એમ જીવવિજય કહે ભવ-સમુદ્રને તરું.

**અર્થ** - બાહ્ય તેમજ અભ્યંતર તપમાં ઉદ્યમવંત થયેલા તેવા, ગુણોરૂપી રત્નની માળા સમાન મુનિઓને હું વંદન કરું છું. દરરોજ ઊઠીને કીર્તન કરું છું જેના વડે જીવવિજયજી મ. કહે છે. ભવ-સાગરને તરું છું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## *(૪૭) શ્રી 'મન્નહ જિણાણં' સજ્ઝાય સૂત્ર

(શ્રાવકને હંમેશાં કરવાના છત્રીસ કર્તવ્યો રૂપ સૂત્ર)

***મન્નહ જિણાણમાણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં ।**

માનવી જિનેશ્વર ભગવંતોની આજ્ઞા ને મિથ્યાત્વનો ત્યાગ કરવો ધારણ કરવું સમ્યક્ત્વને,

**છવ્વિહ-આવસ્સયમ્મિ, ઉજ્જુત્તો હોઈ પઇદિવસં ॥૧॥**

છ પ્રકારના આવશ્યકને વિષે ઉદ્યમવંત થવું પ્રતિદિવસ.

**શબ્દાર્થ** - **મન્નહ**-માનવી, **જિણાણં**-જિનેશ્વરની, **આણં**-આજ્ઞા, **મિચ્છં**-મિથ્યાત્વનો, **પરિહરહ**-ત્યાગ કરવો, **ધરહ**-ધારણ કરવું, **સમ્મત્તં**-સમ્યક્ત્વને, **છવ્વિહ**-છવિધ, (છ પ્રકારના), **આવસ્સયમ્મિ**-આવશ્યકને વિષે, **ઉજ્જુત્તો**-ઉદ્યમવંત, **હોઈ**-હોય, **પઈદિવસં**-પ્રતિદિવસ. (હંમેશાં.)

**અર્થ** - ૧. જિનેશ્વર ભગવંતોની આજ્ઞા માનવી, ૨. મિથ્યાત્વનો ત્યાગ કરવો, ૩. સમ્યક્ત્વને ધારણ કરવું, ૪ થી ૯. છ પ્રકારની આવશ્યક ક્રિયા વિષે હંમેશાં ઉદ્યમવંત થવું.

**પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો અ ।**

પર્વોમાં પોષધવ્રતને ધારણ કરવું, દાન આપવું, શીલ પાળવું, તપ અને ભાવ-(ભાવના) અને

**સજ્ઝાય-નમુક્કારો, પરોવયારો અ જયણા અ ॥૨॥**

સ્વાધ્યાય અને નમસ્કાર મંત્રની ગણના કરવી પરોપકાર-પરાયણ બનવું અને યતના રાખવી.

**શબ્દાર્થ** - **પવ્વેસુ**-પર્વ દિવસે, **પોસહવયં**-પૌષધવ્રત, **દાણં**-સુપાત્રે દાન કરવું, **સીલં**-શીયળ પાળવું, **તવો**-તપ કરવો, **ભાવો**-ભાવના, **સજ્ઝાય**-સ્વાધ્યાય, **નમુક્કારો**-નમસ્કાર, **પરોવયારો**-પરોપકાર, **જયણા**-યતના, રક્ષા.

**અર્થ** - ૧૦. પર્વોમાં (પર્વ દિવસોમાં) પૌષધવ્રત ધારણ કરવું, ૧૧. દાન કરવું, ૧૨. શીલ પાળવું, ૧૩. તપ કરવો અને ૧૪. ભાવ=ભાવના ભાવવી અને ૧૫. સ્વાધ્યાય કરવો અને ૧૬. નમસ્કાર (નવકાર) મંત્રની ગણના કરવી, ૧૭. પરોપકારમાં તત્પર બની કાળજી સાવધાની રાખવી ૧૮ જયણા પાળવી.

---

* આ સજ્ઝાયમાં શ્રાવકને યોગ્ય સદાચારના છત્રીશ પ્રકારનાં કૃત્યોનું વર્ણન છે. દરેક શ્રાવકે તે કરવામાં યથાશક્તિ ઉદ્યમવંત થવું જરૂરી છે.

* મન્નહ ને બદલે મન્નઈ અને પરિહરહ ને બદલે પરિહરઈ, ધરહ ને બદલે ધરઈ પાઠ હોવો જોઈએ એમ સંશોધનકાર માને છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જિણ-પૂઆ જિણથુણણં, ગુરુથુઅ સાહમ્મિઆણ વચ્છલ્લં ।**

જિનેશ્વર ભગવંતની પૂજા કરવી, જિનેશ્વર ભગવંતની સ્તવના કરવી, ગુરુ ભગવંતોની સ્તુતિ કરવી, સમાન ધર્મવાળા પ્રત્યે સ્નેહભાવ રાખવો,

**વવહારસ્સ ય સુદ્ધી, રહ-જત્તા તિત્થ-જત્તા ય ॥૩॥**

અને વ્યવહાર શુદ્ધ રાખવો, રથ-યાત્રા કરવી અને તીર્થની યાત્રા કરવી.

શબ્દાર્થ - **જિણપૂઆ**-જિનપૂજા, **જિણથુણણં**-જિનેશ્વરની સ્તુતિ, **ગુરુથુઅ**-ગુરુસ્તુતિ, **સાહમ્મિઆણ**-સાધર્મિકની, **વચ્છલ્લં**-વત્સલતા, **વવહારસ્સ**-વ્યવહારની, **સુદ્ધી**-શુદ્ધિ, **રહજત્તા**-રથયાત્રા, **તિત્થજત્તા**-તીર્થયાત્રા.

**અર્થ** - ૧૯. જિનેશ્વર ભગવંતોની પૂજા કરવી, ૨૦. જિનેશ્વર ભગવંતોની સ્તવના-સ્તુતિ કરવી, ૨૧. ગુરુ ભગવંતની સ્તુતિ કરવી, ૨૨. સમાન ધર્મવાળા-સાધર્મિક બંધુ પ્રત્યે સ્નેહભાવ રાખવો, ૨૩. લેવડ-દેવડ આદિનો વ્યવહાર શુદ્ધ રાખવો, ૨૪. રથયાત્રા કરવી અને ૨૫. તીર્થની યાત્રા કરવી.

**ઉવસમ-વિવેગ-સંવર, ભાસા-સમિઇ છજીવ-કરુણા ય ।**

ઉપશમ વિવેક અને સંવરને ધારણ કરવો, સાવદ્ય વચન ન બોલવાં અને છ કાયના જીવો પ્રત્યે કરુણા રાખવી,

**ધમ્મિઅજણ-સંસગ્ગો, કરણ-દમો ચરણ પરિણામો ॥૪॥**

ધાર્મિક માણસોનો સહવાસ રાખવો, ઇન્દ્રિયોનું દમન-ચારિત્ર લેવાની ભાવના રાખવી.

શબ્દાર્થ - **ઉવસમ**-ઉપશમ, **વિવેગ**-વિવેક, **સંવર**-સંવર, **ભાસાસમિઈ**-ભાષા સમિતિ, **છજીવ**-છકાય જીવની, **કરુણા**-દયા, **ધમ્મિઅજણ**-ધાર્મિકજનનો, **સંસગ્ગો**-સંસર્ગ, સહવાસ, **કરણ**-ઈન્દ્રિયોનું, **દમો**-દમન, **ચરણ**-ચારિત્રનો, **પરિણામો**-પરિણામ.

**અર્થ** - ૨૬. ઉપશમ, ૨૭. વિવેક, ૨૮. સંવર, ઉપશમ-કષાયથી ઉપશાંતિ, વિવેક-સત્યાસત્યની પરીક્ષા, (નિર્ણય) સંવર-નવા કર્મો બંધાતા અટકાવે તે જાતની પ્રવૃત્તિ, ૨૯. સાવદ્ય (પાપવાળા) વચન ન બોલવાં, ૩૦. છ કાયના જીવો (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય) પ્રત્યે દયાભાવ રાખવો, ૩૧. ધાર્મિક પ્રવૃત્તિ કરનારા માણસોનો સતત સહવાસ, ૩૨. ઈન્દ્રિયોનું દમન કરવું, (કાબુ કરવો) ૩૩. ચારિત્ર લેવાની ભાવના રાખવી.

**સંઘોવરિ બહુમાણો, પુત્થય-લિહણં પભાવણા તિત્થે ।**

સંઘ-પ્રત્યે બહુમાન રાખવું, પુસ્તકો લખાવવા, પ્રભાવના તીર્થની કરવી,

**સડ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરુવએસેણં ॥૫॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવકોનું કર્તવ્ય એ છે નિત્ય-પ્રતિદિન સદ્‌ગુરુના ઉપદેશથી.

**શબ્દાર્થ** - **સંઘોવરિ**-સંઘની ઉપર, **બહુમાણો**-બહુમાન, **પુત્થય**-પુસ્તક, **લિહણં**-લખાવવું, **પ્રભાવણા**-પ્રભાવના, **તિત્થે**-તીર્થમાં, **સડ્ઢાણ**-શ્રાવકના, **કિચ્ચં**-કૃત્ય, **એઅં**-એ, **નિચ્ચં**-નિત્ય, **સુગુરુ**-સદ્‌ગુરુના, **ઉવએસેણં**-ઉપદેશ વડે.

**અર્થ** - ૩૪. સંઘ પ્રત્યે બહુમાન (વિનય-ભાવ રાખવો), ૩૫. પુસ્તકો (ગ્રંથો) લખાવવા, ૩૬. ધર્મની જાહોજલાલી વધે તેમ તીર્થની પ્રભાવના કરવી, નિત્ય-પ્રતિદિન સદ્‌ગુરુનો ઉપદેશ અનુસાર શ્રાવકોના (૩૬ કર્તવ્યો) હંમેશા કરવાનાં છે.

---

## (૪૮) શ્રી 'સંતિકરં' સ્તવનમ્

**સંતિકરં સંતિજિણં, જગ-સરણં જયસિરીઇદાયારં ।**

શાંતિ કરનારા, શાંતિનાથ ભગવાનને, જગતના જીવોને શરણરૂપ, જય અને શ્રી ને (લક્ષ્મીને) આપનારને,

**સમરામિ ભત્ત-પાલગ-નિવ્વાણી-ગરુડ-કય-સેવં ॥૧॥**

સ્મરણ કરું છું ભક્તોનું પાલન કરનારા નિર્વાણી દેવી તથા ગરુડ યક્ષ વડે સેવાયેલા.

**શબ્દાર્થ** - **સંતિકરં**-શાંતિના કરનારને, **સંતિજિણં**-શાંતિનાથ જિનને, **જગસરણં**-જગતને શરણભૂત, **જયસિરીઈ**-જય અને લક્ષ્મીના, **દાયારં**-દાતાર-આપનારને, **સમરામિ**-સ્મરણ કરું છું, **ભત્તપાલગ**-ભક્તનું પાલન કરનાર, **નિવ્વાણી-ગરુડ**-નિર્વાણીદેવી અને ગરુડ યક્ષ, **કયસેવં**-કરે છે સેવા જેની એવાને.

**અર્થ** - જેઓ (ઉપદ્રવોને નાશ કરીને) શાંતિ કરનારા છે, જગતના જીવોને શરણરૂપ (આધાર રૂપ) છે, જય અને લક્ષ્મીને આપનારા છે તથા ભક્તોનું પાલન કરવા સમર્થ એવી નિર્વાણીદેવી તથા ગરુડ યક્ષ વડે સેવાયેલા છે એવા શ્રી શાંતિનાથ ભગવાનનું હું સ્મરણ કરું છું.

**ૐ સનમો વિપ્પોસહિ*-પત્તાણં સંતિસામિ-પાયાણં ।**

ૐ નમઃ સંયુક્ત, વિપ્રુડૌષધિ નામની લબ્ધિ (શક્તિ) પ્રાપ્ત કરનારને, શ્રી શાંતિનાથ ભગવાનને પૂજ્ય,

**ઝ્રૌં સ્વાહા-મંતેણં,* સવ્વાસિવ-દુરિઅ-હરણાણં ॥૨॥**

---

* "ૐ નમો વિપ્પોસહિ પત્તાણં ઝ્રૌં સ્વાહા.
* સૂરિમંત્રમાં કહેલ મંત્રબીજ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ સ્વાહાવાળા મંત્રો વડે (મંત્રાધિષ્ઠ થયેલ) સર્વ ઉપદ્રવ અને પાપહરણ કરવા સમર્થ.

**ૐ સંતિ નમુક્કારો, ખેલોસહિમાઈ-લદ્ધિ-પત્તાણં ।**

ૐ મંત્ર વડે શ્રી શાંતિનાથ ભગવાનને (કરાયેલો) નમસ્કાર, શ્લેષ્મૌષધ્યાદિક લબ્ધિ પામેલાને,

**સૌં હ્રીં નમો સવ્વોસહિ-પત્તાણં ચ દેઈ સિરિં ॥૩॥**

સૌં હ્રીં નમઃ એ મંત્ર સર્વૌષધિ નામક લબ્ધિ પ્રાપ્ત કરનારને અને આપે છે શ્રી ને.

**શબ્દાર્થ** - **ૐ સનમો**-ઓંકાર સહિત નમસ્કાર, **વિપ્પોસહિ**-વિપ્રુડૌષધિ લબ્ધિને, **પત્તાણં**-પામેલાને, **સંતિસામિપાયાણં**-શાંતિસ્વામી પૂજ્યને, **ઔંસ્વાહામંતેણં**-ઔંસ્વાહા મંત્ર વડે, **સવ્વ**-સર્વ- (બધા), **અસિવદુરિઅહરણાણં**-ઉપદ્રવ અને પાપને હરનારાને, **સંતિનમુક્કારો**-શાંતિનાથને કરેલ નમસ્કાર, **ખેલોસહિમાઈ**-શ્લેષ્મૌષધિ આદિ, **લદ્ધિપત્તાણં**-લબ્ધિ પામેલાને, **સૌં હ્રીં**-ઑ હ્રીં સહિત, **સવ્વોસહિપત્તાણં**-સર્વૌષધિ લબ્ધિ પામેલાને, **દેઈ**-આપે છે, **સિરિં**-દ્રવ્ય અને ભાવલક્ષ્મી.

**અર્થ** - **વિપ્રુડૌષધિ** (જે લબ્ધિના પ્રભાવે, વિષ્ટા અને થૂંક પણ રોગને શમાવનારું ઓષધ થાય છે) શ્લેષ્મૌષધિ* (છીંડો આદિ ઔષધિરૂપ હોય) **સર્વૌષધિ*** (જેના શરીરના સર્વ પદાર્થો ઔષધિરૂપ હોય) આદિ લબ્ધિઓને પામેલા તથા સર્વ ઉપદ્રવને દૂર કરનારા, શ્રી શાંતિનાથ ભગવાનને 'ૐ નમઃ, ઔં સ્વાહા તથા સૌં હ્રીં નમઃ આવા મંત્રાક્ષરોપૂર્વક નમસ્કાર હો. શ્રી શાંતિનાથ ભગવાનને કરાયેલો નમસ્કાર લક્ષ્મીને આપે છે.

**વાણીતિહુઅણસામિણિ-સિરિદેવીજક્ખરાયગણિપિડગા ।**

સરસ્વતી, ત્રણ ભુવનની સ્વામિની, શ્રી દેવી, યક્ષરાજ ગણિપિટક,

**ગહદિસિપાલસુરિંદા, સયા વિ રક્ખંતુ જિણભત્તે ॥૪॥**

ગ્રહો, દિક્પાલો, દેવેન્દ્રો, નિરંતર-સદા માટે પણ રક્ષણ કરો જિન-ભક્તોનું.

**શબ્દાર્થ** - **વાણી**-શ્રુત દેવી, **તિહુઅણસામિણિ**-ત્રણ ભુવનની સ્વામિની, **સિરિદેવી**-લક્ષ્મીદેવી, **જક્ખરાયગણિપિડગા**-યક્ષરાજ-ગણિપિટક (દ્વાદશાંગીનો અધિષ્ઠાયક દેવ), **ગહ**-ગ્રહ (નવ), **દિસિપાલ**-દિક્પાલ (દશ), **સુરીંદા**-દેવેંદ્રો, **સયાવિ**-સદાય, **રક્ખંતુ**-રક્ષણ કરો, **જિણભત્તે**-જિનેશ્વરના ભક્તોને.

---

* ૐ હ્રીં નમો ખેલો સહિલદ્ધિ પતાણં ઔં સ્વાહા

* ૐ હ્રીં નમો સવ્વોસહિ પત્તાણં (આ મંત્રાજાપ આત્મકલ્યાણના ભાવથી કરાય).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - સરસ્વતી,* ત્રણ ભુવનની સ્વામિની (ત્રિભુવન સ્વામિની), શ્રી દેવી, *યક્ષરાજ ગણિપિટક, ગ્રહો, દિક્પાલો, દેવેન્દ્રો નિરંતર-નિત્ય (સદા કાળ માટે) જિનેશ્વર ભગવંતોના ભક્તોનું રક્ષણ કરો.

**રક્ખંતુ મમ રોહિણી-પન્નતી, વજ્જસિંખલા ય સયા ।**

રક્ષણ કરો મારું રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા અને સદા માટે,

**વજ્જંકુસિ ચક્કેસરિ-નરદત્તા – કાલિ – મહાકાલી ॥૫॥**

વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી, મહાકાલી.

**શબ્દાર્થ** - **મમ**-મુજને, **રોહિણી**-રોહિણીદેવી, **પન્નતી**-પ્રજ્ઞપ્તિ દેવી, **વજ્જસિંખલા**-વજ્રશૃંખલા, **વજ્જંકુસિ**-વજ્રાંકુશી, **ચક્કેસરિ**-ચક્રેશ્વરી, **નરદત્તા**-નરદત્તા (પુરુષદત્તા), **કાલિ**-કાળી, **મહાકાલી**-મહાકાળી

**અર્થ** - રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી અને મહાકાલી મારું સદા માટે રક્ષણ કરો.

**ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઈરુટ્ટા ।**

ગૌરી તથા ગાંધારી, મહાજ્વાલા, માનવી અને વૈરોટ્યા,

**અચ્છુત્તા માણસિઆ, મહામાણસિયા ઉ દેવીઓ ॥૬॥**

અચ્છુપ્તા, માનસી, મહામાનસી વળી દેવીઓ વિદ્યાદેવીઓ.

**અર્થ** - વળી ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા તેવી જ રીતે અચ્છુપ્તા, માનસી, મહામાનસી એ સોળ વિદ્યાદેવીઓ.

**જક્ખા ગોમુહ-મહજક્ખ-તિમુહ-જક્ખેસ-તુંબરુ કુસુમો ।**

યક્ષો, [૧]ગોમુખ, [૨]મહાયક્ષ, [૩]ત્રિમુખ, [૪]યક્ષેશ અને [૫]તુંબરુ [૬]કુસુમ,

**માયંગ-વિજય-અજિઆ, બંભો મણુઓ સુરકુમારો ॥૭॥**

[૭]માતંગ, [૮]વિજય અને [૯]અજિત, [૧૦]બ્રહ્મ, [૧૧]મનુજ, [૧૨]સુરકુમારો.

**શબ્દાર્થ** - **જક્ખા**-યક્ષો, **ગોમુહ**-ગોમુખ, **મહજક્ખ**-મહાયક્ષ, **તિમુહ**-ત્રિમુખ, **જક્ખેસ**-યક્ષેશ, **તુંબરુ**-તુંબરુ, **કુસુમો**-કુસુમ, **માયંગવિજયઅજિઆ**-માતંગ વિજય અને અજિત, **બંભો**-બ્રહ્મ, **મણુઓ**-મનુજ, **સુરકુમારો**-સુરકુમાર.

**અર્થ** - તેમ જ એવા યક્ષ જેમકે [૧]ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તુંબરુ, કુસુમ, માતંગ, વિજય, અજિત, બ્રહ્મયક્ષ, મનુજ અને સુરકુમાર.

**છમ્મુહ પયાલ કિન્નર, ગરુલો ગંધવ્વ તહ ય જક્ખિંદો ।**

---

* સૂરિમંત્ર પીઠપંચકની અધિષ્ઠાયિકા દેવી, તેનું ધ્યાન કરનારને સહાય કરનારી.

* દ્વાદશાંગીનો અધિષ્ઠાયક દેવ, યક્ષો મધ્યે કાંતિ વડે વિશેષ શોભે છે, માટે તે યક્ષરાજ કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[13]ષણ્મુખ, [14]પાતાલ, [15]કિન્નર, [16]ગરુડ, [17]ગંધર્વ તે જ રીતે [18]યક્ષેંદ્ર,

**કૂબેર વરુણો ભિઉડી, ગોમેહો પાસ માયંગો ॥૮॥**

[19]કુબેર, [20]વરુણ, [21]ભૃકુટિ, [22]ગોમેધ, [23]પાર્શ્વ અને [24]માતંગ.

શબ્દાર્થ - **છમ્મુહ**-ષણ્મુખ, **પાયાલ**-પાતાળ, **કિન્નર**-કિન્નર, **ગરુડો**-ગરુડ, **ગંધવ્વ**-ગંધર્વ, **જક્ખિંદો**-યક્ષેંદ્ર, **કૂબેર**-કુબેર, **વરુણો**-વરુણ, **ભિઉડી**-ભૃકુટી, **ગોમેહો**-ગોમેધ, **પાસમાયંગો**-પાર્શ્વ અને માતંગ.

**અર્થ** - ષણ્મુખ (છ મુખવાળો) પાતાલ, કિન્નર, ગરુડ, ગંધર્વ તે જ રીતે યક્ષેંદ્ર વળી કુબેર, વરુણ, ભૃકુટિ, ગોમેધ, પાર્શ્વ અને માતંગ આ પ્રકારે ચોવીશ યક્ષો.

**દેવીઓ ચક્કેસરિ-અજિઆ-દુરિઆરિ-કાલિ-મહાકાલી ।**

દેવીઓ ચક્રેશ્વરી, અજિઆ, દુરિઆરિ, કાલી,મહાકાલી,

**અચ્ચુઅ-સંતા-જાલા, સુતારયાસોય-સિરિવચ્છા ॥૯॥**

અચ્યુતા, શાંતા, જ્વાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા.

શબ્દાર્થ - **અજિઆ**-અજિતા, **દુરિઆરિ**-દુરિતારિ, **અચ્ચુઆ**-અચ્યુતા, **સંતા**-શાંતા, **જાલા**-જ્વાલા, **સુતારયાસોય**-સુતારકા, અશોકા, **સિરિવચ્છા**-શ્રીવત્સા.

**અર્થ** - [1]ચક્રેશ્વરી, [2]અજિતા, [3]દુરીતારિ, [4]કાલી, [5]મહાકાલી, [6]અચ્યુતા, [7]શાંતા, [8]જ્વાલા, [9]સુતારકા, [10]અશોકા, [11]શ્રીવત્સા દેવીઓ.

**ચંડા વિજયંકુસિ, પન્નઇત્તિ નિવ્વાણી અચ્ચુઆ ધરણી ।**

[12]ચંડા, [13]વિજયા, [14]અંકુશા, [15]પ્રજ્ઞપ્તિ, [16]નિર્વાણી [17]અચ્યુતા, (બલા) [18]ધારિણી,

**વઈરુટ્ટ છુત્ત ગંધારિ, અંબ પઉમાવઈ સિદ્ધા ॥૧૦॥**

[19]વૈરોટ્યા, [20]અચ્છુપ્તા, [21]ગાંધારી, [22]અંબા, [23]પદ્માવતી, [24]સિદ્ધાયિકા.

શબ્દાર્થ - **ચંડા**-ચંડા, **વિજયંકુસિ**-વિજયા, અંકુશા, **પન્નઈતિ**-પ્રજ્ઞપ્તિ એમ, **નિવ્વાણી**-નિર્વાણી, **અચ્યુઆ**-અચ્યુતા, **ધરણી**-ધારણી, **વઈરુટ્ટછુત્ત**-વૈરોટ્યા, અચ્છુપ્તા, **ગંધારિ**-ગાંધારિ, **અંબ**-અંબા, **પઉમાવઈ**-પદ્માવતી, **સિદ્ધા**-સિદ્ધાયિકા.

**અર્થ** - ચંડા, વિજયા, અંકુશા, પ્રજ્ઞપ્તિ, નિર્વાણી, અચ્યુતા, ધારિણી, વૈરોટ્યા, અચ્છુપ્તા, ગાંધારી, અંબા, પદ્માવતી, સિદ્ધાયિકા (આ ૨૪ યક્ષિણી છે = શાસનદેવીઓ છે.

**ઈઅ તિત્થરક્ખણરયા, અન્ને વિ સુરાસુરી ય ચઉહાવિ ।**

એ પ્રકારે તીર્થ (ચતુર્વિધ સંઘ)ની રક્ષામાં તત્પર (પૂર્વોક્ત યક્ષ, યક્ષિણી) અને બીજા પણ દેવદેવીઓ ચારે પ્રકારના પણ.

**વંતરજોઈણિપમુહા કુણંતુ રક્ખં સયા અમ્હં ॥૧૧॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]વ્યંતર અને [2]યોગિની વગેરે કરો રક્ષણ હંમેશાં અમારું.

**શબ્દાર્થ** - ઈઅ-એ પ્રકારે, **તિત્થરક્ખણરયા**-તીર્થ રક્ષામાં તત્પર, **અન્નેવિ**-બીજા પણ, **સુરાસુરી**-દેવ દેવીઓ, **ચઉહાવિ**-ચારે પ્રકારના, **વંતર**-વ્યંતર દેવ, **જોઈણિપમુહા**-યોગિની પ્રમુખ, **કુણંતુ**-કરો, **રક્ખં**-રક્ષણ, **અમ્હં**-અમારું.

**અર્થ** - એ પ્રકારે ચતુર્વિધ સંઘરૂપ તીર્થની રક્ષામાં તત્પર એવા પૂર્વોક્ત યક્ષ અને યક્ષિણી અને બીજા પણ ચારે ય પ્રકારના દેવદેવીઓ તથા વ્યંતર અને યોગિની વગેરે અમારું હંમેશાં રક્ષણ કરો.

**એવં સુદિટ્ઠિસુરગણ-સહિઓ સંઘસ્સ સંતિજિણચંદો ।**

એ પ્રકારે સમ્યગ્દષ્ટિ દેવોના સમૂહથી સહિત સંઘની શ્રીશાંતિ જિનચંદ્ર,

**મજ્ઝવિ કરેઉ રક્ખં મુણિસુંદરસૂરિથુઅમહિમા ॥૧૨॥**

મારું પણ કરો રક્ષણ મુનિઓમાં પ્રધાન શ્રુતકેવલીઓએ સ્તવ્યો છે મહિમા જેનો.

**શબ્દાર્થ** - એવં-એ પ્રકારે, **સુદિટ્ઠિ**-સમ્યગ્દષ્ટિ, **સુરગણસહિઓ**-દેવ સમુદાયે સહિત (શાંતિજિન) **સંઘસ્સ**-સંઘની, **સંતિજિણચંદો**-શાંતિજિનચંદ્ર, **મજ્ઝવિ**-મારી પણ, **કરેઉ**-કરો, **રક્ખં**-રક્ષા, **મુણિસુંદરસૂરિ**-મુનિસુંદર સૂરિએ, **થુઅમહિમા**-સ્તવ્યો છે મહિમા જેનો એવા.

**અર્થ** - એ રીતે સમ્યગ્દષ્ટિ દેવોના સમૂહ સહિત એવા (અને) મુનિસુંદર સૂરિ દ્વારા સ્તવાયેલા મહિમાવાળા જેનો એવા શ્રી શાંતિજિનચંદ્ર સંઘનું અને મારું પણ રક્ષણ કરો.

**ઈઅ સંતિનાહ સમ્મદિટ્ઠિ રક્ખં સરઈ તિકાલં જો ।**

આ પ્રમાણે શાંતિનાથની સમ્યગ્દષ્ટિ મનુષ્ય રક્ષાને સ્મરણ કરે છે ત્રણે કાળે જે,

**સવ્વોવદ્દવરહિઓ સ લહઈ સુહસંપયં પરમં ॥૧૩॥**

સર્વ ઉપદ્રવથી રહિત થયેલો તે પામે છે સુખસંપદાને ઉત્કૃષ્ટ.

**શબ્દાર્થ** - **સમ્મદિટ્ઠિ**-સમ્યગ્દષ્ટિ, **સરઈ**-ચિંતવે, **તિકાલં**-ત્રણ કાળ, **જો**-જે પુરુષ, **ઉવદ્દવરહિઓ**-ઉપદ્રવે રહિત, **સ લહઈ**-તે પામે છે, **સુહસંપયં**-સુખસંપદાને, **પરમં**-ઉત્કૃષ્ટ.

**અર્થ** - એ પ્રકારે શાંતિનાથની અને સમકિતી દેવોથી યુક્ત રક્ષાને (સ્તુતિને) ત્રણે કાળે જે સ્મરણ કરે છે તે સર્વ ઉપદ્રવથી રહિત થઈને ઉત્કૃષ્ટ સુખસંપદાને પામે છે.

---

૧. ઘંટાકર્ણાદિ બાવન વીર અથવા માણિભદ્રાદિ (વીર) અથવા ક્ષેત્રપાળ.

૨. ભદ્રકાળી પ્રમુખ ચોસઠ યોગિનીઓ (જોગણીઓ).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪૯) શ્રી સકલાર્હત્ સ્તોત્ર (પક્ખિ પ્રતિક્રણનું ચૈત્યવંદન)

(પક્ખિ પ્રતિક્રમણની શરૂઆતમાં બોલાતું ચૈ.વં.)

ચતુર્વિંશતિ-જિન-નમસ્કાર સ્તોત્ર

**સકલાર્હત્પ્રતિષ્ઠાન મધિષ્ઠાનં શિવશ્રિયઃ ।**

સઘળા અરિહંતોમાં રહેલું, નિવાસસ્થાન મોક્ષ-લક્ષ્મીનું,

**ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાન માર્હન્ત્યં પ્રણિદધ્મહે ॥૧॥**

પાતાળ, મર્ત્યલોક, સ્વર્ગલોક એ ત્રણે ઉપર પ્રભુત્વ ધરાવનાર એવા અરિહંતપણાનું અમે ધ્યાન કરીએ છીએ.

**શબ્દાર્થ** - **સકલ**-સર્વ, **અર્હત્**-અરિહંત, **પ્રતિષ્ઠાનં**-સ્થાનરૂપ, **અધિષ્ઠાનં**-સ્થાનક, **શિવશ્રિયઃ**-મોક્ષલક્ષ્મીનું, **ભૂર્ભુવઃસ્વસ્ત્રયી**-પાતાળ, મૃત્યુ અને સ્વર્ગરૂપ ત્રણ લોકના, **ઈશાનં**-ઈશ્વર, **આર્હન્ત્યં**-અરિહંતપણાને, **પ્રણિદધ્મહે**-અમે ધ્યાન કરીએ છીએ.

**અર્થ** - સઘળા અરિહંતોમાં રહેલું, મોક્ષરૂપ-લક્ષ્મીના નિવાસસ્થાન રૂપ(કારણરૂપ), પાતાળ, મનુષ્યલોક અને સ્વર્ગલોક ઉપર પ્રભુત્વ (સ્વામિત્વ) ધરાવનાર એવા અરિહંતપણાનું અમે ધ્યાન ધરીએ છીએ.

**નામાઽઽકૃતિદ્રવ્યભાવૈઃ, પુનતસ્ત્રિજગજ્જનમ્ ।**

નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ વડે પવિત્ર કરતા ત્રણે જગતના લોકોને,

**ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્હતઃ સમુપાસ્મહે ॥૨॥**

ક્ષેત્રમાં અને કાળમાં સર્વ અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ.

**શબ્દાર્થ** - **નામ**-નામનિક્ષેપ, **આકૃતિ**-સ્થાપના નિક્ષેપ, **દ્રવ્ય**-દ્રવ્ય નિક્ષેપ (અને) **ભાવૈઃ**-ભાવનિક્ષેપ વડે, **પુનતઃ**-પવિત્ર કરનારા, **ત્રિજગજ્જનં**-ત્રણ જગતના લોકોને, **ક્ષેત્રે**-ક્ષેત્રમાં, **કાલે**-કાળમાં, **સર્વસ્મિન્**-સર્વને વિષે, **અર્હતઃ**-અરિહંતોને, **સમુપાસ્મહે**-ઉપાસના કરીએ છીએ.

**અર્થ** - જેઓ સર્વક્ષેત્રમાં અને સર્વકાળમાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ વડે ત્રણે જગતના લોકોને પવિત્ર કરી રહેલા છે, એવા અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ.

**આદિમં પૃથિવીનાથ માદિમં નિષ્પરિગ્રહમ્ ।**

પહેલા પૃથ્વીના નાથ (રાજા), પહેલા નિષ્પરિગ્રહી-(સાધુ,)

**આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિનં સ્તુમઃ ॥૩॥**

અને પહેલા તીર્થના સ્વામી (તીર્થંકર), એવા ઋષભદેવની સ્તુતિ કરીએ છીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **આદિમં**-પહેલા, **પૃથિવીનાથં**-પૃથ્વીના પતિ-(રાજા,) **નિષ્પરિગ્રહં**-નિષ્પરિગ્રહી-(સાધુ,) **તીર્થનાથં**-તીર્થપતિ-(તીર્થંકર,) **ઋષભસ્વામિનં**-ઋષભદેવને, **સ્તુમઃ**-અમે સ્તવીએ છીએ.

**અર્થ** - પ્રથમ રાજા, પ્રથમ સાધુ, પ્રથમ તીર્થંકર એવા ઋષભદેવની સ્તુતિ કરીએ છીએ.

**અર્હંતમજીતં વિશ્વ-કમલાકરભાસ્કરમ્ ।**

અરિહંત અજીતને જગત રૂપી કમલના વનને વિકસાવવા માટે સૂર્ય સમાન,

**અમ્લાનકેવલાદર્શ-સંક્રાન્તજગતં સ્તુવે ॥૪॥**

નિર્મળ કેવળજ્ઞાનરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થયું છે ત્રણ જગત, હું સ્તવના કરું છું.

**શબ્દાર્થ** - **અર્હંત**-અરિહંતને, **અજિતં**-અજિતનાથને, **વિશ્વ**-જગતરૂપી, **કમલાકર**-કમળવાળા વનને, **ભાસ્કરં**-સૂર્ય સમાન, **અમ્લાન**-નિર્મળ, **કેવલાદર્શ**-કેવળજ્ઞાનરૂપ દર્પણમાં, **સંક્રાંતજગતં**-પ્રતિબિંબિત થયું છે ત્રણ જગત જેમનામાં એવાં, **સ્તુવે**-સ્તવું છું.

**અર્થ** - જગતરૂપ, કમળના વનને વિકસાવવા માટે સૂર્ય સમાન, નિર્મળ કેવળજ્ઞાનરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થયું છે ત્રણ જગત જેમનામાં એવા શ્રી અજીતનાથ અરિહંતની હું સ્તવના કરું છું.

**વિશ્વભવ્યજનારામ-કુલ્યાતુલ્યા જયન્તિ તાઃ ।**

જગતમાં રહેલ ભવ્ય માણસો રૂપ બગીચાને માટે નહેર સમાન જય પામે છે તે,

**દેશનાસમયે વાચઃ, શ્રીસંભવજગત્પતેઃ ॥૫॥**

ઉપદેશ સમયના વચનો શ્રી સંભવનાથસ્વામીના.

**શબ્દાર્થ** - **વિશ્વ**-જગત, **ભવ્યજન**-ભવ્યજનોરૂપી, **આરામ**-બગીચાને, **કુલ્યાતુલ્યા**-પાણીની નીક તુલ્ય, **જયંતિ**-જયવંતી વર્તે છે, **તાઃ**-તે, **દેશનાસમયે**-ધર્મોપદેશ વખતે, **વાચઃ**-વાણીઓ, **શ્રીસંભવ**-શ્રી સંભવનાથ, **જગત્પતેઃ**-જગતના પતિ-પ્રભુની.

**અર્થ** - જગતના ભવ્ય જીવો રૂપ બગીચાને સિંચવા માટે નહેર સમાન એવા શ્રી સંભવનાથસ્વામીના તે દેશનાના સમયના વચનો જય પામે છે.

**અનેકાન્તમતાંભોધિ-સમુલ્લાસનચંદ્રમાઃ ।**

અનેકાન્ત (સ્યાદ્વાદ) મત રૂપી સમુદ્રને ઉલ્લસિત કરવા માટે ચંદ્ર સમાન,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દદ્યાદમન્દમાનન્દં, ભગવાનભિનંદનઃ ॥૬॥**

આપો પરિપૂર્ણ આનંદ ભગવાન અભિનંદન.

**શબ્દાર્થ** - **અનેકાંતમત**-સ્યાદ્વાદ મતરૂપ, **અંભોધિ**-મહાસાગરને, **સમુલ્લાસન**-ઉલ્લાસ કરવામાં, **ચંદ્રમાઃ**-ચંદ્રતુલ્ય, **દદ્યાત્**-આપો, **અમંદ**-ઘણો, **આનંદ**-હર્ષને, **ભગવાન્**-ઐશ્વર્યવાળા, **અભિનંદનઃ**-અભિનંદનસ્વામી.

**અર્થ** - (જેવી રીતે ચંદ્રથી સમુદ્ર વૃદ્ધિને (ભરતીને) પામે છે તેવી રીતે) સ્યાદ્વાદ મત રૂપ સમુદ્રને ઉલ્લસિત કરવા માટે ચંદ્ર સમાન એવા અભિનંદન સ્વામી પરિપૂર્ણ આનંદને આપો.

**દ્યુસત્કિરીટશાણાગ્રો ત્તેજિતાંઘ્રિનખાવલિઃ ।**

દેવોના મુકુટરૂપ સરાણના અગ્રભાગ વડે ચકચકિત (તેજવંત) થઈ છે પગના નખોની શ્રેણી જેની,

**ભગવાન્ સુમતિસ્વામી, તનોત્વભિમતાનિ વઃ ॥૭॥**

ભગવાન સુમતિનાથ પૂર્ણ કરો મનોરથોને તમારા.

**શબ્દાર્થ** - **દ્યુસત્**-દેવતાઓના, **કિરીટશાણાગ્ર**-મુકુટરૂપ સરાણ (ધાર કાઢવાનું યંત્ર)ના અગ્ર ભાગ વડે, **ઉત્તેજિત**-અત્યંત તેજવંત થઈ છે, **અંઘ્રિનખ**-ચરણના નખની, **આવલિઃ**-શ્રેણી-પંક્તિ (જેની એવા) **સુમતિસ્વામી**-સુમતિનાથ, **તનોતુ**-વિસ્તારો, **અભિમતાનિ**-વાંછિતોને, **વઃ**-તમારા.

**અર્થ** - દેવોના મુકુટરૂપ સરાણના અગ્ર ભાગ વડે ચકચકિત થઈ છે પગના નખોની શ્રેણી જેની એવા શ્રી સુમતિનાથ ભગવાન તમારા મનોરથોને પૂર્ણ કરો.

**પદ્મપ્રભપ્રભોર્દેહ-ભાસઃ પુષ્ણન્તુ વઃ શ્રિયમ્ ।**

પદ્મપ્રભસ્વામીના શરીરની કાન્તિ પોષણ કરો તમારી લક્ષ્મીનું,

**અંતરંગારિમથને, કોપાટોપાદિવારુણાઃ ॥૮॥**

અભ્યંતર શત્રુઓ (અંતરંગ શત્રુઓ કામ, ક્રોધ આદિ) ને દૂર કરવા કોપના આડંબરથી જાણે લાલ થઈ હોય.

**શબ્દાર્થ** - **પદ્મપ્રભપ્રભોઃ**-પદ્મપ્રભસ્વામીની, **દેહભાસઃ**-દેહની કાંતિઓ, **પુષ્ણંતુ**-પોષણ કરો, **વઃ**- તમારી, **શ્રિયં**-મોક્ષલક્ષ્મીને, **અંતરંગ**-અભ્યંતર, **અરિમથને**-શત્રુને નાશ કરવામાં, **કોપ**-ક્રોધના, **આટોપાત્**-આડંબરથી, **ઈવ**-પેઠે, **અરુણાઃ**-લાલ.

**અર્થ** - અંતરંગ શત્રુઓને દૂર કરવા (હણવા માટે) કોપના આડંબરથી (ડોળથી) જાણે લાલ થઈ હોય એવી પદ્મપ્રભસ્વામીના શરીરની કાન્તિઓ (તેજ) તમારી મોક્ષલક્ષ્મીનું પોષણ કરો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી સુપાર્શ્વજિનેન્દ્રાય, મહેન્દ્રમહિતાંઘ્રયે ।**

શ્રી સુપાર્શ્વનાથસ્વામીને મોટા ઈન્દ્રોથી પૂજાયેલ છે ચરણો જેમના,

**નમશ્ચતુર્વર્ણસંઘ-ગગનાભોગભાસ્વતે ॥૯॥**

નમસ્કાર થાઓ ચતુર્વિધસંઘ રૂપ આકાશના વિસ્તારમાં સૂર્ય જેવા.

**શબ્દાર્થ** - **શ્રીસુપાર્શ્વ જિનેન્દ્રાય**-શ્રી સુપાર્શ્વ જિનેંદ્રને, **મહેંદ્ર**-ઇંદ્રોએ, **મહિતાંઘ્રયે**-પૂજ્યા છે ચરણ જેમના એવા, **નમઃ**-નમસ્કાર હો, **ચતુર્વર્ણસંઘ**-ચતુર્વિધસંઘ રૂપ, **ગગનાભોગ**-આકાશ મંડળમાં, **ભાસ્વતે**-સૂર્ય સમાન.

**અર્થ** - (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ) ચતુર્વિધ સંઘ રૂપ આકાશના વિસ્તારમાં (મંડળમાં) સૂર્ય જેવા, મોટા ઈન્દ્રોથી પૂજાયેલ છે ચરણો જેમના એવા શ્રી સુપાર્શ્વનાથસ્વામીને નમસ્કાર થાઓ.

**ચંદ્રપ્રભપ્રભોશ્ચંદ્ર-મરીચિનિચયોજ્જ્વલા ।**

ચંદ્રપ્રભસ્વામીની. ચંદ્રના કિરણોના સમૂહથી ઉજ્જવળ,

**મૂર્તિર્મૂર્તસિતધ્યાન-નિર્મિતેવ શ્રિયેઽસ્તુ વઃ ॥૧૦॥**

પ્રતિમા સાક્ષાત્ શુક્લ ધ્યાન વડે બનાવી હોય તેના જેવી જ્ઞાનલક્ષ્મી માટે થાઓ તમને.

**શબ્દાર્થ** - **ચંદ્રપ્રભપ્રભોઃ**-ચંદ્રપ્રભસ્વામીની, **ચંદ્ર**-ચંદ્રમાના, **મરીચિનિચય**-કિરણના સમૂહ જેવી, **ઉજ્જ્વલા**-શ્વેત, (ધોળી,) **મૂર્તિઃ**-પ્રતિમા, (શરીરની આકૃતિ) **મૂર્તસિતધ્યાન**-સાક્ષાત્ શુક્લ ધ્યાન વડે, **નિર્મિતા ઈવ**-નિર્માણ કરાયેલી હોય તેવી, **શ્રિયે**-જ્ઞાનલક્ષ્મીને માટે, **અસ્તુ**-થાઓ, વઃ-તમને.

**અર્થ** - ચંદ્રના કિરણોના સમૂહથી ઉજ્જવળ, જાણે સાક્ષાત્ શુક્લ ધ્યાન વડે બનાવી હોય એવી શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા તમને જ્ઞાનલક્ષ્મી માટે થાઓ.

**કરામલકવદ્ વિશ્વં, કલયન્ કેવલશ્રિયા ।**

હાથમાં રહેલ આમળાની જેમ વિશ્વને જાણનાર કેવળજ્ઞાન રૂપ લક્ષ્મી વડે,

**અચિન્ત્યમાહાત્મ્યનિધિઃ, સુવિધિર્બોધયેસ્તુ વઃ ॥૧૧॥**

અચિન્ત્ય માહાત્મ્યના નિધાન, શ્રી સુવિધિનાથ ભગવાન બોધિ (સમ્યક્ત્વ) માટે થાઓ તમારા.

**શબ્દાર્થ** - **કર**-હાથમાં રહેલ, **આમલકવદ્**-આમળાની માફક, **કલયન્**-જાણનારા, **કેવલશ્રિયા**-કેવળજ્ઞાન રૂપ લક્ષ્મી વડે, **અચિંત્ય**-અચિંત્ય (વિચારી શકાય નહિ તેવો), **માહાત્મ્યનિધિઃ**-માહાત્મ્યના ભંડાર, **સુવિધિઃ**-સુવિધિનાથ, **બોધયે**-સમકિતને માટે.

**અર્થ** - કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી વડે હાથમાં રહેલ આમળાની જેમ વિશ્વને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણનાર, અચિંત્ય માહાત્મ્યના ભંડાર એવા શ્રી સુવિધિનાથ ભગવાન તમારા સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે થાઓ.

**સત્ત્વાનાં પરમાનન્દ-કન્દોદ્ભેદનવામ્બુદઃ ।**

પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ કરવામાં નવીન મેઘ સમાન,

**સ્યાદ્વાદામૃતનિસ્યન્દી, શીતલઃ પાતુ વો જિનઃ ॥૧૨॥**

સ્યાદ્વાદમત રૂપ અમૃતના ઝરણા સમાન શ્રી શીતલનાથ સ્વામી રક્ષણ કરો તમારું જિનેશ્વર.

**શબ્દાર્થ** - **સત્ત્વાનાં**-પ્રાણીઓના, **પરમાનંદકંદ**-ઉત્કૃષ્ટ આનંદના અંકુરને, **ઉદ્ભેદ** પ્રગટ કરવામાં, **નવાંબુદઃ**-નવીન મેઘતુલ્ય, **સ્યાદ્વાદામૃત**-અનેકાંત મતરૂપ અમૃતને, **નિસ્યંદિ**-ઝરણા સમાન, **શીતલઃ**-શીતળનાથ, **પાતુ**-રક્ષણ કરો.

**અર્થ** - પ્રાણીઓના ઉત્કૃષ્ટ આનંદના અંકુરને પ્રગટ કરવામાં નવીન મેઘ સમાન, સ્યાદ્વાદમત રૂપ અમૃતના ઝરણા સમાન (વરસાવનારા) શ્રી શીતલનાથ જિનેશ્વર તમારું રક્ષણ કરો.

**ભવરોગાર્ત્તજન્તુના મગદંકારદર્શનઃ ।**

સંસાર રૂપ રોગથી પીડા પામેલા જીવોને વૈદ્ય સમાન છે જેમનું દર્શન (સમ્યક્ત્વ),

**નિઃશ્રેયસશ્રીરમણઃ, શ્રેયાંસઃ શ્રેયસેઽસ્તુ વઃ ॥૧૩॥**

મોક્ષ રૂપ લક્ષ્મીના સ્વામી શ્રી શ્રેયાંસનાથ સ્વામી કલ્યાણ માટે થાઓ તમારા.

**શબ્દાર્થ** - **ભવરોગાર્ત્ત**-સંસારરૂપ રોગથી પીડાયેલા, **જંતુનાં**-પ્રાણીઓને, **અગદંકાર**-વૈદ્ય સમાન, **દર્શનઃ**-દર્શન છે જેનું એવા, **નિઃશ્રેયસ**-મોક્ષ રૂપ, **શ્રીરમણઃ**-લક્ષ્મીના સ્વામી, **શ્રેયાંસઃ**-શ્રેયાંસનાથ, **શ્રેયસે**-કલ્યાણને અર્થે.

**અર્થ** - સંસાર રૂપ રોગથી પીડા પામેલા જીવોને વૈદ્યના દર્શન જેવું જેમનું દર્શન (સમ્યક્ત્વ) છે. તેમ જ મોક્ષ રૂપ લક્ષ્મીના સ્વામી શ્રી શ્રેયાંસનાથ ભગવાન તમારા કલ્યાણ માટે થાઓ.

**વિશ્વોપકારકીભૂત-તીર્થકૃત્કર્મનિર્મિતિઃ ।**

વિશ્વને ઉપકાર કરનાર તીર્થંકર નામકર્મની ઉપાર્જના કરી છે જેમણે,

**સુરાસુરનરૈઃ પૂજ્યો, વાસુપૂજ્યઃ પુનાતુ વઃ ॥૧૪॥**

દેવ, અસુર અને મનુષ્ય વડે પૂજવા લાયક શ્રીવાસુપૂજ્ય સ્વામી પવિત્ર કરો તમને.

**શબ્દાર્થ** - **ઉપકારકીભૂત**-ઉપકાર કરનારા, **તીર્થકૃત્કર્મ**-તીર્થંકર નામકર્મની, **નિર્મિતિઃ**-ઉત્પત્તિ કરી છે જેણે એવા, **સુર**-વૈમાનિક દેવ, **અસુર**-ભવનવાસી દેવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અને) નરૈઃ-મનુષ્યો વડે, પૂજ્યઃ-પૂજવા લાયક, વાસુપૂજ્યઃ-વાસુપૂજ્ય સ્વામી, પુનાતુ-પવિત્ર કરો.

**અર્થ** - વિશ્વ ઉપર ઉપકાર કરનાર એવું તીર્થંકર નામકર્મની ઉપાર્જના કરનાર, દેવ-અસુર-મનુષ્યો વડે પૂજવા યોગ્ય એવા શ્રી વાસુપૂજ્યસ્વામી તમને પવિત્ર કરો.

**વિમલસ્વામિનો વાચઃ, કતકક્ષોદસોદરાઃ ।**

વિમલસ્વામિની વાણીઓ કતક ફળના ચૂર્ણ જેવી,

**જયંતિ ત્રિજગચ્ચેતો-જલનૈર્મલ્યહેતવઃ ॥૧૫॥**

જય પામે છે ત્રણ જગતના ચિત્ત રૂપ પાણી ને નિર્મળ કરવામાં હેતુરૂપ. (કારણભૂત)

**શબ્દાર્થ** - **વિમલસ્વામિનઃ**-વિમલનાથની, **કતકક્ષોદ**-કતક (નિર્મળી) ફળના ચૂર્ણ, **સોદરાઃ**-સરખી, **ત્રિજગત્**-ત્રણ જગતના, **ચેતોજલ**-ચિત્તરૂપી પાણીને, **નૈર્મલ્યહેતવઃ**-નિર્મળપણાના કારણભૂત.

**અર્થ** - કતક* ફળના ચૂર્ણ જેવી, ત્રણ જગતના ચિત્ત રૂપી પાણીને નિર્મળ કરવા માટે હેતુ રૂપ શ્રી વિમલનાથસ્વામીના વચનો જય પામે છે.

**સ્વયંભૂરમણસ્પર્દ્ધિ-કરુણારસવારિણા ।**

સ્વયંભૂરમણ (છેલ્લા) સમુદ્રની હરિફાઈ કરનાર કરુણારસ રૂપી પાણી વડે,

**અનંતજિદનન્તાં વઃ, પ્રયચ્છતુ સુખશ્રિયમ્ ॥૧૬॥**

શ્રી અનંતનાથસ્વામી અનંત તમને આપો સુખરૂપ લક્ષ્મીને.

**શબ્દાર્થ** - **સ્વયંભૂરમણ**-સ્વયંભૂરમણ સમુદ્રની, **સ્પર્દ્ધિ**-સ્પર્ધા કરે એવા, **કરુણારસ**-કરુણારસ રૂપ, **વારિણા**-પાણી વડે, **અનંતજિત્**-અનંતનાથ જિન, **અનંતાં**-જેનો અંત નથી એવી, **પ્રયચ્છતુ**-આપો, **સુખશ્રિયં**-મોક્ષના સુખરૂપ લક્ષ્મીને.

**અર્થ** - સ્વયંભૂરમણ સમુદ્રની હરિફાઈ કરનાર (એવા પ્રભુ) કરુણા રસ રૂપ પાણી વડે શ્રી અનંતનાથસ્વામી તમને અનંતસુખ રૂપ લક્ષ્મી આપો.

**કલ્પદ્રુમસધર્માણ-મિષ્ટપ્રાપ્તૌ શરીરિણામ્ ।**

કલ્પદ્રુમ સમાન વાંછિત ફળની પ્રાપ્તિમાં પ્રાણીઓને,

**ચતુર્દ્ધા ધર્મદેષ્ટારં, ધર્મનાથમુપાસ્મહે ॥૧૭॥**

ચાર પ્રકારે (દાન, શીલ, તપ, ભાવ) ધર્મના ઉપદેશક શ્રી ધર્મનાથસ્વામીની અમે ઉપાસના કરીએ છીએ.

**શબ્દાર્થ** - **કલ્પદ્રુમ**-કલ્પવૃક્ષ, **સધર્માણં**-સમાન ધર્મવાળા, **ઈષ્ટપ્રાપ્તૌ**-

---

* ગમે તેવા મલિન પાણીમાં કતક ફળનું ચૂર્ણ નાખવામાં આવે તો તે પાણીને નિર્મલ બનાવે છે તેમ પ્રભુની વાણી જગતના ચિત્તના સંક્લેશને દૂર કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાંછિત ફળની પ્રાપ્તિમાં, **શરીરિણાં**-શરીરધારીઓ (પ્રાણીઓને), **ચતુર્દ્ધા**-ચાર પ્રકારના, **ધર્મદેષ્ટારં**-ધર્મને બતાવનારાને, **ધર્મનાથમુપાસ્મહે**-ધર્મનાથની ઉપાસના કરીએ છીએ.

**અર્થ** - પ્રાણીઓને વાંછિત ફળની પ્રાપ્તિમાં કલ્પદ્રુમ સમાન, ચાર પ્રકારે ધર્મના ઉપદેશક એવા શ્રી ધર્મનાથસ્વામીની અમે ઉપાસના કરીએ છીએ.

**સુધાસોદરવાગ્જ્યોત્સ્ના-નિર્મલીકૃતદિઙ્મુખઃ ।**

અમૃત સમાન વાણી રૂપ ચંદ્રિકા વડે નિર્મલ કર્યો છે દિશાઓનો મુખભાગ જેણે,

**મૃગલક્ષ્મા તમઃશાન્ત્યૈ, શાન્તિનાથઃ જિનોઽસ્તુ વઃ ॥૧૮॥**

હરણના લંછનવાળા, અજ્ઞાનની શાંતિને માટે શ્રી શાંતિનાથ જિનેશ્વર થાઓ તમને.

**શબ્દાર્થ** - **સુધાસોદર**-અમૃત સરખી, **વાગ્જ્યોત્સના**-વાણી રૂપ ચાંદની (ચંદ્રના અજવાળા) વડે **નિર્મલીકૃત**-નિર્મળ કર્યો છે, **દિઙ્મુખઃ**-દિશાઓનો મુખભાગ જેણે એવા, **મૃગલક્ષ્મા**-હરણના લંછનવાળા, **તમઃશાંત્યૈ**-અજ્ઞાનની શાંતિને માટે, **શાંતિનાથજિનઃ**-શાંતિનાથ જિનેશ્વર.

**અર્થ** - અમૃત સમાન વાણી રૂપ ચંદ્રિકા (સફેદ પ્રકાશ) વડે નિર્મલ કર્યો છે દિશાઓનો મુખભાગ જેણે, હરણના લંછનવાળા શ્રી શાંતિનાથ જિનેશ્વર તમારા અજ્ઞાન સ્વરૂપ અંધકારની શાંતિ માટે થાઓ.

**શ્રી કુંથુનાથો ભગવાન્, સનાથોઽતિશયર્દ્ધિભિઃ ।**

શ્રી કુંથુનાથ ભગવાન યુક્ત અતિશય ઋદ્ધિ વડે,

**સુરાસુરનૃનાથાનામેક નાથોઽસ્તુ વઃ શ્રિયે ॥૧૯॥**

દેવ-અસુર-મનુષ્યોના સ્વામીઓના (ઇન્દ્ર, ચક્રવર્તી વગેરેના) અદ્વિતીય નાથ થાઓ તમારી લક્ષ્મી માટે.

**શબ્દાર્થ** - **શ્રી કુંથુનાથો**-શ્રી કુંથુનાથ, સનાથઃ-સહિત, **અતિશયર્દ્ધિભિઃ**-અતિશયો રૂપ લક્ષ્મી વડે, **સુરાસુરનૃનાથાનાં**-સુર, અસુર અને મનુષ્યના સ્વામીઓના, **એકનાથઃ**-અદ્વિતીય સ્વામી.

**અર્થ** - અતિશય ઋદ્ધિ વડે યુક્ત, દેવ-અસુર-મનુષ્યોના સ્વામીઓના અદ્વિતીય (અજોડ) નાથ એવા શ્રી કુંથુનાથ ભગવાન તમારી (કલ્યાણ રૂપી) લક્ષ્મી માટે થાઓ.

**અરનાથસ્તુ ભગવાઁશ્ચતુર્થારનભોરવિઃ ।**

અરનાથ વળી ભગવાન ચોથા આરા રૂપ આકાશમાં સૂર્ય સમાન, (જેવા),



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ચતુર્થપુરુષાર્થશ્રી વિલાસં વિતનોતુ વઃ ॥૨૦॥**

ચોથા પુરુષાર્થ (મોક્ષ) રૂપ લક્ષ્મીના વિલાસને વિસ્તારો તમને.

**શબ્દાર્થ** - **અરનાથઃ**-અરનાથ પ્રભુ, **ચતુર્થાર**-ચોથા આરા રૂપ, **નભોરવિઃ**-આકાશમાં સૂર્ય સમાન, **ચતુર્થપુરુષાર્થશ્રી**-ચોથા પુરુષાર્થ (મોક્ષ) રૂપ લક્ષ્મીના, **વિલાસં**-વિલાસને, **વિતનોતુ**-વિસ્તારો.

**અર્થ** - ચોથા આરા રૂપી આકાશમાં સૂર્ય સમાન શ્રી અરનાથ ભગવાન વળી તમારા ચોથા પુરુષાર્થ (મોક્ષ) રૂપ લક્ષ્મીના વિલાસને વિસ્તારો.

**સુરાસુરનરાધીશ મયૂરનવવારિદમ્ ।**

દેવ-અસુર-મનુષ્યોના સ્વામી (ઇન્દ્ર, ચક્રવર્તી વગેરે) રૂપ મોરને ઉલ્લસિત કરવા માટે નવીન મેઘ (વાદળા) સમાન,

**કર્મદ્રૂન્મૂલને હસ્તિ-મલ્લં મલ્લિમભિષ્ટુમઃ ॥૨૧॥**

કર્મ રૂપ વૃક્ષને ઉખેડી નાખવામાં ઐરાવત હાથી રૂપ શ્રી મલ્લિનાથની અમે સ્તુતિ કરીએ છીએ.

**શબ્દાર્થ** - **અધીશમયૂર**-સ્વામી રૂપ મોરને, **નવવારિદં**-નવીન (નવા) મેઘ તુલ્ય, **કર્મદ્રુ**-કર્મ રૂપી વૃક્ષને, **ઉન્મૂલને**-ઉખેડી નાખવામાં, **હસ્તિમલ્લં**-ઐરાવત હાથી તુલ્ય, **મલ્લિ**-મલ્લિનાથને, **અભિષ્ટુમઃ**-સ્તુતિ કરીએ છીએ.

**અર્થ** - દેવ-અસુર-(ભુવનપતિ) મનુષ્યોના સ્વામી રૂપ મોરને ઉલ્લસિત (આનંદિત) કરવા માટે નવીન મેઘ સમાન અને કર્મ રૂપ વૃક્ષને ઉખેડી નાખવામાં ઐરાવત હાથી સમાન શ્રી મલ્લિનાથની અમે સ્તુતિ કરીએ છીએ.

**જગન્મહામોહનિદ્રા-પ્રત્યૂષસમયોપમમ્ ।**

જગતના લોકોની ગાઢ મોહનીય કર્મ રૂપ નિદ્રાને દૂર કરવા માટે પ્રભાત સમયની ઉપમાવાળા.

**મુનિસુવ્રતનાથસ્ય, દેશનાવચનં સ્તુમઃ ॥૨૨॥**

મુનિસુવ્રતસ્વામીના દેશનાના વચનની અમે સ્તુતિ કરીએ છીએ.

**શબ્દાર્થ** - **જગત્**-જગતની, **મહામોહનિદ્રા**-ગાઢ મોહ (મોહનીય કર્મ) રૂપ નિદ્રાને, **પ્રત્યૂષસમય**-પ્રભાતકાળની, (સવારના સમયની) **ઉપમં**-ઉપમા છે જેને, **મુનિસુવ્રતનાથસ્ય**-મુનિસુવ્રતસ્વામીની, **દેશનાવચનં**-ઉપદેશની વાણીને, **સ્તુમઃ**-અમે સ્તવીએ છીએ.

**અર્થ** - જગતના લોકોની ગાઢ મોહનીય કર્મ રૂપ નિદ્રા દૂર કરવા માટે પ્રભાત સમયની ઉપમાવાળા જેવા શ્રી મુનિસુવ્રતસ્વામીની દેશનાના વચનની અમે સ્તુતિ કરીએ છીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**લુઠંતો નમતાં મુર્ધ્નિ, નિર્મલીકારકારણમ્ ।**

પડતા નમસ્કાર કરનારના મસ્તક ઉપર નિર્મળ કરવાના કારણ રૂપ,

**વારિપ્લવા ઇવ નમેઃ, પાન્તુ પાદનખાંશવઃ ॥૨૩॥**

જળના પ્રવાહની માફક શ્રી નમિનાથના રક્ષણ કરો ચરણના નખના કિરણો.

**શબ્દાર્થ** - **લુઠંતો**-આલોટતા (પડતા), **નમતાં**-નમસ્કાર કરનારાઓનાં, **મૂર્ધ્નિ** મસ્તક ઉપર, **નિર્મલીકારકારણં**-નિર્મલ કરવાના કારણભૂત, **વારિપ્લવા**-પાણીના પ્રવાહ, **ઈવ**-પેઠે, **નમેઃ**-નમિનાથનાં, **પાંતુ**-રક્ષણ કરો, **પાદનખાંશવઃ**-ચરણના નખના કિરણો.

**અર્થ** - નમસ્કાર કરનારાઓના મસ્તક ઉપર પાણીના પ્રવાહની માફક (જેમ) પડતા અને નિર્મળ કરવાના કારણ રૂપ એવા શ્રી નમિનાથ ભગવાનના ચરણના નખના કિરણો રક્ષા કરો.

**યદુવંશસમુદ્રેન્દુઃ, કર્મકક્ષહુતાશનઃ ।**

યદુવંશ રૂપ સમુદ્રમાં ચંદ્ર સમાન, કર્મ રૂપ વન માટે અગ્નિ સમાન,

**અરિષ્ટનેમિર્ભગવાન્, ભૂયાદ્ વોઽરિષ્ટનાશનઃ ॥૨૪॥**

શ્રી અરિષ્ટનેમિ ભગવાન થાઓ તમારા ઉપદ્રવને નાશ કરનારા.

**શબ્દાર્થ** - **યદુવંશ**-યાદવકુળ રૂપ, **સમુદ્રેન્દુઃ**-સમુદ્રને ચંદ્ર તુલ્ય, **કર્મકક્ષ**-કર્મ રૂપ વનખંડને, **હુતાશનઃ**-અગ્નિ સમાન, **અરિષ્ટનેમિઃ**-અરિષ્ટ (મંગળકારી) નેમિનાથ, **ભૂયાત્**-થાઓ, **અરિષ્ટનાશનઃ**-ઉપદ્રવને (અપમંગળને) નાશ કરનાર.

**અર્થ** - યદુવંશ રૂપ સમુદ્રમાં ચંદ્ર સમાન, કર્મ રૂપ વનને બાળવા માટે અગ્નિ સમાન, એવા શ્રી અરિષ્ટનેમિ ભગવાન તમારા ઉપદ્રવને (અપમંગળને) નાશ કરનારા થાઓ.

**કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ ।**

કમઠ તાપસ (મેઘમાળી અસુર) ઉપર ધરણેન્દ્ર ઉપર અને પોતાને ઉચિત કર્મ કરતે છતે

**પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ॥૨૫॥**

ભગવાન સરખી મનોવૃત્તિવાળા શ્રી પાર્શ્વનાથ લક્ષ્મી માટે થાઓ તમારી.

**શબ્દાર્થ** - **કમઠે**-કમઠ ઉપર, **ધરણેન્દ્રે**-ધરણેંદ્ર ઉપર, **સ્વોચિતં**-પોતાને યોગ્ય, **કર્મ કુર્વતિ**-કર્મને કરનારા, **તુલ્યમનોવૃત્તિઃ**-સરખી મનોવૃત્તિવાળા, **પાર્શ્વનાથઃ**-પાર્શ્વનાથ સ્વામી.

**અર્થ** - પોતાને ઉચિત એવા કામ કરતા કમઠ (અસુર) ઉપર અને ધરણેન્દ્ર ઉપર સરખી મનોવૃત્તિ રાખનાર શ્રી પાર્શ્વનાથ ભગવાન તમારી જ્ઞાનલક્ષ્મી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે થાઓ.

**શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્‌ભુતશ્રિયા ।**

શ્રીમાન્ શ્રીમહાવીરસ્વામી યુક્ત (ચોત્રીશ અતિશય રૂપ) અદ્‌ભુત લક્ષ્મીથી,

**મહાનંદસરોરાજમરાલાયાર્હતે નમઃ ॥૨૬॥**

મહા આનંદ રૂપ સરોવર વિષે રાજહંસ સમાન અરિહંતને નમસ્કાર થાઓ.

**શબ્દાર્થ** - **શ્રીમતે**-શ્રીમાન્, **વીરનાથાય**-મહાવીર સ્વામીને, **સનાથાય**-સહિત, **અદ્‌ભુતશ્રિયા**-આશ્ચર્યકારી લક્ષ્મી, (ચોત્રીશ અતિશય રૂપ) વડે, **મહાનંદસરઃ**-મહા આનંદ રૂપ સરોવરને, **રાજમરાલાય**-રાજહંસ સમાન, **અર્હતે**-પૂજ્યને.

**અર્થ** - (ચોત્રીશ અતિશયરૂપ) અદ્‌ભુત લક્ષ્મીથી યુક્ત, મહા આનંદ રૂપ સરોવરને વિષે રાજહંસ સમાન, શ્રીમાન્ મહાવીર સ્વામી અરિહંતને નમસ્કાર થાઓ.

**કૃતાપરાધેઽપિ જને, કૃપામંથરતારયોઃ ।**

કરેલો છે અપરાધ જેણે એવા પણ માણસ ઉપર દયા વડે નમેલી છે આંખની બે કીકીઓ જેની,

**ઇષદ્ બાષ્પાર્દ્રયોર્ભદ્રં, શ્રી વીરજિનનેત્રયોઃ ॥૨૭॥**

થોડા અશ્રુથી ભીંજાયેલાં કલ્યાણ થાઓ શ્રી વીરજિનેશ્વરનાં બે નેત્રોનું.

**શબ્દાર્થ** - **કૃતાપરાધે**-અપરાધ કરનાર, **અપિ**-પણ, **જને**-મનુષ્ય ઉપર, **કૃપામંથર**-દયા વડે નમેલી (સ્થિર થયેલી) છે, **તારયોઃ**-કીકીઓ જેની એવાં, **ઈષદ્**-જરા, **બાષ્પાર્દ્રયોઃ**-અશ્રુથી ભીંજાયેલાં, **ભદ્રં**-કલ્યાણ હો, **શ્રી વીરજિન**-શ્રી મહાવીર પ્રભુનાં, **નેત્રયોઃ**-બે નેત્રોનું.

**અર્થ** - અપરાધ કરનાર માણસ ઉપર પણ દયા વડે નમેલી છે બે કીકીઓ જેની અને થોડા અશ્રુથી ભીંજાયેલાં શ્રી વીરજિનેશ્વરના બે નેત્રોનું કલ્યાણ થાઓ.*

**જયતિ વિજિતાન્યતેજાઃ, સુરાસુરાધીશસેવિતઃ શ્રીમાન્ ।**

જય પામે છે વિશેષ પ્રકારે જીત્યા છે અન્યના તેજને જેણે, દેવ-દાનવના સ્વામી વડે સેવાયેલા, કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીવાળા,

---

* સંગમ નામના દેવે પ્રભુ ઉપર ઘણા ઉપસર્ગો કર્યા તો પણ પ્રભુ ચલાયમાન થયા નહિ ત્યારે થાકીને તે સ્વસ્થાનકે જતો હતો તે વખતે પ્રભુ અત્યંત કરુણાવાળા હોવાથી તેમનાં નેત્રમાં સહેજ અશ્રુ આવ્યાં, તે એટલા માટે કે મારાથી આ જીવને કાંઈ પણ ઉપકાર થયો નહિ. પ્રભુને વાંદનાર અને ઉપસર્ગ કરનારાને પણ પ્રભુના દર્શનથી સમ્યક્ત્વ પ્રાપ્ત થતું હતું. પણ સંગમ અભવ્ય હતો તેથી તેને પ્રાપ્ત થયું નહિ. એવા અપરાધી ઉપર પણ કરુણભાવ દર્શાવ્યો તે પ્રભુની અત્યંત કરુણા સમજવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિમલસ્ત્રાસવિ રહિતસ્ત્રિભુવનચૂડામણિર્ભગવાન્ ॥૨૮॥**

નિર્મળ, (૧૮ દોષથી રહિત) વિશેષ પ્રકારે ભયથી રહિત, ત્રણ ભુવનમાં મુકુટ સમાન ભગવાન.

શબ્દાર્થ - **વિજિતાન્યતેજાઃ**-વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનારા, **સેવિતઃ**-સેવાયેલા, **શ્રીમાન્**-કૈવલ્ય-લક્ષ્મીવાળા, **વિમલઃ**-નિર્મળ, **ત્રાસવિરહિત**-ત્રાસ(ભય)થી રહિત, **ત્રિભુવન**-ત્રણ ભુવનમાં, **ચૂડામણિઃ**-મુકુટ સમાન.

**અર્થ** - વિશેષ પ્રકારે અન્યના તેજને જીતનારા, દેવ-દાનવના સ્વામી વડે સેવાયેલા, કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીવાળા, નિર્મળ, વિશેષ પ્રકારે ભયથી રહિત, ત્રણ ભુવનમાં મુકુટ સમાન (શ્રી વીરસ્વામી) ભગવંત જય પામે છે.

***વીરઃ સર્વસુરાસુરેન્દ્રમહિતો, વીરં બુધાઃ સંશ્રિતાઃ,**

શ્રી વીરસ્વામી સર્વ દેવ અને દાનવોના ઈન્દ્રો વડે પૂજાયેલા, શ્રી વીરસ્વામીને પંડિતો આશ્રય કરીને રહેલા છે,

**વીરેણાભિહતઃ સ્વકર્મનિચયો, વીરાય નિત્યં નમઃ ।**

શ્રી વીર વડે હણાયો છે પોતાના કર્મનો સમૂહ, શ્રી વીરને હંમેશાં નમસ્કાર થાઓ,

**વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપો,**

શ્રી વીરપરમાત્માથી તીર્થ આ પ્રવર્ત્યું છે, તુલના ન થઈ શકે તેવું શ્રી વીર પરમાત્માનું ઘોર તપ છે.

**વીરે શ્રી ધૃતિકીર્તિકાંતિનિચયઃ, શ્રી વીર ! ભદ્રં દિશ ॥૨૯॥**

શ્રી વીર પરમાત્મામાં લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાંતિનો સમૂહ છે. હે શ્રી વીર ! કલ્યાણને આપો.

શબ્દાર્થ - **મહિતો**-પૂજાયેલા, **બુધાઃ**-પંડિતો, **સંશ્રિતાઃ**-આશ્રય, **વીરેણ**-વીર વડે, **અભિહતઃ**-હણાયેલા છે, **સ્વકર્મનિચયઃ**-પોતાના કર્મનો સમૂહ, **નિત્યં**-હંમેશાં, **વીરાત્**-મહાવીર દેવ થકી, **તીર્થ**-તીર્થ, **ઈદં**-આ (વર્તમાન.) **પ્રવૃત્તં**-પ્રવર્ત્યું છે, **અતુલં**-તુલના ન થઈ શકે એવું, **વીરસ્ય**-વીરનું, **ઘોરં**-આકરું (કઠણ), **તપો**-તપ, **વીરે**-મહાવીરમાં, **શ્રીધૃતિકીર્તિ**-લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ, **કાંતિનિચયઃ**-કાંતિનો સમૂહ, **શ્રીવીર**-હે મહાવીર દેવ ! **ભદ્રં**-કલ્યાણને, **દિશ**-આપો.

---

* આ શ્લોકમાં શ્રી વીરને જુદી જુદી આઠ વિભક્તિઓ લગાડી શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ કરી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - શ્રી વીરસ્વામી સર્વે દેવ-દાનવોના ઇન્દ્રો વડે પૂજાયેલા છે. પંડિતો શ્રી વીરસ્વામીને સારી રીતે આશ્રય કરીને રહેલા છે. શ્રી વીર વડે પોતાના કર્મનો સમૂહ હણાયો છે. શ્રી વીરને હંમેશાં નમસ્કાર થાઓ. શ્રી વીર પરમાત્માથી આ અજોડ તીર્થ પ્રવર્ત્યું છે. શ્રી વીરસ્વામીનું ઘોર તપ છે. શ્રી વીરસ્વામીમાં લક્ષ્મી, ધૈર્ય, કીર્તિ અને કાંતિનો સમૂહ છે. એવા હે શ્રી વીર ! અમને કલ્યાણ આપો. (કલ્યાણનો માર્ગ બતાવો)

***અવનિતલગતાનાં કૃત્રિમાકૃત્રિમાનાં, વરભવનગતાનાં**

**દિવ્યવૈમાનિકાનામ્ ।**

પૃથ્વીતલ ઉપર રહેલા, અશાશ્વત અને શાશ્વત, શ્રેષ્ઠ ભવનમાં (ભવનપતિ આદિમાં) રહેલા, દેવલોક સંબંધી વૈમાનિકમાં રહેલા,

**ઇહ મનુજકૃતાનાં દેવરાજાડર્ચિતાનાં,**

**જિનવરભવનાનાં ભાવતોડહં નમામિ ॥૩૦॥**

અહીં લોકમાં મનુષ્યોએ કરેલા, દેવતાઓના રાજાઓએ પૂજેલ, જિનેશ્વરનાં શ્રેષ્ઠ ચૈત્યોને ભાવથી હું નમું છું.

**શબ્દાર્થ** - **અવનિતલગતાનાં**-પૃથ્વીતળને વિષે રહેલાં, **કૃત્રિમાકૃત્રિમાનાં**-અશાશ્વતાં અને શાશ્વતાં, **વરભવનગતાનાં**-શ્રેષ્ઠ (ભવનપત્યાદિ દેવના) ભવનને વિષે રહેલાં, **દિવ્યવૈમાનિકાનાં**-દિવ્ય વૈમાનિકોનાં, **ઈહ**-આ લોકમાં, **મનુજકૃતાનાં** મનુષ્યોએ કરેલાં, **દેવરાજાર્ચિતાનાં**-દેવના રાજાઓ (ઇંદ્રો) એ પૂજેલાં, **જિનવરભવનાનાં**-જિનેશ્વરનાં ચૈત્યો (પ્રતિમાઓ) ને, **ભાવતઃ**-ભાવથી, **નમામિ**-હું નમું છું.

**અર્થ** - પૃથ્વીતલ ઉપર રહેલા, અશાશ્વત અને શાશ્વત રૂપે, શ્રેષ્ઠ ભવનપતિના આવાસોમાં રહેલા, દિવ્ય વિમાનોમાં રહેલા, આ લોકમાં મનુષ્યોએ કરેલા, દેવતાઓના રાજાઓએ પૂજેલ, એવા જિનેશ્વરના ચૈત્યોને હું ભાવથી નમું છું.

**સર્વેષાં વેધસામાદ્ય માદિમં પરમેષ્ઠિનામ્ ।**

સર્વ જ્ઞાતાઓમાં પ્રથમ, પ્રથમ પરમેષ્ઠિઓમાં,

**દેવાધિદેવં સર્વજ્ઞં, શ્રી વીરં પ્રણિદધ્મહે ॥૩૧॥**

દેવોના દેવ, સર્વજ્ઞ, શ્રી વીરસ્વામીનું અમે ધ્યાન કરીએ છીએ.

**શબ્દાર્થ** - **સર્વેષાં**-સર્વે, **વેધસાં**-જ્ઞાતાઓમાં, **આદ્યં**-પહેલા, **પરમેષ્ઠિનાં**-પરમેષ્ઠીઓમાં, **દેવાધિદેવં**-દેવના દેવ, **સર્વજ્ઞં**-સર્વને જાણનારા, **શ્રી વીરં**-મહાવીર

---

* આ શ્લોકમાં શાશ્વતી અને અશાશ્વતી પ્રતિમાઓને નમસ્કાર કરવા વડે સ્થાપના જિનને નમસ્કાર કરેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામીને, **પ્રણિદધ્મહે**-અમે ધ્યાન કરીએ છીએ.

**અર્થ** - સર્વ જ્ઞાતાઓમાં પ્રથમ (શ્રેષ્ઠ) પરમેષ્ઠિઓમાં પ્રથમ, દેવના દેવ એવા શ્રી મહાવીર સ્વામીનું અમે ધ્યાન કરીએ છીએ.

**દેવોઽનેકભવાર્જિતોર્જિતમહા-પાપપ્રદીપાનલો,**

દેવ અનેક ભવોમાં ઉપાર્જન કરેલા ઘણા મોટા પાપોને સળગાવવા માટે અગ્નિ સમાન,

**દેવઃ સિદ્ધિવધૂવિશાલહૃદયાલંકારહારોપમઃ ।**

જે દેવ સિદ્ધિ રૂપ વહુના વિશાલ હૃદયને અલંકૃત કરવા માટે હાર સમાન છે,

**દેવોઽષ્ટાદશ દોષસિન્ધુરઘટા-નિર્ભેદપંચાનનો,**

જે દેવ અઢાર દોષરૂપ હાથીના સમૂહને ભેદવામાં સિંહ સમાન છે,

**ભવ્યાનાં વિદધાતુ વાંછિતફલં, શ્રી વીતરાગો જિનઃ ॥૩૨॥**

ભવ્ય જીવોને આપો વાંછિતફળને શ્રી વીતરાગ જિનેશ્વર.

**શબ્દાર્થ** - **અનેકભવાર્જિત**-અનેક ભવોમાં ઉપાર્જન કરેલાં, **ઊર્જિતમહાપાપ**-ઘણાં મોટાં પાપને, **પ્રદીપાનલઃ**-પ્રકર્ષે બાળવાને અગ્નિ સમાન, **સિદ્ધિવધૂ**-મોક્ષલક્ષ્મીના, **વિશાલહૃદય**-વિશાળ અંતઃકરણમાં, **અલંકારહારોપમઃ**-અલંકાર હારની ઉપમાવાળા, **અષ્ટાદશદોષ**-અઢાર દોષરૂપ, **સિંધુરઘટા**-હાથીના સમુદાયને, **નિર્ભેદ**-ભેદવાને, નાશ કરવાને, **પંચાનનઃ**-કેસરી (સિંહ) સમાન, **ભવ્યાનાં**-ભવ્યજનોને, **વિદધાતુ**-આપો, **વાંછિતફલં**-ઈચ્છિત ફળને, **વીતરાગ**-રાગ દ્વેષ રહિત.

**અર્થ** - *જે દેવ અનેક ભવમાં ભેગા કરેલા ઘણા મોટા પાપોને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે, જે દેવ સિદ્ધિ રૂપ વધૂના વિશાલ હૃદયને અલંકૃત કરવા માટે હાર સમાન છે, જે દેવ અઢાર દોષરૂપ હાથીના સમૂહને ભેદવામાં સિંહ સમાન છે, તેવા શ્રી વીતરાગ જિનેશ્વર ભવ્યજીવોના વાંછિત ફળને આપો.

**ખ્યાતોઽષ્ટાપદપર્વતો ગજપદઃ, સંમેતશૈલાભિધઃ,**

પ્રસિદ્ધ અષ્ટાપદ પર્વત, ગજપદ પર્વત, સંમેતશિખર નામે પર્વત,

**શ્રીમાન્ રૈવતકઃ પ્રસિદ્ધમહિમા-શત્રુંજયો મંડપઃ ।**

શ્રીમાન્ ગિરનાર પર્વત, પ્રગટ મહિમાવાળો શત્રુંજય પર્વત માંડવગઢ,

**વૈભારઃ કનકાચલોઽર્બુદગિરિઃ, શ્રી ચિત્રકૂટાદય,**

---

* આ ૩૨મા શ્લોક વડે ભાવજિનની સ્તુતિ કરવામાં આવી છે અને ૩ થી ૨૯ શ્લોક વડે નામજિનની સ્તુતિ કરવામાં આવી છે. અને ૩૦મા શ્લોકમાં સ્થાપના જિનની સ્તુતિ છે. ૩૧મા શ્લોકમાં શ્રી વીર પ્રભુની સ્તુતિ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈભારગિરિ, સુવર્ણગિરિ, આબુ પર્વત, શ્રી ચિત્રકૂટ (ચિતોડ) વગેરે.

**સ્તત્ર શ્રી ઋષભાદયો જિનવરાઃ, કુર્વન્તુ વો મંગલમ્ ॥૩૩॥***

ત્યાં શ્રી ઋષભદેવ વગેરે જિનેશ્વરો તમારું મંગલ કરો.

**શબ્દાર્થ** - **ખ્યાતઃ**-પ્રસિદ્ધ, **અષ્ટાપદપર્વતઃ**-અષ્ટાપદ પર્વત, **ગજપદઃ**-ગજપદ પર્વત, **સંમેતશૈલાભિધઃ**-સમેતશિખર નામનો પર્વત, **રૈવતકઃ**-ગિરનાર, **પ્રસિદ્ધમહિમા**-પ્રગટ મહિમાવાળો, **શત્રુંજયઃ**-શત્રુંજય પર્વત, **મંડપઃ**-માંડવગઢ, **વૈભારઃ**-વૈભારગિરિ, **કનકાચલઃ**-કનકાચલ પર્વત, **અર્બુદગિરિઃ**-આબુ પર્વત, **ચિત્રકૂટાદયઃ**-ચિત્રકૂટ- ચિતોડ વગેરે, **તત્ર**-ત્યાં, **ઋષભાદયઃ**-ઋષભદેવ વગેરે. **કુર્વન્તુ**-કરો, **વઃ**-તમોને, **મંગલં**-કલ્યાણને.

**અર્થ** - પ્રસિદ્ધ અષ્ટાપદ પર્વત, ગજપદ પર્વત, સંમેતશિખર નામે પર્વત, શ્રીમાન ગિરનાર પર્વત, પ્રસિદ્ધ માહાત્મ્યવાળો શત્રુંજય પર્વત, માંડવગઢ, વૈભારગિરિ, સુવર્ણગિરિ, આબુ પર્વત, શ્રી ચિતોડ વગેરે ત્યાં શ્રી ઋષભાદિ જિનેશ્વરો છે તે તમારું મંગલ કરો.*

---

## (૫૦) શ્રી સ્નાતસ્યાની સ્તુતિ (ચાર થોયો)

**સ્નાતસ્યાપ્રતિમસ્ય મેરુશિખરે, શચ્યા વિભોઃ શૈશવે,**

સ્નાન કરાયેલ ઉપમા ન આપી શકાય એવા મેરુશિખર ઉપર ઇન્દ્રાણીએ પ્રભુના બાળપણમાં,

**રૂપાલોકનવિસ્મયાહૃતરસ-ભ્રાન્ત્યા ભ્રમચ્ચક્ષુષા ।**

રૂપને જોવાથી થયેલ આશ્ચર્યના કારણે ઉત્પન્ન અદ્‌ભુતરસની ભ્રાન્તિથી ફરતા નેત્રવાળી,

**ઉન્મૃષ્ટં નયનપ્રભાધવલિતં, ક્ષીરોદકાશઙ્કયા,**

લૂછ્યું છે આંખની નિર્મલ કાંતિ વડે ઉજ્જવલ ક્ષીરસમુદ્રનું પાણી રહી ગયાની શંકાથી,

---

* આ શ્લોક વડે ભરત ક્ષેત્રમાં આવેલાં અશાશ્વતા શાશ્વતા તીર્થ ઉપર વિરાજમાન જિન પ્રતિમાઓની સ્તુતિ થાય છે.

* પાક્ષિકાદિ પ્રતિક્રમણ વખતે ચૈત્યવંદન તરીકે બોલાતું આ સૂત્ર કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ રચ્યું છે. ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવો સ્વરૂપ (૨૪+૧૨+૯+૯+૯+=૬૩) ૬૩ મહાપુરુષોના જીવન વૃત્તાંતને વર્ણવવા રચેલા 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' ગ્રંથના પ્રારંભમાં આ સ્તોત્રની મંગલ તરીકે રચના કરી હતી. તેના પ્રથમ પર્વમાં ૧ થી ૨૫ અને ૨૭મી ગાથા છે. છેલ્લી અમુક ગાથાઓ અન્ય મહાપુરુષોએ બનાવેલી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વક્ત્રં યસ્ય પુનઃ પુનઃ સ જયતિ, શ્રી વર્દ્ધમાનો જિનઃ ॥૧॥**

મુખ જેમનું વારંવાર તે જય પામે છે શ્રી વર્ધમાન જિનેશ્વર.

*શબ્દાર્થ* - **સ્નાતસ્ય**-ન્હવરાવેલા, **અપ્રતિમસ્ય**-નિરુપમ-(ઉપમા આપી શકાય નહિ એવા), **મેરુશિખરે**-મેરુ પર્વતની ટોચે, **શચ્યા**-ઇંદ્રાણીએ, **વિભોઃ**-પ્રભુના, **શૈશવે**-બાળપણમાં, **રૂપાલોકન**-રૂપ જોવાથી થયેલ, **વિસ્મય**-આશ્ચર્ય વડે, **આહૃતરસ**-ભોગવેલ રસની, **ભ્રાંત્યા**-ભ્રાંતિ વડે, **ભ્રમચ્ચક્ષુષા**-ભમતી છે ચક્ષુ જેની, **ઉન્મૃષ્ટં**-લૂછેલું, **નયનપ્રભા**-નેત્રની કાંતિ વડે, **ધવલિતં**-ઉજ્જ્વલ થયેલું, **ક્ષીરોદક**-ક્ષીરસમુદ્રના પાણીની, **આશંકયા**-આશંકા વડે, **વક્ત્રં**-મુખ, **યસ્ય**-જેનું, **પુનઃ પુનઃ**-વારંવાર, **સ જયતિ**-તે જયવંત વર્તે છે, **શ્રી વર્ધમાનઃ**-શ્રી મહાવીર, **જિનઃ**-તીર્થંકર.

**અર્થ** - બાલ્યકાળમાં મેરુ શિખર ઉપર સ્નાન કરાયેલા, નિરુપમ એવું પ્રભુના રૂપને જોવાથી થયેલ આશ્ચર્યના કારણે ઉત્પન્ન થયેલ અદ્ભુતરસની ભ્રાન્તિથી ચંચળ નેત્રવાળી ઇન્દ્રાણીએ આંખની નિર્મળ કાંતિ વડે ઉજ્જ્વવલ એવું જેમના મુખને અને ક્ષીરસમુદ્રનું પાણી રહી ગયાની શંકાથી વારંવાર લૂછ્યું છે તે શ્રી વર્ધમાનસ્વામી જય પામે છે.

**હંસાંસાહતપદ્મરેણુકપિશ-ક્ષીરાર્ણવામ્ભોભૃતૈઃ,**

હંસ પક્ષીની પાંખો વડે ઉડાડેલી કમળની રજ વડે પીળું થયેલ ક્ષીરસમુદ્રનું પાણી તેના વડે ભરેલા,

**કુંભૈરપ્સરસાં પયોધરભર-પ્રસ્પર્દ્ધિભિઃ કાંચનૈઃ ।**

કળશો વડે અપ્સરાઓના સ્તનના સમૂહની સાથે સ્પર્ધા કરતા સુવર્ણના,

**યેષાં મંદરરત્નશૈલશિખરે, જન્માભિષેકઃ કૃતઃ,**

જે તીર્થંકરોનો મેરુ પર્વતના શિખર ઉપર જન્માભિષેક કરેલો છે,

**સર્વૈઃ સર્વસુરાસુરેશ્વરગણૈ સ્તેષાં નતોઽહં ક્રમાન્ ॥૨॥**

સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના ઇન્દ્રના સમુદાય વડે તેઓના નમેલો છું હું ચરણોને.

શબ્દાર્થ - **હંસ**-હંસ પક્ષીની, **અંસ**-પાંખ વડે, **આહત**-ઉડાડેલી, **પદ્મરેણુ**-કમળની રજ વડે, **કપિશ**-પીળું થયેલ, **ક્ષીરાર્ણવ**-ક્ષીરસમુદ્રના, **અંભોભૃતૈઃ**-પાણીથી ભરેલા, **કુંભૈઃ**-કળશો વડે, **અપ્સરસાં**-અપ્સરાઓના, **પયોધરભર**-સ્તનના સમૂહની, **પ્રસ્પર્દ્ધિભિઃ**-અતિ સ્પર્ધા કરનારા, **કાંચનૈઃ**-સોનાના, **યેષાં**-જેઓનો, **મંદરરત્નશૈલશિખરે**-મેરુ પર્વતના શિખર ઉપર, **જન્માભિષેકઃ**-જન્માભિષેક, **કૃતઃ**-કરેલો છે, **સર્વૈઃ**-સર્વ પ્રકારના, **સર્વસુરાસુર**-સમસ્ત સુર (વૈમાનિક દેવ) અને અસુર (ભવનવાસી દેવ)ના **ઈશ્વરગણૈઃ**-ઇંદ્રના સમુદાયે, **તેષાં**-તેઓના, **નતો**-નમ્યો, **અહં**-હું, **ક્રમાન્**-ચરણોને,

**અર્થ** - હંસ પક્ષીની પાંખો વડે ઉડાડેલી કમળની રજ વડે પીળા થયેલ (કાબર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચીતરા થયેલ) ક્ષીરસમુદ્રના પાણી વડે ભરેલા, અપ્સરાઓના સ્તનના સમૂહ સાથે સ્પર્ધા કરતા સુવર્ણના કળશો (કુંભો) વડે સર્વ પ્રકારના સમગ્ર સુર અને અસુરના ઈન્દ્રના સમુદાય વડે, મેરુ શિખર ઉપર જે તીર્થંકરોનો જન્માભિષેક કરેલો છે, તેઓના ચરણોને હું નમેલો છું.

**અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં, દ્વાદશાંગં વિશાલં,**

અરિહંતના મુખમાંથી જન્મેલ, ગણધરોએ રચેલ, દ્વાદશાંગી રૂપ વિશાલ,

**ચિત્રં બહ્વર્થયુક્તં મુનિગણવૃષભૈર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ ।**

આશ્ચર્યકારી, ઘણા અર્થથી યુક્ત સાધુ સમુદાયના નાયકોએ ધારણ કરેલ બુદ્ધિમંત,

**મોક્ષાગ્રદ્વારભૂતં વ્રતચરણફલં, જ્ઞેયભાવપ્રદીપં,**

મોક્ષના મુખ્ય દ્વાર સમાન, વ્રત અને ચારિત્રના ફળ રૂપ, જાણવા યોગ્ય પદાર્થોને જણાવવામાં દીપક સમાન,

**ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુતમહમખિલં, સર્વલોકૈકસારમ્ ॥૩॥**

ભક્તિ વડે હંમેશાં સ્વીકાર કરું છું સિદ્ધાંતને, હું સમસ્ત સર્વ લોકને વિષે એક સારભૂત.

**શબ્દાર્થ** - **અર્હદ્વક્ત્ર**-અરિહંતના મુખ થકી, **પ્રસૂતં**-પ્રગટ થયેલ, **ગણધરરચિતં**-ગણધરોએ રચેલ, **દ્વાદશાંગં**-બાર અંગરૂપ, **વિશાલં**-વિશાળ, **ચિત્રં**-આશ્ચર્યકારી, **બહ્વર્થયુક્તં**-ઘણા અર્થયુક્ત, **મુનિગુણ**-સાધુ સમુદાયના, **વૃષભૈઃ**-નાયકોએ, (આચાર્યોએ), **ધારિતં**-ધારણ કરેલું, **બુદ્ધિમદ્ભિઃ**-બુદ્ધિમાન એવા, **મોક્ષ**-મોક્ષના, **અગ્રદ્વારભૂતં**-અગ્ર દ્વાર સમાન, **વ્રતચરણફલં**-વ્રત અને ચારિત્રનું ફળ છે જેમાં એવું, **જ્ઞેયભાવપ્રદીપં**-જાણવા યોગ્ય ભાવોને દીપક સમાન, **ભક્ત્યા**-ભક્તિ વડે, **નિત્યં**-નિરંતર, **પ્રપદ્યે**-અંગીકાર કરું છું, **શ્રુતં**-સિદ્ધાંતને, **અખિલં**-સમસ્ત, **લોકૈકસારં**-લોકને વિષે અદ્વિતીય.

**અર્થ** - અરિહંતના મુખમાંથી જન્મેલ, (પ્રગટ થયેલ) ગણધરોએ રચેલ, આશ્ચર્યકારી, ઘણા અર્થથી યુક્ત બુદ્ધિમાન એવા મુનિ સમુદાયના નાયકોએ (આચાર્યોએ) ધારણ કરેલ, મોક્ષના મુખ્ય દ્વાર સમાન, વ્રત અને ચારિત્રના ફળરૂપ, જાણવા યોગ્ય પદાર્થોને જણાવવામાં દીપક સમાન, સર્વ લોકને વિષે એક સારભૂત એવા વિશાળ દ્વાદશાંગી રૂપ સમસ્ત સિદ્ધાંતને હું સદા ભક્તિથી અંગીકાર કરું છું. (સ્વીકારું છું)

**નિષ્પંકવ્યોમનીલ-દ્યુતિમલસદૃશં, બાલચંદ્રાભદંષ્ટ્રં,**

વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા, આળસુ-મંદ છે દૃષ્ટિ જેની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજના ચંદ્રની કાંતિ જેવી ઉજ્જવળ દાઢાવાળા,

**मत्तं घण्टारवेण प्रसृतमदजलं, पूरयन्तं समन्तात् ।**

મદોન્મત્ત, ઘંટના શબ્દ વડે, પ્રસરતા મદજળવાળા, પૂર્ણ કરતા સર્વ બાજુએ,

**आरूढो दिव्यनागं विचरति गगने, कामदः कामरूपी,**

બેઠેલ દિવ્ય હાથી ઉપર વિચરે છે આકાશમાં મનોવાંછિત આપનાર, ઇચ્છા પ્રમાણે રૂપ કરનાર,

**यक्षः सर्वानुभूतिर्दिशतु मम सदा, सर्वकार्येषु सिद्धिम् ॥४॥**

યક્ષ સર્વાનુભૂતિ આપો મને હંમેશાં સર્વકાર્યમાં સિદ્ધિને.

**શબ્દાર્થ** - **નિષ્પઙ્કવ્યોમ**-વાદળ રહિત આકાશ જેવા, **નીલદ્યુતિ**-નીલવર્ણવાળા, **અલસદૃશં**-મદઘૂર્ણિત નેત્રવાળા, **બાલચંદ્ર**-બીજના ચંદ્રની, **આભદંષ્ટ્રં**-કાંતિ જેવી દાઢાવાળા, **મત્તં**-મદોન્મત્ત, **ઘંટારવેણ**-ઘંટાના અવાજ વડે, **પ્રસૃત**-પ્રસરતા, (ઝરતાં), **મદજલં**-મદરૂપ પાણીને, **પૂરયંતં**-પુરાવતા, (ફેલાવતા), **સમંતાત્**-સર્વ બાજુએ, **આરૂઢઃ**-બેઠેલ, **દિવ્યનાગં**-દિવ્ય હસ્તિ ઉપર, **વિચરતિ**-વિચરે છે, **ગગને**-આકાશમાં, **કામદઃ**-મનોવાંછિત આપનાર, **કામરૂપી**-સ્વેચ્છાચારી, **યક્ષઃ**-યક્ષ, **સર્વાનુભૂતિઃ**-સર્વાનુભૂતિ, **દિશતુ**-આપો, **મમ**-મને, **સદા**-હંમેશ, **સર્વકાર્યેષુ**-સર્વ કાર્યોમાં, **સિદ્ધિં**-સિદ્ધિને. (સફળતાને)

**અર્થ** - વાદળ રહિત આકાશ જેવા નીલવર્ણવાળા, (આસમાની રંગવાળા) (મદ વડે) ઘેરાતી દૃષ્ટિવાળા, બીજના ચંદ્રની કાંતિ જેવી (ધોળી) દાઢવાળા, ઘંટના અવાજથી મદોન્મત્ત, (ગંડસ્થળમાંથી) ઝરતા મદરૂપી જળને ચારે બાજુ ફેલાવનાર એવા દિવ્ય હાથી ઉપર બેસેલ (ચઢેલ), ઇચ્છિત વસ્તુને આપનાર, કામદેવ જેવા રૂપવાળા (જે આકાશમાં વિચરે છે (તે) સર્વાનુભૂતિ યક્ષ મને હંમેશાં સર્વકાર્યોમાં સિદ્ધિને આપો. (સફળતાને આપો.)

---

## (૫૧) શ્રી પાક્ષિકાદિ અતિચાર સૂત્ર*

**નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ**

**આયરણં આયારો, ઈઅ એસો પંચહા ભણિઓ ॥૧॥**

---

* શ્રાવકના સમ્યક્ત્વ સહિત બાર વ્રતના ૧૨૪ અતિચારો વંદિત્તા સૂત્રમાં જે સામાન્યથી વર્ણવ્યા છે, તે જ અતિચારોનું વિશેષ સ્વરૂપ અહીં આપવામાં આવેલ છે. પક્ખી, ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં આ અતિચારો બોલવાની વિધિ છે, માટે તેનું નામ પાક્ષિકાદિ અતિચાર રાખેલું છે. અતિચાર ગુજરાતી ભાષામાં હોવાથી તેનો અક્ષરશઃ અર્થ લખેલ નથી, પણ કઠણ શબ્દના અર્થ ફૂટનોટમાં લખેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૧॥

**તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર ॥**

**કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિણ્હવણે ।**

**વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણ-માચારો ॥૧॥**

જ્ઞાન કાળ વેળાએ ભણ્યો ગુણ્યો નહીં, અકાળે ભણ્યો વિનયહીન, બહુમાનહીન, યોગ-ઉપધાનહીન, અનેરા કન્હે ભણી અનેરો ગુરુ કહ્યો. દેવ ગુરુ વાંદણે, પડિક્કમણે સજ્ઝાય કરતાં, ભણતાં, ગુણતાં, કૂડો અક્ષર કાને માત્રાએ અધિકો ઓછો ભણ્યો. સૂત્ર કૂડું કહ્યું, અર્થ કૂડો કહ્યો, [1]તદુભય કૂડાં કહ્યાં, ભણીને વિસાર્યાં. સાધુતણે ધર્મે ✱કાજો અણઉદ્ધર્યે, ✱દાંડો અણપડિલેહે, [2]વસતિ ✱અણશોધે, ✱[3]અણપવેસે, ✱અસજ્ઝાય ●અણોજ્ઝાયમાંહે શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગુણ્યો. શ્રાવકતણે ધર્મે સ્થવિરાવલિ, પડિક્કમણાં, ઉપદેશમાળા પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગુણ્યો, કાળવેળા કાજો [4]અણઉદ્ધર્યે પઢ્યો. જ્ઞાનોપગરણ પાટી, પોથી, ઠવણી, [5]કવલી, નોકારવાળી, સાપડા, સાપડી, [6]દસ્તરી, [7]વહી, [8]ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થૂંક લાગ્યું, થૂંકે કરી અક્ષર માંજ્યો, [9]ઓશીસે ધર્યો, કન્હે છતાં આહાર [10]નિહાર કીધો.

---

✱ કાજો લીધા વિનાની જગાએ સ્વાધ્યાય કર્યો.

✱ દાંડાનું પડિલેહણ કર્યા વિના સ્વાધ્યાય કર્યો (સવારે તથા સાંજે દાંડાનું પડિલેહણ ઉપધિ પછી સૌથી છેલ્લે છે, એટલે સંપૂર્ણ ઉપધિનું પડિલેહણ કર્યા વિના સ્વાધ્યાય કર્યો.)

✱ જે વસતિમાં આગમાદિનો સ્વાધ્યાય કરવાનો હોય તે વસતિ અશુદ્ધ છે કે શુદ્ધ તે જોયા વિના સ્વાધ્યાય કર્યો.

✱ નિયત અસ્વાધ્યાયના દિવસો જેવા કે આસો અને ચૈત્ર માસમાં સુદી-૫ ના મધ્યાહ્નથી વદી-૨ના સૂર્યોદય સુધી અને ચોમાસી ત્રણ કા.સુ. ૧૪, ફા.સુ. ૧૪ અને અષાઢ સુ. ૧૪ના મધ્યાહ્નથી અનુક્રમે કા.વ. ૨, ફા.વ. ૨ અને આષાઢ વ.૨ના સૂર્યોદય સુધી તે અસજ્ઝાય.

✱ સ્વાધ્યાય કરવો. દા.ત. પંચેન્દ્રિયનું કલેવર, રુધિર, હાડકું, આર્દ્રા નક્ષત્ર પહેલાં વરસાદ-વીજળી વગેરેમાં સ્વાધ્યાય કર્યો.

૧. સૂત્ર અને અર્થ. ૨. ઉપાશ્રય. ૩. યોગોદ્વહનાદિ ક્રિયા વડે સિદ્ધાંત ભણવામાં પ્રવેશ પામ્યા વિના. (સાર યોગ જોગ) કર્યા વિના આગમ ન ભણાય માટે - જે યોગ કર્યા વિના ભણે તેને અણપવેસેનો અતિચાર (દોષ) લાગે છે.) ૪. કાઢ્યા વિના. ૫. પાનાના રક્ષણનું સાધન (તે લાંબી વાસની સળીઓ ઉપર લૂગડું સીવીને બનાવાય છે.) ૬. પાનાં રાખવાને માટે બે પૂંઠાને જોડીને કરેલું સાધન. (દફતર કે પોથી) ૭. ચોપડો. ૮. કાગળમાં લાઈન પાડવા માટેનું સાધન. ૯. ઓશીકે. ૧૦. ઝાડો.

● અણોજ્ઝાયમાંહે - ભણવાને યોગ્ય કાળ હોવા છતાં પણ આવી પડેલ અનિયત અસજ્ઝાય થાય છે - ત્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનદ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી. [11]પ્રજ્ઞાપરાધે [12]વિણાશ્યો, વિણસતો [13]ઉવેખ્યો, છતી શક્તિએ સારસંભાળ ન કીધી. જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ, ●મસ્તર ચિંતવ્યો, અવજ્ઞા આશાતના કીધી. કોઈ પ્રત્યે ભણતાં, ગણતાં અંતરાય કીધો. આપણા જાણપણા તણો ગર્વ ચિંતવ્યો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન એ પંચવિધ જ્ઞાનતણી અસદ્દહણા કીધી. કોઈ તોતડો, બોબડો [14]હસ્યો, ●વિતર્ક્યો, [15]અન્યથા પ્રરૂપણા કીધી ॥ જ્ઞાનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ માંહિ સૂક્ષ્મબાદર, જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૧॥

**દર્શનાચારે આઠ અતિચાર**

**નિસ્સંકિય નિક્કંખિય, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠિ અ ।**

**ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લપભાવણે અટ્ઠ ॥૧॥**

દેવગુરુધર્મ તણે વિષે નિઃશંકપણું ન કીધું તથા એકાંત નિશ્ચય ન કીધો. ધર્મ સંબંધીયા ફલ તણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં. સાધુ-સાધ્વીનાં મલમલિન ગાત્ર દેખી દુગંછા નિપજાવી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર અભાવ હુઓ. મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી *મૂઢદૃષ્ટિપણું કીધું તથા સંઘમાંહે ગુણવંતતણી [16]અનુપબૃંહણા કીધી. [17]અસ્થિરીકરણ, ●અવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ નીપજાવી. અબહુમાન કીધું. તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય, ભક્ષિત ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાશ્યાં, વિણસતાં ઉવેખ્યાં, છતી શક્તિએ સારસંભાળ ન કીધી. તથા સાધર્મિક સાથે કલહ કર્મબંધ કીધો. *અધોતી, અષ્ટપડ મુખકોશ ●પાખે દેવપૂજા કીધી. [18]બિંબપ્રત્યે ●વાસકૂંપી, ધૂપધાણું, કળશ તણો ઠબકો લાગ્યો. બિંબ હાથ થકી પાડ્યું. ઊસાસનિઃસાસ લાગ્યો. દેહરે, ઉપાશ્રયે, મલશ્લેષ્માદિક લોહ્યું. દેહરામાંહે હાસ્ય, ●ખેલ, [19]કેલિ, કુતૂહલ, આહાર નિહાર કીધાં, પાન સોપારી, [20]નિવેદીઆ ખાધાં. [21]ઠવણાયરિય હાથ થકી પાડ્યાં, પડિલેહવા વિસાર્યાં. જિનભવને ચોરાશી આશાતના, ગુરુ ગુરુણી પ્રત્યે તેત્રીશ આશાતના

---

૧૧. ઓછી સમજને લીધે. ૧૨. નાશ કર્યો. ૧૩. ઉપેક્ષા કરી. ૧૪. મશ્કરીમાં હસ્યા. ૧૫. સૂત્ર વિરુદ્ધ. ૧૬. ગુણની પ્રશંસા ન કરવી. ૧૭. સમ્યક્ત્વથી પડતાને સ્થિર નહિ કરવો તે. ૧૮. જિનપ્રતિમાને. ૧૯. રમત, ૨૦. નૈવેદ્ય. ૨૧. સ્થાપનાચાર્ય.

* અધોતી-ધોતી સિવાયના સીવેલા કપડાથી પૂજા કીધી અને ધોતી પહેર્યા પછી પણ ખેસથી આઠ પડનો મુખકોશ બાંધ્યા વિના પૂજા કરી.

● મસ્તર – અદેખાઈ (ઈર્ષ્યા), ● વિતર્ક કર્યો - ખોટા તર્ક કીધા, *મૂઢ દૃષ્ટિપણું - અંજાઈ જવું, ભોળવાઈ જવું, ● અવાત્સલ્ય - પૂજ્યો તથા સાધર્મિકો તરફ હૃદયનો પ્રેમ (ઉમળકો) ન રાખવો. ● પાખે - વિના, ● વાસકૂંપી - અત્તર આદિની શીશી ● ખેલ-ભવાઈ, તમાશો આદિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીધી હોય, ગુરુવચન "તહત્તિ" કરી [22]પડિવજ્યું નહીં ॥ દર્શનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ માંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૨॥

## ચારિત્રાચારે આઠ અતિચાર

**પણિહાણજોગજુત્તો, પંચહિં સમઈહિં તીહિં ગુત્તીહિં ॥**
**એસ ચરિત્તાચારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો ॥૧॥**

*ઈર્યાસમિતિ તે અણજોયે હિંડ્યા. ભાષાસમિતિ તે સાવદ્ય વચન બોલ્યા. એષણાસમિતિ તે [23]તૃણ [24]ડગલ, અન્ન પાણી *અસૂઝતું લીધું. આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ તે આસન, શયન, ઉપકરણ, માતરું પ્રમુખ અણપુંજી જીવાકુલ ભૂમિકાએ મૂક્યું લીધું. પારિષ્ઠાપનિકા સમિતિ તે મલ, મૂત્ર [25]શ્લેષ્માદિક અણપૂંજી [26]જીવાકુલ ભૂમિકાએ પરઠવ્યું. મનોગુપ્તિ-તે મનમાં આર્ત્તરૌદ્ર ધ્યાન ધ્યાયાં. વચનગુપ્તિ તે [27]સાવદ્ય વચન બોલ્યાં. કાયગુપ્તિ તે શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજે બેઠા. એ અષ્ટ પ્રવચનમાતા સાધુતણે ધર્મે સદૈવ અને શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે રૂડી પેરે પાળ્યાં નહીં, ખંડણા વિરાધના હુઈ ॥ ચારિત્રાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હું મને વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૩॥

+વિશેષતઃ શ્રાવકતણે ધર્મે + શ્રીસમ્યક્ત્વ મૂલ બાર વ્રત સમ્યક્ત્વતણા પાંચ અતિચાર॥ સંકાકંખવિગિચ્છા૦ ॥ * શંકા-શ્રી અરિહંતતણાં બળ, *અતિશય

---

૨૨. અંગીકાર કર્યું.

* અહીં ઈર્યાસમિતિ એટલે ઈર્યાસમિતિ સંબંધી અતિચાર એમ સમજવાનું છે, કેમ કે ગાથામાં નામ આપ્યાં છે. તે પ્રમાણે અહીં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનાં નામ અનુક્રમે આપીને તેના અતિચારની સમજ આપી છે. અહીં અતિચારનો વિષય ચાલે છે. માટે ભાષાસમિતિ આદિ દરેક ઠેકાણે એ મતલબ સમજવો.

૨૩. ઘાસ. ૨૪. અચિત્ત માટીનાં ઢેફાં.

* અસૂઝતું-ન લેવાય તેવું.

૨૫. બડખો લીંટ ૨૬. ઘણા જીવજંતુવાળી. ૨૭. પાપવાળાં.

+પાંચ આચારો પૈકી જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર એ ત્રણ આચારની વાત સાધુ અને શ્રાવક બન્નેને એક સરખી રીતે સામાન્યે લાગુ પડતી હોવાથી ઉક્ત ત્રણ આચારના અતિચારોનું વર્ણન પ્રથમ સામાન્ય આપ્યું. હવે અહીંથી શ્રાવક યોગ્ય અતિચારનું વર્ણન કરે છે તેથી વિશેષતઃ કહ્યું.

* જીવાદિ નવ તત્ત્વના યથાર્થ રહસ્યનું શ્રદ્ધાન-પ્રતીતિ તે સમ્યક્ત્વ.

* શંકા = અશ્રધ્ધા * અતિશય = સર્વથી ચઢિયાતાપણું

+આ નિશાની અતિચારની સંખ્યા ગણવાની છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિક ગુણ, શાશ્વતી પ્રતિમા, ચારિત્રીયાનાં ચારિત્ર, શ્રી જિનવચનતણો સંદેહ કીધો +* આકાંક્ષા-બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ક્ષેત્રપાલ, [28]ગોગો, આસપાલ, [29]પાદરદેવતા, *ગોત્રદેવતા, ગ્રહપૂજા, [30]વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલી, *નાહ, ઈત્યેવમાદિક દેશ,નગર, ગામ, ગોત્ર, નગરી, [31]જૂજૂઆ દેવ દેહરાના પ્રભાવ દેખી રોગ *આતંક કષ્ટ આવ્યે ઈહલોક પરલોકાર્થે પૂજ્યા માન્યા. સિદ્ધ, વિનાયક, [32]જીરાઉલાને *માન્યું-ઈચ્છ્યું. બૌદ્ધ, સાંખ્યાદિક, સંન્યાસી, [33]ભરડા, ભગત, [34]લિંગિયા, *જોગિયા, જોગી, [35]દરવેશ, અનેરા દર્શનીયાતણો કષ્ટ, મંત્ર ચમત્કાર દેખી પરમાર્થ જાણ્યા વિના [36]ભુલાવ્યા *મોહ્યા. કુશાસ્ત્ર શીખ્યાં, સાંભળ્યાં. [37]શ્રાદ્ધ, સંવચ્છરી, હોળી, બળેવ *માહિપૂનમ, *અજાપડવો, *પ્રેતબીજ, *ગૌરીત્રીજ, *વિનાયકચોથ, *નાગપંચમી, *ઝીલણાં-છઠ્ઠી, *શીલસાતમી, *ધ્રુવઆઠમી, *નૌલીનવમી, *અહવાદશમી, વ્રતઅગ્યારશી, વત્સબારશી, ધનતેરશી, *અનંતચઉદશી, અમાવાસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણ નૈવેદ્ય કીધાં. નવોદક, *યાગ ભોગ, *ઉતારણાં કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં. પીંપળે પાણી ઘાલ્યાં, ઘલાવ્યાં, ઘર બાહિર ક્ષેત્રે, ખલે, કૂવે, તળાવે, નદીએ, દ્રહે, વાવીએ, સમુદ્રે, કુંડે પુણ્યહેતુ સ્નાન કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં, દાન દીધાં. ગ્રહણ, શનિશ્ચર, *માહમાસે નવરાત્રિ ન્હાયાં. [1]અજાણના થાપ્યાં, અનેરાઈ વ્રત વ્રતોલાં કીધાં, કરાવ્યાં +* વિતિગિચ્છા-ધર્મસંબંધિયા ફલ તણે વિષે સંદેહ કીધો. જિન અરિહંત ધર્મના આગાર, વિશ્વોપકારસાગર, મોક્ષમાર્ગના દાતાર, *ઈસ્યા ગુણ *ભણી ન માન્યા, ન પૂજ્યા.[2] મહાસતી, [3]મહાત્માની, ઈહલોક પરલોક સંબંધીઆ ભોગ[4]વાંછિત પૂજા કીધી. રોગ, આતંક, કષ્ટ આવ્યે ખીણ[5] વચન *ભોગ માન્યા.

---

* આકાંક્ષા = અન્ય ધર્મો તરફ વલણ ૨૮. નાગદેવ-સર્પ. ૨૯. ગામના પાદરની દેવી. * ગોત્રદેવતા = કુલદેવી. ૩૦. ગણેશ. * નાહ = નાથદેવતા, ૩૧. જુદાં જુદાં * આતંક = ત્રાસ ૩૨. કુમતિ-સ્વાર્થમતિથિ દેવ વિશેષને માન્યા. * માન્યુ = માનતા કીધી ૩૩. **બ્રાહ્મણો.** ૩૪. વેષધારી. * જોગીયા = જોગટા ૩૫. ફકીર. ૩૬. ભોળવાણા. * મોહ્યા = આસક્ત થવું, ૩૭. મરી ગયેલા પાછળ તેની મરણ તિથિ સંબંધી ભોજન અગર જ્ઞાતિ ભોજન કરાવે છે તે. * માહિપૂનમ = મહાસુદ-૧૫ * અન્ન પડવો = આસો સુદ-૧, * પ્રેતબીજ = મર્યા પછીની મૃતક કાર્ય કરવાની બીજ, * ગૌરી ત્રીજ = ચૈત્રસુદ-૩, * વિનાયક ચોથ = ગણેશચોથ (ભા.સુ-૪) * નાગપંચમી = શ્રાવણ વદ-પાંચમે નાગની પૂજા કરે- * ઝીલણા છઠ્ઠી = શ્રા.વદ-૬ * શીલસાતમી = શ્રા.વ.૭, * ધ્રુવ આઠમી = ભા.સુ.૮ (લીંબું ઘાસ ન કાપે અને પૂજે છે.) * નૌલીનવમી = ભા.વદ-૯ (મરેલી તમામ ડોશીઓનું શ્રાધ્ધ કરે છે.) * અહવાદશમી = આસો સુદ-૧૦, * અનંત ચઉદશી = ભા.સુદ-૧૪, * યાગભોગ = યજ્ઞને ભોગ ધરવો, * ઉતારણાં કીધાં = ઝોડ-ઝપટ કાઢવા, ઉતાર ઉતારવા, * માહમાસ = અધિક મહિનો, ૧. અજાણ માણસોએ સ્થાપેલાં એવા. * વિતિગિચ્છા = જૈનધર્મના ફળમાં સંદેહ રાખવો. * ઈસ્યા = એ, *ભણી = માટે ૨. સાધ્વી. ૩. સાધુ મુનિરાજ. ૪. ભોગપ્રાપ્ત્યર્થે. ૫. દીન. + આ નિશાની અતિચારની સંખ્યા બતાવવાની છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાત્માનાં ભાત, પાણી, મલ, શોભા તણી નિંદા કીધી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર કુભાવ હુઓ. +* મિથ્યાત્વીતણી પૂજા *પ્રભાવના દેખી પ્રશંસા કીધી, પ્રીતિ માંડી +* દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો, કીધો ॥ શ્રી સમ્યક્ત્વ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને-વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

પહેલે સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રતે પાંચ અતિચાર ॥ વહબંધ છવિચ્છેએ૦ ॥ દ્વિપદ ચતુષ્પદ પ્રત્યે રીસવશે +[૬]ગાઢો ઘાવ ઘાલ્યો, +ગાઢે બંધને બાંધ્યો. +અધિક ભાર ઘાલ્યો[૭] +નિર્લાંછન કર્મ કીધાં. +ચારાપાણી તણી વેળાએ સારસંભાળ ન કીધી. લેહણે દેહણે કિણહિ પ્રત્યે લંઘાવ્યો, તેણે ભૂખે આપણે જમ્યા. કન્હે રહી મરાવ્યો. બંદીખાને ઘલાવ્યો. સળ્યાં ધાન્ય[૮] તાવડે નાખ્યાં, દળાવ્યાં, ભરડાવ્યાં, શોધી ન વાવર્યાં ઇંધણ, છાણાં અણશોધ્યાં બાળ્યાં. તે માંહિ સાપ, વિંછી, ખજૂરા, સરવલા, માંકડ, જૂઆ, ગીંગોડા [૯]સાહતાં મુઆ, દુહવ્યા, રૂડે સ્થાનકે ન મૂક્યા. કીડી મંકોડીનાં ઇંડાં વિછોહ્યાં, [૧૦]લીખ ફોડી. ઉદેહી, કીડી, મંકોડી, ધીમેલ, કાતરા, ચૂડેલ, પતંગિયાં, દેડકાં, અલસિયાં, ઇયલ, કુંતા, ડાંસ, મસા, બગતરા, માખી, તીડ પ્રમુખ જીવ *વિણઠ્ઠા. માળા હલાવતાં ચલાવતાં પંખી, ચકલા, કાગતણાં ઇંડાં ફોડ્યાં. અનેરા એકેંદ્રિયાદિક જીવ વિણાસ્યા, ચાંપ્યા, દુહવ્યા. કાંઈ હલાવતાં, ચલાવતાં, પાણી છાંટતાં અનેરા કાંઈ કામકાજ કરતાં, [૧૧]નિર્ધ્વંસપણું કીધું. જીવરક્ષા રૂડી ન કીધી. સંખારો *સૂકવ્યો. રૂડું ગલણું ન કીધું. અણગળ પાણી વાવર્યું. રૂડી જયણા ન કીધી. અણગળ પાણીએ[૧૨] ઝીલ્યા, લુગડાં ધોયાં. ખાટલા તાવડે નાખ્યા, ઝાટક્યા. જીવાકુલ ભૂમિ લીંપી. વાશી *ગાર રાખી. દલણે, ખાંડણે, લીંપણે રૂડી જયણા ન કીધી. આઠમ ચઉદશના નિયમ ભાંગ્યા. ધૂણી કરાવી ॥ પહેલ સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને વચને, કાયાએ

---

* ભોગ માન્યા = ભોગ મળ્યા તેમ બોલવું, ભોગ ધરવાની માનતા રાખવી * પ્રભાવના = જાહોજલાલી, * દાક્ષિણ્ય = શરમથી * વિણઠ્ઠા = નાશ કર્યો.

૬. ગાઢો-આકરો, ઘાવ-પ્રહાર, ઘાલ્યો-કર્યો-(સખ્ત માર માર્યો.) ૭. નાક, કાન વીંધવા, ઘોડા, બળદ ખસી કરવા. ૮. તડકે. ૯. ઝાલતાં-પકડતાં. ૧૦. લીખના બે ટુકડા કર્યા. ૧૧. નિર્દયતા. ૧૨. ઝીલ્યા = ન્હાયા.

* ગાર = લીંપણ માટેનો તૈયાર કરેલું છાણ

* કૂવા, તળાવ, નળ વગેરેના પાણીનો ઉપયોગ કરતાં પહેલાં તેને ગળણા વડે ગાળવું જોઈએ અને ગાળ્યા પછી ગળણામાં રહે તેને સંખારો કહેવાય. પાણી ગાળ્યા બાદ તે ગળણું (સંખારો) કૂવા, તળાવ, નળ વિ.ના (તે તે સંખારો તે તે) પાણીમાં મૂકવો જોઈએ. તેમ ન કરતાં તે ગળણાને સંખારો કાઢ્યા વિના સૂકવી દેવામાં આવે તો અતિચાર લાગે. કૂવાનો કૂવામાં, તળાવનો સંખારો તળાવમાં જ નાખવો જોઈએ નહિતર દોષ લાગે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી મિચ્છા મિ દુક્કડં ॥૧॥

બીજે સ્થૂલમૃષાવાદવિરમણવ્રતે પાંચ અતિચાર ॥ સહસારહસ્સદારે. +*સહસાત્કારે કુણહી પ્રત્યે અજુગતું આળ અભ્યાખ્યાન દીધું. +સ્વદારા-મંત્રભેદ કીધો. +અનેરા કુણહીનો મંત્ર, આલોચ મર્મ પ્રકાશ્યો. +કુણહીને[13] *અનર્થ પાડવા કૂડી બુદ્ધિ દીધી. +કૂડો લેખ લખ્યો.* કૂડી સાખ ભરી. [14]થાપણમોસો કીધો. કન્યા, ગૌ, ઢોર, ભૂમિસંબંધી લેહણેદેહણે વ્યવસાયે વાદ વઢવાડ કરતાં મોટકું જૂઠું બોલ્યા, [15]હાથ પગ તણી ગાળ દીધી. કડકડા મોડ્યા. મર્મવચન બોલ્યાં ॥ બીજે સ્થૂલ મૃષાવાદવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૨॥

ત્રીજે સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રતે પાંચ અતિચાર ॥ તેનાહડપ્પઓગે૦ +ઘર બાહિર ક્ષેત્રે ખલે પરાઈ વસ્તુ અણમોકલી લીધી, વાવરી, ચોરાઈ વસ્તુ[16] * વહોરી. +ચોરધાડ પ્રત્યે *સંકેત કીધો. તેહને[17] સંબલ દીધું. તેહની વસ્તુ લીધી. +*વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો. +નવા, પુરાણા, સરસ, વિરસ, સજીવ, નિર્જીવ વસ્તુના ભેલસંભેલ કીધા. +કૂડે કાટલે, તોલે, માને, માપે વહોર્યા. *દાણચોરી કીધી. કુણહીને લેખે[18] વરાંસ્યો. * સાટે લાંચ લીધી. કૂડો* કરહો કાઢ્યો. વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી. *પાસંગ કૂડાં કીધાં. દાંડી ચઢાવી. *લહકે ત્રહકે કૂડાં કાટલાં, માન માપાં કીધાં. માતા, પિતા, પુત્ર મિત્ર,[19] કલત્ર, [20]વંચી કુણહિને દીધું. જુદી ગાંઠ કીધી. થાપણ ઓળવી. કુણહિને લેખે પલેખે ભૂલવ્યું. પડી વસ્તુ ઓળવી લીધી ॥ ત્રીજે સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ માંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૩॥

ચોથે સ્વદારાસંતોષ પરસ્ત્રીગમનાવિરમણવ્રતે પાંચ અતિચાર ॥ અપરિગ્ગહિયાઈત્તર ॥ + [21]અપરિગૃહિતાગમન, +[22]ઈત્વરપરિગૃહિતાગમન

---

* સહસાત્કારે = ઉતાવળથી * સ્વદારા મંત્રભેદ = સ્વ પત્નીની ગુપ્ત વાતને ઉઘાડી પાડવી,

૧૩. કષ્ટમાં-નુકસાનીમાં. ૧૪. પોતાને ત્યાં મૂકેલ થાપણનો ઇન્કાર કરવો. ૧૫. હાથ ભાંગે પગ ભાંગે એમ કહ્યું. ૧૬. ખરીદ કરી. ૧૭. ભાતું. ૧૮. છેતર્યો.

* કડકડા મોડ્યા = તિરસ્કારપૂર્વક ટચાકડા (પટાકા) પાડ્યા, * સંકેત = ઇશારો, * વિરુદ્ધ રાજ્યાતિક્રમ = રાજ્યના કાયદાથી વિરુદ્ધ વર્તવું, * દાણચોરી = જકાત (ટેક્ષ) ન ભરી, * સાટે = બદલામાં, * કરહો = કર (ટેક્ષ), * પાસંગ = ત્રાંજવાની બંને દોરીઓ * લહકે ત્રહકે = સહેજ સાજ (લહેકાથી = એકસનથી)

૧૯. સ્ત્રી. ૨૦. ઠગી. ૨૧. વેશ્યાગમન. ૨૨. થોડા કાળ માટે રાખેલ સ્ત્રી સાથે ગમન.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીધું. વિધવા, વેશ્યા, પરસ્ત્રી, કુલાંગના, સ્વદારાશોકતણે વિષે *દૃષ્ટિવિપર્યાસ કીધો. સરાગ વચન બોલ્યાં. આઠમ ચઉદશ, અનેરી પર્વતિથિના નિયમ લઈ ભાંગ્યા. [23]ઘરઘરણાં કીધાં, કરાવ્યાં. વરવહૂ વખાણ્યાં. કુવિકલ્પ ચિંતવ્યો. +[24]અનંગક્રીડા કીધી. સ્ત્રીનાં અંગોપાંગ નીરખ્યા. +પરાયા વિવાહ જોડ્યા. ઢીંગલા ઢીંગલી પરણાવ્યા. +કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો. [25]અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અનાચાર *સુહણે સ્વપ્નાન્તરે હુઆ કુસ્વપ્ન લાધ્યાં. નટ, *વિટ, સ્ત્રીશું હાંસું કીધું ॥ ચોથે સ્વદારાસંતોષ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મબાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૪॥

પાંચમે પરિગ્રહપરિમાણવ્રતે પાંચ અતિચાર ॥ ધણધન્ન ખિત્તવત્થૂ૦ ॥ +ધન, ધાન્ય, +ક્ષેત્ર, [1]વાસ્તુ, +રૂપ્ય, સુવર્ણ, +[2]કુપ્ય, +[3]દ્વિપદ, [4]ચતુષ્પદ, એ નવવિધ પરિગ્રહતણા નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મૂર્ચ્છા લગે * સંક્ષેપ ન કીધો. માતા, પિતા, પુત્ર, સ્ત્રીતણે * લેખે કીધો. પરિગ્રહ પરિમાણ લીધું નહીં. લઈને [5]પઢયું નહીં, * પઢવું વિસાર્યું. *અલીધું મેલ્યું. નિયમ વિસાર્યા ॥ પાંચમે પરિગ્રહ પરિમાણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૫॥

છટ્ઠે દિગ્પરિમાણવ્રતે પાંચ અતિચાર ॥ ગમણસ્સ ઉ પરિમાણે૦ ॥ +ઊર્ધ્વ દિશિ, +અધો દિશિ, +તિર્યગ્ દિશિએ જાવા આવવા તણા નિયમ લઈ ભાંગ્યા. +[6]અનાભોગે વિસ્મૃત લગે અધિક ભૂમિ ગયા. [7]પાઠવણી આઘી પાછી મોકલી.

---

૨૩. નાતરું-પુનર્લગ્ન. ૨૪. વ્યવહારવિરુદ્ધ અંગો વડે કામક્રીડા કરવી. ૨૫ અતિક્રમ (વ્રત ભંગનો વિચાર), વ્યતિક્રમ (વ્રત ભંગની તૈયારી), અતિચાર (લગભગ ભંગ તરફ પ્રવૃત્તિ), અને અનાચાર (વ્રત ભંગ), આ ચારે દોષ એક એકથી ચઢિયાતા છે, તેનું દૃષ્ટાંત આ પ્રમાણે → જેમ કોઈને રાત્રિ ભોજનનું પચ્ચક્ખાણ છે, તે માણસને રાત્રિએ ખાવાની ઇચ્છા થાય તે અતિક્રમ, ખાવાનું લેવા જવાનો પ્રયત્ન તે વ્યતિક્રમ, ખાવાનું હાથમાં લીધું ત્યાં અતિચાર અને ખાધું એટલે અનાચાર. * દ્રષ્ટિવિપર્યાસ = વિકારવાળી દૃષ્ટિ, * સુહણે = સુવામાં, * વીટ = વાંઢા * સંક્ષેપ ન કીધો = ઓછો ન કર્યો, * લેખે કીધું = નામે ચડાવ્યું * પઢવું વિસાર્યું = યાદ કરવાનું ભૂલી ગયા * અલીધું મેલ્યું = પરિગ્રહનું પરિમાણ ન લીધું હોય, તે પદાર્થ પરિગ્રહમાં મેળવવો. ૧. ઘર વગેરે ઈમારત, ઘરવખરી. ૨. ત્રાંબુ પિત્તળ વગેરે ધાતુ. ૩. દાસ, દાસી વગેરે બે પગવાળા. ૪. ચાર પગવાળાં પશુ. ૫. સંભાર્યું. ૬. અજાણતાં. ૭. મોકલવાની ચીજ (પ્રસ્થાન કરવાની ચીજ)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહાણવ્યવસાય કીધો. વર્ષાકાલે [૮]ગામતરું કીધું. +ભૂમિકા એક ગમા સંક્ષેપી, બીજી ગમા વધારી ॥ છટ્ઠે દિગ્પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૬॥

સાતમે ભોગોપભોગ પરિમાણવ્રતે ભોજન આશ્રયી પાંચ અતિચાર અને કર્મહુંતી પંદર અતિચાર, એવં વીશ અતિચાર ॥ સચ્ચિત્તે પડિબદ્ધે૦ ॥ +સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધું +અપક્વાહાર, +દુપક્વાહાર, +તુચ્છૌષધિતણું ભક્ષણ કીધું. +ઓલા, ઉંબી, પોંક, પાપડી ખાધાં ॥

**સચ્ચિત્ત દવ્વવિગઈ-વાણહ તંબોલવત્થકુસુમેસુ ।**
**વાહણસયણવિલેવણ-બંભદિસિન્હાણભત્તેસુ ॥૧॥**

એ ચૌદ નિયમ દિનગત, રાત્રિગત લીધા નહીં ।

લઈને ભાંગ્યા. બાવીશ અભક્ષ્ય, બત્રીશ

અનંતકાયમાંહિ, આદુ, મૂલા, ગાજર, *પિંડ, *પિંડાલુ, કચુરો, સૂરણ [૯]કુણી આંબલી, ગલો, *વાઘરડાં ખાધાં. વાશી કઠોલ, પોલી રોટલી, ત્રણ દિવસનું [૧૦]ઓદન લીધું. મધુ, મહુડાં, માખણ, માટી, વેંગણ, પીલુ, *પીચુ, *પંપોટા, વિષ, હિમ, *કરહા, *ઘોલવડાં, અજાણ્યાં ફલ, ટિંબરું, ગુંદાં, મહોર, બોળ અથાણું, [૧૧]આમ્બલબોર, કાચું મીઠું, તિલ, ખસખસ, કોઠિંબડાં ખાધાં. રાત્રિ ભોજન કીધાં. લગભગ વેળાએ વાળું કીધું. દિવસ વિણઊગે *શીરાવ્યા.

તથા કર્મતઃ પન્નર કર્માદાન + [૧૨]ઇંગાલકમ્મે, +વણકમ્મે, +સાડીકમ્મે, +ભાડીકમ્મે, +ફોડીકમ્મે, એ પાંચ કર્મ ॥ +દંતવાણિજ્જે, +લક્ખવાણિજ્જે, +રસવાણિજ્જે, +કેસવાણિજ્જે, +વિસવાણિજ્જે, એ પાંચ વાણિજ્ય,

---

૮. બીજે ગામ જવું તે.

* પિંડ = ભાતનો ગોળો, * પિંડાલું = ડુંગળી,

૯. કુણી-કુકળી-કાચી.

* વાઘરડાં = તદ્દન કૂણાં ચીભડાં,

૧૦. દહીં નાખેલ ભાત.

* પીચું = પીચનાં ફલ * પંપોટા = પેપીઓ, * કરહા = કરા, * ઘોલવડાં = દહીંવડા

૧૧. ખાટાં.

* સવારનો નાસ્તો કીધો. (સવારમાં વહેલું ખાધું)

૧૨. આ પંદર કર્માદાનનો અર્થ વંદિત્તામાંની ઇંગાલિ. ઇત્યાદિ બે ગાથાના અર્થથી સમજી લેવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

+જંતપિલ્લણકમ્મે, +નિલ્લંછણકમ્મે, +દવગ્ગિદાવણયા, +સરદહતલાયસોસણયા, +અસઈ પોસણયા, એ પાંચ *સામાન્ય, એ પાંચ કર્મ્મ, પાંચ *વાણિજ્ય, પાંચ સામાન્ય એવં પન્નર કર્માદાન બહુ સાવદ્ય મહારંભ,[13]રાંગણ [14]લીહાલા કરાવ્યા, ઈંટ *નિભાડા પચાવ્યા. ધાણી, ચણા, પક્વાન કરી વેચ્યાં, વાશી માખણ તવાવ્યાં. તિલ વહોર્યા, ફાગણ માસ ઉપરાંત રાખ્યા. *દલીદો કીધો. *અંગીઠા કરાવ્યા. શ્વાન, બિલાડા, સૂડા *સાલહિ પોષ્યાં. અનેરાં જે કાંઈ બહુ સાવદ્ય *ખરકર્માદિક * સમાચર્યા. *વાશી ગાર રાખી. લીંપણે ગૂંપણે મહારંભ કીધો. અણશોધ્યા ચૂલાં[15] સંધૂક્યા. ઘી, તેલ, ગોળ, છાશતણાં *ભાજન ઉઘાડાં મૂક્યાં. તે માંહિ માખી, કુંતિ, ઉંદર, ગીરોલી પડી,કીડી ચડી, તેની જયણા ન કીધી ॥ સાતમે ભોગોપભોગ પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૭॥

આઠમે અનર્થદંડ વિરમણવ્રતે પાંચ અતિચાર ॥ કંદપ્પે કુક્કુઈએ૦ ॥ *કંદર્પ્પ લગે *વિટચેષ્ટા હાસ્ય, ખેલ, કુતૂહલ કીધાં. +પુરુષ સ્ત્રીના *હાવભાવ, રૂપ, શૃંગાર, વિષયરસ વખાણ્યા. રાજકથા,[16] ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા કીધી. પરાઈ[17] તાંત કીધી તથા પૈશુન્યપણું કીધું. આર્ત્ત રોદ્રધ્યાન ધ્યાયાં.*+ ખાંડા, કટાર, કોશ, કુહાડા, રથ[18], ઉખલ,[19] મુશલ, અગ્નિ, ઘરંટી,[20] નિસાહ, દાતરડાં, પ્રમુખ અધિકરણ[21] મેલી *દાક્ષિણ્ય લગે માગ્યા આપ્યા. પાપોપદેશ કીધો. અષ્ટમી ચતુર્દશીએ ખાંડવા દળવાતણા નિયમ ભાંગ્યા+[22] મુખરપણા લગે અસંબદ્ધ વાક્ય બોલ્યાં. *પ્રમાદાચરણ સેવ્યાં.+[23] અંઘોલે, નાહણે, દાતણે, પગધોઅણે,[24] ખેલ પાણી તેલ છાંટ્યાં. *ઝીલણે ઝીલ્યા. જુગટે રમ્યા. હિંચોલે હિંચ્યા. [25]નાટક *પ્રેક્ષણક જોયાં. કણ, [26]કુવસ્તુ ઢોર લેવરાવ્યાં. [27]કર્કશ વચન બોલ્યાં, *આક્રોશ

---

*પાંચ સામાન્ય = પાંચ ભારે (ક્રૂર કર્મ), *પાંચ વાણિજ્ય = પાંચ વેપાર, ૧૩. રંગાવવાનું કામ. ૧૪. કોયલા. *નિંભાડા = વાસણ પકવવા માટે કુંભારે કરેલ ભઠ્ઠી, *દલીદો કીધો = કુટો કર્યો, *અંગીઠા = સગડીઓ, *સાલહિ = એક જાતનું પક્ષી *ખરકર્મ = જે હિંસા કાર્યથી આત્માના પરિણામો બહુ કઠોર. થાય તે *સમાચર્યા = કર્યા, *વાશી = આખીરાત પડતર ૧૫. સળગાવ્યા. *ભાજન = વાસણ *કંદર્પ લગે = કામ વાસનાને લીધે, *વિટચેષ્ટા = વાંઢા માણસ (છાગટો) ના ચાળા. *હાવભાવ = શ્રૃંગારિક ચેષ્ટા ૧૬. ભોજનઆશ્રી કથા. ૧૭. વાત. *ખાંડા = તલવાર, ૧૮. ખાંડણિયો. ૧૯. સાંબેલું. ૨૦. દાળ વાટવાની છીપર. (શિલાતલ) ૨૧. એકઠાં કરી. *દાક્ષિણ્ય લગે = શરમથી, ૨૨. વાચાલપણાને લીધે. * પ્રમાદાચરણ સેવ્યાં = આળસ અથવા અયોગ્ય કામકાજ, ૨૩. પીઠી ચોળવી. ૨૪. શ્લેષ્મ. *ઝીલણે = જળાશયમાં (મોટા તળાવમાં) ૨૫. ગમ્મત. *પ્રેક્ષણક = તમાસો, ૨૬. હલકી વસ્તુ. ૨૭. આકરાં. *આક્રોશ = ગુસ્સો,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીધા. અબોલા લીધા. *કરકડા મોડ્યા. *મત્સર ધર્યો. [28]સંભેડા લગાડ્યા. શ્રાપ દીધા, ભેંસા, સાંઢ, [29]હુડુ, કૂકડા, શ્વાનાદિક *ઝુઝાર્યા, ઝૂઝતાં જોયાં. [30] ખાદિ લગે અદેખાઈ ચિંતવી. માટી, મીઠું, કણ, કપાસિયા, કાજ વિણ ચાંપ્યા, તે ઉપર બેઠા, [31]આલી વનસ્પતિ ખૂંદી, સૂઈ, શસ્ત્રાદિક નિપજાવ્યાં. ઘણી નિદ્રા કીધી. રાગ દ્વેષ લગે એકને ઋદ્ધિ પરિવાર વાંછી, એકને મૃત્યુ હાનિ વાંછી ॥ આઠમે અનર્થદંડવિરમણવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૮॥

નવમે સામાયિક વ્રતે પાંચ અતિચાર ॥ તિવિહે દુપ્પણિહાણે૦ ॥ +સામાયિક લીધે મને [32]આહટ્ટ, *દોહટ્ટ ચિંતવ્યું. +સાવદ્ય વચન બોલ્યાં. +શરીર અણપડિલેહ્યું હલાવ્યું. +છતી વેળાએ સામાયિક ન લીધું. સામાયિક લઈ ઉઘાડે મુખે બોલ્યા, ઊંઘ આવી, વાત, *વિકથા, ઘરતણી ચિંતા કીધી.

વીજ, દીવા તણી [1]ઉજેહિ હુઈ. કણ, કપાસિયા, માટી, મીઠું, ખડી, ધાવડી, અરણેટો પાષાણ. પ્રમુખ ચાંપ્યા. પાણી, નીલ, ફૂલ, સેવાલ, *હરિયકાય, બીયકાય ઈત્યાદિક [2]આભડ્યા, સ્ત્રી, તિર્યંચતણા [3]નિરંતર પરંપર *સંઘટ્ટ હુઆ. મુહપત્તિ *ઉત્સંઘટ્ટી +સામાયિક *અણપૂગ્યું પાર્યું, પારવું વિસાર્યું ॥ નવમે સામાયિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુરતો હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૯॥

દશમે દેશાવગાશિક વ્રતે પાંચ અતિચાર ॥ આણવણે પેસવણે૦ આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદ્દાણુવાઈ, રૂવાણુવાઈ, બહિયાપુગ્ગલપક્ખેવે ॥ +નિયમિત ભૂમિકામાંહિ બાહિરથી કાંઈ અણાવ્યું. +આપણ કન્હે થકી બાહેર કાંઈ મોકલ્યું અથવા +રૂપ દેખાડી, +કાંકરો નાખી, +સાદ કરી આપણપણું છતું જણાવ્યું ॥ દશમે દેશાવગાશિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડ ॥૧૦॥

અગ્યારમે પૌષધોપવાસ વ્રતે પાંચ અતિચાર ॥ સંથારુચ્ચારવિહિ૦ ॥

---

*કરકડા મોડયા = ક્રોધથી દાંત પીસ્યા, *મત્સર = અદેખાઈ ૨૮. એક બીજાને સાચું જૂઠું સમજાવીને વઢવાડ કરાવી. ૨૯. બોકડા. *ઝુઝાર્યા = લડાવ્યા, ૩૦. હારના (ઇર્ચ્છાના) લીધે. ૩૧. લીલી. ૩૨. આર્ત્ત. (આર્તધ્યાન), *દોહટ્ટ = દુઃખની પીડા (રૌદ્રધ્યાન), *વિકથા = નકામી વાત

૧. અજવાળું શરીર ઉપર પડ્યું. *હરિયકાય = લીલી વનસ્પતિ, ૨. સ્પર્શ્યા. ૩. અનંતર. (પરસ્પર) *સંઘટ્ટ = સ્પર્શ, *ઉત્સંઘટ્ટી = ભેળસેળ કરી, *અણપૂગ્યુ = વખત થયા પહેલાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્પડિલેહિય દુપ્પડિલેહિય સિજ્જાસંથારએ, અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર-પાસવણ ભૂમિ ॥ +પોસહ લીધે સંથારા તણી ભૂમિ ન પૂંજી. +*બાહિરલાં[૪] *લહુડાં *વડાં *સ્થંડિલ દિવસે શોધ્યાં નહીં, પડિલેહ્યાં નહીં. +માતરું અણપૂંજ્યું હલાવ્યું, અણપૂંજી ભૂમિકાએ પરઠવ્યું. પરઠવતાં '[૫]અણુજાણહ, જસ્સુગ્ગહો' ન કહ્યો, પરઠવ્યા પૂંઠે વાર ત્રણ' [૬]વોસિરે વોસિરે' ન કહ્યું. પોસહશાલામાંહિ પેસતાં [૭]*'નિસીહિ', *નીસરતાં [૮]'આવસ્સહિ' વાર ત્રણ ભણી નહીં. પુઢવી અપ્, તેઉ વાઉ, વનસ્પતિ, ત્રસકાયતણા *સંઘટ્ટ, *પરિતાપ, ઉપદ્રવ હુઆ. સંથારા પોરિસિ તણો વિધિ ભણવો વિસાર્યો. પોરિસિમાંહે [૯]ઊંઘ્યા. અવિધે સંથારો પાથર્યો. +પારણાદિકતણી ચિંતા કીધી. +કાળવેળાએ દેવ ન વાંદ્યા. પડિક્કમણું ન કીધું. પોસહ *અસૂરો લીધો, *સવેરો પાર્યો. પર્વતિથિએ પોસહ લીધો નહીં ॥ અગ્યારમે પૌષધોપવાસવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહી સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૧૧॥

બારમે અતિથિ સંવિભાગ વ્રતે પાંચ અતિચાર ॥ સચ્ચિત્તે નિક્ખિવણે૦ ॥ સચિત્ત વસ્તુ +હેઠ+ઉપર છતાં મહાત્મા મહાસતી પ્રત્યે [૧૦]અસૂઝતું દાન દીધું. +દેવાની બુદ્ધે અસૂઝતું ફેડી સૂઝતું કીધું, પરાયું ફેડી આપણું કીધું. અણદેવાની બુદ્ધે સૂઝતું ફેડી અસૂઝતું કીધું, આપણું ફેડી પરાયું કીધું. +વહોરવા વેલા [૧૧]ટલી રહ્યા. [૧૨]અસુર કરી મહાત્મા તેડ્યા. +*મત્સર ધરી દાન દીધું. ગુણવંત આવ્યે ભક્તિ ન સાચવી. છતી શક્તિએ સ્વામી વાત્સલ્ય ન કીધું. અનેરાં ધર્મક્ષેત્ર [૧૩]સીદાતાં છતી શક્તિએ ઉદ્ધર્યાં નહીં. [૧૪]દીન [૧૫]ક્ષીણ પ્રત્યે *અનુકંપાદાન ન દીધું.

બારમે અતિથિ સંવિભાગવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૧૨॥

---

*બાહિરલાં = બહારના, *લહુડાં = પેશાબ, ૪. લઘુનીતિ-પેશાબ અને વડીનીતિ-ઝાડો તે બંનેની જગ્યા દિવસે શોધી રાખી નહિ. *વડાં = સંડાસ, *સ્થંડિલ = શુધ્ધભૂમિ, ૫. જે અધિષ્ઠાયક દેવની આ જગ્યા હોય તે દેવ મને આ જગ્યા વાપરવાની આજ્ઞા આપો. ૬. પરઠવવા યોગ્ય પદાર્થ ત્યાગ કરું છું. ૭. અન્ય વ્યાપારનો ત્યાગ કરું છું. *નિસીહિ = તજુ છું, *નીસરતાં = (ઉપાશ્રય આદિમાંથી) નીકળતાં, ૮. બીજી અવશ્ય કરવાની ક્રિયાઓ બાકી છે માટે બહાર નીકળું છું. *સંઘટ્ટ = સ્પર્શ કર્યો, *પરિતાપ = હેરાન કર્યા, ૯. રાત્રિને પહેલે પ્રહરે. *અસૂરો = મોડો લીધો, (સૂર્ય ઉગ્યા પછી લીધો) *સવેરો પાર્યો = વેલો પાર્યો (દહાડા ઉગ્યા પહેલાં પાર્યો.) ૧૦. અનેષણીય સાધુને લઈ ન શકાય તેવું-અશુદ્ધ. ૧૧. બીજે કામે ગયા. ૧૨. ગોચરીકાળ વીત્યા પછી. *મત્સર = અદેખાઈ, અભિમાન. ૧૩-૧૪. નિર્ધન નિર્બળ થયેલાં. ૧૫. દુઃખી. *અનુકંપાદાન = પાત્ર, અપાત્રનો વિચાર કર્યો વિના. માત્ર દયા ભાવનાથી અપાતું દાન (દયાદાન)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સંલેષણા તણા પાંચ અતિચાર । ઇહલોએ પરલોએ૦ ॥ ઇહલોગાસંસપ્પઓગે, પરલોગાસંસપ્પઓગે, જીવિઆસંસપ્પઓગે, મરણાસંસપ્પઓગે, કામભોગા-સંસપ્પઓગે ॥ +ઇહલોકે ધર્મના પ્રભાવ લગે રાજઋદ્ધિ, સુખ, સૌભાગ્ય, પરિવાર વાંછ્યા. +પરલોકે દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તી તણી પદવી વાંછી, +સુખ આવ્યે જીવિતવ્ય વાંછ્યું, +દુઃખ આવ્યે મરણ વાંછ્યું. +કામભોગ તણી વાંછા કીધી ॥ [16]સંલેષણા વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુરતો હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૧૩॥

તપાચાર બાર ભેદ, છ બાહ્ય, છ અભ્યંતર ॥ અણસણમૂણોઅરિઆ૦ ॥ +અણસણ ભણી ઉપવાસ *વિશેષ પર્વતિથિએ છતી શક્તિએ કીધો નહીં. +ઊણોદરીવ્રત તે કોળિયા પાંચ સાત ઊણા રહ્યા નહીં. +વૃત્તિસંક્ષેપ તે દ્રવ્યભણી સર્વ વસ્તુનો *સંક્ષેપ કીધો નહિ. +[17]રસત્યાગ તે વિગઈત્યાગ ન કીધો. +કાયક્લેશ *લોચાદિક કષ્ટ સહન કર્યાં નહીં. +સંલીનતા-અંગોપાંગ સંકોચી રાખ્યા નહીં. પચ્ચક્ખાણ ભાંગ્યા, પાટલો *ડગડગતો ફેડ્યો નહીં. ગંઠસી, પોરિસિ, સાઢપોરિસિ, પુરિમઢ, એકાસણું, બિઆસણું નીવિ, આંબિલ પ્રમુખ પચ્ચક્ખાણ પારવું વિસાર્યું. બેસતાં નવકાર ન ભણ્યો. ઊઠતાં પચ્ચક્ખાણ કરવું વિસાર્યું. *ગંઠસિયું ભાંગ્યું. નીવિ, આંબિલ ઉપવાસાદિ તપ કરી કાચું પાણી પીધું. વમન હુઓ. બાહ્ય તપ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૧૪॥

અભ્યંતર તપ, પાયચ્છિતં વિણઓ૦ ॥ +મનશુદ્ધે ગુરુ કન્હે આલોઅણા લીધી નહીં. ગુરુદત્ત પ્રાયશ્ચિત તપ *લેખા શુદ્ધે પહુંચાડ્યો નહીં. +દેવ, ગુરુ, સંઘ, સાહમ્મિ પ્રત્યે વિનય સાચવ્યો નહીં. +બાલ, વૃદ્ધ, *ગ્લાન, તપસ્વી, પ્રમુખનું વૈયાવચ્ચ ન કીધું. +*વાચના, *પૃચ્છના, *પરાવર્ત્તના, *અનુપ્રેક્ષા, *ધર્મકથા *લક્ષણ પંચવિધ *સ્વાધ્યાય ન કીધો. +*ધર્મધ્યાન, *શુક્લધ્યાન ન ધ્યાયાં,

---

*સંલેષણા = અણસણ (મરણ વખતની આરાધના) ૧૬. અનશન. ૧૭. સ્નિગ્ધ રસ (વિગઈ)નો ત્યાગ-લોલુપતાનો ત્યાગ. *વિશેષ પર્વતિથિએ = મોટા પર્વને દિવસે (પકિખઆદિ) *સંક્ષેપ = ઘટાડો, *લોચ = માથા વગેરેના વાળા ચૂંટવા, *ડગડગતો = કંપતો (ચાલતો), *ગંઠસી = ગાંઠવાળી રાખી હોય ત્યાં સુધી અમૂક પ્રકારનું અભિગ્રહ પચ્ચક્ખાણ *લેખાશુદ્ધે = ખાતરી બંધ, પુરી ગણતરી પૂર્વક, *ગ્લાન = નરમ પડી ગયેલ, *વાચના = વાંચવું, સૂત્રપાઠ, *પૃચ્છના = પુછવું, *પરાવર્તના = પાછળનું (પહેલાનું) બોલી જવું, (વિચારી જવું), *અનુપ્રેક્ષા = ઊંડુમનન, *ધર્મકથા = ધર્મોપદેશ *લક્ષણ = સ્વરૂપ, *સ્વાધ્યાય = શાસ્ત્રાભ્યાસ તત્વાભ્યાસ *ધર્મધ્યાન = ચાર પ્રકારનું, ધર્મ ભાવના વધારનારું ધ્યાન, *શુક્લધ્યાન = આત્માને કેવળ જ્ઞાન અપાવનારું ધ્યાન,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*આર્તધ્યાન, * રૌદ્રધ્યાન ધ્યાયાં. +કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દશ વીશનો કાઉસ્સગ્ગ ન કીધો । અભ્યંતર તપ વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૧૫॥

વીર્યાચારના ત્રણ અતિચાર ॥ અણિગૂહિઅબલવિરિઓ૦ +*પઢવે, *ગુણવે, વિનય, વૈયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પોસહ, દાન, શીલ, તપ, ભાવનાદિક ધર્મકૃત્યને વિષે +મન +વચન +કાયાતણું છત્તું [૧૮]બલ, છતું [૧૯]વીર્ય ગોપવ્યું. રૂડાં પંચાંગ ખમાસમણ ન દીધાં. વાંદણા તથા આવર્ત્ત વિધિ સાચવ્યા નહીં. [૨૦]અન્યચિત્ત નિરાદરપણે બેઠા. ઉતાવળું દેવવંદન, પડિક્કમણું કીધું ॥ વીર્યાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં ॥૧૬॥

[૨૧]**નાણાઈઅટ્ઠ પઈવય-સમ્મસંલેહણ પણ પન્નર કમ્મેસુ ।**

**બારસ તપ વિરિઅતિગં, ચઉવ્વીસસયં અઈયારા ॥** ॥ પડિસિદ્ધાણં કરણે૦ ॥ **પ્રતિષેધ** અભક્ષ્ય, અનંતકાય, બહુબીજભક્ષણ, મહારંભપરિગ્રહાદિક કીધાં. જીવાજીવાદિક સૂક્ષ્મ વિચાર સદ્દહ્યા નહીં. આપણી કુમતિલગે **ઉત્સૂત્રપ્રરૂપણા** કીધી. તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિઅરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાન કીધાં, કરાવ્યાં અનુમોદ્યાં હોય. **દિનકૃત્ય**-પ્રતિક્રમણ, વિનય, વૈયાવચ્ચ ન કીધાં. અનેરું જે કાંઈ વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કીધું, કરાવ્યું, અનુમોદ્યું હોય ॥ એ ચિહું પ્રકારમાંહે અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ, સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હું મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં૦ ॥૧૭॥

[૧]એવંકારે શ્રાવક તણે ધર્મે શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત, એક સો ચોવીશ અતિચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર[૨] પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મબાદર જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હુ મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

**ઇતિ શ્રી શ્રાવક પકખી, ચોમાસી સંવચ્છરી**

**અતિચાર સમાપ્ત**

---

*આર્તધ્યાન = પીડા થવાથી થતી ચાર પ્રકારની ચિંતા *રૌદ્ર ધ્યાન = બીજાને કે પોતાના આત્માને પીડા થાય તેવા જ પ્રકારના વિચારો કરવા, *પઢવે = ભણવામાં, *ગુણવે = પુનરાવર્તન કરવામાં ૧૮. ઇન્દ્રજન્ય શક્તિ. ૧૯. આત્મિક શક્તિ. ૨૦. શૂન્ય ચિત્તે. ૨૧. જ્ઞાનાદિ આચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર)ના આઠ આઠ (એટલે ૨૪) પ્રત્યેક વ્રત (શ્રાવકનાં બાર વ્રત) સમ્યક્ત્વ અને સંલેષણાના પાંચ પાંચ (એટલે ૭૦), કર્માદાનના પંદર, તપના બાર અને વીર્યના ત્રણ મળી કુલ એક સો ચોવીસ અતિચાર શ્રાવકધર્મના સમજવા.

૧. એ પૂર્વોક્ત પ્રકારે. ૨. આ અતિચાર ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં પણ બોલાય છે. તેથી જ્યાં જ્યાં પક્ષ દિવસ છે, ત્યાં ત્યાં ચોમાસીમાં ચોમાસી દિવસ અને સંવચ્છરીમાં સંવચ્છરી દિવસ એમ કહેવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૨) શ્રી ભુવન (ભવન) દેવતાની સ્તુતિ* (થોય)

**ભુવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦**
ભવનદેવતાની આરાધના માટે કરુ છું કાયોત્સર્ગ,
**જ્ઞાનાદિગુણયુતાનાં, નિત્યં સ્વાધ્યાયસંયમરતાનામ્ ।**
જ્ઞાન આદિ ગુણથી યુક્ત, હંમેશાં સ્વાધ્યાય અને સંયમમાં રક્ત,
**વિદધાતુ ભુવનદેવી, શિવં સદા સર્વસાધૂનામ્ ॥૧॥**
કરો ભુવનદેવી કલ્યાણ હંમેશાં સર્વ સાધુઓનું.

**શબ્દાર્થ** -ભુવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં = ભુવન દેવીની, શાંતિ નિમિત્તે કાયોત્સર્ગ કરું છું. **જ્ઞાનાદિ**-જ્ઞાનાદિક, **ગુણયુતાનાં**-ગુણયુક્તોનું, **સ્વાધ્યાય**-સ્વાધ્યાય, **સંયમરતાનાં**-ચારિત્રમાં રક્ત, **વિદધાતુ**-કરો, **ભુવનદેવી**-મકાનની અધિષ્ઠાયક દેવી, **શિવં**-કલ્યાણ, **સર્વસાધૂનામ્**-સર્વ સાધુઓનું.

**અર્થ** - જ્ઞાન આદિ ગુણથી યુક્ત, હંમેશાં સ્વાધ્યાય અને સંયમમાં રક્ત એવા સર્વ સાધુઓનું હંમેશાં ભુવનદેવી કલ્યાણ કરો. (સુખ કરો).

## (૫૩) શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ* (થોય)

**ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦**
ક્ષેત્રદેવતાની આરાધના માટે કરું છું કાયોત્સર્ગ,
**યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયા ।**
જે દેવીના ક્ષેત્રને આશ્રય કરીને સાધુઓ વડે સધાય છે ધર્મક્રિયા,
**સા ક્ષેત્રદેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખદાયિની ॥૧॥**
તે ક્ષેત્રદેવી હંમેશાં થાઓ અમને સુખ આપનારી.

**શબ્દાર્થ** - **યસ્યાઃ**-જે દેવીના, **ક્ષેત્રં**-ક્ષેત્રને, **સમાશ્રિત્ય**-આશ્રય કરીને, **સાધુભિઃ**-સાધુઓ વડે, **સાધ્યતે**-સધાય છે, **ક્રિયા**-ધર્મક્રિયા, **સા**-તે, **ક્ષેત્રદેવતા**-ક્ષેત્રદેવી,

---

*નાણાઈ = જ્ઞાનાદિક, *અટ્ઠ = આઠ, *પઇવય = દરેક વ્રતે, *સમ = સમ્યક્ત્વ *સંલેહણા = સંલેખના, *પણ = પાંચ, *પન્નર = પંદર *કમ્મેસુ = કર્માદાનોમાં, *બારસ તપ = ૧૨ તપમાં *વીરિઅતીગં = વિર્યાચારમાં ત્રણ *ચઉવ્વીસ-સયં = ૧૨૪ *અઇઆરા = અતિચારો, *પ્રતિષેધ = સર્વજ્ઞ પ્રભુએ નિષેધ કરેલું, *કુમતિ = કુબુદ્ધિ, *ઉત્સુત્ર-પ્રરૂપણા = સૂત્રસિદ્ધાંત વિરુદ્ધ પ્રતિપાદન, *સમજાવટ, વિરુદ્ધ પ્રચાર, *દિનકૃત્ય = દિવસનું ધર્મકૃત્ય, (કામ) *એવંકારે = એ પ્રકારે.

* આ બંને સ્તુતિઓ પક્ખિ આદિ પ્રતિક્રમણમાં બોલાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભૂયાત્**-થાઓ, **નઃ**-અમને, **સુખદાયિની**-સુખ આપનારી.

**અર્થ** - જે દેવીના ક્ષેત્રને આશ્રય કરીને સાધુઓ વડે ધર્મક્રિયા સધાય છે. તે ક્ષેત્રદેવી હંમેશાં સુખ આપનારી થાઓ.

---

## (૫૪) શ્રી અજીતશાંતિ સ્તવન *

(મંગલાચરણ - ૨જા અને ૧૬મા પ્રભુની સ્તુતિ.)

**અજિઅં જિઅસવ્વભયં*, સંતિ ચ પસંતસવ્વગયપાવં ।**

શ્રી અજિતનાથને, જીત્યા છે સર્વ ભય જેમણે, શ્રી શાંતિનાથને અને શાંત પામ્યા છે સર્વ રોગ અને પાપ જેમના,

**જયગુરુ સંતિગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ ॥૧॥**

**ગાહા***

જગતના ગુરુ, શાંતિ રૂપ ગુણને કરનારા તે બંને પણ જિનેશ્વરોને હું પ્રણામ કરું છું.

**શબ્દાર્થ** - **અજિઅં**-અજિતનાથને, **જિઅસવ્વભયં**-જીત્યા છે સર્વ ભયો જેમણે એવા, **સંતિં**-શાંતિનાથને, **પસંત**-વિશેષે શાંત કર્યા છે, **સવ્વગયપાવં**-સર્વ રોગ અને પાપ જેમણે એવા, **જયગુરુ**-જગતના ગુરુ, **સંતિગુણકરે**-શાંતિરૂપગુણના કરનારા, **દોવિ**-બંને, **જિણવરે**-જિનેશ્વરોને, **પણિવયામિ**-પ્રણામ કરું છું.

**અર્થ** - જીત્યા છે સર્વ ભય જેમણે એવા શ્રી અજીતનાથને અને શાંત પામ્યા

---

* પૂર્વે શ્રી વર્ધમાન-જિનશિષ્ય શ્રી નંદિષેણજી શ્રી શત્રુંજય તીર્થે યાત્રાર્થે ગયેલા. ત્યાં મૂળ પ્રાસાદમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ જિનને નમસ્કાર કરીને બે પ્રાસાદમાં રહેલા. અજિતનાથ અને શાંતિનાથને નમસ્કાર કરીને તે બંને પ્રાસાદના વચ્ચે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. યથાશક્તિ કાઉસ્સગ્ગ પૂર્ણ કરીને શ્રી અજિતનાથ અને શાંતિનાથ જિનની એક સાથે સ્તુતિ કરી. એ પ્રમાણે શ્રી મહાવીરજિન શિષ્ય નંદિષેણ મહર્ષિએ આ અજિતશાંતિ સ્તવન રચ્યું. કોઈ આચાર્ય વળી એમ કહે છે કે શ્રી નેમિનાથ શિષ્ય શ્રી નંદિષેણગણિ શ્રી શત્રુંજય તીર્થે યાત્રાર્થે આવેલા ત્યારે ઉત્તર-દક્ષિણ દિશામાં રહેલા શ્રી અજિતનાથ અને શાંતિનાથના બે પ્રાસાદના અંતરાલે રહીને શ્રી અજિતનાથ અને શાંતિનાથ જિનની સ્તુતિ એક સાથે કરી.

શ્રી શત્રુંજય કલ્પને વિષે કહ્યું છે કે – **नेमिवयणेण जत्तागएण जहि नंदिसेणगणिवइया, विहिओ अजिअसंतिथओ, जयउं तयं पुंडरियं तित्थं** આ પ્રકારે અજિતશાંતિ સ્તવના કર્તા શ્રી નંદિષેણને કોઈ શ્રી મહાવીર જિન શિષ્ય અને કોઈ શ્રી નેમિજિન શિષ્ય કહે છે. અહીં બહુશ્રુત કહે તે પ્રમાણ.

* ભય સાત છે તે આ પ્રમાણે - ૧. ઇહલોક ભય, ૨. પરલોક ભય, ૩. આદાન ભય, ૪. અકસ્માત ભય, ૫. આજીવિકા ભય, ૬. મરણ ભય અને ૭. અપકીર્તિ ભય.

* આ ગાથા છંદ છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે સર્વ રોગ અને પાપ જેમના એવા શ્રી શાંતિનાથને વળી જગતના ગુરુ અને શાંતિ રૂપ ગુણને કરનારા એવા બંને પણ જિનેશ્વરોને હું પ્રણામ કરું છું.

(સ્તોત્રનો વિષય)

**વવગયમંગુલભાવે તે હં વિઉલતવનિમ્મલસહાવે ।**

ચાલી ગયો છે ખોટો ભાવ જેમનો, તે બેને હું, વિસ્તીર્ણ એવા તપથી નિર્મલ છે સ્વભાવ જેમનો,

**નિરુવમમહપ્પભાવે થોસામિ સુદિટ્ઠસબ્ભાવે ॥૨॥ ગાહા ॥**

નિરુપમ અને મહાન પ્રભાવ છે જેમનો, સ્તવના કરીશ, સારી રીતે જાણ્યા છે. વિદ્યમાન ભાવો (જીવ-અજીવ વગેરે) જેમણે.

**શબ્દાર્થ** - **વવગય**-નાશ થયો છે, **મંગુલભાવે**-અશોભન (માઠો) ભાવ જેમનો એવા, **તે**-તે બેને, **અહં**-હું, **વિઉલતવ**-વિસ્તીર્ણ તપ વડે, **નિમ્મલસહાવે**-નિર્મળ છે સ્વભાવ જેમનો એવા, **નિરુવમ**-ઉપમારહિત, (એને) **મહપ્પભાવે**-મહાન છે પ્રભાવ જેમનો એવા, **થોસામિ**-સ્તુતિ કરીશ, **સુદિટ્ઠ**-રૂડે પ્રકારે દેખ્યા છે, **સબ્ભાવે**-વિદ્યમાન ભાવો જેમણે.

**અર્થ** - ચાલી ગયો છે ખોટો ભાવ જેમનો, વિસ્તીર્ણ તપથી નિર્મલ સ્વભાવવાળા નિરુપમ અને મહાન પ્રભાવવાળા, સારી રીતે જાણ્યા છે વિદ્યમાન ભાવો જેમણે એવા તે બેની હું સ્તવના કરીશ.

(બંનેયની સાથે સ્તુતિઓની શરૂઆત)

**સવ્વદુક્ખપ્પસંતીણં સવ્વપાવપ્પસંતીણં ।**

સર્વ દુઃખો વિશેષે શાંત થયા છે જેમના, સર્વ પાપ વિશષે શાંત થયા છે જેમના,

**સયા અજિઅસંતીણં નમો અજિઅસંતીણં ॥૩॥ સિલોગો ॥***

નિરંતર-હંમેશાં પરાભવ નહિ પામેલા અને ઉપશાંત થયેલા નમસ્કાર થાઓ. શ્રી અજીતનાથને અને શ્રી શાંતિનાથને.

**શબ્દાર્થ** - **સવ્વદુક્ખ**-સર્વ દુઃખો, **પ્પસંતીણં**-વિશેષે શાંત થયાં છે જેમના એવા, **સવ્વપ્પાવ**-સર્વ પાપો, **પ્પસંતીણં**-વિશેષે શાંત થયા છે જેમના એવા, **સયા**-નિરંતર, **અજિઅસંતીણં**-પરાભવ નહિ પામેલા અને ઉપશાંત થયેલા, **નમો**-નમસ્કાર થાઓ, **અજિઅસંતીણં**-અજિતનાથ અને શાંતિનાથને.

**અર્થ** - સર્વ દુઃખો વિશેષે શાંત થયા છે જેમના, સર્વ પાપો વિશેષે શાંત થાય છે જેમના પરાભવ નહિ પામેલા અને ઉપશાંત થયેલા એવા શ્રી અજિતનાથને અને શ્રી શાંતિનાથને સદા નમસ્કાર થાઓ.

* આ શ્લોક નામનો છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સ્તુતિનું માહાત્મ્ય)

**અજિઅજિણ ! સુહપ્પવત્તણં તવ પુરિસુત્તમ ! નામકિત્તણં ।**

હે અજિત જિનેશ્વર ! સુખ પ્રવર્તાવનારું તમારું હે પુરુષોત્તમ ! નામનું કીર્તન,

**તહ ય ધિઇમઈપ્પવત્તણં તવ ય જિણુત્તમ સંતિ ! કિત્તણં ॥૪॥**

**માગહિઆ ॥***

તથા અને સ્થિરતાવાળી બુદ્ધિને પ્રવર્તાવનારું તમારું પણ હે જિનોત્તમ ! શ્રી શાંતિનાથ ! કીર્તન.

**શબ્દાર્થ** - **અજિઅજિણ**-હે અજિતજિન, **તવ**-તમારું, **પુરિસુત્તમ !**-પુરુષમાંહે ઉત્તમ !, **નામકિત્તણં**-નામનું કીર્તન, **તહ ય**-તેમજ, **ધિઈમઈ**-ધીરજ અને બુદ્ધિને, **પ્પવત્તણં**-પ્રવર્તાવનારું (ઉત્તમ), **ય**-પણ, પૂર્વોક્ત ગુણવાળું છે, **જિણુત્તમ !**-સામાન્ય કેવળીને વિષે, **સંતિ !**-હે શાંતિનાથ ! **કિત્તણં**-કીર્તન, સ્મરણ.

**અર્થ** - હે અજિત જિનેશ્વર ! પુરુષોત્તમ ! તમારા નામનું કીર્તન સુખને પ્રવર્તાવનારું અને સ્થિરતાવાળી બુદ્ધિ પ્રવર્તાવનારું છે. હે જિનોત્તમ ! શ્રી શાંતિનાથ ! તમારું પણ કીર્તન એવું છે. (બંને પ્રભુને નમસ્કારને યોગ્ય)

**કિરિઆવિહી સંચિઅકમ્મકિલેસવિમુક્ખયરં,**

(કાયિકી આદિ પચ્ચીશ) ક્રિયાના ભેદ વડે ભેગા કરેલા કર્મના ક્લેશથી સંપૂર્ણપણે મૂકાવનારું,

**અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિસિદ્ધિગયં ।**

નહિ જિતાયેલા, પરિપૂર્ણ ગુણો વડે મહામુનિઓની (અણિમાદિ) સિદ્ધિઓને પ્રાપ્ત કરાવનારું,

**અજિઅસ્સ ય સંતિ મહામુણિણો વિ ય સંતિકરં,**

શ્રી અજિતનાથને અને શ્રી શાંતિનાથ મહામુનિને પણ, શાંતિ કરનાર,

**સયયં મમ નિવ્વુઈકારણયં ચ નમંસણયં ॥૫॥**

**આલિંગણયં ॥**

સદા મને મોક્ષનું કારણ અને નમસ્કાર.

**શબ્દાર્થ** - **કિરિઆવિહિ**-ક્રિયાના વિધાન વડે, **સંચિઅ**-એકઠાં કરેલાં, **કમ્મકિલેસ**-કર્મ અને કષાય થકી, **વિમુક્ખયરં**-વિશેષે મૂકાવનાર, **અજિઅં**-નહિ જિતાયેલ, **નિચિઅં ગુણેહિં**-ગુણો વડે વ્યાપ્ત, **મહામુણિ**-મહામુનિ સંબંધી, **સિદ્ધિગયં**-અણિમાદિ સિદ્ધિઓને પ્રાપ્ત, **અજિઅસ્સ ય**-અજિતનાથને અને,

---

* આ માગધિકા છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંતિમહામુણિણો**-શાંતિનાથ મહામુનિને, **સંતિકરં**-શાંતિને કરનાર, **સયયં મમ**-નિરંતર મને, **નિવ્વુઈકારણયં**-મોક્ષનું કારણ, **નમંસણયં**-નમસ્કાર.

**અર્થ** - *કાયિકી આદિ પચ્ચીશ ક્રિયાના ભેદ વડે ભેગા કરેલા કર્મના ક્લેશથી સંપૂર્ણપણે મૂકાવનારા, અન્ય દર્શનીય દેવોના વંદનના પુણ્ય વડે નહિ જિતાયેલ, ગુણો વડે પરિપૂર્ણ મહામુનિઓની અણિમાદિ* સિદ્ધિઓને પ્રાપ્ત કરાવનાર, શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ મહામુનિને કરેલ નમસ્કાર હંમેશાં મને શાંતિને કરનાર અને મોક્ષનું કારણ થાઓ.

(એ બંને પ્રભુ સ્તુત્ય.)

**પુરિસા જઈ દુક્ખવારણં જઈ અ વિમગ્ગહ સુક્ખકારણં ।**

હે પુરુષો ! જો દુઃખનું નિવારણ, જો અને શોધો છો સુખનું કારણ,

**અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે શરણં પવજ્જહા ॥૬॥**

**માગહિઆ ॥**

શ્રી અજિતનાથને શ્રી શાંતિનાથને અને ભાવથી અભય કરનારા શરણને સ્વીકારો.

**શબ્દાર્થ** - **પુરિસા**-હે પુરુષો, **જઈ**-જો, **દુકખવારણં**-દુઃખનું નિવારણ, **વિમગ્ગહ**-શોધતાં હો, **સુક્ખકારણં**-સુખનું કારણ, **ભાવઓ**-ભાવથકી, **અભયકરે**-નિર્ભયતાને કરનારાને, **સરણં**-શરણે, **પવજ્જહા**-પ્રાપ્ત થાઓ.

**અર્થ** - હે મનુષ્યો ! જો તમે દુઃખનું નિવારણ અને સુખનું કારણ શોધતા હો તો અભયને કરનારા શ્રી અજિતનાથને અને શ્રી શાંતિનાથનું શરણ ભાવથી સ્વીકારો.

(શ્રી અજિતનાથ ભગવાનની સ્તુતિ)

**અરઈરઈતિમિરવિરહિઅ-મુવરય-જરમરણં,**

અરતિ, રતિ તથા અજ્ઞાન વડે રહિત અને નિવૃત્ત થયાં છે જરા અને મરણ જેમના,

---

* કાયિકી વગેરે પચ્ચીશ ક્રિયા તેનું સ્વરૂપ નવતત્ત્વમાંથી સમજવું.

* અણિમાદિ આઠ સિદ્ધિ આ પ્રમાણે : ૧. કમળના જેવા ઝીણા છિદ્રમાં પણ પ્રવેશ કરવાની શક્તિ તે **અણિમા.** ૨. મેરુ પર્વત કરતાં પણ મોટું શરીર વિકુર્વી શકાય તે **મહિમા.** ૩. અત્યંત ભારે થવાની શક્તિ તે **ગરિમા.** ૪. વાયુ કરતાં પણ હલકા થવાની શક્તિ તે **લઘિમા.** ૫. ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્ર ભાગ વડે મેરુ પર્વતની ટોચ અને સૂર્યાદિને સ્પર્શ કરવાની શક્તિ તે **પ્રાપ્તિ.** ૬. પાણીમાં પૃથ્વીની જેમ પગે ચાલે અને પૃથ્વી ઉપર પાણીની જેમ ડૂબી જઈ બહાર નીકળે એવી શક્તિ તે **પ્રાકામ્ય.** ૭. સ્થાવર પણ આજ્ઞા માને એવી શક્તિ-તીર્થંકર ચક્રવર્તિની ઋદ્ધિને વિસ્તારી શકે એવી પ્રભુતા તે **ઈશિત્વ.** ૮. જીવ અને અજીવ સર્વ પદાર્થ વશ થાય એવી શક્તિ તે **વશિત્વ.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સુરઅસુરગરુલભુયગવઈપયયપણિવઈઅં ।**

સુર, અસુર, ગરુડ અને ભુજગના ઈન્દ્રો વડે આદરથી, નમસ્કાર કરાયેલા

**અજિઅમહમવિ અ સુનયનયનિઊણમભયકરં,**

શ્રી અજિતનાથને હું પણ, સુંદર ન્યાય છે જેનો એવા, સાતે નયમાં નિપુણ, અભયને કરનારા,

**સરણમુવસરિઅ ભુવિદિવિજમહિઅં સયયમુવણમે ॥૭॥**

**સંગયયં ॥***

શરણને પામીને પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલા (મનુષ્યો) અને સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા (દેવો)થી પૂજાયેલા, નિરંતર સમીપ રહેલો નમું છું.

**શબ્દાર્થ** - **અરઈરઈ**-સંયમને વિષે શોક અને અસંયમને વિષે હર્ષ, **તિમિરવિરહિઅં**-અજ્ઞાનથી રહિતને, **ઉવરય**-નિવૃત્ત થયાં છે, **જરમરણં**-જરા અને મરણ જેના એવાને, **સુરઅસુર**-વૈમાનિક, ભવનપતિ, **ગરુલભુયગવઈ**-જ્યોતિષ્ક અને વ્યંતરના ઈન્દ્રો વડે, **પયય**-આદર વડે, **પણિવઈયં**-નમસ્કાર કરાયેલાને, **અહમવિ**-હું પણ, **સુનયનયનિઉણં**-સુંદર નયની નીતિને વિષે નિપુણને, **અભયકરં**-અભયને કરનારાને, **સરણં**-શરણ, **ઉવસરિઅ**-પામીને, **ભુવિદિવિજ**-મનુષ્ય અને દેવો વડે, **મહિઅં**-પૂજાયેલાને, **ઉવણમે**-સમીપ રહ્યો છતો નમું છું.

**અર્થ** - અરતિ, રતિ અને અજ્ઞાન વડે રહિત અને નિવૃત્ત થયા છે જરા અને મરણ જેમના, વૈમાનિક દેવ, ભવનપતિ દેવ, જ્યોતિષ્ક દેવ અને વ્યંતરદેવોના ઈન્દ્ર વડે આદરપૂર્વક નમસ્કાર કરાયેલા, સુંદર છે ન્યાય જેનો એવા નૈગમાદિ સાતે નયમાં નિપુણ, અભયને કરનારા, મનુષ્યો અને દેવોથી પૂજાયેલા, શ્રી અજિતનાથને શરણ પામીને નિરંતર સમીપ રહેલો હું નમું છું.

(શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ)

**તં ચ જિણુત્તમમુત્તમનિત્તમસત્તધરં,**

તેમને અને સામાન્ય કેવળીને વિષે ઉત્તમ, શ્રેષ્ઠ અને નિર્દોષ સત્ત્વને ધારણ કરનારા,

**અજ્જવમદ્દવખંતિવિમુત્તિસમાહિનિહિં ।**

સરલતા, મૃદુતા, ક્ષમા અને નિર્લોભતા વડે સમાધિના ભંડાર,

**સંતિકરં પણમામિ દમુત્તમતિત્થયરં,**

શાંતિને કરનારા, પ્રણામ કરું છું. ઈન્દ્રિયના દમન વડે ઉત્તમ તીર્થને કરનારા,

---

* આ સંગતક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંતિમુણી મમ સંતિ સમાહિવરં દિસઉ ॥૮॥ સોવાણયં ॥***

શ્રી શાંતિનાથ મુનિ મને શાંતિ વડે સમાધિરૂપ વરદાન આપો.

**શબ્દાર્થ** - **તં**-તે (શાંતિનાથ)ને, **જિણુત્તમં**-સામાન્ય કેવળીને વિષે ઉત્તમને, **ઉત્તમ**-શ્રેષ્ઠ, **નિત્તમસત્તધરં**-નિર્દોષ સત્ત્વને ધારણ કરનારને, **અજ્જવ મદ્દવ**-સરળતા, નમ્રતા, **ખંતિ વિમુત્તિ**-ક્ષમા, નિર્લોભતા (અને) **સમાહિનિહિં**-સમાધિના ભંડારને, **સંતિકરં**-શાંતિને કરનારાને, **પણમામિ**-નમસ્કાર કરું છું, **દમુત્તમ**-ઇંદ્રિયોના જય વડે ઉત્તમ, **તિત્થયરં**-તીર્થને કરનારાને, **સંતિમુણિ**-શાંતિનાથ મુનિ, **સંતિસમાહિવરં**-શાંતિ વડે સમાધિ (ચિત્તની સ્વસ્થતા) રૂપી વર, **દિસઉ**-આપો.

**અર્થ** - સામાન્ય કેવળીને વિષે ઉત્તમ શ્રેષ્ઠ અને નિર્દોષ સત્ત્વને ધારણ કરનારા, સરલતા, મૃદુતા,ક્ષમા અને નિર્લોભતા વડે સમાધિના ભંડાર, શાંતિને કરનારા, ઈન્દ્રિયના દમન વડે ઉત્તમ તીર્થને કરનારા એવા તે શ્રી શાંતિનાથને પ્રણામ કરું છું અને તે મને શાંતિ વડે સમાધિ રૂપ વરદાન આપો.

(શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ)

**સાવત્થિપુવ્વપત્થિવં ચ વરહત્થિમત્થયપસત્થવિચ્છિન્નસંથિયં,**

*શ્રાવસ્તી નગરીની પહેલાંની નગરીના (અયોધ્યાના) જે રાજા હતા એવા અને શરીરનો આકાર જેનું શ્રેષ્ઠ હાથીના મસ્તક જેવું પ્રશસ્ત (વખાણવા યોગ્ય) અને વિસ્તીર્ણ છે સંસ્થાન,

**થિરસરિચ્છવચ્છં મયગલલીલાયમાણવરગંધહત્થિપત્થાણ-પત્થિયં સંથવારિહં ।**

સ્થિર શ્રીવત્સવાળું હૃદય જેનું, મદ વડે ઉન્મત્ત અને લીલા યુક્ત શ્રેષ્ઠ ગંધહસ્તિના ગમન જેવી ચાલ છે જેની, સ્તુતિ કરવા યોગ્ય,

**હત્થિહત્થબાહું ધંતકણગરુઅગનિરુવહયપિંજરં પવર-લક્ખણોવચિયસોમચારુરૂવં, ।**

હાથીની સૂંઢ જેવા બાહુ (હાથ) છે જેના, તપાવેલ સોનાની કાંતિ જેવી સ્વચ્છ પીળા વર્ણની કાંતિવાળા, શ્રેષ્ટ લક્ષણથી વ્યાપ્ત, સૌમ્ય અને સુંદર રૂપ છે જેનું,

**સુઈસુહમણાભિરામપરમરમણિજ્જવરદેવદુંદુહિ નિનાયમ-હુરયરસુહગિરં ॥૯॥ વેડ્ઢઓ ॥***

---

* આ સોપાનક છંદ છે, * આવશ્યક નિર્યુક્તિમાં ચોવીશ ભગવાનની નગરીનું વર્ણન છે. તેમાં સાવત્થી ત્રીજા ભગવાનની નગરી છે અને તેની પહેલાંની એટલે અજિતનાથ ભગવાનની અયોધ્યા નગરી છે. આવશ્યક નિર્યુક્તિ પહેલાં કંઠસ્થ કરાતી હતી. * આ વેષ્ટક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાનને સુખકારી, મનને મનોહર, અત્યંત રમણીય, શ્રેષ્ઠ, દેવદુંદુભિના શબ્દ કરતાં વધારે મધુર અને કલ્યાણકારી વાણી છે જેની એવા.

**શબ્દાર્થ** - **સાવત્થિપુવ્વ**-શ્રાવસ્તી નગરીની પૂર્વેની નગરી અયોધ્યાના, **પત્થિવં**-જે રાજા હતા, **વરહત્થિમત્થય**-પ્રધાન હસ્તિના મસ્તક જેવું, **પસત્થવિચ્છિન્નસંથિયં**-પ્રશસ્ત અને વિસ્તીર્ણ છે સંસ્થાન જેનું એવા, **થિરસરિચ્છવચ્છં**-સ્થિર શ્રીવત્સવાળું હૃદય છે જેનું એવા, **મયગલલીલાયમાણ**-મદ વડે ઉન્મત્ત અને લીલાયુક્ત, **વરગંધહત્થિ**-પ્રધાન ગંધહસ્તિના, **પત્થાણ પત્થિયં**-ગમન જેવી ચાલ (ગતિ) છે જેમની એવા, **સંથવારિહં**-સ્તુતિ કરવાને યોગ્ય, **હત્થિહત્થબાહું**-હસ્તિની સૂંઢ જેવા બાહુવાળા, **ધંતકણગરુઅગ**-ધમેલ સુવર્ણના આભરણ જેવો, **નિરુવહયપિંજરં**-સ્વચ્છ પીતવર્ણ છે જેમનો એવા, **પવરલક્ખણોવચિય**-શ્રેષ્ઠ લક્ષણો વડે વ્યાપ્ત, **સોમચારુરૂવં**-સૌમ્ય અને સુંદર, **સુઈસુહ**-કાનને સુખકારી રૂપ છે જેનું એવા, **મણાભિરામ**-મનને આનંદદાયક (અને), **પરમરમણિજ્જ**-અત્યંત રમણિક, **વર દેવદુંદુહિ**-પ્રધાન દેવદુંદુભિના, **નિનાય મહુરયર**-શબ્દ કરતાં વધારે મધુર (અને), **સુહગિરં**-કલ્યાણકારી છે વાણી જેની એવા.

**અજિઅં જિઆરિગણં જિઅસવ્વભયં ભવોહરિઉં ।**

અજિતનાથને, દુશ્મનનો સમુદાય જીત્યો છે જેણે, જીત્યા છે સર્વ ભયોને જેણે, ભવ પરંપરાના શત્રુ,

**પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં ॥૧૦॥**

**રાસાલુદ્ધઓ ॥***

પ્રણામ કરું છું હું આદરપૂર્વક પાપને શાંત કરો મારા ભગવાન.

**શબ્દાર્થ** - **અજિઅં**-અજિતનાથને, **જિઆરિગણં**-જીત્યા છે શત્રુ સમુદાય જેણે એવા, **જિઅસવ્વભયં**-જીત્યા છે સર્વ ભય જેણે એવા, **ભવોહરિઉં**-ભવપરંપરાના શત્રુ, **પણમામિ**-નમસ્કાર કરું છું, **પયઓ**-આદર વડે, **પાવં**-પાપને, **પસમેઉ**-પ્રકર્ષે શાંત કરો, **ભયવં**-ભગવાન.

**અર્થ** - અયોધ્યા નગરીને વિષે પૂર્વે રાજા હતા એવા, શ્રેષ્ઠ હાથીના મસ્તક જેવો પ્રશસ્ત અને વિસ્તીર્ણ છે શરીરનો આકાર જેનો, સ્થિર શ્રીવત્સવાળું હૃદય છે જેનું, મદ વડે ઉન્મત્ત અને લીલાયુક્ત શ્રેષ્ઠ ગંધહસ્તિના ગમન જેવી ચાલ છે જેની, સ્તુતિ કરવા યોગ્ય, હાથીની સૂંઢ જેવા છે હાથ જેના, તપાવેલ સોનાની કાંતિ જેવી સ્વચ્છ પીળા વર્ણની કાંતિવાળા, શ્રેષ્ઠ લક્ષણથી વ્યાપ્ત, સૌમ્ય, સુંદર રૂપ છે જેનું, કાનને સુખકારી, મનને મનોહર, અત્યંત રમણીય, શ્રેષ્ઠ દુંદુભિના

---

* આ રાસાલુબ્ધક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવાજ કરતાં મધુર અને કલ્યાણકારી વાણી છે જેની એવા, દુશ્મનનો સમુદાય જીત્યો છે જેણે, જીત્યા છે સર્વ ભયોને જેણે, ભવપરંપરાના શત્રુ એવા શ્રી અજિતનાથ સ્વામીને પ્રણામ કરું છું અને હે ભગવાન ! મારા પાપને શાંત કરો. (૯, ૧૦)

(શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ)

**કુરુજણવયહત્થિણાઉરનરીસરો પઢમં તઓ મહાચક્ક-વટ્ટિભોએ મહપ્પભાવો,**

કુરુદેશના હસ્તિનાપુર નગરીના રાજા પ્રથમ ત્યાર પછી મોટા ચક્રવર્તીના રાજયને ભોગવનારા, મોટો પ્રભાવ છે જેમનો,

**જો બાવત્તરિ પુરવરસહસ્સવર નગર નિગમજણવયવઈ બત્તીસા રાયવરસહસ્સા ણુયાયમગ્ગો**

જે બહોંતેર શહેરો મુખ્ય, હજાર, પ્રધાન, નગર*, નિગમ* અને દેશના સ્વામી બત્રીશ રાજાઓ શ્રેષ્ઠ હજાર અનુસર્યા છે માર્ગ જેમનો,

**ચઉદસવરરયણ નવ મહાનિહિ ચઉસટ્ઠિસહસ્સ પવર જુવઈણ સુંદરવઈ ચુલસીહયગયરહસયસહસ્સસામી**

ચૌદ શ્રેષ્ઠ રત્ન*, નવ મહાનિધિ*, ચોસઠ હજાર શ્રેષ્ઠ સ્ત્રીઓના સુંદર સ્વામી, ચોરાશી લાખ ઘોડા, હાથી, રથના સ્વામી

**છન્નવઈગામકોડિ સામી આસી જો ભારહંમિ ભયવં ॥૧૧॥ વેડ્ઢઓ ॥***

---

* જેમાં કર ન હોય તે.

* મોટા વ્યાપારીઓની દુકાનવાળાં સ્થાનો-વ્યાપારનાં સ્થાનો.

* ચૌદ રત્નો દરેક ચક્રવર્તિને હોય તે આ પ્રમાણે જાણવાં : **૧. ચક્રરત્ન** તે ધનુષ્ય પ્રમાણ હોય, વૈરીનું મસ્તક છેદે. **૨. છત્રરત્ન** તે ધનુષ્ય પ્રમાણ હોય, ચક્રવર્તિના હસ્તસ્પર્શે બાર યોજન વિસ્તારવાળું થાય. જે ઉત્તર દિશાના મ્લેચ્છ રાજાના દેવતાએ વરસાવેલા વરસાદને રોકવા સમર્થ થાય. **૩. દંડરત્ન** તે ધનુષ્ય પ્રમાણ હોય, વાંકી ભૂમિને સરખી કરે, જરૂર પડ્યે હજાર યોજન જમીન ખોદે. **૪. ચર્મરત્ન** બે હાથનું હોય, જરૂર પડ્યે ચક્રવર્તિના સ્પર્શે બાર યોજન લાંબુ થાય, તેમાં સવારે શાલિપ્રમુખ ધાન્ય વાવ્યાં હોય, તે સાંજે ઉપભોગયોગ્ય તૈયાર થાય. **૫. ખડ્ગરત્ન** બત્રીશ આંગળનું હોય, તે સંગ્રામમાં અત્યંત શક્તિવંત હોય. **૬. કાગિણિરત્ન** ચાર અંગુલ પ્રમાણ હોય, તેના વડે ચક્રી વૈતાઢ્ય પર્વતની ગુફામાં બંને બાજુ ઓગણપચાસ પ્રકાશ આપનારાં મંડળ કરે. **૭. મણિરત્ન** ચાર આંગળ લાંબુ ને બે આંગળ પહોળું હોય, તે છત્રરત્નના તુંબા ઉપર બાંધ્યું છતું બાર યોજન પ્રકાશ કરે અને હાથે કે માથે બાંધ્યું હોય તો સમસ્ત રોગને હરે. એ સાત રત્ન એકેન્દ્રિય જાતિનાં છે અને બીજાં સાત પંચેન્દ્રિય જાતિના છે. **૮. પુરોહિતરત્ન** તે શાંતિકર્મ કરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છન્નુ ગામ ક્રોડના સ્વામી હતા જે ભરતક્ષેત્રને વિષે ભગવાન.

**શબ્દાર્થ** - **છન્નવઈ** ગામકોડિ-છન્નુ ક્રોડ ગામના, **આસી**-હતા, **જો**-જે, **ભારહંમિ**-ભરતક્ષેત્રમાં,

**તં સંતિં સંતિકરં સંતિણ્ણં સવ્વભયા ।**

તે ઉપશાંત રૂપ, શાંતિને કરનારા, સારી રીતે તર્યા છે સર્વ ભયો જે,

***સંતિં થુણામિ જિણં સંતિં વિહેઉ મે ॥૧૨॥ રાસાનંદિઅયં +॥**

શ્રી શાંતિનાથની સ્તવના કરું છું જિનેશ્વરને શાંતિને કરવાને માટે મને.

**શબ્દાર્થ** - **તં સંતિં**-તે ઉપશમ રૂપને, **સંતિકરં**-શાંતિને કરનારા અથવા મોક્ષને

---

૯. **અશ્વરત્ન**, ૧૦. **ગજરત્ન** એ બંને મહાપરાક્રમવાળા હોય. ૧૧. **સેનાપતિરત્ન** તે ચક્રવર્તિની સહાય વિના ગંગાસિંધુની બહાર પાસેના ચાર ખંડને જીતે. ૧૨. **ગૃહપતિરત્ન** તે ગૃહની ચિંતા રાખે. ૧૩. **વાર્ધિકરત્ન** તે મકાનો બાંધે, લશ્કરનો પડાવ કરાવે, વૈતાઢ્યની ગુફામાં આવેલી ઉન્મગા અને નિમ્નગા નદીના પૂલ બાંધે, ઇત્યાદિ બાંધકામ કરે. ૧૪. **સ્ત્રીરત્ન** અત્યંત અદ્‌ભુત રૂપવંત અને ચક્રવર્તિને ભોગયોગ્ય હોય. એ પ્રત્યેક રત્ન એક હજાર યક્ષોએ અધિષ્ઠિત હોય અને બે હજાર યક્ષ ચક્રીની બે બાહુના અધિષ્ઠિત હોય, એ ૧૬ હજાર યક્ષ ચક્રવર્તિના સેવક હોય. ચક્ર, દંડ, છત્ર અને ચર્મ એ ચાર આયુધશાળામાં ઉત્પન્ન થાય. ખડ્ગ, કાગિણી અને મણિ એ ત્રણ ભંડારમાં ઉત્પન્ન થાય. ગજ અને અશ્વ વૈતાઢ્ય પર્વતમાં ઉપજે. સ્ત્રીરત્ન ક્ષત્રિય રાજાને ઘેર ઉત્પન્ન થાય અને બાકીનાં ચાર ચક્રીના નગરને વિષે ઉત્પન્ન થાય.

* નવ નિધાનનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું : ૧. ગ્રામ (ફરતી વાડી હોય તે), આકર (મીઠું પાકે તે), નગર (રાજધાની થાય તે), પાટણ (જળ અને સ્થળના માર્ગ હોય તે), દ્રોણમુખ (જયાં જળમાર્ગ જ હોય), મંડપ (અઢી ગાઉ ફરતાં ગામ ન હોય તે), સૈન્ય અને ગૃહની માંડણી એ સર્વે **નૈસર્પી** નામે નિધાનને વિષે હોય. ૨. ગણિત, ગીત, ચોવીશ જાતનાં ધાન્યનાં બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર એ સર્વ **પાંડુક** નિધાનમાં હોય. ૩. સર્વ જાતના આભરણ, અશ્વ તથા હાથીનાં આભરણ, તેના **વિધિપિંગલક** નિધાનને વિષે હોય. ૪. ચક્રવર્તિનાં ચૌદ રત્ન વગેરે **સર્વરત્ન** નામે ચોથા નિધાનના યોગે થાય. કેટલાએક કહે છે કે – આ નિધાનથી તે રત્નો મહાદીપ્તિવંત થાય. ૫. વસ્ત્રની ઉત્પત્તિના પ્રકાર, રંગની ઉત્પત્તિ, સાત ધાતુ, વસ્ત્ર ધોવાની રીત વગેરે **મહાપદ્મ** નિધાનમાં હોય. ૬. સમસ્ત કાળજ્ઞાન (જયોતિષ્ક) તીર્થંકરાદિના વંશાદિકનું કથન, શિલ્પવિદ્યા, કર્ષણ (ખેતી), વાણિજય (વેપાર) વગેરે **કાળ**નિધાનમાં હોય. ૭. લોઢું, સોનું, મણિ, મોતી, સ્ફટિક અને પરવાળાના સમૂહ **મહાકાળ** નિધાનમાં હોય. ૮ શૂરવીર યોદ્ધાની ઉત્પત્તિ હથિયાર વગેરે યુદ્ધસામગ્રી, યુદ્ધનીતિ, દંડનીતિ એ **માણવક** નિધાનમાં હોય. ૯. નાટ્યવિધિ, ગદ્ય-પદ્યની વિધિ એ **મહાશંખ** નિધાનમાં હોય. આ નવે નિધાન ઉત્સેધાંગુલે આઠ યોજન ઊંચાં, નવ યોજન પહોળાં અને બાર યોજન લાંબા, પેટીના આકારે ગંગા નદીના મુખ આગળ સદા રહે છે. ચક્રવર્તિ ઉત્પન્ન થઈ છ ખંડ સાધીને જયારે પાછા વળે ત્યારે તેની સાથે આવી ચક્રીની નગરીમાં પાતાળમાં રહે. આ નિધાનો વિવિધ રત્નમય છે અને ઘણાં ધન અને રત્નાદિ સમૃદ્ધિએ કરી સહિત છે. આનું વિશેષ વર્ણન જોવાની ઇચ્છાવાળાએ પ્રવચનસારોદ્ધારાદિ ગ્રંથ જોવા.

* આ બીજા પ્રકારનો વેષ્ટક છંદ છે.

* આ રાસાનંદિતક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપનારાને, **સંતિણ્ણં**-રૂડે પ્રકારે તર્યા છે, **સવ્વભયા**-સર્વ ભય થકી, **સંતિંજિણં**-શાંતિનાથ જિનને, **થુણામિ**-સ્તવું છું, સંતિ-શાંતિને, **વિહેઉં**-કરવાને, **એ**-સંબોધન અર્થે વપરાયેલ છે.

**અર્થ** - કુરુ દેશના હસ્તિનાપુર નગરના પ્રથમ રાજા હતા એવા, ત્યાર પછી મોટા ચક્રવર્તીના રાજ્યને ભોગવનારા, મોટા પ્રભાવવાળા, જે બહોંતેર હજાર મુખ્ય શહેરો, શ્રેષ્ઠ નગરો, નિગમ અને દેશના સ્વામી, બત્રીશ હજાર શ્રેષ્ઠ રાજાઓ જેમનો માર્ગ અનુસરતા હતા, ચૌદ રત્ન, નવ મહાનિધિ અને શ્રેષ્ઠ યૌવન અને સૌંદર્યવાળી ચોસઠ હજાર સ્ત્રીઓના સ્વામી, ચોરાશી લાખ ઘોડા, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ રથના સ્વામી તથા છન્નુ ક્રોડ ગામના સ્વામી એવા જે ભગવાન ભરતક્ષેત્રને વિષે હતા, તે ઉપશાંત રૂપ હતા, શાંતિને કરનારા, સારી રીતે તર્યા છે સર્વ ભયો જેમણે એ શ્રી શાંતિનાથ જિનેશ્વર મને શાંતિને કરે તે માટે સ્તવના કરું છું. (૧૧, ૧૨)

(વિવિધ સંબંધોથી અજિતનાથ પ્રભુની સ્તુતિ)

**ઇક્ખાગ ! વિદેહનરીસર ! નરવસહા ! મુણિવસહા,**

ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલ, વિદેહ દેશના રાજા, મનુષ્યોમાં શ્રેષ્ઠ, મુનિઓમાં શ્રેષ્ઠ,

**નવસારયસસિસકલાણણ ! વિગયતમા ! વિહુઅરયા !**

નવા શરદઋતુના પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા, ચાલી ગયું છે અજ્ઞાન જેમનું, છોડી દીધી છે કર્મ રૂપ રજ જેણે,

**અજિઉત્તમતેઅ ! ગુણેહિં મહામુણિ ! અમિઅબલા ! વિઉલકુલા !**

એ અજિતનાથ ! ઉત્તમ તેજવાળા ગુણો વડે, મહામુનિ ! અપરિમિત (અનંત) બળવાળા, વિશાળ કુલવાળા,

**પણમામિ તે ભવભયમૂરણ ! જગશરણા મમ સરણં ॥૧૩॥**

**ચિત્તલેહા ॥***

પ્રણામ કરું છું તમને ભવના ભયને છોડનારા, જગતને શરણ રૂપ મને શરણભૂત.

**શબ્દાર્થ** - **ઇક્ખાગ** !-ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન, **વિદેહ નરીસર** !-વિદેહ દેશના રાજા, **નરવસહ** !-મનુષ્યોમાં શ્રેષ્ઠ, **મુણિવસહા** !-મુનિઓને વિષે શ્રેષ્ઠ, **નવસારય**-નવીન શરદઋતુના, **સસિસકલાણણ** !-ચંદ્ર જેવા શોભાયમાન મુખવાળા, **વિગયતમા** !-ગયું છે અજ્ઞાન જે થકી એવા, **વિહુઅરયા** !-ટાળ્યા છે કર્મરૂપ રજ

---

* આ ચિત્રલેખા છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેણે એવા, **અજિ**-હે અજિતનાથ, **ઉત્તમતેઅ** !-ઉત્તમ તેજવાળા, **ગુણેહિં**-ગુણો વડે, **મહામુણિ**-મોટા મુનિ વડે, **અમિઅબલા** !-માપી શકાય નહિ (એવા બળવાળા), **વિઉલકુલા** !-વિસ્તીર્ણ કુળવાળા, **પણમામિ**-નમસ્કાર કરું છું, **તે**-તમોને, **ભવભયમૂરણ** !-ભવભયને તોડનારા, **જગસરણા** !-જગતને શરણભૂત, **મમ**-મને, **સરણં**-શરણભૂત છો.

**અર્થ** - હે ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલ, હે વિદેહદેશના રાજા, હે મનુષ્યોમાં શ્રેષ્ઠ, હે મુનિઓમાં શ્રેષ્ઠ, હે નવી શરદઋતુના પૂર્ણ ચંદ્ર જેવા મુખવાળા, હે ચાલી ગયું છે અજ્ઞાન જેમનું એવા, હે દૂર કરી છે કર્મરૂપ રજ જેમને, હે ગુણો વડે ઉત્તમ તેજવાળા, હે મોટા મુનિ ! હે અનંત બળવાળા હે વિશાળ કુળવાળા, હે ભવના ભયને છોડનાર, હે જગતના શરણરૂપ અને મને શરણ આપનાર હે અજિતનાથ ! હું તમને પ્રણામ કરું છું. (૧૩)

(વિવિધ સંબંધોથી શાંતિનાથ પ્રભુની સ્તુતિ)

**દેવદાણવિંદ ! ચંદસૂરવંદ ! હટ્ઠતુટ્ઠજિટ્ઠપરમ-લટ્ઠ-રૂવ !**

હે દેવ અને દાનવના ઈન્દ્ર, ચંદ્ર અને સૂર્યને વંદના કરવા યોગ્ય. હે આરોગ્યવંત, પ્રીતિવંત, પ્રશસ્ય અને અત્યંત કાંતિયુક્ત રૂપવાળા,

**ધંતરૂપ્પપટ્ટસેઅસુદ્ધનિદ્ધધવલદંતપંતિ !**

ધમાવેલ રૂપાના પાટા જેવી સફેદ, નિર્મળ સ્નિગ્ધ અને ઉજજ્વળ દાંતની પંક્તિ છે જેમની,

**સંતિ ! સત્તિકિત્તિમુત્તિજુત્તિગુત્તિપવર ! દિત્તતેઅવંદ ધેઅ !**

હે શાંતિનાથ ! હે શક્તિ, કીર્તિ, નિર્લોભતા, યુક્તિ (ન્યાયયુક્ત વચન) અને ગુપ્તિ વડે શ્રેષ્ઠ, હે દેદીપ્યમાન તેજના સમૂહવાળા, ધ્યાન કરવા યોગ્ય,

**સવ્વલોઅભાવિઅપ્પભાવ ! ણેઅ ! પઈસ મે સમાહિં ॥૧૪॥**

**નારાયઓ ॥***

સર્વ લોકોએ જાણ્યો છે પ્રભાવ જેમનો, હે જાણવા યોગ્ય, આપો મને સમાધિ.

**શબ્દાર્થ** - **દેવદાણવિંદ**-સુર અસુર, ઈંદ્ર, **ચંદ સૂર વંદ** !-ચંદ્ર અને સૂર્યને વંદન કરવા યોગ્ય, **હટ્ઠ**-આરોગ્યવંત, **તુટ્ઠ**-પ્રીતિવંત, **જિટ્ઠ**-પ્રશસ્ય (અને) **પરમ લટ્ઠરૂવ**-અત્યંત કાંતિયુક્ત રૂપવાળા, **ધંતરૂપ્પ**-ધમેલ રૂપાના, **પટ્ટસેય**-પાટા જેવી શ્વેત, **સુદ્ધ નિદ્ધ**-નિર્મળ, સ્નિગ્ધ (અને) **ધવલદંતપંતિ**-ઉજજ્વળ છે દાંતની પંક્તિ જેમની એવા, **સંતિ** !-હે શાંતિનાથ, **સત્તિ કિત્તિ મુત્તિ**-શક્તિ, કીર્તિ, નિર્લોભતા, **જુત્તિગુત્તિપવર** !-યુક્તિ અને ગુપ્તિ વડે શ્રેષ્ઠ, **દિત્તતેઅવંદ**-દેદીપ્યમાન તેજના

---

* આ નારાચક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમૂહવાળા, **ધેઅ**-ધ્યાન કરવા યોગ્ય, **સવ્વલોઅ**-સર્વ લોકોએ, **ભાવિઅપ્પભાવ !**-જાણ્યો છે પ્રભાવ જેમનો એવા, **ણેઅ !**-જાણવા યોગ્ય, **પઈસ**-આપો, **મે**-મને, **સમાહિં**-ચિત્તની સ્વસ્થતા, સમાધિ.

**અર્થ** - હે દેવ અને દાનવના ઈન્દ્ર, ચંદ્ર અને સૂર્યને વંદના કરવા યોગ્ય, હે આરોગ્યવાળા, પ્રીતિવાળા, પ્રશસ્ય અને અત્યંત કાંતિયુક્ત રૂપવાળા, ધમાવેલ રૂપાના પાટા જેવી સફેદ, નિર્મળ, સ્નિગ્ધ અને ઉજ્જવળ દાંતની પંક્તિ છે જેમની, હે શક્તિ, કીર્તિ, નિર્લોભતા, યુક્તિ અને ગુપ્તિ વડે શ્રેષ્ઠ હે દેદીપ્યમાન તેજના સમૂહવાળા, ધ્યાન કરવા યોગ્ય, સર્વ લોકોએ જાણ્યો છે પ્રભાવ જેમનો, હે જાણવા યોગ્ય એવા હે શાંતિનાથ ! મને સમાધિ આપો.

(શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ)

**વિમલસસિકલાઈરેઅસોમં વિતિમિરસૂરકરાઈરેઅતેઅં ।**

નિર્મલ ચંદ્રની પ્રભા કરતાં અધિક સૌમ્યતાવાળા, વાદળાં રહિત સૂર્યના કિરણથી અધિક તેજવાળા,

**[૧]તિઅસવઈગણાઈરેઅ રૂવં, ધરણિધરપ્પવરાઈરેઅસારં ॥૧૫॥**

**કુસુમલયા ॥***

ઈન્દ્રોના સમૂહથી અધિક રૂપવાળા, શ્રેષ્ઠ મેરુ પર્વત કરતાં પણ અધિક દૃઢતાવાળા.

**સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિયં ।**

સત્ત્વને વિષે નિરંતર નહિ જિતાય એવા, શારીરિક બળ વિષે પણ જિતાય નહિ એવા,

**તવ-સંજમે અ અજિઅં. એસ થુણામિ જિણં અજિઅં ॥૧૬॥**

***ભુઅગપરિરિંગિઅં ॥**

તપ તથા સંયમમાં પણ નહિ જિતાયેલા એ પ્રકારે સ્તવના કરું છું જિનેશ્વર શ્રી અજિતનાથને.

**શબ્દાર્થ** - **વિમલસસિકલા**-નિર્મળ ચંદ્રની પ્રભા કરતાં, **અઈરેઅસોમં**-અધિક સૌમ્યતાવાળા, **વિતિમિરસૂરકર**-વાદળાં રહિત સૂર્યના કિરણો કરતાં, **અઈરેઅતેઅં**-અધિક તેજવાળા, **તિઅસવઈગણ**-દેવતાઓના સ્વામી ઇંદ્રના સમુદાય કરતાં,

---

૧. સર્વ દેવતા મળી પોતાનું રૂપ એકત્ર કરી ભગવંતની ટચલી આંગળી પાસે મૂકે તો સુવર્ણ અને તાંબાના રૂપમાં જેટલો અંતર લાગે તેટલો ભગવંતના અને દેવતાના એકઠા કરેલ રૂપમાં લાગે.

* આ કુસુમલતા છંદ છે. તે છંદને ઔપછંદસિક પણ કહે છે.

* આ ભુજંગપરિરિંગિત છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અઈરેઅરૂવં**-અધિક રૂપવાળા, **ધરણિધરપ્પવર**-પર્વતમાંહે શ્રેષ્ઠ (મેરુ પર્વત) કરતાં, **અઈરેઅસારં**-અધિક સ્થિરતાવાળા. **સત્તે**-સત્ત્વ (વ્યવસાય)માં, **અજિઅં**-નહિ જિતાય એવા, **સારીરે બલે**-શરીર સંબંધી બળમાં, **તવસંજમે**-તપ અને ચારિત્રને વિષે, **એસ**-એ પ્રકારે, **જિણં અજિઅં**-અજિતનાથ જિનને.

**અર્થ** - નિર્મળ ચંદ્રની પ્રભા કરતાં વધુ સૌમ્યતાવાળા, વાદળાંરહિત સૂર્યના કિરણથી વધુ તેજવાળા, ઇન્દ્રના સમૂહથી અધિક રૂપવાળા, શ્રેષ્ઠ મેરુ પર્વતથી વધુ દઢતાવાળા, સત્ત્વને (પરાક્રમને) વિષે નિરંતર નહિ જિતાય એવા, શારીરિક બળને વિષે પણ નહિ જિતાએલા, તપ અને સંયમમાં નહિ જિતાએલા, એવા શ્રી અજિતનાથ જિનેશ્વરને હું સ્તવના કરું છું. (૧૫, ૧૬)

(શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ)

**સોમગુણેહિં પાવઈ ન તં નવસરયસસી,**
સૌમ્ય ગુણ વડે પામી શકે નહિ તેને નવા શરદઋતુનો ચંદ્ર,
**તેઅગુણેહિં પાવઈ ન તં નવસરયરવી ।**
તેજ ગુણ વડે પામી શકે નહિ તેને નવીન શરદઋતુનો સૂર્ય,
**રૂવગુણેહિં પાવઈ ન તં તિઅસગણવઈ,**
રૂપ ગુણ વડે પામી શકે નહિ તેને ઇન્દ્ર,
**સારગુણેહિં પાવઈ ન તં ધરણિધરવઈ ॥૧૭॥ ખિજ્જિઅયં ॥***
દઢતા ગુણ વડે, પામી શકે નહિ તેને મેરુ પર્વત.

શબ્દાર્થ - **સોમગુણેહિં**-સૌમ્ય ગુણ વડે, **પાવઈ ન**-ન પામે. (ન પહોંચે) **તં**-તે (અજિતનાથ અથવા શાંતિનાથ)ને, **નવસરયસસી**-નવીન શરદઋતુનો ચંદ્ર, **તેઅગુણેહિં**-તેજ ગુણ વડે, **નવસરયરવી**-નવીન શરદઋતુનો સૂર્ય, **રૂવગુણેહિં**-રૂપ ગુણ વડે, **તિઅસગણવઈ**-દેવસમુદાયના સ્વામી (ઇન્દ્ર), **સારગુણેહિં**-સ્થૈર્ય ગુણ વડે, **ધરણિધરવઈ**-મેરુ પર્વત.

**તિત્થવરપવત્તયં તમરયરહિયં ધીરજણથુઅચ્ચિઅં ચુઅકલિકલુસં ।**
શ્રેષ્ઠ તીર્થના પ્રવર્તક, કર્મ રૂપ રજથી રહિત, ધીર પુરુષો વડે સ્તુતિ કરાયેલ અને પૂજાયેલ, દૂર થયા છે વૈર અને મલિનતા જેના,
**સંતિસુહપ્પવત્તયં તિગરણપયઓ સંતિમહં મહામુણિં સરણમુવણમે ॥૧૮॥ લલિઅયં* ॥**
શાંતિ અને સુખ (મોક્ષ)ના પ્રવર્તક, ત્રણ કરણમાં પ્રયત્નવાળા (મન, વચન,

---

* આ ખીધતક છંદ છે. એને વંશપત્રપતિત પણ કહે છે.
* આ લલિતક છંદ છે.



Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

કાયાથી સાવધાન) શાંતિનાથને હું મહામુનિને શરણે જાઉં છું.

**શબ્દાર્થ** - **તિત્થવર**-શ્રેષ્ઠ તીર્થના, **પવત્તયં**-પ્રવર્તક, **તમરયરહિયં**-અજ્ઞાન અને કર્મરજથી રહિત, **ધીરજણ**-બુદ્ધિવાન પુરુષો વડે, **થુઅચ્ચિઅં**-સ્તુતિ કરાયેલ અને પૂજાયેલ, **ચુઅકલિકલુસં**-ગયાં છે વૈર અને મલિનતા જેનાં એવા, **સંતિસુહ**-મોક્ષસુખના, **પવત્તયં**-પ્રવર્તક, **તિગરણપયઓ**-મન, વચન અને કાયાએ સાવધાન છતો, **સંતિં**-શાંતિનાથને, **મહામુણિં**-મહાજ્ઞાનીને, **સરણં**-શરણે, **ઉવણમે**-જાઉં છું.

**અર્થ** - સૌમ્ય ગુણ વડે તેમને નવીન શરદઋતુનો ચંદ્ર ન પામી શકે, તેજ ગુણ વડે તેમને નવીન શરદઋતુનો સૂર્ય ન પામી શકે, રૂપના ગુણ વડે ઇન્દ્ર તેમને ન પામી શકે અને દઢતા (સ્થિરતા) ગુણ વડે મેરુ પર્વત તેમને પામી શકે નહિ તેવા શ્રેષ્ઠ તીર્થના પ્રવર્તક, કર્મ રૂપ રજથી રહિત, ધીર પુરુષો વડે સ્તુતિ કરાયેલ અને પૂજાયેલ, દૂર થયા છે વૈર અને મલિનતા જેના, મોક્ષના પ્રવર્તક મહામુનિ એવા શ્રી શાંતિનાથનું મન, વચન, કાયાની એકાગ્રતા પૂર્વક હું શરણ સ્વીકારું છું. (૧૭, ૧૮)

(દેવકૃત ભક્તિ વર્ણનથી અજિતનાથ જિન સ્તુતિ)

**વિણઓણયસિરરઇઅંજલિરિસિગણસંથુઅં થિમિઅં,**

વિનય વડે નમેલા, મસ્તકને વિષે રચી છે અંજલિ જેણે એવા ઋષિઓના સમૂહ વડે સ્તુતિ કરાયેલા, નિશ્ચળ,

**વિબુહાહિવધણવઇનરવઇથુઅમહિઅચ્ચિઅં બહુસો ।**

ઇન્દ્ર, કુબેર (શ્રેષ્ઠી), ચક્રવર્તી (રાજા) વડે સ્તવાએલા, વંદાએલા, પૂજાએલા, ઘણી વાર,

**અઇરુગ્ગયસરયદિવાયરસમહિઅસપ્પભં તવસા,**

તત્કાળ ઉદય પામેલ શરદઋતુના સૂર્યની પ્રભાથી અધિક કાંતિવાળા, તપ વડે,

**ગયણંગણ વિયરણસમુઇઅચારણવંદિઅં સિરસા ॥૧૯॥**

**કિસલયમાલા ॥***

આકાશના વિષે વિચરતા ભેગા થયેલા ચારણ મુનિઓ (જંઘાચારણ અને વિદ્યાચારણ)* વડે વંદાયેલા મસ્તક વડે.

**શબ્દાર્થ** - **વિણઓણય**-વિનય વડે નમેલા, **સિરરઇઅંજલિ**-મસ્તકને વિષે

---

* આ કિસલયમાલા નામે છંદ છે.

* ચારણમુનિ મુખ્ય બે પ્રકારના છે : જંઘાચારણ અને વિદ્યાચારણ એ સિવાય બીજા પણ અનેક પ્રકારના ચારણમુનિઓ જ્યોતિરશ્મી ચારણ વગેરે શ્રી પ્રવચનસારોદ્ધારાદિમાં બતાવેલા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોડી છે અંજલિ જેણે એવા, **રિસિગણસંથુઅં**-ઋષિઓના સમુદાય વડે રૂડે પ્રકારે સ્તુતિ કરાયેલા, **થિમિઅં**-નિશ્ચળ, **વિબુહાહિવ**-દેવોના અધિપતિ (ઇંદ્ર), **ધણવઈ**-કુબેર (અને) **નરવઈ**-ચક્રવર્તી વડે, **થુઅમહિઅચ્ચિઅં**-સ્તવાયેલા, નમન કરાયેલા અને પૂજાયેલા, **બહુસો**-ઘણીવાર, **અઈરુગ્ગય**-તત્કાળ ઊગેલ, **સરયદિવાયર**-શરદઋતુના સૂર્ય કરતાં, **સમહિઅ**-અત્યંત અધિક, **સપ્પભં**-શોભનિક કાંતિવાળા, **તવસા**-તપ વડે, **ગયણંગણ**-આકાશરૂપી આંગણા વડે વંદાયેલા, **સિરસા**-મસ્તક વડે.

**અસુરગરુલપરિવંદિઅં, કિન્નરોરગનમંસિઅં ।**

અસુરકુમાર સુવર્ણકુમાર વગેરે ભવનપતિ દેવો વડે સમસ્ત પ્રકારે વંદાએલા કિન્નર અને મહોરગ વ્યંતર વડે નમસ્કાર કરાયેલા,

**દેવકોડિસયસંથુઅં, સમણસંઘપરિવંદિઅં ॥૨૦॥ સુમુહં ॥***

સેંકડો ક્રોડ વૈમાનિક દેવો વડે સ્તવાયેલ, શ્રમણ સંઘ વડે સમસ્ત પ્રકારે વંદાયેલા.

**શબ્દાર્થ** - **અસુરગરુલ**-અસુરકુમાર અને સુવર્ણકુમાર વગેરે ભવનવાસી દેવો વડે, **પરિવંદિઅં**-સમસ્ત પ્રકારે વંદાયેલા, **કિન્નરોરગ**-કિંનર અને મહોરગ વગેરે વ્યંતર દેવો વડે, **નમંસિઅં** = નમસ્કાર કરાયેલા, **દેવકોડિસય** = સેંકડો કોટી વૈમાનિક દેવ વડે. **સંથુઅં**-સ્તુતિ કરાયેલા, **સમણસંઘ**-શ્રમણ સંઘ વડે, **પરિવંદિઅં**-સમસ્ત પ્રકારે વંદાયેલા.

**અભયં અણહં અરયં અરુયં ।**

ભયરહિત પાપરહિત આસક્તિ રહિત રોગ રહિત.

**અજિઅં અજિઅં પયઓ પણમે ॥૨૧॥ વિજ્જુવિલસિઅં ॥***

નહિ જિતાએલ અજિતનાથને આદર વડે પ્રણામ કરું છું.

**શબ્દાર્થ** - **અભયં**-ભય રહિત, **અણહં**-પાપ રહિત, **અરયં**-આસક્તિ રહિત, **અરુયં**-રોગ રહિત, **અજિઅં**-નહિ જિતાયેલા, **અજિઅં**-અજિતનાથને, **પયઓ**-આદર વડે, **પણમે**-પ્રણામ કરું છું.

**અર્થ** - વિનય વડે નમેલા, મસ્તકને વિષે રચી છે અંજલિ જેને એવા મુનિઓના સમૂહ વડે સ્તુતિ કરાયેલા, નિશ્ચળ (સ્થિર ઉભા રહેલા) ઇન્દ્ર, કુબેર અને ચક્રવર્તી વડે ઘણી વાર સ્તુતિ કરાયેલ, વંદાએલ અને પૂજાયેલ, તપ વડે તત્કાળ ઉદય પામેલ શરદઋતુના સૂર્યની પ્રભાથી અધિક કાંતિવાળા, આકાશરૂપી આંગણાને વિષે વિચરતા ભેગા થયેલા ચારણ મુનિઓ વડે મસ્તક વડે વંદાએલા,

---

* આ સુમુખ છંદ છે.

* આ વિદ્યદ્વિલસિત છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસુરકુમાર સુવર્ણકુમાર વગેરે ભવનપતિ દેવો વડે સમસ્ત પ્રકારે વંદન કરાયેલ, કિન્નર અને મહોરગ વ્યંતર દેવો વડે નમસ્કાર કરાયેલ, સેંકડો ક્રોડ વૈમાનિક દેવો વડે સ્તુતિ કરાયેલ, શ્રમણ સંઘ વડે સમસ્ત પ્રકારે વંદાએલ, ભય રહિત, પાપ રહિત, આસક્તિ રહિત, રોગ રહિત, નહિ જિતાયેલ એવા શ્રી અજિતનાથને આદર વડે પ્રણામ કરું છું. (૧૯, ૨૦, ૨૧)

(દેવકૃત ભક્તિ વર્ણનથી શાંતિનાથ જિન સ્તુતિ)

**આગયા વરવિમાણદિવ્વકણગ-રહતુરયપહકરસએહિં હુલિઅં ।**

આવેલા શ્રેષ્ઠ વિમાન અને દિવ્ય સુવર્ણમય રથ અને ઘોડાના સમૂહ સેંકડો વડે શીઘ્ર,

**સસંભમોઅરણખુભિઅલુલિચચલકુંડલંગયતિરીડસોહંતમઉલિ માલા ॥૨૨॥ વેઙ્ઢઓ ॥***

સંભ્રમ વડે આકાશથી ઊતરતા ક્ષુભિત ચિત્તવાળા હોવાથી ડોલતા ચંચલ કુંડલ, બાજુબંધ, મુકુટ તથા શોભતી છે મસ્તકની માળા જેમની.

**શબ્દાર્થ** - **આગયા**-આવેલા, **વરવિમાણ**-શ્રેષ્ઠ વિમાન, **દિવ્વકણગ**-મનોહર સુવર્ણમય, **રહતુરય**-રથ અને અશ્વના, **પહકરસએહિં**-સમૂહના સેંકડો વડે કરી, **હુલિઅં**-શીઘ્ર, **સસંભમોઅરણ**-ઉતાવળે આકાશ થકી ઊતરવા વડે, **ખુભિઅ લુલિઅ**-ક્ષુભિત ચિત્તવાળા છતે ડોલતાં, **ચલકુંડલ**-ચંચળ કુંડલ, **અંગયતિરીડ**-બાજુબંધ અને મુકુટ, **સોહંતમઉલિમાલા**-શોભતી છે મસ્તકની માળા જેમની એવા.

**જં સુરસંઘા સાસુરસંઘા વેરવિઉત્તા ભત્તિસુજુત્તા,**

જે ભગવંતને દેવ સમુદાય અસુરના સમુદાય રહિત, વૈર રહિત, ભક્તિથી સારી રીતે યુક્ત,

**આયરભૂસિઅ-સંભમપિંડિઅ-સુટ્ઠુસુવિમ્હિય-સવ્વબલોઘા ।**

આદર વડે શોભિત, સંભ્રમ વડે એકત્ર થયેલ, અતિશય વિસ્મિત થયેલા છે, સર્વ જાતના સૈન્યના સમૂહ જેમના એવા,

**ઉત્તમકંચણરયણપરૂવિયભાસુરભૂસણભાસુરિઅંગા,**

શ્રેષ્ઠ સુવર્ણ અને રત્ન વડે વિશેષ રૂપ યુક્ત કરેલા દેદીપ્યમાન આભૂષણ વડે શોભાયમાન છે અંગો જેના,

**ગાયસમોણયભત્તિવસાગયપંજલિપેસિયસીસપણામા ॥૨૩॥ રયણમાલા ॥***

---

* આ વેષ્ટક નામા છંદ છે.

* આ રયણમાળા છંદ છે. તેનું પ્રત્યેક પાદ ૩૨ માત્રાવાળું હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીર વડે નમેલા ભક્તિના વશથી આવેલા અને અંજલિ વડે કર્યો છે મસ્તક ઉપર પ્રણામ જેણે. (એવા દેવોનો સમૂહ)

**શબ્દાર્થ** - **જં**-જે ભગવંતને, **સુરસંઘા**-દેવસમુદાયો, **સાસુરસંઘા**-અસુરના સમુદાય સહિત, **વેરવિઉત્તા**-વૈરરહિત, **ભત્તિસુજુત્તા**-ભક્તિ વડે સહિત, **આયરભૂસિય**-આદર વડે શોભિત, **સંભમપિંડિઅ**-ઉતાવળે એકત્ર થયેલ, **સુટ્ઠુસુવિમ્હિય**-અતિશય વિસ્મિત થયેલ છે, **સવ્વબલોઘા**-સર્વ જાતનાં સૈન્યના સમૂહ જેમના એવા, **ઉત્તમકંચણરયણ**-શ્રેષ્ઠ સુવર્ણ અને રત્નવડે, **પરૂવિય**-વિશેષ રૂપયુક્ત કરેલા, **ભાસુરભૂસણ**-દેદીપ્યમાન આભૂષણ વડે, **ભાસુરિઅંગા**-શોભાયમાન છે અંગો જેમના એવા, **ગાયસમોણય**-શરીર વડે નમેલા, **ભત્તિવસાગય**-ભક્તિને લીધે આવેલા (અને) **પંજલિપેસિય**-અંજલિ વડે કર્યો છે, **સીસપણામા**-મસ્તક વડે પ્રણામ.

**વંદિઊણ થોઊણ તો જિણં તિગુણમેવ ય પુણો પયાહિણં ।**

(જે ભગવંતને) વંદન કરીને, સ્તવના કરીને તે પછી જિનેશ્વરે ત્રણ વખત જ ફરીથી પ્રદક્ષિણા કરીને,

**પણમિઊણ ય જિણં સુરાસુરા પમુઈઆ સભવણાઈં તો ગયા ॥૨૪॥ ખિત્તયં ॥***

પ્રણામ કરીને અને જિનેશ્વરને દેવદાનવ આનંદિત થયેલા પોતાના ભવન તરફ તે પછી ગયા.

**શબ્દાર્થ** - **વંદિઊણ**-વાંદીને, **થોઊણ**-સ્તુતિ કરીને, **તો**-તે પછી, **તિગુણમેવ**-ત્રણ વખત જ, **પુણો**-ફરીથી, **પયાહિણં**-પ્રદક્ષિણા કરીને, **પણમિઊણ**-પ્રણામ કરીને, **સુરાસુરા**-સુરો અને અસુરો, **પમુઈઆ**-આનંદિત થયેલા, **સભવણાઈ**-પોતાનાં ભવનો પ્રત્યે, ગયા-જતા હતા.

**તં મહામુણિમહંપિ પંજલી રાગદોસભયમોહવજ્જિઅં ।**

તે મહામુનિને હું પણ અંજલિ કરી છે જેને, રાગ, દ્વેષ, ભય અને મોહ રહિત.

**દેવદાણવનરિંદવંદિઅં સંતિમુત્તમં મહાતવં નમે ॥૨૫॥ ખિત્તયં ॥***

દેવ, દાનવ અને રાજાઓ વડે વંદાયેલ, શાંતિનાથને શ્રેષ્ઠ અને મોટા તપવાળા નમસ્કાર કરું છું.

**શબ્દાર્થ** - **તં**-તે, **મહામુણિં**-મહા મુનિઓ છે શિષ્ય જેમના એવા, **અહંપિ**-હું પણ, **પંજલી**-અંજલિ કરી છે જેણે એવો, **રાગદોસ**-રાગ, દ્વેષ, **ભયમોહવજ્જિયં**-

---

* આ ક્ષિપ્તક છંદ છે.

* આ ક્ષિપ્તક છંદ છે. આ ક્ષિમક બીજો જાણવો. રથોદ્ધતા છંદ પણ આ પ્રમાણે હોય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભય અને મોહથી રહિત, **દેવદાણવ**-દેવ, દાનવ (અને), **નરિંદવંદિઅં**-રાજાઓ વડે વંદાયેલા, **સંતિં**-શાંતિનાથને, **ઉત્તમં**-ઉત્તમ, **મહાતવં**-વિશાળ તપવાળા, **નમે**-નમસ્કાર કરું છું.

**અર્થ** - શ્રેષ્ઠ વિમાન અને દિવ્ય, સુવર્ણમય સેંકડો રથ અને ઘોડાના સમૂહ વડે શીઘ્ર આવેલા, સંભ્રમ વડે આકાશથી ઊતરતાં ક્ષુભિત ચિત્તવાળા હોવાથી ડોલતા ચંચલ કુંડલ, બાજુબંધ, મુકુટ તથા શોભતી છે મસ્તકની માળા જેમની, (૨૨) વૈરરહિત, ભક્તિથી. સારી રીતે યુક્ત, આદર વડે શોભિત, **સંભ્રમ** વડે એકત્ર થયેલ, અતિશય વિસ્મિત થયેલા છે સર્વ જાતના સૈન્યના સમૂહ જેમના, શ્રેષ્ઠ સુવર્ણ અને રત્ન વડે વિશેષ રૂપ યુક્ત કરેલા દેદીપ્યમાન આભૂષણ વડે શોભાયમાન છે અંગો જેમના, શરીર વડે નમેલા, ભક્તિના વશથી આવેલા અને અંજલિ વડે કર્યો છે મસ્તક ઉપર પ્રણામ જેમને, એવા દેવસમુદાયો જે ભગવંતને (૨૩) વંદન કરીને, તે પછી જિનની સ્તવના કરીને, વળી ફરીથી ત્રણ વખત પ્રદક્ષિણા કરીને અને જિનને પ્રણામ કરીને આનંદિત થયેલા દેવ-દાનવ ત્યાંથી પોતાના ભવન તરફ પાછા ગયા, (૨૪) તે ભગવંતને જે મહામુનિ છે રાગ, દ્વેષ ભય અને મોહથી રહિત છે, દેવ, દાનવ અને રાજા વડે વંદાયેલા છે, શ્રેષ્ઠ અને વિશાળ તપવાળા એવા શ્રી શાંતિનાથને અંજલિ કરી છે જેણે એવો હું નમસ્કાર કરું છું. (૨૨, ૨૩, ૨૪, ૨૫)

(દેવાંગનાઓની ભક્તિના વર્ણન સાથે અજિતનાથ ભગવાનની સ્તુતિ)

**અંબરંતરવિઆરણિઆહિં લલિઅહંસવહુગામિણિઆહિં ।**

આકાશના અંતરાલમાં વિચરનારી, મનોહર હંસલીની જેમ ચાલનારી,

**પીણસોણિથણસાલિણિઆહિં સકલકમલદલલોઅણિઆહિં ॥૨૬॥ દીવયં ॥***

પુષ્ટ કેડની નીચેનો ભાગ અને સ્તનો વડે શોભતી, કલાયુક્ત-ખીલેલા કમળના પાંદડા જેવા નયનોવાળી.

**શબ્દાર્થ** - **અંબરંતર**-આકાશના અંતરાલે, **વિઆરણિઆહિં**-વિચરનારી, **લલિઅહંસવહુ**-મનોહર હંસીની પેઠે, **ગામિણિઆહિં**-ગમન કરનારી, **પીણસોણિથણ**-પુષ્ટ કટીતટ અને સ્તન વડે, **સાલિણિઆહિં**-શોભતી, **સકલકમલદલ**-ખીલેલા કમળનાં પાંદડાં જેવા, **લોઅણિઆહિં**-નેત્રવાળી.

**પીણનિરંતરથણભરવિણમિઅગાચલઆહિં,**

પુષ્ટ અને અંતરરહિત એવા સ્તનોના ભારથી વિશેષ નમી ગયેલ શરીર

---

* આ પ્રથમનો દીપક છંદ છે. એનું બીજું નામ મંડિલ છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપ વેલડીવાળી,

**મણિકંચણપસિઢિલમેહલસોહિઅસોણિતડાહિં ।**

મણિ અને સુવર્ણની બનાવેલ વિશેષ ઢીલી મેખલા (કંદોરા) વડે શોભાયમાન છે કેડનો પ્રદેશ જેનો,

**વરખિંખિણિનેઉરસતિલયવલયવિભૂસણિઆહિં,**

શ્રેષ્ઠ ઘૂઘરીઓવાળા ઝાંઝર અને ટપકીવાળા કંકણ (વલય) વડે સુશોભિત એવી,

**રઈકર ચઉર મણોહર સુંદરદંસણિઆહિં ॥૨૭॥ ચિત્તક્ખરા ॥***

પ્રીતિ ઉપજાવનારી, ચતુર જનના મનને હરનારી, સુંદર દર્શનવાળી.

**શબ્દાર્થ** - **પીણ નિરંતર**-મોટો અને ગાઢ (અંતર રહિત), **થણભર**-સ્તનના ભાર વડે, **વિણમિઅ**-વિશેષે નમેલાં છે, **ગાયલઆહિં**-ગાત્ર જેનાં એવી, **મણિકંચણ**-મણિ અને સુવર્ણની, **પસિઢિલ**-વિશેષે શિથિલ, **મેહલસોહિઅ**-મેખલા વડે શોભાયમાન છે, **સોણિતડાહિં**-કટીપ્રદેશ જેનો એવી, **વરખિંખિણિનેઉર**-શ્રેષ્ઠ ઘૂઘરીઓવાળા ઝાંઝર, **સતિલયવલય**-સુંદર તિલક અને કંકણ વડે, **વિભૂસણિઆહિં**-વિશેષે શોભિત એવી, **રઈકર**-પ્રીતિ કરનારું, **ચઉરમણોહર**-ચતુર જનના મનને હરણ કરનારું, **સુંદરદંસણિઆહિં**-સુંદર છે દર્શન જેનું એવી.

**દેવસુંદરીહિં પાયવંદિઆહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા,**

દેવાંગનાઓ વડે, પગમાં વંદન કરતી, વંદાયેલા અને જેમના તે ઘણા પરાક્રમવાળા, બે ચરણો,

**અપ્પણો નિડાલએહિં મંડણોડ્ડણપ્પગારએહિં કેહિં કેહિં વિ ।**

પોતાના લલાટે કરીને આભૂષણની રચનાના પ્રકાર વડે કેવા કેવા પ્રકારો તે વળી,

**અવંગતિલયપત્તલેહનામએહિં ચિલ્લએહિં સંગયંગયાહિં,**

અપાંગ (નેત્રને વિષે અંજનની રચના-આંખે કાજળ) તિલક, પત્રલેખા (કસ્તૂરી વગેરેની કપાળ ઉપર કરેલી પત્રલેખા-કપાળે તિલક) નામ છે જેનાં, દેદીપ્યમાન, પ્રમાણોપેત અંગવાળી,

**ભત્તિસન્નિવિટ્ઠવંદણાગયાહિં હુંતિ તે વંદિયા પુણો પુણો ॥૨૮॥ નારાયઓ ॥***

---

* આ ચિત્રાક્ષરા છંદ છે.

* આ બીજો બીજો નારાયક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિ વડે વ્યાપ્ત વંદના કરવા આવેલી છે તે બે ચરણો વંદાયેલા છે. વળી ફરીથી.

**શબ્દાર્થ** - **દેવસુંદરીહિં**-દેવાંગનાઓ વડે, **પાયવંદિઆહિં**-પગમાં વંદન કરતી, **વંદિઆ**-વંદાયેલા, **જસ્સ**-જે ભગવંતનાં, **તે**-તે બે, **સુવિક્કમા**-પરાક્રમવાળા, **કમા**-ચરણો, **અપ્પણો**-પોતાના, **નિડાલએહિં**-લલાટ વડે, **મંડણોડ્ડણ**-આભૂષણની રચનાના, **પ્પગારએહિં**-પ્રકારો વડે, **કેહિં કેહિં વિ**-કેવા કેવા (પ્રકારો) વડે ? **અવંગતિલય**-અપાંગ, તિલક, **પત્તલેહનામએહિં**-પત્રલેખ નામના, **ચિલ્લએહિં**-દેદીપ્યમાન, **સંગય**-મળ્યા છે, **અંગયાહિં**-અંગો જેનાં એવી, **ભત્તિસન્નિવિટ્ઠ**-ભક્તિ વડે વ્યાપ્ત, **વંદણ**-વંદન કરવાને, **આગયાહિં**-આવેલી, **હુંતિ**-છે.

**તમહં જિણચંદં અજિઅં જિઅમોહં ।**

તેમને હું જિનચંદ્રને અજિતનાથને જીત્યા છે મોહ જેને,

**ધુયસવ્વકિલેસં પયઓ પણમામિ ॥૨૯॥ નંદિઅયં ॥***

દૂર કર્યા છે. સર્વ દુઃખો જેણે આદર પૂર્વક નમસ્કાર કરું છું.

**શબ્દાર્થ** - **તં**-તેને, **અહં**-હું, **જિણચંદં**-જિનચંદ્રને, **અજિઅં**-અજિતનાથને, **જિઅમોહં**-જીત્યો છે મોહ જેણે એવા, **ધુય**-ટાળ્યાં છે, **સવ્વકિલેસં**-સર્વ દુઃખો જેણે એવા, **પયઓ**-આદર વડે, **પણમામિ**-પ્રણામ કરું છું.

**અર્થ** - આકાશના અંતરાલમાં (મધ્યમાં) વિચરનારી, મનોહર હંસલીની જેમ ચાલનારી, પુષ્ટ એવા કેડના ભાગ અને સ્તનો વડે શોભતી, કલાયુક્ત-ખીલેલા કમળના પાંદડાં જેવા નયનોવાળી, મણિ અને સુવર્ણની બનાવેલ વિશેષ ઢીલી મેખલા (કંદોરા) વડે શોભાયમાન છે કેડનો પ્રદેશ જેનો, શ્રેષ્ઠ ઘૂઘરીઓવાળા ઝાંઝર અને ટપકીવાળા કંકણ (વલય) વડે સુશોભિત એવી, પ્રીતિ ઉપજાવનારી, ચતુર જનના મનને હરનારી, સુંદર દર્શનવાળી, (અજિત) ચરણોને નમેલી આભૂષણની રચનાના પ્રકારો વડે તે વળી કેવા કેવા પ્રકારો ? અપાંગતિલક (આંખે કાજળ) અને પત્રલેખા (કપાળે તિલક) નામ વડે દેદીપ્યમાન પ્રમાણોપેત અંગવાળી, ભક્તિપૂર્વક વંદન માટે આવેલી દેવાંગનાઓ (વડે) પોતાના લલાટો વડે જેમના ઘણા પરાક્રમવાળા ચરણો વંદાયા છે તથા ફરી ફરી વંદાયા છે જેમના તે મોહને સર્વથા જિતનારા, દૂર કર્યા છે સર્વ દુઃખો જેણે તેવા શ્રી જિનેશ્વર શ્રી અજિતનાથને હું આદરપૂર્વક નમસ્કાર કરું છું. (૨૬, ૨૭, ૨૮, ૨૯)

**થુઅવંદિઅયસ્સા રિસિગણદેવગણેહિં તો દેવવહુહિં પયઓ પણમિઅસ્સા ।**

સ્તુતિ કરાયેલ, વંદન કરાયેલ, ઋષિઓના સમુદાય અને દેવોના સમુદાય વડે,

---

* આ નંદિતક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી દેવીઓ વડે આદરપૂર્વક પ્રણામ કરાયેલા,

**જસ્સ જગુત્તમસાસણઅસ્સા ભત્તિવસાગયપિંડિઅયાહિં ।**

(મોક્ષ આપવાને શક્તિમાન હોવાથી) જેમનું જગતને વિષે ઉત્તમ છે શાસન, ભક્તિના વશે આવીને ભેગી થયેલી,

**દેવવરચ્છરસા બહુઆહિં સુરવરરઈગુણપંડિઅયાહિં ॥૩૦॥ ભાસુરયં ॥***

નર્તકવાદક શ્રેષ્ઠ દેવ અને નૃત્યકુશળ દેવાંગનાઓ વડે, ઘણા, દેવોની સાથે રતિક્રીડા રૂપ ગુણને વિષે પંડિતા.

**શબ્દાર્થ** - **થુઅ**-સ્તુતિ કરાયેલા (અને) **વંદિઅયસ્સા**-વંદન કરાયેલા, **રિસિગણ**-ઋષિસમુદાય (અને) **દેવગણેહિં**-દેવ સમૂહ વડે, **તો**-તે પછી, **દેવવહુહિં**-દેવીઓ વડે, **પયઓ**-સાવધાનપણે, **પણમિઅસ્સા**-પ્રણામ કરાયેલા, **જસ્સ**-મોક્ષ આપવાને શક્તિમાન, **જગુત્તમ**-જગતને વિષે ઉત્તમ, **સાસણઅસ્સા**-શાસન છે જેનું એવા, **ભત્તિવસાગય**-ભક્તિના વશે આવવાથી, **પિંડિઅયાહિં**-એકત્ર થયેલા, **દેવવરચ્છરસા**-નર્તકવાદક શ્રેષ્ઠ દેવ અને નૃત્યકુશળ દેવાંગનાઓ વડે યુક્ત, **બહુઆહિં**-બહુ, **સુરવર**-દેવોની સાથે શ્રેષ્ઠ, **રઈગુણ**-રતિ, ક્રીડારૂપ ગુણને વિષે, **પંડિઅયાહિં**-પંડિતા, ડાહી.

(શ્રી શાંતિનાથ પ્રભુની દેવાંગનાઓએ કરેલી સ્તુતિ)

**વંસસદ્દતંતિતાલમેલિએ[1] તિઉક્ખરાભિરામસદ્દમીસએ કએ અ ।**

વાંસળીનો શબ્દ, વીણા અને તાલ (ચપટી, પટહાદિ ઢોલના તાલ અથવા કાંસી, કરતાલ વગેરેના તાલ) મળ્યે છતે, ત્રિપુષ્કર નામના વાજિંત્રના મનોહર શબ્દ વડે મિશ્રિત કર્યે છતે,

**સુઈસમાણણે અ [2]સુદ્ધ[3]સજ્જગીયપાયજાલઘંટિઆહિં,**

સાંભળવાનું સમાનપણું કર્યે છતે, નિર્દોષ અને ગુણયુક્ત ગીતો ગાનારી, પગમાં જાળના આકારવાળી ઘૂઘરાવાળી,

**વલયમેહલાકલાવનેઉરાભિરામસદ્દમીસએ કએ અ ।**

વલય, કટિસૂત્ર (કંદોરો), કલાપ (ઘણી સેરવાળાં કટિસૂત્ર) અને ઝાંઝરના મનોહર શબ્દ વડે મિશ્રિત કર્યે છતે,

---

* આ ભાસુરક છંદ છે.

૧. એક મુખવાળા અને બે મુખવાળા વાજિંત્ર મળીને ત્રણ મુખવાળું વાજિંત્ર તે ત્રિપુષ્કર. ૨. અનુનાસિકાદિ દોષરહિત શુદ્ધ ઉચ્ચારવાળું. ૩. ષડ્જ, મયૂર, કેકા શંખ આદિના શબ્દો વડે (સદ્દ) સારું અથવા સદ્ય તત્કાળ ગાયેલું, એવો અર્થ પણ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દેવનટ્ટિઆહિં[૪] હાવ[૫] ભાવ[૬] વિબ્ભમ[૭]પ્પગારએહિં[૮],**

દેવનર્તકીઓ વડે હાવ, ભાવ અને વિલાસના પ્રકાર વડે,

**નચ્ચિઊણ [૯]અંગહારએહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા [૧૦]કમા,**

નૃત્ય કરીને અંગના વિક્ષેપ વડે વંદાએલા, મોક્ષને આપનાર તે પરાક્રમવાળા બે ચરણ કમળો,

**તયં તિલોયસવ્વસત્તસંતિકારયં પસંતસવ્વપાવદોસમેસહં,**

તે (શ્રી શાંતિનાથ) ત્રણ લોકના સર્વ પ્રાણીઓના શાંતિ કરનાર, વિશેષ શાંત થયાં છે સર્વ પાપ, દોષ જેમના એવા એમને હું,

**નમામિ સંતિમુત્તમં જિણં ॥૩૧॥ નારાયઓ ॥***

નમસ્કાર કરું છું શાંતિનાથ ઉત્તમ જિનેશ્વરને.

**શબ્દાર્થ** - **વંસસદ**-વેણુધ્વનિ, **તંતિતાલમેલિએ**-વીણા અને ચપટી પટહાદિ મળ્યે છતે, **તિઉક્ખર**-ત્રિપુષ્કર નામના વાજિંત્રના, **અભિરામ**-મનોહર, **સદ્દમીસએ કએ**-શબ્દ વડે મિશ્રિત કર્યે છતે, **સુઈસમાણણે**-સાંભળવાનું સમાનપણું કર્યે છતે, **સુદ્ધ**-શુદ્ધ ઉચ્ચારણવાળું, **સજ્જગીય**-અધિક ગુણવાળા ગીત વડે સહિત, **પાયજાલ**-પગને વિષે જાળીના આકારવાળી, **ઘંટિઆહિં**-ઘૂઘરીઓ વડે ઉપલક્ષિત છતે, **વલય મેહલા**-બલિયાં (ચૂડીઓ), કંદોરો, **કલાવ નેઉર**-કલાપ (સમૂહ) અને ઝાંઝરના, **અભિરામસદ્દ**-મનોહર શબ્દ વડે, **મીસએ કએ**-મિશ્રિત કર્યે છતે, **દેવનટ્ટિઆહિં**-દેવનર્તકીઓ વડે, **હાવભાવવિબ્ભમ**-હાવ, ભાવ અને વિલાસના, (શૃંગારિક ચેષ્ટાના) **પ્પગારએહિં**-પ્રકારવાળા, **નચ્ચિઊણ**-નૃત્ય કરીને, (નાચીને), **અંગહારએહિં**-અંગના વિક્ષેપે (મરોડે) કરીને, **વંદિઆ**-વંદાયેલા છે, **જસ્સ**-જે (ભગવાન)નાં, **તયં**-તે (શાંતિનાથ), **તિલોયસવ્વસત્ત**-ત્રણ ભુવનના સર્વ પ્રાણીઓને, **સંતિકારયં**-શાંતિના કરનારા, **પસંત**-વિશેષે શાંત થયાં છે, **સવ્વપાવદોસં**-સર્વ પાપ અને દોષ જેનાં એવા, **એસ**-આ, **અહં**-હું.

**અર્થ** - ભક્તિના વશથી એકત્ર થયેલી, દેવોની સાથે રતિક્રીડા રૂપ ગુણને વિષે પંડિતા, એવી નર્તકવાદક ઘણા શ્રેષ્ઠ દેવોની નૃત્યકુશળ દેવાંગનાઓ વડે

---

૪. નૃત્યકળામાં કુશળ એવી દેવાંગનાઓ. ૫. મુખની ચેષ્ટાદિ બહુ કામવિકારવાળો અભિપ્રાય. ૬. ચિત્તમાં રહેલ અલ્પ કામવિકારનો અભિપ્રાય. ૭. વાણી, વસ્ત્ર અને ભૂષણ વગેરેનું ભ્રમથી સ્થાન બદલાવું અથવા વિલાસ. ૮. નેત્ર, મુખ વગેરેના વિકારી ફેરફાર. ૯. હાથ, આંગળી પ્રમુખ અંગના લટકા-અભિનય વડે. ૧૦. શોભિત પંડિત જનોનો આચાર જેના સમીપે છે, એવો અર્થ પણ થાય છે.

* આ અન્ય નારાચક છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાંસળીના શબ્દ, વીણા અને તાલ મળે છતે, ત્રિપુષ્કર વાજિંત્રના મનોહર શબ્દ વડે મિશ્રિત કર્યે છતે, સાંભળવાનું સમાનપણું કર્યે છતે, નિર્દોષ અને ગુણયુક્ત ગીતો ગાનારી તથા પગે જાળીના આકારવાળા ઘૂઘરા બાંધેલી એવી દેવનર્તકીઓ વડે વલય (ચૂડીઓ), કટિસૂત્રના, સમૂહ અને ઝાંઝરના મનોહર શબ્દ વડે મિશ્રિત કર્યે છતે, હાવ ભાવ અને વિભ્રમ (શૃંગાર)ના પ્રકારવાળા અંગના વિક્ષેપ (મરોડ) વડે નૃત્ય કરીને, મોક્ષ આપનાર જે જગતમાં ઉત્તમ શાસનવાળા, ઋષિસમુદાય અને દેવોના સમુદાય વડે સ્તવના કરાયેલ અને વંદાયેલ પાછળથી દેવવધૂઓ વડે પ્રણામ કરાએલા એવા પરાક્રમવાળા જેમનાં બંને ચરણકમળો વંદાય છે તે ત્રણે લોકમાં શાંતિ કરનાર, સર્વ પાપ અને દોષથી રહિત ઉત્તમ શ્રી શાંતિનાથ જિનેશ્વરને નમસ્કાર કરું છું. (૩૦, ૩૧)

(અજિતનાથ પ્રભુ તથા શાંતિનાથ પ્રભુની સ્તુતિઓ)

**છત્તચામરપડાગજુઅજવમંડિઆ,**

છત્ર, ચામર, પતાકા, યૂપ (યજ્ઞસ્તંભ) અને જવ (લક્ષણો) વડે શોભિત,

**ઝયવરમગરતુરયસિરિવચ્છસુલંછણા ।**

શ્રેષ્ઠ ધ્વજ, મગર, ઘોડો અને શ્રીવત્સ એવા શુભ લાંછનો છે જેમને,

**દીવસમુદ્દમંદરદિસાગયસોહિયા,**

દ્વીપ સમુદ્ર, મેરુ પર્વત અને (ઐરાવણ હાથીના ચિહ્નથી શોભિત) દિગ્ગજકૂટ વડે શોભિત,

**સત્થિહવસહસીહરહચક્કવરંકિયા ॥૩૨॥ લલિઅયં ॥***

સ્વસ્તિક વૃષભ, સિંહ, રથ અને શ્રેષ્ઠ ચક્રથી અંકિત.

**શબ્દાર્થ - છત્તચામરપડાગ**-છત્ર, ચામર, પતાકા, **જુઅજવમંડિઆ**-યૂપ (થાંભલો) અને જવ વડે સુશોભિત, **ઝયવર**-શ્રેષ્ઠ ધ્વજ, **મગર તુરય**-મગર, અશ્વ (અને) **સિરિવચ્છસુલંછણા**-શ્રીવત્સ એ શોભાયમાન છે લંછનો જેને એવા, **દીવ સમુદ મંદર**-દ્વીપ, સમુદ્ર, મેરુ પર્વત (અને) **દિસાગયસોહિયા**-દિગ્ગજ (અને) **ચક્કવરંકિયા**-ચક્ર વડે શ્રેષ્ઠ રીતે ચિન્હિત.

**સહાવલટ્ઠા સમપ્પઈટ્ઠા અદોસદુટ્ઠા ગુણેહિં જિટ્ઠા ।**

સ્વભાવથી સુંદર, સમતા ભાવમાં સ્થિર, દોષ વડે વિકાર નહિ પામેલા, ગુણો વડે શ્રેષ્ઠ,

**પસાયસિટ્ઠા તવેણ પુટ્ઠા, સિરીહિં ઇટ્ઠા રિસીહિં જુટ્ઠા ॥૩૩॥ વાણવાસિઆ ॥***

---

* આ બીજો લલિતક છંદ છે. * આ વાનવાસિકા છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃપા કરવામાં શ્રેષ્ઠ, તપ વડે પુષ્ટ, લક્ષ્મીથી પૂજાયેલા, ઋષિઓથી સેવાયેલા.

**શબ્દાર્થ** - **સહાવલટ્ઠા**-સ્વભાવે કરીને શોભાયમાન, **સમપ્પઈટ્ઠા**-સરખી ભૂમિને વિષે રહેલા, **અદોસદુટ્ઠા**-દોષ વડે અદુષ્ટ, **ગુણેહિં**-ગુણો વડે, **જિટ્ઠા**-જયેષ્ઠ. (મોટા), **પસાયસિટ્ઠા**-નિર્મળતા વડે શ્રેષ્ઠ, **તવેણ**-તપ વડે, **પુટ્ઠા**-પુષ્ઠ, **સિરીહિં**-લક્ષ્મી દેવી વડે, **ઈટ્ઠા**-પૂજિત, **રિસીહિં**-મુનિઓ વડે, **જુટ્ઠા**-સેવાયેલા.

**તે તવેણ ધુઅસવ્વપાવયા, સવ્વલોઅહિઅમૂલપાવયા ।**

તેઓને તપ વડે દૂર કર્યા છે સર્વ પાપ જેમણે, સર્વ લોકના હિતના મૂળને પ્રાપ્ત કરાવનારા,

**સંથુઆ અજિઅસંતિપાયયા, હુંતુ મે સિવસુહાણદાયયા ॥૩૪॥**

**અપરાંતિકા ॥***

સારી રીતે સ્તવેલા છે, પૂજ્ય એવા શ્રી અજિતનાથ તથા શ્રી શાંતિનાથ, થાઓ મને શિવસુખને આપનારા.

**શબ્દાર્થ** - **તવેણ**-તપ વડે, **ધુઅસવ્વપાવયા**-ટાળ્યાં છે સર્વ પાપ જેણે એવા, **સવ્વલોઅ**-સર્વ લોકના, **હિઅમૂલપાવયા**-હિતના મૂળને પ્રાપ્ત કરાવનાર, **સંથુઆ**-સ્તુતિ કરાયેલા, **પાયયા**-પૂજ્ય, **હુંતુ**-થાઓ, **સિવસુહાણ**-મોક્ષસુખના, **દાયયા**-આપનારા.

**અર્થ** - છત્ર, ચામર, પતાકા, સ્તૂપ (થાંભલો) અને જય વડે શોભિત, શ્રેષ્ઠ ધ્વજ, મગર, ઘોડો અને શ્રીવત્સ એવા શુભ લંછનવાળા, દ્વીપ, સમુદ્ર, મેરુ પર્વત અને દિગ્ગજ વડે શોભિત, સ્વસ્તિક, વૃષભ, સિંહ, રથ અને ચક્ર વડે અંકિત, સ્વભાવથી સુંદર, સમતાભાવમાં સ્થિર, દોષ વડે વિકાર નહિ પામેલા, ગુણો વડે શ્રેષ્ઠ, કૃપા કરવામાં શ્રેષ્ઠ, તપ વડે પુષ્ટ, લક્ષ્મીથી પૂજાયેલા, ઋષિઓથી સેવાયેલા, તપ વડે દૂર કર્યા છે સર્વ પાપ જેમણે, સર્વ લોકના હિતના મૂળને પ્રાપ્ત કરાવનારા, સારી રીતે સ્તુતિ કરાયેલા તે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ પૂજ્યો મને મોક્ષસુખ આપનારા થાઓ. (૩૨, ૩૩, ૩૪)

(ઉપસંહાર)

**એવં તવબલવિઉલં થુઅં મએ અજિઅસંતિજિણજુઅલં ।**

એ પ્રકારે તપના બળથી મહાન સ્તવના કરી છે મેં અજિતનાથ અને શાંતિનાથ સ્વામીના યુગલની,

**વવગયકમ્મરયમલં ગઈં ગયં સાસયં વિઉલં ॥૩૫॥ ગાહા ॥**

દૂર થયાં છે કર્મ રૂપ રજ અને મલ જેમનાં, ગતિને પામેલ શાશ્વત વિસ્તીર્ણ.

* આ અપરાંતિકા છંદ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **એવં**-એ પ્રકારે, **તવબલવિઉલં**-તપ સામર્થ્ય વડે વિશાળ, **થુઅં**-સ્તવ્યું, **મએ**-મેં, **અજિઅસંતિજિણ**-અજિતનાથ અને શાંતિનાથ જિનનું, **જુઅલં**-યુગલ, (જોડી), **વવગય**-ગયાં છે, **કમ્મરયમલં**-કર્મરૂપ રજ અને મલ જેનાં એવું, **ગયં**-પ્રાપ્ત થયેલું, **સાસયં**-શાશ્વતી, **વિઉલં**-વિસ્તીર્ણ.

**અર્થ** - એ પ્રકારે તપના બળથી મહાન, દૂર થયાં છે કર્મ રૂપ રજ અને મલ જેમનાં, વિસ્તીર્ણ અને શાશ્વત ગતિને પામેલા શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ સ્વામીના યુગલની મેં સ્તવના કરી.

(સ્તુતિ કરવાનું ફળ)

**તં બહુગુણપ્પસાયં, મુક્ખસુહેણ પરમેણ અવિસાયં ।**

તે ઘણા ગુણોના પ્રસાદવાળું, મોક્ષસુખ વડે ઉત્કૃષ્ટ વિષાદ રહિત,

**નાસેઉ મે વિસાયં કુણઉ અ પરિસાવિ અ પ્પસાયં ॥૩૬॥ ગાહા ॥**

નાશ કરો મારા વિષાદને કરો (સ્તવન સાંભળનારી) સભાને પણ (અને મારા ઉપર પણ) પ્રસાદ (અનુગ્રહ).

**શબ્દાર્થ** - **બહુગુણપ્પસાયં**-બહુગુણના પ્રસાદવાળું, **મુક્ખસુહેણ**-મોક્ષસુખ વડે, **પરમેણ**-ઉત્કૃષ્ટ, **અવિસાયં**-વિષાદરહિત, **નાસેઉ**-નાશ કરો, **વિસાયં**-વિકલતાને (ખેદને), **કુણઉ**-કરો, **પરિસાવિ**-સભા પણ, **પ્પસાયં**-અનુગ્રહ, (મહેરબાની.)

**અર્થ** - ઘણા ગુણોના પ્રસાદવાળું ઉત્કૃષ્ટ મોક્ષસુખ વડે વિષાદ રહિત તે યુગલ મારા વિષાદને (ખેદને) નાશ કરો તથા સભાને અને મને પણ અનુગ્રહ કરો.

(અંતિમ આશીર્વાદ)

**તં મોએઉ અ નંદિં, પાવેઉ અ* નંદિસેણમભિનંદિં ।**

તે યુગલ (ભવ્ય જીવોને) હર્ષ કરાવો, સમૃદ્ધિ પ્રાપ્ત કરાવો અને નંદિષેણને સમસ્ત પ્રકારે આનંદ કરાવો,

**પરિસાવિ અ સુહનંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં ॥૩૭॥ ગાહા ॥**

શ્રોતાજનોની સભાને પણ સુખ સમૃદ્ધિ આપો તથા મને આપો સંયમમાં આનંદ.

**શબ્દાર્થ** - **મોએઉ**-હર્ષને આપો, **નંદિં**-સમૃદ્ધિને, **પાવેઉ**-પ્રાપ્ત કરાવો,

---

* આ નંદિષેણ મુનિ શ્રેણિકના પુત્ર કે બીજા કોઈ મહર્ષિ છે તેનો બરાબર નિર્ણય થતો નથી. કેટલાક વળી એમ કહે છે કે શ્રી શત્રુંજયની ગુફામાં અજિતનાથ અને શાંતિનાથ વર્ષાઋતુમાં રહેલા હતા, તે જગ્યાએ અનુપમ સરોવરની સમીપે અજિતનાથજીનું ચૈત્ય હતું અને મરુદેવી ટૂંકની પાસે શાંતિનાથજીનું ચૈત્ય હતું. ત્યાં નેમિનાથજીના ગણધર નંદિષેણજીએ અજિતશાંતિ સ્તવનની રચના કરી. તેથી તે બન્ને ચૈત્યો પૂર્વાભિમુખ થયાં. મૂળ ગ્રંથકારે અહીં સુધી રચના કરી છે. તેમાં ૩૭ ગાથા અને ૨૪૨૩ અક્ષરો આવે છે. બાકીની ગાથાઓ અન્યની કરેલી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નંદિસેણં-નંદિષેણમુનિને, **અભિનંદિં**-સમસ્ત પ્રકારે આનંદ, **પરિસાવિ**-સભાને પણ, **સુહનંદિં**-સુખસમૃદ્ધિ, **દિસઉ**-આપો, **સંજમે**-ચારિત્રને વિષે.

**અર્થ** - તે યુગલ ભવ્ય જીવોને હર્ષ કરાવો, સમૃદ્ધિ પ્રાપ્ત કરાવો અને નંદિષેણને સમસ્ત પ્રકારે આનંદ કરાવો, શ્રોતાજનોની સભાને પણ સુખ સમૃદ્ધિ આપો તથા મને પણ સંયમને વિષે આનંદ આપો.

(આ સ્તોત્ર બોલવાના ખાસ પ્રસંગો)

**પક્ખિય ચાઉમ્માસિઅ, સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો ।**

પક્ખી પ્રતિક્રમણને વિષે, ચાતુર્માસિક પ્રતિક્રમણને વિષે અને સાંવત્સરિક પ્રતિક્રમણને વિષે અવશ્ય ભણવા યોગ્ય છે,

**સોઅવ્વો સવ્વેહિં ઉવસગ્ગનિવારણો એસો ॥૩૮॥**

સાંભળવા યોગ્ય છે દરેકે ઉપસર્ગનું નિવારણ કરનાર આ.

**શબ્દાર્થ** - **પક્ખિઅ**-પક્ખી પ્રતિક્રમણને વિષે, **ચાઉમ્માસિઅ**-ચોમાસી પ્રતિક્રમણને વિષે, **સંવચ્છરિએ**-સંવત્સરી પ્રતિક્રમણને વિષે, **અવસ્સ**-અવશ્ય, **ભણિઅવ્વો**-ભણવું, **સોઅવ્વો**-સાંભળવું, **સવ્વેહિં**-સર્વેએ, **ઉવસગ્ગ-નિવારણો**-વિઘ્નનું નિવારણ કરનાર, **એસો**-એ (છે).

**અર્થ** - આ સ્તોત્ર ઉપસર્ગનું નિવારણ કરનાર છે. તેથી પક્ખી પ્રતિક્રમણને વિષે ચાતુર્માસિક પ્રતિક્રમણને વિષે અને સાંવત્સરિક પ્રતિક્રમણને વિષે (એક જણે) અવશ્ય ભણવા યોગ્ય છે અને સર્વે માણસોએ સાંભળવા યોગ્ય છે.

(રોજ બંને વખત આ સ્તોત્ર ગણવાથી થતા લાભ)

**જો પઢઈ જો અ નિસુણઈ, ઉભઓ કાલં પિ અજિઅ સંતિથયં ।**

જે ભણે છે, અને જે સાંભળે છે બંને વખત પણ અજિતશાંતિસ્તવનને,

**ન હુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્ના વિ નાસંતિ ॥૩૯॥**

નથી નિશ્ચયે થતા તેને રોગો, પૂર્વે ઉત્પન્ન થયેલા પણ નાશ પામે છે.

**શબ્દાર્થ** - **પઢઈ**-ભણે છે, **નિસુણઈ**-સાંભળે છે, **ઉભઓ**-બન્ને, **કાલંપિ**-વખતે, **અજિઅસંતિથયં**-અજિતશાંતિસ્તવ, **ન હુ**-ન જ, **હુંતિ**-થાય, **રોગા**-રોગો, **પુવ્વુપ્પન્ના**-પૂર્વે થયેલા, **વિ**-પણ, **નાસંતિ**-નાશ પામે છે.

**અર્થ** - શ્રી અજિતશાંતિસ્તવનને બંને વખત જે ભણે છે અને જે સાંભળે છે તેને રોગો થતા નથી અને પૂર્વે ઉત્પન્ન થયેલા પણ નાશ પામે છે.

(અંતિમ ઉપદેશ)

**જઈ ઇચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે ।**

જો ઈચ્છો છો પરમપદને, અથવા કીર્તિને વિસ્તાર પામેલી ભુવનને વિષે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તા તેલુક્કુદ્ધરણે, જિણવયણે આયરં કુણહ ॥૪૦॥***

તો ત્રણ લોકનો ઉદ્ધાર કરનાર જિનવચનને વિષે આદર કરો.

**શબ્દાર્થ** - **જઈ**-જો, **ઈચ્છહ**-ઇચ્છો છો, **પરમપયં**-મોક્ષપદને, **અહવા**-અથવા, **કિત્તિં**-કીર્તિને, **સુવિત્થડં**-સારી રીતે વિસ્તાર પામેલી, **ભુવણે**-ત્રણ ભુવનમાં, **તા**-તો, **તેલુક્ક**-ત્રણ લોકનો, **ઉદ્ધરણે**-ઉદ્ધાર કરનાર, **જિણવયણે**-જિનેશ્વરના વચનમાં, **આયરં**-આદર, **કુણહ**-કરો.

**અર્થ** - જો તમે પરમપદને અથવા ત્રણ ભુવનમાં વિસ્તાર પામેલી કીર્તિને ઇચ્છો છો, તો ત્રણ લોકનો ઉદ્ધાર કરનાર જિનવચનને વિષે આદર કરો.

* આ ૪૦ ગાથા પ્રસિદ્ધ છે તે સર્વત્ર બોલાય છે, તે સિવાય બીજી બે ગાથાઓ પણ જોવામાં આવે છે, તે નીચે મુજબ :

**વવગયકલિકલુસાણં, વવગયનિદ્ધંતરાગદોસાણં ।**
**વવગયપુણબ્ભવાણં, નમોત્થુ તે દેવાહિદેવાણં ॥૧॥**

નાશ પામ્યાં છે ક્લેશ અને મલિનતા જેનાં એવા, નિર્મૂળપણે નાશ પામ્યા છે રાગદ્વેષ જેના એવા, ગયા છે પુનર્જન્મ જેના એવા તે દેવાધિદેવોને નમસ્કાર હો.

**સવ્વં પસમઈ પાવં, પુણ્ણં વડ્ઢઈ નમંસમાણસ્સ ।**
**સંપૂણ્ણચંદવયણસ્સ, કિત્તણે અજિયસંતિસ્સ ॥૨॥**

સંપૂર્ણ ચંદ્રના જેવા મુખવાળા અજિતનાથ અને શાંતિનાથ જિનનું કીર્તન કર્યે છતે વંદન કરનારનાં સર્વ પાપ વિશેષે શાંત થાય છે અને પુણ્ય વધે છે.

## (૫૫) શ્રી બૃહચ્છાંતિ (મોટી શાંતિ) સ્તોત્ર *

૧. (અર્હંતપણાના પ્રભાવથી શાંતિ હો)

* આ મોટી શાંતિના કર્તાએ ગ્રંથને અંતે પોતાનું નામ જણાવ્યું નથી, તો પણ અહં તિત્થયરમાયા સિવાદેવી. એ ગાથાની ટીકા લખતાં ટીકાકાર શ્રી હર્ષકીર્તિસૂરિ લખે છે કે - શ્રી નેમિનાથની માતા શિવાદેવી કહે છે - હું તીર્થંકરની માતા શિવાદેવી નામની તમારા નગરને વિષે રહનારી છું ઇત્યાદિ. તે ઉપરથી **શિવાદેવી માતાએ દેવીપણાની અવસ્થામાં આ *શાંતિ રચી છે,** એમ નિર્ણય થાય છે. તીર્થંકરનો જન્મ થાય ત્યારે ચોસઠ ઇંદ્રો પ્રભુના જન્મસ્થાને આવે અને જે દિશાના ક્ષેત્રમાં જન્મ થયો હોય તે દિશાના નાયક ઇંદ્ર (સૌધર્મ અથવા ઇશાન), સર્વને અવસ્વાપિની નિદ્રા મૂકી, ભગવંતનું પ્રતિબિંબા ભગવંતની માતા આગળ સ્થાપીને પોતે પાંચ રૂપ કરી, પ્રભુને ગ્રહણ કરી, મેરુ પર્વત ઉપર લઈ જઈ, પાંડુક વનમાં આવેલી શિલાના ઉપર સિંહાસનને વિષે પ્રભુને ખોળામાં લઈને બેસે છે અને બીજા દેવો ઉત્તમ ઔષધિમિશ્રિત જળના મોટા એક ક્રોડ અને સાઠ લાખ કળશો વડે પ્રભુને ન્હવરાવે છે અને ઉત્તમ દ્રવ્ય વડે પૂજે છે. પછી સર્વને શાંતિ થાય તે માટે શાંતિપાઠ ભણે છે. એ પ્રકારે ઇંદ્રાદિક દેવો પ્રભુની જે પ્રકારે ભક્તિ કરે છે, તેનું અનુકરણ કરવાના બહાને આપણે પણ પ્રભુભક્તિ અવશ્ય કરવી. (જે સ્નાત્ર મહોત્સવ આપણે કરીએ છીએ તે) જોઈએ, તે કેવી રીતે કરવી એ વગેરે હકીકત આ સ્તોત્રને વિષે આવે છે. *નોંધ : "સાર્થશ્રી આવશ્યક ક્રિયાના સૂત્રો" નામના પુસ્તકમાં સંકલનકારશ્રી આ.વિ.ચન્દ્રગુપ્તસૂરિજી મ.સા છે. તે પુસ્તકની વિ.સ.૨૦૫૧માં તૃતીય આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે. તેના પાન નં ૨૪૮ ઉપર એવો ઉલ્લેખ છે કે શ્રી બૃહદ્ શાંતિ (મોટી શાંતિ)ના રચયિતા શ્રી વાદિ વેતાલ શ્રી શાંતિસૂરિશ્વરજી મહારાજા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભો ભો ભવ્યાઃ ! શ્રૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્,**

હે ભવ્ય લોકો સાંભળો વચનને અવસર ઉચિત સર્વ આ,

**યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ભક્તિભાજઃ ।**

જેઓ યાત્રાને વિષે ત્રિભુવનગુરુની શ્રાવકો ભક્તિ વડે યુક્ત છે,

**તેષાં શાંતિર્ભવતુ ભવતામર્હદાદિપ્રભાવા,**

તેઓને શાંતિ થાઓ તમોને અરિહંતાદિ પંચપરમેષ્ઠિ માહાત્મ્ય થકી,

**દારોગ્યશ્રીધૃતિમતિકરી ક્લેસવિધ્વંસહેતુઃ ॥૧॥**

આરોગ્ય અને લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને ઉત્પન્ન કરનારી રાગદ્વેષાદિના નાશના કારણભૂત.

**શબ્દાર્થ** - **ભો ભો** ભવ્યાઃ-હે ભવ્ય લોકો, **શૃણુત**-સાંભળો, **વચનં**-વચનને, **પ્રસ્તુતં**-અવસરઉચિત, **સર્વ**-સર્વ, **એતદ્**-આ, **યે**-જેઓ, **યાત્રાયાં**-યાત્રાને વિષે, **ત્રિભુવનગુરોઃ**-ત્રિભુવનગુરુની, **આર્હતા**-હે શ્રાવકો, **ભક્તિભાજઃ**-ભક્તિ વડે યુક્ત (છો), **તેષાં**-તેઓને, **શાંતિઃ**-શાંતિ, **ભવતુ**-થાઓ, **ભવતાં**-તમોને, **અર્હદાદિ**-અરિહંતાદિ પંચપરમેષ્ઠીના, **પ્રભાવાત્**-માહાત્મ્ય થકી, **આરોગ્યશ્રી**-આરોગ્ય-લક્ષ્મી, **ધૃતિમતિકરી**-સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને કરનારી, **ક્લેશવિધ્વંસહેતુઃ**-રાગદ્વેષાદિના નાશના કારણભૂત.

**અર્થ** - હે ભવ્યલોકો આ અવસર ઉચિત સર્વ વચન તમે સાંભળો ! જે શ્રાવકો ત્રણ લોકના ગુરુ (વીતરાગ)ની યાત્રા (જન્મ મહોત્સવ પ્રસંગે)ને વિષે ભક્તિને ભજનારા છે. તેઓને અરિહંતાદિ પંચપરમેષ્ઠીના માહાત્મ્ય થકી (પ્રસાદ) આરોગ્ય લક્ષ્મી, સંતોષ અને વિશિષ્ટ બુદ્ધિને કરનારી તથા રાગદ્વેષાદિના નાશના કારણભૂત એવી શાંતિ થાઓ.

૨. (શાંતિની ઉદ્‌ઘોષણા સાંભળો)

**ભો ! ભો ! ભવ્યલોકા ! ઇહહિ ભરતૈરાવતવિદેહસંભવાનાં,**

હે ભવ્ય લોકો અહીં જે કારણ માટે ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર, મહાવિદેહક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા,

**સમસ્તતીર્થકૃતાં જન્મન્યાસનપ્રકમ્પાનન્તર**

સમગ્ર તીર્થંકરોના જન્મ સમયે આસન ચલાયમાન થયા પછી,

**મવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષાઘણ્ટા-ચાલનાનન્તરં**

અવધિજ્ઞાનના ઉપયોગ વડે જાણીને સૌધર્મેન્દ્ર સુઘોષા નામની ઘંટાને વગાડ્યા પછી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સકલસુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્‌ભટ્ટારકં**

સર્વ સુર, અસુરના ઇંદ્રોની સાથે રૂડે પ્રકારે આવીને પરમ વિનય સહિત અરિહંતભટ્ટારકને,

**ગૃહીત્વા, ગત્વા કનકાદ્રિશૃઙ્ગે, વિહિતજન્માભિષેકઃ**

ગ્રહણ કરીને જઈને મેરુ પર્વતના શિખર ઉપર કર્યો છે જન્મસ્નાત્રમહોત્સવ જેણે એવો,

**શાંતિમુદ્‌ઘોષયતિ યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા**

શાંતિને મોટા શબ્દ વડે ભણે છે. જેમ તેથી હું કરેલું અનુકરણ થાય એમ કરીને,

**મહાજનો યેન ગતઃ સ પન્થાઃ, ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય**

ઇંદ્રાદિ દેવસમૂહ જે માર્ગે ગયો તે જ રસ્તો પ્રમાણ એ કારણથી ભવ્ય પ્રાણીઓ સાથે આવીને,

**સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય, શાંતિમુદ્‌ઘોષયામિ**

સ્નાત્ર પીઠિકા ઉપર સ્નાત્ર કરીને, શાંતિ માટે ઉદ્‌ઘોષણા કરું છું,

**તત્પૂજાયાત્રાસ્નાત્રાદિમહોત્સવાનન્તરમિતિ**

તે પૂજા, યાત્રા અને સ્નાત્ર વગેરે મહોત્સવ કર્યા પછી એ પ્રમાણે

**કૃત્વા કર્ણં દત્ત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ॥૨॥**

કૃત્ય કરીને કાનને સાવધાન કરીને સાંભળો (તમે) સ્વાહા.

**શબ્દાર્થ** - **ઈહ**-અહીં, **હિ**-જે કારણ માટે, **ભરતૈરાવત**-ભરતક્ષેત્ર, ઐરાવત ક્ષેત્ર (અને) **વિદેહસંભવાનાં**-મહાવિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા, **સમસ્તતીર્થકૃતાં**-સમગ્ર તીર્થંકરોનાં, **જન્મનિ**-જન્મ સમયે, **આસનપ્રકંપાનંતરં**-આસન ચલાયમાન થયા પછી, **અવધિના**-અવધિજ્ઞાન વડે, **વિજ્ઞાય**-જાણીને, **સૌધર્માધિપતિઃ**-સૌધર્મેન્દ્ર, **સુઘોષાઘંટા**-સુઘોષા નામની ઘંટાને, **ચાલનાનંતરં**-વગાડ્યા પછી, **સકલ**-બધા, **સુરાસુરેંદ્રૈઃ**-સુર, અસુર અને ઇંદ્રોની, **સહ**-સાથે, **સમાગત્ય**-રૂડે પ્રકારે આવીને, **સવિનયં**-પરમ વિનય સહિત, **અર્હદ્‌ભટ્ટારકં**-અરિહંતભટ્ટારકને, **ગૃહીત્વા**-ગ્રહણ કરીને, **ગત્વા**-જઈને, **કનકાદ્રિશૃઙ્ગે**-મેરુ પર્વતના શિખર ઉપર, **વિહિતજન્માભિષેકઃ**-કર્યો છે જન્મસ્નાત્રમહોત્સવ જેણે એવો, **શાંતિં**-શાંતિને, **ઉદ્‌ઘોષયતિ**-મોટા શબ્દે ભણે છે, **યથા**-જેમ, **તતઃ**-તેથી, **અહં**-હું, **કૃતાનુકારં**-કરેલનું અનુકરણ થાય, **ઇતિ કૃત્વા**-એમ કરીને, **મહાજનો**-ઇંદ્રાદિ દેવસમૂહ, **યેન**-જે માર્ગે, **ગતઃ**-ગયો, **સ પંથાઃ**-તે જ રસ્તો પ્રમાણ, **ઇતિ**-એ કારણથી, **ભવ્યજનૈઃ સહ**-ભવ્ય પ્રાણીઓ સાથે, **સમેત્ય**-આવીને, **સ્નાત્રપીઠે**-સ્નાત્ર પીઠિકા ઉપર, **સ્નાત્રં**-સ્નાત્ર કરીને, **ઉદ્‌ઘોષયામિ**-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્‌ઘોષણા કરું છું, **તત્**-તે, **પૂજાયાત્રાસ્નાત્રાદિ**-પૂજા, યાત્રા ને સ્નાત્ર વગેરે, **મહોત્સવાનંતરં**-મહોત્સવ કર્યા પછી, **કર્ણ**-કાન, **દત્ત્વા**-દઈને, **નિશમ્યતાં**-સાંભળો, **સ્વાહા**-સ્વાહા. (મંત્ર શાસ્ત્ર પ્રસિદ્ધ મંગળમય અવ્યય છે.)

**અર્થ** - હે ભવ્ય જીવો અહીં જે કારણ માટે ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રને વિષે ઉત્પન્ન થયેલા સમગ્ર તીર્થંકરોના જન્મ સમયે સૌધર્મ-દેવ લોકના ઇંદ્રના આસન ચલાયમાન થયા પછી ઇંદ્ર વડે અવધિજ્ઞાનના ઉપયોગ વડે (જિન જન્મને) જાણીને (હર્ષ પામેલ) સુઘોષા નામના ઘંટને વગાડ્યા પછી સર્વ સુર (વૈમાનિક દેવો) અસુર (ભવનપતિના દેવો) અને તેના ઇંદ્રોની સાથે (જિન જન્મ સ્થાને) ભક્તિ વડે રૂડે પ્રકારે આવીને પરમ વિનય સહિત સૌધર્મેન્દ્ર અર્હદ ભટ્ટારક (પૂજ્ય)ને કરસંપુટમાં ગ્રહણ કરીને મેરુ પર્વતના શિખર ઉપર જેમણે સ્નાત્રમહોત્સવ કર્યો, પછી તે (સ્નાત્રમહોત્સવના અંતે) શાંતિને મોટા શબ્દો વડે ઉદ્‌ઘોષણા કરે છે તેથી તે પ્રમાણે કરેલું અનુકરણ થાય તે માટે હું વળી ઇંદ્રાદિદેવસમૂહ જે માર્ગે ગયો તે જ માર્ગ પ્રમાણ એ કારણથી ભવ્ય પ્રાણીઓ સાથે (જિનાલય) ભક્તિથી રક્ત થઈને આવીને સ્નાત્રપીઠિકા ઉપર વિધિ પ્રમાણે સ્નાત્ર કરીને હું મોટા શબ્દો વડે શાંતિ વડે ઉદ્‌ઘોષણા કરું છું, તે પૂજા,યાત્રા અને સ્નાત્ર વગેરે મહોત્સવ કર્યા પછી એ પ્રમાણે કૃત્ય કરીને કાનને સાવધાન કરીને તમે સાંભળો ! સ્વાહા.

૩. (શાંતિની ઉદ્‌ઘોષણાનો પ્રારંભ જગતની વ્યવસ્થા અને પવિત્રતાનો મુખ્ય આધાર તીર્થંકરો ઉપર છે.)

### ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતા ભગવન્તોऽર્હન્તઃ,

ૐ પદ વડે નમસ્કાર કરીને (ૐ પદ વડે શોભાયમાન થયેલા પંચપરમેષ્ઠિ) ઉત્તમ દિવસ છે, ઉત્તમ દિવસ છે સંતુષ્ટ થાઓ, સંતુષ્ટ થાઓ ઐશ્વર્યાદિ યુક્ત તીર્થંકરો,

### સર્વજ્ઞાઃ સર્વદર્શિનસ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતા

સર્વ પદાર્થને જાણનારા, સર્વને જોનારા, ત્રણ લોકના નાથ, ત્રણ લોક વડે પૂજાયેલા,

### સ્ત્રિલોકપૂજ્યાસ્ત્રિલોકેશ્વરાસ્ત્રિલોકોદ્યોતકરાઃ । ॥૩॥

ત્રણ લોકના, (લોકને) પૂજ્ય, ત્રણ લોકના ઈશ્વર, ત્રણ લોકનો (માં) ઉદ્યોત (પ્રકાશ) કરનારા.

**શબ્દાર્થ** - **પુણ્યાહં**-ઉત્તમ (પવિત્ર) દિવસ છે, **પ્રીયંતાં**-સંતુષ્ટ થાઓ, **ભગવંતઃ**-ઐશ્વર્યાદિ યુક્ત, **અર્હતઃ**-તીર્થંકરો, **સર્વજ્ઞાઃ**-સર્વ જાણનારા, **સર્વદર્શિનઃ**-સર્વને જોનારા, **ત્રિલોકનાથઃ**-ત્રણ લોકના નાથ, **ત્રિલોકમહિતાઃ**-ત્રણ લોક વડે પૂજાયેલા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિલોકપૂજ્યાઃ-ત્રણ લોકના (માં) પૂજ્ય, **ત્રિલોકેશ્વરાઃ**-ત્રણ લોકના ઈશ્વર, **ત્રિલોકોદ્યોતકરાઃ**-ત્રણ લોકને પ્રકાશ કરનારા.

**અર્થ** - ૐ પદ વડે (શોભાયમાન થયેલા પંચપરમેષ્ઠિને નમસ્કાર કરીને) કહે છે કે આજનો દિવસ ઉત્તમ છે. કેવળજ્ઞાન વડે સર્વ પદાર્થને જાણનારા, કેવળદર્શન વડે સર્વને જોનારા, જે ત્રણ લોકના સ્વામી, ત્રણ લોક વડે (ત્રિભુવનવાસી જીવો વડે) પુષ્પાદિકે પૂજાયેલા, ત્રણ લોકના પૂજ્ય, ત્રણ લોકના ઈશ્વર અને ત્રણ લોકને ઉદ્યોત (પ્રકાશ) કરનારા એવા ઐશ્વર્યાદિ યુક્ત (ચોવીશ) તીર્થંકરો અત્યંત સંતુષ્ટ થાઓ. (પ્રસન્ન થાઓ).

૪. (શાંતિના ભંડાર ૨૪ તીર્થંકરો છે.)

**ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભ**

ૐ પદ વડે શોભાયમાન થયેલા ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિસ્વામી, પદ્મપ્રભસ્વામી,

**સુપાર્શ્વ ચન્દ્રપ્રભ સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય**

સુપાર્શ્વનાથ, ચન્દ્રપ્રભસ્વામી, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી,

**વિમલ-અનન્ત-ધર્મ-શાંતિ-કુંથુ-અર-મલ્લિ-મુનિસુવ્રત**

વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી,

**નમિ-નેમિ-પાર્શ્વ-વર્દ્ધમાનાન્તા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા ॥૪॥**

નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી પર્યંત (ચોવીશ) તીર્થંકરો ઉપશમ પામેલા ક્રોધાદિ કષાયના ઉપદ્રવોને શાંત કરનારા થાઓ.

**શબ્દાર્થ** - **શાંતાઃ**-ઉપશાંત થયેલા, **શાંતિકરા**-શાંતિને કરનારા, **ભવંતુ**-થાઓ.

**અર્થ** - નમસ્કાર કરીને ૐ પદ વડે શોભાયમાન થયેલા ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભસ્વામી, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભસ્વામી, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ મહાવીર સ્વામી પર્યંત (સુધીના) ઉપશાંત થયેલા એવા હે (ચોવીશ) તીર્થંકરો ઉપશમ ભાવ (સમતાભાવ) વડે કષાયો, દ્વેષાદિ વગેરે ઉપદ્રવોને નાશ કરનારા થાઓ - શાંતિ કરનારા થાઓ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. (ભાવના બળથી-સદાના રક્ષણ કરાયેલા મુનિ મહાત્માઓ)

**ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજય**

ૐ પદ વડે, નમસ્કાર કરીને એવા હે મુનિઓ મુનિઓમાં શ્રેષ્ઠ શત્રુના વિજયને વિષે,

**દુર્ભિક્ષકાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ॥૫॥**

દુકાળ અને મહાઅટવીને વિષે વિકટ માર્ગોને વિષે રક્ષણ થાઓ તમારું સદા.

**શબ્દાર્થ** - **મુનયઃ**-હે મુનિઓ, **મુનિપ્રવરાઃ**-મુનિઓમાં શ્રેષ્ઠ, **રિપુવિજય**-શત્રુનો વિજય, **દુર્ભિક્ષકાંતારેષુ**-દુષ્કાળ અને મહા અટવીને વિષે, **દુર્ગમાર્ગેષુ**-વિકટ માર્ગોને વિષે, **રક્ષંતુ**-રક્ષણ કરો, **વઃ**-તમારું, **નિત્યં**-નિરંતર.

**અર્થ** - ૐ પદ વડે નમસ્કાર કરીને મુનિઓમાં શ્રેષ્ઠ એવા હે મુનિઓ ! શત્રુના વિજયને વિષે, દુષ્કાળ અને મહાઅટવીને વિષે, વિકટ માર્ગોને વિષે તમારું સદા રક્ષણ થાઓ.

૬. (જિનેશ્વર પ્રભુઓના નામ માત્રથી જ વિવિધ કાર્યમાં સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.)

**ૐ હ્રીં શ્રીં ધૃતિ-મતિ-કીર્તિ-કાંતિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યાસાધન**

ૐ (પ્રાણ મંત્ર-પ્રણવ બીજ), હ્રીં (માયા બીજ-વશ કરનાર), શ્રીં (લક્ષ્મીને આપનાર) ધીરજ મતિ-દીર્ઘદષ્ટિ, યશ, શોભા, બુદ્ધિ, સંપત્તિ, ધારણ કરવાની બુદ્ધિ, વિદ્યાની સાધનામાં,

**પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીતનામાનો જયંતુ તે જિનેન્દ્રાઃ ॥૬॥**

પ્રવેશ, નિવાસસ્થાનોને વિષે રૂડે પ્રકારે નામોને ગ્રહણ કરાય જેના જયવંતા વર્તો તે જિનેશ્વરો.

**શબ્દાર્થ** - **ૐ હ્રીં શ્રીં**-આ ત્રણે મંત્ર બીજ છે, **ધૃતિમતિકીર્તિ**-ધીરજ, મતિ (વિચારશક્તિ), યશ, **કાંતિબુદ્ધિલક્ષ્મી**-શોભા, બુદ્ધિ, સંપત્તિ, **મેધાવિદ્યાસાધન**-ધારણ કરવાની બુદ્ધિ,વિદ્યાસાધન- વિદ્યાની સાધનામાં, **પ્રવેશ**- પ્રવેશ (અને) **નિવેશનેષુ**-નિવાસસ્થાનોને (નીકળવાને) વિષે, **સુગૃહીતનામાનઃ**-રૂડે પ્રકારે ગ્રહણ કરાયાં છે નામો જેના એવા, **જયંતુ**-જયવંતા વર્તો, **તે જિનેંદ્રાઃ**-તે જિનેશ્વરો.

**અર્થ** - ૐ (પ્રાણ મંત્ર કે પ્રણવમંત્ર), હ્રીં (માયા બીજ વશ કરનાર) શ્રીં (લક્ષ્મીને આપનાર) ધીરજ, મતિ (દીર્ઘદષ્ટિ), યશ, શોભા (તેજ), બુદ્ધિ (કાળ પ્રમાણે), સંપત્તિ, ધારણ કરવાની બુદ્ધિ, વિદ્યાની સાધનામાં, પ્રવેશ કરવામાં, નિવાસસ્થાનોને વિષે (સ્થાપનામાં) રૂડે પ્રકારે જેમના નામ ગ્રહણ કરાયા છે તેવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનેન્દ્રો જયવંતા વર્તો.

૭. (૧૬ વિદ્યા દેવીઓ દ્વારા રક્ષણની કામના)

**ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા-વજ્રાંકુશી-અપ્રતિચક્રા**

ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા (ચક્કેશ્વરી),

**પુરુષદત્તા-કાલી-મહાકાલી-ગૌરી ગાંધારી**

નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી,

**સર્વાસ્ત્રામહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા-માનસી**

સર્વ અસ્ત્રવાળી મહાજવાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી,

**મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા ।।૭।।**

મહામાનસી (એ) સોળ વિદ્યાદેવીઓ રક્ષણ કરો તમારું સદા માટે.

**શબ્દાર્થ** - **સર્વાસ્ત્રામહાજ્વાલા**-સર્વ અસ્ત્રવાળી મહાજવાલા, **ષોડશ**-સોળ, **વિદ્યાદેવ્યઃ**-વિદ્યાદેવીઓ, **રક્ષંતુ**-રક્ષણ કરો.

**અર્થ** - ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા (ચક્કેશ્વરી) નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, સર્વ અસ્ત્રવાળી મહાજવાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી, એ સોળ વિદ્યાદેવીઓ તમારું હંમેશાં રક્ષણ કરો.

૮. (શ્રી સંઘમાં શાંતિ તુષ્ટિ પુષ્ટિ હો)

**ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિચાતુર્વર્ણસ્ય**

ૐ આચાર્ય, ઉપાધ્યાય પ્રમુખ ચાર પ્રકારો (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) છે જેને વિષે,

**શ્રી શ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ ।૮।**

શ્રી મહાવીર પ્રભુના સંઘને થાઓ, (સર્વ પ્રકારે) સંતોષ થાઓ, (સર્વ પ્રકારે) ધર્મની (સર્વ પ્રકારે) ઉપશાંતિ થાઓ, પુષ્ટિ થાઓ.

**શબ્દાર્થ** - **આચાર્યોપાધ્યાયપ્રભૃતિ**-આચાર્ય, ઉપાધ્યાય વગેરે, **ચાતુર્વર્ણસ્ય**-ચાર પ્રકારો છે જેને વિષે એવા, **શ્રીશ્રમણસંઘસ્ય**-શ્રી મહાવીર પ્રભુના સંઘને, (શ્રમણ મુખ્ય છે. જેમાં એવા ૪ પ્રકારના સંઘને) **ભવતુ**-થાઓ, **તુષ્ટિઃ**-સંતોષ, **પુષ્ટિઃ**-ધર્મની પુષ્ટિ.

**અર્થ** - ૐ આચાર્ય, ઉપાધ્યાય, પ્રમુખ ચાર પ્રકારો (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા) છે જેને વિષે, એવા શ્રી મહાવીર પ્રભુના સંઘને ઉપશાંતિ થાઓ. સર્વ પ્રકારે સંતોષ થાઓ, સર્વ પ્રકારે ધર્મની પુષ્ટિ (વૃધ્ધિ) થાઓ.

૯. (વિવિધ પ્રકારના દેવોની પ્રસન્નતા)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ૐ ગ્રહાશ્ચન્દ્રસૂર્યાંગારક બુધબૃહસ્પતિશુક્રશનૈશ્ચર**

ૐ નવ ગ્રહો, ચન્દ્ર, સૂર્ય, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ,

**રાહુકેતુસહિતાઃ સલોકપાલાઃ સોમયમવરુણકુબેર**

રાહુ કેતુ સહિત, લોકપાળના દેવો સહિત સોમ, યમ, વરુણ, કુબેર,

**વાસવાદિત્યસ્કંદવિનાયકોપેતા યે ચાન્યેડપિ**

ઈંદ્ર, બાર સંક્રાંતિના સૂર્ય, કાર્તિકેય, ગણેશ સહિત જે બીજા પણ,

**ગ્રામનગરક્ષેત્રદેવતાદ્યસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં**

ગામ, નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો વગેરે તે સર્વે પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

**અક્ષીણકોશકોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા ।૯।**

અક્ષય ભંડાર (અને) ધાન્યના કોઠારોવાળા રાજાઓ થાઓ.

**શબ્દાર્થ** - **ગ્રહાઃ**-નવ ગ્રહો, **અંગારક**-મંગળ, **સહિતાઃ**-સહિત, **સલોકપાલાઃ**-લોકપાળ દેવોએ સહિત, **વાસવ**-ઈંદ્ર, **આદિત્ય**-બાર સંક્રાંતિના સૂર્ય, **સ્કંદ**-કાર્તિકેય, **વિનાયકોપેતાઃ**-ગણેશ સહિત, **યે**-જે, **અન્યેડપિ**-બીજા પણ, **ગ્રામનગરક્ષેત્રદેવતાદયઃ**-ગામ, નગર અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો વગેરે, **પ્રીયંતાં**-પ્રસન્ન થાઓ, **અક્ષીણકોશ**-અક્ષય ભંડાર (અને) **કોષ્ઠાગારા**-ધાન્યના કોઠારોવાળા, **નરપતયઃ**-રાજાઓ.

**અર્થ** - ૐ નવગ્રહો, ચન્દ્ર, સૂર્ય, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, (પૂંછડિયા તારા) સહિત, લોકપાળના દેવો સહિત, સોમ, યમ, વરુણ, કુબેર, ઈંદ્ર, બાર સંક્રાંતિના સૂર્ય, કાર્તિકેય, ગણેશ સહિત ને બીજા પણ ગામ, નગર (શહેર) અને ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો વગેરે તે સર્વે પ્રસન્ન થાઓ પ્રસન્ન થાઓ, (અને) ક્ષય ન પામે તેવા (નિધિ) અક્ષય ભંડાર, (અને) ધાન્યના કોઠારોવાળા રાજા પ્રાપ્ત થાઓ. (હોજો)

૧૦. (કુટુંબોમાં આનંદ અને પ્રમોદ)

**ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃદ્-સ્વજન-સંબંધિ**

ૐ પુત્ર, હિતેચ્છુ, સહોદર-ભાઈ-સ્ત્રી, મિત્ર, જ્ઞાતિજન, સગાં,

**બંધુવર્ગસહિતા નિત્યં ચામોદપ્રમોદકારિણઃ**

પોતાના ગોત્રીઓ પિત્રાઈ સહિત હંમેશાં આમોદ-પ્રમોદ કરવાવાળા

**અસ્મિંશ્ચ-ભૂમણ્ડલાયતનનિવાસિ-સાધુ-સાધ્વી શ્રાવક શ્રાવિકાણાં,**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓનાં,

**રોગોપસર્ગવ્યાધિદુઃખ દુર્ભિક્ષદૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ ॥૧૦॥**

રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના નિવારણને માટે શાંતિ થાઓ.

**શબ્દાર્થ** - **મિત્ર**-હિતકારી, **ભ્રાતૃ**-સહોદર, **કલત્ર**-સ્ત્રી, **સુહૃદ્**-મિત્ર, **સ્વજન**-જ્ઞાતિજન, **સંબંધિ**-સગાં, **બંધુવર્ગ**-પોતાના ગોત્રીઓ પિત્રાઈ, **ચામોદપ્રમોદકારિણઃ**-આમોદ પ્રમોદને કરવાવાળા, **અસ્મિન્**-આ, **ભૂમંડલ-આયતન**-પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે, **નિવાસિ**-વસનારા, **સાધુસાધ્વી**-સાધુ-સાધ્વી, **શ્રાવકશ્રાવિકાણાં**-શ્રાવક અને શ્રાવિકાઓનાં, **રોગોપસર્ગવ્યાધિ**-રોગ, ઉપસર્ગ, વ્યાધિ, **દુઃખદુર્ભિક્ષદૌર્મનસ્ય**-દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતાના, **ઉપશમનાય**-નિવારણને માટે.

**અર્થ** - ૐ પુત્ર, હિતેચ્છુ, સહોદરબંધુ, સ્ત્રી, મિત્ર, જ્ઞાતિજન, (કુટુંબીઓ), સગાં, પોતાના કુળની ગોત્રીઓ (ભાયાતવર્ગ) હંમેશાં આમોદ-પ્રમોદ કરનારા થાઓ અર્થાત્ સર્વ વિશેષે કરીને પરસ્પર આનંદને કરવાવાળા થાઓ. વળી આ પૃથ્વી ઉપર પોતાના સ્થાનકોને વિષે વસનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનાં રોગ, ઉપસર્ગ, (મુશ્કેલી), વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને ચિત્તની અસ્વસ્થતા (મનનો કંટાળો)ના નિવારણને માટે શાંતિ થાઓ. (સ્થપાઓ)

૧૧. (એકંદર ઋધ્ધિ વૃધ્ધિ વધો અને કષ્ટો, પાપો અને શત્રુઓ ન હો)

**ૐ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિ વૃદ્ધિ માંગલ્યોત્સવાઃ સદા પ્રાદુર્ભૂતાનિ**

ૐ ચિત્તનો સંતોષ થાઓ, ધર્મની પુષ્ટિ થાઓ, ધનસંપત્તિ, વંશવૃદ્ધિ, કલ્યાણ અને ઉત્સવો સદા ઉદયમાં આવેલા,

**પાપાનિ શામ્યન્તુ, દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા ॥૧૧॥**

પાપો શાંત થાઓ, અશુભ કર્મફળો, શત્રુઓ અવળા મુખવાળા થાઓ.

**શબ્દાર્થ** - **ઋદ્ધિ**-દોલત, **વૃદ્ધિ**-વંશવૃદ્ધિ, **માંગલ્યોત્સવાઃ**-કલ્યાણ અને ઉત્સવો, **પ્રાદુર્ભૂતાનિ**-ઉદયમાં આવેલાં, **પાપાનિ**-પાપો, **શામ્યંતુ**-શાંત થાઓ, **દુરિતાનિ**-અશુભ કર્મફળો, **શત્રવઃ**-શત્રુઓ, **પરાઙ્મુખાઃ**-અવળા મુખવાળા.

**અર્થ** - ૐ ચિત્તનો સંતોષ, ધર્મ પ્રત્યેની પુષ્ટિ (વૃધ્ધિ), ધનસંપત્તિ, વંશવૃદ્ધિ, કલ્યાણ અને ઉત્સવ થાઓ. ઉદયમાં આવેલાં પાપો નિરંતર સદા માટે શાંત થાઓ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશુભ કર્મફળો શાંત થાઓ, શત્રુઓ અવળા મુખવાળા થાઓ.

૧૨. (શાંતિ કરનાર શ્રી શાંતિનાથ પ્રભુનું સ્મરણ)

**શ્રીમતે શાંતિનાથાય, નમઃ શાંતિવિધાયિને ।**

શ્રીમાન્ શાંતિનાથને નમસ્કાર થાઓ શાંતિને કરનારા,

**ત્રૈલોક્યસ્યામરાધીશ-મુકુટાભ્યર્ચિતાંઘ્રયે ॥૧॥**

ત્રણ લોકના દેવેન્દ્રોના મુકુટો વડે સેવાયેલા છે ચરણકમળ જેમનાં એવા.

**શબ્દાર્થ** - **શ્રીમતે**-શ્રીમાન, **શાંતિનાથાય**-શાંતિનાથને, **નમઃ**-નમસ્કાર થાઓ, **શાંતિવિધાયિને**-શાંતિને કરનારા, **ત્રૈલોક્યસ્ય**-ત્રણ લોકની, **અમરાધીશ**-દેવેંદ્રોના, **મુકુટ**-મુકુટો વડે, **અભ્યર્ચિતાંઘ્રયે**-પૂજાયેલ છે ચરણકમળ જેમના એવા.

**અર્થ** - શ્રીમાન્, ત્રણ લોકની શાંતિને કરનારા, દેવેન્દ્રોના મુકુટો વડે પૂજાયેલા છે ચરણ કમળ જેમના એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.

**શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્ શાંતિં દિશતુ મે ગુરુઃ ।**

શાંતિનાથ, શાંતિને કરનારા શ્રીમાન્ શાંતિને આપો મને ગુરુ,

**શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિર્ગૃહે ગૃહે ॥૨॥**

શાંતિ જ હંમેશાં તેઓને થાય છે જેઓના શાંતિનાથ પૂજાય છે ઘર ઘરમાં.

**શબ્દાર્થ** - **શાંતિઃ**-શાંતિનાથ, **શાંતિકરઃ**-શાંતિને કરનારા, **દિશતુ**-આપો, **ગુરુઃ**-તત્ત્વના ઉપદેશ કરનારા, **તેષાં**-તેઓના, **યેષાં**-જેઓના, **ગૃહે**-ઘરને વિષે.

**અર્થ** - તત્ત્વનો ઉપદેશ કરનારા શ્રીમાન, (ગુરુ) શાંતિને કરનારા એવા શ્રી શાંતિનાથ મને શાંતિ આપો. જેઓના ઘર ઘરમાં શ્રી શાંતિનાથ પૂજાય (બિરાજે) છે, તેઓને હંમેશાં શાંતિ જ થાય (હોય) છે.

**ઉન્મૃષ્ટરિષ્ટદુષ્ટ-ગ્રહગતિ દુઃસ્વપ્નદુર્નિમિત્તાદિ ।**

દૂર કર્યા છે ઉપસર્ગો, (ખરાબ રીતે અસર) ખરાબ ગ્રહની ગતિ ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્ત વગેરે જેણે એવું.

**સમ્પાદિતહિતસંપન્નામગ્રહણં જયતિ શાન્તેઃ ॥૩॥**

પ્રાપ્ત કરી છે શુભલક્ષ્મી જેણે એવું નામોચ્ચારણ જયવંત વર્તે છે શાંતિનાથનું.

**શબ્દાર્થ** - **ઉન્મૃષ્ટરિષ્ટ**-દૂર કર્યા છે ઉપદ્રવ, **દુષ્ટગ્રહગતિ**-માઠા ગ્રહની ગતિ, **દુઃસ્વપ્નદુર્નિમિત્તાદિ**-ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્ત વગેરે જેણે એવું, **સંપાદિત**-સંપાદન કરી છે, **હિતસંપત્**-શુભ લક્ષ્મી જેણે એવું, **નામગ્રહણં**-નામોચ્ચારણ, **જયતિ**-જયવંત વર્તે છે, **શાંતેઃ**-શાંતિનાથનું.

**અર્થ** - ઉપદ્રવ, જે ખરાબ રીતે અસર કરે છે તેવી દુષ્ટ ગ્રહની ગતિ, ખરાબ સ્વપ્ન અને દુષ્ટ નિમિત્ત (ખરાબ અંગનું ફરકવું) વગેરે દૂર કર્યા છે અને સંપાદન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી છે શુભ લક્ષ્મી જેણે એવું શાંતિનાથ પ્રભુનું નામગ્રહણ (નામોચ્ચારણ) જયવંત વર્તે છે.

૧૩. (શાંતિનો જુદાં જુદાં નામો લઈ ઉચ્ચાર કરવો.)

**શ્રી સંઘજગજ્જનપદ-રાજાધિપરાજસન્નિવેશાનામ્ ।**

શ્રી સંઘ, જગત, દેશ, રાજા રૂપ અધિપતિ (અને) રાજાના સારાં રહેવાનાં સ્થાનોનાં,

**ગોષ્ઠિકપુરમુખ્યાણાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ ॥૪॥**

ધર્મસભાના સભ્યો અને નગરના મોટા પુરુષોનાં નામગ્રહણ કરીને ઉદ્‌ઘોષણા કરવી શાંતિની.

**શબ્દાર્થ** - **શ્રી સંઘજગત્**-શ્રી સંઘ, જગત, **જનપદરાજાધિપ**-દેશ, રાજા રૂપ અધિપતિ (અને) **રાજસન્નિવેશાનાં**-રાજાનાં સારાં રહેવાનાં સ્થાનોનાં, **ગોષ્ઠિકપુરમુખ્યાણાં**-ધર્મસભાના સભ્યો અને નગરના મોટા પુરુષોનાં, **વ્યાહરણૈઃ**-નામ ગ્રહણ કરીને, **વ્યાહરેત્**-ઉદ્‌ઘોષણા કરવી.

**અર્થ** - શ્રી સંઘ, જગત, રાજારૂપ અધિપતિઓ-મહારાજાઓ અને રાજાના રહેવાનાં સ્થાનોનાં તેમજ ધર્મસભાના મુખ્ય સભ્યો કે ગાયોના ગોવાળો અને નગરના મોટા પુરુષો (આગેવાનો) નાં નામ ગ્રહણ કરીને શાંતિની ઉદ્‌ઘોષણા કરવી. (શાંતિ બોલવી)

૧૪. (જુદાં જુદાં નામો લઈને શાંતિનો ઉચ્ચાર)

**શ્રીશ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ, શ્રી જનપદાનાં શાન્તિર્ભવતુ**

શ્રી મહાવીર સ્વામીના સંઘને સંતોષ થાઓ, દેશોની શાંતિ થાઓ,

**શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ, શ્રી રાજસન્નિવેશાનાં શાન્તિ ર્ભવતુ,**

રાજારૂપ અધિપતિઓને શાંતિ થાઓ, રાજાના રહેવાનાં સારા સંસ્થાનોને શાંતિ થાઓ.

**શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ, શ્રી પૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ,**

ધર્મસભાના સભ્યોને શાંતિ થાઓ, નગરના મોટા પુરુષોને શાંતિ પ્રાપ્ત થાઓ,

**શ્રી પૌરજનસ્ય શાન્તિર્ભવતુ, શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ,**

નગરમાં વસતા જનોને શાંતિ થાઓ, સમસ્ત જીવલોકને શાંતિ થાઓ,

**ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા ॥૧૨॥**

ૐ સ્વાહા, ૐ સ્વાહા, શ્રી પાર્શ્વનાથ સ્વામીને સ્વાહા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ** - **શ્રી જનપદાનાં**-દેશોની, **શ્રી રાજાધિપાનાં**-રાજા રૂપ અધિપતિઓની, **શ્રી ગોષ્ઠિકાનાં**-ધર્મસભાના સભ્યોની, **શ્રી પૌરમુખ્યાણાં**-નગરના મોટા જનોની, **પૌરજનસ્ય**-નગરના જનોની, **બ્રહ્મલોકસ્ય**-સમસ્ત જીવલોકની, **શ્રી પાર્શ્વનાથાય**-શ્રી પાર્શ્વનાથ પ્રભુને,

**અર્થ** - શ્રી શ્રમણસંઘને (સાધુ છે મુખ્ય જેમાં એવા સંઘને) શાંતિ થાઓ, શ્રી જનપદ-દેશોને શાંતિ થાઓ, મહારાજાઓને શાંતિ થાઓ, રાજાઓના રહેવાનાં સ્થાનોને (એમાં રહેલા લોકોને) શાંતિ થાઓ, ધર્મસભાના સભ્યોને શાંતિ થાઓ, નગરના અગ્રણીઓને શાંતિ થાઓ, શ્રી નગરજનોને શાંતિ થાઓ અને શ્રી બ્રહ્મલોકને (સમગ્ર જીવલોકને) શાંતિ થાઓ ૐ સ્વાહા, ૐ સ્વાહા શ્રી પાર્શ્વનાથ સ્વામીને સ્વાહા.

૧૫. (શાંતિની ઉદ્‌ઘોષણા ક્યારે ? અને કોણે કરવી ?)

**એષા શાન્તિઃ પ્રતિષ્ઠાયાત્રાસ્નાત્રાધવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા**

આ શાંતિ પાઠ પ્રતિષ્ઠા, યાત્રા અને સ્નાત્રાદિને અંતે શાંતિકળશને ગ્રહણ કરીને,

**કુંકુમચન્દનકર્પૂરાગરુધૂપવાસકુસુમાંજલિસમેતઃ**

કેસર, સુખડ, બરાસ, અગર, ધૂપવાસ, કુસુમાંજલિ સહિત છતો,

**સ્નાત્રચતુષ્કિકાયાં શ્રીસંઘસમેતઃ, શુચિશુચિવપુઃ**

સ્નાત્ર મંડપમાં શ્રીસંઘસહિત, પવિત્ર છે શરીર જેનું,

**પુષ્પવસ્ત્રચન્દનાભરણાલંકૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા –**

પુષ્પ, વસ્ત્ર,ચંદન, અલંકાર વડે (ધારણ કરીને) શોભાયમાન થઈને ફૂલની માળાને કંઠમાં ધારણ કરીને,

**શાન્તિમુદ્‌ઘોષયિત્વા શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ ।૧૩।**

શાંતિની ઉદ્‌ઘોષણા કરીને શાંતિજળ મસ્તક ઉપર લગાડવું જોઈએ એ પ્રકારે.

**શબ્દાર્થ** - **એષા શાંતિઃ**-આ શાંતિપાઠ, **પ્રતિષ્ઠાયાત્રાસ્નાત્રાદિ**-પ્રતિષ્ઠા, યાત્રા અને સ્નાત્રાદિને, **અવસાનેષુ**-અંતે (ભણવો), **શાંતિકલશં**-શાંતિકળશને, **કુંકુમચંદનકર્પૂર**-કેસર, સુખડ, બરાસ, **અગરુધૂપવાસ**-અગરુનો ધૂપવાસ, અને **કુસુમાંજલિસમેતઃ**-કુસુમાંજલિ સહિત છતો. **સ્નાત્રચતુષ્કિકાયાં**-સ્નાત્રમંડપમાં, **શ્રી સંઘ સમેતઃ**-શ્રીસંઘ સહિત છતો, **શુચિશુચિવપુઃ**-પવિત્ર છે શરીર, **પુષ્પવસ્ત્રચંદન**-પુષ્પ, વસ્ત્ર, ચંદન (અને) **આભરણાલંકૃતઃ**-અલંકાર વડે સુશોભિત, **પુષ્પમાલાં**-ફૂલની માળાને, **કંઠે કૃત્વા**-કંઠમાં ધારણ કરીને, **દાતવ્યં**-નાખવું, **ઇતિ**-એ પ્રકારે.

**અર્થ** - આ શાંતિપાઠ, (તીર્થંકરોની) પ્રતિષ્ઠા, રથયાત્રા અને સ્નાત્રમહોત્સવના અંતમાં (બોલવો) કુંકુમ (કંકુ) ચંદન, કપૂર, અગરુનો ધૂપવાસ અને કુસુમાંજલિથી યુક્ત બાહ્ય અને અભ્યંતર રીતે પવિત્ર શરીરવાળા, પુષ્પ, વસ્ત્ર, ચંદન અને અલંકારોથી સજ્જ એવા પુરુષે પુષ્પમાળાને કંઠમાં ધારણ કરીને (નાખીને) સ્નાત્ર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડપમાં શ્રી સંઘ સહિત (સાથે) હાથમાં શાંતિકળશને ગ્રહણ કરીને (લઈને) શાંતિની ઉદ્‌ઘોષણા કરીને શાંતિ જળ મસ્તક ઉપર લગાડવું જોઈએ.

૧૬. (અભિષેક વખતે જિનેશ્વરનાં ભક્તોની ભક્તિના પ્રકારો)

**નૃત્યન્તિ નૃત્યં મણિપુષ્પવર્ષં, સૃજન્તિ, ગાયન્તિ ચ મઙ્ગલાનિ ।**

નાચે છે નૃત્યને રત્ન અને પુષ્પને વરસાવવા પૂર્વક, રચે છે, ગાય છે અને અષ્ટમંગલો,

**સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે ॥૧॥**

સ્તોત્રો, નામગોત્રો, ભણે છે મંત્રોને, પુણ્યવાનો જ જિનસ્નાત્ર પ્રસંગે.

**શબ્દાર્થ** - **નૃત્યંતિ**-નાચે છે, **નૃત્યં**-નૃત્યને, **મણિપુષ્પવર્ષ**-રત્ન અને પુષ્પની વૃષ્ટિ, **સૃજંતિ**-કરે છે, **ગાયંતિ**-ગાય છે, **મંગલાનિ**-મંગળકારી ગીતો, **સ્તોત્રાણિ**-સ્તોત્રો, **ગોત્રાણિ**-વંશનાં ગીતો, **પઠંતિ**-ભણે છે, **મંત્રાન્**-મંત્રોને, **કલ્યાણભાજઃ**-કલ્યાણને ભજનારા, **હિ**-નિશ્ચે, **જિનાભિષેકે**-જિનના સ્નાત્ર મહોત્સવમાં.

**અર્થ** - શ્રી જિનસ્નાત્રના પ્રસંગે (અવસરે) રત્ન અને પુષ્પને વરસાવવા પૂર્વક પુણ્યવાનો જ નૃત્યને (નાચ) નાચે છે, અષ્ટમંગલની રચના કરે છે. ગીતો ગાય છે, સ્તોત્રો, તીર્થંકરોના ગોત્રો અને મંત્રોને ભણે છે.

૧૭. (ઉપસંહાર)

**શિવમસ્તુ સર્વજગતઃ પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।**

કલ્યાણ થાઓ સર્વ જગતનું, બીજાના હિતમાં તત્પર થાઓ પ્રાણીઓનો સમુદાય,

**દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખીભવન્તુ લોકાઃ ॥૨॥**

દોષો પામો નાશ, સર્વ ઠેકાણે સુખી થાઓ લોકો.

**શબ્દાર્થ** - **શિવં**-કલ્યાણ, **અસ્તુ**-હો, **સર્વજગતઃ**-સર્વ જગતનું, **પરહિતનિરતાઃ**-બીજાના હિતમાં તત્પર, **ભૂતગણાઃ**-પ્રાણી સમુદાયો, **દોષાઃ**-દોષો, **પ્રયાંતુ**-વિશેષે પામો, **નાશં**-નાશને, **સર્વત્ર**-બધે, **સુખીભવન્તુ**-સુખી થાઓ, **લોકાઃ**-જીવલોકો,

**અર્થ** - સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીઓનો સમુદાય બીજાના હિતમાં તત્પર થાઓ, દોષો નાશ પામો અને સર્વ ઠેકાણે લોકો સુખી થાઓ.

***અહં તિત્થયરમાયા સિવાદેવી તુમ્હ નયરનિવાસિની ।**

હું તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરમાં રહેનારી,

**અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ॥૩॥**

અમારું કલ્યાણ તમારું કલ્યાણ વિઘ્નનો નાશ અને કલ્યાણ થાઓ.

**શબ્દાર્થ** - **તિત્થયરમાયા**-નેમિનાથ તીર્થંકરની માતા, **સિવાદેવી**-શિવાદેવી,

---

* અહીં ટીકાકાર નાગપુરિયા ગચ્છીય શ્રી ચંદ્રકીર્તિસૂરિના શિષ્ય હર્ષકીર્તિસૂરી લખે છે કે - શ્રી નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી કહે છે - હું તીર્થંકરની માતા શિવાદેવી વગેરે, આ ઉપરથી આ શાંતિસ્તવ નેમિનાથ પ્રભુની માતા શિવાદેવી જે માહેંદ્ર દેવલોકે ગયેલાં છે, તેમણે રચ્યું હોય એમ સંભવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તુમ્હ**-તમારા, **નયરનિવાસિની**-નગરમાં રહેનારી, **અમ્હ**-અમારું, **સિવં**-કલ્યાણ, **અસિવોવસમં**-વિઘ્નનો નાશ.

**અર્થ** - હું શ્રી નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરમાં રહેનારી છું. અમારું કલ્યાણ થાઓ, તમારું કલ્યાણ થાઓ. વિઘ્નનો નાશ અને કલ્યાણ થાઓ.-સ્વાહા.

**ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ ।**

ઉપસર્ગો ક્ષય પામે છે. છેદાય છે વિઘ્ન રૂપી વેલડીઓ,

**મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે ॥૪॥**

મન પ્રસન્નતાને પામે છે. પૂજાયે છતે જિનેશ્વર.

**શબ્દાર્થ** - **ક્ષયં યાન્તિ**-ક્ષય પામે છે, **છિદ્યંતે**-છેદાય છે, **વિઘ્નવલ્લયઃ**-વિઘ્નની વેલડીઓ, **મનઃ**-મન, **પ્રસન્નતાં**-પ્રસન્નતાને, **એતિ**-પામે છે, **પૂજ્યમાને**-પૂજાયે છતે, **જિનેશ્વરે**-જિનેશ્વરને.

**અર્થ** - શ્રી જિનેશ્વરની પૂજા કરે છતે ઉપસર્ગો ક્ષય પામે છે. વિઘ્ન રૂપી વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

**સર્વમંગલમાંગલ્યં સર્વકલ્યાણકારણમ્ ।**

સર્વમંગલમાં મંગલકારી, સર્વ કલ્યાણનું કારણ,

**પ્રધાનં સર્વધર્માણાં જૈનં જયતિ શાસનમ્ ॥૫॥**

મુખ્ય સર્વ ધર્મોમાં જૈન જય પામે છે શાસન.

**શબ્દાર્થ** - **કારણં**-હેતુ, **પ્રધાનં**-શ્રેષ્ઠ, **ધર્માણાં**-ધર્મોને વિષે, **જૈનં**-જિનેશ્વરનું પ્રવર્તાવેલું, **જયતિ**-જયવંત વર્તે છે, (જીતે છે) **શાસનં**-શાસન.

**અર્થ** - સર્વ મંગલોમાં મંગલકારી, સર્વ કલ્યાણનું (સુખનું) કારણ, સર્વ ધર્મોમાં મુખ્ય એવું શ્રી જૈનશાસન (સર્વજ્ઞધર્મ) જય પામે છે. (જીતે છે.)

## વિધિઓ

## (૫૬) ગુરુવંદનની વિધિ

૧. પહેલાં ઊભા થઈ બે ખમાસમણ દેવાં.

૨. ત્યારબાદ ઊભા રહી ઇચ્છકાર૦ સૂત્રનો પાઠ બોલવો. (આચાર્ય ભગવંત અથવા પદસ્થ સાધુ હોય તો ઊભા થઈ એક ખમાસમણ દેવું.)

૩. પછી ઊભા થઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર •દેવસિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ •દેવસિઅં, આટલું બોલ્યા બાદ જમણો હાથ જમીન પર સ્થાપી ડાબો હાથ મુખ પાસે રાખી બાકીનો અબ્ભુટ્ઠિઓ પૂર્ણ બોલવો.

૪. પછી ઊભા થઈ એક ખમાસમણ દેવું.

● **નોંધ :** સવારે 'રાઈઅં' શબ્દ અને મધ્યાહ્ન પછી 'દેવસિઅં' શબ્દ બોલવો. બંને સાથે ન બોલાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫૭) સામાયિક લેવાની વિધિ

**સામાયિક કરવામાં જોઈતી વસ્તુઓ :**

૧. શુદ્ધ વસ્ત્રો ૨. કટાસણું ૩. મુહપત્તિ ૪. સાપડો ૫. ધર્મનું પુસ્તક ૬. ચરવળો ૭. ઘડી

૨. પ્રથમ શુદ્ધ વસ્ત્રો પહેરવાં, પછી ચરવળાથી જગ્યા પૂંજી સ્થાપનાજી સ્થાપવા માટે પુસ્તક સાપડા પર મૂકીને મુહપત્તિ ડાબા હાથમાં રાખી જમણો હાથ પુસ્તક સામે રાખી નવકાર પંચિંદિય કહીને સ્થાપનાજી સ્થાપવા.

૩. પછી એક ખમાસમણ દઈને ઊભા થઈને ઈરિયાવહિયં૦, તસ્સ ઉત્તરી૦, અન્નત્થ૦ કહી એક લોગસ્સનો ('ચંદેસુ નિમ્મલયરા સુધી' ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો, કાઉસ્સગ્ગ પારીને (નમો અરિહંતાણં કહીને હાથ જોડવા) પ્રગટ લોગસ્સ બોલવો. પછી –

૪. ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ** ભગવન્ **! સામાયિક મુહપત્તિ પડિલેહું ?** ઈચ્છં. **કહીને મુહપત્તિ પડિલેહવી.**

૫. પછી એક ખમાસમણ દઈ, **ઈચ્છાકારેણ સંદિસહ** ભગવન્ **સામાયિક સંદિસાહું ?** ઈચ્છં, **કહી એક ખમાસમણ દઈ,** ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક ઠાઉં ? **ઈચ્છં** કહી બે હાથ જોડી એક નવકાર ગણવો.

૬. પછી **ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી,** એમ કહી કરેમિ ભંતે સૂત્ર પોતે બોલવું, અથવા ગુરુ કે વડીલ હોય તો તેમની પાસે બોલાવવું.

૭. પછી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ** ભગવન્ **! બેસણે સંદિસાહું ?** ઈચ્છં **કહી એક ખમાસમણ દઈ,** ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉં ? **ઈચ્છં** કહી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ** ભગવન્ **! સજ્ઝાય સંદિસાહું ?** ઈચ્છં **કહી એક ખમાસમણ દઈ,** ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? **ઈચ્છં,** કહી બે હાથ જોડીને ત્રણ નવકાર ગણવા.

૮. પછી બે ઘડી અર્થાત્ અડતાલીસ (૪૮) મિનિટ સુધી સ્થિર આસને બેસી ધર્મધ્યાન કરવું. સામાયિકમાં સંસારની વાત ન થાય.

(ખમાસમણ અને આદેશ માગવાની ક્રિયા ઊભા થઈને અપ્રમત્ત રીતે અને ચરવળાપૂર્વક કરવી. * અને ખમાસમણ પણ ૧૭ સંડાસાપૂર્વક દેવું.)

## (૫૮) સામાયિક પારવાની વિધિ

૧. પ્રથમ એક ખમાસમણ દઈને ઈરિયાવહિયં૦, તસ્સ ઉત્તરી૦, અન્નત્થ૦ કહી એક લોગસ્સનો (ન આવડે તો ચાર નવકાર) કાઉસ્સગ્ગ કરવો. (નમો અરિહંતાણં કહીને) પારીને પ્રગટ લોગસ્સ બોલવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. પછી એક ખમાસમણ દઈ **ઇચ્છાકારેણ સંદિસહ** ભગવન્ ! **મુહપત્તિ પડિલેહું ?** ઇચ્છં, **કહીને મુહપત્તિ પડિલેહવી.**

૩. પછી એક ખમાસમણ દઈ, **ઇચ્છાકારેણ સંદિસહ** ભગવન્ **સામાયિક પારું ?** એમ આદેશ માગવો પછી **યથાશક્તિ** બોલી એક ખમાસમણ દઈ, **ઇચ્છાકારેણ સંદિસહ** ભગવન્ ! સામાયિક પાર્યું ? એમ કહી **તહત્તિ** કહેવું પછી જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપીને એક નવકાર ગણી સામાઈય વયજુત્તો૦ સૂત્ર બોલવું.

૪. સ્થાપના સ્થાપેલ હોય તો જમણો હાથ સવળો રાખી એક નવકાર ગણી સ્થાપનાજી ઉત્થાપી લેવા.

## (૫૯) ચૈત્યવંદનની વિધિ

૧. પ્રથમ ઈરિયાવહી કરી ત્રણ ખમાસમણ દેવાં પછી ડાબો ઢીંચણ ઊભો રાખવો, પછી 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ?' 'ઇચ્છં' કહી,

૨. **'સકલકુશલવલ્લી'** કહી **'ચૈત્યવંદન'** કહેવું.

**સકલકુશલવલ્લી, પુષ્કરાવર્તમેઘો ।**

સઘળા કુશળની વેલડી સમાન, પુષ્કરાવર્તના મેઘ સમાન,

**દુરિતતિમિરભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ ॥૧॥**

અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્ય સમાન, કલ્પવૃક્ષ સમાન

**ભવજલનિધિપોતઃ, સર્વસંપત્તિહેતુઃ ।**

સંસાર રૂપ સમુદ્રમાં વહાણ સમાન, સર્વ સંપત્તિના કારણ રૂપ

**સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાંતિનાથઃ ॥૨॥**

તે થાઓ હંમેશાં તમારા કલ્યાણ માટે શ્રી શાંતિનાથ ભગવાન

અર્થ - સઘળા કુશળની વેલડી સમાન, પુષ્કરાવર્તના મેઘ સમાન, અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્ય સમાન, કલ્પવૃક્ષ સમાન, સંસાર રૂપ સમુદ્રમાં વહાણ સમાન, સર્વ સંપત્તિના કારણ રૂપ, તે શ્રી શાંતિનાથ હંમેશાં તમારા કલ્યાણ માટે થાઓ.

પછી કોઈ પણ એક ચૈત્યવંદન કહેવું.

૩. પછી 'જંકિંચિ૦' કહી 'નમુત્થુણં૦' કહેવું.

૪. પછી 'જાવંતિ ચેઈઆઈં૦' કહી એક ખમાસમણ દેવું.

૫. પછી 'જાવંત કેવિ સાહૂ૦' કહી 'નમોઽર્હત્૦' કહેવું.

૬. પછી સ્તવન કહેવું.

૭. પછી બે હાથ લલાટે ધરી જયવીયરાય 'આભવમખંડા' સુધી કહેવા. પછી બે હાથ નીચે ઉતારી જયવીયરાય પૂરા કહેવા. (નોંધ. જયવીયરાય સૂત્રને પ્રારંભમાં મુક્તાશુક્તિ મુદ્રાપૂર્વક કહેવું અને આભવમખંડા પછી યોગમુદ્રાપૂર્વક બોલીને પૂરું કરવું)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. પછી ઊભા થઈ અરિહંતચેઈયાણં૦ કહી અન્નત્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

૯. પછી કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત્૦ કહીને એક થોય કહેવી પછી એક ખમાસમણ દેવું.

## (૬૦) દેવસિઅ પ્રતિક્રમણની વિધિ

૧. પ્રથમ સામાયિક લેવું.

૨. પછી પાણી વાપર્યું હોય, તો (ખમા૦ દઈ **ઇચ્છાકારેણ૦ સંદિ૦** ભગવન્ **મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં** કહી મુહપત્તિ પડિલેહવી.

૩. આહાર વાપર્યો હોય તો 'વાંદણાં' બે વખત દેવાં, બીજા વાંદણામાં **આવસ્સિયાએ** પાઠ ન કહેવો.

૪. યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું (દિવસ ચરિમં વગેરે) પછી.

૫. ખમાસમણ દઈ, **ઇચ્છાકારેણ૦ સંદિ૦** ભગવન્ **ચૈત્યવંદન કરું ? ઇચ્છં** કહી, વડીલે અથવા પોતે **ચૈત્યવંદન જંકિંચિ૦** કહેવું પછી –

૬. **નમુત્થુણં૦** કહી ઊભા થઈને **અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦** કહી **એક નવકારનો કાઉસ્સગ્ગ** કરી, પારી **નમોઽર્હત્૦** કહીને પ્રથમ થોય કહેવી પછી –

૭. **લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત ચેઈઆણં૦** કહીને **એક નવકારનો કાઉસ્સગ્ગ** કરી, પારીને **બીજી થોય** કહેવી પછી –

૮. **પુક્ખરવરદી૦** કહી,**સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦** કહી, **એક નવકારનો કાઉસ્સગ્ગ** કરી પારીને **નમોઽર્હત્૦** કહી **ત્રીજી થોય** કહેવી પછી –

૯. **સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦** કહી, **એક નવકારનો** કાઉસ્સગ્ગ કરી પારીને **નમોઽર્હત્૦** કહી **ચોથી થોય** કહેવી પછી –

૧૦. બેસીને **નમુત્થુણં૦** કહેવું પછી –

૧૧. ચાર ખમાસમણ દેવાપૂર્વક ભગવાનહં, **આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં** કહી પછી **ઇચ્છકારી સમસ્ત શ્રાવક વંદું** - કહીને –

૧૨. **ઇચ્છાકારેણ સં૦** ભગવન્ **દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?** ઇચ્છં કહી જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપીને સવ્વસ્સવિ દેવસિઅ૦ કહેવું.

૧૩. ઊભા થઈ, **કરેમિ ભંતે૦, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦** કહી –

૧૪. **પંચાચારના અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો.** આઠ ગાથા ન આવડે, તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને **લોગસ્સ૦ કહેવો** પછી –

૧૫. બેસીને **ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવી ને વાંદણાં બે દેવા** પછી.

૧૬. ઊભા થઈને **ઇચ્છાકારેણ૦ સંદિ૦** ભગવન્ **દેવસિઅં આલોઉં ?** ઇચ્છં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આલોએમિ, જો મે દેવસિઓ૦ કહીને,

૧૭. **સાત લાખ** કહેવા.

૧૮. **સવ્વસ્સવિ દેવસિઅ૦** કહી –

૧૯. **બેસીને એક નવકાર** ગણી **કરેમિ ભંતે૦ ઈચ્છામિ પડિક્કમિઉ૦** કહીને **વંદિત્તુ૦** કહેવું.

૨૦. **વંદિત્તુ૦ કહી ને બે વાંદણાં દેવા** પછી –

૨૧. **ઈચ્છા૦ સંદિ૦** ભગવન્ **અબ્ભુટ્ઠિઓ૦ ખામીને બે વાંદણાં** દેવા પછી ઊભા થઈ **આયરિય ઉવજ્ઝાએ૦** કહેવું પછી.

૨૨. **કરેમિ ભંતે૦, ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦** કહી **તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦** કહી **બે લોગ્ગસ્સ ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ** કરી પારીને **લોગસ્સ૦** કહેવો પછી.

૨૩. **સવ્વલોએ અરિહંતચેઈઆણં૦** કહી, **એક લોગસ્સ** ન આવડે તો ચાર નવકારનો **કાઉસ્સગ્ગ કરી,** પારીને.

૨૪. **પુક્ખરવરદી૦, સુઅસ્સ** ભગવઓ **કરેમિ કાઉ૦ વંદણ૦** કહી, **એક લોગસ્સ** ન આવડે તો ચારનવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને –

૨૫. **સિદ્ધાણં બુદ્ધાણં૦** કહી, **સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦** કહી **એક નવકારનો કાઉસ્સગ્ગ કરી,** પારીને **પુરુષે નમોઽર્હત્૦** કહી **સુઅદેવયાની** અને **સ્ત્રીએ કમલદલની** થોય કહેવી.

૨૬. **ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં૦** કહી **એક નવકારનો કાઉસ્સગ્ગ** કરી, પારીને **નમોઽર્હત્૦** કહી **ક્ષેત્રદેવતાની થોય** પુરુષે તથા સ્ત્રીએ **કહેવી.** (પુરુષે-જીસે ખિત્તે૦ અને સ્ત્રીએ યસ્યાઃ ક્ષેત્રં બોલવું.)

૨૭. **પ્રગટ એક નવકાર** ગણી, બેસીને **છટ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી** બે **વાંદણાં** દેવાં.

૨૮. **સામાયિક** ચઉવ્વિસત્થો, **વંદણ, પડિક્કમણું,** કાઉસ્સગ્ગ **પચ્ચક્ખાણ કર્યું છે જી,** એમ કહી છ આવશ્યક સંભારવાં.

૨૯. **ઈચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં નમોઽર્હત્૦** કહીને **પુરુષ નમોઽસ્તુ વર્ધમાનાય૦** કહે અને **સ્ત્રી સંસારદાવાની ત્રણ થોયો કહે.** પછી –

૩૦. **નમુત્થુણં૦, નમોઽર્હત્૦** કહી **સ્તવન** કહીને **વરકનક૦** કહી, **ચાર ખમાસમણ-પૂર્વક** ભગવાનહં આદિ વાંદવા પછી.

૩૧. જમણો હાથ કટાસણા ઉપર સ્થાપી **અઢ્ઢાઈજ્જેસુ૦** કહેવું પછી.

૩૨. **ઈચ્છાકારેણ૦ સંદિ૦** ભગવન્ **દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી ચાર લોગસ્સ** ન આવડે તો સોળ નવકારનો **કાઉસ્સગ્ગ કરી,** તે પારી **પ્રગટ લોગસ્સ૦**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવો પછી –

૩૩. ખમાસમણ દઈ, **ઈચ્છા૦ સંદિ૦** ભગવન્ **સજ્ઝાય સંદિસાહુ ? ઈચ્છં કહી,**ખમા૦ દઈ **ઈચ્છા૦ સંદિ૦** ભગવન્ સજ્ઝાય **કરું ? ઈચ્છં** કહીને **એક નવકાર** ગણી **સજ્ઝાય કહેવી પછી એક નવકાર** ગણીને.

૩૪. **ખમા૦** દઈ. **ઈચ્છાકારેણ૦ સંદિ૦** ભગવન્ **દુક્ખક્ખય-કમ્મક્ખય-નિમિત્તં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં દુક્ખક્ખય-કમ્મક્ખય-નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦** કહી સંપૂર્ણ **ચાર લોગસ્સ,** ન આવડે તો સોળ નવકારનો **કાઉસ્સગ્ગ** પારી **નમોઽર્હત્૦ લઘુશાંતિ૦** કહી, **પ્રગટ લોગસ્સ** કહેવો પછી – **ખમા૦** દઈ **જમણો હાથ સ્થાપીને અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં કહેવું.**

૩૫. પછી **ખમા૦** દઈ **ઈરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦** કહી એક **લોગસ્સ,** ન આવડે તો ચાર નવકારનો **કાઉસ્સગ્ગ** કરી, પારી **લોગસ્સ** કહેવો.

૩૬. પછી **ચઉક્કસાય૦, નમુત્થુણં૦** કહી **જાવંતિ, ખમા૦ જાવંત૦** કહી, **નમોઽર્હત્૦, ઉવસગ્ગહરં૦, જયવીયરાય૦** કહી **ખમા૦ દઈ ઈચ્છા૦ મુહપત્તિ પડિલેહી** પછી સામાયિક પારવાની વિધિ પ્રમાણે સામાયિક પારવું.

## (૬૧) રાઈઅ પ્રતિક્રમણની વિધિ

૧. પ્રથમ પૂર્વ રીતે સામાયિક લેવું પછી –

૨. ખમા૦ દઈ **ઈચ્છા૦ સંદિ૦** ભગવન્ **કુસુમિણ-દુસુમિણ-ઉડ્ડાવણી રાઈઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં ? કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણી રાઈઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં,** અન્નત્થ૦ કહી ચાર લોગસ્સ ન આવડે તો સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી પ્રગટ લોગસ્સ૦ કહેવો પછી –

૩. ખમાસમણ દઈ **જગચિંતામણિના ચૈત્યવંદનથી માંડી જયવીયરાય પૂરા સુધી** કહેવું –

૪. ચાર ખમાસમણ દઈ ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં કહેવું પછી.

૫. ખમાસમણપૂર્વક સજ્ઝાયના બે આદેશ માગી, **એક નવકાર** ગણીને **ભરહેસરની સજ્ઝાય કહી, એક નવકાર** ગણવો **પછી –**

૬. **ઈચ્છકાર સુહરાઈ૦** કહેવું પછી **ઈચ્છા૦ સંદિ૦** ભગવન્ **રાઈઅ પડિક્કમણે** ઠાઉં ? ઈચ્છં. જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપીને **સવ્વસ્સવિ રાઈઅ૦** કહેવું.

૭. નમુત્થુણં૦, કરેમિ ભંતે, કહી ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં૦, તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને.

૮. પ્રગટ લોગસ્સ કહી સવ્વલોએ અરિહંત૦, કહી એક લોગસ્સ ન આવડે તો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી,પારી પુક્ખરવરદી૦ સુઅસ્સ૦ વંદણ૦ કહી, અતિચારની આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી સિદ્ધાણં બુદ્ધાણં૦ કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી વાંદણા બે દેવાં.

૯. **પછી અહીંથી તે અબ્ભુટ્ઠિઓ ખામીને વાંદણાં સુધી સર્વ દેવસિઅ પ્રતિક્રમણની રીતે કહેવું પણ જે ઠેકાણે દેવસિઅ આવે તે ઠેકાણે રાઈઅ કહેવું પછી –**

૧૦. આયરિય ઉવજ્ઝાએ૦, કરેમિ ભંતે૦, ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં૦, તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી **તપચિંતવણિ** ન આવડે તો સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો તે પારીને –

૧૧. પ્રગટ લોગસ્સ કહી છઠ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં પછી –

૧૨. **તીર્થવંદના કરવા સકલતીર્થ૦** કહેવું પછી –

૧૩. યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું પછી –

૧૪. સામાયિક, ચઉવ્વિસત્થો, વંદણ, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી, એમ કહી છ આવશ્યક સંભારવા, તેમાં **પચ્ચક્ખાણ કર્યું હોય તો કર્યું છે જી ! કહેવું અને ધાર્યું હોય તો ધાર્યું છે જી !** કહેવું, પછી **ઈચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં નમોઽર્હત્૦** કહી –

૧૫. **પુરુષોએ વિશાલ લોચન૦** કહી **સ્ત્રીઓએ સંસારદાવાની** ત્રણ થોય કહી નમુત્થુણં૦, અરિહંત ચેઈઆણં૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને નમોઽર્હત્૦ કહી **કલ્લાણ કંદંની** પ્રથમ થોય કહેવી પછી...

૧૬. લોગસ્સ૦ પુક્ખરવરદી૦, સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી **અનુક્રમે દેવસિ પ્રતિ૦ની જેમ બાકીની ત્રણે થોયો કહેવી** પછી –

૧૭. નમુત્થુણં૦ કહી ભગવાનહં આદિ ચારને ચાર ખમાસમણે વાંદવા, પછી–

૧૮. ફક્ત શ્રાવક શ્રાવિકાએ જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપી **અઢ્ઢાઈજ્જેસુ૦** કહેવું પછી–

૧૯. **શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન કરવું. તેમાં પ્રથમ શ્રી સીમંધરસ્વામીના દુહા બોલવા,** દરેક દુહા પછી ખમાસમણ દેવું, **ખમા૦** દઈ શ્રી **સીમંધરસ્વામીનું ચૈત્યવંદન, સ્તવન, જય વીયરાય૦ કાઉસ્સગ્ગ, થોય** સુધી સર્વ ચૈત્યવંદનની વિધિ પ્રમાણે કહેવું. પછી –

૨૦. **શ્રી સીમંધરસ્વામીના ચૈત્યવંદનની જેમ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન કરવું, દુહા, સ્તવન અને થોય શ્રી સિદ્ધાચલજીના કહેવા, પછી –**

૨૧. સામાયિક પારવાની વિધિ પ્રમાણે **સામાયિક પારવું.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૨) પક્ખિ પ્રતિક્રમણની વિધિ

૧. પ્રથમ દેવસિઅ પ્રતિક્રમણમાં વંદિત્તુ આવે ત્યાં સુધી સર્વ કહેવું **પણ ચૈત્યવંદન સકલાર્હત્૦ કહેવું** અને **થોયો સ્નાતસ્યાની** કહેવી.

૨. પછી ખમાસમણ દઈને - **દેવસિઅ આલોઈઅ પડિક્કંતા ઈચ્છાકારેણ સંદિસહ** ભગવન્ **! પક્ખિ મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં** એમ કહી મુહપત્તિ પડિલેહવી.

૩. બે વાંદણાં દેવાં.

૪. **પછી ઈચ્છાકારેણ. સંદિ૦** ભગ૦ **સંબુદ્ધા ખામણેણં, અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઈચ્છં ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ, પનરસ રાઈદિયાણં, જંકિંચિ અપત્તિઅં૦** કહી –

૫. **ઈચ્છાકારેણ. સંદિ૦** ભગ૦ **પક્ખિઅં આલોઉં ? ઈચ્છં આલોએમિ જો મે પક્ખિઓ અઈયારો કઓ૦** કહી **ઈચ્છાકારેણ૦ પક્ખિ અતિચાર આલોઉં ? ઈચ્છં** એમ કહી અતિચાર કહેવા*. પછી એવંકારે શ્રાવક તણે ધર્મે શ્રી સમકિત મૂલ બાર વ્રત એકસો ચોવીસ અતિચારમાંહે જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહે સૂક્ષ્મબાદર જાણતાં-અજાણતાં થયો હોય, તે સર્વે મને વચને કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં કહેવું.

૬. **સવ્વસ્સવિ પક્ખિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ ઈચ્છાકારેણ** સંદિસહ ભગવન્ **! ઈચ્છં તસ્સ મિચ્છા મિ દુક્કડં** કહી –

૭. **ઈચ્છકારી !** ભગવન્ **! પસાય કરી પક્ખિતપ પસાદ કરશોજી** એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહેવું. **પક્ખિ લેખે ચઉત્થેણ એક ઉપવાસ, બે આયંબિલ, ત્રણ નીવિ, ચાર એકાસણાં, આઠ બિઆસણાં, બે હજાર સ્વાધ્યાય યથાશક્તિ તપ કરી** પહોંચાડવો. પછી **તપ** કર્યો હોય **તો પઈટ્ઠિઓ** કહેવું અને **કરવાનો હોય તો તહત્તિ** કહેવું, તથા ન કરવો હોય તો **મૌન રહેવું.**

૮. પછી વાંદણાં બે દેવાં.

૯. **પછી ઈચ્છા૦ સંદિ૦** ભગ૦ **પત્તેઅ** ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ **અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઈચ્છં ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પનરસ રાઈદિયાણં જંકિંચિ અપત્તિઅં૦** કહી.

૧૦. વાંદણાં બે દેવાં.

૧૧. **દેવસિઅ આલોઈઅ પડિક્કંતા ઈચ્છા૦ સંદિસહ** ભગવન્ **પક્ખિઅં પડિક્કમામિ ? (ગુરુ સમ્મં પડિક્કમેહ કહે), પછી કરેમિ** ભંતે **! સામાઈઅં૦ કહી ઈચ્છામિ પડિક્કમિઉં જો મે પક્ખિઓ૦** કહેવું.

૧૨. પછી ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિ૦** ભગ૦ **(પક્ખિસુત્તં કઢું ?**(ત્યારે ગુરુ **કઢો**) કહે છે. * ઈચ્છં એમ કહી - ત્રણ નવકાર ગણી સાધુ હોય, તો પક્ખિસૂત્ર કહે અને સાધુ ન હોય તો ત્રણ નવકાર ગણીને **શ્રાવક વંદિત્તુ૦** કહે પછી સુઅદેવયાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થોય કહેવી.

૧૩. પછી નીચે બેસી જમણો ઢીંચણ ઊભો રાખી એક નવકાર ગણી કરેમિ ભંતે ! ઇચ્છામિ પડિ૦ કહી વંદિત્તુ૦ કહેવું.

૧૪. પછી કરેમિ ભંતે૦ **ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પક્ખિઓ૦** તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહીને **બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.** તે લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી કહેવા, ન આવડે તો અડતાલીશ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારવો, પારીને પ્રગટ લોગસ્સ કહી,

૧૫. મુહપત્તિ પડિલેહીને વાંદણાં બે દેવાં.

૧૬. પછી **ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સમત્ત ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પક્ખિઅં** એક પક્ખસ્સ પનરસ રાઈદિયાણં જંકિંચિ અપત્તિઅં૦ કહેવું.

૧૭. પછી ખમાસમણ દઈને **ઇચ્છા૦ સંદિ૦** ભગ૦ **પક્ખિ ખામણા ખામું ?** ઇચ્છં એમ કહી ખામણાં ચાર ખામવાં.

૧૮. મુનિ મહારાજ ખામણાં કહે અને **મુનિ મહારાજ ન હોય તો ખમાસમણ દઈ ઇચ્છામિ ખમાસમણો કહી જમણો હાથ ચરવળા કે કટાસણા પર સ્થાપી એક નવકાર કહી સિરસા મણસા મત્થએણ વંદામિ કહેવું. એમ કુલ ચાર ખમાસમણ આપવા. માત્ર ત્રીજા ખામણાને અંતે તસ્સ મિચ્છામિ દુક્કડં કહેવું.** એમ કુલ ચાર ખમાસમણ આપવા. અહીં પક્ખિ પ્રતિક્રમણ પૂરું થાય છે.

૧૯. પછી દેવસિઅ પ્રતિક્રમણમાં વંદિત્તુ૦ પછીના, બે વાંદણાંથી દઈને, તિહાંથી તે સામાયિક પારીએ ત્યાં સુધી સર્વ દેવસિઅ પ્રતિક્રમણની જેમ કરવું. (પણ સુઅદેવયા૦ તથા જીસે ખિત્તે૦ની થોયોને ઠેકાણે **જ્ઞાનાદિ૦** તથા **યસ્યાઃ ક્ષેત્રં**૦ની થોયો કહેવી) સ્તવન **અજિતશાંતિનું** કહેવું.

**સજ્ઝાયને ઠેકાણે નવકાર ઉવસગ્ગહરં તથા સંસારદાવાની** થોયો ચાર કહેવી. ઝંકારાથી ઊંચે અવાજે સકળ સંઘે એક સરખી રીતે બોલવું. **લઘુશાંતિને ઠેકાણે મોટી શાંતિ** કહેવી.

## (૬૩) ચઉમાસી પ્રતિક્રમણની વિધિ

એમાં ઉપર કહ્યા મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું. પણ એટલું વિશેષ કે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો અને **પક્ખિ શબ્દને ઠેકાણે ચઉમાસી શબ્દ કહેવો, વાંદણામાં વઈક્કંતોના સ્થાને** 'ચઉમાસી વઈક્કંતા' **ચઉમાસી વઈક્કમં** કહેવું તથા **તપને ઠેકાણે ચઉમાસી લેખે છટ્ઠેણં** બે ઉપવાસ, ચાર **આયંબિલ, છ નીવિ, આઠ એકાસણાં, સોલ બિઆસણાં,** ચાર હજાર **સ્વાધ્યાય** એ રીતે કહેવું. **અબ્ભુટ્ઠિઓ ખામવામાં એક પક્ખસ્સ પનરસ** રાઈદિયાણંના **સ્થાને ચાર માસાણં આઠ પક્ખાણં એકસો વીસ** રાઈદિયાણં **કહેવું.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૪) સંવચ્છરી પ્રતિક્રમણની વિધિ

એમાં પણ ઉપર લખ્યા મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું, પણ એટલું વિશેષ કે **બાર લોગસ્સના-કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીસ લોગસ્સ અને એક નવકાર, ન આવડે તો એકસોને સાઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો અને તપને ઠેકાણે સંવચ્છરી લેખે અટ્ઠમ ભત્તેણં, ત્રણ ઉપવાસ, છ આયંબિલ, નવ નીવિ, બાર એકાસણાં, ચોવીસ બિઆસણાં અને છ હજાર સ્વાધ્યાય એ રીતે કહેવું, અબ્ભુટ્ઠિઓ ખામવામાં એક પક્ખસ્સ પનરસ રાઈદિયાણં-ના સ્થાને બાર માસાણં ચોવીસ પક્ખાણં ત્રણ સો સાઠ રાઈદિયાણં કહેવું અને પક્ખિ શબ્દને ઠેકાણે 'સંવચ્છરો વઈક્કંતો સંવચ્છરિઅં વઈક્કમં'** શબ્દ કહેવો.

### છીંક આવે તો –

પક્ખિ-ચઉમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં **અતિચાર પહેલાં છીંક આવે, તો ચૈત્યવંદનથી ફરીથી શરૂઆત કરવી જોઈએ અને અતિચાર પછી છીંક આવે તો દુક્ખક્ખય કમ્મક્ખયના કાઉસ્સગ્ગ પહેલાં છીંકનો કાઉસ્સગ્ગ કરવો.**

## (૬૫) છીંકના કાઉસ્સગ્ગની વિધિ

સજ્ઝાય કર્યા પછી ઇચ્છા૦ સંદિસહ ભ૦ ક્ષુદ્રોપદ્રવ ઓહડ્ડાવણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં, ક્ષુદ્રોપદ્રવ ઓહડ્ડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ ચાર લોગસ્સ સાગરવરગંભીરા સુધીનો કાઉસ્સગ્ગ ન આવડે તો ૧૬ નવકારનો કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્૦ કહી નીચેની થોય કહેવી.

**સર્વે યક્ષામ્બિકાદ્યા યે, વૈયાવૃત્ત્યકરા જિને । ક્ષુદ્રોપદ્રવ-સંઘાતં,તે દ્રુતં દ્રાવયન્તુ નઃ ॥**

અર્થ - જિનેશ્વરને વિષે વૈયાવચ્ચ કરનારા સર્વે યક્ષો અને અંબિકાદિ વગેરે (દેવીઓ) જલ્દીથી અમારા ક્ષુદ્ર ઉપદ્રવના સમૂહને દૂર કરો.

પછી લોગસ્સ કહી આગળનો વિધિ ચાલુ કરવો.

## (૬૬) *પોસહ વિધિ

**પૌષધ વિધિ તથા સવારના પડિલેહણની વિધિ :**

---

* ધર્મની પુષ્ટિને જે ધારણ કરે તેને 'પૌષધ' કહીએ. શ્રાવકનાં બાર વ્રતમાં એ અગ્યારમું વ્રત છે. અષ્ટમી ચતુર્દશી વગેરે પર્વતિથિઓને દિવસે ચાર પહોરનો અથવા આઠ પહોરનો પૌષધ કરવામાં આવે છે. તે પૌષધના મુખ્ય ચાર ભેદ છે. **૧. આહાર પોસહ**-ઉપવાસ વગેરે તપ કરવો તે. **૨. શરીર સત્કાર પોસહ**-શરીરની સ્નાન વિલેપનાદિ વડે વિભૂષા-સત્કાર ન કરવો તે. **૩. બ્રહ્મચર્ય પોસહ**-શિયળ પાળવું તે અને **૪. અવ્યાપાર પોસહ**-સાવદ્ય વ્યાપાર (ક્રિયા)એ સર્વનો ત્યાગ કરવો તે. આ ચારે પ્રકારના પોસહના **દેશથી** અને **સર્વથી** એમ બે બે ભેદ થતાં મુખ્ય આઠ ભેદ થાય છે અને સંયોગી ભેદ ૮૦ થાય છે, પરંતુ પૂર્વાચાર્યની પરંપરાએ હાલમાં માત્ર આહાર પોષધ દેશથી અને સર્વથી કરવામાં આવે છે. બાકીના ત્રણ પ્રકારના પોસહ તો સર્વથી જ થઈ શકે છે. આહાર પોસહમાં ચઉવિહાર ઉપવાસ કરવો તે સર્વથી અને તિવિહાર ઉપવાસ, આયંબિલ, નીવિ અને એકાસણું કરવું તે દેશથી સમજવો. માત્ર રાત્રિના ચાર પહોરનો પોસહ કરનારે પણ દિવસે એમાનું કાંઈ પણ વ્રત કરેલું હોવું જોઈએ, એવો નિયમ છે અને ફક્ત રાત્રિ (સાંજે) પૌષધ લેનારે કરેમિ ભંતે માં 'જાવ **સેસદિવસં** રત્તિં પજ્જુવાસામિ' બોલવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૌષધ આઠ પ્રહરનો અને ચાર પ્રહરનો એમ બે રીતે લઈ શકાય છે. ચાર પ્રહરનો પૌષધ દિવસનો અથવા રાત્રિનો હોય છે. જેણે આઠ પ્રહરનો પૌષધ કરવો હોય અથવા દિવસનો ચાર પ્રહરનો પૌષધ કરવો હોય તેણે સવારે સૂર્યોદય પહેલાં પૌષધ લેવો જોઈએ. દરેક પૌષધમાં બંને ટાઈમ પ્રતિક્રમણ અને તપમાં ઓછામાં ઓછું એકાસણું આવશ્યક છે. સવારે પ્રતિક્રમણ કરીને પૌષધ લઈ શકાય છે તથા પૌષધ લઈને પણ પ્રતિક્રમણ કરી શકાય, પણ સૂર્યોદય પહેલાં પૌષધ લેવાઈ જાય તેમ કરવું. તેની વિધિ નીચે પ્રમાણે છે –

સ્થાપનાચાર્ય સ્થાપી અથવા ભગવાનની સમક્ષ પ્રથમ ખમાસમણ દઈ ઈરિયાવહી પડિક્કમી લોગસ્સ સુધી ક્રિયા કરવી. પછી ખમા૦ દઈ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પોષહ મુહપત્તિ પડિલેહું ?' એમ બોલી, ગુરુ આદેશ આપે એટલે 'ઇચ્છં' કહીને મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ 'ઇચ્છા૦ સંદિ૦ ભગવત્ પોસહ સંદિસાહું ? 'ઇચ્છં' ખમા૦ 'ઇચ્છા૦ સંદિ૦ ભગવત્ પોસહ ઠાઉં ?' 'ઇચ્છં' કહી ઊભા થઈ બે હાથ જોડી નવકાર ગણી, 'ઇચ્છકારિ ભગવન્ પસાય કરી પોસહદંડક ઉચ્ચરાવોજી' કહેવું એટલે ગુરુ પોસહનું કરેમિ ભંતે ઉચ્ચરાવે.

## શ્રી પોસહનું પચ્ચક્ખાણ

***કરેમિ ભંતે[1] ! પોસહં, આહાર પોસહં દેસઓ સવ્વઓ,**

કરું છું ભગવાન ! પૌષધ આહાર પૌષધ દેશથી કે સર્વથી,

**શરીરસક્કાર પોસહં[2] સવ્વઓ, બંભચેર પોસહં સવ્વઓ,**

શરીરસત્કાર પૌષધ સર્વથી, બ્રહ્મચર્ય પૌષધ સર્વથી,

---

* આ સૂત્ર વડે પોસહનું પચ્ચક્ખાણ લેવાય છે. **પ્રત્યાખ્યાન** શબ્દનો અર્થ ત્યાગ કરવું અને પાળવું-સેવન કરવું, એમ બંને પ્રકારે થાય છે. તેથી **આહારપોસહં** એટલે આહારનો ત્યાગ કરવારૂપ પોસહ કરું છું એમ અર્થ થાય છે. તેવી જ રીતે **શરીરસક્કારપોસહં** એટલે શરીરની શોભા ન કરવારૂપ પોસહ કરું છું, એ બંને બાબત ત્યાગ કરવાની છે. **બંભચેરપોસહં** અને **અવ્વાવારપોસહં** એટલે બ્રહ્મચર્યને પાળવારૂપ અને અવ્યાપાર (મન, વચન અને કાયાના સાવદ્યયોગ ત્યાગકરણરૂપ)ને પાળવારૂપ પોસહ કરું છું, એમ બંને પદનો અર્થ પાલન કરવાનો થાય છે. સામાયિક અને પોસહમાં ત્રણ કાળ સંબંધી પચ્ચક્ખાણ થાય છે તે આ પ્રમાણે **કરેમિ** પદ વડે વર્તમાનકાળે સાવદ્યયોગનો ત્યાગ કરવારૂપ પચ્ચક્ખાણ થાય છે. **તસ્સ** પદ વડે અતીતકાળે (ભૂતકાળે) કરેલા સાવદ્યયોગનું પ્રતિક્રમણ થાય છે અને સામાયિકમાં **પચ્ચક્ખામિ** પદ વડે અનાગતકાળે (નિયમપર્યંતના ભવિષ્યકાળે) સાવદ્યયોગ નહિ કરીશ, એમ પચ્ચક્ખાણ થાય છે અને પોસહમાં **ઠામિ** પદ વડે અનાગતકાળે બે બાબતનો ત્યાગ અને બે બાબતનું પાલન કરીશ, એ પ્રકારનો (ધર્મની પુષ્ટિ આપે તે) પોસહ કરીશ, એમ પચ્ચક્ખાણ કરાય છે.

૧. **ભંતે** એ પદના ભદંત (કલ્યાણકારી), ભયાન્ત (ભયનો અંત કરનાર) અને ભવાન્ત (ભવનો અંત કરનાર) એવા ત્રણ અર્થ થાય છે. **ભંતે** એ પ્રકારે ભગવંતને આમંત્રણ કરવા વડે કરીને ગુરુકુલવાસનું સૂચન થાય છે, અર્થાત્ સાધુઓએ ગુરુનિશ્રાએ રહેવું અને ગૃહસ્થે ગુરુ મહારાજ પાસે સામાયિક ઉચ્ચરવું, એમ સૂચવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવ્વાવાર પોસહં [3]સવ્વઓ, ચઉવ્વિહં પોસહં ઠામિ**

અવ્યાપાર પૌષધ સર્વથી (એમ) ચાર પ્રકારના પૌષધને કરું છું,

**જાવ દિવસં અહોરત્તં પજ્જુવાસામિ ।**

જ્યાં સુધી દિવસ અથવા દિવસ અને રાત (પૌષધમાં) રહેલો છું ત્યાં સુધી.

**શબ્દાર્થ** - **કરેમિ**-કરું છું, **ભંતે**-ભગવાન, **પોસહં**-પૌષધ, **આહારપોસહં**-આહાર પૌષધ, **દેસઓ**-દેશથી, **સવ્વઓ**-સર્વથી, **સરીરસક્કારપોસહં**-શરીરસત્કાર પૌષધ, **બંભેચરપોસહં**-બ્રહ્મચર્ય પૌષધ, **ચઉવ્વિહં**-ચાર પ્રકારના, **ઠામિ**-કરું છું, **જાવ**-જ્યાં સુધી, **દિવસં**-દિવસ, **અહોરત્તં**-દિવસ અને રાત, **પજ્જુવાસામિ**-રહેલો છું.

**અર્થ** - હે ભગવંત ! હું પૌષધ કરું છું. આહાર પૌષધને દેશથી કે સર્વથી, શરીર સત્કાર પૌષધ સર્વથી, બ્રહ્મચર્ય પૌષધ સર્વથી, અવ્યાપાર પૌષધ સર્વથી, એમ ચાર પ્રકારના પૌષધને જ્યાં સુધી દિવસ અથવા દિવસ અને રાત પૌષધમાં રહેલો છું ત્યાં સુધી કરું છું.

**દુવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ**

બે પ્રકારે ત્રણ પ્રકારે મન વડે વચન વડે, કાયા વડે, ન કરું, ન કરાવું.

**તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ**

તે (ભૂતકાળનાં પાપથી) હે ભગવાન ! પાછો ફરું છું. નિંદા કરું છું. ગર્હા કરું છું. (એવા) આત્માનો ત્યાગ કરું છું.

**શબ્દાર્થ** - **દુવિહં**-બે પ્રકારે, **તિવિહેણં**-ત્રણ પ્રકારે, **મણેણં**-મન વડે, **વાયાએ**-વચન વડે, **કાએણં**-કાયા વડે, **ન**-નહિ, **કરેમિ**-કરું, **કારવેમિ**-કરાવું, **તસ્સ**-તે પાપથી, **ભંતે**-ભગવાન, **પડિક્કમામિ**-પાછો ફરું છું, **નિંદામિ**-નિંદું છું, **ગરિહામિ**-ગર્હા કરું છું, **અપ્પાણં**-આત્માને, **વોસિરામિ**-ત્યાગ કરું છું.

**અર્થ** - ત્રણ પ્રકારે મનથી, વચનથી, કાયાથી, બે પ્રકારે કરું નહિ અને કરાવું નહિ અને તેનાથી (ભૂતકાળમાં કરેલા પાપથી) પાછો ફરું છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું અને (પાપરૂપ) આત્માનો ત્યાગ કરું છું.

પછી ખમાસમણ દઈ 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક મુહપત્તિ પડિલેહું ?' 'ઇચ્છં' કહી, મુહપત્તિ પડિલેહીને, ખમા૦ દઇ 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક સંદિસાહું ?' 'ઇચ્છં કહી ખમા૦ દઇ 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સામાયિક ઠાઉં ?' 'ઇચ્છં' કહી બે હાથ જોડી, નવકાર ગણી 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી' કહેવું એટલે ગુરુ 'કરેમિ ભંતે સામાઈયં૦'નો પાઠ કહે. જાવ નિયમં પજ્જુવાસામિ ને બદલે જાવ પોસહં પજ્જુવાસામિ કહે. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'બેસણે સંદિસાહું ?' ઇચ્છં૦ ખમા૦ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'બેસણે ઠાઉં' ? ઇચ્છં. ખમા૦ દઇ ઇચ્છા. સંદિ૦ ભગ૦ 'સજ્ઝાય સંદિસાહું ?' ઇચ્છં. ખમા૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'સજ્ઝાય કરું ?' 'ઇચ્છં' કહી, ત્રણ નવકાર ગણવા. પછી પ્રતિક્રમણ ન કર્યું હોય તો પ્રતિક્રમણ કરવું અને કલ્લાણ કંદ પછી ચાર ખમાસમણની પહેલા ખમા૦ દઈ બહુવેલ સંદિસાહુના બે આદેશ માગવા. પછી બે ચૈત્યવંદન કરવા અને પ્રતિક્રમણ કર્યું હોય તો પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'બહુવેલ સંદિસાહું ?' 'ઇચ્છં.' ખમા૦ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'બહુવેલ કરશું' 'ઇચ્છં.' પૌષધ લઈને પ્રતિક્રમણ કર્યું હોય તો તે પછી ઈરિયાવહી પડિક્કમવી પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'પડિલેહણ કરું ?' 'ઇચ્છં' કહીને મુહપત્તિ વગેરે પાંચ વાનાં પડિલેહવાં. પોસહ લીધા અગાઉ ઘરે અથવા ઉપાશ્રયે પડિલેહણ કરી હોય તેણે અહીં તેમજ ઉપધિ સંબંધી આદેશ વખતે માત્ર મુહપત્તિ જ પડિલેહવી. (મુહપત્તિ ૫૦ બોલથી, ચરવળો ૧૦ બોલથી, કટાસણું ૨૫ બોલથી, સૂત્રનો કંદોરો ૧૦ બોલથી અને ધોતિયું ૨૫ બોલથી પડિલેહવું). પછી ઈરિયાવહી પડિક્કમવી. પછી ખમાસમણ દઈ, 'ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી.' એમ કહી વડિલ (બ્રહ્મચર્યવ્રતધારી)નું અણપડિલેહ્યું એક વસ્ત્ર (ઉત્તરાસન) પડિલેહવું. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ?' 'ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'ઉપધિ સંદિસાહું ?' ઇચ્છં કહી ખમા૦ દઇ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ 'ઉપધિ પડિલેહું ?' ઇચ્છં કહીને **પૂર્વે** પડિલેહતાં બાકી રહેલ ઉત્તરાસન, માત્રું કરવા જવાનું વસ્ત્ર અને રાત્રિ-પોસહ કરવો હોય તો કામળી વગેરે ૨૫-૨૫ બોલથી પડિલેહવાં, પછી એક જણે ડંડાસણ જાચી લેવું. તેને પડિલેહી, ઇરિયાવહી પડિક્કમીને કાજો લેવો. પછી કાજો ઉદ્ધરી યથાયોગ્ય સ્થાનકે **अणुजाणह जस्सुग्गहो** કહીને પરઠવવો. પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહેવું. પછી મૂળ સ્થાનકે આવીને સૌ સાથે દેવ વાંદવા (કાજો લેનારે ગમણાગમણે કરવા) અંતે મન્નહજિણાણં સજ્ઝાય કરવી.

## (૬૬) A સવારની પોરિસિ ભણાવવાની વિધિ

પૌષધ લીધા પછી સજ્ઝાય કર્યા પછી સ્વાધ્યાય કરવા બેસવું. પછી સૂર્યોદયથી બે કલાક અને ચોવીશ મિનિટ એટલે છ ઘડી થયા પછી પોરિસી ભણાવવી. ખમા૦ દઇ **ઇચ્છા૦ સંદિ૦ ભગવન્ બહુ પડિપુન્ના પોરિસી ?** (પહેલો પ્રહર મોટો ભાગ પૂર્ણ થયો છે ?) ગુરુ તહત્તિ (તે પ્રમાણે છે) કહે.

**પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગવન્ ઈરિયાવહિયં પડિક્કમામિ ?** એ પ્રમાણે પ્રગટ લોગસ્સ સુધી કહી ખમા૦ દઈ **ઇચ્છા૦ સંદિ૦ ભગવન્ પડિલેહણ** કરું ? આદેશ માગી મુહપત્તિનું પડિલેહણ કરવું. પછી ખમા૦ દઈ અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં કહેવું.

સજ્ઝાયથી માંડીને પચ્ચક્ખાણ પારતા પહેલા સુધીમાં ગુરુ ભગવંતની અનુકૂળતા મુજબ રાઈ મુહપત્તિ કરવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર ખુલ્લામાં જવું હોય તો કામળીના કાળમાં કામળી ઓઢવી.

કામળીનો કાળ – ✻ કા. સુ. ૧૫ થી ફા. સુ. ૧૪ સુધી
સૂર્યોદયથી ૯૬ મિનિટ સુધી
સૂર્યાસ્ત પહેલાં ૯૬ મિનિટથી
✻ ફા. સુ. ૧૫ થી અષાઢ સુ. ૧૪ સુધી
સૂર્યોદયથી ૪૮ મિનિટ સુધી
સૂર્યાસ્ત પહેલાં ૪૮ મિનિટથી
✻ અષાઢ સુ. ૧૫ થી કા.સુ. ૧૪ સુધી
સૂર્યોદયથી ૨ કલાક ૨૪ મિનિટ સુધી
સૂર્યાસ્ત પહેલાં ૨ કલાક ૨૪ મિનિટથી

## (૬૬) B પૌષધની અંતર્ગત આવતી ક્રિયાઓ

(૧) દેવદર્શન કરીને (દેરાસર સો ડગલાની બહાર હોય તો) અથવા ક્યાંય પણ ઉપાશ્રયથી સો ડગલા વધારે જઈને પાછા આવે ત્યારે અથવા ઠલ્લે માત્રું (સો ડગલાંની અંદર ગયા હોય તો પણ) જઈને આવ્યા બાદ તરત ઈરિયાવહિયં કરવા તથા પ્રગટ લોગસ્સ કહી ખમા૦ દઈ **ઇચ્છાકારેણ સંદિસહ** ભગવન્ ! **ગમણાગમણે આલોઉં ?** (આવતાં જતાં જે વિરાધના થઈ હોય તેની આલોચના કરું ?) **ગુરુ** ભગવંત **આલોએહ** (આલોચના કરો) એમ આદેશ આપે એટલે 'ઇચ્છં' કહી નીચેનો પાઠ બોલવો.

**ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાનભંડ મત્તનિકખેવણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ, મનગુપ્તિ વચનગુપ્તિ, કાયગુપ્તિ એ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ એ અષ્ટ પ્રવચનમાતા શ્રાવક તણે ધર્મે પોસહ લીધે રૂડી પરે પાલી ન હોય, ખંડના વિરાધના થઈ હોય તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડમ્. (આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો અર્થ 'પંચિંદિય સૂત્ર'ની ટિપ્પણીમાં આપેલ છે.)**

(૨) જેણે સવારે પોસહ લીધો નથી અને ફક્ત રાત્રિએ જ પોસહ કરવો છે, તેને માટે તથા જેણે સવારે દિવસનો જ પોસહ લીધેલ છે પછી રાત્રિ પોસહ કરવાનો વિચાર થયો તેણે પોસહ લેવાની વિધિ પ્રમાણે ઈરિ૦ કહી પ્રગટ લોગસ્સ કરી, જ્યારે પોસહ દંડક ઉચ્ચરાવવાનો આવે ત્યારે 'જાવ દિવસં કે અહોરત્તં' ને બદલે **'જાવ સેસદિવસં રત્તિં ચ' પજ્જુવાસામિ** એમ કહેવું.

(૩) રાત્રિ પૌષધ કરનારે સાંજે પડિલેહણ કરે ત્યારે 'બહુપડિપુન્ના પોરિસિ' એ આદેશ ન માગતાં સીધી ઈરિ. કરવી અને પછી ફક્ત પડિલેહણ કરું ? એ આદેશ માગવો 'પૌષધશાલા પ્રમાર્જું' એ આદેશ ન માગે.

(૪) પૌષધમાં વાપરવાનું હોય તો પુરિમઢ્ઢ પચ્ચક્ખાણ આવે ત્યારે પચ્ચક્ખાણ પારવાની વિધિ પ્રમાણે પચ્ચક્ખાણ પારી જ્યાં વાપરવાનું હોય ત્યાં જઈ ઈરિ૦ કરી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સો ડગલાંથી દૂર હોય તો ગમણાગમણે કરી) થાળી-વાટકી વગેરેનું પડિલેહણ કરી બેસવાની જગા પૂંજવી અને વાપરવા જાય ત્યારે ઘરમાં પ્રવેશ કરતાં 'જયણા મંગલ' બોલવું.

(૫) વાપર્યા પછી ઈરિ૦ કરી જગચિંતામણિ ચૈત્યવંદન કરી, 'જય વીયરાય' સુધી કહેવું. પછી ખમા૦ દઈ 'અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં' કહેવું.

(૬) ઉપાશ્રયમાં પેસતાં ૩ વાર 'નિસીહિ' અને નીકળતાં ૩ વાર 'આવસ્સહી' કહેવાનો ઉપયોગ રાખવો.

(૭) રાત્રે પૌષધશાળાએ રૂના પુંમડા દિવસે યાચી પડિલેહણ કરી રાત્રે બંને કાનમાં રાખવા.

(૮) પૌષધમાં લીલોતરીનો ત્યાગ કરવાનો હોય છે.

## (૬૬) C માત્રુ (પેશાબ) જવાનો વિધિ

માત્રુ કરવા જનારે પ્રથમથી જ કુંડી, પૂંજણી અને અચિત્ત પાણી યાચીને રાખવાં.

જ્યારે માત્રુ કરવા જવું હોય ત્યારે માતરિયું (માત્રુ કરતાં પહેરવાનું વસ્ત્ર) પહેરી, પૂંજણીથી કુંડી પ્રમાર્જી, તેમાં માત્રુ કરીને પરઠવવાની જગાએ મૂકી, જંતુ વિનાની ભૂમિ જોઈને **'અણુજાણહ જસ્સુગ્ગહો'** બોલી માત્રુ પરઠવીને કુંડી નીચે મૂકી 'વોસિરે, વોસિરે, વોસિરે.' એમ ત્રણ વાર કહી, કુંડી હાથમાં લઈ મૂળ જગાએ ઇંટાદિ પર મૂકવી. પછી હાથ અચિત્ત પાણીથી ધોઈ (પગ અપવિત્ર થયા હોય તો તે પણ શુદ્ધ કરે) વસ્ત્ર બદલી સ્થાપનાચાર્ય સન્મુખ ઈરિ૦ કરી ગમણાગમણે આલોવે. (બોલે).

## (૬૬) D સ્થંડિલ (ઠલ્લ આદિ માટે શુધ્ધિ ભૂમિ જવાનો વિધિ

જ્યારે સ્થંડિલ જવું હોય ત્યારે માતરિયું પહેરી, કામળી કાળ હોય તો કામળી ઓઢી, કટાસણું ખભે મૂકી, ચરવળો ડાબી કાંખમાં નાખી, મુહપત્તિનો ઉપયોગ ન રહે તો કેડે ખોસી, જાચી લીધેલ અચિત્ત પાણીનો નાનો લોટો કે તેવું પાત્ર લઈ જાય. ત્યાં જગા બરાબર જંતુરહિત તપાસીને **'અણુજાણહ જસ્સુગ્ગહો'** કહીને બાધા ટાળે પછી ઊઠતાં **'વોસિરે, વોસિરે, વોસિરે.'** એમ ત્રણ વાર કહી ઉપાશ્રયે આવી પગનું પ્રક્ષાલન કરી, વસ્ત્ર બદલી સ્થાપનાચાર્ય સન્મુખ ઈરિ૦ કહી ગમણાગમણે આલોવે.

## (૬૬) E સત્તર સંડાસા (પ્રમાર્જના)ની વિધિ

**ખમાસમણ** તથા **વાંદણા** દેતાં સત્તર સ્થાનકે ચરવળાથી પ્રમાર્જવાની જરૂર છે. તે આ પ્રમાણે - (૧) જમણા પગનો કેડથી નીચેનો પગ પર્યંત પાછલો સર્વભાગ (૨) પાછળનો કેડ નીચેનો મધ્ય ભાગ, (૩) ડાબા પગનો કેડ નીચેનો પાછલો પગ પર્યંત સર્વ ભાગ, (૪) તેવી જ રીતે આગળનો જમણો ભાગ, (૫) મધ્ય ભાગ, (૬) ડાબો પગ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણના આગલા ભાગો પગ પર્યંત સમજવા. (૭ થી ૯) નીચે બેસતી વખતે ત્રણ વાર ભૂમિ પ્રમાર્જવી. (૧૦) પછી જમણા હાથમાં મુહપત્તિ લઈ તે વડે લલાટની જમણી બાજુથી પ્રમાર્જતાં જતાં આખું લલાટ, ડાબા હાથનો ઉપરનો ભાગ અને નીચે કાંડાથી કોણી પર્યંત, તેવી જ રીતે (૧૧) ડાબા હાથમાં મુહપત્તિ લઈને ડાબી બાજુથી પૂંજતાં આખું લલાટ, જમણા હાથ ઉપરનો ભાગ અને નીચેનો ભાગ કાંડાથી કોણી પર્યંત, (૧૨ થઈ ૨૪) ત્યાંથી ચરવળાની દાંડીને મુહપત્તિ વડે પૂંજવી ત્રણ ચરવળાના ગુચ્છા ઉપર, (૧૫ થી ૧૭) ઊઠતી વખતે ત્રણ વાર અવગ્રહની બહાર નીકળતાં કટાસણા ઉપર પૂંજવું.

## (૬૬) F પૌષધમાં આલોચના ક્યારે આવે ?

(૧) એકાસણું કે આયંબિલ કરીને ઊઠ્યા પછી વમન (ઉલટી) થાય તો.

(૨) અન્ન એઠું મૂકવામાં (છાંડવામાં) આવે તો.

(૩) નિષિધ આહાર (સચિત્ત, લીલોતરી વગેરે)નું ભક્ષણ થાય તો.

(૪) પચ્ચક્ખાણ પારવું ભૂલી જવાય તો.

(૫) ભોજન કર્યા પછી ચૈત્યવંદન કરવું રહી જાય તો.

(૬) દહેરાસર જવું ભૂલી જાય તો.

(૭) દેવ વાંદવા ભૂલી જાય તો.

(૮) રાત્રે વડીનીતિ કરવા (ઠલ્લે) જવું પડે તો.

(૯) રાત્રે સંથારાપોરિસિ ભણાવ્યા સિવાય સૂઈ જાય, ઊંઘી જાય ને પોરિસિ ભણાવે જ નહિ તો.

(૧૦) મુહપત્તિ ભૂલી જાય ને સો ડગલાં ચાલે તો.

(૧૧) મુહપત્તિ કે કટાસણું ખોઈ નાંખે તો.

(૧૨) માખી, માંકડ, જુ વગેરે ત્રસજીવોનો પોતાના હાથે ઘાત (મૃત્યુ) થઈ જાય તો.

(૧૩) પડિલેહણ કર્યા વિનાનું વસ્ત્ર કે પાત્ર વાપરે તો.

(૧૪) મુહપત્તિને ચરવળાની આડ પડે તો.

(૧૫) મોઢામાંથી એઠું નીકળે તો.

(૧૬) રાત્રે કાનમાં કુંડળ નાખવું રહી જાય તો.

(૧૭) નવકારવાળી ગણતાં પડી જાય તો.

(૧૮) સ્થાપનાજી પડી જાય તો.

(૧૯) પુરુષનો સ્ત્રીને અને સ્ત્રીનો પુરુષને સંઘટ્ટો (સ્પર્શ) થાય તો.

(૨૦) કાનમાંથી જીવનું કલેવર નીકળે તો.

(૨૧) પડિલેહણ કરતાં બોલે તો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૨) નવકારવાળી ગણતાં બોલે તો.

(૨૩) એંઠે મોઢે બોલે તો.

(૨૪) તિર્યંચનો સંઘટ્ટ થાય તો.

(૨૫) એકેન્દ્રિય (સચિત્ત)નો સંઘટ્ટ થાય તો.

(૨૬) દિવસે નિદ્રા લે તો.

(૨૭) દીવાની, ઇલેક્ટ્રીક કે વીજળી આદિની ઉજ્જેહિ (પ્રકાશ) લાગે તો.

(૨૮) માથે કામળી નાખવાના કાળમાં કામળી નાંખ્યા સિવાય અગાસી કે (ખુલ્લી) જગ્યામાં જાય તો.

(૨૯) વર્ષાદિકના છાંટા લાગે તો.

(૩૦) વાડામાં સ્થંડિલ (વડીનીતિ) જાય તો.

(૩૧) બેઠા બેઠા પડિક્કમણું કરે તો.

(૩૨) બેઠા બેઠા ખમાસમણ દે તો.

(૩૩) ઉઘાડે મુખે બોલે તો.

સાધુઓએ ગુરુનિશ્રાએ રહેવું અને ગૃહસ્થે ગુરુ મહારાજા પાસે સામાયિક ઉચ્ચરવું, એમ સૂચવાય છે. અર્થાત્ ગુરુઆજ્ઞામાં રહેવું.

---

## (૬૬) G પોસહ પારવાની વિધિનું સૂત્ર

**સાગરચંદો કામો, ચંદવડિંસો સુદંસણો ધન્નો ।**

સાગરચંદ્રકુમાર, કામદેવ, ચંદ્રાવતંસરાજા, સુદર્શન શેઠ ધન્ય છે,

**જેસિં પોસહપડિમા અખંડિઆ જીવિઅંતે વિ ॥૧॥**

જેઓની પૌષધ પ્રતિમા (વ્રત) અખંડિત રહી જીવનના અંત સુધી પણ.

**શબ્દાર્થ - સાગરચંદો**-સાગરચંદ્ર, **કામો**-કામદેવ, **ચંદવડિંસો**-ચંદ્રાવતંસ રાજા, **સુદંસણો**-સુદર્શન શ્રેષ્ઠી, **ધન્નો**-ધન્ય છે, **જેસિં**-જેઓની, **પોસહપડિમા**-પૌષધ પ્રતિમા, **અખંડિઆ**-અખંડિત રહી, **જીવિઅંતે**-જીવનના અંતે, **વિ**-પણ.

**અર્થ** - સાગરચંદ્ર, કામદેવ, ચંદ્રાવતંસ, સુદર્શન શ્રેષ્ઠીને ધન્ય છે જેઓની પૌષધ પ્રતિમા (વ્રત) જીવનના અંત સુધી પણ અખંડિત રહી.

**ધન્ના સલાહણિજ્જા, સુલસા આણંદ કામદેવા ય ।**

ધન્ય છે, પ્રશંસાપાત્ર છે, સુલસા શ્રાવિકા, આનંદ, કામદેવ શ્રાવક,

**જાસ પસંસઈ ભયવં દઢવ્વયત્તં મહાવીરો ॥૨॥**

જેમની પ્રશંસા કરે છે ભગવાન દઢવ્રતપણાને મહાવીર.

**શબ્દાર્થ - ધન્ના**-ધન્ય, **સલાહણિજ્જા**-પ્રશંસાપાત્ર, **સુલસા**-સુલસા, **આણંદ**-આનંદ, **કામદેવા**-કામદેવ, **ય**-અને, **જાસ**-જેમની, **પસંસઈ**-પ્રશંસા કરે છે, **ભયવં**-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન, **દઢવ્વયત્તં**-દઢવ્રતપણાને, **મહાવીરો**-શ્રી મહાવીર.

**અર્થ** - સુલસા શ્રાવિકા, આનંદ શ્રાવક અને કામદેવ શ્રાવક ધન્ય છે અને પ્રશંસાપાત્ર છે, જેમના દઢવ્રતપણાની ભગવંત શ્રી મહાવીરસ્વામી પ્રશંસા કરે છે.

**પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.**

**પોસહના* અઢાર દોષમાંહિ જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.**

## (૬૭) દેવ વાંદવાની વિધિ

પ્રથમ ખમાસમણ દઈ, ઈરિયાવહી પડિક્કમી, લોગસ્સ કહી, ઉત્તરાસણ નાખીને, ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ચૈત્યવંદન કરું ? ઇચ્છં, કહી ચૈત્યવંદન કરી, જંકિંચિ૦ નમુત્થુણં૦ અને જય વીયરાય૦ (આભવમખંડા સુધી) કહી, ખમા૦ દઈ, ચૈત્યવંદન કરી, જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી યાવત્ ચાર થોયો કહેવી. પછી નમુત્થુણં૦ કહીને બીજી વાર ચાર થોયો કહેવી. પછી નમુત્થુણં૦ કહી, જાવંતિ૦, જાવંત૦ નમોર્હત્ કહી, સ્તવન (ન આવડે તો ઉવસગ્ગહરં) કહેવું અને જય વીયરાય અડધા (આભવમખંડા સુધી) કહેવા. પછી ખમા૦ દઈ ચૈત્યવંદન કરી, જંકિંચિ નમુત્થુણં૦ કહીને જય વીયરાય સંપૂર્ણ કહેવા. ત્યાર પછી અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં દઈને, પ્રભાતના દેવવંદનમાં છેવટે સજ્ઝાય કહેવી. (બપોરે તથા સાંજે ન કહેવી). તે સજ્ઝાયને માટે એક ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સજ્ઝાય કરું ? (ઇચ્છં, કહી નવકાર ગણીને ઉભડક પગે બેસી એક જણ મન્નહ જિણાણંની સજ્ઝાય કહે. (ત્યાર પછી નવકાર ન ગણવો)

---

* પોસહમાં ૧૮ દોષ ટાળવા તેનાં નામ :

૧. પોસહમાં વ્રત વિનાના બીજા શ્રાવકનું પાણી ન પીવું. ૨. પોસહ-નિમિત્તે સરસ આહાર લેવો નહિ. ૩. ઉત્તરપારણાને દિવસે વિવિધ પ્રકારની સામગ્રી મેળવવી નહિ. ૪. પોસહમાં અથવા પોસહ-નિમિત્તે આગલે દિવસે દેહવિભૂષા કરવી નહિ. ૫. પોસહ-નિમિત્તે વસ્ત્ર ધોવરાવવાં નહિ. ૬. પોસહ-નિમિત્તે આભૂષણ ઘડાવવાં નહિ અને પોસહમાં આભૂષણ પહેરવાં નહિ. ૭. પોસહ-નિમિત્તે વસ્ત્ર રંગાવવાં નહિ. ૮. પોસહમાં શરીર પરથી મેલ ઉતારવો નહિ. ૯. પોસહમાં અકાળે શયન કરવું નહીં. નિદ્રા લેવી નહિ. (રાત્રિનો પહેલો પ્રહર લગભગ પૂર્ણ થયે સંથારાપોરિસી ભણાવવી.) ૧૦. પોસહમાં સારી કે નઠારી સ્ત્રીસંબંધી કથા કરવી નહિ. ૧૧. પોસહમાં આહારને સારો નઠારો કહેવો નહિ. ૧૨. પોસહમાં સારી યા નઠારી રાજકથા કે યુદ્ધકથા કરવી નહિ. ૧૩. પોસહમાં દેશકથા કરવી નહિ. ૧૪. પોસહમાં પૂંજ્યા પડિલેહ્યા વિના લઘુનીતિ (પેશાબ) વડીનીતિ (ઠલ્લો) પરઠવવી નહિ. ૧૫. પોસહમાં કોઈની નિંદા કરવી નહિ. ૧૬. પોસહમાં (વગર પોસાતી), માતા, પિતા, પુત્ર, ભાઈ, સ્ત્રી વગેરે સંબંધીઓ સાથે વાર્તાલાપ કરવો નહિ. ૧૭. પોસહમાં ચોર સંબંધી વાર્તા કરવી નહિ. ૧૮. પોસહમાં સ્ત્રીનાં અંગોપાંગ નીરખીને (ધારીને) જોવાં નહિ. આ અઢાર દોષ જરૂર ટાળવા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬૮) રાઈ મુહપત્તિની વિધિ

ત્યાર પછી ગુરુ હોય તો તેમની સમક્ષ* રાઈ મુહપત્તિ પડિલેહવી, તેની વિધિ આ પ્રમાણે –

પ્રથમ ખમા૦ દઈ, ઈરિયાવહી પડિક્કમી, ખમા૦ દઈ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ રાઈ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં, કહી મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણાં દેવાં. પછી ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ રાઈયં આલોઉં ? ઇચ્છં, કહી તેનો પાઠ કહેવો. પછી સવ્વસ્સવિ રાઈય૦ કહીને પદસ્થ હોય તો તેમને બે વાંદણાં દેવાં, પદસ્થ ન હોય તો એક ખમાસમણ જ દેવું. પછી ઇચ્છકાર સુહરાઈ૦ કહીને પદસ્થ હોય તો. ખમાસમણ દઈ, નહિતર સીધો અબ્ભુટ્ઠિઓ ખામવો. પછી બે વાંદણાં દેવાં. પછી ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી, એમ કહીને પચ્ચક્ખાણ કરવું (લેવું.) પછી ખમાસમણ દેવું.

## (૬૯) પચ્ચક્ખાણ પારવાની વિધિ

૧. પ્રથમ ઇરિયાવહિ પડિક્કમવા પછી જગચિંતામણિનું ચૈત્યવંદન૦થી જય વીયરાય૦ સુધી કહેવું.

૨. પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગવત્ સજ્ઝાય કરું ? નો આદેશ માંગી, નવકાર કહી મન્નહ જિણાણં૦ ની સજ્ઝાય કહી, મુહપત્તિ પડિલેહવી, પછી ખમાસમણ દઈ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પચ્ચક્ખાણ પારું ? યથાશક્તિ કહી ખમા૦ દઈ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પચ્ચક્ખાણ પાર્યું તહત્તિ, એમ કહી, જમણો હાથ કટાસણા કે ચરવલા ઉપર મુટ્ઠિવાળવાપૂર્વક સ્થાપી એક નવકાર ગણી પચ્ચક્ખાણ કર્યું હોય, તે કહીને પારવું તે આ પ્રમાણે –

## આચંબિલ વગેરેનું પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, આયંબિલ, નીવિ, એકાસણું, પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ-ફાસિઅં પાલિઅં, સોહિઅં તિરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં. પછી એક નવકાર ગણવો (શરૂઆતમાં પણ મુટ્ઠિ વાળીને નવકાર ગણવો)

---

* આ વિધિ ગુરુ સમક્ષ રાઈ પ્રતિક્રમણ કર્યું હોય તેને કરવાની નથી, તેમ ગુરુ ન હોય ત્યારે પણ કરવાની નથી. પોરિસિ ભણાવ્યા પહેલાં પણ આ ક્રિયા થઈ શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર

સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર, પોરિસિં સાઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું પાણહાર, પચ્ચક્ખાણ-ફાસિઅં, પાલિઅં, સોહિઅં તિરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં.

પછી એક નવકાર ગણવો.

---

## (૭૦) સાંજના પડિલેહણની વિધિ

પ્રથમ ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ બહુપડિપુન્ના પોરિસી કહી, પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં, કહી, ઇરિયાવહી પડિક્કમવા. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ગમણાગમણે આલોઉં ? ઇચ્છં, કહી ગમણાગમણે આલોવવા. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પડિલેહણ કરું ? ઇચ્છં, કહી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પોસહશાલા પ્રમાર્જું ? ઇચ્છં, કહીને ઉપવાસવાળાએ મુહપત્તિ, કટાસણું ને ચરવળો પડિલેહવાં અને વાપર્યું હોય તેણે કંદોરો, ધોતિયું સહિત પાંચ વાનાં પડિલેહવાં. પછી પાંચ વાનાં કરનારે ઇરિયાવહી કરવી. ખમા૦ દઈ 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી' એમ કહીને વડિલનું એક વસ્ત્ર પડિલેહવું. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં, કહી મુહપત્તિ પડિલેહીને ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સજ્ઝાય કરું ? ઇચ્છં, કહી નવકાર ગણીને મન્નહ જિણાણંની સજ્ઝાય ઉભડક પગે બેસીને કહેવી. પછી વાપર્યું હોય તો વાંદણાં દઈને પાણહારનું પચ્ચક્ખાણ કરે. તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું હોય અને પાણી ન પીધું હોય તો આ વખતે ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરે. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં. ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઉપધિ પડિલેહું ? ઇચ્છં, કહી અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં કહીને પ્રથમ કામળી પડિલેહે. પડિલેહણ થઈ રહે એટલે સર્વ ઉપધિ (વસ્ત્રાદિ) લઈને ઊભા થાય અને એક જણ ડંડાસણ લાવી, પડિલેહી, ઇરિયાવહી પડિક્કમી, કાજો લઈ, શુદ્ધ કરી, વિધિયુક્ત પરઠવે. પછી સર્વે દેવ વાંદે. (કાજો પરઠવે તેને ગમણાગમણે આલોવવા.)

---

## (૭૧) માંડલાની વિધિ

રાત્રે વડીનીતિ (ઠલ્લો) લઘુનીતિ (પેશાબ) વગેરે પરઠવવા યોગ્ય જગ્યા જોઈ આવીને પ્રતિલેખન-(પડિલેહણ) નિમિત્તે નીચે પ્રમાણે માંડલાં કરવાનાં છે. તેમાં પ્રથમ **સંથારા-પાસેની જગ્યાએ છ** માંડલાં કરવાં –



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. [1]આઘાડે [2]આસન્ને [3]ઉચ્ચારે [4]પાસવણે [5]અણહિયાસે.
२. આઘાડે આસન્ને" પાસવણે અણહિયાસે.
૩. આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
४. આઘાડે [6]મજ્ઝે પાસવણે અણહિયાસે.
૫. આઘાડે [7]દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૬. આઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

બીજા છ માંડલા ઉપાશ્રયના બારણાની તરફનાં માંડલાં ઉપર પ્રમાણે જ કહેવાં. પણ अणहियासे ને બદલે [8]अहियासे કહેવું.

ત્રીજા છ માંડલાં, ઉપાશ્રયના બારણા બહાર નજીક રહીને કરવાનાં તથા ચોથા છ ઉપાશ્રયથી સો હાથને આશરે દૂર રહીને કરવાનાં છે. તે બાર માંડલામાં ફક્ત आघाडे ને બદલે अणाघाडे શબ્દ કહેવો, બાકીના શબ્દો ઉપરના છ છ માંડલામાં લખ્યા પ્રમાણે જ કહેવા. એ પ્રમાણે ૨૪ **માંડલાં** કર્યા પછી ઈરિયાવહી પડિક્કમીને ચૈત્યવંદન કહેવા પૂર્વક પ્રતિક્રમણ કરે.

૧. આઘાઢ કારણે. ૨. નજીકમાં. ૩. વડીનીતિ. ૪. લઘુનીતિ. ૫. સહન ન થઈ શકે તો. અહીં પ્રમાર્જના કરું છું, એ દરેક ઠેકાણે સંબંધ છે. ૬. વચ્ચે. ૭. છેટે. ૮. સહન થઈ શકે તો. ૯. આઘાટ કારણ ન હોય તો.

---

## (૭૨) પૌષધ વગર તપમાં પડિલેહણ કરવાની વિધિ

'નવકાર૦' 'પંચિંદિઅ૦'થી સ્થાપનાચાર્ય સ્થાપી ખમા૦ દઈ ઈરિયાવહિયં૦' કહેવા. (સ્થાપનાચાર્ય હોય તો નવકાર પંચિંદિઅ ન કહેવા) પછી 'તસ્સ ઉત્તરી૦ 'અન્નત્થ૦, કહી એક 'લોગસ્સ૦' અથવા ચાર 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારી પ્રગટ 'લોગસ્સ૦' કહી 'ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પડિલેહણ કરું ? ઇચ્છં કહી ઊભે પગે બેસી મુહપત્તિ ચરવાળો, કટાસણું, ધોતિયું, ઉત્તરાસણ, કંદોરો, માતરિયું આદિનું પડિલેહણ કરવું, પછી કાજો કાઢી કલેવર સચિત્ત, આદિ જોવું. પછી કાજો પરઠવવા જગ્યા શોધી અણુજાહ જસ્સુગ્ગહો કહી, કાજો પરઠવીને ત્રણ વાર 'વોસિરેઈ' કહેવું.

---

## (૭૩) સ્થાપનાચાર્ય (સ્થાપ્નાજી)ની પડિલેહણની વિધિ

૧. શુદ્ધ સ્વરૂપ ધારક ગુરુ ૨. શુદ્ધ જ્ઞાનમય ૩. શુદ્ધ દર્શનમય ૪. શુદ્ધ ચારિત્રમય ૫. શુદ્ધ શ્રદ્ધામય ૬. શુદ્ધ પ્રરૂપણામય ૭. શુદ્ધ સ્પર્શનામય ૮. પંચાચાર પાળે ૯. પળાવે ૧૦. અનુમોદે ૧૧. મન ૧૨. વચન ૧૩. કાય ગુપ્તિએ ગુપ્તા.

સ્થાપનાચાર્યનું પડિલેહણ થયા પછી 'પડિલેહણા પડિલેહાવોજી'થી આગળના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદેશ માગવા. તેમજ સ્થાપનાચાર્યનું પડિલેહણ થતું હોય એટલે કે સ્થાપનાચાર્યજી હાલતા હોય ત્યારે કાયોત્સર્ગ ન કરવો.

## (૭૪) સંથારા પોરિસિ વિધિ

સૌ પ્રથમ ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ બહુપડિપુન્ના પોરિસિ ? (ગુરુ કહે તહત્તિ) પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઈરિ૦ પડિક્કમામિ ? ઇચ્છં. થી લોગસ્સ૦ સુધી ક્રિયા કરવી. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ બહુપડિપુન્ના પોરિસિ રાઈઅ સંથારે ઠામિ ? ઇચ્છં. ચઉક્કસાયથી જયવીયરાય. સુધી ક્રિયા કરવી. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સંથારા વિધિ ભણવા મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં. કહી મુહપત્તિ પડિલેહી નીચેનું સૂત્ર બોલવું.

**નીસીહિ નીસીહિ નીસીહિ નમો ખમાસમણાણં ગોયમાઈણં મહામુણીણં**

પાપ વ્યાપારનો ત્યાગ કરું છું (મન, વચન, કાયાથી એ પ્રમાણે ત્રણ વાર) અને (પાપ વ્યાપારનો સર્વથા ત્યાગ કરનાર) ગૌતમાદિ મહામુનિઓ એવા ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ.

**નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.**

**કરેમિ ભંતે ! *સામાઈઅં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ *જાવ પોસહં (પૌષધ ન હોય તો નિયમં) પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ* તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.**

(નિસિહી... નવકાર... કરેમિ ભંતે ત્રણ વાર બોલવું)

**અણુજાણહ જિટ્ઠિજ્જા અણુજાણહ પરમગુરુ ।**

આજ્ઞા આપો જયેષ્ઠ આર્યો આજ્ઞા આપો શ્રેષ્ઠ ગુરુ.

**ગુરુગુણરયણેહિં મંડિયશરીરા બહુપડિપુણ્ણા પોરિસિ રાઈઅ સંથારએ ઠામિ ॥?**

ગુરુના ગુણ રૂપી રત્નો વડે શોભિત છે શરીર જેનું, બહુ પ્રતિપૂર્ણ થયો છે પ્રહર (તેથી) હું રાત્રિ સંબંધી સંથારામાં રહું ?

**શબ્દાર્થ** - **અણુજાણહ**-આજ્ઞા આપો, **જિટ્ઠિજ્જા**-જયેષ્ઠ આર્યો, **ગુરુગુણરયણેહિં**-

---

* નોંધ : સાધુ મ.ને સામાઇઅં શબ્દ પછી સત્વં બોલવું તથા *જાવપોસહં પજ્જુ વાસામિ દુવિહંની જગ્યાએ જાવજ્જીવાએ તિવિહં બોલવું તથા *ન કારવેમિય છે. કરંતંપિ અન્નં ન સમણુજાણામિ બોલવું બાકી ઉપરોક્ત રીતે બોલવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુના ગુણ રૂપી રત્નો વડે, **મંડિય શરીરા**-શોભિત છે શરીર જેનું, **બહુપડિપુન્ના**-ઘણી પ્રતિપૂર્ણ થઈ છે, **પોરિસિ**-પ્રહર, **રાઈઅ**-રાત્રિક.

**અર્થ** - ગુરુના ગુણ રૂપી રત્નો વડે શોભિત છે શરીર જેનું તેવા હે જયેષ્ઠ આર્યો, હે શ્રેષ્ઠ ગુરુ ! આજ્ઞા આપો, રાત્રિનો પહેલો પ્રહર ઘણો પ્રતિપૂર્ણ થયો છે એટલે, રાત્રિસંબંધી સંથારામાં રહું ? (શયન કરું ?)

**અણુજાણહ સંથારં બાહુવહાણેણ વામપાસેણ ।**

આજ્ઞા આપો સંથારાની હાથના ઓશિકા વડે, ડાબા પડખા વડે

**કુક્કુડિપાયપસારણ અંતરંત પમજ્જએ ભૂમિં ॥**

કુકડીની જેમ પગ ઊંચા કરીને શ્રમ લાગે તો પ્રમાર્જન કરે ભૂમિને

**શબ્દાર્થ** - **બાહુવહાણેણ**-હાથના ઓશિકા વડે, **વામપાસેણ**-ડાબા પડખા વડે, **કુક્કુડિયપાયપસારણ**-કુકડીની જેમ પગ વિસ્તારીને, **અંતરંત**-શક્તિ ન હોય તો, **પમજ્જએ**-પ્રમાર્જને.

**અર્થ** - હાથનું ઓશીકું કરીને, ડાબે પડખે કુકડીની જેમ પગ ઊંચા રાખીને અને શ્રમ લાગે તો ભૂમિને પ્રમાર્જીને સંથારાની (પગ લાંબા કરીને શયનની) અનુજ્ઞા આપો.

**સંકોઈઅ સંડાસા, ઉવટ્ટંતે ય કાયપડિલેહા ।**

સંકોચન કરતાં સાંધાને (સાથળ વગેરેને) પડખું બદલતાં કાયાનું પડિલેહણ કરવું.

**દવ્વાઈ ઉવઓગં, ઉસ્સાસ નિરુંભણા લોએ ॥**

દ્રવ્યાદિના ઉપયોગને કરવો, શ્વાસોચ્છ્વાસ રૂંધી સ્વસ્થ થઈ જુએ.

**શબ્દાર્થ** - **સંકોઈઅ**-સંકોચન કરતાં, **સંડાસા**-સાથળ વગેરે સાંધાને, **ઉવટ્ટંતે**-પડખું બદલતાં, **કાયપડિલેહા**-કાયાનું પડિલેહણ, **દવ્વાઈ**-દ્રવ્યાદિ, **ઉવઓગં**-ઉપયોગ, **ઉસ્સાસનિરુંભણાલોએ**-શ્વાસોશ્વાસ રૂંધીને જુએ.

**અર્થ** - અંગોને સંકોચ કરતાં સાંધા (સાથળ વગેરેને) પ્રમાર્જીને બદલવાનું પડખું તથા પડખું બદલવાની જગાને પ્રમાર્જન કરવું. દ્રવ્યાદિનો ઉપયોગ કરીને (દ્રવ્યથી હું કોણ છું ? ક્ષેત્રથી ક્યાં છું ? કાળથી હમણાં કયો સમય છે ? અને ભાવથી મારું શું કર્તવ્ય છે ? ઈત્યાદિ વિચારીને નિદ્રા ન ઊડે તો) ઉચ્છ્વાસ રોકીને સ્વસ્થ થઈ જુએ.

**જઈ મે હુજ્જ પમાઓ, ઈમસ્સ દેહસ્સિમાઈ રયણીએ ।**

જો મારો થાય પ્રમાદ (મરણ) આ દેહને આ રાત્રિમાં

**આહારમુવહિદેહં સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥**

આહાર ઉપધિ અને દેહને સર્વને ત્રણ પ્રકારે વોસિરાવું છું.

**શબ્દાર્થ** - **જઈ**-જો, **મે**-મારું, **હુજ્જ**-થાય, **પમાઓ**-મરણ, **ઈમસ્સ**-આ, **દેહસ્સ**-શરીરનું, **ઈમાઈ**-આ, **રયણીએ**-રાત્રિમાં, **આહારં**-આહારને, **ઉવહિં**-ઉપધિને, **દેહં**-દેહને.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - જો નિદ્રામાં આ રાત્રિમાં મારું મરણ થાય તો ચતુર્વિધ આહારને, ઉપધિને અને દેહને સર્વેને મન, વચન અને કાયાથી એમ ત્રણ પ્રકારે વોસિરાવું છું.

**ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં સિદ્ધા મંગલં સાહૂ મંગલં કેવલિપન્નતો ધમ્મો મંગલં**

**અર્થ** - ચાર મંગલ સ્વરૂપ છે. અરિહંત ભગવંતો મંગલ છે. સિદ્ધ ભગવંતો મંગલ છે. સાધુ ભગવંતો મંગલ છે. કેવલી ભગવંતે જણાવેલ ધર્મ મંગલ છે.

**ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નતો ધમ્મો લોગુત્તમો.**

**અર્થ** - ચાર લોકમાં ઉત્તમ છે. અરિહંત ભગવંતો લોકમાં ઉત્તમ છે. સિદ્ધ ભગવંતો લોકમાં ઉત્તમ છે. સાધુ ભગવંતો લોકમાં ઉત્તમ છે. કેવલી ભગવંતે પ્રરૂપેલ ધર્મ લોકમાં ઉત્તમ છે.

**ચત્તારિ શરણં પવજ્જામિ અરિહંતે શરણં પવજ્જામિ, સિદ્ધે શરણં પવજ્જામિ, સાહૂ શરણં પવજ્જામિ, કેવલિ પન્નતં ધમ્મં શરણં પવજ્જામિ.**

**અર્થ** - ચારના શરણને સ્વીકારું છું. અરિહંત ભગવંતોના શરણને સ્વીકારું છું. સિદ્ધ ભગવંતોના શરણને સ્વીકારું છું. સાધુ ભગવંતોનું શરણ સ્વીકારું છું. કેવલિ ભગવંતે પ્રરૂપેલ ધર્મનું શરણ સ્વીકારું છું.

**પાણાઈવાયમલિયં ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં ।**

પ્રાણાતિપાત, જૂઠ, ચોરી, મૈથુન, દ્રવ્યની મૂર્ચ્છા (પરિગ્રહ)

**કોહં માણં માયં લોભં, પિજ્જં તહા દોસં ॥**

ક્રોધ, માન, માયા, (ગુપ્તપણે સ્વાર્થવૃત્તિ સિધ્ધ કરવાની વૃત્તિ) લોભ, રાગ તથા દ્વેષને

**શબ્દાર્થ** - પાણાઈવાય-પ્રાણાતિપાત, અલીયં-જૂઠને, ચોરિક્કં-ચોરીને, દવિણ-મુચ્છં-દ્રવ્યની મૂર્ચ્છાને, (મમતાને) પિજ્જં-રાગને.

**કલહં અબ્ભક્ખાણં પેસુન્નં રઈઅરઈસમાઉત્તં ।**

કલહને, અભ્યાખ્યાનને, પૈશુન્યને, રતિ ગમો અને અરતિ(અણગમો)થી સમાયુક્તને

**પરપરિવાયં માયામોસં મિચ્છત્તસલ્લં ચ ॥**

પરિપરિવાદને (પારકી નિંદા), માયામૃષાવાદને (કપટપૂર્વક જુઠું બોલવું) મિથ્યાત્વશલ્ય (વ્યવહારથી કુદેવાદિને ગાઢ રીતે માનવા, નિશ્ચયથી આત્મ અનુભવમાં વિઘ્નકર્તા એવો કુપરિણામ)ને અને

**શબ્દાર્થ** - કલહં-કલહ-ઝઘડાને, અબ્ભકખાણં-અભ્યાખ્યાનને, પેસુન્નં-પૈશુન્યને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વોસિરિસુ ઈમાઈં, મુક્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઈં ।**

વોસિરાવીએ છીએ એને મોક્ષમાર્ગના સંસર્ગ માટે વિઘ્નભૂત

**દુગ્ગઈનિબંધણાઈં, અટ્ઠારસપાવઠાણાઈં ॥**

દુર્ગતિના કારણ અઢાર પાપસ્થાનોને

**શબ્દાર્થ** - **વોસિરિસુ**-વોસિરાવીએ છીએ, **ઈમાઈં**-એને, **મુક્ખમગ્ગ**-મોક્ષમાર્ગ, **સંસગ્ગવિગ્ઘભૂઆઈં**-સંબંધ માટે વિઘ્નભૂત, **દુગ્ગઈ**-દુર્ગતિ, **નિબંધણાઈં**-કારણ, **અટ્ઠારસ**-અઢાર, **પાવઠાણાઈં**-પાપસ્થાનોને.

**અર્થ - પ્રાણાતિપાત (હિંસા), જૂઠ, ચોરી, મૈથુન (કામભોગસેવન), પરિગ્રહ (દ્રવ્યની મૂર્ચ્છા) ક્રોધ, માન (અહંકાર), માયા (કપટ), લોભ (સંગ્રહવૃત્તિ), રાગ (પ્રીતિ) તથા દ્વેષ (ખાર), કલહ (ઝઘડો), અભ્યાખ્યાન (ખોટું આળ), પૈશુન્ય (ચાડી ચુગલિ), (હર્ષ), રતિ, અરતિ (શોક)થી સમાયુક્ત (એટલે બે મળીને એક) પરિપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય એ અઢાર** પાપસ્થાનો મોક્ષમાર્ગના જોડાણમાં વિઘ્નભૂત છે અને દુર્ગતિના કારણ છે (માટે) એને વોસિરાવીએ છીએ. (ત્યાગ કરું છું.)

**એગોહં નત્થિ મે કોઈ, નાહ મન્નસ્સ કસ્સઈ ।**

એકલો હું, નથી મારું કોઈ, નથી હું બીજા કોઈનો,

**એવં અદીણમણસો અપ્પાણમણુસાસઈ ॥**

એ પ્રમાણે મનની દીનતા વગર આત્માને શિખામણ આપે.

**શબ્દાર્થ** - **એગો**-એકલો, **હં**-હું, **નત્થિ**-નથી, **મે**-મારું, **કોઈ**-કોઈ, **નાહં**-હું નથી, **અન્નસ્સ**-બીજા, **કસ્સઈ**-કોઈનો, **અદીણમણસો**-મનની દીનતા વગર, **અપ્પાણં**-આત્માને, **અણુસાસઈ**-શિખામણ આપે.

**અર્થ** - હું એકલો છું, મારું કોઈ નથી અને હું પણ બીજા કોઈનો નથી, એ પ્રમાણે મનની દીનતા વગર આત્માને શિખામણ આપે.

**એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ ।**

એકલો મારો શાશ્વત આત્મા જ્ઞાન અને દર્શનથી સંયુક્ત,

**સેસા મે બાહિરાભાવા, સવ્વે સંજોગલક્ખણા ॥**

બાકી મારા બાહ્ય ભાવો સર્વે સંયોગથી ઉત્પન્ન થનારા

**શબ્દાર્થ** - **સાસઓ**-શાશ્વત, **બાહિરા**-બાહ્ય, **સંજોગલક્ખણા**-સંયોગથી ઓળખાતા,

**અર્થ** - જ્ઞાન અને દર્શનથી યુક્ત શાશ્વત આત્મા એકલો મારો છે. બાકી બધા મારા બાહ્ય ભાવો સંયોગથી ઉત્પન્ન થનારા છે.

**સંજોગમૂલાજીવેણ પત્તા દુક્ખપરંપરા ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયોગના કારણે જીવે પ્રાપ્ત કરી છે દુઃખની પરંપરા,

**તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥**

તે કારણથી સંયોગનો સંબંધ સર્વ રીતે ત્રણ પ્રકારે વોસિરાવું છું.

**શબ્દાર્થ** - **સંજોગમૂલાજીવેણ**-સંયોગના કારણે જીવે, **પત્તા**-પ્રાપ્ત કરી છે, **દુક્ખપરંપરા**-દુઃખની પરંપરા, **તમ્હા**-તેથી, **સંજોગસંબંધ**-સંયોગનો સંબંધ,

**અર્થ** - સંયોગના કારણે જીવે દુઃખની પરંપરા પ્રાપ્ત કરી છે. તેથી સર્વ પ્રકારે સંયોગનો સંબંધ ત્રણ પ્રકારે (મનથી, વચનથી, કાયાથી) વોસિરાવું છું.

**અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો ।**

અરિહંત ભગવંત મારા દેવ છે. જીવું ત્યાં સુધી સુસાધુ ભગવંત ગુરુ છે.

**જિણપણ્ણત્તં તત્તં, ઈઅ સમત્તં મએ ગહિઅં ॥**

જિનેશ્વરે પ્રરૂપેલ તત્ત્વ એ પ્રકારે સમ્યક્ત્વ મારા વડે ગ્રહણ કરાયું. (આ ગાથા ત્રણ વાર બોલવી.)

**શબ્દાર્થ** - **મહ**-મારા, **જાવજ્જીવં**-જીવું ત્યાં સુધી, **સુસાહૂણો**-સુસાધુ ભગવંત, **જિણપણ્ણત્તં**-જિનેશ્વરે પ્રરૂપેલ, **તત્તં**-તત્ત્વ, **ઈઅ**-એ પ્રકારે, **સમત્તં**-સમ્યક્ત્વ, **મએ**-મારા વડે, **ગહિઅં**-ગ્રહણ કરાયું છે.

**અર્થ** - જીવું ત્યાં સુધી અરિહંત ભગવંત એ મારા દેવ છે. સુસાધુ ભગવંત એ મારા ગુરુ છે અને જિનેશ્વરે પ્રરૂપેલ એ તત્ત્વ (ધર્મ) છે, એ પ્રકારે સમ્યક્ત્વ મારા વડે ગ્રહણ કરાયું છે.

પછી સાત નવકાર ગણવા. (સાધુએ ત્રણ નવકાર ગણવા)

**ખમિઅ ખમાવિઅ, મઈ ખમહ સવ્વહ જીવનિકાય ।**

ખમાવીને (હું બીજા જીવોને ક્ષમા આપું છું) ખામીને (મારા અપરાધોની ક્ષમા માગીને) મને ક્ષમા કરો સર્વ જીવનિકાય.

**સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વૈર ન ભાવ ॥**

સિદ્ધની સાક્ષીએ આલોચના કર મને વૈર નથી ભાવ.

**અર્થ** - હું બીજા જીવોને ક્ષમા આપીને, મારા અપરાધની ક્ષમા માગું છું. સર્વ જીવનિકાય (જીવનો સમૂહ) મને ક્ષમા કરો. સિદ્ધ પરમાત્માની સાક્ષીએ આલોચના કરું છું. કોઈ જીવ પ્રત્યે મને વૈરભાવ નથી.

**સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત ।**

સર્વ જીવો કર્મવશ છે. ચૌદ રાજમાં ભમતા

**તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝ વિ તેહ ખમંત ॥**

તેઓને મેં સર્વેને ખમાવ્યા, મને પણ તેઓ ખમાવે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - ચૌદ રાજલોકમાં ભમતા સર્વે જીવો કર્મને વશ છે. તે સર્વેને મેં ખમાવ્યા છે. મને પણ તેઓ ખમાવે.

**જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવં ।**
**જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ ॥**

જે જે મન વડે પાપકર્મ બાંધ્યું હોય, જે જે વાણી વડે પાપકર્મ બંધાય એવું બોલાયું હોય અને જે જે કાયા વડે પાપકર્મ કરાયું હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

*ઈતિ સંસ્તારક વિધિ સંપૂર્ણ.*

## *વિવિધ પચ્ચક્ખાણો (અર્થ સહિત)

**શબ્દાર્થ** - ઉગ્ગએ **સૂરે**-સૂર્ય ઊગ્યે છતે, **નમુક્કારસહિઅં**-નમસ્કાર સહિત, **મુટ્ઠિસહિઅં**-મૂઠી સહિત, **પચ્ચક્ખામિ**-પચ્ચક્ખાણ કરું છું, **ચઉવ્વિહંપિ**-ચારે પ્રકારના, **આહારં**-આહારને, **અસણં**-અશન-રસવતી, **પાણં**-પાણી, **ખાઈમં**-ખાદિમ, મિઠાઈ વગેરે, **સાઈમં**-સ્વાદિમ, તાંબુલ વગેરે, **અન્નત્થ**-સિવાય, **અણાભોગેણં**-અણજાણતાં, **સહસાગારેણં**-સહસાત્કારે, **મહત્તરાગારેણં**-મોટા લાભને અર્થે, **સવ્વસમાહિવત્તિયાગારેણં**-સર્વ સમાધિ નિમિત્તક ઔષધાદિ કારણે, **વોસિરામિ**-ત્યાગ કરું છુ. **પોરિસિં**-પ્રહર દિવસ ચડે ત્યાં સુધી, **સાઢપોરિસિં**-દોઢ પ્રહર સુધી, **પચ્છન્નકાલેણં**-વખતની ખબર નહિ પડવાથી, **દિસામોહેણં**-દિશાનો વિપર્યાસ થવાથી, **સાહુવયણેણં**-સાધુનું વચન સાંભળીને, **પુરિમઢ્ઢ**-દિવસના પ્રથમના અર્ધ ભાગ સુધી.

---

* **પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ)** શબ્દનો અર્થ ત્યાગ કરવું અને પાળવું એમ બે પ્રકારે થાય છે, તે આ પ્રમાણે - અવિરતિપણાના સ્વરૂપ પ્રત્યે **પ્રતિ**-પ્રતિકૂળપણે, **આ**-આગાર મર્યાદાકરણ સ્વરૂપે કરીને, **આખ્યાન**-કહેવું છે જેને વિષે તે, **પ્રત્યાખ્યાન**-અથવા પ્રતિ-આત્મસ્વરૂપ પ્રત્યે, **આ**-અભિવ્યાપીને, અનાશંસારૂપ ગુણનું કરણ તેનું **આખ્યાન**-કહેવું છે જેને વિષે તે **પ્રત્યાખ્યાન**. અથવા પરલોક પ્રતિ આ ક્રિયા યોગાર્થે શુભાશુભ ફળનું કથન છે. જેને વિષે તે **પ્રત્યાખ્યાન** આ પચ્ચક્ખાણ મૂળ ગુણરૂપ અને ઉત્તર ગુણરૂપ એવા બે ભેદે છે. મૂળગુણ પચ્ચક્ખાણના બે ભેદ છે-દેશથી અને સર્વથી. તેમાં સર્વથી મૂળગુણ પચ્ચક્ખાણ પંચ મહાવ્રતરૂપ તે સાધુને હોય અને દેશથી મૂળગુણ પચ્ચક્ખાણ પંચ અણુવ્રતરૂપ તે શ્રાવકને હોય. સર્વથી ઉત્તરગુણ પચ્ચક્ખાણ પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિ, બાર ભાવના, બાર પ્રકારનો તપ, બાર પ્રતિમા અને અભિગ્રહ વગેરે અનેક પ્રકારે છે, તે સાધુને હોય અને દેશથી ઉત્તરગુણ પચ્ચક્ખાણ અનાગતાદિ દશ પ્રકારનું યથાયોગ્ય રીતે હોય. તે દશ ભેદ આ પ્રમાણે છે - **૧. અનાગત** પચ્ચક્ખાણ-પર્યુષણાદિ પર્વમાં ગુરુ, ગ્લાન વગેરેનું વૈયાવચ્ચ કરવાના કારણે અગાઉથી અઠ્ઠમાદિ તપ કરે તે, **૨. અતિક્રાન્ત પર્યુષણાદિ** પર્વમાં વૈયાવચ્ચાદિ કારણે તપ ન થયો હોય તો પછીથી કરે તે, **૩. કોટિ સહિત** ચોવિહાર ઉપવાસાદિ પચ્ચક્ખાણ કર્યું હોય તે પૂરું થતાં તેવું જ બીજું પચ્ચક્ખાણ ફરીથી કરે તે, **૪. નિયંત્રિત**-પુષ્ટ નિરોગી કે ગ્લાનપણે ગમે તેમ હોય તો પણ અમુક દિવસે અમુક તપ કરીશ, એવો અગાઉથી નિયમ લઈ ધારેલ દિવસે કરે જ તે (આ પચ્ચક્ખાણ પહેલા સંઘયણવાળા દશપૂર્વી અને જિનકલ્પીને હતું, હાલ વિચ્છેદ થયું છે), **૫. અનાગાર**-આગાર રાખ્યા વિના પચ્ચક્ખાણ કરે તે, **૬. સાગાર**-આગાર સહિત, **૭. નિરવશેષ**-ચાર પ્રકારના આહાર અને અણાહાર વસ્તુનું પચ્ચક્ખાણ કરે તે, **૮. પરિમાણકૃત**-દત્તિ, કવળ કે ઘરની સંખ્યા ધારે તે, **૯. સાંકેતિક**-એટલે અંગુઠાદિ ચિહ્ન વડે કરી પચ્ચક્ખાણ પારવાનું ધારે તે અને **૧૦. અદ્ધા**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૫) A [1]નવકારશીનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં [2]પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ [3]આહારં, [4]અસણં, [5]પાણં, [6]ખાઈમં, [7]સાઈમં, [8]અન્નત્થણાભોગેણં, [9]સહસાગારેણં, [10]મહત્તરાગારેણં [11]સવ્વસમાહિવત્તિયાગારેણં [12]વોસિરઈ ॥ઈતિ॥

**અર્થ** - સૂર્યોદય થયે છતે (સૂર્યોદયથી) (બે ઘડી થયા પછી) નમસ્કાર સહિત

---

**પચ્ચક્ખાણ**-કાળના પરિમાણવાળું પચ્ચક્ખાણ તે અદ્ધાપચ્ચક્ખાણ, તે નમુક્કારસી આદિ દશ ભેદે છે, જે આ પુસ્તકમાં સવિસ્તર કહેવાશે. આ પચ્ચક્ખાણના ૧૪૭ ભાંગા છે, તે સામાયિક વ્રતના ૪૯ ભાંગા અગાઉ કહી ગયા છીએ, તે પ્રકારના ૪૯ ભાંગાને અતીત, અનાગત અને વર્તમાનકાળના ભેદે ત્રણ ગુણા કરવાથી થાય છે. પૂર્વોક્ત સાંકેતિક નામનું નવમું પચ્ચાકખાણ આઠ ભેદે છે, તે આ પ્રમાણે – ૧. **અંગુટ્ઠસહિઅ** (મૂઠીમાં અંગુઠો રાખું ત્યાં સુધી), ૨. **મુટ્ઠિસહિઅ**- (મૂઠી વાળી રાખું ત્યાં સુધી), ૩. **ગંઠસહિઅ**-ગાંઠ બાંધી રાખું ત્યાં સુધી, ૪. **ઘરસહિઅ**-ઘરે જાઉં ત્યાં સુધી, **૫. પ્રસ્વેદસહિઅ**-શરીરે પરસેવાના બિંદુ નીકળે ત્યાં સુધી, ૬. **ઉસ્સાસહિઅ**-શ્વાસોશ્વાસ લઉં અથવા જીવું ત્યાં સુધી, ૭. **થિબુકસહિઅ**-વાસણે ચોંટેલા પાણીના બિંદુ સૂકાય ત્યાં સુધી અને ૮. **જોઈક્ખસહિઅ**-દીવા પ્રમુખની જ્યોતિ રહે ત્યાં સુધી, આ પચ્ચક્ખાણ પોરિસી આદિના પચ્ચક્ખાણની સાથે કરાય છે. પચ્ચક્ખાણ પૂરું થયું હોય અને ભોજન સામગ્રી તૈયાર ન હોય અથવા કાર્ય પ્રસંગે જમવાને ઢીલ હોય ત્યારે આવા પચ્ચક્ખાણો માંહેનું કોઈ પણ કરી શકાય છે અને પોરિસી આદિ પચ્ચક્ખાણ ન હોય તો પણ થાય છે. સાધુને માંડલીએ ગુરુ વગેરે ન આવ્યા હોય અથવા સાગરિકાદિનું કારણ હોય ત્યારે અભિગ્રહરૂપ સંકેત પચ્ચક્ખાણ થાય છે.

૧. રાઈપ્રતિક્રમણ કરતાં તપચિંતવણીના કાઉસ્સગ્ગ વખતે અમુક પચ્ચક્ખાણ કરીશ, એમ ધારી લેવું અને પછી ગુરુમુખે અગર સ્થાપનાચાર્ય-સન્મુખ પચ્ચક્ખાણ કરી લેવું અને દેરાસરમાં દેવ-સન્મુખ પણ પચ્ચક્ખાણ લેવું. જો પ્રભાતનું પ્રતિક્રમણ ગુરુ સાથે ઉપાશ્રયે ન કર્યું હોય તો ગુરુ મહારાજને વંદન કરીને પચ્ચક્ખાણ લેવું. આ પચ્ચક્ખાણ લેવા આશ્રયી ચતુર્ભંગી આ પ્રમાણે જાણવી. ૧. ગુરુ પચ્ચક્ખાણના જાણ (જાણકાર) અને શ્રાવક પણ જાણ, ૨. ગુરુ જાણ અને શ્રાવક અજાણ, ૩. ગુરુ અજાણ અને શ્રાવક જાણ (એ ત્રણ ભંગ શુદ્ધ જાણવા) તથા ૪ ગુરુ અને શ્રાવક બંને અજાણ (આ ચોથા ભાંગે પચ્ચક્ખાણ અશુદ્ધ જાણવું). આ પચ્ચક્ખાણનો કાળ સૂર્યોદય થયો ત્યારથી બે ઘડી સુધીનો છે, માટે સૂર્યોદય થયા પહેલાં લેવું અને બે ઘડી દિવસ થયે નવકાર ગણીને પારવું, અન્યથા પચ્ચક્ખાણ ભંગ થાય. આ નવકારશી કર્યા પછી પોરિસિ આદિ પચ્ચક્ખાણ થાય પણ તે વિના થાય નહિ અને જો કરે તો તે પોરિસિ આદિક કાળ સંકેતરૂપ જાણવો. નવકારસીનો બે ઘડીનો કાળ છે, તે રાત્રિભોજનનો દોષ નિવારવા તીરણરૂપ જાણવો. નમુક્કારસહિયના પચ્ચક્ખાણમાં મહત્તરાગારેણં અને સવ્વસમાહિવત્તિયાગારેણં એ બે આગાર લેવા નહિ. એકલી નવકારશીનું પચ્ચક્ખાણ લેવાથી બે ઘડી પછી પચ્ચક્ખાણ પારતાં વાર લાગે તેટલો કાળ ફોગટ અવિરતિપણે જાય, માટે સાથે મુટ્ઠિસહિઅ પચ્ચક્ખાણ પણ લેવામાં આવે છે અને તેથી તે પચ્ચક્ખાણમાં આગાર ચાર કહેવામાં આવે છે.

૨. ગુરુ આદિ પચ્ચક્ખાણ આપતા હોય ત્યારે તેઓ અહીં **પચ્ચક્ખાઈ** પદ કહે અને લેનારે તે વખતે **પચ્ચક્ખામિ** કહેવું.

૩. ભૂખ શમાવવાને સમર્થ એવું કોઈ એક દ્રવ્ય હોય તે આહાર અથવા લવણાદિકની પેઠે મિશ્રણ થવાથી સુસ્વાદ આપે. જેથી કાદવ જેવી અસાર વસ્તુને પણ ક્ષુધાતુર છતો ખાઈ જાય તે આહાર જાણવો.

૪. શીઘ્ર ભૂખ શમાવે તે **અશન**-મગ, ભાત, સાથુઓ, રોટલી, રોટલા, પુડલા, પ્રમુખ, દૂધ, દહીં, માખણ, ઘી, પ્રમુખ, ખાજાં, દહીંથરા પ્રમુખ પક્વાન્ન, સૂરણ પ્રમુખ, કંદ, ફળ, ફૂલ, શાક વગેરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(નવકાર ગણી પારું ત્યાં સુધી), મૂઠી સહિત (નવકાર ગણીને પછી મૂઠી ઉઘાડું ત્યાં સુધી. અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, એ ચારે પ્રકારના આહારનું પચ્ચક્ખાણ કરું છું, તે અજાણતાં, સહસાત્કારે, મોટા લાભને અર્થે અને સર્વ-સમાધિનિમિત્તક ઔષધાદિ કારણ સિવાય ત્યાગ કરું છું.

## (૭૫) B પોરિસિ સાઢપોરિસિનું પચ્ચક્ખાણ.

**ઉગ્ગએ સુરે, નમુક્કારસહિઅં, પોરિસિં[1], [2]સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં, [3]પચ્છન્નકાલેણં [4]દિસામોહેણં, [5]સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

જાણવા.

---

૫. પીવા યોગ્ય પદાર્થો તે **પાન**-કૂવા પ્રમુખનાં પાણી, છાશની આશ, કેરડાં, જવ, કાકડી પ્રમુખનાં ધોયણ અને મદિરા પ્રમુખ જાણવાં.

૬. જે ખાવાથી થોડી તૃપ્તિ થાય તે **ખાદિમ**-શેકેલાં ધાન્ય, ફળ, મેવા પ્રમુખ જાણવાં. (મિઠાઈને પણ કેટલાક ખાદ્ય તરીકે આમાં ગણે છે.)

૭. **સ્વાદ**-લહેજત લેવા માટે ખવાય તે અથવા જેના સ્વાદમાં પ્રથમ ખાધેલા આહારાદિનો સ્વાદ લય પામે તે **સ્વાદિમ**-સૂંઠ, જીરું, અજમા, પીપર, મરી, એલચી, લવિંગ, પ્રમુખ તથા ચૂરણ કે ગોળીમાં નાખેલ, મધ, ગોળ પ્રમુખ અને તંબોલાદિ જાણવાં.

૮. આ આગારમાં કહેલ **અન્નત્થ** એ પદ બીજા દરેક આગારમાં લાગુ પડે છે, એટલે જે આગારો (છૂટ) કહ્યા તે સિવાયનું મારે પચ્ચક્ખાણ છે. **અનાભોગ** એટલે વિસ્મરણ અર્થાત્ કાર્ય-વ્યગ્રતાદિક કારણે લીધેલ પચ્ચક્ખાણ અજાણ્યે ભૂલી જવાય અથવા પચ્ચક્ખાણનો વખત પૂરો થયા વિના અથવા થયો હોવા છતાં પાર્યા વિના ખાવા યોગ્ય પદાર્થ ભૂલથી મોઢામાં નખાઈ જાય તો પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ, એ માટે આગાર રાખવામાં આવેલ છે. પરંતુ કોઈ વસ્તુ મોઢામાં નાખતા કે નાખ્યા પછી યાદ આવે તો તરત તે વસ્તુ બહાર કાઢી નાખવી. જાણ્યા છતાં ખાય તો પચ્ચક્ખાણનો ભંગ થાય અને અજાણતાં મુખમાં નાખેલ પદાર્થ ખવાઈ ગયા પછી યાદ આવે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ, પરંતુ ફરીથી ભૂલ ન થાય તેટલા માટે **યથાયોગ્ય પ્રાયશ્ચિત લેવું. આ પ્રમાણે સર્વ આગારોમાં સમજી લેવું.**

૯. **સહસાગારેણં** (સ્વભાવે જ) મુખમાં આવી પડે એટલે પચ્ચક્ખાણનો ઉપયોગ હોય છતાં વરસાદના છાંટા કે દહીં મથતાં દહીનાં છાંટા વગેરે અચાનક મોઢામાં પડે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ.

૧૦. **મોટી નિર્જરાના હેતુભૂત સંઘાદિ કાર્યને માટે વડીલની આજ્ઞાથી પચ્ચક્ખાણનો** કાળ થતાં પહેલાં પારે તો ભંગ થાય નહિ.

૧૧. તીવ્ર શૂળાદિ રોગથી વિહ્વળ થયેલ શરીરની સ્વસ્થતા સાચવવા માટે ઔષધ પથ્યાદિ કારણે પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ થયા પહેલાં કાંઈ પદાર્થ લે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ. આવે પ્રસંગે ચિત્તની સ્થિરતાએ પરિણામ ટકે ત્યાં સુધીનો નિયમ સાચવવો, પણ પરિણામ ટકતા ન હોય તો પછી અન્યથા પ્રવૃત્તિ કરતાં દોષ નથી.

૧૨. ગુર્વાદિ પચ્ચક્ખાણ આપતા હોય ત્યારે અહીં **વોસિરઈ** પદ કહે અને પચ્ચક્ખાણ લેનાર હોય તે **વોસિરામિ** પદ કહે છે.

૧. પુરુષ પ્રમાણ છાયા જે વખતે હોય તે પોરિસિ અથવા તે છાયાનું માપ આ પ્રમાણે જાણવું - પુરુષે જમણા કાને સૂર્યનું બિંબ રાખીને દક્ષિણાયન (કર્કસંક્રાતિ)ના પહેલે દિવસે ઢીંચણની છાયા જોવી તે બે પગલાં (બાર આંગળનું એક પગલું) છાયા હોય, ત્યારે પોરિસિ જાણવી. તે પછી માસે માસે ચાર ચાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ** - સૂર્યોદય થયે છતે એક પ્રહર અથવા દોઢ પ્રહર સુધી મૂઠી સહિત અશન, પાણી, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનો હું ત્યાગ કરું છું. તે અન્નત્થ૦ સહસા૦ પચ્છન્નકાલ૦, દિસા૦, સાહુ૦, મહત્તરા૦, સવ્વસમાહિ૦, એ આગારોએ છૂટ રાખીને ત્યાગ કરું છું. (નોંધ : આ ૭ આગારોપૂર્વક અને અજાત્થ શબ્દથી બીજા આગારોના ત્યાગપૂર્વક ચાર આહારોનો ત્યાગ કરું છું.)

## (૭૫) C પુરિમઙ્ઢ અવઙ્ઢનું પચ્ચક્ખાણ

**સૂરે ઉગ્ગએ [1]પુરિમઙ્ઢ [2]અવઙ્ઢ મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસા-મોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ ॥**

**અર્થ** - સૂર્યોદયથી માંડીને બે પ્રહર સુધી, ત્રણ પ્રહર સુધી અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારના આહારનો હું ત્યાગ કરું છું. તે અન્નત્થ૦, સહસા૦, પચ્છન્ન૦, દિશા૦, સાહુ૦, મહત્તરા૦, સવ્વસમાહિ૦, એ આગારો વડે છૂટ રાખીને ત્યાગ કરું છું.

આંગળ છાયામાં વધારવું, એટલે પોષ માસે મકરસંક્રાંતિ (૧૪મી જાન્યુઆરી) (ઉત્તરાયણ)ના દિવસે ચાર

---

પગલાં છાયા હોય ત્યારે પોરિસિ થાય અને ત્યાંથી ચાર ચાર આંગળની હાનિ કરતાં આષાઢ માસે બે પગલાંની છાયા હોય.

**૨. પોરિસિના પચ્ચક્ખાણમાં આ પદ (સાઢપોરિસં) બોલવું નહિ. આ સાઢપોરિસિનો કાળ દોઢ પહોરનો સમજવો.**

**૩. પચ્છન્નકાલેન-કાળની પ્રચ્છન્નતા તે મેઘ, રજ, ગ્રહાદિ, દિગ્દાહ અને પર્વત પ્રમુખે** કરી સૂર્ય ઢંકાઈ જવાથી, વખતની બરાબર ખબર નહિ પડવાથી અધૂરી પોરિસિએ થઈ છે એમ માનીને જમે તો **પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ, પણ પાછળથી ખબર પડે તો મોઢામાં હોય તે રાખમાં પરઠવવું અને હાથમાં હોય તે વાસણમાં પાછું મૂકવું. પછી વખત થયે જમવું. દરેક આગારમાં** આ વાત સમજી લેવી.

૪. **દિગ્મોહેન**-દિશાનો વિપર્યાસ (ભ્રમ) થયો હોય એટલે પૂર્વને પશ્ચિમ દિશા છે, એમ ભૂલથી **માની લે અને તેથી પચ્ચક્ખાણના વખતની સમજ નહિ પડવાથી અધૂરા વખતને પૂરો થયો** ગણીને જમે તો ભંગ થાય નહિ.

૫. **સાધુવચનેન** એટલે ઉગ્ઘાડાપોરિસિ (ભણાવવાની પોરિસિ) એ પ્રકારનું સાધુનું વચન સાંભળીને પોરિસિ થઈ ગઈ જાણી અધૂરા વખતે જમે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ, પણ પાછળથી એમ માલૂમ પડે કે, સાધુ તો છ ઘડી દિવસ ચડે ત્યારે પોરિસિ ભણે છે, તો પૂર્વની રીતે જમવાનું છોડી દઈ સમય થાય ત્યારે જમવું.

૧. **પૂર્વાર્દ્ધ** (પુરિમાર્ધ) દિવસનો પૂર્વાર્દ્ધ એટલે પ્રથમનો અર્ધો દિવસ-બે પ્રહરનું માન (માપ) આ પચ્ચક્ખાણનું છે.

૨. અવઙ્ઢનું પચ્ચક્ખાણ કરવું હોય ત્યારે આ પદને ઠેકાણે 'અવઙ્ઢ' એ પદ બોલવું. **અવઙ્ઢ (અપાર્ધ)**નો કાળ ત્રણ પ્રહરનો સમજવો. (અપાર્ધ = પોણા દિવસ સુધી)

*પચ્ચક્ખાણમાં સૂરે ઉગ્ગે લખવાનો હેતુ એ જણાય છે કે બપોર પછી (બે પ્રહર પછી) પણ પચ્ચક્ખાણ ચાલુ રાખવા માટે હશે એવી સંભાવના છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૫) D *એકાસણા [1]બિયાસણાનું પચ્ચક્ખાણ

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં પોરિસિં સાઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, [2]વિગઈઓ પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં

[3]લેવાલેવેણં, [4]ગિહત્થ-સંસટ્ઠેણં, [5]ઉક્ખિત્તવિવેગેણં, [6]પડુચ્ચમક્ખિએણં [7]પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એકાસણં [8]બિયાસણં, પચ્ચક્ખાઈ, [9]તિવિહંપિ આહારં, [10]અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, [11]સાગારિયાગારેણં, [12]આઉંટણપસારેણં [13]ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, [14]પાણસ્સ [15]લેવેણ વા, [16]અલેવેણ વા, [17]અચ્છેણ વા, [18]બહુલેવેણ વા, [19]સસિત્થેણ વા, [20]અસિત્થેણ વા, વોસિરઈ.

ઈતિ બિયાસણા એકાસણાનું પચ્ચકખાણ

---

* અહીંથી દરેક પચ્ચકખાણમાં ઘણા ખરા આગારો એના એ વખતોવખત આવવાથી શબ્દાર્થ કે ભાવાર્થ લખેલ નથી અને જે જે આગારોમાં અર્થ આવ્યા નથી, તે દરેક ફૂટનોટમાં લખ્યા છે. એક વખત ભોજન કરવાનું છે. જેને વિષે અથવા એક નિશ્ચળ છે આસન જેમાં તે (**એકાશન**) એકાસણું જાણવું.

૧. બે વખત ભોજન કરવું તે બિયાસણ (**દ્વવ્યશન**) જાણવું.

૨. **વિકૃતિ :- વિગઈ** છ છે તે આ પ્રમાણે – ૧ દૂધ, ૨ દહીં, ૩ ઘી, ૪ તેલ, ૫ ગોળ અને ૬ કડા વિગઈ (કડાઈમાં તળાઈને ઉપર આવે તેવા પકવાન્ન) આ પચ્ચકખાણ વડે છ માંહેની કોઈ પણ એક અગર વધારે વિગઈનો ત્યાગ કરવાનો છે. માંસ, મદિરા, માખણ અને મદ્ય એ ચાર મહાવિગઈનો તો શ્રાવકને ત્યાગ જ હોય છે.

૩. **લેપાલેપેન-ઘૃત (ઘી)** પ્રમુખ જે વિગઈનો સાધુને નિયમ હોય તે ઘૃતાદિ વિગઈથી ગૃહસ્થનો હાથ ખરડાયાથી લૂંછી નાંખ્યો હોય તેવા હાથથી અથવા ખરડાયેલા ચમચાને લૂંછી નાંખીને તે વડે વહોરાવે તો પચ્ચકખાણ ભંગ થાય નહિ. (સાધુને માટે આ આગાર છે.)

૪. **ગૃહસ્થસંસૃષ્ટેન**-શાક પ્રમુખ દ્રવ્યને ગૃહસ્થે પોતાને માટે વિગઈથી જરા વઘારી સંસ્કારિત કર્યા હોય અથવા રોટલી, રોટલા માંડાદિને ગોળ, ઘી પ્રમુખ વિગઈ વડે જરા ચોપડ્યાં કર્યા હોય તેમ છતાં નીવિ કે વિગઈના પચ્ચકખાણમાં લેવામાં આવે તો પણ મુનિને પચ્ચકખાણનો ભંગ થાય નહિ.

૫. **ઉત્ક્ષિપ્તવિવેકેન**-રોટલી, રોટલા કે માંડાદિ ઉપર ગોળ, પ્રમુખ પિંડ (કઠણ) વિગઈ મૂકેલ હોય, પછી તે લઈ લેવામાં આવે છતાં તેનો કંઈક અંશ ચોંટી રહેલ હોય તેવા રોટલા વગેરે લેવામાં આવે તો મુનિને પચ્ચકખાણનો ભંગ થાય નહિ. ગૃહસ્થને આ આગાર હોય નહિ.

૬. **પ્રતીત્યમ્રક્ષિતેન**-રોટલી, રોટલા, પ્રમુખને કુણા રાખવા માટે, કરતી વખતે તેલ કે ઘીની આંગળીથી ચોપડીને કરે (રાખે) તો તેમાં કાંઈક વિગઈનો ભાગ આવ્યા છતાં મુનિને પચ્ચકખાણનો ભંગ થાય નહિ.

૭. **પારિષ્ઠાપનિકાકારેણ**-જે આહાર ગૃહસ્થના ઘરથી વિધિપૂર્વક (એષણીય) લીધો હોય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૫) E ॥ *આચંબિલનું પચ્ચક્ખાણ ॥

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ ॥ ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં ॥ આયંબિલં પચ્ચક્ખાઈ ॥ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહિત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં ॥ એકાસણં પચ્ચક્ખાઈ ॥ તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, *આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ ॥

ઇતિ આયંબિલનું પચ્ચક્ખાણ

## (૭૫) F ॥ તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ, *અબ્ભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ ॥ તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં,

---

અને ઉચિત રીતે મુનિઓને વહેંચી આપ્યો હોય અને વિવેકથી વાપરવામાં આવતો હોય, છતાં વધી પડે અને પરઠવવો જ પડે એમ જણાય તો પરઠવવાથી થતો દોષ બચાવવાની ખાતર ગુરુ મહારાજની આજ્ઞા વડે વધેલ આહારાદિ વાપરતાં પચ્ચક્ખાણનો ભંગ થાય નહિ. અહીં ચઉવિહાર ઉપવાસમાં પ્રાસુક પાણી, તિવિહાર ઉપવાસમાં અન્ન તથા પાણી અને આયંબિલના પચ્ચક્ખાણમાં વિગઈ, અન્ન અને પાણી વાપરી શકાય. આ અને બીજા કેટલાક આગાર યતિને માટે છે, પણ પાઠ સંલગ્ન હોવાથી શ્રાવકમાં પણ બોલાય છે.

૮. એકાસણાનું પચ્ચક્ખાણ લેવું હોય ત્યારે આ પદને ઠેકાણે **'એકાસણં'** પાઠ કહેવો.

૯. અહીં **દુવિહંપિ આહારંનો** પાઠ બોલે તો જમ્યા પછી પાણી અને સ્વાદિમ વાપરી શકાય. તિવિહારનું પચ્ચક્ખાણ કરે તો જમ્યા પછી પાણી વાપરી શકાય અને ચઉવિહારનું પચ્ચક્ખાણ કરે તો **ચઉવ્વિહંપિ આહારં** પાઠ બોલે અને જમ્યા પછી ચારે આહારનો ત્યાગ કરે. જમ્યા પછી પણ જે પચ્ચક્ખાણે એકાસણું વગેરે કરેલ હોય તે પ્રમાણે દિવસ ચરિમ ચઉવિહાર તિવિહાર દુવિહારનું પચ્ચક્ખાણ યથાસંભવ લેવું.

૧૦. ચઉવિહારે અસણં પાણં ખાઈમં સાઈમં અને દુવિહાર રે અસણં ખાઈમં એ પ્રમાણે પાઠ બોલવા, પરંતુ હાલમાં દુવિહારની પ્રવૃત્તિ નથી.

**૧૧. સાગારિકાગારેણ-સાગારી એટલે ગૃહસ્થ બંદિવાન પ્રમુખ, તેના કારણે આ** આગાર છે. એટલે મુનિને ગૃહસ્થ દેખતાં આહાર પાણી કરવાની મનાઈ છે. તેથી કોઈ ગૃહસ્થ આહાર કરતી વખતે આવ્યો હોય અને થોડી વારમાં જવાનો હોય તો તેટલી વાર આહાર કરવાની ઢીલ કરે અને તે ત્યાં સ્થિર રહેવાનો હોય તો અન્યત્ર જઈ આહાર કરે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ અને ગૃહસ્થને જમતી વખત જેની દૃષ્ટિ પડતાં અન્ન પચે નહિ તેવો બંદિવાનાદિ આવ્યો હોય અથવા સર્પ, અગ્નિ પ્રમુખનો ઉપદ્રવ જણાય તો અન્યત્ર જઈ ભોજન કરતાં ભંગ થાય નહિ.

**૧૨. આકુંચનપ્રસારણેન**-જમવા બેઠા પછી ખાલી ચડી જવાના કે એવા કોઈ બીજા કારણે હાથ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસા-ગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, [1]પાણહાર પોરિસિં સાઢપોરિસિં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ ॥ અન્નત્થણા-ભોગેણં, સહસા-ગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ ॥

॥ ઈતિ તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ ॥

## (૭૫) G ॥ ચઉવ્વિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ, [2]અબ્ભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ ॥ ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, [3]પારિટ્ઠાવણિયાગારેણં,

---

પગાદિ અંગોપાંગ સંકોચવા કે પ્રસારવા પડે તેથી આસન જરા ચલાયમાન થાય તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ.

૧૩. **ગુર્વભ્યુત્થાનેન**-એકાસણાદિ કરતાં પોતાના ગુરુ મહારાજ કે પ્રાહુણા (મહેમાન) મુનિ આવ્યા હોય તો તેનો વિનય-સત્કાર સાચવવા ઊભા થવું જોઈએ તે સાચવે તો પચ્ચક્ખાણ ભંગ થાય નહિ.

૧૪. **પાનકસ્ય**-પાણીના. તિવિહાર કે ચઉવ્વિહારે એકાસણું કરનારને આ પાણી સંબંધીના છ આગાર અવશ્ય કહેવા અને દુવિહારમાં અચિત્તભોજી અને અચિત્ત જળ વાપરનારને પણ આ આગાર કહેવા.

૧૫. **લેપાદ્વા**-અહીં ત્રીજી વિભક્તિ પંચમીના અર્થમાં હોવાથી પંચમી લખી છે. લેપકૃત પાણી તે ઓસામણ, આંબલી અને દ્રાક્ષનાં પાણી સમજવાં. આ છએ આગારમાં વા શબ્દ મૂક્યો છે. તેથી એકથી બીજા ભેદનું અધિકપણું બતાવેલ છે. એટલે કે લેપકૃત કરતાં અલેપકૃત સારું, તે કરતાં ત્રણ ઉભરાએ ઉકાળેલ સારું એમ યથાયોગ્ય જાણવું. એ છ માંથી ગમે તે પ્રકારનું જળ એકાસણાદિ પચ્ચક્ખાણવાળાને વાપરી શકાય તે માટે આ આગારો છે.

૧૬. **અલેપકૃતાદ્વા**-અલેપકૃત પાણી તે લેપ વગરનું કાંજી પ્રમુખનું ધોવણ કે છાશની આશ વગેરે સમજવું.

૧૭. **અચ્છાદ્વા**-અચ્છ એટલે નિર્મળ જળ. તે ત્રણ ઉકાળાથી ઉકાળેલું ઉષ્ણ જળ અથવા ફળાદિનું ધોયણ જાણવું.

૧૮. **બહુલેપાદ્વા**-બહુલેપ એટલે ચોખા પ્રમુખનું ધોવણ.

૧૯. **સસિક્થાદ્વા**-આટાથી ખરડાયેલ હાથ કે વાસણનું ધોયણ જેમાં આટાના રજકણો પણ આવી જાય તે.

૨૦. **અસિક્થાદ્વા**-આટાથી ખરડાયેલ હાથ અથવા વાસણનું ધોયણ જેમાં આટાના રજકણ આવે નહિ એવું ગાળેલું ધોયણનું પાણી.

* **આચામ્લં**-આ તપમાં છ વિગય વિનાનો નીરસ આહાર વાપરવાનો છે.

* **એકલઠાણા (એકસ્થાનં)**નું પચ્ચક્ખાણ કરવું હોય ત્યારે **આઉંટણપસારેણં** એ આગાર વર્જીને (છોડીને) બીજા બધા આગાર એકાસણા પ્રમાણે લેવા. આ પચ્ચક્ખાણમાં જમણો હાથ અને મુખ સિવાય બધાં અંગોપાંગ સ્થિર રાખવાં અને જમતી વખતે જ ઠામ ચઉવિહાર કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ ॥
॥ ઈતિ ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ ॥

## ॥ સાંજનાં પચ્ચક્ખાણો ॥

### (૭૫) H ॥ [૪]પાણહારનું પચ્ચક્ખાણ ॥

પાણહાર [૫]દિવસચરિમં પચ્ચક્ખાઈ ॥ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ ॥

### (૭૫) I ॥ ચઉવિહારનું પચ્ચક્ખાણ ॥

[૬]દિવસચરિમં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ ॥
॥ ઈતિ ચઉવિહારનું ॥

### (૭૫) J ॥ તિવિહારનું પચ્ચક્ખાણ ॥

દિવસચરિમં પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરા-ગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ ॥

॥ ઈતિ તિવિહારનું ॥

---

* ઉપવાસ કરનારને આગળ પાછળ એકાસણું હોય તો અહીં **ચઉત્થભત્તં અબ્ભત્તટ્ઠં** એ પાઠ લેવાનો છે. બે ઉપવાસવાળાને **છટ્ઠભત્તં**, ત્રણવાળાને **અટ્ઠમભત્તં** એ પ્રમાણે પાઠ લેવાનો જાણવો. તે પછી દરેક ઉપવાસે બે બે ભક્ત વધારેનું પચ્ચક્ખાણ જાણવું.

૧. પોરિસી આદિ જે પચ્ચક્ખાણ છે ત્યાં સુધી પાણીના આહારનું પચ્ચક્ખાણ (ત્યાગ) કરું છું.

૨. **અભક્તાર્થ**-એટલે જમવાનું જેમાં નથી તે - ઉપવાસ.

૩. સાંજે પચ્ચક્ખાણ લેવાનું હોય ત્યારે આ આગાર ન લેવો.

૪. બિયાસણ, એકાસણ, આયંબિલ અને તિવિહાર ઉપવાસ કરનારને સાંજે પ્રતિક્રમણમાં આ પચ્ચક્ખાણ લેવાનું છે. પ્રતિક્રમણ ન કરે તેમને પણ ઉક્ત વ્રતોમાંનું કોઈ કર્યું હોય તો લેવાનું છે.

૫. દિવસનો બાકીનો ભાગ રહ્યો ત્યારથી આખી રાત્રિ પર્યંત પાણીના આહારનો ત્યાગ કરું છું.

૬. અહીં અલ્પ આયુષ્ય બાકી હોય અને ચારે આહારનો ત્યાગ કરવો હોય તો **ભવચરિમં એ પદ કહેવું.**

* ચૌદ નિયમ ધરનારને આ પચ્ચક્ખાણ લેવાનું છે.

૧. **દેશાવકાશિકં**-સર્વ વ્રતોમાં થોડો અવકાશ એટલે અમુક અમુક વસ્તુ વાપરવા સિવાય બીજા બધા ભોગોપભોગ્ય પદાર્થનો ત્યાગ કરું છું. અહીં એકલી દિશિનો નિયમ રાખનારને **ઉવભોગં પરિભોગ** પાઠ કહેવાનો નથી.

૨. આહાર-વિલેપનાદિ એક વાર ભોગવવા યોગ્ય પદાર્થો તે **ઉપભોગં. (તે ભોગ કહેવાય.)**

૩. સ્ત્રી, આભરણ, વસ્ત્ર વગેરે વારંવાર ભોગવવા યોગ્ય પદાર્થો તે **પરિભોગં.** (તે ઉપભોગ કહેવાય) જ્યાં ભોગોપભોગ કહે ત્યાં ઉપરનો અર્થ ભોગનો ને આ ઉપભોગનો સમજવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૫) K ॥ દુવિહારનું પચ્ચક્ખાણ ॥

દિવસચરિમં પચ્ચક્ખાઈ, દુવિહંપિ આહારં, અસણં, ખાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ ॥

## (૭૫) L ॥ દેશાવકાશિકનું *પચ્ચક્ખાણ ॥

[1]દેસાવગાસિયં, [2]ઉવભોગં, [3]પરિભોગં પચ્ચક્ખાઈ ॥ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ ॥ ઈતિ ॥

### સ્મરણ - ૪

## (૭૬) ૪ શ્રી તિજયપહુત્ત સ્તોત્રમ્

તિજય-પહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર-જુત્તાણં,
સમયક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં. ૧

પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણવર સમૂહો,
નાસેઉ સયલ-દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં. ૨

વીસા પણયાલા વિય, તીસા પન્નત્તારી જિણવરિંદા,
ગહ-ભૂઅ-રક્ખ-સાઈણિ, ઘોરુવસગ્ગં પણાસંતુ. ૩

સત્તરિ પણતીસા વિય, સટ્ઠી પંચેવ જિણગણો એસો,
વાહિ-જલ-જલણ-કરિ-હરિ, -ચોરારિ-મહાભયં હરઉ. ૪

પણપન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહય ચેવ ચાલીસા,
રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા. ૫

ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહય ચેવ સરસુંસઃ,
આલિહિય-નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓ ભદ્દં. ૬

ૐ રોહિણિ પન્નત્તી, વજ્જસિંખલા તહય વજ્જઅંકુસિઆ,
ચક્કેસરિ નરદત્તા, કાલી મહાકાલી તહ ગોરી. ૭

ગંધારિ મહજ્જાલા, માણવી વઈરુટ્ટ તહય અચ્છુત્તા,
માણસિ મહમાણસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ. ૮

પંચદસ કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરિ જિણાણ સયં,
વિવહ-રયણાઈ-વન્નો, વસોહિઅં હરઉ દુરિઆઈં. ૯

ચઉતીસ અઈસય-જુઆ, અટ્ઠ-મહાપાડિહેર કયસોહા,
તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તોણં. ૧૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ વરકણય સંખવિદ્દુમ-મરગય ઘણસન્નિહં વિગયમોહં,
સત્તરિસયં જિણાણં, સવ્વામર-પૂઈઅં વંદે સ્વાહા. ૧૧

ॐ ભવણવઈ વાણવંતર, જોઈસવાસી વિમાણવાસી અ,
જે કેવિ દુટ્ઠદેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા. ૧૨

ચંદણકપ્પૂરેણં, ફલએ લિહિઊણ ખાલિઅં પીઅં,
એગંતરાઈ-ગહ-ભૂઅ, સાઈણિ-મુગ્ગં પણાસેઈ. ૧૩

ઈઅ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિ-પડિલિહિઅં,
દુરિઆરિ વિજયવંતં, નિબ્ભંતં નિચ્ચ-મચ્ચેહ. ૧૪

## સ્મરણ - ૫

## (૭૬) ૫ ॥ શ્રી નમિઊણ સ્તોત્રમ્ ॥

નમિઊણ પણયસુરગણ-ચૂડામણિકિરણરંજિઅં મુણિણો ।
ચલણજુઅલં મહાભય, -પણાસણં સંથવં વુચ્છં ॥૧॥

સડિય કર-ચરણ-નહ-મુહ, નિબુડ્ડ-નાસા વિવન્ન લાયન્ના ।
કુટ્ઠ મહારોગાનલ,-ફુલિંગ નિદ્દઢ સવ્વંગા ॥૨॥

તે તુહ ચલણારાહણ-સલિલંજલિ-સેય-વુડ્ઢિ-યચ્છાયા ।
વણદવ દઢ્ઢા ગિરિપાયવવ્વ પત્તા પુણો લચ્છિં ॥૩॥

દુવ્વાય ખુભિય-જલનિહિ, ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે ।
સંભંત-ભય-વિસંઠુલ-નિજ્જામય-મુક્ક-વાવારે ॥૪॥

અવિદલિઅ-જાણવત્તા, ખણેણ પાવંતિ ઈચ્છિઅં કૂલં ।
પાસજિણ-ચલણ-જુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા ॥૫॥

ખરપવણુદ્ધુય વણદવ-જાલાવલિમિલિય સયલદુમ ગહણે ।
ડજ્ઝંત-મુદ્ધ-મયવહુ-ભીસણરવ-ભીસણંમિ વણે ॥૬॥

જગગુરુણો કમજુઅલં, નિવ્વાવિઅ-સયલ-તિહુઅણા-ભોઅં ।
જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં ॥૭॥

વિલસંત-ભોગભીસણ,-ફુરિઆરુણનયણ-તરલજીહાલં ।
ઉગ્ગ-ભુઅંગં નવ-જલય-સત્થહં ભીસણાયારં ॥૮॥

મન્નંતિ કીડ-સરિસં, દૂર-પરિચ્છૂઢ-વિસમ-વિસ-વેગા ।
તુહ નામક્ખર-ફુડસિદ્ધ-મંતગુરુઆ નરા લોએ ॥૯॥

અડવીસુ ભિલ્લ-તક્કર,-પુલિંદ-સદ્દુલ-સદ્દ-ભીમાસુ ।
ભયવિહુર-વુન્નકાયર-ઉલ્લૂરિય-પહિય-સત્થાસુ ॥૧૦॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવિલુત્ત-વિહવ-સારા, તુહ નાહ ! પણામ-મત્ત-વાવારા ।
વવગય વિગ્ઘા સિગ્ઘં, પત્તા હિય-ઈચ્છિયં ઠાણં ॥૧૧॥

પજ્જલિઆનલ-નયણં, દૂર-વિયારિઅ મુહં મહાકાયં ।
નહકુલિસ-ઘાય-વિઅલિઅ,-ગઈંદ-કુંભત્થલાભોઅં ॥૧૨॥

પણય-સસંભમ-પત્થિવ, નહ મણિ-માણિક્ક-પડિઅ-પડિમસ્સ ।
તુહ વયણ-પહરણ ધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ ॥૧૩॥

સસિ-ધવલ-દંતમુસલં, દીહ-કરુલ્લાલ વુડ્ઢિઉચ્છાહં ।
મહુપિંગ-નયણજુઅલં, સસલિલ-નવ-જલહરારાવં ॥૧૪॥

ભીમં મહાગઈંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણંતિ ।
જે તુમ્હ ચલણ-જુઅલં, મુણિવઈ તુંગં સમલ્લીણા ॥૧૫॥

સમરમ્મિ તિક્ખખગ્ગા, ભિગ્ઘાય પવિદ્ધ-ઉદ્ધુય-કબંધે ।
કુંત-વિણિભિન્ન-કરિકલહ, મુક્ક-સિક્કાર-પઉરંમિ ॥૧૬॥

નિજ્જિઅ-દપ્પુદ્ધર-રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં ।
પાવંતિ પાવ-પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ ॥૧૭॥

રોગ-જલ-જલણ-વિસહર-ચોરારિ-મઈંદ-ગય રણભયાઈ ।
પાસજિણ-નામસંકિત્તણેણ, પસમંતિ સવ્વાઈ ॥૧૮॥

એવં મહા-ભયહરં, પાસજિણિંદસ્સ સંથવમુઆરં ।
ભવિયજણાણંદયરં, કલ્લાણ પરંપર નિહાણં ॥૧૯॥

રાયભય-જક્ખ-રક્ખસ્સ, કુસુમિણ-દુસ્સઉણ-રિક્ખપીડાસુ ।
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ ॥૨૦॥

જો પઢઈ જો અ નિસુણઈ, તાણં કઈણો ય માણતુંગસ્સ ।
પાસો પાવં પસમેઉ, સયલભુવણચ્ચિઅચલણો ॥૨૧॥

ઉવસગ્ગંતે કમઠા-સુરંમિ ઝાણાઓ જો ન સંચલિઓ ।
સુરનર-કિન્નર જુવઈહિં, સંથુઓ જયઉ પાસજિણો ॥૨૨॥

એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસઅક્ખરેહિં જો મંતો ।
જો જાણઈ સો ઝાયઈ, પરમ-પયત્થં ફડં પાસં ॥૨૩॥

પાસહ સમરણ જો કુણઈ, સંતુટ્ઠ હિયએણ ।
અટ્ઠુત્તરસય વાહિ ભય, નાસઈ તસ્સ દૂરેણ ॥૨૪॥

## (૭૬) ૭ ॥ શ્રી ભક્તામર સ્તોત્રમ્ ॥

ભક્તામર પ્રણત મૌલિમણિપ્રભાણા-મુદ્યોતકં દલિત-પાપ-તમો-વિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા - વાલમ્બનં ભવજલે પતતાં જનાનામ્ ॥૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યઃ સંસ્તુતઃ સકલ વાઙ્મય તત્ત્વબોધા-દુદ્‌ભુતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ
સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરુદારૈઃ સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૨॥

બુદ્‌ધ્યા વિનાપિ વિબુધા-ર્ચિત-પાદપીઠ !, સ્તોતું સમુદ્યત મતિર્વિગત ત્રપોહમ્ ।
બાલં વિહાય જલ સંસ્થિત મિન્દુબિમ્બ-મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ ॥૩॥

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંકકાન્તાનૂ, કસ્તે ક્ષમઃ સુરગુરુ પ્રતિમોપિ બુદ્‌ધ્યા ? ।
કલ્પાન્તકાલ-પવનોદ્ધત નક્રચક્રં, કો વા તરીતુ મલ મમ્બુનિધિં ભુજાભ્યામ્ ? ॥૪॥

સોહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ !, કર્તું સ્તવં વિગતશક્તિ-રપિ પ્રવૃત્તઃ
પ્રીત્યાત્મવીર્ય-મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥૫॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ-ધામ, ત્વદ્‌ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુ-ચૂત- કલિકાનિકરૈકહેતુઃ ॥૬॥

ત્વત્સંસ્તવેન ભવ-સન્તતિ-સન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીર ભાજામ્ ।
આક્રાન્તલોક-મલિ-નીલ-મશેષ-માશુ, સૂર્યાંશુ-ભિન્નમિવ શાર્વર- મન્ધકારમ્ ॥૭॥

મત્વેતિ નાથ ! તવ સંસ્તવનં મયેદ-મારભ્યતે તનુ-ધિયાપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ, મુક્તાફલ-દ્યુતિ-મુપૈતિ નનૂદબિન્દુઃ ॥૮॥

આસ્તાં તવ સ્તવન-મસ્ત-સમસ્ત દોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ ।
દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાસભાંજિ ॥૯॥

નાત્યદ્‌ભુતં ભુવન- ભૂષણ ભૂત - નાથ ! ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ ।
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા, ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥૧૦॥

દૃષ્ટ્વા ભવન્ત-મનિમેષ-વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વા પયઃ શશિકર-દ્યુતિ-દુગ્ધસિન્ધોઃ, ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્ ॥૧૧॥

યૈઃ શાન્તરાગ-રુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિત- સ્ત્રિભુવનૈક-લલામભૂત ! ।
તાવન્ત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાન-મપરં નહિ રૂપમસ્તિ ॥૧૨॥

વક્ત્રં ક્વ તે સુર-નરોરગ-નેત્રહારિ, નિઃશેષ-નિર્જિત- જગત્ત્રિતયોપમાનમ્ ।
બિમ્બં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય ? યદ્ વાસરે ભવતિ પાણ્ડુ- પલાશ-કલ્પમ્ ॥૧૩॥

સંપૂર્ણ-મણ્ડલ-શશાંક-કલા કલાપ, શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ।
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર ! નાથમેકં, કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ? ॥૧૪॥

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ, -ર્નીતં મનાગપિ મનો ન વિકાર-માર્ગમ્ ।
કલ્પાન્તકાલ-મરુતા ચલિતા-ચલેન, કિં મન્દરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્ ? ॥૧૫॥

નિર્ધૂમવર્તિ-રપવર્જિત-તૈલપુરઃ, કૃત્સ્નં જગત્ત્રય-મિદં પ્રકટીકરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં, દીપોપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ॥૧૬॥

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।
નામ્ભોધરોદર-નિરુદ્ધમહાપ્રભાવઃ, સૂર્યાતિશાયિ-મહિમાસિ મુનીન્દ્ર ! લોકે ॥૧૭॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિત્યોદયં દલિતમોહ-મહાન્ધકારં, ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જ-મનકલ્પકાન્તિ, વિદ્યોતયજ્જગદપૂર્વ- શશાંક-બિમ્બમ્ ॥૧૮॥

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા ? યુષ્મન્મુખેન્દુ-દલિતેષુ તમસ્સુ નાથ ! ।
નિષ્પન્ન-શાલિ-વન-શાલિની જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈ-ર્જલભાર- નમ્રૈઃ ? ॥૧૯॥

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।
તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં, નૈવં તુ કાચ સકલે કિરણા કુલેપિ ॥૨૦॥

મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાન્તરેપિ ॥૨૧॥

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ।
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥૨૨॥

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ-માદિત્યવર્ણ-મમલં તમસઃ પરસ્તાત્ ।
ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર ! પન્થાઃ ॥૨૩॥

ત્વામવ્યયં વિભુમચિન્ત્યમસંખ્યમાદ્યં બ્રહ્માણમીશ્વરમનન્ત-મનઙ્ગકેતુમ્ ।
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં, જ્ઞાનસ્વરૂપ-મમલં પ્રવદન્તિ સન્તઃ ॥૨૪॥

બુદ્ધસ્ત્વમેવવિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્, ત્વં શંકરોસિ ભુવનત્રય- શંકરત્વાત્ ।
ધાતાસિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાદ્, વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોસિ ॥૨૫॥

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ ! તુભ્યં નમઃ ક્ષિતિ-તલામલ-ભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન ! ભવોદધિ-શોષણાય ॥૨૬॥

કો વિસ્મયોત્ર ? યદિ નામ ગુણૈરશેષૈ સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ! ।
દોષૈરુપાત્ત-વિવિધાશ્રય-જાત-ગર્વૈઃ સ્વપ્નાન્તરેપિ ન કદાચિદપીક્ષિતોસિ ॥૨૭॥

ઉચ્ચૈરશોકતરુ-સંશ્રિત-મુન્મયૂખ,-માભાતિ રૂપમમલં ભવતો નિતાન્તમ્ ।
સ્પષ્ટોલ્લસત્કિરણમસ્ત-તમોવિતાનં, બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ॥૨૮॥

સિંહાસને મણિ-મયૂખ-શિખા-વિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।
બિમ્બં વિયદ્વિલ સદંશુ-લતા-વિતાનં, તુઙ્ગોદયાદ્રિ-શિરસીવ સહસ્રરશ્મેઃ ॥૨૯॥

કુન્દાવદાત-ચલચામર-ચારુશોભં, વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ।
ઉદ્યચ્છશાઙ્ક- શુચિ-નિર્ઝર-વારિધાર-મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્ ॥૩૦॥

છત્રત્રયં તવ વિભાતિ શશાઙ્કકાન્ત-મુચ્ચૈઃસ્થિતં સ્થગિત-ભાનુકર-પ્રતાપમ્ ।
મુક્તાફલ-પ્રકર-જાલ-વિવૃદ્ધ- શોભં, પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥૩૧॥

ઉન્નિદ્ર-હેમ-નવપકંજ-પુંજ-કાન્તિ,- પર્યુલ્લસન્નખ-મયૂખ-શિખાભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ! ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥૩૨॥

ઈત્થં યથા તવ વિભૂતિ-રભૂજ્જિનેન્દ્ર !, ધર્મોપદેશન-વિધૌ ન તથા પરસ્ય ।
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા, તાદૃક્ કુતો ગ્રહ-ગણસ્યવિકાશિનોપિ ? ॥૩૩॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્ચ્યોતન્મદાવિલ-વિલોલ-કપોલમૂલ, -મત્ત-ભ્રમદ્-ભ્રમર-નાદ-વિવૃદ્ધ કોપમ્ ।
ઐરાવતાભમિભમુદ્ધત-માપતન્તં, દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥૩૪॥

ભિન્નેભ-કુમ્ભ-ગલદુજ્જ્વલશોણિતાક્ત, મુક્તાફલ-પ્રકર-ભૂષિત-ભૂમિભાગઃ ।
બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોપિ, નાક્રામતિ ક્રમયુગા-ચલ-સંશ્રિતં તે ॥૩૫॥

કલ્પાન્તકાલ- પવનોદ્ધત-વહ્નિકલ્પં, દાવાનલં જ્વલિતમુજ્જ્વલ-મુત્સ્ફુલિંગમ ।
વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતન્તં, ત્વન્નામ-કીર્ત્તન-જલં શમયત્યશેષમ્ ॥૩૬॥

રક્તેક્ષણં સમદ-કોકિલ- કણ્ઠનીલં, ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણ-માપતન્તમ્ ।
આક્રામતિ ક્રમ-યુગેન નિરસ્ત-શંક, સ્ત્વન્નામ-નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥

વલ્ગત્તુરઙ્ગ-ગજગર્જિત-ભીમનાદ,-માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।
ઉદ્યદ્દિવાકર-મયૂખ-શિખાપવિદ્ધં, ત્વત્કીર્ત્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ॥૩૮॥

કુન્તાગ્ર-ભિન્ન-ગજ-શોણિત-વારિવાહ, વેગાવતાર-તરણા-તુર- યોધભીમે ।
યુદ્ધે જયં વિજિત-દુર્જય-જેયપક્ષા, -સ્ત્વત્પાદપંકજ-વનાશ્રયિણો લભન્તે ॥૩૯॥

અમ્ભોનિધૌ ક્ષુભિત-ભીષણ-નક્રચક્ર,-પાઠીનપીઠ-ભય-દોલ્બણ-વાડવાગ્નૌ ।
રંગત્તરંગ-શિખર-સ્થિત-યાનપાત્રા,-સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥૪૦॥

ઉદ્‌ભૂત-ભીષણ-જલોદર-ભારભુગ્નાઃ, શોચ્યાં દશા-મુપગતાશ્ચ્યુત-જીવિતાશા ।
ત્વત્પાદપંકજ-રજોમૃત-દિગ્ધ-દેહા, મર્ત્યા ભવન્તિ મકરધ્વજ-તુલ્યરૂપાઃ ॥૪૧॥

આપાદકણ્ઠ-મુરુ-શૃંખલ-વેષ્ટિતાંગા, ગાઢં બૃહન્નિગડ-કોટિ-નિઘૃષ્ટ-જંઘા ।
ત્વન્નામ- મન્ત્ર-મનિશં મનુજાઃ સ્મરન્તઃ, સદ્યઃ સ્વયંવિગત-બન્ધ-ભયા ભવન્તિ ॥૪૨॥

મત્ત-દ્વિપેન્દ્ર- મૃગરાજ-દવાનલાહિ, -સંગ્રામ-વારિધિ-મહોદર-બન્ધનોત્થમ્ ।
તસ્યાશુ નાશ-મુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥૪૩॥

સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબદ્ધાં, ભક્ત્યા મયા રુચિર-વર્ણ-વિચિત્ર-પુષ્પામ્ ।
ધત્તે જનો ય ઈહ કણ્ઠ-ગતા- મજસ્રં, તં માનતુંગ-મવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

## (૭૬) ૮ શ્રી કલ્યાણમંદિર સ્તોત્રમ્

(વસન્તતિલકા વૃત્તમ્)

કલ્યાણમન્દિર-મુદાર-મવદ્યભેદિ, ભીતાભયપ્રદ-મનિન્દિત-મઙ્‌ઘ્રિપદ્મમ્,
સંસારસાગર-નિમજ્જ-દશેષજન્તુ, - પોતાયમાન-મભિનમ્ય જિનેશ્વરસ્ય. ૧

યસ્ય સ્વયં સુરગુરુર્ગરિમામ્બુરાશેઃ, સ્તોત્રં સુવિસ્તૃત-મતિર્ન વિભુર્વિધાતુમ્,
તીર્થેશ્વરસ્ય કમઠ-સ્મય-ધૂમ-કેતો, - સ્તસ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે યુગ્મમ્. ૨

સામાન્યતોઽપિ તવ વર્ણયિતું સ્વરૂપ, - મસ્માદૃશાઃ કથમધીશ ! ભવન્ત્યધીશાઃ ?
ધૃષ્ટોઽપિ કૌશિકશિશુ-ર્યદિ વા દિવાન્ધો, રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મેઃ ? ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહક્ષયા-દનુભવન્નપિ નાથ ! મર્ત્યો, નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત,
કલ્પાન્ત-વાન્ત-પયસઃ પ્રકટોઽપિ યસ્માન્મીયેત-કેન જલધેર્નનુ રત્નરાશિઃ ? ૪

અભ્યુદ્યતોઽસ્મિ તવ નાથ ! જડાશયોઽપિ, કર્તું સ્તવં લસદસંખ્ય-ગુણાકરસ્ય,
બાલોઽપિ, કિં ન નિજબાહુ-યુગં વિતત્ય, વિસ્તીર્ણતાં કથયતિ સ્વધિયામ્બુરાશેઃ ? ૫

યે યોગનામપિ ન યાન્તિ ગુણાસ્તવેશ !, વક્તું કથં ભવતિ તેષુ મમાવકાશઃ ?
જાતા તદેવ-મસમીક્ષિત-કારિતેયં, જલ્પન્તિ વા નિજગિરા નનુ પક્ષિણોઽપિ. ૬

આસ્તા-મચિન્ત્ય-મહિમા-જિન ! સંસ્તવસ્તે, નામાપિ પાતિ ભવતો ભવતો જગન્તિ,
તીવ્રાતપોપહત-પાન્થજનાન્ નિદાઘે, પ્રીણાતિ પદ્મસરસઃ સરસોઽનિલોઽપિ. ૭

હૃદ્વર્તિનિ ત્વયિ વિભો ! શિથિલીભવન્તિ, જન્તોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મબન્ધાઃ,
સદ્યો ભુજઙ્ગ-મયા ઈવ મધ્યભાગ, - મભ્યાગતે વનશિખણ્ડિનિ ચન્દનસ્ય. ૮

મુચ્યન્ત એવ મનુજાઃ સહસા જિનેન્દ્ર ! રૌદ્રૈ-રુપદ્રવ-શતૈસ્ત્વયિ વીક્ષિતેઽપિ,
ગોસ્વામિનિ સ્ફુરિત-તેજસિ દૃષ્ટમાત્રે, ચૌરૈ-રિવાશુ પશવઃ પ્રપલાયમાનૈઃ. ૯

ત્વં તારકો જિન ! કથં ભવિનાં ત એવ, ત્વા-મુદ્વહન્તિ હૃદયેન યદુત્તરન્તઃ,
યદ્વા દતિસ્તરતિ યજ્જલ-મેષ નૂન, - મન્તર્ગતસ્ય મરુતઃ સ કિલાનુભાવઃ ૧૦

યસ્મિન્ હર-પ્રભૃતયોઽપિ હત-પ્રભાવાઃ, સોઽપિ ત્વયા રતિપતિઃ ક્ષપિતઃ ક્ષણેન,
વિધ્યાપિતા હુતભુજઃ પયસાઽથ યેન, પીતં ન કિં તદપિ દુર્દ્ધર-વાડવેન ? ૧૧

સ્વામિન્નનલ્પ-ગરિમાણ-મપિ પ્રપન્ના, - સ્ત્વાં જન્તવઃ કથમહો હૃદયે દધાનાઃ,
જન્મોદધિં લઘુ તરન્ત્યતિ-લાઘવેન, ચિન્ત્યો ન હન્ત મહતાં યદિ વા પ્રભાવઃ ૧૨

ક્રોધસ્ત્વયા યદિ વિભો ! પ્રથમં નિરસ્તો, ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મચૌરાઃ ?,
પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાપિ લોકે, નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની ? ૧૩

ત્વાં યોગિનો જિન ! સદા પરમાત્મરૂપ, - મન્વેષયન્તિ હૃદયામ્બુજ-કોશ-દેશે,
પૂતસ્ય નિર્મલરુચે-ર્યદિ વા કિમન્ય, - દક્ષસ્ય સંભવિ પદં નનુ કર્ણિકાયાઃ ? ૧૪

ધ્યાનાજ્જિનેશ ! ભવતો ભવિનઃ ક્ષણેન, દેહં વિહાય પરમાત્મ-દશાં વ્રજન્તિ,
તીવ્રાનલા-દુપલભાવમપાસ્ય લોકે, ચામીકરત્વ-મચિરાદિવ ધાતુભેદાઃ. ૧૫

અન્તઃ સદૈવ જિન ! યસ્ય વિભાવ્યસે ત્વં, ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્ ?
એતત્સ્વરૂપ-મથ મધ્ય-વિવર્ત્તિનો હિ, યદ્વિગ્રહં પ્રશમયન્તિ મહાનુભાવાઃ ૧૬

આત્મા મનીષિભિ-રયં ત્વદભેદ-બુદ્ધ્યા, ધ્યાતો જિનેન્દ્ર ! ભવતીહ ભવત્પ્રભાવઃ,
પાનીય-મપ્ય-મૃત-મિત્ય-નુચિન્ત્યમાનં, કિં નામ નો વિષવિકાર-મપાકરોતિ ? ૧૭

ત્વામેવ વીત-તમસં પરવાદિનોઽપિ, નૂનં વિભો ! હરિહરાદિ-ધિયા પ્રપન્નાઃ,
કિં કાચ-કામલિભિરીશ ! સિતોઽપિ શઙ્ખો, નો ગૃહ્યતે વિવિધવર્ણ-વિપર્યયેણ. ? ૧૮

ધર્મોપદેશ-સમયે સવિધાનુભાવા, - દાસ્તાં જનો ભવતિ તે તરુ-રપ્યશોકઃ,
અભ્યુદ્ગતે દિનપતૌ સમહીરુહોઽપિ, કિં વા વિબોધ-મુપયાતિ ન જીવલોકઃ ? ૧૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*ચિત્રં વિભો ! કથ-મવાઙ્મુખ-વૃન્તમેવ, વિષ્વક્ પતત્ય-વિરલા સુર-પુષ્પ-વૃષ્ટિઃ, ?*
ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા મુનીશ !, ગચ્છન્તિ નૂનમધ એવ હિ બન્ધનાનિ. ૨૦

સ્થાને ગભીર-હૃદયોદધિ-સંભવાયાઃ, પીયૂષતાં તવ ગિરઃ સમુદીરયન્તિ,
પીત્વા યતઃ પરમ-સંમદ-સઙ્ગભાજો, ભવ્યા વ્રજન્તિ તરસાપ્ય-જરામરત્વમ્. ૨૧

સ્વામિન્ ! સુદૂર-મવનમ્ય સમુત્પતન્તો, મન્યે વદન્તિ શુચયઃ સુર-ચામરૌઘાઃ,
યેઽસ્મૈ નતિં વિદધતે મુનિપુઙ્ગવાય, તે નૂન-મૂર્ધ્વગતયઃ ખલુ શુદ્ધભાવાઃ ૨૨

શ્યામં ગભીર-ગિર-મુજ્જ્વલ-હેમરત્ન, - સિંહાસન-સ્થમિહ ભવ્ય-શિખણ્ડિનસ્ત્વામ્,
આલોકયન્તિ રભસેન નદન્ત-મુચ્ચૈ, - શ્ચામીકરાદ્રિ-શિરસીવ નવામ્બુવાહમ્. ૨૩

ઉદ્ગચ્છતા તવ શિતિદ્યુતિ-મણ્ડલેન, લુપ્તચ્છદચ્છવિ-રશોકતરુ-ર્બભૂવ,
સાન્નિધ્યતોઽપિ યદિ વા તવ વીતરાગ !, નીરાગતાં વ્રજતિ કો ન સચેતનોઽપિ ? ૨૪

ભો ભોઃ પ્રમાદ-મવધૂય ભજધ્વ-મેન, - માગત્ય નિર્વૃતિ-પુરીં પ્રતિ સાર્થવાહમ્,
એતન્નિવેદયતિ દેવ ! જગત્ત્રયાય, મન્યે નદન્નભિનભઃ સુરદુન્દુભિસ્તે. ૨૫

ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ !, તારાન્વિતો વિધુરયં વિહતાધિકારઃ,
મુક્તા-કલાપ-કલિતોચ્છ્વસિતાતપત્ર, - વ્યાજાત્ત્રિધા ધૃતતનુ-ર્ધ્રુવ-મભ્યુપેતઃ. ૨૬

સ્વેન પ્રપૂરિત-જગત્ત્રય-પિણ્ડિતેન, કાન્તિ-પ્રતાપ-યશસામિવ સંચયેન,
માણિક્ય-હેમ-રજત-પ્રવિનિર્મિતેન, સાલ-ત્રયેણ ભગવન્નભિતો વિભાસિ. ૨૭

દિવ્યસ્રજો જિન ! નમત્ત્રિદશાધિપાના, - મુત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબન્ધાન્,
પાદૌ શ્રયન્તિ ભવતો યદિ વા પરત્ર, ત્વત્સઙ્ગમે સુમનસો ન રમન્ત એવ. ૨૮

ત્વં નાથ ! જન્મજલધે-ર્વિપરાઙ્મુખોઽપિ, યત્તારયસ્યસુમતો નિજ-પૃષ્ઠ લગ્નાન્,
યુક્તં હિ પાર્થિવ-નિપસ્ય સતસ્તવૈવ, ચિત્રં વિભો ! યદસિ કર્મ-વિપાક-શૂન્યઃ. ૨૯

વિશ્વેશ્વરોઽપિ જનપાલક ! દુર્ગતસ્ત્વં, કિં વાક્ષરપ્રકૃતિ-રપ્યલિપિસ્ત્વમીશ !
અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ, જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વ-વિકાસ-હેતુઃ. ૩૦

પ્રાગ્ભાર-સંભૃત-નભાંસિ રજાંસિ રોષા-દુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ,
છાયાપિ તૈસ્તવ ન નાથ ! હતા હતાશો, ગ્રસ્તસ્ત્વમીભિ-રયમેવ પરં દુરાત્મા. ૩૧

યદ્ ગર્જદૂર્જિત-ઘનૌઘ-મદભ્ર-ભીમં, ભ્રશ્યત્તડિન્મુસલ-માંસલ-ઘોર-ધારમ્,
દૈત્યેન મુક્ત-મથ દુસ્તર-વારિ દધ્રે, તેનૈવ તસ્ય જિન ! દુસ્તર-વારિ-કૃત્યમ્. ૩૨

ધ્વસ્તોર્ધ્વ-કેશ-વિકૃતા-કૃતિ-મર્ત્યમુણ્ડ, - પ્રાલમ્બભૃદ્ ભયદ-વક્ત્ર-વિનિર્યદગ્નિઃ
પ્રેતવ્રજઃ પ્રતિભવન્ત-મપીરિતો યઃ, સોઽસ્યાઽભવત્પ્રતિભવં ભવ-દુઃખહેતુઃ. ૩૩

ધન્યાસ્ત એવ ભુવનાધિપ ! યે ત્રિસન્ધ્યમારાધયન્તિ વિધિવદ્ વિધુતાઽન્યકૃત્યાઃ,
ભક્ત્યોલ્લસત્પુલક-પક્ષ્મલ-દેહદેશાઃ પાદદ્વયં તવ વિભો ! ભુવિ જન્મભાજઃ. ૩૪

અસ્મિન્નપાર-ભવ-વારિનિધૌ મુનીશ ! મન્યે ન મે શ્રવણગોચરતાં ગતોઽસિ,
આકર્ણિતે તુ તવ ગોત્ર-પવિત્ર-મન્ત્રે, કિં વા વિપદ્વિષધરી સવિધં સમેતિ ? ૩૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્માન્તરેડપિ તવ પાદયુગં ન દેવ !, મન્યે મયા મહિત-મીહિત-દાનદક્ષમ્,
તેનેહ જન્મનિ મુનીશ ! પરા-ભવાનાં, જાતો નિકેતન-મહં મથિતા-શયાનામ્. ૩૬

નૂનં ન મોહ-તિમિરા-વૃત-લોચનેન, પૂર્વં વિભો ! સકૃદપિ પ્રવિલોકિતોડસિ,
મર્માવિધો વિધુરયન્તિ હિ મા-મનર્થાઃ, પ્રોદ્યત્પ્રબન્ધ-ગતયઃ કથ-મન્યથૈતે. ? ૩૭

આકર્ણિતોડપિ મહિતોડપિ નિરીક્ષિતોડપિ, નૂનં ન ચેતસિ મયા વિધૃતોડસિ ભક્ત્યા,
જાતોડસ્મિ તેન જનબાન્ધવ ! દુઃખપાત્રં, યસ્માત્ ક્રિયાઃપ્રતિફલન્તિ ન ભાવશૂન્યાઃ ૩૮

ત્વં નાથ ! દુઃખિજન-વત્સલ ! હે શરણ્ય ! કારુણ્ય-પુણ્ય-વસતે ! વશિનાં વરેણ્ય !
ભક્ત્યા નતે મયિ મહેશ ! દયાં વિધાય, દુઃખાઙ્કુરોદ્દલન-તત્પરતાં વિધેહિ. ૩૯

નિઃસંખ્ય-સાર-શરણં શરણં શરણ્ય, - માસાદ્ય સાદિત-રિપુ-પ્રથિતા-ડવદાતમ્,
ત્વત્પાદ-પઙ્કજમપિ પ્રણિધાન-વન્ધ્યો, વધ્યોડસ્મિ ચેદ્ ભુવનપાવન ! હા હતોડસ્મિ. ૪૦

દેવેન્દ્રવન્દ્ય ! વિદિતા-ડખિલ-વસ્તુસાર !, સંસાર-તારક ! વિભો ! ભુવનાધિનાથ !,
ત્રાયસ્વદેવ ! કરુણા-હૃદ ! માં પુનીહિ, સીદન્ત-મદ્ય ભયદ-વ્યસનામ્બુરાશેઃ ૪૧

યદ્યસ્તિ નાથ ! ભવદઙ્ઘ્રિ-સરોરુહાણાં, ભક્તેઃ ફલં કિમપિ સન્તતિ-સંચિતાયાઃ,
તન્મે ત્વદેક-શરણસ્ય શરણ્ય ! ભૂયાઃ, સ્વામી ત્વમેવ ભુવનેડત્ર ભવાન્તરેડપિ. ૪૨

ઈત્થં સમાહિત-ધિયો વિધિવજ્જિનેન્દ્ર !, સાન્દ્રોલ્લસત્પુલક-કંચુકિતાઙ્ગ-ભાગાઃ,
ત્વદ્બિમ્બ-નિર્મલ-મુખામ્બુજ-બદ્ધલક્ષ્યાઃ, યે સંસ્તવં તવ વિભો ! રચયન્તિ ભવ્યાઃ. ૪૩

જનનયન-કુમુદચન્દ્ર ! - પ્રભાસ્વરાઃ, સ્વર્ગસમ્પદો ભુક્ત્વા,
તે વિગલિત- મલ- નિચયા, અચિરાન્મોક્ષં પ્રપદ્યન્તે. ૪૪ (યુગ્મમ્)

• • •



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તુતિઓ-દુહાઓ-ચૈત્યવંદનો-સ્તવનો-હાલરડું-થોયો-સજ્ઝાયો

### (૭૭) ભગવાનની આગળ બોલાતી સંસ્કૃત સ્તુતિઓ

જિનધર્મ વિનિર્મુક્તો મા ભૂવં ચક્રવર્ત્યપિ ।
સ્યાં ચેટોઽપિ દરિદ્રોઽપિ , જિનધર્માધિવાસિતઃ ॥૧॥

જિને ભક્તિ ર્જિને ભક્તિ ર્જિને ભક્તિ ર્દિને દિને ।
સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ ભવેભવે ॥૨॥

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્ ।
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્ ॥૩॥

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ ! ।
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય ।
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય ॥૪॥

યૈઃ શાન્તરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં ।
નિર્માપિત સ્ત્રિભુવનૈકલલામભૂત !
તાવન્ત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં ।
યત્તે સમાનમપરં ન હિ રુપમસ્તિ ॥૫॥

દેવેન્દ્રવંદ્ય ! વિદિતાખિલવસ્તુસાર !
સંસારતારક ! વિભો ! ભુવનાધિનાથ !
ત્રાયસ્વ દેવ ! કરુણાહ્રદ ! માં પુનીહિ !
સીદન્તમદ્ય ભયદઃ વ્યસનામ્બુરાશેઃ ॥૬॥

યદ્યસ્તિ નાથ ! ભવદંઘ્રિસરોરૂહાણાં ।
ભક્તેઃ ફલં કિમપિ સંતતિસંચિતાયાઃ ।
તન્મે ત્વદેકશરણસ્ય શરણ્ય ! ભૂયાઃ ।
સ્વામી ત્વમેવ ભુવનેઽત્ર ભવાન્તરેઽપિ ॥૭॥

અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા ।
અદ્ય મે સફલં ગાત્રં, જિનેન્દ્ર ! તવ દર્શનાત્ ॥૮॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શનાત્ દુરિતધ્વંસી, વંદનાત્ વાંછિતપ્રદઃ ।
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃસાક્ષાત્ સુરદ્રુમઃ ॥૯॥

પૂર્ણાનન્દમયં, મહોદયમયં, કૈવલ્ય ચિદ્દૃગ્મયં ।
રૂપાતીતમયં, સ્વરૂપરમણં, સ્વાભાવિકી શ્રીમયમ્ ।
જ્ઞાનોદ્યોતમયં, કૃપારસમયં, સ્યાદ્વાદવિદ્યાલયં ।
શ્રીસિદ્ધાચલ તીર્થરાજમનિશં, વન્દે યુગાદીશ્વરમ્ ॥૧૦॥

અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર ! ॥૧૧॥

પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે ।
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ તાનિ વંદે નિરંતરમ્ ॥૧૨॥

અદ્યાભવત્સફલતા નયનદ્વયસ્ય ।
દેવ ! ત્વદીયચરણામ્બુજ વીક્ષણેન ।
અદ્ય ત્રિલોકતિલક ! પ્રતિભાસતે મે ।
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણઃ ॥૧૩॥

નેત્રાનન્દકરી, ભવોદધિતરી, શ્રેયસ્તરોર્મંઝરી ।
શ્રીમદ્ધર્મ મહાનરેન્દ્રનગરી, વ્યાપલ્લતા ધૂમરી ।
હર્ષોત્કર્ષ શુભપ્રભાવલહરી, રાગદ્વિષાં જિત્વરી ।
મૂર્તિઃ શ્રી જિનપુંગવસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનામ્ ॥૧૪॥

કિં કર્પૂરમયં સુધારસમયં કિં ચંદ્રરોચિર્મયં ।
કિં લાવણ્યમયં મહામણિમયં કારુણ્યકેલિમયં ।
વિશ્વાનંદમયં મહામણિમયં શોભામયં ચિન્મયં
શુક્લાધ્યાનમયં વપુર્જિનપતેર્ભૂયાદ્ ભવાલમ્બનમ્ ॥૧૫॥

## ગુજરાતી સ્તુતિઓ

## તથાપિ બાલ તારો છું

પ્રભુ જેવો ગણો તેવો, તથાપિ બાલ તારો છું;
તારે મારા જેવા લાખો, પરંતુ એક મારે તું;
નથી શક્તિ નીરખવાની, નથી શક્તિ પરખવાની;
નથી તુજ ધ્યાનની લગની, તથાપિ બાલ તારો છું. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી તપ જપ મેં કીધા, નથી કંઈ દાન પણ દીધાં;
અધમ રસ્તા સદા લીધા, તથાપિ બાલ તારો છું;
અરિહંત દેવ હો પ્યારા, ગુન્હા કર માફ સૌ મારા;
ભૂલ્યો ઉપકાર હું તારા, તથાપિ બાલ તારો છું ! ૨

દયા કર દુઃખ સહુ કાપી, અભયને શાંતિ પદ આપી;
પ્રભુ હું છું પૂરો પાપી, તથાપિ બાલ તારો છું;
કૃપા કર હું મુંઝાઉં છું, સદા હૈયે રીબાઉં છું;
પ્રભુ તુજ ધ્યાન ઉર ચાહું, તથાપિ બાલ તારો છું ! ૩

## દયા સિંધુ ! દયા કરજે

દયા સિંધુ દયા સિંધુ, દયા કરજે દયા કરજે;
મને આ જંજીરોમાંથી, હવે જલ્દી છૂટો કરજે. ૧

નથી આ તાપ સહેવાતો, ભભૂકી કર્મની જવાળા;
વર્ષાવી પ્રેમની ધારા, હૃદયની આગ બુઝવજે. ૨

બધી શક્તિ વિરામી છે, તુંહી આશે ભ્રમણ કરતા;
પ્રભુતાના કટોરાથી, ભીતરની પ્યાસ છીપવજે. ૩

ઘવાયા મોહની સાથે, નયનથી આંસુડા સારે;
રૂઝાવી ઘા કલેજાના, મધુરી વાસના ભરજે. ૪

પુરાયો હંસ પિંજરમાં, ઊડીને ક્યાં હવે જાશે;
ભલે સારો અગર બૂરો, નિભાવ્યો તેમ નિભવજે. ૫

કરું પોકાર હું તારા, જપું છું રાતદિન પ્યારા;
વિનંતી ધ્યાનમાં લઈને, દુઃખી આ બાળ રીઝવજે. ૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૮)₁ શ્રી સિમંધર સ્વામીના ચૈત્યવંદનની પૂર્વે

(બોલાતા દુહાઓ)

**અનંત ચઉવીશી જિન નમું સિદ્ધ અનંતી ક્રોડ ।**

**કેવલધર મુગતે ગયા વંદું બે કર જોડ...(૧) ખમાસમણ૦**

અર્થ - અનંતી ચોવીશીના જિનેશ્વરોને નમન કરું છું, અનંત ક્રોડ સિદ્ધને નમન કરું છું અને જે કેવળજ્ઞાન ધારણ કરીને મુક્તિપદે ગયા તેમને બે હાથ જોડીને વંદન કરું છું.

**બે ક્રોડી કેવલધરા, વિહરમાન જિન વીશ ।**

**સહસકોડી યુગલ નમું સાધુ નમું નિશદિશ...(૨) ખમાસમણ**

અર્થ - બે ક્રોડ કેવળજ્ઞાનને ધારણ કરનારાઓને, વિચરતા વીશ જિનેશ્વરોને અને બે હજાર ક્રોડ સાધુ ભગવંતોને હંમેશાં નમસ્કાર કરું છું.

**જે ચારિત્રે નિર્મલા જે પંચાનન સિંહ ।**

**વિષય-કષાયનાગં જીયા તે પ્રણમું નિશદિન...(૩) ખમાસણ**

અર્થ - જે સાધુ ભગવંતો પાંચ મુખવાળા એવા સિંહની જેમ પરાક્રમી બનીને વિષય-કષાય રૂપ હાથીને જીતીને ચારિત્રમાં નિર્મળ છે, તેમને હંમેશાં નમસ્કાર કરું છું.

**રાંક તણી પરે રડવડ્યો નિર્ધનીયો નિરધાર**

**શ્રી સીમંધર સાહિબા, તુમ વિણ ઇણ સંસાર... (૪)***

અર્થ - હે શ્રી સીમંધરસ્વામી ! તમારા વિના આ સંસારમાં હું ગરીબની જેમ (ભિખારીની જેમ) છું અને નિર્ધન-ધન વગરનો નિરાધાર રખડ્યો છું.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી સીમંધરસ્વામી જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ઇચ્છં.

## (૭૮)₂ શ્રી શત્રુંજય મહાતીર્થના ચૈત્યવંદનની પૂર્વે બોલાતા

(દુહાઓ)

**સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર**

**મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર... (૧) ખમાસમણ**

અર્થ - મનુષ્ય જન્મને પામીને સોરઠ દેશની મધ્યમાં આવેલ શ્રી સિદ્ધાચલ તીર્થનું હું સદા સ્મરણ કરું છું અને હજાર વાર વંદન કરું છું.

---

* આ ચાર દુહામાંથી કોઈપણ ત્રણ બોલવા, એક એક દુહા પછી એક એક ખમાસમણ આપવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ**
**રીખવ કહે ભવ ક્રોડનાં, કર્મ ખપાવે તેહ... (૨) ખમાસમણ**

**અર્થ** - ઋષભદેવ કહે છે કે વ્યક્તિ શત્રુંજય તરફ એક એક ડગલું ભરે છે તે વ્યક્તિ કરોડો ભવનાં કર્મને ખપાવે છે.

**શત્રુંજય સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ**
**ગૌતમ સરખા ગુરુ નહિ, વળી વળી વંદું તેહ... (૩) ખમાસમણ**

**અર્થ** - જગતમાં શત્રુંજય જેવું તીરથ નથી ઋષભદેવ સમાન દેવ નથી, શ્રી ગૌતમસ્વામી જેવા ગુરુ નથી, માટે હું તેમને વારંવાર વંદન કરું છું.

**જગમાં તીરથ દો વડાં, શત્રુંજય ગિરનાર**
**એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર... (૪)***

**અર્થ** - જગતમાં બે તીર્થ મોટા છે - (૧) શત્રુંજય (૨) ગિરનાર. જેમાં એક પર્વત ઉપર શ્રી ઋષભદેવ પધાર્યા અને એક પર્વત ઉપર શ્રી નેમનાથ પધાર્યા.

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી શત્રુંજય મહાતીર્થ આરાધનાર્થ ચૈત્યવંદન કરું ? ઇચ્છં.**

## (૭૯)૧ શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો,
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧

સકલ ભક્ત તુમ ધણી, જો હોવે અમ નાથ,
ભવોભવ હું છું તાહરો, નહીં મેલું હવે સાથ. ૨

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું,
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩

એ અલજો મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ,
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪

કર જોડીને વિનવું, સામો રહી ઈશાન,
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન. ૫

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમાસમણ૦
જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.

---

* ગમે તે ત્રણ દુહા બોલી, એક એક દુહા પછી ખમાસમણ દેવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭૯)₂ શ્રી સિમંધર આદિ વીશ વિહરમાન જિન ચૈત્યવંદન

સીમંધર યુગમંધર પ્રભુ, બાહુ સુબાહુ ચાર;
જંબુદ્વીપના વિદેહમાં, વિચરે જગદાધાર ॥૧॥
સુજાત સાહેબ ને સ્વયંપ્રભુ ઋષભાનન ગુણમાલ;
અનંતવીર્ય ને સુરપ્રભુ, દશમાદેવ વિશાલ ॥૨॥
વજ્રાધર ચંદ્રાનન નમું, ધાતકીખંડ મોઝાર;
અષ્ટકર્મ નિવારવા, વંદુ વાર હજાર ॥૩॥
ચંદ્રબાહુ ભુંજગમપ્રભુ, નમિ ઈશ્વર વીરસેન;
મહાભદ્ર ને દેવયશા, અજિતવીર્ય નામેણ ॥૪॥
આઠે પુષ્કર અર્ધમાં, અષ્ટમીગતિ દાતાર;
વિજય અડ-નવ ચઉવીશમી, પણવીશમી નિસ્તાર ॥૫॥
જગનાયક જગદીશ્વર એ જગબંધવ હિતકાર;
વિહરમાનને વંદતા, જીવ લહે ભવપાર ॥૬॥

## (૮૦)₁ શ્રી શત્રુંજય મહાતીર્થના ચૈત્યવંદનો

### ચૈત્યવંદન (૧)

(૧)

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર દીઠો દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે. ॥૧॥
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય,
પૂર્વ નવ્વાણું ઋષભદેવ જ્યાં ઠવીયા પ્રભુ પાય. ॥૨॥
સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયા કુલમંડણો જિનવર કરું પ્રણામ ॥૩॥

## (૮૦)₂ શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

સોના રૂપાને ફૂલડે, સિદ્ધાચલને વધાવું;
ધ્યાન ધરી દાદા તણું, આનંદ મનમાં લાવું. ॥૧॥

પૂજા કરી પાવન થયો, અમ મન નિર્મળ દેહ;
રચના રચું શુભ ભાવથી, કરું કર્મનો છેહ. ॥૨॥

અભવિને દાદા વેગળા, ભવિને હૈડા હજુર;
તન મન ધ્યાન એક લગનથી, કીધા કર્મ ચકચૂર. ॥૩॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંકરે કાંકરે સિદ્ધ થયા, સિદ્ધ અનંતનું ધામ;
શાશ્વત ગિરિવર પૂજતાં, જીવ પામે વિશ્રામ. ॥૪॥
દાદા દાદા હું કરું, દાદા વસિયા દૂર;
દ્રવ્યથી દાદા વેગળા, ભાવતી હૈડાં હજૂર. ॥૫॥
દુઃષમ કાળે પૂજતાં, ઈન્દ્ર ધરી બહુ પ્યાર;
તે પ્રતિમાને વંદના, શ્વાસમાંહે સો વાર. ॥૬॥
સુવર્ણગુફામાં પૂજતાં, રત્નપ્રતિમા ઈન્દ્ર;
જ્યોતિમાં જ્યોતિ મીલે, પૂજો ભવિ સુખકંદ. ॥૭॥
રિદ્ધિ સિદ્ધિ ઘેર સંપજે, પહોંચે મનની આશ;
ત્રિકરણ શુદ્ધે પૂજતાં, જ્ઞાનવિમલ પ્રકાશ. ॥૮॥

## (૮૦)૩ શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

ઋષભની પ્રતિમા મણિમયી, ભરતેશ્વરે કીધી
તે પ્રતિમા છે ઈણગિરિ, એહ વાત પ્રસિદ્ધિ. ॥૧॥
દેખે દરિસણ કોઈ જાસ, માનવ ઈહ લોકે
ત્રીજે ભવ જે મુક્તિ યોગ્ય, નર તેહ વિલોકે. ॥૨॥
સ્વર્ણ ગુફા પશ્ચિમ દિશિએ, એ છે જાસ અહિઠાણ
દાન સુહંકર વિમલગિરિ, તે પ્રણમું હિત આણ. ॥૩॥

## (૮૧)૧ શ્રી આદિનાથજીનું ચૈત્યવંદન

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિધ્યાં સઘળાં કાજ નમો. અ૦ ॥૧॥
પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભુત અતિશયનિધિ, પ્રવચન જલધિમયંક નમો. અ૦ ॥૨॥
તિહુયણ ભવિયણ જણમન વંછિય, પૂરણદેવ રસાલ નમો;
લળી લળી પાય નમું હું ભાલે, કરજોડીને ત્રિકાલ નમો. અ૦ ॥૩॥
સિદ્ધ બુદ્ધ તું જગજન સજ્જન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહનિશસેવ નમો. અ૦ ॥૪॥
તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિ ને હિતવત્સલ, તુંહિ કૃપારસ સિંધુ નમો. અ૦ ॥૫॥
કેવલજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ॥૬॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જગચિંતામણિ જગગુરુ, જગહિત કારક જગજન નાથ નમો;
ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ।।૭।।
અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો;
બોધિ દિઓ અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમલ સૂરીશ નમો. અ૦ ।।૮।।

## (૮૧)₂ શ્રી આદિનાથજીનું ચૈત્યવંદન-૧

આદિદેવ અલવેસરું, વિનીતાનો રાય,
નાભિરાયા કુલમંડણો મરુદેવા માય. ૧

પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ,
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨

વૃષભ લંછન જિન વૃષ ધરુ એ, ઉત્તમ ગુણ મણિખાણ,
તસ પદ 'પદ્મ' સેવન થકી લહીએ અવિચલ ઠામ. ૩

## (૮૨) શ્રી પુંડરીક સ્વામીજીનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરિક જાસ, મહિમાએ મહંત. ।।૧।।

પંચ કોડ મુણિંદ સાથ, અણસણ જીહાં કીધ;
શુક્લધ્યાન ધ્યાતા અમૂલ, કેવલ ત્યાં લીધ. ।।૨।।

ચૈત્રી પૂનમને દિન એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ. ।।૩।।

## (૮૩) શ્રી રાયણ પગલાનું ચૈત્યવંદન

આદિ જિનેશ્વર રાયના, છે પગલાં મનોહાર;
ભાવ સહિત ભક્તિ કરે, પહોંચાડે ભવપાર ।।૧।।

રાયણ રુખ તળે બિરાજી, દીએ જગને સંદેશ;
ભવિયણ ભાવે જુહારીએ, દૂર કરે સંક્લેશ ।।૨।।

પગલે પડીને વિનવું, પૂરજો મારી આશ;
જ્ઞાન તણી વિનતી સુણો, દેજો શિવપદ વાસ. ।।૩।।

---

૧. રુખ-વૃક્ષ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૮૪) શ્રી ઘેટી પગલાનું ચૈત્યવંદન

સર્વ તીર્થ શિરોમણિ, શત્રુંજય સુખકાર;
ઘેટી પગલાં પૂજતાં, સફળ થાય અવતાર ॥૧॥
પૂર્વ નવાણું પધારીયા, જિહાં શ્રી અરિહંત;
તે પગલાંને વંદીએ, આણી મન અતિ ખંત ॥૨॥
ચોવિહારો છઠ્ઠ કરી, ઘેટી પગલે જાય;
ધર્મરત્ન પસાયથી, મનવાંછિત ફળ થાય ॥૩॥

## (૮૫) શ્રી પંચતીર્થનું ચૈત્યવંદન

સુખદાયી શ્રી આદિનાથ, અષ્ટાપદ વંદો;
ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય, મુખ પૂનમ ચંદો ॥૧॥
ગિરનારે શ્રી નેમિનાથ, સુખ સુરતરુ કંદો;
સમેતશિખરે શ્રી પાર્શ્વનાથ, પૂજી આણંદો ॥૨॥
અપાપા નયરી વીરજી એ, કલ્યાણક શુભ ઠામ;
રૂપવિજય કહે સાહિબા, એ પાંચે આતમરામ ॥૩॥

## (૮૬) શ્રી ધર્મનાથ ભગવાનનું ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ॥૧॥
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પીસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીસ. ॥૨॥
ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તેણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરું નિરધાર. ॥૩॥

## (૮૭) શ્રી શાંતિનાથજીનું ચૈત્યવંદન-૨

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો,
વિશ્વસેન કુળ નભોમણિ, ભવિજન સુખ કંદો. ૧

મૃગ લંછન જિન આઉખુ, લાખ વરસ પ્રમાણ,
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિખાણ. ૨

ચાલીશ ધનુષની દેહડી, સમચોરસ સંઠાણ,
વદન 'પદ્મ' જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૮૮) શ્રી નેમનાથજીનું ચૈત્યવંદન

નેમનાથ બાવીશમા, શિવાદેવી માય,
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય... ૧
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર,
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર... ૨
શૌરીપુરી, નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન,
જિન ઉત્તમ પદ 'પદ્મ'ને નમતાં અવિચલ ધામ... ૩

## (૮૯)૧ શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચૈત્યવંદનો

સકલ ભવિજન ચમત્કારી, ભારી મહીમા જેહનો;
નિખિલ આતમરમા રાજિત, નામ જપીયે તેહનો,
દુષ્ટ કર્માષ્ટક ગંજરી જે, ભવિક જન મન સુખકરો;
નિત્ય જાપ જપીયે પાપ ખપીયે, સ્વામી નામ શંખેશ્વરો. ॥૧॥
બહુ પુન્ય રાશિ દેશ કાશિ, તત્થ નયરી વાણારસી;
અશ્વસેન રાજા રાણી વામા, રૂપે રતિ તનુ સારિખી;
તસ કૂખે સુપન ચૌદ સૂચિત, સ્વર્ગથી પ્રભુ અવતર્યો, નિત્ય૦ ॥૨॥
પોષ માસે કૃષ્ણ પક્ષે, દશમી દિને પ્રભુ જનમીયા;
સુરકુમરી સુરપતિ ભક્તિ ભાવે, મેરૂ શૃંગે સ્નાપિયા;
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે, જન્મ મહોત્સવ અતિ કર્યો. નિત્ય૦ ॥૩॥
ત્રણ લોક તરૂણી મન પ્રમોદી, તરૂણ વય જબ આવીયા;
તવ માત તાતે પ્રસન્ન ચિત્તે, ભામિની પરણાવિયા;
કમઠ શઠ કૃત અગ્નિ કુંડે, નાગ બળતો ઉદ્ધર્યો. નિત્ય૦ ॥૪॥
પોષ વદી એકાદશી દિને, પ્રવ્રજ્યા જિન આદરે;
સુર અસુર રાજા ભક્તિ સાજા સેવના ઝાઝી કરે;
કાઉસ્સગ્ગ કરતાં દેખી કમઠે, કીધો પરિસહ આકરો. નિત્ય૦ ॥૫॥
તવ ધ્યાન ધારા રૂઢ જિનપતિ, મેઘ ધારે નવિ ચલ્યો;
ચલિત આસન ધરણ આયો, કમઠ પરિસહ અટકળ્યો;
દેવાધિદેવની કરે સેવા, કમઠને કાઢી પરો. નિત્ય૦ ॥૬॥
ક્રમે પામી કેવળજ્ઞાન કમલા, સંઘ ચતુર્વિધ સ્થાપીને;
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે, માસ અણસણ પાળીને;
શિવરમણી રંગ રમે રસિયો, ભવિક તસ સેવા કરો. નિત્ય૦ ॥૭॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂત પ્રેત પિશાચ વ્યંતર, જલણ જલોદર ભય ટળે;
રાજ રાણી રમા પામે, ભક્તિ ભાવે જો મળે;
કલ્પતરૂથી અધિકદાતા, જગત ત્રાતા જય કરો. નિત્ય૦ ॥૮॥
જરા જર્જરી ભૂત યાદવ, સૈન્ય રોગ નિવારતા;
વઢીયાર દેશે નિત્ય બીરાજે, ભવિક જીવને તારતા;
એ પ્રભુ તણા પદ પદ્મ સેવા, રૂપ કહે પ્રભુતા વરો. નિત્ય૦ ॥૯॥

## (૮૯)૨ શ્રી શંખેશ્વર પાર્શ્વજિન ચૈત્યવંદન

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ-ચિન્તામણિયતે;
હ્રીં ધરણેન્દ્ર વૈરુટ્યા, પદ્માદેવી-યુતાય તે. ॥૧॥
શાન્તિ-તુષ્ટિ-મહા-પુષ્ટિ-ધૃતિ-કીર્તિ-વિધાયિને;
ૐ હ્રીં દ્વિડ-વ્યાલ વૈતાલ-સર્વાધિ-વ્યાધિ નાશિને. ॥૨॥
જયાજિતાખ્યા વિજયાખ્યા પરાજિતયાન્વિતઃ
દિશાં પાલૈર્ગ્રહૈર્યક્ષૈ-ર્વિદ્યાદેવીભિરન્વિતઃ ॥૩॥
ૐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોક્યનાથતામ્;
ચતુઃષષ્ટિ-સુરેન્દ્રાસ્તે, ભાસન્તો છત્ર-ચામરૈઃ ॥૪॥
શ્રી શંખેશ્વરમંડન ! પાર્શ્વજિન ! પ્રણત-કલ્પતરુકલ્પ !
ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાંછિતં નાથ ! ॥૫॥

## (૮૯)૩ શ્રી શંખેશ્વર પાર્શ્વજિન ચૈત્યવંદન

સેવો પાર્શ્વ શંખેશ્વરો મન શુદ્ધે નમો નાથ મિશ્રે કરી એક બુદ્ધે,
દેવી દેવલા અન્યને શું નમો છો? અહો ભવ્યલોકો ભૂલા કાં ભમો છો? ॥૧॥

ત્રિલોકના નાથને શું તજો છો ? પડ્યા પાસમાં ભૂતને કાં ભજો છો ?
સુરધેનુ છંડી અજાશું અજો છો ? મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો ॥૨॥

તજે કોણ ચિંતામણિ કાચ માટે ? ગ્રહે કોણ રાસભને હસ્તિ સાટે ?
સુરદ્રુમ ઉખાડી કોણ આક વાવે ? મહામૂઢ તે આકુલા અંત પાવે. ॥૩॥

કીહાં કાંકરો ને કીહાં મેરૂશૃંગ ? કીહાં કેશરી ને કીહાં તે કુરંગ; ?
કીહાં વિશ્વનાથ કીહાં અન્ય દેવા, ? કરો એક ચિત્તે પ્રભુ પાર્શ્વ સેવા. ॥૪॥

પૂજો દેવ પ્રભાવતી પ્રાણનાથ, સહુ જીવને જે કરે છે સનાથ;
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેના દુઃખ દારિદ્ર દૂરે પલાવે. ॥૫॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામી મનુષ્યત્વને વૃથા કાં ગમો છો ? કુશીલે કરી દેહને કાં દમો છો ?
નહિ મુક્તિવાસ વિના વીતરાગ, ભજો ભગવંત તજો દષ્ટિરાગ. ।।૬।।

ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયા ભાવ કીજે પ્રભુ દાસ જાણી;
આજ માહરે મોતીડે મેહ વુઠ્યા, પ્રભુ પાર્શ્વશંખેશ્વરો આપ તુઠ્યા. ।।૭।।

## (૮૯)૪ શ્રી પાર્શ્વનાથજીનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, તોડે ભવ પાશ,
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ... ૧

અશ્વસેન સુત સુખકરું, નવ હાથની કાય,
કાશી દેશ વાણારસી, પુણ્યે પ્રભુ આય... ૨

એકસો વરસનું આઉખું, એ પાળી પાર્શ્વકુમાર,
'પદ્મ' કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર... ૩

## (૯૦) શ્રી મહાવીરસ્વામીજીનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો,
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો... ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય,
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય... ૨

ખીમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યો, 'પદ્મ' વિજય વિખ્યાત... ૩

## (૯૧) શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

શ્યામલ વાન સોહામણા, શ્રી નેમિ જિનેશ્વર;
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર. ।।૧।।

પંચમી તપ આરાધતાં, લહે પંચમ નાણ;
પાંચ વરસ પંચ માસનો, એ છે તપ પરિમાણ. ।।૨।।

જિમ વરદત્ત ગુણમંજરીએ, આરાધ્યો તપ એહ;
'જ્ઞાનવિમલ' ગુરુ એમ કહે, ધનધન જગમાં તેહ. ।।૩।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૯૨) શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન

મહા સુદિ આઠમ દિને, વિજયાસુત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો. ॥૧॥
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભજિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ॥૨॥
માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ॥૩॥
એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિજિણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઇંદ્ર ॥૪॥
જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમ અષાઢ સુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી. ॥૫॥
શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિર્વાણ. ॥૬॥
ભાદરવા વદી આઠમ દિને, ચવિયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ॥૭॥

## (૯૩) શ્રી એકાદશીનું ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો. ॥૧॥
માધવ સિત એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ;
ઇન્દ્રભૂતિ આદે મળ્યા, એકાદશ વિજ્ઞ. ॥૨॥
એકાદશસેં ચઉ ગુણો, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ॥૩॥
જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદિયે, જિનશાસન જયકાર. ॥૪॥
મલ્લિ જન્મ અર-મલ્લિ-પાસ, વ્રત ચરણ વિલાસી;
ઋષભ-અજિત-સુમતિ-નમી, મલ્લિ ઘનઘાતી વિનાશી. ॥૫॥
પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ॥૬॥
દશ ક્ષેત્રે ત્રિહું કાળના, ત્રણસેં કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વરનાણ. ॥૭॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગિયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણી, મશી કાગળ ને કાઠાં. ॥૮॥
અગિયાર અવ્રત છંડવાએ, વહો પડિમા અગિયાર;
ક્ષમાવિજય જિનશાસનને, સફળ કરો અવતાર. ॥૯॥

## (૯૪) શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર થિર રહે, એહીજ અર્થ ઉદાર. ॥૧॥
અષાઢ સુદી ચઉદશ થકી, સંવત્સરી પચ્ચાસ;
મુનિવર દિન સિત્તેરમેં, પડિક્કમતાં ચૌમાસ. ॥૨॥
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુનાં બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એકતાન. ॥૩॥
જિનવર ચૈત્ય જુહારીયે, ગુરુભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાળ. ॥૪॥
દર્પણથી નિજ રૂપનો, જુવે સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અંર્પણે, જ્ઞાન રમણ મુનિ ભૂપ. ॥૫॥
આતમ સ્વરૂપ વિલોકતાંએ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ॥૬॥
નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિને વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ॥૭॥
એ નહીં પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવ ભીરુ મુનિ માનશે, ભાખ્યું અરિહાનાથે. ॥૮॥
શ્રુતકેવલી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જયજયકાર. ॥૯॥

## (૯૫) સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે ॥૧॥
રૂપાતીત સ્વભાવ જે, કેવળદંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે ॥૨॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;
પંચપ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે ।।૩।।
તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે ।।૪।।
અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે. ।।૫।।
શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે. ।।૬।।
જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. ।।૭।।
જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે. ।।૮।।
ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે;
તપ તે એહિ જ આતમા, વરતે નિજગુણ ભોગે રે. ।।૯।।
ઈય નવપય સિદ્ધં, લદ્ધિ વિજ્જા સમિદ્ધં;
પયડીય સરવગ્ગં હ્રીઁ તિરેહા સમગ્ગં;
દિસિવઈ સુરસારં, ખોણી પીઢાવયારં;
તિજય વિજય ચક્કં, સિદ્ધ ચક્કં નમામિ.

## (૯૬)૧ સામાન્ય જિન ચૈત્યવંદન

જગન્નાથને તે નમું હાથ જોડી, કરું વિનતિ ભક્તિશું માન મોડી;
કૃપાનાથ સંસારકુ પાર તારો, લહ્યો પુન્યથી આજ દેદાર તારો. ।।૧।।
સોહિલા મળે રાજ્યદેવાદિભોગો, પરમદોહિલો એક તુજ ભક્તિ જોગો;
ઘણા કાલથી તું લહ્યો સ્વામિ મીઠો, પ્રભુ પારગામી સહુ દુઃખ નીઠો. ।।૨।।
ચિદાનંદ રૂપી પરબ્રહ્મ લીલા, વિલાસી વિભો ત્યક્ત કામાગ્નિકિલા;
ગુણાધાર જોગીશ નેતા અમાયી, જય ત્વં વિભો ! ભૂતલે સુખદાયી. ।।૩।।
ન દીઠી જેણે તાહરી યોગ મુદ્રા પડ્યા રાત દિને મહામોહ નિદ્રા;
કિસી તાસ હોસે ગતિ જ્ઞાનસિંધો, ભ્રમંતા ભવે હે જગજ્જીવ બંધો. ।।૪।।
સુધાસ્યંદીની દર્શન નિત્ય દેખે, ગણું તેહનો હે વિભો જન્મ લેખે;
ત્વદાજ્ઞા વશે જે રહ્યા વિશ્વમાંહે, કરે કર્મની હાણ ક્ષણ એકમાંહે. ।।૫।।
જિનેશાય નિત્યં પ્રભાતે નમસ્તે, ભવિ ધ્યાન હોજો હૃદયં સમસ્તે;
સ્તવિ દેવના દેવને હર્ષ પૂરે, મુખાંભોજ ભાલી ભજે હેજ ઉરે. ।।૬।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે દેશના સ્વામી વૈરાગ્ય કેરી, સુણે પર્ષદા બાર બેઠી ભલેરી;
સુધાંભોદધારા સમીતાપ ટાળે, બેહુ બાંધવા સાંભળે એક ઢાળે ॥૭॥

લહે મોક્ષના સુખ લીલા અનંતી, વરક્ષાયિક જ્ઞાન ભાવે લહંતી;
ચિદાનંદ ચિત્તે ધરે ધ્યેય જાણી, કહે રામ નિત્યે જપો જિનવાણી. ॥૮॥

## (૯૬)૨ સામાન્ય જિન ચૈત્યવંદન

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરું પ્રણામ. ॥૧॥

શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ રિખવ જુહાર. ॥૨॥

અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશે જોય;
મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ॥૩॥

સમેતશિખર તીરથુ વડું, જિહાં વીસે જિન પાય;
વૈભારગિરિવર ઉપરે, શ્રી વીર જિનેસર રાય. ॥૪॥

માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ ॥૫॥

## (૯૬)૩ સામાન્ય જિન ચૈત્યવંદન

જિનવર બિંબને પૂજતા હોય શતગણુ પુણ્ય
સહસગણુ પુણ્ય ચંદને જે લેપે તે ધન્ય ॥૧॥

લાખગણું ફલ કુસુમની માળા પહેરાવે;
અનંતગણું ફલ તેહથી ગીત ગાન કરાવે ॥૨॥

તીર્થંકરપદવી લહે, જિનપૂજાથી જીવ;
પ્રીતિ ભક્તિ પણે કરી સ્થિરતાપણું અતીવ ॥૩॥

જિનપડિમા જિન સારિખી, સિદ્ધાંતે ભાખી;
નિક્ષેપા સહુ સારીખા, થાપના તિમ દાખી ॥૪॥

ત્રણ કાળ ત્રિભુવનમાં કરે તે પૂજન જેહ;
દરિસન કેરૂં બીજ છે, એમાં નહિ સંદેહ ॥૫॥

જ્ઞાનવિમલ પ્રભુ એહને, હોય સદા સુપ્રસન્ન;
એહી જ જીવીત ફળ જાણે તે, તેહી જ ભવિજન ધન્ય ॥૬॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૯૭) શ્રી વીશસ્થાનકનું ચૈત્યવંદન

પહેલે પદ [૧]અરિહંત નમું, બીજે સર્વ[૨] સિદ્ધ;
ત્રીજે [૩]પ્રવચન મન ધરો, [૪]આચારજ સિદ્ધ. ॥૧॥
નમો [૫]થેરાણં પાંચમે, [૬]પાઠક પદ છઠ્ઠે;
નમો લોએ સવ્વ [૭]સાહૂણં, જે છે ગુણ ગરિઠ્ઠે. ॥૨॥
નમો [૮]નાણસ્સ આઠમે, [૯]દર્શન મન ભાવો;
[૧૦]વિનય કરો ગુણવંતનો, [૧૧]ચારિત્ર પદ ધ્યાવો. ॥૩॥
નમો [૧૨]બંભવયધારીણં, તેરમે[૧૩] ક્રિયા જાણ;
નમો[૧૪] તવસ્સ ચૌદમે, [૧૫]ગોયમા નમો [૧૬]જિણાણં. ॥૪॥
[૧૭]સંયમ [૧૮]જ્ઞાન [૧૯]સુઅસ્સનેએ, નમો [૨૦]તીત્થસ્સ જાણી;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણી. ॥૫॥

## (૯૮) ચોત્રીશ અતિશય વર્ણન ગર્ભિત ચૈત્યવંદન

અદ્ભુત અતિશય જેહને, હોયે જન્મથી ચાર;
રોગ સ્વેદ મલ રહિત [૧]દેહ, હોય રૂપ ઉદાર. ॥૧॥
સવિ શુભ પરિમલથી અધિક, જાસ [૨]સાસ ઉસાસ;
[૩]રૂધિર માંસ ઉજ્વલ અનિંદ્ય, ગોક્ષીર સમ ભાસ. ॥૨॥
[૪]ચર્મચક્ષુ ગોચર નહિએ, આહારને નિહાર;
જ્ઞાનવિમલ પ્રભુ જિનતણા, જન્મ સંઘાતે ચાર. ॥૩॥
ભગવદલંકૃત ક્ષેત્રમાં, [૫]સુરનર રહે હરસી;
[૬]વાણી યોજન ગામિની, સવિ[૭] ભાષા સરસી. ॥૪॥
[૮]ભામંડલ પૂંઠે રહે, ચઉદિશિ અહે ઉટ્ઠ;
પણવીસ જોજન લગે નહિ, [૯]રૂજા [૧૦]વૈર અનિઠ્ઠ. ॥૫॥
ઈતિ [૧૧]મારી [૧૨]દુર્ભિક્ષ-નહિએ, [૧૩]સ્વપરચક્ર [૧૪]અતિવૃષ્ટિ;
[૧૫]અનાવૃષ્ટિ એકાદશી, ઘાતિકર્મ ક્ષયની વૃષ્ટિ. ॥૬॥
[૧૬]ધર્મચક્ર [૧૭]ચામર [૧૮]ધ્વજા, [૧૯]સિંહાસન [૨૦]છત્ર;
[૨૧]ત્રિગડે [૨૨]ચૌમુખ સોહીયે, [૨૩]સુવર્ણ નવકમલ પવિત્ર. ॥૭॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૪]ચૈત્યતરૂ [૨૫]સવિ તરૂ નમે, [૨૬]કંટક અધોવદને;
[૨૭]રોમ કેશ વાધે નહિ, [૨૮]અનુકૂલતા પવને. ॥૮॥
[૨૯]પ્રદક્ષિણા પંખી દિયે અતિહિ[30] દુન્દુભિ નાદ;
[૩૧]સુરભિગંધ જલવૃષ્ટિશું, [૩૨]પંચવર્ણ કુસુમ પાદ ॥૯॥
[33]ચઉવિહ દેવનિકાય કોડી, સેવે જશ પાય;
[34]ષડ્ઋતુ અનુકૂળ હુએ, સમકાલ નિવાય ॥૧૦॥
ઇન્દ્રિય અર્થ અનુકૂળતા, દુઃખ શીલ ન ભાસે;
સુરકૃત ઓગણીશ સહુએ, ચઉતીસ મીલી ખાસે ॥૧૧॥
જ્ઞાનવિમલ ગુણથી લહેએ, અતિશય ગુણ નહિ પાર;
ધ્યાન ધરું તે પ્રભુતણું, તે મુજ પ્રાણ આધાર ॥૧૨॥

## (૯૯) શ્રી દેરાસર જવાના ફલ વિશે ચૈત્યવંદન

પ્રણમું શ્રી જિનરાજ આજ, જિન મંદિર કેરો;
પુન્ય ભણી કરીશું સફલ, જિન વચન ભલેરો. ॥૧॥
દહેરે જાવા મન કરે, ચોથ તણું ફલ પાવે;
જિનવર જુહારવા ઊઠતાં, છઠ્ઠ પોતે આવે. ॥૨॥
જાવા માંડ્યુ જેટલે, અઠ્ઠમતણાં, ફલ જોય;
ડગલું ભરતા જિન ભણી, દશમ તણો ફલ હોય. ॥૩॥
જાઈસ્યું જિનવર ભણી, મારગ ચાલંતા;
હોવે દ્વાદશ તણું, પુન્ય ભક્તિ માલંતા. ॥૪॥
અર્ધ પંથ જિનવર ભણી, પનરે ઉપવાસ;
દીઠું સ્વામી તણું ભુવન, લહિએ એક માસ. ॥૫॥
જિનવર પાસે આવતાં એ, છ માસી ફલ સિદ્ધ;
આવ્યા જિનવર બારણે, વર્ષીતપ ફળ લીધ્ધ. ॥૬॥
સો વરસ ઉપવાસ પુન્ય, પ્રદક્ષિણા દેતા;
સહસ વરસ ઉપવાસ પુન્ય, જિન નજરે જોતા. ॥૭॥
ભાવે જિનહર જુહારિએ, ફલ હોવે અનંત;
તેહથી લહીએ સો ગુણો, જો પૂજો ભગવંત. ॥૮॥
ફલ ગણો ફૂલની માલનો, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ, કેરો ફલ ભણતાં. ॥૯॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિન પૂજી પૂજા કરે એ, સૂર ધુપ તણું ધુપ;
અક્ષત સાર તે અક્ષય સુખ, દીપે તનુ રૂપ. ||૧૦||

નિર્મલ તનમન કરીએ, થુણંતા ઈમ જગીશ;
નાટક ભાવનાં ભાવતાં પામે પદવી જગીશ. ||૧૧||

જિનવર ભક્તિ વલિ એ, પુન્યે પ્રકાશી;
સુણી શ્રી ગુરુ વચણસાર, પુરવ ઋષિએ ભાખી. ||૧૨||

ટાલવા આઠ કર્મને, જિન મંદિર જાસ્યું;
ભેટી ચરણ ભગવંતના, હવે નિર્મલ થાસ્યું. ||૧૩||

કીર્તિવિજય ઉવજ્ઝાયનો એ, વિનય કહે કર જોડ;
સફલ હોજો મુજ વિનંતી, પ્રભુ સેવાના કોડ. ||૧૪||

## (૧૦૦)[૧] શ્રી સીમંધર સ્વામિનું સ્તવન

કોટ કોટારો કેવડો હો સાહેબ, ઝરમરીયા પાંનારી ખજુર મોરા રાજ,
સીમધર સ્વામીરી ઓળું ઘણી આવે હો રાજ
જયવંતા બાબારી ઓળું ઘણી આવે હો રાજ... ૧
ઓળુડી તો મહાવિદેહ ક્ષેત્રમાં હો સાહિબ
ઓર પુંડરીકગિણિમાં હો મોરા રાજ સીમંધર૦ જયવંતા૦ ૨
તુમે તો વસિયા મહાવિદેહ ક્ષેત્રમાં હો સાહિબ
હુંતો વસિયો ભરત ક્ષેત્રમાં હો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૩
કાગળ કીણ સાથે મોકલું હો સાહિબ
વાટલડી ન ચાલે રે વિશેષો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૪
પાખ હોવે તો ઊડી મળું હો સાહેબ
દાખું દાખું મનડા કેરી વાતો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૫
ઘાટી ડુગર આડા અતિઘણા હો સાહેબ
નદી નાળોરો નહિ પારો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૬
રાણી ઋૃકમણી નાહલા હો સાહેબ
થેં તો મોરા જીવન રા આધારો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૭

---

✳ આ ખીધતક છંદ છે. એને વંશપત્રપતિત પણ કહે છે.



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

જિમ જિમ તુમ ગુણ સાંભળું હો સાહેબ
તિમ તિમ ધ્યાવું દિનને રાતો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૮
શું શું કહીને દાખવું હો સાહેબ
તુમે તો સકલરા જાણો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૯
મુજરો મોનો સવિ તણો હો સાહેબ
સત્ય કી નંદન દેવો મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૧૦
માનવિજય કહે મુજ ભણોજી હો સાહેબ
દેજો દેજો તુમ પાય સેવું મોરા રાજ. સીમંધર૦ જયવંતા૦ ૧૧

## (૧૦૦)૨ શ્રી સીમંધર જિન સ્તવન

શ્રી સીમંધર સાહિબા હું કેમ આવું તુમ પાસ
તુમ વચ્ચે અંતર ઘણું, મને મળવાની ઘણી હોંશ
હું તો ભરતને છેડે....૧
હું તો ભરતને છેડલે કાંઈ, પ્રભુજી વિદેહ મોઝાર,
ડુંગર વચ્ચે દરિયા ઘણાં કાંઈ, કોશ તો કેઈ હજાર... હું૦ ૨
પ્રભુ દેતા હશે દેશના, કાંઈ સાંભળે ત્યાંના લોક,
ધન્ય તે ગામ નગર પૂરી જયાં વસે છે પુણ્યવંત લોક
હું તો ભરતને છેડે... ૩
ધન્ય તે શ્રાવક શ્રાવિકા, જે નીરખે તુમ મુખચંદ
પણ એ મનોરથ અમતણા, ક્યારે ફળશે ભાગ્યઅમંદ
હું તો ભરતને છેડે... ૪
વર્તારો વર્તી જુઓ કાંઈ, જોશીએ માંડ્યા લગન
કયારે સીમંધર ભેટશું મને લાગી એહ લગન....૫
પણ કોઈ જોશી નહી એવો, જે ભાંજે મનની ભ્રાંત
પણ અનુભવ મિત્ર કૃપા કરે, તુમ મળવો તિણે એકાંત... હું૦ ૬
વીતરાગ ભાવે સહી તમે, વર્તો છો જગનાથ.
મેં જાણ્યું તુમ કેણથી રે, થયો સ્વામી હું સનાથ... હું૦ ૭
પુષ્કલાવતી વિજય વસો કાંઈ, નયરી પુંડરીગિણી સાર,
સત્યકી નંદન વંદના, અવધારો ગુણધામ... હું૦ ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શ્રેયાંસનૃપકુલચંદલો રૂકમીણી રાણીનો કંત,
વાચક 'રામવિજય' કહે, તુમ ધ્યાને હોજો મુજ ચિત.
હું તો ભરતને છેડે... હું૦ ૯

## (૧૦૦)૩ શ્રી સીમંધર જિન સ્તવન

સીમંધર તેડા મોકલે
તુમે મહાવિદેહ ક્ષેત્રે જઈ, કહેજો ચાંદલિયા (૨)
સીમંધર તેડા મોકલે
તુમે ભરત ક્ષેત્રના દુઃખ, કહેજો ચાંદલિયા (૨)
સીમંધર તેડા મોકલે... તુમે૦ ૧

અજ્ઞાનતા અહીં છવાઈ ગઈ છે, તત્ત્વોની વાતો બધી ભૂલાઈ ગઈ છે,
એવા આત્માના દુઃખ મારા, કહેજો ચાંદલિયા (૨)
સીમંધર તેડા મોકલે... તુમે૦ ૨

પુદ્‌ગલના મોહમાં ફસાઈ ગયો છું, કર્મોની જાળમાં જકડાઈ ગયો છું,
એવા કર્મોના દુઃખ મારા, કહેજો ચાંદલિયા (૨)
સીમંધર તેડા મોકલે... તુમે૦ ૩

મારું નહોતું તેને મારું કરી માન્યું, મારું હતું એને નહિ રે પિછાન્યું,
એવા મૂર્ખતાના દુઃખ મારા, કહેજો ચાંદલિયા (૨)
સીમંધર તેડા મોકલે... તુમે૦ ૪

સીમંધર સીમંધર હૃદયે ધરતો, પ્રત્યક્ષ દરિશનની આશા હું કરતો,
એવા વિયોગના દુઃખ મારા, કહેજો ચાંદલિયા (૨)
સીમંધર તેડા મોકલે... તુમે૦ ૫

સંસારી સુખ મને કારમું જ લાગે, તુમ વિણ વાત કહું કોની આગે,
એવા અમૃતના દુઃખ, મારા કહેજો ચાંદલિયા (૨)
સીમંધર તેડા મોકલે... તુમે૦ ૬

કોઈ પણ એક સ્તવન કહી પછી જય વીયરાય સૂત્ર કહી ઊભા થઈ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોડર્હત્૦ કહી સ્તુતિ કહી ખમાસમણ દેવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦૦)૪ શ્રી સીમંધર જિન સ્તવન

સ્વામી સીમંધરા ! વિનતિ, સાંભળો માહરી દેવ ! રે;
તાહરી આણ હું શિર ધરું, આદરું તાહરી સેવ રે;
સ્વામી સીમંધરા ! વિનતિ. સ્વા૦ ૧
કુગુરુની વાસના પાસમાં, હરિણ પરે જે પડ્યા લોક રે;
તેહને શરણ તુજ વિણ નહીં, ટળવળે બાપડા ફોક રે. સ્વા૦ ૨
જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે;
લુંટિયા તેણે જગ દેખતાં, કિહાં કરે લોક પોકાર રે. સ્વા૦ ૩
જેહ નવિ ભવતર્યા નિરગુણી, તારશે કેણી પરે તેહ રે ?
ઈમ અજાણ્યા પડે ફંદમાં, પાપબંધે રહ્યા જેહ રે. સ્વા૦ ૪
કામકુંભાદિક અધિકનું ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે, શું થયું એહ જગ શૂલ રે. સ્વા૦ ૫
અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે;
પરમ પદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથરે ? સ્વા૦ ૬
વિષયરસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરુ મદપુર રે;
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે. સ્વા૦ ૭
કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે;
જિનવચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલ રે. સ્વા૦ ૮
કેઈ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મત કંદ રે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે. સ્વા૦ ૯
બહુ મુખે બોલ એમ સાંભળી, નવિ ધરે લોક વિશ્વાસ રે;
ઢુંઢતા ધર્મને તે થયા, ભ્રમર જિમ કમલની વાસ રે. સ્વા૦ ૧૦

## (૧૦૦)૫ વીશ વિહરમાન તીર્થંકરનું સ્તવ

સીમંધર, યુગમંધર બાહુ, ચોથા સ્વામી સુબાહુ;
જંબૂદ્વીપ વિદેહે વિચરે, કેવલ કમલા નાહો; રે ભવિકા !
વિહરમાન જિન વંદો, આતમ પાપ નિકંદો રે. ભવિકા૦ ૧
સુજાત, સ્વયંપ્રભ, ઋષભાનન, અનંતવીરય ચિત્ત ધરિયે;
સુરપ્રભ, સુવિશાળ, વજ્રંધર, ચંદ્રાનન ધાતકીયે રે. ભવિકા૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્રબાહુ, ભુજંગ ને ઈશ્વર, નેમિનાથ, વીરસેન;
દેવજશા, ચંદ્રજશા, અજિતવીર્ય, પુક્ખરદ્વીપ પ્રસન્ન રે. ભવિકા૦ ૩
આઠમી-નવમી-ચોવીશ-પચવીશમી, વિદેહ વિજય જયવંતા;
દશલાખ કેવળી સો ક્રોડ સાધુ, પરિવારે ગહગહંતા રે. ભવિકા૦ ૪
ધનુષ પાંચસે ઊંચી સોહે, સોવન વરણી કાયા;
દોષરહિત સુર મહિત મહીતળ, વિચરે પાવન પાયા રે. ભવિકા૦ ૫
ચોરાશી લાખ પૂરવ જિન જીવિત, ચોત્રીશ અતિશયધારી;
સમવસરણ બેઠા પરમેશ્વર, પડિબોહે નરનારી રે. ભવિકા૦ ૬
ખિમાવિજય જિન કરૂણાસાગર, આપ તર્યા પર તારે;
ધર્મ નાયક શિવમારગ દાયક, જન્મ જરા દુઃખ વારે રે. ભવિકા૦ ૭

## (૧૦૧)૧ શ્રી સિદ્ધગિરિનું સ્તવન

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ,
કરીએ તો ભવજલ તરીયે વિમલગિરિ જાત્રા નવાણુ કરીએ
પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરિ, ઋષભ જિણંદ સમોસરીએ વિમલગિરિ... ૧
કોડી સહસભવ પાતક તૂટે, શેત્રુંજા સમો ડગ ભરીએ... ૨
સાત છઠ દોય અઠ્ઠમ તપસ્યા કરી ચઢીએ ગિરિવરીએ... વિમલગિરિ... ૩
પુંડરીકપદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ.. વિમલગિરિ... ૪
પાપી અભવ્ય નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીએ... વિમલગિરિ... ૫
ભૂમિ સંથારો ને નારી તણો સંગ દૂર થકી પરિહરીએ... વિમલગિરિ... ૬
સચિત્ત પરિહારીને એકલ આહારી, ગુરુ સાથે પદ ચરીએ... વિમલગિરિ... ૭
પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડલ વિખરીએ... વિમલગિરિ... ૮
કલિકાલે એ તીરથ મોટું, પ્રવહણે જેમ ભરદરિયે... વિમલગિરિ... ૯
ઉત્તમ એ ગિરિવર સેવંતા પદ્મ કહે ભવ તરીએ... વિમલગિરિ... ૧૦

## (૧૦૧)૨ શ્રી સિદ્ધગિરિનું સ્તવન

આજ મારા નયણાં સફળ થયાં, શ્રી સિદ્ધાચલ નીરખી,
ગિરિને વધાવું મોતીડે, મારા હૈડામાં હરખી. આજ૦ ૧
ધન્ય ધન્ય સોરઠ દેશને, જિહાં એ તીરથ જોડી,
વિમલાચલ ગિરનારને, વંદું બે કર જોડી. આજ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ અનંતા ઈણ ગિરિ, સિદ્ધયાં અણસણ લેઈ,
રામ પાંડવ નારદ ઋષિ, બીજા મુનિવર કેઈ. આજ૦ ૩
માનવ ભવ પામી કરી, નવિ એ તીરથ ભેટે,
પાપ કરમ જે આકરાં, કહો કેણી પેરે મેટે. આજ૦ ૪
તીર્થરાજ સમરું સદા, સારે વાંછિત કાજ,
દુઃખ દોહગ દૂરે કરી, આપે અવિચલ રાજ. આજ૦ ૫
સુખના અભિલાષી પ્રાણિયા, વાંછે અવિચલ સુખડાં,
માણેક મુનિ ગિરિ ધ્યાનથી, ભાંગે ભવોભવ દુખડાં. આજ૦ ૬

## (૧૦૧)₃ શ્રી સિદ્ધગિરિનું સ્તવન

સિદ્ધાચલ વાસી પ્યારો, લાગે મોરા રોજીંદા;
ઈણ રે ડુંગરીઆમાં ઝીણીઝીણી કોરણી, ઉપર શિખર બિરાજે - મો૦ સિ૦ ૧
કાને કુંડળ માથે મુગટ બિરાજે, બાહે બાજુબંધ છાજે - મો૦ સિ૦ ૨
ચઉમુખ બિંબ અનોપમ છાજે, અદ્‌ભુત દીઠે દુઃખ ભાંજે - મો૦ સિ૦ ૩
ચુવા ચુવા ચંદન ઓર અગરજા, કેસર તિલક વિરાજે - મો૦ સિ૦ ૪
ઈણગિરિ સાધુ અનંતા સિધ્યા, કહેતાં પાર ન આવે - મો૦ સિ૦ ૫
જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે, આ ભવ પાર ઉતારો - મો૦ સિ૦ ૬

## (૧૦૧)₄ શ્રી સિદ્ધગિરિનું સ્તવન

ભવજલ પાર ઉતાર જિણંદજી, મુજ પાપીને તું તાર;
શ્રીસિદ્ધાચલ તીરથરાજા, ત્રણ ભુવનમાં સાર;
પૂર્વ નવ્વાણું વારા શત્રુંજય, આવ્યા શ્રી નાભિકુમાર. જિણંદજી૦ ૧
આજ હમારે સુરતરૂ પ્રગટ્યો, દીઠો તુજ દેદાર;
ભવોભવ ભટકી શરણે આવ્યો, રાખો લાજ આ વાર. જિણંદજી૦ ૨
ભરતાદિ અસંખ્યને તાર્યા, તિમ પ્રભુ મુજને તાર;
માતા મરૂદેવાને દીધું, કેવળજ્ઞાન ઉદાર. જિણંદજી૦ ૩
ક્ષાયિક મુજને સમકિત આપો, એહી જ પરમ આધાર;
દીનદયાળુ દરિશન દીજે, પાય પડું સો વાર. જિણંદજી૦ ૪
અવસર પામી અરજ સુણીને, વિનતડી અવધાર;
નીતિવિજયના બાલસિદ્ધિની, આવાગમન નિવાર. જિણંદજી૦ ૫

---

* આ ક્ષિપ્તક છંદ છે. આ ક્ષિપ્તક બીજો જાણવો. રથોદ્ધતા છંદ પણ આ પ્રમાણે હોય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦૧)૫ શ્રી સિદ્ધગિરિનું સ્તવન

તુમે તો ભલે બિરાજો જી; સિદ્ધાચલકે સાહિબ ! તુમે તો ભલે બિરાજોજી
મરૂદેવીનો નંદન રૂડો, નાભિ નરિંદ મલ્હાર;
જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂરવ, નવાણું વાર. તુમે તો૦ ૧
મૂળ નાયકની સનમુખ રાજે, પુંડરીક ગણધાર;
પંચક્રોડસ્યું ચૈત્રી પૂનમે, વરીઆ શિવવધુ સાર. તુમે તો૦ ૨
સહસકુટ દક્ષિણ બિરાજે, જિનવર સહસ ચોવીશ;
ચઉદશેં બાવન ગણધરનાં, પગલાં વામ જગીશ; તુમે તો૦ ૩
પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ;
અષ્ટાપદ ચઉવીશ જિનેશ્વર સમ્મેત વીશ જિણંદ, તુમે તો૦ ૪
મેરૂપર્વત ચૈત્ય, ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક;
બાવન જિનાલય દેવળ નીરખી, હરખ લહુ અતીરેક. તુમ તો૦ ૫
સહસફણાને શામળા પાસજી, સમોવસરણ મંડાણ;
છીપાવશીને ખરતરવશી, કંઈ પ્રેમાવશી પરમાણ. તુમે તો૦ ૬
સંવત અઢાર ઓગણ પચાશે, ફાગણ અષ્ટમી દિન;
ઉજવળ પક્ષે ઉજવળ હુઓ કાંઈ, ગિરિ ફરસ્યા મુજ મન. તુમે તો૦ ૭
ઈત્યાદિક જિન બિંબ નિહાળી, સાંભરી સિદ્ધની શ્રેણ;
ઉત્તમ ગિરિવર કેણિ પરે વીસરે, પદ્મવિજય કહે જેણ. તુમે તો૦ ૮

## (૧૦૧)૬ શ્રી સિદ્ધગિરિનું સ્તવન

વંદના વંદના વંદના રે, ગિરિરાજકું સદા મોરી વંદના;
વંદના તે પાપ નિકંદના રે, આદિનાથકું સદા મોરી વંદના;
જિનકો દરિસણ દુર્લભ દેખી, કીધી તે કર્મ નિકંદના રે. ગિ૦ ૧
વિષય કષાય તાપ ઉપશમીયે, જિમ મલે બાવન ચંદના રે. ગિ૦ ૨
ધન ધન તે દિન કબહી હોશે, થાશે તુમ મુખ દર્શના રે. ગિ૦ ૩
તિહાં વિશાલ ભાવ પણ હોશે, જિહાં પ્રભુ પદકજ ફર્શના રે. ગિ૦ ૪
ચિત્તામાંહેથી કબહુ ન વિસારું, પ્રભુ ગુણગણની ધ્યાવના રે. ગિ૦ ૫
વળી વળી દરિસણ વહેલું લહીયે, એહવી રહે નિત્ય ભાવના રે. ગિ૦ ૬
ભવો ભવ એહીજ ચિત્તમાં ચાહુ, મેરી ઔર નહિ વિચારણા રે. ગિ૦ ૭
ચિત્રાગયંદના મહાવતની પેરે, ફેર ન હોય ઉતારણા રે. ગિ૦ ૮
જ્ઞાનવિમલ પ્રભુ પૂર્ણકૃપાથી, સુકૃત સુબોધ સુવાસના રે ગિ૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦૧) શ્રી સિદ્ધગિરિનું સ્તવન

સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ, ગિરિ ભેટી પાવન થઈએ;
સોરઠદેશે જાત્રાનું મોટું ધામ છે;
જ્યાં ધર્મશાળાઓ બહુ સોહે, મહેલાતો મનડાં મોહે;
એવું સુંદર પાલીતાણા ગામ છે. સૌ૦ ૧
જ્યાં તળેટી પહેલી આવે, ગિરિ દર્શન વિરલા પાવે;
પ્રભુજીના પગલાં પુનિત ને અભિરામ છે. સૌ૦ ૨
જ્યાં ગિરિવર ચડતાં સમીપે, દેવાલય દિવ્યજ દીપે;
બંગાળી બાબુનું અવિચળ એ તો ધામ છે. સૌ૦ ૩
જ્યાં કુંડ વિસામા આવે, થાક્યાનો થાક ભુલાવે;
પરબો રૂડી પાણીની ઠામો ઠામ છે. સૌ૦ ૪
જ્યાં હડો આકરો આવે, કેડે દઈ હાથ ચડાવે;
એવી દેવી હિંગલાદ એનું નામ છે. સૌ૦ ૫
જ્યાં ગિરિવર ચડતાં ભાવે, રામ પોળ છેલ્લે આવે;
ડોળીવાળાનું વિસામાનું ઠામ છે. સૌ૦ ૬
જ્યાં શત્રુંજી નદી વહે છે, સૂરજકુંડ શોભા દે છે;
ન્હાયો નહીં જે એનું જીવન બે બદામ છે. સૌ૦ ૭
જ્યાં સોહે શાંતિ દાદા, સોલમા જિન ત્રિભુવન ભ્રાતા;
પોળે જાતાં સૌ પહેલાં પ્રણામ છે. સૌ૦ ૮
જ્યાં ચક્કેશ્વરી છે માતા, વાઘેશ્વરી દે સુખશાતા;
કવડજક્ષાદિ દેવતાઓ તમામ છે. સૌ૦ ૯
જ્યાં આદિશ્વર બિરાજે, જે ભવની ભાવઠ ભાંજે;
પ્રભુજી પ્યારા નિરાગી ને નિષ્કામ છે. સૌ૦ ૧૦
જ્યાં સોહે પુંડરીક સ્વામી, ગિરૂઆ ગણધર ગુણગામી;
અંતરજામી આતમના આરામ છે. સૌ૦ ૧૧
જ્યાં રાયણ છાંય નિલુડી, પ્રભુ પગલાં પરે જે રૂડી;
શીતળકારી એ વૃક્ષનો વિશ્રામ છે. સૌ૦ ૧૨
જ્યાં નીરખીને નવ ટૂંકો, જબ થાયે પાતિક ભૂક્કો;
દિવ્ય દેહરાનાં અલૌકિક કામ છે. સૌ૦ ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં ગૃહિલિંગ અનંતા, સિદ્ધિ પદ પામ્યા સંતા;
પંચમ કાલે એ મુક્તિનું મુકામ છે. સૌ૦ ૧૪
જ્યાં કમલસૂરિ ગુણ ગાવે, તે લાભ અનંતો પાવે;
જાત્રા કરવા હૈડાને મોટી હામ છે. સૌ૦ ૧૫

## (૧૦૨)₁ શ્રી આદિનાથજીનું સ્તવન

દાદા આદિશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિશન દ્યો;
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચઢે પલાણે;
કોઈ આવે પગપાળે, દાદાને દરબાર;
હાં હાં દાદાને દરબાર, દાદા આદિશ્વરજી. ૧

શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચડે પલાણે;
હું આવું પગપાળે, દાદાને દરબાર. હાં હાં૦ દાદા૦ ૨

કોઈ મુકે સોના રૂપા, કોઈ મૂકે મહોર;
કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર. હાં હાં૦ દાદા૦ ૩

શેઠ મૂકે સોનારૂપા, રાજા મૂકે મહોર;
હું મૂકું ચપટી ચોખા, દાદાને દરબાર. હાં હાં૦ દાદા૦ ૪

કોઈ માગે કંચનકાયા, કોઈ માગે આંખ;
કોઈ માગે ચરણની સેવા, દાદાને દરબાર. હાં હાં૦ દાદા૦ ૫

પાંગળો માગે કંચનકાયા, આંધળો માગે આંખ;
હું માગું ચરણની સેવા, દાદાને દરબાર. હાં હાં૦ દાદા૦ ૬

હીરવિજય ગુરુ હીરલો ને વીરવિજય ગુણ ગાય;
શત્રુંજયના દર્શન કરતાં, આનંદ અપાર. હાં હાં૦ દાદા૦ ૭

## (૧૦૨)₂ શ્રી આદિનાથજીનું સ્તવન

સુણ જિનવર શેત્રુંજા ધણીજી, દાસ તણી અરદાસ;
તુજ આગળ બાળક પરેજી, હુંતો કરું વેખાસરે;
જિનજી મુજ પાપીને તાર,
તું તો કરૂણારસ ભર્યોજી, તું સહુનો હિતકાર રે. જિનજી૦ ૧

હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહીં લવલેશ;
પરગુણ પેખી નવિ શકુંજી, કેમ સંસાર તરીશ રે ? જિનજી૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ તણાં વધ મેં કર્યાજી, બોલ્યા મૃષાવાદ;
કપટ કરી પરધન હર્યાજી, સેવ્યા વિષય સંવાદ રે. જિનજી૦ ૩
હું લંપટ હું લાલચુંજી, કર્મ કીધાં કેઈ ક્રોડ;
ત્રણ ભુવનમાં કો નહીંજી, જે આવે મુજ જોડ રે. જિનજી૦ ૪
છિદ્ર પરાયાં અહોનિશેજી, જોતો રહું જગનાથ;
કુગતિ તણી કરણી કરીજી, જોડ્યો તેહશું સાથ રે. જિનજી૦ ૫
કુમતિ કુટીલ કદાગ્રહીજી, વાંકી ગતિ મતિ મુજ;
વાંકી કરણી માહરીજી, શી સંભલાવું, તુજ રે, જિનજી૦ ૬
પુન્ય વિના મુજ પ્રાણીઓજી, જાણે મેલું રે આથ;
ઉંચા તરુવર મોરીયાજી, ત્યાંહી પસારે હાથ રે. જિનજી૦ ૭
વિણ ખાધાં વિણ ભોગવ્યાંજી, ફોગટ કર્મ બંધાય;
આર્તધ્યાન મીટે નહીંજી, કીજે કવણ ઉપાય રે. જિનજી૦ ૮
કાજળથી પણ શામળાજી, મારા મન પરિણામ;
સોણામાંહી તાહરુંજી, સંભારું નહીં નામ રે. જિનજી૦ ૯
મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરું અનેક પ્રપંચ;
કૂડ કપટ બહુ કેળવીજી, પાપતણો કરું સંચ રે. જિનજી૦ ૧૦
મન ચંચળ ન રહે કીમેજી, રાચે રમણી રે રૂપ;
કામ વિટંબણા શી કહુંજી ? પડીશ હું દુર્ગતિ કૂપ રે. જિનજી૦ ૧૧
કિશ્યાં કહું ગુણ માહરાજી, કિશ્યાં કહું અપવાદ ?
જેમ જેમ સંભારું હૈયેજી, તેમ તેમ વધે વિખવાદ રે. જિનજી૦ ૧૨
ગિરૂઆ તે વી લેખવેજી, નિર્ગુણ સેવકની રે વાત;
નીચતણે પણ મંદિરેજી, ચંદ્ર ન ટાળે જ્યોત રે. જિનજી. ૧૩
નિર્ગુણ તો પણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ;
કૃપા કરી સંભારજોજી, પૂરજો મુજ મન આશ રે. જિનજી. ૧૪
પાપી જાણી મુજ ભણીજી, મત મૂકો રે વિસાર;
વિષ હળાહળ આદર્યોજી, ઈશ્વર ન તજે તાસ રે. જિનજી. ૧૫
ઉત્તમ ગુણકારી હુએજી, સ્વાર્થ વિના સુજાણ;
કરસણ સિંચે સર ભરેજી, મેહ ન માગે દાણ રે. જિનજી. ૧૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું ઉપકારી ગુણનીલોજી, તું સેવક પ્રતિપાળ;
તું સમરથ સુખ પૂરવાજી, કર મારી સંભાળ રે. જિનજી. ૧૭

તુજને શું કહીએ ઘણુંજી, તું સઉ વાતે રે જાણ;
મુજને થાજો સાહિબાજી, ભવ ભવ તાહરી આણ રે. જિનજી. ૧૮

નાભિરાયા કુળચંદલોજી, મરૂદેવીનો રે નંદ;
કહે જિન હરખ નિવાજજ્યોજી, દેજો પરમાનંદ રે. જિનજી. ૧૯

## (૧૦૨)૩ શ્રી આદિનાથ જિન સ્તવન

ડુંગરે ડુંગરે તાહરા દેહરા, ડુંગરા ઉપર કીધો તમે વાસરે,
આદિશ્વર દાદા, ચઢતી રાખો ને જૈન ધર્મની...આદિ૦ ૧
નાભિરાયાનો કુલચંદલો, મરૂદેવા છે તમારી માતરે...આદિ૦ ૨
ભરતજી રાજપાટ ભોગવે, ઋષભજી ચાલ્યા વનવાસ રે...આદિ૦ ૩
બ્રાહ્મી સુંદરી બે બેનડી, આવી વનમાં કીધી તમને જાણ રે...આદિ૦ ૪
પાલીતાણા નગર સોહામણો, પર્વત ઉપર કીધો તમે વાસ રે...આદિ૦ ૫
આઠે ટૂંકો ત્યાં રળિયામણી, નવમી ટૂંકે કીધો તમે વાસ રે...આદિ૦ ૬
સૂરજકુંડ સોહામણો, ચક્કેસરી દેવીને કરીએ પ્રણામ રે...આદિ૦ ૭
કેસર ચંદનના ભર્યા વાટકા, પુષ્પો ચઢાઉ પ્રભુજીને આજ રે...આદિ૦ ૮
**હીરવિજય** ગુરુહીરલો, વીરવિજય ગુણ તમારા ગાય રે...આદિ૦ ૯

## (૧૦૩)૧ શ્રી અજિતનાથ જિન સ્તવનો

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું, પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું, જલદ-ઘટા જેમ શિવ-સુત વાહન દાય જો. પ્રીતલડી૦ ૧

નેહઘેલું મન મ્હારું રે પ્રભુ અલજે રહે, તન મન ધન તે કારણથી પ્રભુ મુજ જો;
મ્હારે તો આધાર રે સાહિબ રાઉલો, અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજ જો. પ્રીતલડી૦ ૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ, સેવકનાં જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરી રહું ? બિરુદ તમારું તારણ તરણ જહાજ જો. પ્રીતલડી૦ ૩

તારકતા તુજમાંહે રે શ્રવણે સાંભળી, તે ભણી હું આવ્યો છું દીનદયાળ ! જો;
તુજ કરુણાની લહેરે રે મુજ કારજ સરે, શું ઘણું કહીએ ? જાણ આગળ કૃપાળ ! જો. પ્રીતલડી૦ ૪

કરુણાદષ્ટિ કીધી રે સેવક ઉપરે, ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનોવાંછિત ફળિયા રે તુજ આલંબને, કરજોડીને મોહન કહે મનરંગ જો. પ્રીતલડી૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦૩)૨ અજિતનાથ જિન સ્તવન

(રાગ : નયર માહણ કુંડમાં વસેરે મહાઋદ્ધિ ઋષભદત્ત નામ)

જીવડા વિષમ વિષયની હેવા, તુજ કાંઈ જાગે;
હજી કાંઈ જાગે - જીવડા૦
અકળ સરૂપ અજિત જિન નીરખ્યો, પરખ્યો પૂરણ ભાગેજી. જીવડા૦ ૧

સરસ સુકોમળ સુરતરુ પામી, કંટક બાઉલ માગે;
ઐરાવણ સાટે કુણ મૂરખ, રાસભ પુંઠે લાગે. જીવડા૦ ૨

ઘોર પહાડ ઉજાડ ઓલંઘી, આવ્યો સમકિત માગે;
તૃષ્ણાએ સમતારસ બિગડે કુંભ ઉદક જિમ કાગે જીવડા. ૩

જિમ કોઈક નર જાન લેઈને, આવ્યો કન્યા રાગે;
સરસ આહાર નિદ્રાભર પોઢ્યો, કરડ્યો વિષયા નાગે. જી૦ ૪

વિજયાનંદન વયણ સુધારસ, પીતાં શુભમતિ જાગે;
પાંચે ઇન્દ્રિય ચપલ તુરંગમ, વશ કરી જ્ઞાન સુવાગે જીવડા૦ ૫

ક્ષમાવિજય જિન ગુણ કુસુમાવલી, શોભિત ભક્તિ પરાગે;
કંઠે આરોપી વિરતિ વનિતા, વરી કેસરીએ, વાઘે. જીવડા૦ ૬

## (૧૦૪)૧ શ્રી સંભવ જિન સ્તવન

સાહેબ સાંભળો રે, સંભવ અરજ અમારી;
ભવોભવ હું ભમ્યો રે, ન લહી સેવા તમારી;
નરક નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમિયો;
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહોનિશ ક્રોધે ધમધમિયો. સાહેબ૦ ૧

ઇન્દ્રિયવશ પડ્યો રે, પાળ્યાં વ્રત નવિ સૂંસે;
ત્રસ પણ નવિ ગણ્યા રે, હણિયા થાવર હુંસે !
વ્રત ચિત્ત નવિ ધર્યા રે, બીજું સાચું ન બોલ્યું;
પાપની ગોઠડી રે, તિહાં જઈ હઈડું ખોલ્યું. સાહેબ૦ ૨

ચોરી મેં કરીરે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું;
શ્રી જિન આણશું રે, મેં નહિ સંયમ પાળ્યું !
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો;
રસના લાલચે રે નીરસ પિંડ ઉવેખ્યો. સાહેબ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરભવ દોહિલો રે, પામી મોહવશ પડિયો;
પરસ્ત્રી દેખીને રે, મુજ તન તિહાં જઈ ચડિયો;
કામ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરિયો
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરીયો. સાહેબ૦ ૪

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી;
તો પણ નવિ મળી રે મળી તો નવિ રહી રાખી;
જે જન અભિલષે રે, તે તો તેહથી નાસે;
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સાહેબ૦ ૫

ધન્ય ધન્ય તે નરા રે, એહનો મોહ વિછોડી;
વિષય નિવારીને રે, તેહને ધર્મમાં જોડી;
અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિભોજન કીધાં;
વ્રત નવિ પાળિયાં રે, જેહવા મૂળથી લીધા. સાહેબ૦ ૬

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહેબ મળિયો;
તુમ વિણ કોણ દિએરે ? બોધિ-રયણ મુજ બળિયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા;
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા. સાહેબ૦ ૭

## (૧૦૪)₂ શ્રી સંભવ જિન સ્તવન

હાં રે હું તો મોહ્યો રે લાલ, જિન મુખડાને મટકે;
જિન મુખડાને મટકે વારી જાઉં, પ્રભુ મુકડાને મટકે. હાંરે. ૧

નયન રસીલા વયણ સુખાળાં, ચિતડું લીધું હરી ચટકે;
પ્રભુજીની સાથે ભક્તિ કરતાં, કર્મ તણી કસ તટકે. હાંરે. ૨

મુજ મન લોભી ભ્રમર તણી પરે, પ્રભુ પદ કમળે અટકે;
રત્ન ચિન્તામણિ મૂકી રાચે, કહો કોણ કાચને કટકે ? હાંરે. ૩

એ જિન ધ્યાને ક્રોધાદિક જે, આસપાસથી અટકે;
કેવલનાણિ બહુ સુખખાણી, કુમતિ કુગતિને પટકે. હાંરે. ૪

એ જિનને જે દિલમાં ન આણે, તે તો ભૂલા ભટકે;
પ્રભુજીની સાથે ઓળખ કરતાં, વાંછિત સુખડાં સટકે. હાંરે. ૫

મૂર્તિ સંભવ જિનેશ્વર કેરી, જોતાં, હૈડું હરખે;
નિત્ય લાભ કહે પ્રભુ કીર્તિ મોટી, ગુણગાઉં હું લટકે. હાંરે. ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦૫) શ્રી અભિનંદન જિન સ્તવન

અભિનંદન સ્વામિ હમારા, પ્રભુ ભવદુઃખ ભંજણહારા;
યે દુનિયા દુઃખકી ધારા, પ્રભુ ઈનસે કરો રે નિસ્તારા. અભિ૦ ૧

હું કુમતિ કુટિલ ભરમાયો, દૂરનીતિ કરી દુઃખ પાયો;
અબ શરણ લીયો હૈ થારો, મુઝે ભવજલ પાર ઉતારો. અભિ૦ ૨

પ્રભુ શીખ હૈયે નવિ ધારી, દુર્ગતિમાં દુઃખ લીયોભારી;
ઈન કર્મોકી ગતિ ન્યારી, કરે બેર બેર ખુવારી. અભિ૦ ૩

તુમે કરુણાવંત કહાવો, જગતારક બિરુદ ધરાવો;
મેરી અરજીનો એક દાવો, ઈણ દુઃખસે કયું ન છુડાવો. અભિ૦ ૪

મેં વિરયા જન્મ ગુમાવ્યો, નહીં તન ધન સ્નેહ નિવાર્યો;
અબ પારસ પરસંગ પામી, નહીં વીરવિજયકું ખામી. અભિ૦ ૫

## (૧૦૬) શ્રી સુમતિનાથ જિન સ્તવન

સુમતિનાથ ગુણશું મિલિજી, વાધે મુજ મન પ્રીતિ;
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ સોભાગી૦ ૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહી માંહે મહેકાય. સોભાગી૦ ૨

અંગુલીયે નવિ મેરૂ ઢંકાયે, છાબડિયે રવિ તેજ;
અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી૦ ૩

હુંઓ છીપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી૦ ૪

ઢાંકી ઈક્ષુ પરાલશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક 'યશ' કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી૦ ૫

## (૧૦૭) શ્રી પદ્મપ્રભ સ્વામિ જિન સ્તવન

પદ્મપ્રભ પ્રાણસે પ્યારા, છુડાવો કર્મકી ધારા;
કર્મફંદ તોડવા ધોરી, પ્રભુજીસે અર્જ હૈ મોરી. ૧

લઘુવય એક થે જીયા, મુક્તિમેં વાસ તુમ કીયા;
ન જાની પીર થેં મોરી, પ્રભુ અબ ખિંચલે દોરી. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયસુખ માની મોં મનમેં, ગયો સબ કાલ ગફલતમેં;
નરક દુ:ખ વેદના ભારી, નિકલવા ના રહી બારી. ૩
પરવશ દીનતા કીની, પાપકી પોટ સિર લીની;
ભક્તિ નહીં જાની તુમ કેરી, રહ્યો નિશદિન દુ:ખ ઘેરી. ૪
ઈસવિધ વિનતિ તોરી, કરું મૈં દોય કર જોડી;
આતમ આનંદ મુજ દીજો, વીરનું કાજ સબ કીજો. ૫

## (૧૦૮) શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

ક્યું ન હો સુનાઈ સાઈ, ઐસા ગુન્હા ક્યા કિયા;
ઔરોકી સુનાઈ જાવે, મેરી બારી નાહીં આવે;
તુમ બિન કૌન મેરા, મુજે ક્યું ભૂલા દિયા, ક્યું૦ ૧
ભક્ત જનોં તાર દીયા, તારનેકા કામ કિયા;
બિન ભક્તિવાલા મોં પે, પક્ષપાત ક્યું કીયા. ક્યું૦ ૨
રાય રંક એક જાનો, મેરા તેરા નાહીં માનો;
તરન તારન ઐસા, બિરુદ ધાર ક્યું લિયા. ક્યું૦ ૩
ગુન્હા મેરા બક્ષ દીજે, મોં પે [1]અતિ રહેમ કીજે;
પક્કા હી ભરોંસા તેરા, દિલ મેં જમા લિયા. ક્યું૦ ૪
તુંહી એક અંતરજામી, સુનો શ્રી સુપાસ સ્વામી;
અબ તો આશા પૂરો મેરી, કહેના સો તો કહ દિયા. ક્યું૦ ૫
શહેર અંબાલે ભેટી, પ્રભુજીકા મુખ દેખી;
મનુષ્યજનમકા લ્હાવા, લેના સો તો લે લીયા. ક્યું૦ ૬
ઉન્નિસો છાસઠ છબીલા, દીપમાલા દિન રંગીલા;
કહે વીરવિજય પ્રભુ, ભક્તિ મેં જમા લીયા. ક્યું૦ ૭

---

૧. એટલી

## (૧૦૯) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

(રાગ : કેદારો-ગોડી)

દેખણ દે રે સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ. સખી૦
ઉપશમ રસનો કંદ, ગત કલિમલ દુ:ખદંદ. સખી૦ ચંદ્ર૦ ૧
સુહુમ નિગોદે ન દેખિયો સખી૦ બાદર અતિહિ વિશેષ. સખી૦
પુઢવી આઉ ન પેખિયો સખી૦ તેઉ વાઉ ન લેશ. સખી૦ ચંદ્ર૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વનસ્પતિ, અતિ ઘણ દીહા સખી૦ દીઠો નહીંય દીદાર. સખી૦
બિતિ ચઉરિદિ જળલિહા સખી૦ ગતસન્ની પણ ધાર. સખી૦ ચંદ્ર૦ ૩
સુરતિરિ નિરય નિવાસમાં સખી૦ મનુજ અનારજ સાથ. સખી૦
અપજ્જત્તા પ્રતિભાસમાં સખી૦ ચતુર ન ચઢીયો હાથ. સખી૦ ચંદ્ર૦ ૪
એમ અનેક થલ જાણિયે સખી૦ દરિસણ વિણ જિનદેવ. સખી૦
આગમથી મતિ આણીયે સખી૦ કીજે નિરમલ સેવ. સખી૦ ચંદ્ર૦ ૫
નિર્મલ સાધુ ભગતિ લહી સખી૦ યોગ અવંચક હોય. સખી૦
કિરિયા અવંચક તિમ સહી સખી૦ ફળ અવંચક જોય. સખી૦ ચંદ્ર૦ ૬
પ્રેરક અવસર જિનવરૂ સખી૦ મોહનીય ક્ષય થાય. સખી૦
કામિતપૂરણ સુરતરૂ સખી૦ આનંદઘન પ્રભુ પાય. સખી૦ ચંદ્ર૦ ૭

## (૧૧૦) શ્રી સુવિધિ જિન સ્તવન

(રાગ : મલ્હાર)

(રાગ : વંદો કેવળજ્ઞાન)

સુવિધિ જિનેસર સાંભળો રે, તું પ્રભુ નવનિધિ દાય;
તુજ સુપસાયે સાહિબા રે, મનવાંછિત ફળ થાય. સા૦ સુ૦ ૧
તું સાહિબ સમરથ લહી રે, બીજાશું કોણ કરે પ્રેમ ? સા૦
છોડી સરોવર હંસલો રે, છીલ્લર રીઝે કેમ ? સા૦ સુ૦ ૨
રયણ ચિંતામણિ પામીને રે, કુણ કાચે લોભાય ? સા૦
કલ્પતરૂ છાયા લહી રે, કુણ બાવલ કને જાય ? સા૦ સુ૦ ૩
થોડી હી અધિકી ગણું રે, સેવા તુમચી દેવ, સા૦
કરે ગંગાજલ બિંદુઓ રે, નિરમલ સર નિતમેવ. સા૦ સુ૦ ૪
સમરથ દેવ શિરતિલો રે, ગુણનિધિ ગરીબ નિવાજ; સા૦
મોહે નિવાજે મયા કરી રે, સાહિબ સુવિધિ જિનરાજ. સા૦ સુ૦ ૫
તુજ ચરણે મુજ મન રમે રે, જેમ ભ્રમર અરવિંદ; સા૦
કેસર કહે સુવિધિ જિન રે, તુમ દરીસણ સુખકંદ. સા૦ સુ૦ ૬

## (૧૧૧) શ્રી શીતલનાથ જિન સ્તવન

(રાગ : સિદ્ધારથના રે નંદન વિનવું)

શીતલ જિનવર સાહિબ વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે ફરી ફરી નાચતા, કિમહી ન આવ્યો પાર રે. શી૦ ૧

લાખ ચોરાશી રે યોનિમાં વળી, લીધાં નવ નવ વેશ;
ભમતા ભમતા રે પુણ્યે પામીઓ, આર્ય માનવ વેશ. શી૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિહાં પણ દુર્લભ જ્ઞાનાદિ સાંભળી, જેહથી સીઝે રે કાજ;
તે પામીને રે ધર્મ જે નવિ કરે, તે માણસને રે લાજ. શી૦ ૩

જ્ઞાન દર્શન ચારિત્ર ભલું રે, જે એહ પામે રે સાર;
તેહ ભવિક જન નિશ્ચે પામશે, વહેલો ભવનો રે પાર. શી૦ ૪

તુમ સેવાથી રે સાહિબ પામીઓ, અવિચળ પદ નિવાસ;
ઋદ્ધિ કીર્તિ રે અનતં થાપે, આપે શિવપુર વાસ. શી૦ ૫

## (૧૧૨) શ્રી શ્રેયાંસ જિન સ્તવન

(રાગ : ગોડી)

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાત્મ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી શ્રે૦ ૧

સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. શ્રી શ્રે૦ ૨

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાત્મ કહિયે રે. શ્રી શ્રે૦ ૩

નામ અધ્યાત્મ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રે૦ ૪

શબ્દઅધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રે૦ ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે; શ્રી શ્રે૦ ૬

## (૧૧૩) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું;
સાહિબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું. સા૦ ૧

મન ઘરમાં ધરીયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠીત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે. સા૦ ૨
ક્લેશ વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા તો પ્રભુ અમે નવનિધિ રિદ્ધિ પામ્યા. સા૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા;
અલગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦ ૪

ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મિલશું, વાચક 'યશ' કહે હેજે હલશું. સા૦ ૫

## (૧૧૪)૧ શ્રી વિમલનાથ જિન સ્તવન

સેવો ભવિયાં વિમલ જિણેશર, દુલ્લહા સજ્જન સંગાજી;
એહવા પ્રભુનું દરિસન લેવું, તે આળસમાંહે ગંગાજી. સેવો૦ ૧

અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સેવો૦ ૨

ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી. સેવો૦ ૩

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજિજી;
લોયણ ગુરુ પરમાન્ન દિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી. સેવો૦ ૪

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલતણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી. સેવો૦ ૫

શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક 'યશ' કહે સાચુંજી;
કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચુંજી. સેવો૦ ૬

## (૧૧૪)૨ શ્રી વિમલનાથ જિન સ્તવન

(રાગ : મલ્હાર)

(રાગ : વંદો કેવળજ્ઞાન)

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ ?
વિમલજિન દીઠાં લોયણ આજ, મારાં સિધ્યાં વાંછિતકાજ. વિ. ૦૧

ચરણકમલ કમલા વસે રે, નિરમલ થિરપદ દેખ;
સયલ અથિરપદ પરિહરી રે, પંકજ પામર પેખ. વિ૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદરધરા રે, ઇન્દ્ર ચંદ્ર નાગેન્દ્ર. વિ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, મારા આતમનો આધાર. વિ૦ ૪
દરિશણ દીઠે જિન તણો રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભાર પસરતા રે, અંધકાર પ્રતિષેધ. વિ૦ ૫
અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંતસુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય. વિ૦ ૬
એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીયેં રે, આનંદઘન પદ સેવ. વિ૦ ૭

## (૧૧૫) શ્રી અનંત જિન સ્તવન

(રાગ : મલ્હાર)
(રાગ : શ્રી જિનવરને પ્રગટ થયું રે)
(રાગ : પુક્ખલ વઈ વિજયે જ્યોરે)

કરુણાયર પ્રભુ વિનવું રે, વિનતડી અવધાર;
તુજ દર્શન વિણ હું ભમ્યો રે કાલ અનંત અપાર;
જિણંદરાય ! હવે મુજ પાર ઉતાર. ૧
સૂક્ષ્મ નિગોદમાં હું ભમ્યો રે, પુદ્‌ગલ પરિઠ્ઠ અનંત;
અવ્યવહાર રાશિ વસ્યો રે, ભવ ક્ષુલ્લક અતિ જંત. જિ૦ ૨
સૂક્ષ્મ થાવરપણું પામીયો રે, અનુક્રમે બાદર ભાવ;
જન્મ મરણ પ્રભુ બહુ કર્યા રે, જિહાં સુખનો અટકાવ. જિ૦ ૩
વિકલપણું પામ્યા પછી રે, તિરિ પંચેંદ્રિ અજાણ;
શુદ્ધ તત્ત્વ જાણ્યા વિના રે, ભમીઓ નવ નવ ઠાણ. જિ૦ ૪
ઈમ કોઈ પુરવ પુન્યથી રે, મનુષ્ય જન્મ સુજાણ;
શુદ્ધ સામગ્રી સંયોગથી રે, દીઠો તું ત્રિભુવન ભાણ. જિ૦ ૫
અનંતનાથ જિનેશ્વર રે, તારક તું જગદેવ;
મોહન કહે તુજ નામથી રે, ટળશે અનાદિ કુટેવ જિ૦ ૬

## (૧૧૬) શ્રી ધર્મનાથ જિન સ્તવન

ધર્મ જિણેસર ધર્મધુરંધર, પૂરણ પુણ્યે મલિઓ;
મન મરૂથલમેં, સુરતરુ ફલિઓ, આજ થકી દિન વલિયો;
પ્રભુજી ! મહેર કરી મહારાજ, કાજ હવે મુજ સારો;
સાહિબ ! ગુણનિધિ ગરીબ નિવાજ, ભવદવ પાર ઉતારો. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુ ગુણવંતા જેહ તેં તાર્યા, તે નહિ પાડ તુમારો;
મુજ સરિખો પત્થર જો તારો, તો તુમચી બલિહારો. પ્રભુજી. ૨

હું નિર્ગુણ પણ તાહરી સંગતે, ગુણ લહું તેહ ઘટમાન;
નિંબાદિક પણ ચંદન સંગે, ચંદન સમ લહે તાન. પ્રભુજી. ૩

નિર્ગુણ જાણી છેહ મ દેવો, જોવો આપ વિચારી;
ચંદ્ર કલંકિત પણ નિજ શિરથી, ન તજે ગંગાધારી. પ્રભુજી.૪

સુવ્રતાનંદન સુવ્રતદાયક, ધારક જિનપદવીનો;
પાયક જાસ સુરાસુર કિન્નર, ઘાયક મોહરિપુનો. પ્રભુજી. ૫

તારક તુમ સમ અવર ન દીઠો, લાયક નાથ હમારો;
શ્રી ગુરુ ક્ષમાવિજય પય સેવી, કહે જિન ભવજલ તારો. પ્રભુજી. ૬

## (૧૧૭), શ્રી શાંતિનાથ જિન સ્તવન

સુણ દયાનિધિ ! તુજ પદ પંકજ મુજ મન મધુકર લીનો;
તું તો રાત દિવસ રહે સુખ ભીનો. સુણ૦
પ્રભુ અચિરા માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુળ આયો;
એક ભવમાં દોય પદવી પાયો. સુણ૦ ૧

પ્રભુ ચક્રી જિનપદનો ભોગી, શાંતિ નામ થકી થાય નિરોગી;
તુજ સમ અવર નહિ દુજો યોગી. સુણ૦ ૨

ષટ્ખંડ તણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ ઋદ્ધિ તણો રાગી;
તુજ સમ અવર નહીં વૈરાગી. સુણ૦ ૩

વડવીર થયા સંજમધારી,લહે કેળલદુગ કમળા સારી;
તુજ સમ અવર નહિ ઉપકારી. સુણ૦ ૪

પ્રભુ મેઘરથ ભવ ગુણખાણી, પારેવા ઉપર કરુણા આણી;
નિજ શરણે રાખ્યો સુખખાણી. સુણ૦ ૫

પ્રભુ કર્મકટક ભવભય ટાળી, નિજ આતમ ગુણને અજુવાળી;
પ્રભુ પામ્યા શિવવધૂ લટકાળી. સુણ૦ ૬

સાહેબ ! એક મુજરો માનીજે, નિજ સેવકને ઉત્તમ પદ દીજે;
રૂપકીર્તિ કહે તુજ જીવવિજે. સુણ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧૭)₂ શ્રી શાંતિનાથ જિન સ્તવન

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઈન કલિમેં, હો જિનજી,
તું મેરા મનમેં, તું મેરા દિલમેં, ધ્યાન ધરું પલપલમેં, સાહેબજી તું૦ ૧
ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં, હો જિનજી. તું૦ ૨
નિરમલ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ્ર બાદલમેં, હો જિનજી. તું૦ ૩
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો જિનજી, તું૦ ૪
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં, હો જિનજી. તું૦ ૫

## (૧૧૮) શ્રી કુંથુજિન સ્તવન

મનડું કિમ હિ ન બાજે હો કુંથુજિન, મનડું કિમ હિ ન બાજે !
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે. હો કુંથુ૦ ૧

રજની વાસર વસતિ ઉજ્જડ, ગયણ પાયાલે જાય;
'સાપ ખાય ને મુખડું થોથું', એહ ઊખાણો ન્યાય. હો. કુંથુ૦ ૨

મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે. હો કુંથુ૦ ૩

આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલતણી પરે વાંકુ. હો કુંથુ૦ ૪

જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાહિ;
સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહિ. હો કુંથુ૦ ૫

જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુર નર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો. હો કુંથુ૦ ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે. હો કુંથુ૦ ૭

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એક હી વાત છે મોટી. હો કુંથુ૦ ૮

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું. હો કુંથુ૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧૯) શ્રી અરનાથ જિનસ્તવન

અરનાથ કો સદા મોરી વંદના રે, મેરે નાથ કો સદા મોરી વંદના રે...
જગ ઉપકારી ધન જ્યોં વરસે વાણી શીતલ ચંદના રે અરનાથ કો૦... ૧
રૂપે રંભા રાણી શ્રી દેવી ભૂપ સુદર્શન નંદના રે અર૦... ૨
ભાવ ભગતિ શું અહનિશ સેવે, દૂરિત હરે ભવફંદના રે અર૦... ૩
છ ખંડ સાધી ભિતી દ્વેધા કીધી, દુર્જય શત્રુ નિકંદના રે અર૦... ૪
"ન્યાયસાગર" પ્રભુ સેવા-મેવા માગે પરમાનંદના રે અર૦... ૫

## (૧૨૦) શ્રી મલ્લિનાથ જિનસ્તવન

પ્રભુ મલ્લિજિણંદ, શાંતિ આપજો,
કાપજો મારા ભવોદધિનાં પાપ રે,
દયાળુ દેવા, પ્રભુ મલ્લિજિણંદ શાંતિ આપજો... ૧
વિતરાગ દેવને વંદુ સદા
બાળ બ્રહ્મચારી જગ વિખ્યાત રે... દયાળુ દેવા. ૨
અચલ અમલને અકલ તું,
કષાય મોહ નથી ભવલેશ રે... દયાળુ દેવા. ૩
સર્પ ડસ્યો છે મને ક્રોધનો,
રગે રગે વ્યાપ્યું તેનું વિષરે... દયાળુ દેવા. ૪
માન પત્થર સ્તંભ સરીખો
મને કીધો તેને જડવાન રે... દયાળુ દેવા. ૫
માયા ડાકણ વળગી મને,
આપ વિના કોણ છોડાવણહાર રે... દયાળુ દેવા. ૬
લોભ સાગરમાં હું પડ્યો,
ઉભગ્યો છું ભવ દુઃખ અપાર રે... દયાળુ દેવા. ૭
આપ શરણે હવે આવીયો,
રક્ષણ કરો મુજ જગનાથ રે... દયાળુ દેવા. ૮
અરજ સ્વીકારી આ દાસની
જ્ઞાનવિમલ લેજો બાળ હાથ રે... દયાળુદેવા. ૯
પ્રભુ મલ્લિજિણંદ...શાંતિ આપજો.

## (૧૨૧) શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું સ્તવન

મુનિસુવ્રત મન મોહ્યું મારું, શરણ હવે છે તમારું;
પ્રાતઃ સમય હું જાગું જ્યારે, સ્મરણ કરું છું તુમારું હો જિનજી;
તુજ મૂરતિ મનોહરણી, ભવ સાયર જલ તરણી હો જિનજી. તુજ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ ભરોસો આ જગમાં છે, તારો તો ઘણું સારું;
જન્મ જરા મરણો કરી થાક્યોં, આશરો લીધો મેં તારો હો જિનજી. તુજ ૨

ચું ચું ચું ચું ચિડિયાં બોલે, ભજન કરે છે તમારું;
મૂર્ખ મનુષ્ય પ્રમાદે પડ્યો રહે, નામ જપે નહિ તારું હો જિનજી. તુજ ૩

ભોર થતાં બહુ શોર સુણું હું, કોઈ હસે કોઈ રૂવે ન્યારું;
સુખીયો સુવે દુઃખીયો રૂવે, અકલ ગતિએ વિચારું હો જિનજી. તુજ ૪

ખેલ ખલકનો બધો નાટકનો, કુટુંબ કબિલો હું ધારું;
જયાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે, અંત સમયે સહુ ન્યારું હો જિનજી. તુજ ૫

માયા જાળ તણી જોઈ જાણી, જગત લાગે છે ખારું;
ઉદયરતન એમ જાણી પ્રભુજી તારું, શરણ ગ્રહ્યું છે મેં સારું હો જિનજી. તુજ ૬

## (૧૨૨) શ્રી નેમિજિન સ્તવન

અરજ સુણો હો નેમનગીના, રાજુલરા ભરથાર,
ભજલો ભજલો હો જગના પ્રાણી, ભજો સદા કિરતાર...હો નેમ૦ ૧

જાન લઈને આવ્યા ત્યારે, હર્ષ તણો નહિપાર,
પશુતણો પોકાર સુણીને, પાછા વળ્યા તત્કાળ...હો નેમ૦ ૨

રાજુલ ગોખે રાહ નીરખતી, રડતી આંસુધાર,
પિયુજી મારા કેમ રિસાયા, મુજ હૈયાના હાર...હો નેમ૦ ૩

નેમ બન્યા તીર્થંકર સ્વામી, બાવીશમા જિનરાજ,
માયા છોડી મનડું સાધ્યું, નમો નમો શિરતાજ...હો નેમ૦ ૪

નેમનિરંજન નાથ હમારા, અમ નયનોરા તારા,
બાળક તુમ ભક્તિને માટે, રડતો આંસુધાર...હો નેમ૦ ૫

પરદુઃખભંજન નાથ નિરંજન, જગપાલક કિરતાર,
જ્ઞાનવિમલ કહે ભવસિંધુથી, મુજને ઉતારો પાર...હો નેમ૦ ૬

## (૧૨૩)૧(અ) શ્રી શંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન

તારા નયનાં રે પ્યાલા પ્રેમનાં ભર્યા છે, દયારસનાં ભર્યા છે;
અમી છાંટનાં ભર્યા છે...... તારા૦ ૧
જે કોઈ તારી નજરે ચઢી આવે, કારજ તેના તેં સફલ કર્યા છે.... તારા૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટ થઈ પાતાળથી પ્રભુ તેં, જાદવના દુઃખો દૂર કર્યા છે. તારા૦ ૩
પન્નગપતિ પાવકથી ઉગાર્યો, જન્મ-મરણ ભય તેહનાં હર્યા છે. તારા૦ ૪
પતિત પાવન શરણાગત તુંહી, દરિશન દીઠે મારા ચિત્તડાં ઠર્યા છે. તારા૦ ૫
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, તુજ પદપંકજ આજથી ધર્યા છે. તારા૦ ૬
જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે, અમૃત સુખ તેને રંગથી વર્યા છે. તારા૦ ૭

## (૧૨૩)૨ શ્રી પંચાસર પાર્શ્વ જિન સ્તવન

(રાગ : જિન તેરે ચરણ કી...)

શરણ તુમારે આયો જિણંદરાય ! શરણ તુમારે આયો;
પકડી જકડી મોહ મહારાયે, ચિહું ગતિ ચોક ફિરાયો. શરણ૦
નરક નિગોદને બંદીખાને, કાલ અનંત રઝાયો;
પાયા અતિમહામદના પ્યાલા, બહુ વિપરીત ભમાયો. શરણ૦ ૧

મોહતણી રાણી મહામૂઢતા, તેણે હું ધંધે લગાયો;
છાઈ રહ્યા મુજ આંતર લોચન, આપકું આપ ભૂલાયો. શરણ૦ ૨

મહા મંત્રીશ્વર મોહરાયકો, મિથ્યાદર્શન કહાયો;
કુદેવ કુગુરુ કુધર્મની સંગે, સૂધ બુધ સઘળી હરાયો. શરણ૦ ૩

નાના વેશ ભેખ પાખંડે, મર્કટ નાચ નચાયો;
વિપર્યાસ આસન પર મંડપ, ચિત્ત વિક્ષેપ રચાયો. શરણ૦ ૪

સુણો અરદાસ સમર્થ પ્રભુ પાર્શ્વ ! પંચાસર સુખદાયો,
અંતરંગ રિપુ ભય સવિ નાઠો, જો વિનયે પ્રભુ ધ્યાયો શરણ૦ ૫

## (૧૨૩)૩(અ) શ્રી પાર્શ્વ જિન સ્તવન

(અર્વાચિન હોવાની સંભાવના છે)

તમે બોલો બોલોને પારસનાથ, બાળક તમને બોલાવે;
તમે આંખડી ખોલોને એકવાર, બાળક તમને બોલાવે... ૧

મારાં કરેલા કર્મો આજ રે નડ્યા, મારા અવળા તે લેખો કોણે રે લખ્યા ?
મારા પૂર્વના પ્રગટ્યા છે પાપ, બાળક૦ ૨

કંઠ સુકાયો મુખથી બોલાતું નથી, શ્વાસ રૂંધાયો આંખે દેખાતું નથી;
હું તો રડું છું હૈયાભાર, બાળક૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારી આશાનો દીપક બૂઝાઈ ગયો, ચારે કોર અંધકાર છવાઈ ગયો;
મારા જીવનમાં પડી છે હડતાલ, બાળક૦ ૪

તમે શાંતિની ગોદમાં પોઢી ગયા, તરછોડી જતાં ના આવી દયા;
હવે ક્યાં સુધી કરશો વિશ્રામ ? બાળક૦ ૫

તારા વિના આંસુ કોણ લૂંછે ? તારી ભક્તિના ભાવ કોણ પૂછે ?
જ્ઞાનવિમલના પ્રાણ આધાર, બાળક૦ ૬

## (૧૨૩)૧(બ) શ્રી શંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન

નિત્ય સમરું સાહિબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં;
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલસે વયણાં રે;
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે. શંખે૦ ૧

દ્રવ્યથી દેવ દાનવ પૂજે, ગુણ શાંત રૂચિપણું, લીજે;
અરિહાપદ પજજવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે. શંખે૦ ૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો;
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણલોકમાં વયણે ગવાશો રે. શંખે૦ ૩

એમ દામોદર જિનવાણી અષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે, પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે. શંખે૦ ૪

ત્રણ કાલ તે ધૂપ ઉવેખે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા પણ તિહા લાવે રે. શંખે૦ ૫

ઘણાં કાળ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને;
નાગલોકના કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યા રે. શંખે૦ ૬

યદુસેન રહ્યો રણ ઘેરી, જીત્યા નવિ જાયે વૈરી;
જરાસંઘે જરા તવ મેલી, હરિ બલ વિના સઘળે ફેલી રે. શંખે૦ ૭

નેમીશ્વરચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાલી;
તૂઠી પદ્માવતી બાલી, આપે પ્રતિમા ઝાકઝમાલી રે. શંખે૦ ૮

પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રુજી;
છંટકાવ ન્હવણ-જલ જોતી, જાદવની જરા જાય રોતી રે, શંખે૦ ૯

શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે. શંખે૦ ૧૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહે જે જિનરાજ હજૂરે, સેવક મનવંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈને રાજે રે. શંખે૦ ૧૧
નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે, ગામે ગામના સંઘ મિલાવે રે. શંખે૦ ૧૨
અઢાર અઠ્ઠોતેર વરસે, ફાગણ વદી તેરસ દિવસે;
જિન વંદી આનંદ પાવે, શુભવીર વચન રસ ગાવે રે. શંખે૦ ૧૩

## (૧૨૩)૫ શ્રી પાર્શ્વજિન સ્તવન

મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તું તારે, (૨)
તારક તો જાણું ખરો, જૂઠું, બિરૂદ શું ધારે.(૨) મુજ સરીખા૦ ૧
સેવા સલામી નવિ ભરું, સીધી આણ ન માનું,(૨)
માહરી રીતિ પ્રીછો તમે, શું રાખીએ છાનું...(૨) મુજ સરીખા૦ ૨
મહા મિથ્યાત્વ મેવાસમાં, વલી વાસ મેં કીધો,
ગુન્હી અને અકહ્યાગરો, નવિ ચાલુ સીધો... મુજ સરીખા૦ ૩
જે તે વરજ્યાં વેગળાં, તે મેં આઘા લીધાં,
તુજશું બાંધી બાકરી, અન્યાયો મેં કીધા... મુજ સરીખા૦ ૪
દ્વેષ ધરી તુજ ઉપરે, બીજા-શું મલીયો,
તુજ શાસન ઉત્થાપીને, પાંખડે વલીઓ... મુજ સરીખા૦ ૫
છલ કરીને છ કાયની, તુજ વાડી વિણાશી,
છું અનાડી અનાદિનો, હું તો મોટો મેવાસી... મુજ સરીખા૦ ૬
મેવાસીપણું મેલીને, આવ્યો છું તુજ ચરણે,
જો તારે તો તારજે, એહવે આચરણે...(૨) મુજ સરીખા૦ ૭
વામાનંદન વંદતા, ભવનું દુઃખ ભાંગુ,
ઉદયરત્ન કહે લળી લળી, પ્રભુ પાયે લાગું....
મુજ સરીખા મેવાસી... ૮

## શ્રી મહાવીર જિન સ્તવન

વીરકુંવરની વાતડી કેને કહીયે ? હાંરે કેને કહીયે રે કેને કહીયે;
હાંરે નવિ મંદિર બેસી રહીયે, હાંરે સુકુમાલ શરીર. વીર૦ ૧
બાલપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઈન્દ્રે મલ્હાવ્યો;
ઈન્દ્રાણી મલી હુલરાવ્યો, હાંરે ગયો રમવા કાજ વીર૦ ૨
છોરૂ ઉછાંછળા લોકના કેમ રહીયે, એની માવડીને શું કહીયે;
કહીયે તો અદેખા થઈએ, હાંરે નાશી આવ્યા બાળ વીર૦ ૩


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમલકી ક્રીડા વશે વીંટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો;
હાથે ઝાલી વીરે તાણ્યો, હાંરે કાઢી નાખ્યો દૂર. વીર૦ ૪
રૂપ પિશાચનું દેવતા કરી ચલીયો, મુજ પુત્રને લેઈ ઉછળીયો;
વીર મુષ્ટિ પ્રહારે વળીયો, હાંરે સાંભળીયે એમ. વીર૦ ૫
ત્રિશલા માતા મોજમાં એમ કહેતી, સખીઓને ઓળંભા દેતી;
ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતી, હાંરે તેડાવે છે બાળ, વીર૦ ૬
વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, માતા ત્રિશલાએ ન્હવરાવ્યા;
ખોળે બેસાડી હુલરાવ્યા, હાંરે આલિંગન દેત. વીર૦ ૭
યૌવનવય પ્રભુ પામતા પરણાવે, પછી સંજમશું દિલ લાવે;
ઉપસર્ગની ફોજ હઠાવે, હાંરે લીધું કેવળજ્ઞાન વીર૦ ૮
કર્મસુદન તપ ભાખીયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે;
ફલપૂજા કહી શિવકાંજે, હાંરે ભવિને ઉપકાર વીર૦ ૯
શાતા અશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષય પદ લીધું;
શુભવીરનું કારજ સિધ્યું, હાંરે ભાંગે સાદિ અનંત વીર૦ ૧૦

## (૧૨૪)૨ શ્રી મહાવીર જિન સ્તવન

વીર વહેલા આવોને, ગૌતમ કહી બોલાવે ને;
દરિશણ વહેલા દીજીએ હોજી,...............
પ્રભુ તું નિઃસ્નેહી, હુ સસનેહી અજાણ. વીર૦ ૧

સાખી → ગૌતમ ભણે ભો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો;
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો;
જિનજી તારા ગુપ્ત ભેદોથી અજાણ. વીર૦ ૨

સાખી → શિવનગર હતું શું સાંકડું કે, હતી નહીં મુજ યોગ્યતા;
જો કહ્યું હોત મુજને તો, કોણ કોઈને રોકતા;
જિનજી ! હું શું માગત ભાગ સુજાણ રે. વીર૦ ૩

સાખી → મમ પ્રશ્નના ઉત્તર દેઈ, ગૌતમ કહી કોણ બોલાવશે;
કોણ કરશે સાર સંઘની ને, શંકા બિચારી ક્યાં જશે ?
હે પુણ્યકથા કહી પાવન કરો મમ કાન રે. વીર૦ ૪

સાખી → જિન ભાણ અસ્ત થતાં તિમિર, મિથ્યાત્વ સઘળે વ્યાપશે;
કુમતિ કૌતુક જાગશે ને, ચોર ચુંગલ વધી જશે;
હે ત્રિગડે બેસી દેશના દ્યો જગભાણ રે. વીર૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાખી→ મુનિ ચૌદ સહસ છે તાહરે ને, 'માહરે વીર' તું એક છે;
ટળવળતો મૂકી ગયાં મુજને, ક્યાં તમારે ટેક છે;
પ્રભુ સ્વપ્નાંતરમાં અંતર ન ધર્યો સુજાણ રે. વીર૦ ૬

સાખી→ પણ હું આજ્ઞાવાટ ચાલ્યો, નથી મળ્યો આ અવસરે;
હું રાગવશ રખડું નિરાગી, વીર શિવપુર સંચરે;
હું 'વીર વીર' કરું, વીર ન ધરે કાંઈ કાન રે. વીર૦ ૭

સાખી→ કોણ વીર ને કોણ ગૌતમ, નહીં કોઈ કોઈનું કદા;
એ રાગ ગ્રંથી તૂટતાં, વરજ્ઞાન ગૌતમને થતાં;
હે સુરતરૂ સુરમણિ, ગૌતમ નામે નિધાન રે. વીર૦ ૮

સાખી→ કાર્તિક માસ અમાસ રાત્રે, અસ્ત ભાવદીપક તણો;
દ્રવ્યદિપક જ્યોત પ્રગટે, લોક દિવાળી ભણે;
હે વીરવિજયના, નર નારી કરે ગુણગાન રે. વીર૦ ૯

## (૧૨૪)૩ શ્રી વીર પ્રભુનું ૨૭ ભવનું સ્તવન (ઢાળ-પાંચ) (પર્યુષણમાં બોલાય છે.)

### દુહા

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામે જીવ ને, ભવ ગણતીએ ગણાય;
જો વલી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨
વીર જિનેશ્વર સાહેબો, ભમિયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

### ઢાળ પહેલી

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે;
પ્રાણી ! ધરિયે સમકિત રંગ, જિમ પામિયે સુખ અભંગ રે;
પ્રાણી ! ધરિયે સમકિત રંગ. ૧

મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરું રે, તો વંછિત ફળ હોય રે. પ્રાણી૦ ૨

મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઈહાં રે ? મુનિ કહે સાર્થ વિયોગ રે. પ્રાણી૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરખભેર તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાર્થ ભેળાં કરું આજ રે. પ્રાણી૦ ૪
પગવટીયે ભેળાં કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫
દેવગુરુ ઓળખાવિયાં રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬
શુભધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોઝાર;
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી૦ ૭
નામે મરિચી યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી તયો રે, ત્રિદંડિક શુભ વાસ રે. પ્રાણી૦ ૮

૧. પગવટી-પગદંડી, ૨. વિજોગ-વિયોગ.

## ઢાળ બીજી

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદિશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષ પગ પાવડી ભગવે વેષ. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થુલથી વ્રત ધરતો રંગે. ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરિચી નામ;
વીર નામે થશે જિન છેલ્લાં, આ ભરતે વાસુદેવ પહેલાં. ૪
ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરિચીને પ્રદક્ષિણા દેતા નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઈવંત ગવાશો, હરિચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદું ત્રિદંડિક વેષ, નમું ભક્તિએ વીર જિનેશ. ૬
એમ સ્તવના કરી જાવે, મરિચી મન હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુલ ઉત્તમ મ્હારું કહીશું;
નાચે કુળમદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮
એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશના સુણી દીક્ષા વાસે, કહે મરિચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરિચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરિચી કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પાંચમે સર્ગ સિધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહી. ૧૩

## ઢાળ ત્રીજી

પાંચમે ભાવ કોલ્લાગસન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧
કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨
સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવિષે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ[1] ત્રિદંડી, પૂર્વ આયુલાખ સાઠે મૂઓ. ૩
મધ્ય સ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદર પુર દ્વિજઠાણ;
લાખ છપ્પન પૂરવ આયુધરી અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪
ત્રીજે સરગે[2] મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી;
પૂરવ લાખ ચુમ્માળીશ આય, ભારદ્વીજ ત્રિદંડીક થાય. ૫
તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી થાય, ચોત્રીશ લાખ પૂરવનું આય. ૬
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ કરોડ વરસનું આય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭
સંભૂતિમુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડીયા વસા[3], વિશાખાનંદી પિતરિયો હસ્યા;
ગૌશૃંગે મુનિ ગરવે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજથી બળ ઘણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

---

૧. દ્વિજ-બ્રાહ્મણ, ૨. સરગે-સ્વરગે, ૩. વસા-પૃથ્વી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઢાળ ચોથી

અઢારમે ભવે સાત, સુપન સૂચિત સતી;
પોતનપૂરીએ પ્રજાપતિ રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નીપન્યા;
પાપ ઘણું કરી, સાતમી નરકે ઉપન્યા. ૧
વીશમે ભવ થઈ સિંહ, ચોથી નરકે ગયા;
તિહાંથી ચવી સંસારે, ભવ બહુલાં થયા;
બાવીશમે નર ભવ લહી, પુણ્ય દશા વર્યા;
ત્રેવીશમે રાજધાની, મૂકાએ સંચર્યા. ૨
રાય ધનંજય ધારણી રાણીએ જનમિયા;
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિઆ;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી;
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ૩
મહાશુક્રે થઈ દેવ ઈણે ભરતે ચ્યવી;
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી;
ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી;
નંદન નામે પુત્રો દીક્ષા આચરી. ૪
અગીયાર લાખને એંશી હજાર છસ્સેં વળી;
ઉપર પીસ્તાળીશ અધિક પણ દિન રૂળી;
વીશ સ્થાનક માસખમણે, જાવજ્જીવ સાધતા,
તિર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા. ૫
લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા;
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીસનું જીવિત સુખભર ભોગવે;
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

## ઢાળ પાંચમી

નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજશ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે;
ભવિકા ! પેટ લીધો પ્રભુ વિસરામ રે. ભ૦ ૧

બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કુખે છટકાય રે. ભ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ માસાંતરે જનમીયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ભ૦ ૩
સંસારલીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શિર દીધ રે. ભ૦ ૪
સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભ૦ ૪
ચોત્રીશ અતિસય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીસ સહસ તે સાધવી, રે, બીજો દેવ દેવી પરિવાર રે. ભ૦ ૬
ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આઉખું રે, દિવાળીયે શિવપદ લીધ રે. ભ૦ ૭
અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાયમલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. ભ૦ ૮
તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તુમારી આશ રે. ભ૦ ૯
અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે. ભ૦ ૧૦
મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે. ભ૦ ૧૧

**॥ કળશ ॥**

ઓગણીશ એકે વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો;
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો;
સંવેગ રંગ તરંગ ઝીલે, જશ વિજય સમતા ધરો;
શુભવિજય પંડિત ચરણ સેવક વીરવિજય જય જયકરો.

## (૧૨૪). શ્રી મહાવીર જિન સ્તવન

વીર હમણાં આવે છે મારે મંદિરીયે
મંદિરીયે રે મારે મંદિરીયે વીર હમણાં, આવે છે મારે મંદિરીયે. ૧
પાયે પડીને હું તો ગોદ બિછાવું નિત નિત વિનતડી કરીએ.
વીર હમણાં આવે છે મારે મંદિરીયે. ૨
સયણાં સુણી પ્રભુ પડીલાભી જે, તો ભવિ ભવ સાયર તરીએ. વીર૦ ૩
સ્વજન કુટુંબ પુત્રાદિક સહુએ, હરખે એણી પરે ઉચ્ચરીએ. વીર૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જબ આંગણ પ્રભુ વીર પધારે, તવ વત્સ સન્મુખ ડગ ભરીએ. વીર૦ ૫
અપ્રતિબદ્ધ પણે પ્રભુ મહાવીરજી, ઘર ઘર ભિક્ષાએ ફરીએ. વીર૦ ૬
અભિનવ શેઠ તણે ઘેર પારણું, કીધું ફરતા ગોચરીએ. વીર૦ ૭
ભાવના ભાવતાં જીરણ શેઠજી, દેવ દુંદુભિ સુણી ચિત્ત ભરીએ. વીર૦ ૮
બારમા કલ્પનું બાંધ્યું રે આઉખું, વીર જીન ઉત્તમ ચિત્ત ધરીએ. વીર૦ ૯
તસ પદ પદ્મની સેવા કરતાં, સહેજે શિવ સુંદરી વરીએ. વીર૦ ૧૦

## (૧૨૪)૫ શ્રી મહાવીરસ્વામીનું સ્તવન

મહાવીર સ્વામી રે વિનંતી સાંભળો, હું છું દુઃખીયો અપાર,
ભવોભવ ભટક્યો રે વેદના બહુ સહી, ચઉગતિમાં બહુ વાર. મહા૦ ૧
જન્મ મરણના રે દુઃખ નિવારવા, આવ્યો છું આપ હજૂર,
સમ્યગ્દર્શન જો મુજને દીયો, તો લહું સુખ ભરપૂર. મહા૦ ૨
રખડી રઝળી રે હું અહીં આવીયો, સાચો જાણી તું એક,
મુજ પાપીને રે પ્રભુજી તારજો, તાર્યા જેમ અનેક. મહા૦ ૩
ના નહિ કહેજો રે મુજને સાહિબા, હું છું પામર રાંક,
આપ કૃપાળુ રે ખાસ દયા કરી, માફ કરજો મુજ વાંક. મહા૦ ૪
ભૂલ અનંતી વાર આવી હશે, માફ કરજો મહારાજ,
**શ્રી 'ઉદયરતન'** એમ લળી લળી વિનવે બાંહ્ય ગ્રહો રાખી લાજ. મહા૦ ૫

## (૧૨૫) શ્રી આત્મ સ્વભાવનું સ્તવન

પ્રભુ વીરનો પંથડો વ્હાલો હો રાજ, પંથી અમે પરદેશના.
પડ્યા ભૂલ્યાનો હાથ કોઈ ઝાલો હો રાજ,
પંથી અમે પરદેશના. પ્રભુવીરનો૦ ૧
સાખી → વાસ કીધો નિગોદમાં, કાઢ્યો કાળ અનંત
એક જ શ્વાસોશ્વાસમાં ભવ સત્તર વિશેષ
જયાં કાયા એક ને જીવ, જુજવા હો રાજ. પંથી...પ્રભુવીરનો૦ ૨
સાખી → આહાર શ્વાસ સાથે સૌ, મરવું પણ બહુ વાર
ફરી ફરીને ઉપન્યો, એજ નિગોદમાં નાથ,
આવા જન્મ મરણ દુઃખ ભોગવી હો રાજ. પંથી...પ્રભુવીરનો૦ ૩
સાખી → ભાડભૂંજા ધાણી ભૂંજે, ઊછળે દાણા અપાર
પણ તેમાં પાછા પડે, નિસરે કોક જ વાર
એવા ભૂંજ ગામથી અમે નીકળી હો રાજ પંથી... પ્રભુવીરનો૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાખી → આદુ મૂળામાં ઉપન્યો, ડુંગળી લસણ મોઝાર
મૂલ્ય વિના મને વેચીયો, ના રહ્યું માન લગાર.
આપી લસણકળી અદકલાણમાં હો રાજ. પંથી... પ્રભુવીરનો૦ ૫
સાખી → એકેન્દ્રિયમાં આથડ્યો, નિરધણીયો નીરધાર,
દુઃખ સહી હલકો થઈ વળી વિકલેન્દ્રિય મોજાર.
જ્યાં કાળ સંખ્યાતા તિહાં, કાઢીયા હો રાજ. પંથી.પ્રભુવીરનો૦ ૬
સાખી → પંચેન્દ્રિ તીર્યંચમાં, બળદ થઈ બહુવાર
આરો ખાધી આકરી, ઉપર પરાણા માર,
મુંગા મુંગા સહ્યાં એ મારને હો રાજ. પંથી... પ્રભુવીરનો૦ ૭
સાખી → ભરૂચના પાડા થઈ, ખેંચ્યું પાણી પખાલ,
આંતરડાં ઊંચા થયા, ચડતાં ઊંચા ઢાળ,
એમ ઢળક ઢળક આંસુ ઢાળીયા, હો રાજ. પંથી...પ્રભુવીરનો૦ ૮
સાખી → વિકટ પંથ વટાવીને, નરભવ નગર મોજાર,
આર્યકુલમાં ઉપન્યો સાથે રિદ્ધિ અપાર,
નવી રાખ્યો વળાવ કોઈ સાથમાં હો રાજ પંથી. પ્રભુવીરનો૦ ૯
સાખી → કંચન ને બીજી કામિની, વળી કુટુંબને કાય
મોહે દૂતો મોકલ્યા, ઊભા મારગ માંય
રાગદ્વેષ લુંટારે મને લૂંટીયો હો રાજ. પંથી. પ્રભુવીરનો૦ ૧૦
સાખી → લુંટી રિદ્ધિ માહરી, કીયો હાલ બેહાલ
શુદ્ધ સાન સવી વીસરી, પડ્યો મોહ જંજાળ
ન્યાય માગે શરણ પ્રભુવીરનું હો રાજ. પંથી. પ્રભુવીરનો૦ ૧૨

## (૧૨૬)૧ શ્રી સામાન્ય જિન સ્તવન

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું...
હૃદયકમલ મે ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહુ. જિન૦ ૧
તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહીં કબહું. જિન૦ ૨
તેરે ગુણ કી જપું જપમાલા, અહનિશ પાપ દહું. જિન૦ ૩
મેરે મનકી તુમ સબ જાનો, ક્યાં મુખ બહોત કહું. જિન૦ ૪
કહે જસવિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવદુઃખ ન લહું. જિન૦ ૫

## (૧૨૬)૨ શ્રી સામાન્ય જિન સ્તવન

કામ સુભટ ગયો હારી રે થાશું, કામ સુભટ ગયો હારી.
રતિપતિ આણ વહે સહુ સુરનર, હરિહર બ્રહ્મમુરારી રે થાશું...૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોપીનાથ વિગોપીત કીનો, હર અર્ધાંગત નારી રે થાશું...૨
તેહ અનંગ કિયો ચકચૂરણ, એ અતિશય તુજ ભારી રે થાશું...૩
તે સાચું જિમ નીર પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી રે થાશું...૪
પણ વડવાનલ પ્રબલ જબ પ્રગટે. તબ પીબત સવિ વારી રે થાશું...૫
એણી પેરે તેં અતિ દહવટ કીનો, વિષય અરતિ-રતિ વારી રે થાશું...૬
નયવિમલ પ્રભુ તું હિ નીરાગી, મ્હોટો મહા બ્રહ્મચારી રે થાશું...૭

## (૧૨૭) શ્રી પ્રતિમા સ્થાપનાનું સ્તવન

ભરતાદિકે ઉદ્ધારજ કીધાં, શત્રુંજય મોઝાર;
સોનાતણાં જેણે દહેરા બંધાવ્યા, રત્ન તણાં બિંબ સ્થાપ્યાં;
હો ! કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી ? એ જિનવચને સ્થાપી. હો ! કુમતિ૦ ૧

વીર પછી બસેં નેવું વરસે, સંપ્રતિરાય સુજાણ;
સવા લાખ જિન દહેરા કરાવ્યા, સવા ક્રોડ બિંબ સ્થાપ્યા. હો ! કુમતિ૦ ૨

દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી, સૂત્રમેં શાખ ઠરાણી !
છઠ્ઠા અંગે એ વીરે ભાખ્યું, ગણધર પૂરે છે સાખી હો ! કુમતિ૦ ૩

સંવત નવસેં ત્રાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ !
આબુ તણાં જેણે દેહરાં કરાવ્યાં, પાંચ હજારબિંબ સ્થાપ્યાં. હો ! કુમતિ૦ ૪

સંવત અગિયાર નવાણું વર્ષે, રાજા કુમારપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાત હજાર બિંબ સ્થાપ્યાં. હો ! કુમતિ૦ ૫

સંવત બાર પંચાણું વર્ષે, વસ્તુપાલ તેજપાલ,
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, અગિયાર હજારબિંબ સ્થાપ્યાં. હો ! કુમતિ૦ ૬

સંવત બાર બહોંતેર વર્ષે, ધન્નો સંઘવી જેહ !
રાણકપુરે જિન દેહરાં કરાવ્યા, ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં; હો ! કુમતિ૦ ૭

સંવત તેર એકોતેર વરસે, સમરોશા ઓશવાળ;
ઉધ્ધાર પંદરમો શત્રુંજય કીધો, અગિયાર લાખ દ્રવ્ય ખરચ્યો હો ! કુમતિ૦ ૮

સંવત સોલ બ્હોંતેર વરસે, બાદશાહને વારે;
ઉધ્ધાર સોળમો શત્રુંજય કીધો, કરમાશાએ જશ લીધો. હો ! કુમતિ૦ ૯

જિનપ્રતિમા જિન સરખી જાણી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી !
જિન પ્રતિમામાં સંદેહ ન રાખો, વાચકજશની એ વાણી હો ! કુમતિ૦ ૧૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૨૮)₁ પર્યુષણનું સ્તવન

સુણજો સાજન સંત પજુસણ આવ્યા રે...
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યાં રે...
વીર જિણેસર અતિ અલવેસર, વહાલા મારા, પરમેશ્વર એમ બોલે રે;
પર્વમાંહે પજુસણ મહોટાં, અવર ન આવે તસ તોલે. રે પજુ૦ ૧

[1]ચઉપદમાં જેમ કેશરી મોટો, વહાલા-[2]ખગમાં ગરૂડ તે કહીએ રે;
નદીમાંહી જેમ ગંગા મ્હોટી, નગમાં મેરૂ લહીએ રે. પજુ૦ ૨

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો વહાલા૦ દેવ માંહે સુરઇન્દ્ર રે;
તીરથમાં શત્રુંજય દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩

દશરા દિવાળી ને વળી હોળી, વહાલા૦ અખાત્રીજ દિવસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪

તે મટો તમે અમર પળાવો, વહાલા૦ અઠ્ઠાઈ મહોત્સવ કીજે રે;
અઠ્ઠમતપ અધિકાઈએ કરીને, નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫

ઢોલ દદામા ભેરી નફેરી, વહાલા૦ કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગૌરીની ટોળી મળી આવો રે. પજુ૦ ૬

સોના રૂપાના ફૂલડે વધાવો, વહાલા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતા, પાપ મેવાસી ધ્રૂજયા રે. પજુ૦ ૭

એમ અઠ્ઠાઈ મહોત્સવ કરતાં, વહાલા૦ બહુજીવ જગ ઉદ્ધરીયા રે;
વિબુધ વિમલ વર સેવક નય કહે, નવ નિધિ ઋદ્ધિ સિદ્ધિ વરીયા રે. પજુ૦ ૮

---

૧. ચાર પગપાળા, ૨. પક્ષીમાં, ૩. હાથી.

## (૧૨૮)₂ પર્યુષણનું સ્તવન

(રાગ : એક દિન કોશા ચિત્તરંગે)

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યાં પર્વ પજૂસણ ભારી;
આખા વર્ષમાં તે દિન મોટા, આઠે નહિ એમાં છોટા રે;
એ ઉત્તમને ઉપગારી, ભાખ્યા પર્વ પજુસણ ભારી. પ્રભુ૦ ૧

જેમ ઔષધ માંહિ કહીએ, અમૃતને સારું લહીએ રે;
મહામંત્રમાં નવકાર મંત્ર. ભાખ્યાં૦ પ્રભુ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃક્ષમાંહિ કલ્પતરૂ સારો, એમ પર્વ પજુસણ ધારો રે;
સૂત્રમાંહિ કલ્પ ભવતારી, ભાખ્યાં૦ પ્રભુ૦ ૩

તારાગણમાં જેમ ચંદ્ર, સુરવરમાંહી જેમ ઇન્દ્ર રે;
સતીયોમાં સીતા નારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૪

જો બને તો અઠ્ઠાઈ કીજે, વળી માસખમણ તપ લીજે રે;
સોલભથ્થાની બલિહારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૫

નહિ તો ચોથ છઠ્ઠ તો લહીએ, અઠ્ઠમ કરી દુઃખ સહીયે રે;
તે પ્રાણી જુજ અવતારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૬

તે દિવસે રાખી સમતા, છોડો મોહ માયા ને મમતા રે;
સમતારસ દિલમાં ધારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૭

પૂરવ તણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવી રે;
ભદ્રબાહુ વાર અનુસારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૮

સોના રૂપાના ફૂલડાં ધરીએ, એ કલ્પની પૂજા કરીએ રે;
એ શાસ્ત્ર અનોપમ ભારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૯

ગીત ગાન વાજીંત્ર બજાવે, પ્રભુજીની આંગી રચાવે રે;
કરે ભક્તિ વાર હજારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૧૦

સુગુરુ મુખથી એ સાર, સુણે અખંડ એકવીશ વાર રે;
જાવે એહિજ ભવે શિવ પ્યારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૧૧

એમ અનેક ગુણના ખાણી, તે પર્વ પજુસણ જાણી રે;
સેવો દાન દયા મનોહારી. ભાખ્યાં૦ પ્રભુ૦ ૧૨

## (૧૨૯)૧ શ્રી નવપદજીનું સ્તવન

(રાગ : આતમધ્યાનથી રેસંતો સદાસ્વરૂપે રહેવું)

અવસર પામીને રે કીજે, નવ આંબિલની ઓળી !
ઓળી કરતાં આપદ જાયે ઋદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અ૦ ૧

આસો ને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે;
આળસ મેલી આંબિલ કરશે, તસઘર નિત્ય દિવાળી અ૦ ૨

પૂનમને દિન પૂરી થાતે, પ્રેમશું પખાળી રે;
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી જાપ જપે જપમાળી. અ૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહરે જઈને દેવજુહારો, આદિશ્વર અરિહંત રે;
ચોવીશે જિન ચાહીને પૂજો, ભાવેશું ભગવંત. અ૦ ૪

બે ટંક પડિક્કમણું બોલ્યું, દેવવંદન ત્રણ કાલ રે;
શ્રી શ્રીપાલતણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ. અ૦ ૫

સમકિત પામી અંતરજામી, આરાધો એકાંત રે;
સ્યાદ્વાદ પંથે સંચરતાં, આવે ભવનો અંત. અ૦ ૬

સત્તર ચોરાણું શુદિ ચૈત્રીયે, બારશે બનાવી રે;
સિદ્ધચક્ર ગાતાં સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી રે. અ૦ ૭

ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નર નારી ચાલે રે;
ભવની ભાવઠ તે ભાંજીને, મુક્તિપૂરીમાં મ્હાલે. અ૦ ૮

## (૧૨૯)₂ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરંતા, પામે જીવ વિશ્રામ ભવિ૦ ૧

અરિહંત, સિદ્ધ, આચરજ પાઠક, સાધુ સકળ ગુણખાણ. ભવિ૦
દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવિ૦ ૨

આસો ચૈત્રની શુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ. ભવિ૦
એમ એક્યાસી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભવિ૦ ૩

પડિક્કમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર. ભવિ૦
દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાળ. ભવિ૦ ૪

બાર, આઠ, છત્રીસ, પચવીશ ને, સત્તાવીશ સડસઠ સાર. ભવિ૦
એકાવન, સિત્તેર, પચાસનો, કાઉસ્સગ્ગ કરો સાવધાન. ભવિ૦ ૫

એક એક પદનું ગણણું ગણીયે, ગણીયે દોય હજાર. ભવિ૦
એણી વિધે જે એ તપ આરાધે, તે પામે ભવ પાર. ભવિ૦ ૬

કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિમાલ ભવિ૦
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ ઢાળ. ભવિ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧૩૦)૧ શ્રી અષ્ટમીના સ્તવનો

## ઢાળ ૧લી

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશજો;
દીપે રે તીહાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ;
હાંરે મારે નયરી તેહમાં રાજગૃહી સુવિશેષજો;
રાજે રે તિહાં શ્રેણીક ગાજે ગજપરે રે લોલ. ૧

હાંરે મારે ગામ નયરપુર પાવન કરતાં નાથજો;
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લોલ;
હાંરે મારે ચૌદ સહસ મુનિવરની સાથે સાથજો;
સુધા રે તપ સંયમ શિયલે અલંકર્યા રે લોલ. ૨

હાંરે મારે ફૂલ્યા રસભર ઝૂલ્યા અંબ કદંબ જો;
જાણું રે ગુણશીલવન હસી રોમાંચીયો રે લોલ;
હાંરે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબજો;
વાસે રે પરિમલ ચિહું પાસે સંચિયો રે લોલ. ૩

હાંરે મારે દેવ ચતુર્વિધ આવે કોડાકોડજો;
ત્રિગડું રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ;
હાંરે મારે ચોસઠ સુરપતિ સેવે હોડાહોડજો;
આગે રે રસ લાગે ઈન્દ્રાણી નાચે રે લોલ. ૪

હાંરે મારે મણિમય હેમ સિંહાસન બેઠા નાથજો;
ઢાળે રે સુર ચામર મણિ રત્ને જડ્યાં રે લોલ;
હાંરે મારે સુણતાં દુંદુભિ નાદ ટળે સવિ તાપજો;
વરસે રે સુર ફૂલ સરસ જાનું અડ્યાં રે લોલ. ૫

હાંરે મારે તાજે તેજે ગાજે ઘન જેમ લુંબજો;
રાજે રે જિનરાજ સમજાવે ધર્મને રે લોલ;
હારે મારે નીરખી હરખી આવે જન મન લુંબજો;
પોખેરે રસ ન પડે ઘોષે ભર્મમાં રે લોલ. ૬

હાંરે મારે આગમ જાણી જિનનો શ્રેણિકરાયજો;
આવ્યો રે પરિવરિયો હય ગય રથ પાયગે રે લોલ;
હાંરે મારે દેઈ પ્રદક્ષિણા વંદી બેઠો ઠાયજો;
સુણવા રે જિનવાણી મોટે ભાયગે રે લોલ. ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાંરે મારે ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો;
આણી રે જન કરૂણા ધર્મકથા કહે રે લોલ;
હાંરે મારે સહજ વિરોધ વિસારી જગના જંતુજો;
સુણવા રે જિનવાણી મનમાં ગહગહે રે લોલ. ૮

## (૧૩૦)₂ ઢાળ બીજી

વીર જિનવર ઈમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ રે;
મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મના ઠાણ રે. ૦ ૧
વિરતિ એ સુમતિધરી આદરો, પરિહરો વિષય કષાય રે;
બાપડા પંચ પરમાદથી, કાં પડો કુગતિમાં ધાય[1] રે. વિરતિ૦ ૨
કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એહ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે. વિરતિ૦ ૩
જુજુઆ પર્વષટના કહ્યાં, ફળ ઘણાં આગમે જોય રે;
વચન અનુસારે આરાધતાં, સર્વથા સિદ્ધિ ફલ હોય રે. વિરતિ૦ ૪
જીવને આયુ પરભવ તણું તિથિદિને બંધ હોય પ્રાય રે;
તેહ ભણી એહ આરાધતાં, પ્રાણીઓ સદ્ગતિ જાય રે. વિરતિ૦ ૫
તે હવે અષ્ટમી ફળ તિહાં, પૂછે શ્રી ગૌતમ સ્વામ રે;
ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તામ રે, વિરતિ૦ ૬
અષ્ટ મહા સિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિ રે;
બુદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી અષ્ટગુણ સિદ્ધિ રે. વિરતિ૦ ૭
લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોય રે;
નાશ અષ્ટ કર્મનો મૂળથી, અષ્ટમીનું ફળ જોય રે. વિરતિ૦ ૮
આદિજિન જન્મ દીક્ષાતણો, અજિતનો જન્મ કલ્યાણ રે;
ચ્યવન સંભવતણો એહ તિથે, અભિનંદન નિર્વાણ રે. વિરતિ૦ ૯
સુમતિ સુવ્રત નમિ જનમીયા, નેમનો મુક્તિ દિન જાણ રે;
પાર્શ્વજિન એહ તિથે સિદ્ધલા, સાતમા જિન ચ્યવન માણ રે. વિરતિ૦ ૧૦
એહ તિથિ સાધતો રાજીયો, દંડવીરજ લહ્યો મુક્તિ રે;
કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિ રે. વિરતિ૦ ૧૧
અતીત અનાગત કાળના, જિન તણા કેઈ કલ્યાણ રે;
એહ તિથે વળી ઘણા સંયમી, પામશે પદ નિરવાણ રે. વિરતિ૦ ૧૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મવાસિત પશુ પંખીયા, એહ તિથે કરે ઉપવાસ રે;
વ્રત ધારી જીવ પોસહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે. વિરતિ૦ ૧૩
ભાખીયો વીરે આઠમ તણો, ભવિક હિત એ અધિકાર રે;
જિન મુખે ઉચ્ચરી પ્રાણીયા, પામશે ભવ તણો પાર રે. વિરતિ૦ ૧૪
એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડી રે;
સેવજો શિષ્ય બુધ પ્રેમનો, કહે કાંતિ કરજોડી રે. વિરતિ૦ ૧૫

---

૧. ધાય-દોડીને.

**॥ કળશ ॥**

ઈમ ત્રિજગભાસન અચલ શાસન, વર્ધમાન જિનેશ્વરૂં;
બુધ પ્રેમ ગુરુ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરૂ;
જિન ગુણ પ્રસંગે ભણ્યો રંગે, સ્તવન એ આઠમતણો;
જે ભવિક ભાવે સુણે ગાવે, કાંતિ સુખ પાવે ઘણો.

## (૧૩૧) શ્રી વીરભગવાનનું હાલરડું

**(પર્યુષણમાં જન્મવાચનના દિવસે બોલાય છે.)**

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે રે;
ગાવે હાલો હાલો હાલરવાના ગીત;
સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું રે;
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત;
હાલો હાલો હાલો હાલો મારા નંદને રે. હાલો૦ ૧
જિનજી પાસ પ્રભુજી વરસ અઢીસે અંતરે;
હોશે ચોવીશમો તીર્થંકર જિન પરમાણ;
કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભળી;
સાચી સાચી હુઈ તે મ્હારે અમૃત વાણ. હાલો૦ ૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ;
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ;
જિનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણધાર;
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ. હાલો૦ ૩
મ્હારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ;
મ્હારી કૂખે આવ્યા તરણતારણ જહાજ;
મ્હારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ;
હું તો પુન્ય પનોતી ઈન્દ્રાણી થઈ આજ. હાલો૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુજને દોહલા ઉપન્યા બેસું ગજ અંબાડીએ;
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજના;
તે દિન સંભારું ને આનંદ અંગ ન માય. હાલો૦ ૫

કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે;
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો;
મેં તો પહેલે સ્વપ્ને દીઠો વિશવાવીશ. હાલો૦ ૬

નંદન નવલા બંધન નંદિવર્ધનના તમે;
નંદન ભોજાઈઓના દીયર છો સુકુમાલ;
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા;
હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ રે;
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૭

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો;
નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો;
નંદન મામલીયાના ભાણેજા સુકુમાળ;
હસશે હાથે ઉછાળી કહીને ન્હાના ભાણજા;
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ. હાલો૦ ૮

નંદન મામા મામી લાવશે ટોપી આંગલા;
રતને જડીઆં ઝાલર મોતી કસબી કોર;
નીલા પીળાં ને વળી રાતાં સરવે જાતિના;
પહેરાવશે મામી માહરા નંદ કિશોર. હાલો૦ ૯

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે;
નંદન ગજવે ભરશે લાડું મોતીચૂર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં;
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ૧૦

નંદન નવલા ચેડા મામાની સાતે સતી;
મ્હારી ભત્રીજી ને બહેન તમારી નંદ;
તે પણ ગજવે ભરવા લાખણસાઈ લાવશે;
તમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૧

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો;
વળી સૂડા મેના પોપટ ને ગજરાજ;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારસ કોયલ હંસ તીતર ને વળી મોરજી;
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૨
છપ્પન કુમરી અમરી જલ કળશે નવરાવીઆ;
નંદન તમને અમને કેલી ઘરની માંહી;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે;
'બહુ ચિરંજીવો' આશિષ દીધી તુમને ત્યાંહી. હાલો૦ ૧૩
તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીઆ;
નીરખી નીરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા;
વળી તન પર વારૂ ગ્રહગણનો સમુદાય. હાલો૦ ૧૪
નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું;
ગજપર અંબાડી બેસાડી મ્હોટે સાજ
પસલી ભરશું શ્રીફલ ફોફળ નાગરવેલશું;
સુખલડી લેશું નિશાળિયાને કાજ. હાલો૦ ૧૫
નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું;
વહુ વર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખેસરખા વેવાઈ વેવાણોને પધરાવશું;
વરવહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર. હાલો૦ ૧૬
પિયર સાસર મ્હારા બેહુ પખ નંદન ઉજળા;
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મ્હારે આંગણે વુઠચા અમૃત દૂધે મેહુલા;
મ્હારા આંગણે ફલીઆ સુરતરૂ સુખના કંદ. હાલો૦ ૧૭
ઈણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું;
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ
બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂં;
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ૧૮

---

૧. કરતલ-હાથના તળીએ ૨. પગતલ-પગના તળીયાં, ૩. પખ-પક્ષ.

## (૧૩૨), શ્રી સીમંધર જિનવર થોય

**(આ થોય ૪ વખત બોલી શકાય છે.)**

શ્રી સીમંધર જિનવર સુખકર સાહિબ દેવ;
અરિહંત સકલની ભાવ ધરી કરું સેવ;
સકલાગમપારગ ગણધર ભાષિત વાણી;
જયવંતી આણા જ્ઞાનવિમલગુણ ખાણી... ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૩૨)₂ શ્રી સીમંધર જિન ૪ થોયો

(રાગ : ત્ર્યાશી લાખ પૂરવ ઘરવાસે)

શ્રી સીમંધર મુજને વ્હાલા, આજ સફલ સુવિહાણું જી,
ત્રિગડે તેજે તપતા જિનવર, મુજ તુઠ્યા હું જાણું જી,
કેવલ કમલા કેલી કરંતા, કુલમંડણ કુલદીવો જી,
લાખ ચોરાસી પૂરવ આયુ, રુક્મિણીવર ઘણું જીવો જી. ૧
સંપ્રતિકાલે વીશ તીર્થંકર, ઉદયા અભિનવ ચંદા જી,
કેઈ કેવલી કેઈ બાલક પરણ્યા, કેઈ મહિપતિ સુખકંદા જી,
શ્રી સીમંધર આદિ અનોપમ, મહાવિદેહ ક્ષેત્રે જિણંદા જી,
સુર નર કોડાકોડી મળી વળી, જોવે મુખ અરવિંદા જી. ૨
સીમંધર મુખ ત્રિગડું જોવા, હું અલજાયો વાણી જી,
આડા ડુંગર આવી ન શકું, વાટ વિષમ અરુ પાણી જી,
રંગ ભરી રાગ ધરી પાય લાગું, સૂત્ર અર્થ મન સારો જી,
અમૃતસરથી અધિક વખાણી, જીવદયા ચિત્ત ધારો જી. ૩
પંચાંગુલી મેં પ્રત્યક્ષ દીઠી, હું જાણું જગ માતાજી,
પહેરણ ચરણા ચોલી પટોલી, અધર બિરાજે રાતા જી,
સ્વર્ગભુવન સિંઘાસણ બેઠી, તુહી જ દેવી વિખ્યાતા જી,
સીમંધર શાસન રખવાલી, શાન્તિકુશલ સુખદાતા જી. ૪

## (૧૩૨)₃ શ્રી સીમંધર જિન થોયો

અજુવાલી તે બીજ સોહાવે રે, ચંદા રૂપ અનુપમ ભાવે રે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, શ્રી સીમંધરને વંદના કહેજો રે. ૧
વીશ વિહરમાન જિનને વંદો રે, જિનશાસન પૂજી આણંદો રે;
ચંદા એટલું કામ તુમે કરજો રે, શ્રી સીમંધરને વંદના કહેજો રે. ૨
શ્રી સીમંધર જિનની વાણી રે, તે તો અમીય પાન સમાણી રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે. ૩
શ્રી સીમંધર જિનની સેવા રે, તે તો શાસન ભાસન મેવા રે;
ચંદા હો જો સંઘના ત્રાતા રે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ૪

## (૧૩૩)₁ શ્રી શત્રુંજયની સ્તુતિ

(રાયણ પગલાંની સ્તુતિ)

શ્રી શત્રુંજે આદિજિન આવ્યા, પૂર્વનવ્વાણું વારોજી,
અનંત લાભ તિહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારોજી,
વિમલ ગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલ ઈણે ઠામોજી,
કાંકરે કાંકરે અનંતા સિદ્ધા, એકસો આઠ ગિરિ નામોજી ॥૧॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૩૩)₂ શ્રી શંત્રુજય તીર્થની ૪ થોયો

(રાગ : મારવાડી)

પ્રણમો ભવિયાં રિસહજિનેસર, શત્રુંજયકેરો રાય જી;
વૃષભ લંછન જસ ચરણે સોહે, કંચનવરણી કાય જી;
ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાય જી;
ચૈત્રી પૂનમને દિને જેહના, મ્હોટા મહોત્સવ થાય જી. ૧
અષ્ટાપદગિરિ શિવપદ પામ્યા, શ્રી રિસહેસર સ્વામી જી;
ચંપાયે વસુપૂજય નરેસર, નંદન શિવગતિગામી જી;
વીર અપાપાપુર ગિરનારે, સિદ્ધા નેમિ જિણંદો જી;
વીશ સમેતગિરિશિખરે પહોંતા, એમ ચોવીશે વંદો જી. ૨
આગમ નોઆગમ પરે જાણો, સવિ વિષનો કરે નાસો જી;
પાપતાપ વિષ દૂર કરવા, નિશદિન જેહ ઉપાસો જી;
મમતા કંચુકી કીજે અલગી, નિર્વિષતા આદરીએ જી;
ઈણી પરે સહજ થકી ભવ તરીયે, જિમ શિવ સુંદરી વરીયે જી. ૩
કવડજક્ષ પ્રત્યક્ષ થઈને, જેવહા પરચા પૂરે જી;
દોહગ દુર્ગતિ દુર્જનનો ડર, સંકટ સઘળાં ચૂરે જી;
દિન દિન દોલત દીપે અધિકી, જ્ઞાનવિમલ ગુણ નૂર જી;
જીત તણાં નિશાન વજાવો, બોધિબીજ ભરપૂર જી. ૪

## (૧૩૩)₃ શ્રી શંત્રુજય તીર્થની ૪ થોયો

સકલ મંગલ લીલા મુનિ ધ્યાન, પરભવ ઘૃતનું દીધું દાન;
ભવિજન એક પ્રધાન,
મરૂદેવાએ જન્મ જ દીધો, ઈન્દ્રે સેલડી રસ આગળ કીધો;
વંશ ઈખ્ખાગ તે સીધો,
સુનંદા સુમંગલા રાણી, પૂરવ પ્રીત ભલી પટરાણી;
પરણાવે ઈન્દ્ર ઈન્દ્રાણી,
સુખ વિલસે રસ અમીરસ ગૂંજે, પૂરવ નવ્વાણું વાર શેત્રુંજે;
પ્રભુ જઈ પગલે પૂજે. ૧

આદિ નહિ અંતર કોય એહનો, કેમ વર્ણવીજે સખી ગુણ એનો;
મોટો મહિમા તેનો,
અનંત તીર્થંકર ઈણ ગિરિ આવે, વિહરમાન વ્યાખ્યાન સુણાવે;
દિલ ભરી દિલ સમજાવે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકલ તીર્થનું એહિ જ ઠામ, સર્વે ધર્મનું એહિ જ ધામ;
એ મુજ આતમરામ,
રે રે મૂરખ મન શું મુંઝે, પૂજીએ દેવ ઘણાં શેત્રુંજે;
જ્ઞાનની સુખડી ગુંજે. ૨
સોવન ડુંગર ટૂક રૂપાની, અનુપમ માણેક ટૂક સોનાની;
દીસે દેરા દધાની,
એક ટૂકે મુનિ અણસણ કરતા, એક ટૂકે મનિ વ્રત તપ કરતા;
એક ટૂકે ઊતરતા,
સૂરજકુંડ જલ અંગ લગાયો, મહિપાલનો કોઢ ગમાયો;
તેને તે સમુદ્ર નિપાયો,
સવાલાખ શત્રુંજય મહાતમ, પાપતણી તિહાં ન રહે રાતમ;
સુણતાં પવિત્ર આતમ. ૩
રમણિક ભોંયરુ ગઢ રઢિયાળો, નવખંડ કુંમર તીર્થ નિહાલો;
ભવિજન પાપ પખાલો,
ચોખાખાણ ને વાઘણપોળ, ચંદનતલાવડી ઉલખા જોળ;
કંચન ભરો રે અંઘોળ,
મોક્ષબારીનો જગ જશ મોટો સિદ્ધિશિલા ઉપર જઈ લોટો;
સમકિત સુખડી બોટો,
સોના ગભારે સોવન્ન જાળી, જારો જિનની મૂર્તિ રસાલી;
ચક્કેસરી રખવાલી. ૪

## (૧૩૪) શ્રી આદિનાથજીની થોય

પ્રહ ઊઠી વંદુ, ઋષભદેવ ગુણવંત, પ્રભુ બેઠા સોહે,
સમવસરણ ભગવંત, ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઇંદ્ર,
જિનના ગુણ ગાવે, સુર નર નારીના વૃંદ. ૧
બાર પર્ષદા બેસે, ઇંદ્ર ઇંદ્રાણી રાય, નવ કમલ રચે સુર,
તિહાં ઠવતા પ્રભુ પાય, દેવદુંદુભિ બાજે કુસુમવૃષ્ટિ બહુ હુંત,
એવા જિન ચોવીશ, પૂજો એકણ ચિત્ત... ૨
જિન જોજનભૂમિ, વાણીનો વિસ્તાર, પ્રભુ અર્થ પ્રકાશે,
રચના ગણધર સાર, સો આગમ સુણતાં, છેદી જે ગતિ ચાર,
જિન વચન વખાણી, લીજે ભવનો પાર... ૩
જક્ષ ગોમુખ ગિરુવો, જિનની ભક્તિ કરેવ, તિહાં દેવી ચક્કેસરી,
વિઘ્ન કોડી હરેવ, શ્રી તપગચ્છ નાયક, વિજય સેનસૂરિ રાય,
તસ કેરો શ્રાવક, '**ઋષભદાસ**' ગુણ ગાય... ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૩૫)₁ શ્રી શાંતિનાથનીજી ચાર થોયો

દદ્યાદર્હન્, શાન્તિઃ શાન્તિમ્ ૧ સાર્વસ્તોમં, સ્તૌમ્યસ્તાધમ્. ૨
સિદ્ધાન્તઃ સ્તા-જ્જૈનો મુક્ત્યૈ. ૩ નિર્વાણી વો, વિઘ્નં હન્યાત્. ૪

## (૧૩૫)₂ શ્રી શાંતિનાથનીજી ચાર થોયો

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે,
સુમિત્રાને ઘેર પારણું, ભવપાર ઉતારે,
વિચરંતા અવની તળે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે... ૧

પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિકુમારી,
રાજ્યવિહોણા એ થયા, આપ વ્રતધારી,
શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી,
મલ્લિ નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી... ૨

કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરી જે,
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે,
યોગાવંચક પ્રાણિયા ફલ લેતાં રીઝે,
પુષ્કરાવર્તના મેઘમાં, મગશૈલ ન ભીંજે... ૩

ક્રોડ વદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચાર,
હસ્ત બીજોરૂ કમલ છે, દક્ષિણ કર સાર,
જક્ષ ગરુડ વામ પાણિએ, નકુલાક્ષ વખાણે,
નિર્વાણીની વાત તો, કવિ 'વીર' તો જાણે... ૪

## (૧૩૬)₁ શ્રી નેમનાથ જિનની ચાર થોયો

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી, તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી,
પશુઆ ઉગારી, હુઆ ચારિત્ર ધારી, કેવલ સિરિ સારી, પામીયા ઘાતિ વારી... ૧

ત્રણ જ્ઞાન સંયુક્તા, માતની કૂખે હુંતા, જન્મે પુરહુંતા, આવી સેવા કરંતા,
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા, મહીયલ વિચરંતા, કેવલશ્રી વરંતા... ૨

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે, ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે,
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે, તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે... ૩

શાસન સુરી સારી, અંબિકા નામ ધારી, જે સમકિતી નર નારી, પાપ સંતાપ વારી,
પ્રભુ સેવા કારી, જાપ જપીએ સવારી, સંઘ દુરિત નિવારી, 'પદ્મને' જેહ પ્યારી... ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૩૬)₂ શ્રી નેમનાથ જિનની ૪ થોયો

શ્રી ગિરનાર શિખર શણગાર, રાજીમતી હૈડાનો હાર;
જિનવર નેમકુમાર,
પૂરણ કરુણારસ ભંડાર, ઉગાર્યા પશુઆ એ વાર;
સમુદ્રવિજય મલ્હાર,
મોર કરે મધુરો કિંકાર, વિચે વિચે કોયલના ટહુકાર;
સહસ્ત્રગમે સહકાર,
સહસાવનમાં હુઆ અણગાર, પ્રભુજી પામ્યા કેવલ સાર;
પહોંચ્યા મુક્તિ મોઝાર. ૧

સિદ્ધિગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર;
ચિત્રકુટ વૈભાર,
સોવનગિરિ સમ્મેત શ્રીકાર, નંદીશ્વર વર દ્વીપ ઉદાર;
જિંહા બાવન વિહાર,
કુંડલ રુચકને ઈક્ષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિચાર;
અવર અનેક પ્રકાર,
કુમતિ વયણે મ ભૂલ ગમાર, તીરથ ભેટે લાભ અપાર;
ભવિયણ ભાવે જુહાર. ૨

પ્રગટ છઠ્ઠે અંગે વખાણી, દ્રૌપદી પાંડવની પટરાણી;
પૂજા જિન પ્રતિમાની
વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યાદષ્ટિ અન્નાણી;
છાંડ્યો અવિરતિ જાણી,
શ્રાવકકુલની એ સહિ નાણી, સમકિત આલાવે આખ્યાણી;
સાતમે અંગે વખાણી,
પૂજનિક એ પ્રતિમા અંકાણી, ઈમ અનેક આગમની વાણી;
તે સુણજો ભવિ પ્રાણી. ૩

કેડે કટિ મેખલા ઘુઘરિયાલી, પાયે નેઉર રમઝમ ચાલી;
ઉજ્જિંતગિરિ રખવાલી,
અધર લાલ જિસ્યા પરવાલી, કંચનવાન કાચા સુકુમાલી;
કર લહકે અંબડાલી,
વૈરીને લાગે વિકરાલી, સંઘના વિઘ્ન હરે ઉજમાલી;
અંબાદેવી મયાલી,
મહિમાએ દશ દિશિ અજુઆલી, ગુરુ શ્રી સંઘવિજય સંભાળી;
દિન દિન નિત્ય દિવાળી. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૩૬)₃ શ્રી નેમનાથ જિનની ૪ થોયો

(રાગ : વીર જિનેશ્વર અતિ અલવેસર)

રાજુલરાણી ગુણમણિખાલી તેહતણો ભરથાર જી;
સમુદ્રવિજય શિવાદેવીનંદન, સુખસંપતિ દાતાર જી;
શંખલંછન ને શામલવરણી, કાયા કોમલ સાર જી;
નેમિજિનેસર નિત નિત નમતા, હોયે સદા જયકાર. જી. ૧

દશ વૈમાનિક દોય જ્યોતિષી, બત્રીશ વ્યંતર ઇંદે જી;
વીશ ભવનપતિ સર્વ મલીને, ચોસઠ ઇન્દ્ર આણંદે જી;
મેરૂશિખર જઈ રચીય સિંહાસન, હઈડે હરખ અપાર જી;
ચોવીશ જિનનો જન્મ મહોત્સવ, કીધો અતિ મનોહાર જી. ૨

દાન સુપાત્રે દીજે સુધું, શીલરચણ પાલીજે જી;
તપ તપીએ પોતાની શક્તે, ભાવના મન ભાવીજે જી;
ક્રોધ લોભ માન માયા જૂઠું પંચ પ્રમાદ પરિહરિયે જી;
એહવી જિનની વાણી સુણતાં, ભવસાયર તરીયે જી. ૩

નેમિનાથ શાસન સુર સોહે, ગોમેધયક્ષ મયાલ જી;
સમકિતધારી સંઘ ચતુર્વિધ, સાન્નિધ્યકારી દયાલ જી;
ભવિકજીવને આનંદ કરતો, સેવતો જિનપાય જી;
શ્રીવિજયરાજસૂરીસર વિનયી, લક્ષ્મીવિજય ગુણ ગાય જી. ૪

## (૧૩૬)₄ શ્રી નેમનાથ જિન થોય (૪ વખત બોલાય)

(રાગ : પ્રહ ઊઠી વંદુ)

ગિરનારે ગીરવો, વ્હાલો નેમિ જિણંદ, અષ્ટાપદ ઉપર, પૂજી ધરો આણંદ;
સિદ્ધાન્તની રચના, ગણધર કરે અનેક, દિવાળી દિવસે, ઘો અંબાઈ વિવેક.

## (૧૩૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન થોયો

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ,
મનવાંછિત પૂરણ સરતરુ, જય વામા સુત અલવેસરું... ૧

દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણનીલા,
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા... ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ તે જિનવર ભાખિયો, ગણધર તે હૈડે રાખીઓ,
તેહનો રસ જેણે ચાખીઓ, તે હુઓ શિવસુખ સાખીઓ... ૩

ધરણેન્દ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી,
સહુ સંઘનાં સંકટ ચૂરતી, 'નયવિમલનાં' વાંછિત પૂરતી... ૪

## (૧૩૮) પોષદશમીની ૪ સ્તુતિઓ (થોયો)

(રાગ : વીર જિનેસર અતિઅલવેસર)

પોષદશમી દિન પાસજિનેશ્વર, જન્મ્યા વામામાય જી;
જન્મ મહોત્સવ સુરપતિ કીધો, વલીય વિશેષે રાય જી;
છપ્પન દિક્કુમરી હુલરાવ્યો, સુર નર કિન્નર ગાયો જી;
અશ્વસેન કુલ વિમલ આકાશે, ભાનુ ઉદય સમ આયો જી. ૧

પોષદશમી દિન આંબિલ કરીએ, જેમ ભવસાગર તરીયે જી;
પાસ જિણંદનું ધ્યાન ધરતા, સુકૃત ભંડાર ભરીયે જી;
ઋષભાદિક જિનવર ચોવીશે, તે સેવો ભલે ભાવે જી;
શિવરમણી વરી નિજ ઘર બેઠા, પરમપદ સોહાવે જી. ૨

કેવલ પામી, ત્રિગડે બેઠા, પાસ જિનેશ્વર સાર જી;
મધૂર ગિરાએ દેશના દેવે, ભવિજન મન સુખકાર જી;
દાન શીયલ તપ ભાવે આદરશે, તે તરશે સંસાર જી;
આ ભવ પરભવ જિનવર જપતાં ધર્મ હોશે આધાર જી. ૩

સકલ દિવસમાં અધિકો જાણી, દશમીદિન આરાધો જી;
ત્રેવીશમો જિન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધો જી;
ધરણેન્દ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગે જી;
હર્ષવિજય ગુરુ ચરણ કમલની રાજવિજય સેવા માગે જી. ૪

## (૧૩૯)૧ શ્રી મહાવીર જિનની થોયો

સર હરર ખલખલ દ્રસગ છબ છબ ન્હવણ જલ ક્રોડોમણો,
ખણ ખનન ખન ખન્, ટણક્ ટન્ ટન્ ઘોષ કલશાઓ તણો.
સુરસંઘ નાચે, છનન છુમ છુમ, ઝણણ ઝુમ ઝુમ જયકરો.
શ્રી વીરપ્રભુનો જન્મ મહોત્સવ, જગતનું મંગલ કરો... ૧

પીપીવ્ પૂંપૂં, તણન્ ત્રું ત્રું ભણણ ભુંભું વાગતા,
ધપ ખણણ ખલખલ તડાક દ્રિં દ્રિં ધડાક્ ધુમ્ ધુમ્ ગાજતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જય જય સુનંદા જયઉ ભદ્રા જયઉ ખતિઅ બલધરો.
ચોવીસ જિનનો દીક્ષા મહોત્સવ શાંતિ સદ્‌ગુણ પાથરો. ૨
ગમ સારી ધપની તું તીણી તું, વિણા વાગે સુસ્વરે
ધા ધા ધ્રતક ધી ધી ધધક્ ધ્રોં ધ્રોં દેવ વાજા અનુસરે
સ્યાદ્વાદ નય નિક્ષેપ ભંગી, દ્રવ્ય ગુણનો સાગરો,
શ્રી વીર વાણી, ધોધ સહુનો કર્મ મલ દૂરે કરો. ૩
કડ કડડ ભૂસ, કડકડાટ કરી, ભડવીર ભૈરવ ચૂરતો,
ધમ ધમ અવાજે ચાલતો, જિન ભક્ત પરચા પૂરતો,
ચારિત્ર દર્શન વિઘ્નભંજન, ધર્મરક્ષા તત્પરો,
માણિભદ્રજી કલ્યાણમાળા, સંઘને કંઠે ધરો. ૪

## (૧૩૯)૧ શ્રી મહાવીર જિનની થોયો

વીરં દેવં, નિત્યં વન્દે. ૧
જૈના: પાદા:, યુષ્માન્ પાન્તુ ૨
જૈનં વાક્યં, ભૂયાદ્ ભૂત્યૈ ૩
સિદ્ધાયિદેવી દધાત્ સૌખ્યમ ૪

## (૧૪૦) શ્રી જ્ઞાન પંચમીની સંસ્કૃત ૪ થોયો

શ્રી નેમિઃ પંચરૂપત્રિદશપતિકૃતપ્રાજ્યજન્માભિષેક-
શ્ચંચત્પંચાડક્ષમત્તદ્વિરદમદભિદા પંચવક્ત્રોપમાનઃ
નિર્મુક્તઃ પંચદેહ્યાઃ પરમસુખમયઃ પ્રાસ્તકર્મપ્રપંચઃ;
કલ્યાણં પંચમીસત્તપસિ વિતનુતાં પંચમજ્ઞાનવાન્ વઃ. ૧
સમ્પ્રીણન્ સચ્ચકોરાન્ શિવતિલકસમઃ કૌશિકાડડનન્દમૂર્તિઃ;
પુણ્યાબ્ધિપ્રીતિદાયી સિતરુચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ
સાન્દ્રાણી ધ્વંસમાનઃ સકલકુવલયોલ્લાસમુચ્ચૈશ્ચકાર;
જ્ઞાનં પુષ્પાજ્જિનૌઘઃ સ તપસિ ભવિનાં પંચમીવાસરસ્ય. ૨
પીત્વા નાનાભિધાર્થાડમૃતરસમડસમં યાન્તિ યાસ્યન્તિ જગ્મુ-
ર્જીવા યસ્માદનેકે વિધિવદમરતાં પ્રાજ્યનિર્વાણપુર્યામ્
યાત્વા દેવાધિદેવાડડગમદશમસુધાકુણ્ડમાડડનન્દ હેતુ-
સ્તત્પંચમ્યસ્તપરસ્યુદ્યતવિશદધિયાં ભાવિનામસ્તુ નિત્યમ્. ૩
સ્વર્ણાલંકારવલ્ગન્મણિકિરણગણાધ્વસ્તનિત્યાડન્ધકારા;
હું કારાડડરાવદૂરીકૃતસુકૃતિજનવ્રાતવિઘ્નપ્રચારા
દેવી શ્રી અમ્બિકાડખ્યા જિનવરચરણાડમ્ભોજભૃંગીસમાના;
પંચમ્યહ્નસ્તપોર્થં વિતરતુ કુશલં ધીમતાં સાડવધાના. ૪.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪૧) શ્રી એકાદશીની સંસ્કૃત થોયો

શ્રીભાગ્ નેમિર્બભાષે જલશયસવિધે સ્ફુર્તિમેકાદશીયાં;
માદ્યન્મોહાવનીન્દ્રપ્રશમનવિશિખ: પંચબાણાડર્ચિરર્ણ:
મિથ્યાત્વધ્વાન્તવાન્તૌ રવિકરનિકરસ્તીવ્રલોભાદ્રિવજ્રં;
શ્રેયસ્તપર્વ વ: સ્તાચ્છિવસુખમિતિ વા સુવ્રતશ્રેષ્ઠિનોડભૂત્. ૧
ઇન્દ્રૈરભ્રભ્રમદ્ભિર્મુનિપગુણરસાસ્વાદનાડડનન્દપૂર્ણૈ-
ર્દિવ્યદ્ભિ: સ્ફારહારૈર્લલિતવરવપુર્યષ્ટિભિસ્સ્વર્વધૂભિ:
સાર્ધં કલ્યાણકૌઘો જિનપતિનવતેર્બિન્દુભૂતેન્દુસંખ્યો;
ઘસ્રે યસ્મિન્ જગે તદ્ભવતુ સુભવિનાં પર્વ સચ્છર્મહેતુ: ૨
સિદ્ધાંતાબ્ધિપ્રવાહ: કુમતજનપદાન્ પ્લાવયન્ ય: પ્રવૃત્ત:;
સિદ્ધિદ્વીપં નયન્ ધીધનમુનિવણિજ: સત્યપાત્રપ્રતિષ્ઠાન્
એકાદશ્યાદિપર્વેન્દુમણિમતિદિશન્ ધીવરાણાં મહાર્ઘ્યં;
સન્નયાયામ્ભશ્ચ નિત્યં પ્રવિતરતુ સ ન: સ્વપ્રતિરે નિવાસમ્. ૩
તત્વપર્વોદ્યાપનાર્થં સમુદિતસુધિયાં શંભુસંખ્યા પ્રમેયા-
મુષ્કૃષ્ટાં વસ્તુવીથીમભય.દસદસને પ્રાભૃતીકુર્વતાં તામ્
તેષાં સવ્યાડક્ષપાદૈ: પ્રલપિતમતિભિ: પ્રેતભૂતાદિભિર્વા;
દુષ્ટૈર્જન્યં ત્વજન્યં હસ્તુ હરિતનુન્યસ્તપાદાડમ્બિકાડડખ્યા. ૪

## (૧૪૨), શ્રી પજુસણની ૪ થોયો

### (રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર)

વરસ દિવસમાં અષાઢ ચોમાસુ, તેમાં વળી ભાદરવો માસ;
આઠ દિવસ અતિ ખાસ,
પર્વ પજુસણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઈધરનો કરવો ઉપવાસ;
પોસહ લીજે ગુરુ પાસ,
વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે;
ચૌદ સુપન વાંચીજે,
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગવાય;
વીર જિનેસર રાય. ૧

બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિર્વાણ વિચાર;
વીર તણો પરિવાર,
ત્રીજ દિને શ્રીપાર્શ્વ વિખ્યાત, વળી નેમીસરનો અવદાત;
વળી નવ ભવની વાત,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોવીશે જિન અંતર તેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ;
તાસ વખાણ સુણીશ,
ધવલમંગલગીત ગહુંલી કરીયે, વળી પ્રભાવના નિત્ય અનુસરીએ;
અઠમ તપ જપ વરીયે. ૨

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો;
ધ્યાન ધરમ મન ભાવો,
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેળો થાય;
બારસા સૂત્ર સુણાય,
થિરાવલી ને સામાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી;
સાંભળજો નરનારી,
આગમસૂત્રાને પ્રણમીશ, કલ્પસૂત્રશું પ્રેમ ધરીશ;
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટકકેરા ખેલ મચાવો;
વિધિશું સ્નાત્ર ભણાવો,
આડંબરસું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ;
સંઘ સર્વને ખમીએ,
પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે;
પુણ્ય ભંડાર ભરીજે,
શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર, જશવંતસાગર ગુરુ ઉદાર;
જિણંદસાગર જયકાર. ૪

## (૧૪૨)₂ શ્રી પજુસણની ૪ થોયો

(રાગ : શ્રી શત્રુંજય તીરથ સાર)

પુણ્યવંત પોશાળે આવે, પર્વ પજુસણ આવ્યા વધાવે;
ધર્મના પંથ ચલાવે,
ઘાંચીની ઘાણી છોડાવે, જીવબંધનની જાળ તોડાવે;
બંદીવાન ખોલાવે,
આઠ દિવસ લગે અમર પળાવે, સ્વામિવત્સલ મેરુ ભરાવે;
જિનશાસન દીપાવે,
પોષહ પડિક્કમણાં ચિત્ત ધારે, ક્રોધ કષાય અંતરથી વારે;
વીરજીની પૂજા રચાવે. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તક લઈ રાત્રિજગો કીજે, ગાજંતે વાજંતે ગુરહસ્તે દીજે;
ગહુંલી સુહાગણ કીજે,
કલ્પસૂત્ર પ્રારંભે વખાણું, વીરજન્મદિન સહુ કોઈ જાણું;
નિશાળ ગરણા ટાણું,
ખાંડપડા પેંડા પતાસાં, ખાંડના ખડીયા નાલીએર ખાસા;
પ્રભાવના ઉલ્લાસા,
વીરતણો પહેલો અધિકાર, પાસ નેમીસર અંતર સાર;
આદિચરિત્ર ચિત્ત ધાર. ૨
જંબૂપાટે પ્રભવ ગુણ ભરીયા, શ્રીશય્યંભવ જેણે ઉદ્ધરીયા;
યજ્ઞ થકી ઓસરીયા,
કોશા ઘેર ચોમાસું કીધું, અખંડ શિયલનું દાન જ દીધું;
સ્થૂલભદ્ર નામ પ્રસિદ્ધં,
પારણે જસ ગાયા હાલરિયાં, સાંભળતા સૂત્ર કંઠે ઠરીયા;
વયરસ્વામી શુભ વરીયા,
ઈમ સ્થિરાવલી ભાખી જેહ, સોહમસ્વામી ચિંતામણી જેહ;
કલ્પમાં સુણીએ એહ. ૩
જળકળસ મસરુ ને પાઠાં રૂમાલ, પૂજીએ પોથીને જ્ઞાન વિશાળ;
ઠવણી સહેજ સંભાળ,
વળી પૂજા કરીજે ગુરુ અંગે, સંવત્સરી દિન મનને રંગે;
બારસે સુણો એક ચંગે,
સાસુ જમાઈના અડીયાને દડીયા, સામાચારી માંહે સાંભળીયા;
ખામણે પાપ જ ટળીયા,
શ્રી ભાવલબ્ધિસૂરિ કહે એ કરણી, શ્રીપદ મહેલ ચઢણ નીસરણી;
સિદ્ધાયિકા દુઃખ હરણી. ૪

## (૧૪૩) સિદ્ધચક્રજીની (નવપદજી)ની ૪ થોયો

પ્રહ ઉઠી વંદું, સિદ્ધચક્ર સદાય, જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાલ, તે સવિ સુખ પામે, જેમ મયણા શ્રીપાળ. ૧
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત, તસ કર્મ સંયોગે, કોઢી મલીયો કંત;
ગુરુવયણે તેણે, આરાધ્યું તપ એહ, સુખ સંપદા વરીયા, તરિયા ભવજલ તેહ. ૨
આંબીલ ને ઉપવાસ, છઠ્ઠ વલી અઠ્ઠમ, દશ અઠ્ઠાઈ પંદર, માસ છ માસ વિશેષ;
ઈત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર, જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩
તપ સાનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ, સહુ સંઘના સંકટ, ચૂરે થઈ પ્રત્યક્ષ;
પુંડરિક ગણધર, કનક વિજય બુધ શિષ્ય, બુધ દર્શનવિજય કહે, પહોંચે સકલ જગીશ. ૪


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪૪) શ્રી નવતત્ત્વની ૪ થોયો

(રાગ : વીર જિનેસર અતિ અલવેસર)

જીવાજીવા પુણ્ય ને પાવા, આશ્રવ સંવર તત્તા જી;
સાતમે નિર્જરા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તા જી;
એ નવતત્તા સમકિત સત્તા, ભાખે શ્રી અરિહંતા જી;
ભૂજનયર મંડણ રિસહેસર, વંદો તે અરિહંતા જી. ૧

ધમ્માધમ્માગાસા પુગ્ગલ, સમયા પંચ અજીવા જી;
નાણ વિનાણ શુભાશુભ યોગે, ચેતન લક્ષણ જીવા જી;
ઈત્યાદિક ષટ્ દ્રવ્ય પ્રરૂપક, લોકાલોક દિણંદા જી;
પ્રહ ઊઠી નિત્ય નમીયે વિધિશું, સિત્તરિસો જિન ચંદા જી. ૨

સૂક્ષ્મ બાદર દોય એકેન્દ્રિય, બી તી ચઉરિન્દ્રિ દુવિહા જી;
તિવિહા પંચિંદા પજ્જતા, અપજ્જતા તે તિવિહા જી;
સંસારી અસંસારી સિદ્ધા, નિશ્ચય ને વ્યવહાર જી;
પન્નવણાદિક આગમ સુણતાં, લહીએ શુદ્ધ વિચારજી. ૩

ભવનપતિ વ્યંતર જ્યોતિષવર, વૈમાનિક સુરવૃન્દા જી;
ચોવીશ જિનના યક્ષ યક્ષિણિ, સમકિતદષ્ટિ સુરિંદા જી;
ભૂજનગર મહિમંડલ સઘળે, સંઘ સકલ સુખ કરજો જી;
પંડિત માનવવિજય ઈમ જંપે, સમકિત ગુણ ચિત્ત ધરજો જી. ૪

## (૧૪૫) શ્રી ચાર શાશ્વતા જિનની ૪ થોયો

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી;
વર્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વતા નામ એ ચારેજી
ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી;
તિણે ચારે એ શાશ્વત જિનવર, નમીએ નિત્ય સવારેજી. ૧

ઊર્ધ્વ અધો તીર્છા લોકે થઈ, કોડી પન્નરસેં જાણોજી;
ઉપર કોડી બેંતાલીસ પ્રણમો, અડવન લખ મન આણોજી;
છત્રીશ સહસ એંશી તે ઉપરે, બિંબતણો પરિમાણોજી;
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણોજી. ૨

રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખીજી;
જંબુદ્વીપ પન્નતિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વલિય અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી;
તે જિનપ્રતિમા લોપે પાપી, જીહા બહુ સૂત્ર છે સાખીજી. ૩
એ જિનપૂજાથી આરાધક, ઈશાન ઇન્દ્ર કહાયાજી;
તિમ સુરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવીતણાં સમુદાયાજી;
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી;
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજય નમે પાયાજી. ૪

## (૧૪૬) શ્રી વીશસ્થાનક તપની ૪ થોયો

વીશસ્થાનક તપ વિશ્વમાં મોટો, શ્રી જિનવર કહે આપજી;
બાંધે જિનવર ત્રીજા ભવમાં, કરીને સ્થાનક જાપજી;
થયા થશે સવિ જિનવર અરિહા, એ તપને આરાધીજી;
કેવલજ્ઞાન દર્શન સુખ પામ્યા, સર્વે ટાળી ઉપાધીજી. ૧
અરિહંત સિદ્ધ પવયણ સૂરિ, સ્થવિર વાચક સાધુ નાણજી;
દર્શન વિનય ચરણ બંભ કિરિયા, તપ કરો ગોયમ ઠાણજી;
જિનવર ચારિત્ર પંચવિધ નાણ, શ્રુત તીર્થ એહ નામજી;
એ વીશસ્થાનક આરાધે તે, પામે શિવપદ ધામજી. ૨
દોય કાળ પડિક્કમણું પડિલેહણ, દેવવંદન ત્રણ વારજી;
નવકારવાળી વીશ ગણીજે, કાઉસ્સગ્ગ ગુણ અનુસારજી;
ચારસો ઉપવાસ કરી ચિત્ત ચોખે, ઉજમણું કરો સારજી;
પડિમા ભરાવો સંઘ ભક્તિ કરો, એ વિધિ શાસ્ત્ર મોઝારજી. ૩
શ્રેણિક સત્યકી સુલસા રેવતી, દેવપાળ અવદાતજી;
સ્થાનક તપ સેવા મહિમાએ, થયા જગમાંહિ વિખ્યાતજી;
આગમ વિધિ સેવે જે તપીયા, ધન્ય ધન્ય તસ અવતારજી;
વિઘ્ન હરે તસ શાસન દેવી, સૌભાગ્ય લક્ષ્મી દાતારજી. ૪

## (૧૪૭) રાત્રિ ભોજનની ૪ થોયો

શાસનનાયક વીરજીએ, પામી પરમ આધાર તો;
રાત્રિભોજન મત કરોએ, જાણી પાપ અપાર તો;
ઘુવડ કાગ ને નાગનાએ, તે પામે અવતાર તો;
નિયમ નોકરાશી નિત કરોએ, સાંજે કરો ચોવિહાર તો. ૧

વાસી બોળ ને રીંગણાએ, કંદમૂળ તું ટાળ તો;
ખાતાં ખોડ ઘણી કહીએ એ, તે માટે મન વાળ તો;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાચા દૂધ દહીં છાશમાંએ, કઠોળ જમવું નિવાર તો
ૠષભાદિક જિન પૂજતાંએ, રાગ ધરે શિવનાર તો. ૨

હોળી બળેવ ને નોરતાંએ, પીંપળે પાણી મ રેડ તો;
શીલસાતમનાં વાસી વડાંએ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત દઢ કરો એ, મિથ્યા પર્વ નિવાર તો;
સામાયિક પડિક્કમણું નિત કરોએ, જિનવાણી જગસાર તો. ૩

ૠતુવંતી અડકે નહિએ, ન કરે ઘરનાં કામ તો;
તેહના વંછિત પૂરશેએ, દેવી સિદ્ધાયિકા નામ તો;
હિત ઉપદેશે હર્ષ ધરો એ, કોઈ ન કરશો રીસ તો;
કીર્તિ કમલા પામશો એ, જીવ કહે તસ શિષ્ય તો. ૪

## (૧૪૮) શ્રી અધ્યાત્મની થોયો

ઊઠી સવેળા સામાયિક લીધું, પણ બારણું નવિ દીધુંજી;
કાળો કૂતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધુંજી;
ઊઠો વહુઅર આળસ મૂકી, એ ઘર આપ સંભાળોજી;
નિજ પતિને કહો વીરજિન પૂજો, સમકિતને અજવાળોજી. ૧

બળે બિલાડે ઝડપ ઝડપાવી, ઉત્રોડ સર્વે ફોડીજી;
ચંચલ છૈયાં વાર્યા ન રહે, ત્રાક ભાંગી માળ ત્રોડીજી;
તેહ વિના રેંટિયો નવિ ચાલે, મૌન ભલું કેને કહીયેજી;
ૠષભાદિક ચોવીસ તીર્થંકર, જપીયે તો સુખ લહીયેજી. ૨

ઘર વાશીંદુ કરોને વહુઅર, ટાળો ઓજીયાળુંજી;
ચોરટો એક ફરે છે હેરૂં, ઓરડે ઘોને તાળુંજી;
લબકે પ્રાહુણા ચાર આવ્યા છે, તે ઊભા નવિ રાખોજી;
શિવપદ સુખ અનંત લહીયે, જો જિનવાણી ચાખોજી. ૩

ઘરનો ખુણો કોણ ખણે છે, વહુ તમે મનમાં લાવોજી;
પહોળે પલંગે પ્રીતમ પોઢ્યા, પ્રેમ ધરીને જગાવોજી;
ભાવપ્રભસૂરિ કહે નહીં એ કથલો, અધ્યાત્મ ઉપયોગીજી;
સિદ્ધાયિકાદેવી સાનિધ્ય કરેવી, સાધે તે શિવપદ ભોગીજી. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪૯) એક ગાથાની થોયો - ચાર વખત બોલાય

(૧)

પુંડરીક ગણધર પાય પ્રણમીજે, આદિશ્વર જિન ચંદાજી
નેમિ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢીયા આણંદાજી;
આગમમાંહે પુંડરિક મહિમા, ભાખ્યો જ્ઞાન જિણંદાજી;
ચૈત્રી પૂનમ દિન દેવી ચક્કેશ્વરી, સૌભાગ્ય દીઓ સુખકંદાજી.

(૧)

### (૧૪૯) (રાગ : મંદિર છો મુક્તિતણા)

શ્રી આદિ શાન્તિ નેમિ પાસ, વીર શાસનપતિ વળી;
નમો વર્તમાન અતીત અનાગત ચોવિશે જિન મન રળી;
જિનવરની વાણી ગુણની ખાણી, પ્રેમે પ્રાણી સાંભળી;
થયા સમકિતધારી ભવ નિઠ્ઠારી, સેવે સુવરવર લળી લળી.

### (૧૪૯) (૧)

અષ્ટ મહાપ્રતિહારશું એ, શોભે સ્વામી સુપાસ તો;
મહા ભાગ અરિહા પ્રભુ એ, સુરનર જેહના દાસ તો;
ગુણ અતિશય વરણવ્યા એ, આગમ ગ્રંથ મોઝાર તો;
માતંગ શાન્તા સુર સુરી એ, વીર વિઘન અપહાર તો. ૧

### (૧૪૯) (૧)

શંખેશ્વર પાર્શ્વ જુહારીએ, સવિ જિન આજ્ઞા શિર ધારિએ;
જિનવાણી સૂણી અઘહારીએ, પદ્માવતી વિઘ્ન વિદારીએ. ૧

## (૧૫૦) શ્રી અમકા (અંબિકા) સતીની સજ્ઝાય

અમકા તે વાદળ ઊગીયો સૂર અમકાતે પાણીડા સંચર્યા રે,
સામા મળિયા દોય મુનિરાજ, માસ ખમણનાં પારણાં રે. ૧
બેડું મેલ્યું સરોવરીઆ પાળે, અમકાએ મુનિને વાંદિયા રે,
ચાલો મુનિરાજ આપણે ઘેર, માસખમણનાં પારણાં રે. ૨
ત્યારે ઢળાવું સોવન પાટ, ચાવલ ચાકળા અતિ ઘણા રે,
આછા માંડાને ખોબલે ખાંડ, માંહિં તે ઘી ઘણાં લચપચે રે,. ૩
લ્યો લ્યો મુનિરાજ ન કરો ઢીલ, અમ ઘર સાસુજી ખીજશે રે.
બાઈ રે પાડોસણ તું મારી બેન
મારી સાસુ આગળ ન કરીશ વાતડી રે... ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે તને આપું મારા કાનની ઝાલ, હાર આપું હીરાતણો રે,
કાનની ઝાલ તારે કાને સોહાય, હીરાનો હાર મારે અતિ ઘણા રે.. ૫
મારે વાત કર્યાની ઘણી ટેવ, વાત કર્યા વિના નહિ રે રહું રે,
પાડોસણ આવી ખડકી માંહે, બાઈ રે પાડોસણ સામી ગઈ રે... ૬
પાડોસણ બાઈ તને કહું એક વાત તારી વહુએ મુનિને વહોરાવીઓરે
નથી ઊગ્યો હજી તુલસીનો છોડ, બ્રાહ્મણે નથી કર્યા પારણાં રે. ૭
સોવન સોવન મારો પુત્ર, ઘરમાંથી કાઢો ધર્મઘેલડી રે,
લાતો મારી રે ગડદા મારીયારે, માયયે, પાટુએ પરિસહ કર્યો રે. ૮
બે બાળક ગોરીએ લીધા સાથ, અમકા તે બારણે નીસર્યાં રે
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઈએ દીઠી મહિયર વાટડી રે ? ૯
ડાબી દિશે ડુંગરીઆ હેઠ, જમણી દિશે મહિયર વાટડી રે,
આણા વિના કેમ મહિયર જાઉ, ભોજાઈઓ મેણાં બોલશેરે. ૧૦
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઈયે દીઠી મહિયર વાટડી રે ?
ડાબી દિશે ડુંગરીઆ હેઠ, ઉજ્જડ વાટે જઈ વસી રે. ૧૧
સૂકાં સરોવર લહેરે જાય, વાંઝિયો આંબો ત્યાં ફળ્યો રે,
નાના ઋષભજીને પાણી પાય, મોટા ઋષભજીને ફળ આપીયો રે. ૧૨
સાસુજી જુએ ઓરડામાંહે, વહુ વિના સુના ઓરડારે.
સાસુજી જુએ પડસાલ માંહે, પુત્ર વિના સુના પારણા રે, ૧૩
સાસુજી જુએ રસોડામાંહે, રાંધી રસોઈઓ સેગે ભરી રે.
સાસુજી જુએ માટલા માંહે, લાડુડાના ઢગ વળ્યા રે,
સાસુજી જુએ કોઠલા માંહે, ખાજાના ખડકા થયા રે. ૧૫
સોવન સોવન મારો પુત્ર, તેડી લાવો ધર્મઘેલડી રે,
ચાલો ગોરાદેવી આપણે ઘરે, તમવિના સૂના ઓરડા રે. ૧૬
ગાયના ગોવાળ ગાયના ચારણહાર કોઈએ દીઠી ધર્મઘેલડી રે.
ડાબી દિશે ડુંગરીઆ હેઠ, જમણી દિશે ધર્મઘેલડી રે. ૧૭
ચાલો ઋષભદેવ આપણે ઘેર, તમ વિના સૂનાં પારણાં રે,
સાસુજી ફીટીને માય થાય, તોય ન આવું તમ ઘરે રે. ૧૮
પાડોસણ ફીટીને બેની થાય, તોય ન આવું તમ ઘરે રે.
બાઈ રે પાડોસણ તું મારી બેન ઘરરે ભાંગવા ક્યાં મળી રે ૧૯
ફણિધર ફીટીને ફૂલમાલા થાય, તોય ન આવું તુમ ઘરે રે.
કાંકરો ફીટીને રતન જ થાય, તોય ન આવું તમ ઘરે રે... ૨૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે બાલક ગોરીએ લીધા છે સાથ, અમકાઅ જલમાં ઝંપલાવીયું રે
બે બાળક ગોરીનો પડ્યો રે વિજોગ, ઘર રે જઈએ હવે શું કરું રે, ૨૧
સગાસંબંધી હસશે લોક, પિત્રાઈ મેણાં મારશે રે,
પછવાડેથી પડયો બાઈનો કંથ, પડતાં જ થયો ફેંસલો રે. ૨૨
આળ દીધાનાં એ ફળ હોય, તેહ મરી થયો કાચબો રે.
હીરવિજય ગુરુ હીરલો રે, વીરવિજય ગુણ ગાવતા રે. ૨૩

## (૧૫૧) નટવાની (આત્મચિંતનની) સજ્ઝાય

હું તો નટવો થઈને નાટક એવા નાચ્યો રે હો જિનવરિયા,
પહેલા નાચ્યો પેટમાં, માતાના બહુ વાર,
ઘોર અંધારી કોટડી, કોણ સુણે પુકાર,
જીહાં માથું નીચું ને, છાતી મારી ઊંચી રે હો જિનવરીયા. હું તો૦ ૧

હાડમાંસનો પીંજરો, ઉપર મઢીયો ચામ,
મળમૂત્ર માંહે ભર્યો, માન્યો સુખનો ધામ.
જિહાં નવ નવ મહિના, ઉંધે મસ્તકે લટક્યો રે હો જિનવરિયા. હું તો૦૨

ઊઠે ક્રોડ રોમરોમમાં, કરી ધગધગતી સોય,
કોઈ ભોંકે જો સામટી, કષ્ટ અષ્ટગણું હોય.
પછી માતાને મેં જમના દ્વાર દેખાડ્યા રે હો... જિનવરિયા. હું તો૦ ૩

બાંધી મુઠ્ઠી દોયમાં, લાવ્યો પુણ્ય ને પાપ,
ઉંવા ઉંવા કરી હું રડું, જગમાં હરખ ન માય,
પછી પડદામાંથી રંગભૂમિ પર આવ્યો રે હો... જિનવરિયા. હું તો૦ ૪

પારણિયામાં પોઢીયો, માતા હાલો ગાય,
ખરડાયો મળમૂત્રમાં, અંગુલી મુખમાં જાય,
પછી ભીનામાંથી સૂકામાં, સુવાડ્યો હો. જિનવરિયા. હું તો૦ ૫

છોટાનો મોટો થયો, રમતો ધૂલી માંય,
પિતાએ પરણાવીયો, માતા હરખ ન માય,
પછી નારીનો નચાવ્યો, થૈ થૈ નાચ્યો રે હો... જિનવરિયા. હું તો૦ ૬

કુટુંબ ચિંતા કારમી, ચૂંટ કલેજા ખાય,
તેથી તો ભલી ડાકણી, મનડું માંહી મૂંઝાય,
જાણે કોશીટાનો કીડો, જાળ ગૂંથાણો રે હો... જિનવરિયા. હું તો૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાઢો ને દાંતો પડ્યા, નીચા ઢળીયા નેણ,
ગાલોની લાલી ગઈ, ખૂં ખૂં થઈ ગઈ રેણ,
પછી ડોસો થઈને ડગમગ ડગમગ ચાલ્યો રે હો. જિનવરિયા. હું તો૦ ૮

ચાર ગતિના ચોકમાં, નાચ્યો નાચ અપાર,
'ન્યાય સાગર' નાચ્યો નહિ, રત્નત્રયીને દ્વાર.
જાણે કુમતિનો ભરમાવ્યો, કાંઈ નહિ સમજ્યો રે હો. જિનવરિયા. હું તો૦ ૯

## (૧૫૨) શ્રીમતી વહૂની (સિદ્ધચક્રની ભક્તિની) સજ્ઝાય

(રાગ-મારવાડી)

મારે હાથમાં નવકારવાળી, મારે સિદ્ધચક્રરો આધારજી.
મારે અરિહંતરો આધારજી, મારે ભગવંતરો આધારજી.
ચલી રે ચલી કુંભારિયારે ગઈતી, મટકીમાં લાઈ સાપજી,
ઊઠો રે વહુઅર પાણી રે છાંણો, હો ગઈ ફૂલડોરી માળજી. મારે૦ ૧
ચલી રે ચલી દરજીડારે ગઈતી, કપડા મેં લાઈ સાપજી.
ઊઠો રે વહુઅર કપડાં રે પહેરો, હો ગઈ ફૂલડારી માળજી. મારે૦ ૨
ચલી રે ચલી સુથારીયારે ગઈત્તી, પેટી મેં લાઈ સાપજી.
ઊઠો રે વહુઅર ગહનો રે પહેરો, હો ગયો નવસેરો હારજી. મારે૦ ૩
ચાલો રે વહુઅર સહેલાં રે ચાલો, નદીયાં ઊતરો પારજી.
ઝરમર ઝરમર મેહુલોજી વરસે, નદીયાં આઈ ભરપૂરજી. મારે૦ ૪
સાસુજી વહુઅર જોવણ સાલી, નદીયાં આઈ ભરપૂરજી.
સાસુજી ઊઠી રે ધક્કો રે દીધો, વહુ ગઈ પેલે પારજી. મારે૦ ૫
સાસુજી ઉબારે ટગમગ જુએ, વહુ મુક્તિમાં જાયજી.
થે કાંઈ જુઓ મોરી હો સાસુ, કરણી ઊતરશી પારજી. મારે૦ ૬
શ્રી નવકારરો પજાપ જપતા, સુવર્ણપુરુષો સિદ્ધજી,
રૂપવિજય કહે માંગલિક માલા, નિત નવિ પહેરોજી. મારે૦ ૬

## (૧૫૩) શ્રી હીરસૂરીજીની સજ્ઝાય

(રાગ-મારવાડી)

બે કરજોડીને વિનવું, શારદા લાગુંજી પાય,
વાણી આપો રે નિર્મલી, ગાઈશું તપગચ્છ રાય
થે મન મોહ્યું ગુરુ હીરજી. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકબર કાગળીયા મોકલે, હીરજી વાંચીને જોય.
તુજ મન મલવા અલજો ઘણો, વિલંબ ન કીજેજી કોય. થે મન૦ ૨

અકબર કરેજી વિનંતી, ટોડરમલ લાગે જી પાય.
પૂજય ચોમાસું ઈહાં કરો, રહિયા આનંદ થાય. થે મન૦ ૩

તેજી ઘોડાજી અતિ ઘણા, પાળા નાવેજી પાર
મહાજન આવેજી અતિઘણાં, આવો થાનસિંહ શાહ. થે મન૦ ૪

અગૈશરી પોલ રળિયામણી, વચમેં ચૌમુખ ચાર,
તરીયા તોરણ બાંધીયા, હીરજી આહણહાર. થે મન૦ ૫

કીણબાઈ વેરાયા લાડુઆ, કીણબાઈ વેરાયા પુત,
શિવચંદ વેરાયા લાડુઆ, નાથીબાઈ વેરાયા પુત. થે મન૦ ૬

ધનવાડી ધન ઢીંકુઓ, ધનશાહ સાડીશે પુનઃ
ધનબાઈ નાથીરો જીવીઓ, હીરજી સરીખો પુત. થે મન૦ ૭

સામી મેલુજી પાલખી, મોતીએ નવસેરો હાર,
એક પૂજય ચોમાસું ઈહાંકરો, હોશે ધર્મનો ભાવ. થે મન૦ ૮

લાખ ટકારો ઘુઘરો, ઝમકયો માઝમ રાત
ઝબકે ગુરુજી જાગીઆ, પુસ્તક જમણેજી હાથ. થે મન૦ ૯

ગલિઆ ગલિઆંરિ ગોરડી, ભરભર મોતીઓરા થાળ
પદ્મણી ચાલ્યાજી પૂજવા, હાથે સોવન થાળ. થે મન૦ ૧૦

કપડાં કેશરીયા સાવટુ, ઓઘો અધિક બનાય.
ચંદા ઝબકેજી મુહપતિ, પદ્મ ઝબકેજી પાય. થે મન૦ ૧૧

પીપળ પાન ખરખરે, જાણે પાણી રી રેલ.
જોવાને અણિહારે ઓળખ્યા, હીરજી મોહનવેલ. થે મન૦ ૧૨

પરમન થયાંજી માંડવા, પરમન થયાજી થંભ.
દ્રાક્ષ બીજોરો માંડવા, રતને જડીયાંજી થંભ. થે મન૦ ૧૩

ડાબર સરોવર છોડીયા, છોડીયા બંદીર વાન
છોડીઆ પંખીને મૃગલાં, અકબર શાહ સુજાણ. થે મન૦ ૧૪

શેત્રુંજો જુગતે કીયો, મરતી રાખીરે ગાય.
જજીયા લોકવેરા છોડાવીઆ, હીરજી તુમ પસાય. થે મન૦ ૧૫

પહેલું ચોમાસું આગ્રે, બીજું દિલ્હીરે માંય,
ત્રીજું ચોમાસું મેડતે, ચોથું જાલોર માંય. થે મન૦ ૧૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી ચોમાસું આગરે, બીજું લાહોર માંય,
ત્રીજું ચોમાસું ફતેહપુર, અકબર કરે ઉત્સાહ. થે મન૦ ૧૭
તપગચ્છ નાયક ગુણનીલો, શ્રી વિજયસેન સૂરીંદ
તાસ શિષ્ય ભગતે ભણે, હોજો મુજ આણંદ. થે મન૦ ૧૮

## (૧૫૪) શ્રી જંબુસ્વામીજીની સજ્ઝાય

(રાગ-મારવાડી)

મોરા આલીજા ભરથાર મોરા હૈડારા હાર
મોરી પ્રિતલડીને મત છટકાઈ જો હો જંબુજી
હીલમીલ સંગ ચાલો. ૧
મોરી ગુણવંતી નાર ઓપે લેશો સંયમભાર,
થોને મુક્તિ ન શર્મિલો મેલે ચાલો હો સજની. હીલમીલ. ૨
મોને પરણી લાયા લાર હવે છોડો નિરાધાર
મોરા હથવેલાશું (૨) વચન નિપાઈજો હો જંબુજી. ૩
ચાલો ચાલો મોરે લાર મોરે જાવણને તૈયાર,
થાંને એકલડી (૨) ન છોડુ વચન પાળુ હો સજની. ૪
નાજુક જુવાની હૈ થોડી બાલાઉંમર હૈ મોરી
થોડી જવાની (૨) ઢલવાઈ હો સંયમ લેશો જંબુજી. ૫
પ્યારી જવાની દીવાની નહિ પરખ્યુંજી
પાણી ઢળતા દોય ઘડી (૨) વાર ન લાગે હો સજની. ૬
નહિ બાલુડા ખેલાયા નહિ દૂધડા પીલાયા નહી શ્રાવણીયા (૨)
જુલામેં ઝુલાયા હો સજની. ૭
પ્યારી પેઢી મોરા લાલ એના સ્વપ્નારો ન રાખ્યો ખ્યાલ
થોને મુક્તિરા ઝુલા મે ઝુલાઉ હો સજની... હીલમીલ. ૮
થોને કુણે જી ભરમાયા, સાચા પ્રેમથી તોડાયા
મોરા વાદલીયા (૨) નેનો મેં આંસુ વરસે હો જંબુજી. ૯
સ્વામી સુધર્મા ભરમાયા જ્ઞાન અણમોલો સુણાયા,
મોરા હૈડામેં (૨) ગેરો રંગ છાયો હો સજની.. હીલમીલ. ૧૦
બોલે આઠે કામિનીઓ, સુણો સજ્જન સજનીયો
પ્રિતડી જોડો હો (૨) વાદલીયા કાયા કલ્પે
હો સજની... હીલમીલ... ૧૧
બોલે જંબુજી કુમાર, મોરી ચંદ્રાવતી નાર,
ભરજો બન (૨) કાયા કારમીજી હો સજની હીલમીલ. ૧૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોરો જંબુજી કુમાર, મોને ભલે દીધી સીખ
મેં તો સંયમ (૨) લેવાને સાથે ચાલાહો જંબુજી. ૧૩
એવી હીર વિજયરી વાણી, સાંભળજો નર ને નારી
સંયમ લેશો તો (૨) પાર ઊતરશો હો જંબુજી... ૧૪
હીલમીલ સંગ ચાલો...

## (૧૫૫) શ્રી ધન્નાજીની સજ્ઝાય

(રાગ-મારવાડી)

શિયાળામાં શીત ઘણી રે ધન્ના, ઉનાળે લૂ વાય,
ચોમાસે જળ વાદળાં રે ધન્ના, એ દુઃખ સહ્યું ન જાય
હું તો વારી રે ધનજી આજ નહિ સો કાલ... ૧
વનમેં તો રહેણો એકલો રે ધન્ના, કોણ કરે થારી સાર.
ભૂખ પરિસહ વેઠવો રે ધન્ના, મત કર એસી વાત.
હો ધનજી મત લીયો સંયમ ભાર... ૨
વનમાં તો મૃગ એકલો રે માતા, કોણ કરે ઉનકી સાર.
કરણી તો જેસી આપરીહે માતા, કુણ બેટો કુણ બાપ રે...
હો જનની હું તો લેઉજી સંયમ ભાર... ૩
પંચમહાવ્રત પાળવા રે ધન્ના, પાંચ એ મેરૂ સમાન,
બાવીશ પરિસહ જિતવા રે ધન્ના, સંયમ ખાડાની ધાર રે,
હો ધનજી મત... ૪
નીર વિનાની નદી કીસીરે ધન્ના, ચંદ્ર વિના કેસી રાત,
પિયુ વિના કેસી કામિની રે ધન્ના વદનકમળ વિલખાય રે.
હો ધનજી... ૫
દીપક વિના મંદિર કિસ્યા રે, ધન્ના, કાન વિના કૈસો રાગ,
નયણ વિન કિસ્યું નિરખવું રે ધન્ના તિમ, પુત્ર વિના પરિવાર રે
હો ધનજી મત... ૬
તું મુજ અંધા લાકડી રે ધન્ના, સો કોઈ ટકોરે હોય,
જો કોઈ લાકડી તોડશેરે ધન્ના, અંધો હોશે ખુવાર રે,
હો ધનજી મત... ૭
રત્નજડિત શે પિંજરો રે માતા, તે જાણે સુડો રે બંધ,
કામભોગ સંસારના રે માતા જ્ઞાનીને મન ફંદરે.
જનની હું તો લેઉં સંયમભાર. ૮
આયું તો કંચન ભર્યો રે ધન્ના, રાઈ પર્વત જેમ સાર,
મગર પચ્ચીશી અસ્તરી રે ધન્ના, કર નહિ સંયમ વાત રે.
હો ધનજી મત... ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિત્ય ઊઠી ઘોડલે ફિરતો રે ધન્ના નિત્ય ઊઠી બાગમેં જાય,
એસી ખુબી પ્રમાણે રે ધન્ના, ચામર ઝૂલાયા જાય રે.હો ધનજી મત...૧૦
કાયાસો કંચન સમીરે ધન્ના, રાઈ પર્વત સમ જાણ,
જોબન વય ભરી નારીઓરે ધન્ના, સમજુ છો ગુણવાનરે. હો ધનજી મત....૧૧
ચઢી પાલખીએ રે પોઢતોરે ધન્ના, નિત્ય નિત્ય નઈ ખુબી માણ,
એતો બત્રીશ કામિની રે ધન્ના, ઉભી કરે અરદાસ રે, હો ધનજી મત... ૧૨
નગર સરોવર હું ગયો રે માતા, કાને આયોરે રાગ,
મુનિશ્વરની વાણી સુણી રે માતા, આ સંસાર અસાર રે,
હો જનની હું તો લેઉં... ૧૩
હાથમે લેણો પાતરો ધન્ના ઘેરઘેર માંગવી ભીખ,
કોઈ ગાળજ દેઈ કાઢશે રે ધન્ના, કોઈ દેવેંગે શીખ રે
હો ધનજી મત... ૧૪
તજ દીયાં મંદિર માળિયાં રે માતા, તજ દીયો સબ સંસાર
તજ દીની ઘર કી નારીયો રે માતા, છોડ ચલ્યો પરિવાર રે
હો જનની હું તો લેઉં... ૧૫
જુઠા તો મંદિર માળિયા રે માતા, જુઠો તે સબ સંસાર,
જીવતા ચૂંટે કાળજું રે માતા, મૂવા નરક લેઈ જાય રે.
હો જનની હું તો લેઉં. ૧૬
રાત્રીભોજન છોડ દે હો ધન્ના, પરનારી પચ્ચક્ખાણ,
પર ધનશું દૂરે રહો રે ધન્ના, એહી જ સંયમ ભાર રે
હો ધનજી મત. ૧૭
માતા પિતા વરજો નહિ રે ધન્ના,મત કર એસી વાત,
એહ બત્રીશ કામિની રે ધન્ના, એસા દેંગી શાપ રે
હો ધનજી મત. ૧૮
કર્મ તણાં દુઃખમેં સહ્યાં રે માતા, કોઈ ન જાણે ભેદ,
રાગ દ્વેષ કે પૂંછડે રે માતા, વધ્યાં વેર વિરોધ રે
હો જનની હું તો લઉં... ૧૯
સાધુપણામાં સુખ ઘણા રે માતા, નહિ દુઃખરો લવલેશ,
મળશે સોઈ ખાઈશું રે માતા, સોઈ સાધુ ઉપદેશ રે
હો જનની હું તો લઉં... ૨૦
એકલો ઊઠી જાવશે રે માતા, કોઈ ન રાખણહાર,
એક જીવરા કારણે રે માતા, ક્યું કરે એટલો વિલાપ રે
હો જનની... ૨૧
ન કોઈ ધન્નો મર ગયો રે માતા, ન કોઈ ગયો પરદેશ,
ઊગ્યા સોઈ આથમે રે માતા, ફૂલ્યા સો કરમાય રે
હો જનની હું તો લઉં... ૨૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ ઓચિંતો આવશે રે માતા, કોણ છોડાવણ હાર.?
કર્મ કાટમુક્તે ગયા રે માતા, દેવલોક સંસાર,
હો જનની હું તો લઉં... ૨૨

જે જૈસી કરણી કરે રે માતા, તિને તેસાં ફળ હોય,
દયા ધર્મ સંયમ વિના રે માતા, શિવસુખ પામે ન કોય
હો જનની હું તો લઉં... ૨૩

## (૧૫૬) શ્રી ચેલણા સતીની સજ્ઝાય

વીરે વખાણી રાણી ચેલણાજી, સતીય શિરોમણી જાણ,
ચેડા રાજાની સાતે સુતાજી, શ્રેણિક શિયળ પ્રમાણ. વીરે૦ ૧
વીર વાંદી ઘેર આવતાંજી, ચેલણા એ દીઠા રે નિર્ગ્રંથ,
વનમાં તે રાતે કાઉસ્સગ્ગ રહ્યાજી, સાધતા મુક્તિનો પંથ. વીરે૦ ૨
શીત ઠાર સબળા પડેજી, ચેલણા પ્રીતમ સાથ,
ચારિત્રિયો ચિતમાં વસ્યોજી, સોડ બાહિર રહ્યો હાથ. વીરે૦ ૩
ઝબકી જાગી કહે ચેલણાજી, કેમ કરતો હશે તેહ,
કામિનીને મન કોણ હશેજી, શ્રેણિક દીયો રે સંદેહ. વીરે૦ ૪
અંતે ઉર પરજાળ મેજી, શ્રેણિક દીયો રે આદેશ,
ભગવંતેસંશય ભાંજીયોજી, ચમકિયો ચિત્ત નરેશ. વીરે૦ ૫
વીર વાદી વળતાં થકાંરે, પેસતાં નગર મઝાર,
ધૂમાંધ તિહાં દેખી કહેજી, જાજા ભૂંડા અભયકુમાર... વીરે૦ ૬
તાતનું વચનને પાળવાજી, વ્રત લીયો અભયકુમાર,
સમય સુંદર કહે ચેલણાજી, પામશે ભવ તણો પાર. વીરે૦ ૭

## (૧૫૭) શ્રી મૃગા પુત્રની સજ્ઝાય

પ્રણમી પાર્શ્વ જિણંદ, ને સમરી સરસ્વતી માય,
નિજ ગુરુ ચરણ નમી કરીં, ભણશું મહામુનિરાય. ૧
રાજઋદ્ધિ લીલા પરિહરી, લીધો સંયમભાર,
તેહ મૃગાપુત્ર ગાયશું, સુણજો સહુ નરનાર. ૨
સંક્ષેપે કરી વર્ણવું, સુત્રે છ વિસ્તાર,
ભણતાં સુણતાં ધ્યાવતાં, લહીએ ભવનો પાર. ૩
ભોગી નરમાં ભમરલો, ઋષિમાંહી શિરદાર,
તસ ગુણ વર્ણવતાં થકાં, ત્રુટે કર્મ અપાર. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુગ્રીવનગર સોહામણુંજી, બળભદ્ર તિહાંરાય,
તસ ઘરઘરણી મૃગાવતીજી, તસનંદન યુવરાય.
હો માડી ક્ષણ લાખેણી રે જાય. ૧
બળશ્રી નામે ભલોજી મૃગાપુત્ર પ્રસિદ્ધ
માતાને નામે કરીજી, ગુણનિષ્પન્ન તસ કીધ
હો માડી ક્ષણ લાખેણી રે જાય. ૨
ભણીગણી પંડિત થયોજી, જોબનવય જબ આય,
સુંદર મંદિર કરાવીયાંજી, પરણાવે નિજ માય. હો માડી ક્ષણ૦ ૩
તવ વય રૂપે સારીખીજી, પરણ્યા બત્રીશ નાર,
પંચ વિષય સુખ ભોગવેજી, નાટકના ધમકાર. હો માડી ક્ષણ૦ ૪
રત્નજડિત સોહામણાજી અદ્ભુત ઊંચા આવાસ,
દેવ દોગુંદકની પરેજી, વિલસે લીલ-વિલાસ. હો માડી ક્ષણ૦ ૫
એકદિન બેઠા માળિયેજી, નારી ને પરિવાર,
મસ્તક પગ દાઝે તણાજી, દીઠા શ્રી અણગાર... હો માડી ક્ષણ૦ ૬
મુનિ દેખી ભવ સાંભર્યોજી, વસીયો મન વૈરાગ,
ઊતર્યો આમણદુમણોજી, જનનીને પાય લાગે... હો માડી ક્ષણ૦ ૭
પાય લાગીને વિનવેજી સુણ સુણ મોરી રે માય,
નટવાની પરે નાચિયોજી લાખ ચોરાશી માંય...હો માડી ક્ષણ૦ ૮
પૃથ્વી પાણી તેઉમાંજી, ચોથી રે વાઉકાય,
જન્મ મરણ દુઃખ ભોગવ્યાજી તેમ વનસ્પતિમાંય...હો માડી ક્ષણ૦ ૯
વિકલેન્દ્રિય તિર્યંચમાંજી, મનુષ્ય દેવ મોઝાર,
ધર્મ વિહુણો આતમાજી રડવડીયો સંસાર. હો માડી ક્ષણ૦ ૧૦
સાતે નરકે હું ભમ્યોજી, અનંતી અનંતી રે વાર,
છેદન ભેદન ત્યાં સહ્યાંજી, કહેતાં ન આવે પાર... હો માડી ક્ષણ૦ ૧૧
સાયરના જળથી ઘણાજી, મેં પીધા માતાના રે થાન,
તૃપ્તિ ન પામ્યો આતમાજી, અધિક આરોગ્યાં ધાન... હો માડી ક્ષણ૦ ૧૨
ચારિત્ર ચિંતામણી સમોજી, અધિક મારે મન થાય,
તનધન જોબન કારમાંજી, ક્ષણક્ષણ ખૂટે આય. હો માડી ક્ષણ૦ ૧૩
માતા અનુમતિ આપીયેજી, લેઈશું સંયમભાર,
પંચરતન મુજ સાંભર્યાજી, કરશું તેહની સાર. હો માડી ક્ષણ૦ ૧૪
વયણ સુણી બેટા તણાંજી, જનની ધરતી ઢળંત,
ચિત ચઢ્યું તવ આરડેંજી નયણે નીર ઝરંત રે જાયા તુજ વિણ ઘડી રે છ માસ૦ ૧૫
વળતી માતા ઈમ ભણેજી સુણ સુણ મોરા રે પુત.
મનમોહન તું વાહલોજી, કાંઈ ભાંગે ઘર સૂત્ર રે. જાયા૦...૧૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોટા મંદિર માળિયાંજી, રાન સમોવડ થાય,
તુજ વિણ સહુ અળખામણાંજી કિમ જાયે દિન રાત રે જાયા૦...૧૭
નવ માસ વહી ઉદર ધર્યોજી, જન્મતણાં દુઃખ દીઠ,
કનક કચોળે પોષીયોજી, હવે હું થઈ અનીઠ રે... જાયા૦...૧૮
જોબનવય નારી તણાંજી, ભોગવો બહોળા રે ભોગ,
જોબનવય વિત્યા પછીજી, આદરજો તપ જોગ રે..જાયા૦...૧૯
પડ્યો અજાડી (ખાડો) જિમ હાથીઓજી મૃગલો પડીયો રે પાસ
પંખી પડ્યો જિમ પાંજરેજી, તેમ કુંવર ઘરવાસ રે...હો માડી ક્ષણ૦ ૨૦
ઘરઘર ભિક્ષા માંગવીજી, અરસ વિરસ હોય આહાર,
ચારિત્ર છે વચ્છ દોહિલુંજી, જેસી ખાંડાની ધાર રે. જાયા૦...૨૧
પંચ મહાવ્રત પાળવાજી, પાળવા પંચ આચાર
દો, બેંતાલીસ ટાળીનેજી, લેવો સૂઝતો આહાર રે.જાયા૦...૨૨
મીણ દાંતે લોહમય ચણાજી, કિમ ચાવીસ કુમાર
વેળુ સમોવડ કોળીયાજી, જિને કહ્યો સંયમભાર રે.. જાયા૦...૨૩
પલંગ તળાઈએ પોઢતોજી, કરવો ભૂમિ સંથાર,
કનક કચોળાં છાંડવાજી, કાચલીયે વ્યવહાર રે. જાયા૦...૨૪
માથે લોચ કરાવવાજી, તું સુકુમાલ અપાર,
બાવીશ પરિસહ જીતવાજી, કરવા ઉગ્ર વિહાર રે. જાયા૦...૨૫
પાય અઢવાણે ચાલવુંજી શિયાળે શીત વાય,
ચોમાસું વચ્છ દોહિલુંજી, ઉનાળે લૂ વાય રે... જાયા૦...૨૬
ગંગા સાયર આદિ કરીજી, ઉપમા દેખાડી રે માય,
દુક્કર ચારિત્ર દાખિયુંજી, કાયર પુરુષને થાય રે...હો માડી ક્ષણ૦ ૨૭
કુંવર ભણે સુણ માવડીજી, સંયમ સુખભંડાર,
ચૌદ રાજ નગરી તણાજી, ફેરા ટાળણહાર.હો માડી ક્ષણ૦ ૨૮
અનુમતિ તો આપું ખરીજી, કુણ કરશે તુજ સાર.
રોગ જબ આવી લાગશેજી, નહિ ઔષધ ઉપચાર રે.જાયા૦..૨૯
વનમાં રહે છે મૃગલાજી કુણ કરે તેહની સાર,
વન મૃગની પરે વિચરશુંજી, એકલડા નિરધાર. હો માડી ક્ષણ૦ ૩૦
અનુમતિ આપે માવડીજી, આવ્યા વનહ મોઝાર,
પંચ મહાવ્રત આદર્યાજી, પાળે સંયમભાર...મુનિશ્વર ધનધન તુમ અવતાર.૩૧
મૃગાપુત્ર ઋષિ રાજીયોજી, ષટ્કાય ગોવાળ,
એ સમ નહીં વૈરાગીયોજી, જિણે ટાળ્યો આતમ સાલ મુનિશ્વર૦ ૩૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણ્યો અધ્યયન ઓગણીસમેજી, મૃગાપુત્ર અધિકાર
તપ જપ કિરિયા શુદ્ધ કરીજી, આરાધી આચાર..મુનિશ્વર૦ ૩૩
સંયમ દુક્કર પાળીયુંજી, કરી એક માસ સંથાર,
કર્મ ખપાવી કેવળ લહીં જી, પહોંચ્યા મુક્તિ મોઝાર.. મુનિશ્વર૦ ૩૪
મૃગાપુત્ર ઋષિ રાજીયોજી પામ્યો શિવપુર ઠામ
સિંહ વિમલ ઈમ વિનવજી, હોજો તાસ પ્રણામ. મુનિશ્વર૦ ૩૫

## (૧૫૮) શ્રી શાલિભદ્રજીની સજ્ઝાય

(રાગ-મારવાડી)

રાજગૃહી નગરી મોઝારો જી, વણઝારો દેશાવર સારો જી
ઈણ વણજે જી, રત્નકંબલ લેઈ આવીયા જી. ૧
લાખ લાખની વસ્તુ લાખેણી, એ વસ્તુ છે અતિ ઝીણી જી;
કાંઈ પરિમલ જી, ગઢમઢ મંદિર પરિહરિ જી. ૨
પૂછે ગામને ચોતરે, લોક મળ્યા વિધવિધ પરે
જઈ પૂછો જી, શાલિભદ્રને મંદિરે જી. ૩
શેઠાણી સુભદ્રા નીરખે જી, રત્નકંબળ લેઈ પરખે જી;
પહોંચાડો જી, શાલિભદ્રને મંદિરે જી. ૪
તેડાવ્યો ભંડારી જી, વીશ લાખ નિરધારી જી;
ગણી દેજયો જી, એહને ઘેર પહોંચાડજો જી. ૫
રાણી કહે સુણો રાયજી, આપણું રાજ કી શેં કાજ જી;
મુજ કાજે જી, એક ન લીધી કાંબળી જી. ૬
સુણ હો ચેલણા રાણી જી, એ વાત મેં જાણી જી;
પીછાણી જી, એ વાતનો અચંબો ઘણો જી. ૭
દાતણ તો તબ કરશું જી, જબ શાલિભદ્ર મુખ જોશું જી;
શણગારો જી, ગજરથ ઘોડા પાલખી જી. ૮
આગળ કુંતલ હીંચાવંતા, પાછળ પાત્ર નચાવંતા;
રાય શ્રેણીક જી, શાલીભદ્ર ઘેર આવિયા જી. ૯
પહેલે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજયોજી, આ ઘર તો ચાકર તણાં જી. ૧૦
બીજે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજયો જી, આ ઘર તો સેવક તણાં જી. ૧૧
ત્રીજે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિઓ;
કાંઈ જોજયો જી, આ ઘર તો દાસી તણાં જી. ૧૨
ચોથે ભુવને પગ દીઓ, રાજા મનમાં ચમકિઓ;
કાંઈ જોજયો જી, આ ઘર તો શ્રેષ્ઠિ તણાં જી. ૧૩


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાય શ્રેણિકની મુદ્રિકા, ખોવાઈ ખોળ કરે તિહાં;
માય ભદ્રા જી, થાળ ભરી તવ લાવિયા જી. ૧૪
જાગો જાગો મોરા નંદન જી, કેમ સુતા આણંદ જી;
કાંઈ આંગણે જી, શ્રેણીકરાય પધારીયા જી. ૧૫
હું નવિ જાણું માતા બોલમાં, હું નવિ જાણું માતા તોલમાં;
તુમે લેજો જી, જેમ તમને સુખ ઊપજે જી. ૧૬
પૂર્વે કદી પૂછતાં નહીં, તો આમાં શું પૂછો સહી;
મોરી માતા જી, હું નવિ જાણું વણજમાં જી. ૧૭
રાય કરિયાણું લેજો જી, મુહ માંગ્યા દામ દેજ્યો જી;
નાણાં ચુકવી જી, રાય ભંડારે નંખાવી દીયો જી. ૧૮
વળતી માતા ઈમ કહે, સાચું નંદન સદ્દહે;
કાંઈ સાચે જી, શ્રેણિકરાય પધારીયા જી. ૧૯
ક્ષણમાં કરે કાંઈ રાજીઓ, ક્ષણમાં કરે બેરાજીઓ;
કાંઈ ક્ષણમાં જી, ન્યાય અન્યાય કરે સહી જી.૨૦
પૂર્વે સુકૃત નવિ કીધા, સુપાત્રે દાન જ નવિ દીધાં;
મુજ માથે જી, હજુ પણ એવા નાથ છે જી. ૨૧
અબ તો કરણી કરશું જી, પંચ વિષય પરિહરશું જી;
પાળી સંયમ જી, નાથ સનાથ થશું સહી જી. ૨૨
ઈંદુવત્ અંગે તેજ જી, આવે સહુને હેજ જી;
નખ શીખ લગે જી, અંગોપાંગ શોભે ઘણાં જી. ૨૩
મુક્તાફળ જીમ ચળકે જી, કાને કુંડલ ઝળકે જી;
રાય શ્રેણિક જી, શાલિભદ્ર ખોળે લીઓ જી. ૨૪
રાજા કહે સુણો માતા જી, તુમ કુંવર સુખ શાતા જી;
હવે એહને જી, પાછો મંદિર મોકલો જી. ૨૫
શાલિભદ્ર નિજ ઘર આવિયા, રાય શ્રેણિક મહેલ સિધાવિયા જી;
પછી શાલિભદ્ર જી, ચિંતન કરે મનમાં ઘણું જી. ૨૬
શ્રી જિનરો હું આદરું, મોહ માયા ને પરિહરું;
હું છાંડુ જી, ગજ રથ ઘોડા પાલખી જી. ૨૭
સુણીને માતા વિલખે જી, નારીઓ સઘળી તલપે જી;
તેણી વેળાજી, અશાતા પામ્યા ઘણી જી. ૨૮
માત પિતાને ભ્રાતજી, સહુ આળ પંપાળરી વાત જી;
ઈણ જગમાં જી, સ્વારથના સહુ કો સગાં જી. ૨૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હંસ વિના શ્યા સરોવરીયાં, પિયુ વિના શ્યા મંદિરીયાં;
મોહ વશ થકાંજી, ઉચાટ એમ કરે ઘણો જી. ૩૦
સર્વે નીર અમૂલ્ય જી, વાટકડે તેલ ફૂલેલ જી;
શાહ ધન્ને જી, શરીર સમારણ માંડીયો જી. ૩૧
ધન્ના ઘેર સુભદ્રાનારી જી, બેઠી મહેલ મોઝારી જી;
શરીર સમારંતા જી, એક જ આંસુ ખરીયું જી. ૩૨
ગૌભદ્ર શેઠરી બેટડી, ભદ્રાબાઈ થોરી માવલડી;
સુણ સુંદરી જી, થેં કેમ આંસુ ખેંરીયું જી. ૩૩
શાલિભદ્રની બેનડી, બત્રીશ ભોજાઈની નણંદલડી;
તવ થારેજી, શા માટે રોણો પડે જી. ૩૪
જગમાં એક જ ભાઈ, સંયમ લેવા મન કરે;
નારી એક એક જી, દિન દિન પ્રત્યે પરિહરે જી. ૩૫
એ તો મિત્ર કાયરું, શું સંયમ લેશે ભાયરું;
જીભલડી જી, મુખ માથાની જુદી જાણવી જી. ૩૬
કહેવું તો ઘણું સોહીલું, પણ કરવું અતિ દોહીલું;
સુણો સ્વામિજી, એહવી ઋદ્ધિ કોણ પરિહરે જી. ૩૭
કહેવું તો ઘણું સોહીલું, પણ કરવું અતિ દોહીલું;
સુણ સુંદરી જી, આજથી ત્યાગી આઠને જી. ૩૮
હું તો હસતી મલકીને, તુમે કીયો તમાશો ઝલકીજી;
સુણો સ્વામિ જી, અબ તો ચિંતાં નવિ કરું જી. ૩૯
ચોટી અંબોડાં વાળીને, શા ધન્નો ઊઠ્યાં ચાલીને;
કાંઈ આવ્યા જી, શાલિભદ્રને મંદિરીએ જી. ૪૦
ઊઠો મિત્ર કાયરું, આપણે સંયમ લઈએ ભાયરું;
આપણ દોય જી, સંયમ શુદ્ધ આરાધિયે જી. ૪૧
શાલિભદ્ર વૈરાગીયા, શા ધન્નો અતિ ત્યાગીઆ;
દોનું રાગીયાં જી, શ્રી વીર સમીપે આવીયાં જી. ૪૨
સંયમ મારગ લીનો જી, તપસ્યાએ મન ભીનો જી;
શાહ ધન્નો જી, માસખમણ કરે પારણાં જી. ૪૩
તપ કરી દેહને ગાળી જી, દુષણ સઘળાં ટાળી જી;
વૈભારગિરિ જી, ઉપર અણસણ આદર્યાં જી. ૪૪
ચઢતે પરિણામે સોય જી, કાળ કરી જણ દોય જી;
દેવગતિયેં જી, અનુત્તાર વિમાને ઉપન્યા જી. ૪૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુર સુખને તિહા ભોગવી, તિહાંથી દેવ દોનું ચ્યવી;
મહા વિદેહે જી, મનુષ્યપણું તેહ પામશે જી. ૪૬
શુદ્ધો સંયમ આદરી, સકલ કર્મનો ક્ષય કરી;
લહી કેવળ જી, મોક્ષ ગતિને પામશે જી. ૪૭
દાન તણાં ફલ દેખો જી, ધન્નો શાલિભદ્ર પેખો જી;
નહીં લેખો જી, અતુલ સુખ તિહાં પામશે જી. ૪૮
ઈમ જાણી સુપાત્રને પોષો જી, જેમ વેગે પામો મોક્ષો જી;
નહીં ધોખો જી, કદીય જીવને રે ઊપજે જી. ૪૯
ઉત્તમ ના ગુણ ગાવો જી, મનવંછીત સુખ પાવોજી;
કહે 'કવિયણ' જી, શ્રોતાજન તુમે સાંભળો જી. ૫૦

## (૧૫૯) શ્રી ગજસુકુમાલની સજ્ઝાય

સોના કેરા કાંગરા ને રૂપા કેરા ગઢ રે;
કૃષ્ણજીની દ્વારિકામાં, જોવાની લાગી રઢ રે;
ચિરંજીવો કુંવર તમે ગજસુકુમાલ રે, આ પુરાં પુન્યે પામીયા. ૧
નેમિજિણંદ આવ્યા, વંદન ચાલ્યા ભાઈ રે;
ગજસુકુમાલ વીરા, સાથે બોલાઈ રે. ચિરંજીવો૦ ૨
વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના, સાર નથી શેમાં રે. ચિરંજીવો૦ ૩
ઘેર આવી એમ કહે, રજા દીયો માતા રે;
સંયમ સુખે લહું, જેહથી પામું સુખ શાતા રે. ચિરંજીવો૦ ૪
મૂર્છાણી માડી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કેતાં આંખે, નથી માતા પાણી રે. ચિરંજીવો૦ ૫
હૈયાનો હાર વીરા, તજ્યો કેમ જાય રે;
દેવનો દીધેલો તુમ વિણ, સુખ કેમ થાય રે. ચિરંજીવો૦ ૬
સોના સરિખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એહવી રે કાયા એક દિન, થાશે ધુળધાણી રે. ચિરંજીવો૦ ૭
સંયમ ખાંડા ધરા, તેમાં નથી સુખ રે;
બાવીસ પરિષહ જીતવા, છે અતિ દુષ્કર રે. ચિરંજીવો૦ ૮
દુઃખથી બળેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણે, પાણીનો પરપોટો રે. ચિરંજીવો૦ ૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાદવ કૃષ્ણ એમ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હાજર ઊભાં, છત્ર શિર ધરો રે. ચિરંજીવો૦ ૧૦
સોનૈયાના થેલા કાઢો, ભંડારી બોલાવો રે;
ઓઘા પાત્રા લાવો વીરા, દીક્ષા દીયો ભાઈ રે. ચિરંજીવો૦ ૧૧
રાજપાટ વીરા તુમે, સુખે હવે કરો રે;
દીક્ષા આપો હવે મને, છત્ર તુમે ધરો રે. ચિરંજીવો૦ ૧૨
આજ્ઞા આપી ઓચ્છવ કીધો, સંયમ લીધો આપે રે;
દેવકી કહે ભાઈ, સંયમે ચિત્ત સ્થાપો રે. ચિરંજીવો૦ ૧૩
મુજને તજીને વીરા, અવર માત મત કીજે રે;
કર્મ ખપાવી ઈહભવે, વહેલી મુક્તિ લીજે રે. ચિરંજીવો૦ ૧૪
કુંવરે અંતેઉર મેલી, સાધુવેષ શીદ લીધો રે;
ગુરુ આજ્ઞા લઈને સ્મશાને કાઉસગ્ગ કીધો રે. ચિરંજીવો૦ ૧૫
જંગલે જમાઈ જોઈને, સોમીલ સસરા કોપ્યા રે;
ખેરના અંગારા લઈને, મસ્તકે સ્થાપ્યા રે. ચિરંજીવો૦ ૧૬
મોક્ષપાઘ બંધાવી સસરાને, દોષ નવિ દીધો રે;
વેદના અનંતી સહી, સમતા રસ પીધો રે. ચિરંજીવો૦ ૧૭
ધન્ય જન્મ ધર્યો તુમે, ગજસુકુમાલ રે;
કર્મ ખપાવ્યા તુમે, હૈયે ધરી હામ રે. ચિરંજીવો૦ ૧૮
વિનયવિજય એમ કહે, એવા મુનિને ધન્ય રે;
કર્મના બીજ બાળી, જીતી લીધું મન્ન રે. ચિરંજીવો૦ ૧૯

## (૧૬૦) શ્રી રહનેમિની સજ્ઝાય

કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમિ નામે, રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે;
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હોય ભવનો પાર રે; દેવ૦
વરસાદે ભીનાં ચીવર મોકળા કરવા, રાજુલ આવ્યા તેણે ઠામ રે દેવ૦ ૧
રૂપે રતિ રે વસ્ત્રે વર્જીત બાળા, દેખી ખોલાણો તેણે કામ રે; દેવ૦
દિલડું લોભાણું જાણી રાજુલ ભાખે, રાખો સ્થિર મન ગુણના ધામ રે. દેવ૦ ૨
જાદવ કુળમાં જિનજી નેમ નગીનો, વમન કરી છે મુજને તેણે રે; દેવ૦
બંધવ તેહના તમે શિવાદેવી જાયા, એવડો પટંતર કારણ કેણ રે. દેવ૦ ૩
પરદારા સેવી પ્રાણી નરકમાં જાય, દુર્લભ બોધી હોય પ્રાય રે; દેવ૦
સાધ્વી સાથે ચૂકી પાપ જે બાંધે, તેહનો છૂટકારો કદીય ન થાય રે. દેવ૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશુચિ કાયા રે મળ મૂત્રની ક્યારી, તમને કેમ લાગી એવડી પ્યારી રે; દેવ૦
હું તે સંયમી તમે મહાવ્રત ધારી, કામે મહાવ્રત જાશો હારી રે. દેવ૦ ૫
ભોગ વમ્યા રે મુનિ મનથી ન ઈચ્છે, નાગ અગંધન કુલના જેમ રે; દેવ૦
ધિક્ કુળ નીચા થઈ નેહ નિહાળે, ન રહે સંયમ શોભા એમ રે. દેવ૦ ૬
એવા રસીલા રાજુલ વયણ સુણીને, બુઝ્યા રહનેમિ પ્રભુજી પાસ રે; દેવ૦
પાપ આલોવી ફરી સંયમ લીધું, અનુક્રમે પામ્યા શિવ આવાસ રે. દેવ૦ ૭
ધન્ય ધન્ય જે નરનારી શિયળને પાળે, સમુદ્ર તર્યા સમ વ્રત છે એહ રે; દેવ૦
રૂપ કહે રે તેહના નામથી હોવે, અમ મન નિર્મળ સુંદર દેહ રે. દેવ૦ ૮

## (૧૬૧) શ્રી વિજયશેઠ-વિજયાશેઠાણીની સજ્ઝાય

**(રાગ : દિન દુઃખિયાનો તું છે બેલી)**

શુક્લપક્ષ વિજયા વ્રત લીનો, શેઠ કૃષ્ણ પક્ષરો જાની;
ધન ધન શ્રાવક પુણ્ય પ્રભાવક, વિજયશેઠ શેઠાણી. ૧
સજી શણગાર ચઢી પિયુ મંદિર, હૈયે હર્ષ ઓર હુલસાણી;
ત્રણ દિવસ મુજ વ્રત તણા રે, શેઠ બોલે મધુરી વાણી. ધન૦ ૨
વચન સુણીને નીર ઢળિયાં, વદન કમલ થઈ વિલખાણી;
પ્રેમ ધરી પદ્મીણીને પૂછે, થેં કેમ થાયે વિલખાણી ? ધન૦ ૩
શુક્લપક્ષ વ્રત ગુરુમુખ લીનો, થેં પરણોજી દુજી નારી;
દુજી નાર મારે બેન બરાબર, ધન ધીરજ થારી રાણી. ધન૦ ૪
હૈયે હાર શણગાર સજી સબ, શ્યામ ઘટા હિયે હુલસાની;
વર્ષાકાલ અતિ ઘણો ગરજે, ચિંહુધારા હો વરસે પાણી. ધન૦ ૫
એક શૈયાએ દોનું પ્રબલ, બેઉએ મન રાખ્યાં તાણી;
ષટ્રસ ભોજન દ્વાદશ સંવત્સર, બીજી નારીઓ ભરશે પાણી. ધન૦ ૬
મન વચન કાયા અખંડિત નિર્મલ, શીલ પાળ્યું ઉત્તમ પાણી;
વિમલ કેવલી કરી પ્રશંસા, એ દોનું ઉત્તમ પ્રાણી. ધન૦ ૭
પ્રગટ હુવા સંયમ વ્રત લીનો, મોહ કર્મ કીયો ધુળધાણી;
રતનચંદ કરજોડી વિનવે, કેવલ લહિ ગયા નિર્વાણી. ધન૦ ૮

## (૧૬૨) શ્રી કૃષ્ણવાસુદેવની સજ્ઝાય

**દુહા**

અરિહંત પદ પંકજ નમી, કર્મ તણી ગતિ જેહ;
વરણવશું ભલી રીતથી, સુણજો ભવિ સસનેહ. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મે સુખ દુઃખ પામીયે, કર્મે ભવ જંજાળ;
કર્મ સકળ દૂરે ટળે, વરીએ શિવ વરમાળ. ૨

દાઝી નગરી દ્વારિકા, નાઠાં હલી મોરાર;
વનમાં વસતાં દુઃખ સહ્યાં, ભાખું તે અધિકાર. ૩

## ઢાળ ૧લી

## (પ્રભુ તુજ શાસન મીઠડું રે-એ દેશી)

ગ્રીષ્મ કાલના જોરથી રે, લાગી તરસ અપાર રે;
કૃષ્ણ કહે બળભદ્રને રે, ખોળી આણો તુમે વાર રે;
સુકે તાળવું આ વાર રે, નહિં ચાલી શકાય લગાર રે;
બળભદ્ર કહે તેણી વાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧

લઈ આવશું પાણી અમે રે, તુમે રહેજો સાવધાન;
એમ કહીને ચાલીયા, જોવે પાણીના તે થાન રે;
હરિ સુતા તેહિ જ રાન રે, આવી નિદ્રા અસમાન રે;
એક પિતાંબર પરિધાન રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૨

બળભદ્ર બોલે એમ વળી રે, ઊંચું વદન નિહાળ;
બાંધવની રક્ષા કરો રે, વનદેવી તુમ રખવાળ રે;
તુમ શરણે છે એ બાળ રે, તેને જાળવજો સંભાળ રે;
હું આવું છું તત્કાળ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૩

હલી તો પાણી લેવા ગયા રે, આવ્યો જરાકુમાર;
ભાવિભાવના યોગથી, રહ્યો વૃક્ષાંતર અવિકાર રે;
હરિ પાદને મૃગલો ધાર રે, બાણ મૂક્યું આકર્ષી ત્યાર રે;
વિંધાણો પાદ મોરાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૪

સહસા ઊઠી હરિ ભણે રે, કોણે કીધો છળ એહ;
મારી કોઈએ નવિ હણી, એટલા દિન પહેલા રેહ રે;
નામ ગોત્ર કહો તુમે કેહ રે, તવ બોલ્યો એણી પરે તેહ રે;
તું સાંભળ જે સસનેહ, રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

## દુહા

જરાકુમાર ભાખે હવે, નિજ અવદાત તે વાર;
કૃષ્ણ નરેસર સાંભળે. પગમાં પીડા અપાર. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઢાળ-૨ જી

### (રાગ : પ્રભુ તુજ શાસન મીઠડું રે)

વસુદેવ રાય રાણી જરા રે, માય તાય મુજ જાણ;
રામ કૃષ્ણનો ભાઈ વડો રે, તે મુજ ભ્રાતા ગુણ ખાણ રે;
મેં સાંભળી જીનની વાણ રે, તસ રક્ષા હેતે ઈણ ઠાણ રે;
ભૂખ્યો તરસ્યો રહું છું રાન રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૧
મુજને બાર વરસ ગયા રે, સહેતા બહુલા ક્લેશ;
નર નવિ દીઠો ઈણ વને રે, તું કોણ અછે શુભ વેષ રે;
તવ જલ્પે કૃષ્ણ નરેશ રે, ભાઈ આવ આવ સુવિશેષ રે;
તારો ફોક થયો સવિ કલેશ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૨
તેહી જ કૃષ્ણ હું જાણજે રે, તાહરો જે લઘુ ભ્રાત;
જસ અરથેં તું વન રહે રે, ભાવિ ભાવ તેહ આયાત રે;
જિન વયણ ન ફોગટ થાત રે, યદિ' જગ પલટાઈ જાત રે;
જિન વયણ નવિ પલટાય રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૩
જરાકુમાર નિસુણી ઈશ્યું રે, કહે શું કૃષ્ણ એ ભાય;
આવી દીઠા કૃષ્ણને રે, મુર્છાગત તે તિહાં થાય રે;
વળી ચેતના તો રૂદન કરાય રે, હા કૃષ્ણ કીહાંથી એ ઠાણ રે;
જેહથી નાશીયે તેહ આય રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪

### દોહા

પૂછે વાસુદેવને, દ્વારિકાનો અધિકાર;
જેમ જેમ જરાકુમાર સાંભળે તેમ તેમ દુઃખ અપાર. ૧

## ઢાળ-૩ જી

### (રાગ : પ્રભુ તુજ શાસન મીઠડું રે)

દુઃખભાર હૈડે રોવતો રે, પૂછે કૃષ્ણને એમ;
દ્વારિકા શું દાઝી ખરી રે, યદુ કેરો ક્ષય થયો કેમ રે;
મળ્યું સર્વે કહ્યું જિન જેમ રે, તુજ દેખીને ચિંતુ હું એમ રે;
ભાઈ એહ બની ગયું કેમ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧
કૃષ્ણે પણ માંડી કહ્યો રે, દ્વારિકા નગરીનો દાહ;
સાંભળી રૂદન કરે ઘણું રે, રોવરાવે વૃક્ષની સાહ રે;
તસ ઉપન્યું દુઃખ અથાહ રે, ભાઈ માર્યો વિણ અપરાધ રે;
મુજ હોશે નરકનો રાહ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂડું કરતાં ભૂંડું થયું રે, પૃથ્વી આપો માર્ગ;
એહ શરીરે નરકમાં રે, અમને છે દુઃખનો ભાગ રે;
મુજ નરકથી અધિક દુઃખ લાગ રે, મુને કૃષ્ણ ઉપર બહુ રાગ રે;
તેહને માર્યો વિણ આગ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૩
પ્રભુએ જ્યારે ભાંખીયું રે, મરણ ન પામ્યો હું કેમ ?
મુજ મરતાં ઓછું કીશ્યું રે, તુજ જીવંતા જગ ખેમ રે;
તવ કૃષ્ણ કહે ધરી પ્રેમ રે, મત શોક કરો તુમ એમ રે;
નીપજ્યું પ્રભુએ કહ્યું તેમ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૪
કૌસ્તુભ લેઈ જાઓ તુમ રે, વહેલા પાંડવ પાસ;
આગળ પાછળ જોવજો રે, કહેજો દ્વારિકાનો નાશ રે;
વ્હેલો તું ઈહાંથી નાશ રે, નહિ તો બળદેવની પાસ રે;
જમરાયને આધિન થાસ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ રે. ૫
વિપરીત પગલાં થાપજો રે, જેમ નાવે પૂંઠે રામ;
પાંડવને ખમાવજો રે, અમચો અપરાધ તમામ રે;
રાજ્ય અંધગરવને ધામ રે, અન્યાય કર્યો અમે તામ રે.
દૂરે આપ્યું રહેવા ઠામ રે, દ્રૌપદી લઈ વળીયા જામ રે
કર્મ તણી ગતિ એહવી મેરે લોલ રે. ૬

## દોહા

શિખ લેઈ વાસુદેવની જરાકુમાર હવે જાય;
પાછું વાળી જુવે બહુ, અંતરમાં અકળાય. ૧

## ઢાળ-૪ થી

(રાગ : દેશી ઉપર પ્રમાણે)

જરાકુમાર એમ સાંભળી રે, કાઢ્યું પગથી બાણ;
કૌસ્તુભ લેઈને ગયો રે, પગલાં વિપરીત મંડાણ રે;
વેદના હરિને અપ્રમાણ રે, તૃણ સંથારો કરી ઠાણ રે;
બોલે એમ અવસરના જાણ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧

જિનવરને નમું હર્ષથી રે, શક્રે પ્રણમિત પાય;
શાશ્વત સુખ પામ્યાજી કે રે, તે સિદ્ધ નમુંઃ નિરમાય રે;
આચારજ ને ઉવજ્ઝાય રે, વળી સાધુ તણા સમુદાય રે;
શિવ સાધન સાધે ઉપાય રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૨

નમીએ નેમિ જિનેશ્વરૂં રે, મુજને જસ ઉપકાર;
ભવ્ય જીવ પ્રતિ બોધતાં રે, મુજને દેખો ઈણ ઠાણ રે;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુમે જગતવત્સલ હિતકાર રે, જ્ઞાનાદિક ગુણ ભંડાર રે;
અતિશય વર ચોત્રીશ ધાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૩
જેહ કરી આશાતના રે,તેહ ખમાવું હું સ્વામ;
તુમ ઉપકાર ન વીસરું રે, વારંવાર નમું શિરનામ રે;
જીવડા સહુ જીવને ખામ રે, સહુ ગણજે મિત્રને ઠામ રે;
એમ પામીશ શાશ્વત ધામ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪
બેસી સંથારે ચિંતવે રે, ધન્ય શ્રી નેમિ જીણંદ;
વરદત્તાદિક રાજવી રે, તજી ગેહ થયા મુણિંદ રે;
જસ દૂર ટળ્યા દુઃખ દંદ રે, શાંબાદિક કુમારના વૃંદ રે;
ધન્ય ચિંતવે એમ ગોવિંદ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

**દોહા**

કરતાં એમ અનુમોદના, ઉત્તમ ધર્મની સાર;
એહવે મનમાં આવતી, લેશ્યા દુષ્ટ તેણી વાર. ૧

ગતિ તેહવી મતિ સંપજે, જેણે અશુભાયુ બદ્ધ;
શુભ લેશ્યા દૂરે ગઈ, તીવ્ર વેદન પ્રતિબદ્ધ. ૨

**ઢાળ-૫ મી**

**(દેશી ઉપર પ્રમાણે)**

રાજીમતિ રૂક્મિણી પ્રમુહા રે, ધન્ય જાદવની નાર;
ગૃહવાસ છાંડીને જેણે રે, લીધો વર સંયમ ભાર રે;
ઈમ ભાવે ભાવ ઉદાર રે, પણ વેદનાનો નહિ પાર રે;
થયો વાત પ્રકોપ પ્રચાર રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૧
તે દુઃખમાં વળી સાંભરી રે, દ્વારિકા નગરીની ઋદ્ધ;
સહસ વરસ મુજને થયાં રે, પણ એ મુજને કિણહી ન કીધ રે;
જેમ દ્વૈપાયને દુઃખ દીદ્ધ રે, હુ એકલ મલ્લ પ્રસિદ્ધ રે;
પણ એ દુઃખ દેવા ગીદ્ધ રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૨
જો દેખું હવે તેહનો રે, તો ક્ષય આણું તાસ;
તાસ ઉદરથી હું સવિ રે, કાઢું પર ઋદ્ધિ ઉલ્લાસ રે;
ઈમ રૌદ્ર ધ્યાન અભ્યાસ રે, છુટે તિહાં આયુ પાસ રે;
મરી પહોંચ્યા નરકાવાસ રે, કર્મતણી ગતિ એહવી મેરે લાલ. ૩
સોળ વરસ કુમર પણે રે, છપ્પન વળી મંડલીક;
નવસેં અઠ્ઠાવીશ જાણીએ રે, વાસુદેવ પણે તહસિક રે;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિહાં કર્મ કીધાં ઠીક ઠીક રે, ત્રીજે નરકે દુઃખ ભીક રે;
મરી પહોંચ્યાં તેહમાં ન અલીક રે, કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૪
તપગચ્છ સિંહ સૂરીશના રે, સત્યવિજય ગુણમાલ;
કપુર ક્ષમાવિજયાભિધા રે, જિનવિજય ગુણ ઉજમાળ રે;
ગુરુ ઉત્તમ વિજય દયાળ રે, તસ પદ્મ વિજય કહે બાળ રે;
સુણતાં હોય મંગળ માળ રે, ભવિ છાંડો કર્મ જંજાળ રે;
કર્મ તણી ગતિ એહવી મેરે લાલ. ૫

## (૧૬૩) શ્રી મેતારજમુનિની સજ્ઝાય

શમદમ ગુણના આગરુજી, પંચ મહાવ્રત ધાર;
માસક્ષમણને પારણેજી, રાજગૃહી નગરી મોઝાર;
મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર. ૧
સોનીને ઘેર આવીયાજી, મેતારજ ઋષિરાય;
જવલા ઘડતો ઊઠિયોજી, વંદે મુનિના પાય, મેતારજ૦ ૨
આજ ફળ્યો ઘર આંગણેજી, વિણ કાળે સહકાર;
લ્યો ભિક્ષા છે સુઝતીજી, મોદકતણો એ આહાર. મેતારજ૦ ૩
ક્રોંચ જીવ જવલા ચણ્યોજી, વહોરી વળ્યા ઋષિરાય;
સોની મન શંકા થઈ જી, સાધુ તણા એ કાજ. મેતારજ૦ ૪
રીસ કરી ઋષિને કહેજી, ઘો જવલા મુજ આજ;
વાધર શિર્ષે, વીંટીયુંજી, તડકે રાખ્યા મુનિરાજ, મેતારજ૦ ૫
ફટ ફટ ફૂટે હાડકાંજી ત્રટ ત્રટ તૂટે છે ચામ;
સોનીડે પરિષહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ. મેતારજ૦ ૬
એવા પણ મોટા યતિજી, મન ન આણે રે રોષ;
આતમ નિંદે આપણો જી, સોનીનો શો દોષ ? મેતારજ૦ ૭
ગજસુકુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ;
ખેર અંગારા શિરે ધર્યાજી, મુગતે ગયા તત્કાળ. મેતારજ૦ ૮
વાઘણે શરીર વલુરીયું જી, સાધુ સુકોશલ સાર;
કેવલ લહી મુગતે ગયાજી, ઈમ અરણિક અણગાર. મેતારજ૦ ૯
પાપી પાલકે પીલીયાજી, ખંધકસૂરિના રે શિષ્ય;
અંબડ ચેલા સાતશેજી, નમો નમો તે નિશદિન. મેતારજ૦ ૧૦
એવા ઋષિ સંભારતાજી, મેતારજ ઋષિરાય;
અંતગડ હુઆ કેવલીજી, વંદો મુનિના પાય. મેતારજ૦ ૧૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારી કાષ્ટની સ્ત્રીએ તિહાંજી લાવી નાંખી તેણીવાર;
ધબકે પંખી જાગીયાજી, જવલા કાઢ્યા તેણે સાર. મેતારજ૦ ૧૨
દેખી જવલા વિષ્ટામાંજી, મન લાજ્યો સોનાર;
ઓઘો મુહપત્તિ સાધુનાજી, લેઈ થયો અણગાર. મેતરાજ૦ ૧૩
આતમ તાર્યો આપણોજી, સ્થિર કરી મન વચ કાય;
રાજવિજય રંગે ભણેજી, સાધુ તણી એ સજ્ઝાય. મેતારજ૦ ૧૪

## (૧૬૪) શ્રી મેઘકુમારની સજ્ઝાય

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એકજ પુત;
તુજ વિણ જાયા રે સૂનાં મંદિર માળિયાં રે, રાખો રાખો ઘર તણાં સૂત. ધારણી૦ ૧

તુજને પરણાવું રે આઠ કુમારિકા રે, સુંદર અતિ સુકુમાર;
મલપતી ચાલે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાર. ધારણી૦ ૨

મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુના રે બાળ;
દૈવ અટારો રે દેખી નવિ શક્યો રે, ઉપાયો એહ જંજાળ ધારણી૦ ૩

ધન કણ કંચન રે ઋદ્ધિ ઘણી અછે રે, ભોગવો ભોગ સંસાર;
છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે, પછી લેજો સંયમ ભાર. ધારણી૦ ૪

મેઘકુમારે રે માતા પ્રત્યે બૂઝવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ;
પ્રીતવિમળ રે ઈણિ પરે ઉચ્ચરે રે, પહોંચી મ્હારા મનડાની આશ. ધારણી૦ ૫

## (૧૬૫) શ્રી બળદેવ (શ્રીકૃષ્ણજીના મોટાભાઈ મુનિની સજ્ઝાય (મારવાડી)

માસખમણને મુનિવર પારણેજી, આવી ઉતર્યા સરોવરિયા પાળજી;
મન મોહ્યું તુંગીયાપૂર નગર સોહામણુંજી...
આરે નગરીમાં જઈશું ગોચરીજી, આ રે નગરીમાં કરશું આહારજી. મન૦ ૧
કૂવાને કાંઠે પાણીડા સંચર્યાજી, પાછળ બાલુડો જાયજી; મન૦
રૂપે સ્વરૂપે મુનિવર ફૂટડાજી, દેખી મનડું થયું અધીરજી. મન૦ ૨
ઘડાને બદલે બાલુડો ફાંસીયોજી, ગયો છે કૂવા મોઝારજી મન૦
આ રે નગરીમાં નહિ જાવું ગોચરીજી, આરે નગરીમાં નહિ કરું આહારજી મન૦ ૩
સુકા તે વનમાં મુનિવર સંચર્યાજી, મૃગલે કર્યો છે નમસ્કારજી. મન૦
ખત્રી વહેરે છે વનમાં લાકડાજી, ખતરાણી લાવી છે ભાતજી મન૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખત્રીએ મુનિવરને વાંદીયાજી લ્યો મુનિ સૂઝતો આહારજી. મન૦
દોષ બેંતાલીસ ટાળીનેજી, લીધો છે સૂઝતો આહારજી. મન૦ ૫

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલોજી, જઈ બેઠા તરુવરની છાંયજી મન૦
કેઈ દીસેથી પવન આવીઓજી, ભાંગી છે તરુવરની ડાળજી મન૦ ૬

ખત્રી ખત્રાણી મુનિવર મૃગલોજી, ચારે જીવ સ્વર્ગમાં જાયજી મન૦
મુનિ સત્યવિજયની શિખડીજી, ધર્મમાં ખરચી લેજો દામજી. મન૦ ૭

## (૧૬૬) શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય;
રાજ છોડી રળિયામણું રે, જાણી અથીર સંસાર
વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦ ૧
સ્મશાને કાઉસ્સગ્ગ રહ્યા રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઊંચા કરીને, સૂરજ સામી દૃષ્ટિ લગાય. પ્રસન્ન૦ ૨
દુર્મુખ દુત વચન સુણી ને, કોપ ચઢ્યો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીયો રે, જીવ પડ્યો જંજાળ. પ્રસન્ન૦ ૩
શ્રેણીક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામી એહની કુણ ગતિ થાય ?
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય. પ્રસન્ન૦ ૪
ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વારથ સિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભી રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન. પ્રસન્ન૦ ૫
પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય;
રૂપવિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ. પ્રસન્ન૦ ૬

## (૧૬૭) શ્રી અનાથી મુનિની સજ્ઝાય

બંભસારે વનમાં ભમતાં, ઋષિ દીઠો રયવાડી રમતાં;
રૂપ દેખીને મન રીઝ્યો, ભારે કર્મી પણ ભીંજ્યો. બંભસારે૦ ૧
કર જોડીને એમ પૂછે, સંબંધ તમારો શું છે ?
નરનાથ હું છું અનાથ, નથી માહરે કોઈ નાથ. બંભસારે૦ ૨
હરખે જોડી કહે હાથ, હું થાઉં તમારો નાથ;
નરનાથ તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ ? બંભસારે૦ ૩
મગધાધિપ હું છું મોટો, શું બોલે ભૂપ ખોટો;
હું નાથપણું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે ? બંભસારે૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયરી કૌશામ્બીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી;
એક દિન મહારોગે ઘેર્યો, કેમે તે પાછો ન ફેર્યો. બંભસારે૦ ૫
માતાપિતા છે મુજ બહુ મહિલા, વહેરાવે આંસુના રેલા;
વડા વડા વૈદ્યો તેડાવે, પણ વેદના કોઈ ન હઠાવે. બંભસારે૦ ૬
એહવું જાણી તવ શૂલ, મેં ધાર્યો ધર્મ અમૂલ;
રોગ જાય જો આજની રાત, તો સંયમ લેઉં પ્રભાત. બંભસારે૦ ૭
એમ ચિંતવતા વેદના નાઠી, આખર બાંધી મેં કાઠી;
બીજે દિન સંયમભાર, લીધો ન લગાડી વાર. બંભસારે૦ ૮
અનાથ સનાથનો વહેરો, તુમને દાખ્યો કરી ચહેરો;
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ. બંભસારે૦ ૯
શ્રેણિક તિહાં સમકિત પામ્યો, અનાથીને શીર નામ્યો;
મુગતે ગયા મુનિરાય, ઉદયરત્ન વંદે ઉવજ્ઝાય. બંભસારે૦ ૧૦

## (૧૬૮) શ્રી અરણિક મુનિની સજ્ઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશોજી;
પાય અડવાણે રે વેળુ પરજળે, તન સુકુમાર મુનિશોજી. અરણિક૦ ૧

મુખ કરમાણું રે માલતી ફૂલ જ્યુ, ઊભો ગોખની હેઠોજી;
ખરે બપોરે રે દીઠો એકલો, મોહી માનિની દીઠોજી. અરણિક૦ ૨

વયણ રંગીલી રે નયણે વીંધીયો, ઋષિ થંભ્યા તેણે ઠાણોજી;
દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘર આણોજી. અરણિક૦ ૩

પાવન કીજે રે ઋષિ ઘર આંગણું, વોહરો મોદક સારોજી;
નવ જોબન રસ કાયા કાં દહો ? સફળ કરો અવતારોજી. અરણિક૦ ૪

ચંદ્ર વદનીયે રે ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી. અરણિક૦ ૫

અરણિક અરણિક કરતી મા ફીરે, ગલિયે ગલિયે બજારોજી;
કહો કોણે દીઠો રે માહરો અરણિકો, પૂંઠે લોક હજારોજી. અરણિક૦ ૬

હું કાયર છું રે માહરી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિગ્ ધિગ્ વિષયા રે માહરા જીવને, મેં કીધો અવિચારોજી. અરણિક૦ ૭

ગોખથી ઊતરી રે જનનીને પાય પડ્યો, મનશું લાજ્યો અપારોજી;
વત્સ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારોજી. અરણિક૦ ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ સમજાવી રે પાછો વાળીયો, આણ્યો ગુરુની પાસોજી;
સદ્‌ગુરુ દીયે રે શીખ ભલી પરે, વૈરાગે મન વાસોજી, અરણિક૦ ૯

અગ્નિ ધખંતી રે શીલા ઉપરે, અરણિકે અણસણ કીધુંજી;
રૂપવિજય કહે ધન્ય તે મુનિવરુ, જેણે મનવાંછિત લીધુંજી. અરણિક૦ ૧૦

## (૧૬૯) શ્રી સીતા સતીની સજ્ઝાય

જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતરયામી;
પાલવ મારો મેલ ને પાપી, કુળને લાગે છે ખામી.
અડશો માંજો, માંજો માંજો માંજો માંજો અડશો૦
મ્હારો નાવલીયો દુહવાય, મને સંગ કેનો ન સુહાય;
મ્હારું મન માંહેતી અકળાય. અ૦ ૧
મેરૂ મહિધર ઠામ તજે જો, પત્થર પંકજ ઊગે;
જો જળધિ મર્યાદા મૂકે, પાંગળો અંબર પૂગે. અ૦ ૨
તો પણ તું સાંભળ રે રાવણ, નિશ્ચય શિયલ ન ખંડું;
પ્રાણ હમારા પરલોક જાએ, તો પણ સત્ય ન છંડું. અ૦ ૩
કુણ મણિધરનો મણિ લેવાને, હૈડે ઘાલે હામ;
સતી સંગાથે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ. અ૦ ૪
પરદારાનો સંગ કરીને, આખર કોણ ઊગરીયો;
ઊંડું તો તું જોને આલોચી, સહી તુજ દહાડો ફરિયો. અ૦ ૫
જનક સુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઈ;
દશરથ નંદન શિર છે સ્વામી, લક્ષ્મણ કરશે લડાઈ. અ૦ ૬
હું ધણીયાતી પિયુગુણ રાતી, હાથ છે માહરે છાતી;
રહે અળઘો તુજ વયણે ન ચળું, કાં કુળે વાવે છે કાતી. અ૦ ૭
ઉદયરત્ન કહે ધન્ય એ અબળા, સીતા જેહનું નામ;
સતીયોમાંહે શિરોમણિ કહીયે, નિત્ય નિત્ય હોજે પ્રણામ. અ૦ ૮

## શ્રી દ્રૌપદી (કડવા તુંબડા)ની સજ્ઝાય

સાધુજીને તુંબડું વહોરાવીયુંજી, કરમે હલાહલ થાય રે;
વિપરીત આહાર વહોરાવીયોજી, વધાર્યો અનંત સંસાર રે. સાધુજીને૦ ૧

આહાર લેઈ મુનિ પાછા વળ્યાજી, આવ્યા આવ્યા ગુરુજીની પાસ રે;
ભાત પાણી આલોવીયાજી, એ આહાર નહિ તુજ યોગ રે. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરવદ્ય ઠામે જઈને પરઠવોજી, તુમે છો દયાના જાણ રે;
બીજો આહાર આણી કરીજી, તુમે કરો નિરધાર રે. ૩

ગુરુવચન શ્રવણે સુણીજી, પહોંચ્યા પહોંચ્યા વન મોઝાર રે;
એક જ બિંદુ તિહાં પરઠવ્યોજી, દીઠા દીઠા જીવના સંહાર રે. ૪

જીવ દયા મનમાં વસીજી, આવી આવી કરૂણા સાર રે;
માસક્ષમણાને પારણેજી, પડિવજ્યાં શરણાં ચાર રે. ૫

સંથારે બેસી મુનિ આહાર કર્યોજી, ઉપજી ઉપજી દાહજવાળ રે;
કાળ કરી સર્વાર્થસિદ્ધેજી, પહોંચ્યા પહોંચ્યા સ્વર્ગ મોઝાર રે. ૬

દુઃખીણી દુર્ભાગિણી બ્રાહ્મણીજી, તુંબડા તણે અનુસાર રે;
કાળ અનંતો તે ભમીજી, રૂલી રૂલી તિર્યંચ મોઝાર રે. ૭

સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહ રે;
ચારિત્ર લઈ તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું તેહ રે. ૮

દ્રુપદ રાજા ઘેર ઉપનીજી, પામી પામી યૌવન વેષ રે;
પાંચ પાંડવને તે વરીજી, હુઈ હુઈ દ્રૌપદી એહ રે. ૯

તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધાર રે;
કેવલજ્ઞાન પામી કરીજી, જસ કહે જાશે જાશે મુક્તિ મોઝાર રે. ૧૦

## (૧૭૧) શ્રી અઈમુત્તા મુનિની સજ્ઝાય

(રાગ : દીનદુઃખીયાનો તું છે બેલી)

સંયમ રંગે રંગ્યુ જીવન, નાનો બાલકુમાર
વંદો અઈમુત્તા અણગાર... ૧

ગૌતમ સ્વામી ગોચરી જાવે, નાના બાલકને મન ભાવે;
પ્રેમ થકી નિજ ઘેર બોલાવે, ભાવ ધરી મોદક વહોરાવે.
મારે પણ ગૌતમ સમ થાવું, એમ કરે વિચાર. વંદો. ૨

મનની ઈચ્છા પૂરણ કીધી, માતપિતાની આજ્ઞા લીધી;
રાજ તણી ઋદ્ધિને છોડી, ગૌતમ પાસે દીક્ષા લીધી;
રહે ઉમંગે ગુરુને સંગે વહેતા સંયમ ભાર. વંદો. ૩

તલાવડી જલની એક આવી, બાલમુનિને મન બહુ ભાવી;
પાત્ર તણી નૌકા ખેલાવી, ગુરુને દેખી લજ્જા આવી;
અણઘટતું કારજ કીધું તે, પામ્યા ક્ષોભ અપાર. વંદો. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમવસરણમાં પ્રભુજી સામે, ઈરિયાવહી પડિક્કમીય પ્રમાણે;
ચાર કર્મની ગતિ વિરામે, કેવલજ્ઞાન તિહાં મુનિ પામે;
દેવ દેવી સહુ ઉત્સવ કરતા, વરત્યો જયજયકાર. વંદો. ૫

ક્ષણમાં સઘળાં કર્મ ખપાવ્યા, એવા અઈમુત્તા મુનિરાયા
ભવ્યજીવોને બોધ પમાડી, અંતે મુક્તિપુરી સીધાવ્યા
જ્ઞાન વિમલ તે મુનિને વંદે, થાયે બેડો પાર. વંદો. ૬

## (૧૭૨)૧ વૈરાગ્યની સજ્ઝાય

તે તરીયા ભાઈ તે તરીયા, જે નારી સંગથી ડરીયા રે;
તે ભવસમુદ્રને પાર ઊતરીયા, જઈ શિવ-રમણી વરીયા રે. ૧
સ્થૂલભદ્રને ધન્ય જે જઈને, વેશ્યાને ઘર રહીયા રે;
સરસ ભોજન ને વેશ્યા રાગિણી, પણ શીલે નવિ ચળીયા રે. ૨
સીતા દેખી રાવણ ચળિયો, પણ સીતા નવિ ફરીયા રે;
રહનેમિ રાજુલને મળીયા, પણ રાજુલ નવિ પડીયા રે. ૩
રાજુલે તેહને ઉદ્ધરીયા, તે પણ શિવઘર મલીયા રે;
રાણીએ ક્રોડ ઉપાય તે કરીયા, સુદર્શન નવિ ચળિયા રે. ૪
ક્ષપકશ્રેણીમાંહે તે ચઢીયા, કેવલ જ્ઞાન વરીયા રે;
ઉત્તમ પદ પદ્મને અનુસરીયા, તેના ભવ ફેરા ટળીયા રે. ૫

## (૧૭૨)૨ વૈરાગ્યની સજ્ઝાય

હતું બાળકપણું પછી નિશાળે ભણવું;
પંડિતપણું મેલી, મૂરખપણું લેવું;
આ સંસાર સુકુડો રે સુજ્ઞાની સુધર્મી... ૧
આવ્યો સાળો ને સાળી, વચ્ચે મેલો ને થાળી;
ભાઈએ બેન જ ટાળી, જો જો હૃદય વિચારી. આ૦ ૨
દીકરે દગો જ દીધો, વહુએ દાવો જ કીધો;
ઓરડો જુદો લીધો, પીયુ પોતાનો કીધો. આ૦ ૩
પિતા વિચારી જોજો, ભાગ વહેંચીને દેજો;
ન્યાય ચૂકવીને આલો, નઈતર કોરટે ચાલો. આ૦ ૪
ડોસી ખાટે બેસી ખાય, ડોસો કાંઈ ન કમાય;
ભૂંડો મરીય ન જાય, ઘરમાં મોકળું ન થવાય આ૦ ૫
એવી હીરવિજયની વાણી, સમજો સહુ ભવિ પ્રાણી;
ધર્મ કરશે તે તરશે, નહિતર સંસારે રઝળશે. આ૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૭૨)₃ વૈરાગ્યની સજ્ઝાય

તન ધન જોબન કારમુંજી રે, કોના માત ને તાત;
કોના મંદિર માળિયાંજી રે, જૈસી સ્વપ્નની વાત.
સૌભાગી શ્રાવક ! સાંભળો ધર્મ સજ્ઝાય... ૧
ફોગટ ફાંફાં મારવાજી, અંતે સગું નહિ કોઈ;
ઘેબર જમાઈ ખાઈ ગયોજી, કુટાઈ ગયો કંદોઈ. સૌ૦ ૨
પાપ અઢાર સેવીનેજી, લાવે પૈસો એક;
પાપના ભાગી કો નહીંજી, ખાવાવાળા છે અનેક સૌ૦ ૩
જીવતા જસ લીધો નહીંજી, મુવા પછી શી વાત;
ચાર ઘડીનું ચાંદણુંજી, પછી અંધારી રાત સૌ૦ ૪
ધન્ય તે મોટા શ્રાવકોજી, આણંદ ને કામદેવ;
ઘરનો બોજો છોડીને જી, વીર પ્રભુની કરે સેવ સૌ૦ ૫
બાપ દાદા ચાલ્યા ગયાજી, પૂરા થયા નહિ કામ;
કરવી દૈવની વેઠડીજી, શેખચિલ્લીના પરિણામ. સૌ૦ ૬
જો સમજો તો સાનમાંજી, સદ્‌ગુરુ આપે છે જ્ઞાન;
જો સુખ ચાહો મોક્ષનાજી, ધર્મરત્ન કરો ધ્યાન. સૌ૦ ૭

## (૧૭૨)₄ વૈરાગ્યની સજ્ઝાય

ઊંચા તે મંદિર માળિયા, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો;
એક રે દિવસ એવો આવશે... ૧
અબુધપણામાં હું રહ્યો મન સબળો જી સાલે.
મંત્રી મળ્યા સવિ કારમા, તેનું કાંઈ નવ ચાલે એક૦ ૨
સાવ સોનાનાં રે સાંકળા, પહેરણ નવનવા વાઘા;
ધોળું વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક૦ ૩
ચરૂ કઢાઈઆ અતિ ઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડી એના કર્મની, તે તો આગળ દેખું. એક૦ ૪
કોના છોરૂં ને કોના વાછરૂં, કોના માય ને બાપ;
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્ય ને પાપ. એક૦ ૫
સગી રે નારી એની કામિની, ઊભી ટગમગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહીં, બેઠી ધ્રુસકે રૂવે. એક૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્હાલા તે વ્હાલા શું કરો, વ્હાલા વોળાવી વળશે;
વ્હાલા તે વનના લાકડા, તે તો સાથે જ બળશે. એક૦૭
નહી ત્રાપો નહીં તુંબડી, નહીં તરવાનો આરો;
ઉદયરત્ન મુનિ ઇમ ભણે, મને પાર ઉતારો. એક૦ ૮

## (૧૭૨)૫ વૈરાગ્યની સજ્ઝાય

માનમાં માનમાં માનમાં રે, જીવ મારું કરીને માનમાં;
અંતકાળે તો સર્વ મૂકીને, ઠરવું છે જઈ સ્મશાનમાં રે જીવ૦ ૧
વૈભવ વિલાસી પાપ કરો છો, મરી તિર્યંચ થાશો રાનમાં રે. જીવ૦ ૨
રાગના રંગમાં ભૂલા ભમો છો, પડશો ચોરાશીની ખાણમાં રે જીવ૦ ૩
જગતમાં તારું કોઈ નથી રે, મન રાખજે ભગવાનમાં રે જીવ૦ ૪
વૃદ્ધાવસ્થા આવશે ત્યારે, ધાકો પડશે તારા કાનમાં રે. જીવ૦ ૫
કોક દિન જાનમાં તો કોક દિન કાણમાં, મિથ્યા ફરે અભિમાનમાં રે જીવ૦ ૬
કોક દિન સુખમાં તો કોક દિન દુઃખમાં, સઘળા તે દિન સરખા જાણમા રે જીવ૦ ૭
સુત્ત વિત્ત દારા પુત્રી ને ભૃત્યો, અંતે તે તારા જાણમા રે જીવ૦ ૮
આયુ અસ્થિર ને ધન ચપળ છે, ફોગટ મોહ્યો તેના તાનમાં રે. જીવ૦ ૯
છેલ બટુક થઈ શાને ફરો છો, અધિક ગુમાન માન તાનમાં રે જીવ૦ ૧૦
મુનિ કેવળ કહે સુણો સજ્જન સહુ, ચિત્ત રાખો ને પ્રભુ ધ્યાનમાં રે જીવ૦ ૧૧

## (૧૭૩) ઉત્તમ મનોરથની સજ્ઝાય

ધન ધન તે દિન ક્યારે આવશે, જપશું જિનવર નામ;
કર્મ ખપાવી રે જે થયા કેવળી, કરશું તાસ પ્રણામ. ધન૦ ૧
મન વચ કાયા રે આપણા વશ કરી, લેશું સંયમ યોગ;
સમતા ધરશું રે સંયમ યોગમાં, રહેશું છંડી રે ભોગ. ધન૦ ૨
વિનય વૈયાવચ્ચ ગુરુ ચરણે કરી, કરશું જ્ઞાન અભ્યાસ;
પ્રવચન માતા રે આઠે આદરી, ચાલશું પંથ વિકાસ. ધન૦ ૩
પરિગ્રહ વસતી રે વસ્ત્ર ને પાત્રમાં, આડંબર અહંકાર;
મૂકી મમતા રે લોકની વાંછના, પાલશું શુદ્ધ આચાર. ધન૦ ૪
તપ તપી દુર્લભ દેહ કસી ઘણું, સહીશું શીત ને તાપ;
પુદ્‌ગલ પરિણતિ રંગ નિવારીને, રમશું નિજગુણ આપ. ધન૦ ૫
સસલા સાબર મૃગ ને રોઝડાં, સૂંઘે તનુ મુખ નાસ;
ખોળે મસ્તક મૂકી ઊંઘશે, આણી મન વિશ્વાસ. ધન૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્માસન ધરી નિશ્ચલ બેસશું, ધરશું આતમધ્યાન;
ગુણઠાણાની રે શ્રેણી ચઢી કરી, સાધશું મોક્ષનું ઠામ. ધન૦ ૭
કરી સંલેખણ અણસણ આદરી, યોનિ ચોરાશી રે લાખ;
મિચ્છામિ દુક્કડં સર્વ જીવો પ્રતિ, દઈશું સદ્ગુરુ સાખ. ધન૦ ૮
મોટા મુનિવર આગે જે હુઆ, સમરી તસ અવદાત;
પરિષહ સહશું રે ધીરપણું ધરી, કરશું કર્મનો ઘાત. ધન૦ ૯
વાધર વીંટી રે ડોળા નીસર્યા, ધન્ય મેતારજ સાધ;
ખંધક શિષ્યો રે ઘાણી પીલાયા, રાખી સમતા અગાધ. ધન૦ ૧૦
માથે પાળી કરી સગડી ભરી, ભરીયાં માંહી અંગાર;
ગજસુકુમાલે રે શીર બળતું સહ્યું, તે પામ્યા ભવ પાર. ધન૦ ૧૧
સિંહ તણી પરે સામા ચાલીયા, સુકોશલ મુનિરાય;
વિરૂઈ વાઘણ ધસતી ખાવા, વોસિરાવી નિજ કાય. ધન૦ ૧૨
દેવ પરીક્ષા રે કરતાં વળી વળી, ચક્રી સનતકુમાર;
રોગે પીડ્યો રે વરસ તે સાતસે, ન કરી દેહની સાર. ધન૦ ૧૩
નિશદિન એહવી રે ભાવના ભાવતા, સરે નિજ આતમકાજ;
મુનિવિજય બુધ બોલે પ્રેમશું, ભાવના ભવોદધિ જહાજ. ધન૦ ૧૪

## (૧૭૪) કર્મ વિડંબનાની સજ્ઝાય

સુખ દુઃખ સરજ્યા પામીયે રે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે;
પ્રાણી ! મન ન આણો વિખવાદ, એતો કર્મ તણો પ્રસાદ રે. પ્રા૦ ૧

ફળને આહારે જીવીયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઈ ગયો રે, કર્મ તણા એ કામ રે. પ્રા૦ ૨

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ
નીચ તણે ઘર જળ વહ્યો રે, શીર ધરી હરિશ્ચંદ્ર રે. પ્રા૦ ૩

નળે દમયંતી પરહરી રે, રાત્રિ સમય વનમાંય;
નામ-ઠામ - કૂળ ગોપવી રે, નળે નિરવહ્યો કાળ રે. પ્રા૦ ૪

રૂપ અધિક જગ જાણીએ રે, ચક્રી સનત કુમાર;
વરસ સાતશે ભોગવી રે, વેદના સાત પ્રકાર રે. પ્રા૦ ૫

રૂપે વળી સૂર સારીખા રે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ અપાર રે. પ્રા૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુરનર જસ સેવા કરે રે, ત્રિભુવનપતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબીયા રે, તો માણસ કેઈ માત રે. પ્રા૦ ૭

દો, ન દીજે કેહને રે, કર્મ વિડંબણહાર;
દાન મુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રા૦ ૮

## (૧૭૫) આઠ કર્મની સજ્ઝાય

(રાગ : દ્વારાપુરીનો નેમ રાજીયો...)

પ્રભુજી મારા કર્મો લાગ્યાં છે મારા કેડલે;
ઘડીએ ઘડીએ આતમરામ મુંઝાય રે, પ્રભુજી મારા... ૧
જ્ઞાનાવરણીએ જ્ઞાન રોકીયું, દર્શનાવરણીયે રોક્યો છે દર્શનનો પ્રવાહ રે. પ્ર૦ ૨
વેદની કર્મે વેદના મોકલી, મોહનીય કર્મે ખવરાવ્યો રે માર રે. પ્ર૦ ૩
આયુ કર્મે રે તાણી બાંધીયો, નામ કર્મે નચાવ્યો છે નાચ રે. પ્ર૦ ૪
ગોત્ર કર્મે બહુ રઝળાવીઓ, અંતરાય કર્મે આડો વાળ્યો આંક રે. પ્ર૦ ૫
આઠે કર્મોનો રાજા મોહ છે, મુંઝવી મારે ચોવીશે કલાક રે. પ્ર૦ ૬
આઠે કર્મોને જે જીતશે, તેનો હોશે મુક્તિપુરીમાં વાસ રે. પ્ર૦ ૮
હીરવિજય ગુરુ હીરલો, સ્નેહી રત્નવિજય ગુણ ગાય રે. પ્ર૦ ૯

## (૧૭૬) નરકદુ:ખની સજ્ઝાય

(રાગ : સુણો ચંદાજી)

સુણ ગોયમજી, વીર જયંપે નરક તણી દુઃખ વાર્તા;
પરનારી સંગત જે કરતા, વળી પાપ થકી પણ નહીં ડરતાં;
જમરાયની શંકા નવિ ધરતાં, સુણ૦ ૧
હે શ્રોતાજનો, નરકનાં દુઃખ સુણતા હૈયા થરથરે;
હે ગુણવંતા, વીરવાણી સાંભળી ધર્મખજાનો ભરો;
લોહની પૂતળીને તપાવે છે, અતિ અગ્નિમય બનાવે છે;
તસ આલિંગન દેવરાવે છે, સુણ૦ ૨
પાંચસો જોજન ઉછાળે છે, પછી પટકી ભોંય પછાડે છે;
પછી તેહના દેહને બાળે છે. સુણ૦ ૩
શ્વાન થઈને તેહને કરડે છે, ઝાલી પરમાધામી મરડે છે;
વળી તેહની પાછળ દોડે છે. સુણ૦ ૪
મૃગની જેમ પાસમાં પકડે છે, કરવતથી તેહને ફાડે છે;
વળી પકડી પકડી ભમાવે છે. સુણ૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી તેહને શૂળીએ ચડાવે છે, કાન નાક પણ તેહના કાપે છે;
વળી ભરસાડમાં તેહને ભારે છે. સુણ૦ ૬

વળી કાલ ઉતારી જલાવે છે, તાતા તેલમાં પણ ઘાલે છે;
વિરૂઆ વિપાકોને દેખાડે છે. સુણ૦ ૭

માંસ કાપીને ખવડાવે છે, એમ જીવ ઘણા દુઃખ પાવે છે;
અતિ ત્રાસમાં સમય વિતાવે છે. સુણ૦ ૮

વળી શરીરમાં ખાર મિલાવે છે, એમ પરમાધામી દુઃખ પમાડે છે;
શુભવીરની વાણીથી શીતલ થાવે છે. સુણ૦ ૯

## (૧૭૭) શ્રી અધ્યાત્મપદની સજ્ઝાય

નાવમે નદીયાં ડૂબી જાય, મુજ મન અચરિજ થાય;(૨)
કીડી ચાલી સાસરે ને, સો મણ ચૂરમો સાથ;
હાથી ધરીયો ગોદમેં, ઊંટ લપેટ્યો જાય. નાવ૦ ૧

કચ્ચા ઈંડા બોલતાં રે, બચ્ચાં બોલે નાય
ષડ્દર્શનમેં સંશય પડીયો, તો જ મુક્તિ મીલ જાય. નાવ૦ ૨

એક અચંબો ઐસો દીઠો, માછલી ચાવે પાન;
ઊંટ બજાવે બંસરી ને, મેંઢક જોડે તાલ. નાવ૦ ૩

એક અચંબો ઐસો દીઠો, મડદો રોટી ખાય;
મુખસે તો બોલે નહિ, ડગડગ હસતો જાય. નાવ૦ ૪

બેટી બોલે બાપને, વિણ જાયો વર લાય;
વિણ જાયો વર ના મિલે તો, મુજ શું ફેરા ખાય. નાવ૦ ૫

સાસુ કુંવારી વહુ પરણેલી, નણદલ ફેરા ખાય;
દેખણ વાલી કુંવર જાયો, પાડોસણ હુલરાય. નાવ૦ ૬

એક અચંબો ઐસો દીઠો, કૂવામાં લાગી આગ;
કચરો કરબટ સબહી બલા ગયો, પણ ઘટ ભરભર જાય. નાવ૦ ૭

આનંદઘન કહે સુણ ભાઈ સાધુ, એ પદસેં નિરવાણ;
ઈસ પદકા કોઈ અર્થ કરેંગા, શીઘ્ર હોગા કલ્યાણ. નાવ૦ ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૭૮) વિનયની સજ્ઝાય

(રાગ : ચતુરનર સમજો વિનય પ્રકાર)

પવયણ દેવી ચિત્ત ધરી જી, વિનય વખાણીશ સાર;
જંબૂને પૂછે કહ્યોજી, શ્રી સોહમ ગણધાર;
ભવિક જન !, વિનય વહો સુખકાર... ભ૦ ૧
પહેલે અધ્યયને કહ્યોજી, ઉત્તરાધ્યયન મોઝાર;
સઘળા ગુણમાં મૂળગોજી, જે જિનશાસન સાર. ભ૦ ૨
નાણ વિનયથી પામીયે જી, નાણે દરિસણ શુદ્ધ;
ચારિત્ર દરિસણથી હુવે જી, ચારિત્રથી પુણ સિદ્ધ. ભ૦ ૩
ગુરુની આજ્ઞા શિરે ધરે જી, જાણે ગુરુનો ભાવ;
વિનયવંત ગુરુ રાગીયા જી, તે મુનિ સરળ સ્વભાવ. ભ૦ ૪
કણનું કુંડું પરિહરી જી, વિષ્ઠાશું મન રાગ;
ગુરુદ્રોહી તે જાણવાજી, સૂઅર ઉપમા લાગ. ભ૦ ૫
કોહ્યા કાનની કુતરી જી, ઠામ ન પામે રે જેમ;
શિલહીણ અકહ્યાગરા જી, આદર ન લહે તેમ. ભ૦ ૬
ચંદ્ર તણી પરે ઉજળી જી, કીરતિ તેહ લહંત;
વિષય કષાય જીતી કરીજી, જે નર વિનય વહંત. ભ૦ ૭
વિજયદેવ ગુરુ પાઢવી જી, શ્રી વિજયસિંહ સૂરીંદ;
શિષ્ય ઉદયવાચક ભણે જી, વિનય સયળ સુખકંદ. ભ૦ ૮

## (૧૭૯) શ્રાવક કરણીની સજ્ઝાય

(રાગ : આદિ જિનેશ્વર પાય પ્રણમેવ)

શ્રાવક તું ઊઠે પરભાત, ચાર ઘડી રહે પાછલી રાત;
મનમાં સમરે શ્રી નવકાર, જેમ પામે ભવસાયર પાર. ૧

કવણ દેવ કવણ ગુરુ ધર્મ, કવણ અમારું છે કુલ કર્મ;
કવણ અમારો છે વ્યવસાય, એવું ચિંતવજે મનમાંય. ૨

સામાયિક લેજે મનશુદ્ધ, ધર્મતણી હિયડે ધરજે બુદ્ધ;
પડિક્કમણું કરે રયણિતણું, પાતિક આલોઈએ આપણું. ૩

કાયા શકતે કર પચ્ચક્ખાણ, સુધિ પાલે જિનની આણ;
ભણજે ગણજે સ્તવન સજ્ઝાય, જિણ હુંતી નિસ્તારો થાય. ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતે નિત્ય ચૌદહ નીમ, પાળે દયા જીવોની સીમ;
દેહરે જઈ જુહારે દેવ, દ્રવ્ય ભાવથી કરજે સેવ. ૫
પૂજા કરતા લાભ અપાર, પ્રભુજી મોટા મુક્તિ દાતાર;
જે ઉત્થાપે જિનવર દેવ, તેહને નવ દંડકની ટેવ. ૬
પોશાળે ગુરુવંદને જાય, સુણે વખાણ સદા ચિત્ત લાય;
નિર્દૂષણ સૂઝતો આહાર, સાધુને દેજે સુવિચાર. ૭
સામી વચ્છલ કરજે ઘણું, સગપણ મ્હોટું સામી તણું;
દુઃખીયા હીણા દીના દેખ, કરજે તાસ દયા સુવિશેષ. ૮
ઘર અનુસારે દેજે દાન, મોટાશું મ કરે અભિમાન;
ગુરુને મુખ લેજે આખડી, ધર્મ ન મૂકીશ એકે ઘડી. ૯
વારૂ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર;
મ ભરજે કોઈની કૂડી સાખ, કૂડા જનશું કથન મ ભાખ. ૧૦
અનંતકાય કહ્યા બત્રીશ, અભક્ષ્ય બાવીશે વિશ્વાવીશ;
તે ભક્ષણ નવિ કીજે કિમે, કાચા કુણાં ફલ મત જિમે. ૧૧
રાત્રી ભોજનનાં બહુ દોષ, જાણીને કરજે સંતોષ;
સાજી સાબુ લોહ ને ગળી, મધુ ધાવડીયા મત વેચીશ વળી. ૧૨
વળી મ કરાવે રંગણ પાસ, દૂષણ ઘણાં કહ્યાં છે તાસ;
પાણી ગળજે બે બે વાર, અળગણ પીતાં દોષ અપાર. ૧૩
જીવાણીના કરજે જતન, પાતક છંડી કરજે પુણ્ય;
છાણાં ઇંધણ ચૂલો જોય, વાવરજે જિમ પાપ ન હોય. ૧૪
ઘૃતની પેરે વાવરજે નીર, અણગળ નીર મ ધોઇશ ચીર;
બ્રહ્મવ્રત સુધા પાળજે, અચિતાર સઘળાં ટાળજે. ૧૫
કહીયાં પન્નર કર્માદાન, પાપ તણી પરહરજે ખાણ;
માથે મ લેજે અનર્થદંડ, મિથ્યા મેલ મ ભરજે પિંડ. ૧૬
સમકિત શુદ્ધ હૈડે રાખજે, બોલ વિચારીને ભાખજે;
પાંચતિથિ મ કરે આરંભ, પાળે શિયળ તજી મન દંભ. ૧૭
તેલ તક્ર ઘૃત દૂધ અને દહીં, ઉઘાડા મત મેલો સહી;
ઉત્તમ ઠામે ખરચે વિત્ત, પરઉપગાર ધરે શુભ ચિત્ત. ૧૮
દિવસ ચરિમ કરજે ચોવિહાર, ચારે આહાર તણો પરિહાર;
દિવસ તણાં આલોવે પાપ, જિમ ભાંજે સઘળાં સંતાપ. ૧૯
સંધ્યા આવશ્યક સાચવે, જિનવર ચરણ શરણ ભવભવે;
ચારે શરણ કરી દૃઢ હોવે, સાગારી અણસણ લઇ સૂવે. ૨૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે મનોરથ મન એહવા, તીરથ શેત્રુંજે જાયવા;
સમેતશિખર-આબુ-ગિરનાર, ભેટીશ હું ધન્ય ધન્ય અવતાર. ૨૧
શ્રાવકની કરણી છે એહ, એહથી થાયે ભવનો છેહ;
આઠે કર્મ પડે પાતળા, પાપ તણાં છૂટે આમળા. ૨૨
વારૂ લહીએ અમર વિમાન, અનુક્રમે પામે શિવપુર ધામ;
કહે જિનહર્ષ ઘણો સસનેહ, કરણી દુઃખહરણી છે એહ. ૨૩

## (૧૮૦) મૈથુન પાપસ્થાનકની સજ્ઝાય

(રાગ : છટ્ઠો આરો એવો આવશે)

પાપસ્થાનક ચોથું વર્જીએ, દુર્ગતિ મૂલ અબંભ;
જગ સવિ મુંઝ્યો છે એહમાં, છાંડે તેહ અચંભ. પાપ૦ ૧

રૂડું લાગે રે એ ધુરે, પરિણામે અતિ અતિ ક્રુર;
ફલ કિંપાકની સારિખું, વસજે સજ્જન દૂર. પાપ૦ ૨

અધર વિદ્રુમ સ્મિત ફૂલડાં, કુચ ફલ કઠિન વિશાલ;
રામા દેખી ન રાચીએ, એ વિષવેલી રસાલ. પાપ૦ ૩

પ્રબલ જ્વલિત અયપૂતલી, આલિંગન ભલું તંત;
નરક દ્વાર નિતંબિની, જઘન સેવન તે દુરંત. પાપ૦ ૪

દાવાનલ ગુણ વન તણો, કુલ મશી કૂર્ચક એહ;
રાજધાની મોહરાયની, પાતક-કાનન મેહ. પાપ૦ ૫

પ્રભુતાએ હરિ સારીખો, રૂપે મયણ અવતાર;
સીતાએ રે રાવણ યથા, છાંડો પર નર નાર. પાપ૦ ૬

દશ શિર રજમાંહે રોળિયા, રાવણ વિવશ અબંભ;
રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગ જય થંભ. પાપ૦ ૭

પાપ બંધાએ રે અતિઘણાં, સુકૃત સકલ ક્ષય જાય;
અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદિય સફળ નવિ થાય. પાપ૦ ૮

મંત્ર ફલે જગ જસ વધે, દેવ કરે રે સાનિધ્ય;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ. પાપ૦ ૯

શેઠ સુદર્શનને ટલી, શુલિ સિંહાસન હોય;
ગુણ ગાયે ગગને દેવતા, મહિમા શિયળનો જોય. પાપ૦ ૧૦

મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન;
શીલ સલિલ ધરે જિ કે, તસ હુએ સુજશ વખાણ. ૧૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૮૧) પરિગ્રહ પાપસ્થાનકની સજ્ઝાય

(રાગ : છઠ્ઠો આરો એવો આવશે)

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ; સલૂણે
પરિગ્રહ જેહ ધરે ઘણો, તસ તપ-જપ પ્રતિકૂલ. સલૂણે. ૧

પરિગ્રહ મમતા પરિહરો..........................
નવિ પલટે મૂલ રાશિથી, માર્ગી કદિય ન હોય; સલૂણે.
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સહુને દિએ દુઃખ સોય. સલૂણે. પરિ૦ ૨

પરિગ્રહ મદ ગુરૂઅત્તણે, ભવમાંહિ પડે જંત; સલૂણે.
યાનપાત્ર જિમ સાયરે, ભારાક્રાંત અત્યંત. સલૂણે. પરિ૦ ૩

જ્ઞાન-ધ્યાન હય-ગયવરે, તપ-જપ-શ્રુત પરિતંત; સલૂણે.
છોડે શમ પ્રભુતા લહે, મુનિ પણ પરિગ્રહવંત. સલૂણે. પરિ૦ ૪

પરિગ્રહગ્રહ વશે લિંગિયા, લેઈ કુમતિરજ સીસ; સલૂણે.
જિમ તિમ જગ લવતા ફિરે, ઉન્મત્ત હુએ નિશદિન. સલૂણે. પરિ૦ ૫

તૃપતો ન જીવ પરિગ્રહે, ઈંધણથી જિમ આગ; સલૂણે.
તૃષ્ણાદાહ તે ઉપશમે, જલ સમ જ્ઞાન વૈરાગ. સલૂણે. પરિ૦ ૬

તૃપતો સગર સુતેં નહિ, ગોધનથી કૂચીકર્ણ; સલૂણે.
તિલકશેઠ વળી ધાન્યથી, કનકે નંદ સકર્ણ. સલૂણે. પરિ૦ ૭

અસંતુષ્ટ પરિગ્રહ ભર્યા, સુખીયા ન ઇંદનરિંદ; સલૂણે.
સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમકંદ; સલૂણે. પરિ૦ ૮

## (૧૮૨) અભ્યાખ્યાન પાપસ્થાનકની સજ્ઝાય

(રાગ : અરણિક મુનિવર ચાલ્યા ગોચરી)

પાપસ્થાનક તે તેરમું છાંડીએ, અભ્યાખ્યાન દુરંતોજી;
અછતા આળ જે પરના ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી.
ધન ! ધન ! તે નર જે જિનમત ધરે... ૧

અછતે દોષે રે અભ્યાખ્યાન જે, કરે ન પૂરે ઠાણેજી;
તે તે દોષેરે તેહને દૂષિયે, ઈમ ભાખે જિનભાણોજી. ધન૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે બહુ મુખરી રે વળી ગુણ-મત્સરી, અભ્યાખ્યાની તે હોયજી;
પાતક લાગેરે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી. ધન૦ ૩
મિથ્યામતિની રે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોજી;
ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી. ધન૦ ૪
પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જિનવાણીજી;
ઉપશમરસશું રે ચિત્તમાં ભીંજીએ, કીજીએ સુજસ કમાણીજી. ધન૦ ૫

## (૧૮૩) મુનિગુણની સજ્ઝાય

સમતા સુખના જે ભોગી, અષ્ટાંગ ધરણ જે જોગી;
સદાનંદ રહે જે અસોગી, શ્રદ્ધાવંત જે શુદ્ધોપયોગી રે.
ભવિજન ! એહવા મુનિ વંદો,....................
જેહથી ટળે સવિ દુઃખ દંદો, જે સમકિત સુરતરૂ કંદો. ભવિ૦ ૧
જ્ઞાનામૃત જે રસ ચાખે, જિના આણા હિયડે રાખે;
સાવદ્ય વચન નવિ ભાખે, ભાખ્યું, જિનજીનું ભાખે રે. ભવિ૦ ૨
આહાર લીયે નિરદોષ, ન ધરે મન રાગ ને રોષ;
ન કરે વળી ઇન્દ્રિય પોષ, ન ચિકિત્સે ન જુએ જોષ રે. ભવિ૦ ૩
બાહ્યાંતર પરિગ્રહ ત્યાગી, ત્રિકરણથી જિનમત રાગી;
જસ શિવરમણી રઢ લાગી, વિનયી ગુણવંત વૈરાગી રે. ભવિ૦ ૪
મદ આઠ તણા માન ગાળે, એક ઠામે રહે વરસાળે;
પંચાચાર તે સૂધા પાળે, વળી જિનશાસન અજુઆળે રે. ભવિ૦ ૫
પંચાશ્રવ પાપ નિરોધે, જ્ઞાનદર્શન ચારિત્ર શોધે;
નવિ રાચે ન કોઈથી ક્રોધે, ઉપગાર ભણી ભવિ બોધે રે. ભવિ૦ ૬
ભિક્ષા લે ભ્રમર પરે ભમતાં, મનમાં ન ધરે કાંઈ મમતા;
રાગદ્વેષ સુભટને દમતા, રહે જ્ઞાનચોગાનમાં રમતા રે. ભવિ૦ ૭
સુધા પંચ મહાવ્રત વહેતા, ઉપશમ ધરી પરિષહ સહેતા;
વળી મોહ ગહન વન દહતા, વિચરે ગુરુ આણાએ રહેતા રે. ભવિ૦ ૮
જે જ્ઞાન ક્રિયા ગુણ પાત્ર, અણદીધું ન લે તૃણ માત્ર;
સદા શીલે સોહાવે ગાત્ર, જાણે જંગમ તીરથ જાત્ર રે. ભવિ૦ ૯
દયા પાળે વીશવાવીશ, ધરે ધ્યાન ધર્મ નિશદિન;
જગજંતુ તણા જે ઈશ, જશ ઇંદ્ર નમાવે શીશ રે. ભવિ૦ ૧૦
ક્રોધ લોભ-અભિમાન ને માયા, તજીયા જેણે ચાર કષાયા;
બુધ ખિમાવિજય ગુરુરાયા, શિષ્ય જિનવિજય ગુણ ગાયા રે. ભવિ૦ ૧૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૮૪) ધર્મદૃઢતાની સજ્ઝાય

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી;
કેવા વ્રતધારી આગે થયા નરનારી રે;
થયા નરનારી તેને વંદના હમારી.
વંદના હમારી તેને વંદના હમારી. જુઓ૦ ૧
જુઓ જુઓ જંબુસ્વામી, બાળ વયે બોધ પામી;
તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી. જુઓ૦ ૨
ગજસુકુમાલ મુનિ, ધખે શિર પર ધૂણી;
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ના લગારી. જુઓ૦ ૩
કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થૂલીભદ્ર;
વેશ્યા સંગ વાસો તોયે, થયા ના વિકારી. જુઓ૦ ૪
સતી તે રાજુલ નારી, જગમાં ન જોડી એની;
પતિવ્રતા કાજે કન્યા, રહી તે કુંવારી. જુઓ૦ ૫
જનક સુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા;
ઘણું કષ્ટ વેઠ્યું તોયે, ડગ્યા ના લગારી. જુઓ૦ ૬
ધન્ય ધન્ય નરનારી, એવી દઢ ટેક ધારી;
જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી. જુઓ૦ ૭
એવું જાણી સુજ્ઞજનો, એવા ઉત્તમ આપ બનો;
વીરવિજય ધર્મ પ્રેમે, દીએ ગતિ સારી. જુઓ૦ ૮

## શ્રી પડિક્કમણાની સજ્ઝાય

(પ્રતિક્રમણ કરવાના ભાવ જગાડતી સજ્ઝાય)
(રાગ : શમદમ ગુણના આગરૂજી)

કર પડિક્કમણું ભાવશુંજી, સમભાવે ચિત્ત લાય;
અવિધિ દોષ જો સેવશોજી, તો નહિ પાતક જાય;
ચેતનજી ! એમ કેમ તરશોજી. ૧
સામાયિકમાં સામટીજી, નિદ્રા નયણે ભરાય;
વિકથા કરતા પારકીજી, અતિ ઉલ્લસિત મન થાય. ચેતનજી૦ ૨
કાઉસ્સગ્ગમાં ઊભા થકા, કરતાં દુઃખે રે પાય;
નાટક પ્રેક્ષણ જોવતાંજી, ઊભા રયણી જાય. ચેતનજી૦ ૩
સંવરમાં મન નવિ રૂચેજી, આશ્રવમાં હુંશિયાર;
સૂત્ર સુણે નહિ શુભ મનેજી, વાત સુણે ધરી પ્યાર. ચેતનજી૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુજનથી વેગળોજી, નીચશું ધારે નેહ;
કપટ કરે ક્રોડો ગમેજી, ધર્મમાં ધ્રૂજે દેહ. ચેતનજી૦ ૫
ધર્મની વેળા નવિ દીએજી, ફૂટી કોડી રે એક;
રાજાએ રૂંધ્યો થકોજી, ખૂણે ગણી દીએ છેક. ચેતનજી૦ ૬
જિનપૂજા ગુરુ વંદનાજી, સામાયિક પચ્ચક્ખાણ;
નવકારવાલી નવિ રૂચેજી, કરે મન આર્તધ્યાન. ચેતનજી૦ ૭
ક્ષમા-દયા મન આણીયેજી, કરીયે વ્રત પચ્ચક્ખાણ;
ધરીયે મનમાંહિ સદાજી, ધર્મ-શુક્લ દોય ધ્યાન. ચેતનજી૦ ૮

શુદ્ધ મને આરાધશોજી, જો ગુરુના પદપદ્મ;
રૂપવિજય કહે પામશોજી, તો સુર શિવસુખ સદ્મ. ચેતનજી ૯

## (૧૮૬) શ્રી પડિક્કમણાના ફલની સજ્ઝાય

ગોયમ પૂછે શ્રી મહાવીરને રે, ભાખો ભાખો પ્રભુજી સંબંધ રે;
પ્રતિક્રમણથી શ્યું ફલ પામીયે રે, શું શું થાયે પ્રાણીને બંધ રે. ગો૦ ૧

સાંભળો ગોયમ જે કહું પુન્યથી રે, કરણી કરતાં પુન્યનો બંધ રે;
પુન્યથી બીજો અધિકો કો નહિ રે, જેથી થાયે સુખ સંબંધ રે. ગો૦ ૨

ઇચ્છા પડિક્કમણું કરી પામે રે, પ્રાણી પુન્યનો બંધ રે;
પુન્યની કરણી જે ઉવેખશે રે, પરભવ થાશે અંધોઅંધ રે. ગો૦ ૩

પાંચ હજાર ઉપર પાંચશે રે, દ્રવ્ય ખરચી લખાવે જેહ રે;
જીવાભિગમ ભગવઈ પન્નવણા રે, મૂકે ભંડારે પુન્યની રેહ રે. ગો૦ ૪

પાંચ હજાર ઉપર પાંચશે રે, ગાયો ગર્ભવતી જેહ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, મુહપત્તિ આપ્યાનું પુન્ય એહ રે. ગો૦ ૫

દસ હજાર ગોકુલ ગાયો તણી રે, એકે કો દશ હજાર પ્રમાણ રે;
તેહને અભયદાન દેતાં થકાં રે, ઊપજે પ્રાણીને નિરવાણ રે. ગો૦ ૬

તેથી અધિકું ઉત્તમફળ પામીએ રે, પરને ઉપદેશ દીધાનું જાણ રે;
ઉપદેશ થકી સંસારી તરે રે, ઉપદેશે પામે પરિમલ નાણ રે. ગો૦ ૭

શ્રી જિનમંદિર અભિનવ શોભતાં રે, શિખરનું ખરચ કરાવે જેહ રે;
એકે કો મંડપ બાવન ચૈત્યનો રે, ચરવળો આપ્યાનું પુન્ય એહ રે. ગો૦ ૮

માસખમણની તપસ્યા કરે રે, અથવા પંજર કરાવે જેહ રે;
એહવા ક્રોડ પંજર કરતાં થકાં રે, કાંબળીયું આપ્યાનું ફળ એહ રે. ગો૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ અઠ્યાસી દાનશાળા તણો રે, ઊપજે પ્રાણીને પુન્યનો બંધ રે;
સ્વામી સંઘાતે ગુરુ સ્થાનકે રે, પ્રવેશે થાએ પુન્યનો બંધ રે. ગો૦ ૧૦
શ્રી જિનપ્રતિમા સોવનમય કરે રે, સહસ અઠ્યાસી પ્રમાણ રે;
એકેકી પ્રતિમા પાંચશે ધનુષ્યની રે, ઈરિયાવહી પડિક્કમતા ફળ જાણ રે. ગો૦ ૧૧
આવશ્યક પન્નવણા જુગતે ગ્રંથમાં રે, ભાખ્યો એ પડિક્કમણાનો સંબંધ રે;
જીવા ભગવઈ આવશ્યક જોઈને રે, સ્વમુખ ભાખે વીરજિણંદ રે. ગો૦ ૧૨
વાચક જસ કહે શ્રદ્ધા ધરો રે, પાળે શુદ્ધ પડિક્કમણાનો વ્યવહાર રે;
અનુત્તર સમ સુખ પામે મોટકું રે, પામશે ભવિજન ભવજલ પાર રે. ગો૦ ૧૩

## (૧૮૭) શ્રી સામાયિકના લાભની સજ્ઝાય

(રાગ : એક દિન પુંડરીક)

કર પડિક્કમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલ રે;
પરભવ જાતાં જીવને, સંબલ સાચું જાણ લાલ રે. કર૦ ૧
શ્રી મુખ વીર ઈમ ઉચ્ચરે, શ્રેણિકરાય પ્રતે જાણ લાલ રે;
લાખ ખાંડી સોના તણી, દીયે દિન પ્રત્યે દાન લાલ રે. કર૦ ૨
લાખ વર્ષ લગે ને વળી, એમ દીયે, દ્રવ્ય અપાર લાલ રે;
એક સામાયિકને તોલે, નાવે તેહ લગાર લાલ રે. કર૦ ૩
સામાયિક ચઉવીસત્થો ભલું, વંદન દોય દોય વાર લાલ રે;
વ્રત સંભારો રે આપણા, તે ભવ કર્મ નિવાર લાલ રે. કર૦ ૪
કર કાઉસ્સગ્ગ શુભ ધ્યાનથી, પચ્ચક્ખાણ સુધુ વિચાર લાલ રે;
દોય સજ્ઝાયે તે વળી, ટાળો ટાળો અતિચાર લાલ રે. કર૦ ૫
શ્રી સામાયિક પ્રસાદથી, લહીયે અમર વિમાન લાલ રે;
ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિ નિદાન લાલ રે. કર૦ ૬

## (૧૮૮) શ્રી નમસ્કાર મહામંત્રની સજ્ઝાય

(રાગ : ઋષભ જિનરાજ મુજ...)

સમર જીવ એક નવકાર નિજ હેજ શું, અવર કાં આળ-પંપાળ દાખે;
વર્ણ અડસઠ નવકારના નવ પદ, સંપદા આઠ અરિહંત ભાખે. ૧
આદિ અક્ષર નવકારના સ્મરણથી, સાત સાગર ટળી જાય દૂરા;
એક પદ ઉચ્ચરે દુરિત દુઃખડા હરે, સાગર આયુ પચાશ પૂરા. ૨
સર્વ પદ ઉચ્ચરતા પાંચશે સાગરા, સહસ ચોપન નવકારવાળી;
સ્નેહે મન સંવરી હર્ષભરી હેજ ધરી, લાખ નવ જાપથી કુગતિ ટાળી. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ એક જાપ જિન પૂજી પૂરા જપે, પદવી પામે અરિહંત કેરી;
અશોક તરૂવર તળે બાર પર્ષદા મળે, ગડગડે દુંદુભિ નાદ ભેરી. ૪
અષ્ટવલી અષ્ટસય અષ્ટ સહસાવલી, અષ્ટ લાખ જપે અષ્ટ કોડી;
કીર્તિવિમલ કહે મુક્તિ લીલા લહે, આપણા આઠ કર્મ વિછોડી. ૫

## (૧૮૯) સાચા જૈનત્ત્વની સજ્ઝાય

જૈન કહો ક્યું હોવે, પરમગુરુ ! જૈન કહો ક્યું હોવે ?
ગુરુ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન વિગોવે. પરમ૦ ૧
કહત કૃપાનિધિ શમ-જલ ઝીલે, કર્મ-મેલ જો ધોવે;
બહુલ પાપ-મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ૦ ૨
સ્યાદ્વાદ પૂરણ જો જાણે, નયગર્ભિત જસ વાચા;
ગુણ પર્યાય દ્રવ્ય જો બૂઝે, સોઈ જૈન હૈ સાચા. પરમ૦ ૩
ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચલત ચાલ અપૂંઠી;
જૈન દશા ઉનમેં હી નાહી, કહે સો સબહી જુઠી. પરમ૦ ૪
પરપરિણતિ અપની કર માને, કિરિયા ગર્વે ગહિલો;
ઉનકું જૈન કહો ક્યું કહિયે ?, સો મૂરખમેં પહિલો. પરમ૦ ૫
જૈનભાવ જ્ઞાને સબમાંહી, શિવ સાધન સદ્દહિએ;
નામ વેશષું કામ ન સીઝે, ભાવ-ઉદાસે રહીએ. પરમ૦ ૬
જ્ઞાન સકળ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;
ક્રિયા કરત હે ધરત હે મમતા, યાહી ગલેમેં ફાંસી. પરમ૦ ૭
ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનું નાહી;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહત હૈ, જ્યોં જલ-રસ જલમાંહી. પરમ૦ ૮
ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાન શક્તિ જસ ભાંજે;
સદ્ગુરુ શીખ સુને નહીં કબહું, સો જન જનમેં લાજે. પરમ૦ ૯
તત્ત્વ-બુદ્ધિ જિનકી પરિણતિ હૈ, સકલ સૂત્ર કી કૂંચી;
જન જસવાદ વદે ઉનહી કા, જૈન દશા જસ ઊંચી.પરમ૦ ૧૦

## (૧૯૦) આગમ આશાતનાની સજ્ઝાય

(રાગ : વીરકુંવરની વાતડી કેને કહિયે)

આગમની આશાતના નવિ કરીયે, હારે નવિ કરીયે રે નવિ કરીયે;
હારે શ્રુતભક્તિ સાદ અનુસરીયે, હારે શક્તિ અનુસાર. આ૦ ૧
જ્ઞાનવિરાધક પ્રાણિયા મતિહીના, હારે તે તો પરભવ દુઃખીયા દીના;
હારે ભરે પેટ તે પર આધીના, હારે નીચ કુળ અવતાર. આ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંધા લૂલા પાંગુલા પિંડ રોગી, હારે જન્મ્યા ને માત વિયોગી;
હારે સંતાપ ઘણો ને શોગી, હારે યોગી અવતાર. આ૦ ૩
મૂંગા ને વળી બોબડા ધન હીના, હારે પ્રિયા પુત્ર વિયોગી લીના;
હારે મૂરખ અવિવેકે ભીના, હારે જાણે રણનું રોઝ. આ૦ ૪
જ્ઞાનતણી આશાતના કરી દૂરે, હારે જિનભક્તિ કરી ભરપૂરે;
હારે રહો શ્રી શુભવીર હજુર, હારે સુખમાંહે મગન. આ૦ ૫

## (૧૯૧) છઠ્ઠા આરાની સજ્ઝાય

છઠ્ઠો આરો એવો આવશે, જણાવે શ્રી જિનવરદેવ;
પૃથ્વી પ્રલય થાયશે, વરસશે વિરૂવા મેહ રે;
રે જીવ ! જિન ધર્મ કીજીએ.......................... ૧
તાવડે ડુંગર તરડશે, વાએ ઊડી ઊડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમે પૂછીયું, પૃથ્વી બીજ કેમ થાય રે ? રે જીવ૦ ૨
વૈતાઢ્ય ગિરિ ઠામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેણે બે કેડે બેહુ ભેખડો, બ્હોતેર બીલની ખાણ રે. રે જીવ૦ ૩
સર્વે મનુષ્ય તિહાં રહેશે, મનખા કેરી રે ખાણ;
સોળ વરસનું આઉખું, મુંઢા હાથની કાય રે. રે જીવ૦ ૪
છ વરસની સ્ત્રી ગર્ભ ધરશે, દુઃખી મહાદુઃખી થાય;
રાતે ચરવા નીકળે, દિવસે બીલમાંહે જાય રે. રે જીવ૦ ૫
સર્વ ભક્ષી સર્વે માછલા, મરી મરી દુર્ગતિ જાય;
નરનારી હોશે બહુ, દુર્ગંધી તસ કાય રે. રે જીવ૦ ૬
પ્રભુ બાલની પેરે વિનવું, છઠ્ઠે આરે જન્મ નિવાર;
કાંતિવિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ રે. રે જીવ૦ ૭

## (૧૯૨) શ્રી પર્યુષણપર્વની સજ્ઝાય

પર્વપજુસણ આવીયાં રે લાલ, કીજે ઘણું ધર્મધ્યાન રે ભવિકજન !
આરંભ સકળ નિવારીએ રે લાલ, જીવોને દીજે અભયદાન રે. ભ૦ ૧
સઘળા માસમાં માસ વડો રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે ભ૦
તેહમાં આઠ દિન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ ૨
ખાંડણ પીસણ ગારના રે લાલ, નાવણ ધોવણ જેહ રે; ભ૦
એહવા આરંભને ટાળીએ રે લાલ, વાંછો સુખ અછેહ રે. ભ૦ ૩
પુસ્તક વાસી ન રાખીએ રે લાલ, ઓચ્છવ કરીએ અનેક રે; ભ૦
ધર્મ સારૂ વિત્ત વાવરો રે લાલ, હઈડે આણી વિવેક રે. ભ૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજી અર્ચીને આણીએ રે લાલ, શ્રી સદ્‌ગુરુની પાસ રે; ભ૦
ઢોલ દદામાં ફેરિયા રે લાલ, માંગલિક ગાવો ગીત રે. ભ૦ ૫
શ્રીફલ સરસ સોપારીયો રે લાલ, દીજે સાહમ્મીને હાથ રે; ભ૦
લાભ અનંતા બતાવીયા રે લાલ, શ્રીમુખ ત્રિભુવન નાથ રે. ભ૦ ૬
નવ વાચના કલ્પ સૂત્રની રે લાલ, સાંભળો શુદ્ધ ભાવ રે; ભ૦
સાહમ્મિવચ્છલ્લ કીજીયે રે લાલ ભવજળ તરવા નાવ રે. ભ૦ ૭
ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે; ભ૦
અંગપૂજા સદ્‌ગુરુ તણી રે લાલ, કીજીયે હર્ષ અપાર રે. ભ૦ ૮
જીવ અમારિ પળાવીએ રે લાલ, તેહથી શિવસુખ હોય રે; ભ૦
દાન સંવત્સરી દીજીયે રે લાલ, ઈણ સમો પર્વ ન કોય રે. ભ૦ ૯
કાઉસ્સગ્ગ કરીને સાંભળો રે લાલ, આગમ આપણે કાન રે; ભ૦
છટ્ઠ અટ્ઠમ તપસ્યા કરો રે લાલ, કીજે ઉજ્વલ ધ્યાન રે. ભ૦ ૧૦
ઈણવિધ પર્વ આરાધશે રે લાલ, લેશે સુખની કોડ રે; ભ૦
મુક્તિ મંદિરમાં મહાલશે રે લાલ, મતિ હંસ નમે કરજોડ રે. ભ૦ ૧૧

## (૧૯૩) અનિત્ય ભાવનાની સજ્ઝાય

(રાગ : ઋષભ જીનરાજ મુજ)

મુંઝ મા મુંઝ મા મોહમાં જીવ તું, શબ્દ વર રૂપ રસ ગંધ દેખી;
અથિર તે અથિર તૂં અથિર તનુ જીવિતં, સમજ મન ગગન હરિચાપ પેખી. મુંઝ૦ ૧

લચ્છિ સરિય ગતિ પરે એક ઘર નવિ રહે, દેખતાં જાય પ્રભુ જીવ લેતી;
અથિર સબ વસ્તુને કાજ મૂઢો કરે, જીવડો પાપની કોડી કેતી. મુંઝ૦ ૨

ઉપની વસ્તુ સવિ કારિમી નવિ રહે, જ્ઞાન શું ધ્યાનમાં જો વિચારી;
ભાવ ઉત્તમ ધર્યા અધમ સબ ઉદ્ધર્યા, સંહરે કાલ દિન રાતિ ચારી. મુંઝ૦ ૩

દેખ કલિ કૂતરો સર્વ જગને ભખે, સંહરી ભૂપ નર કોટિ કોટી;
અથિર સંસારને તિરપણે જે ગણે, જાણી તસ મૂઢની બુદ્ધિ ખોટી. મુંઝ૦ ૪

રાય મા રાજની ઋધ્ધિ શું પરિવર્યો, અંતે સબ ઋદ્ધિ વિસરાલ હોશે;
ઋદ્ધિ સાથે સવિ વસ્તુ મૂકી જતે, દિવસ દો તીન પરિવાર રોશે મુંઝ૦ ૫

કુસુમપરે યૌવનં જલબિંદુ સમ જીવિતં, ચંચલ નરસુખં દેવભોગો;
અવધિ મન કેવલી સુકવિ વિદ્યાપરા, કલિયુગે તેહનો પણ વિયોગો. મુંઝ૦ ૬

ધન્ય અનિકાસુતો ભાવના ભાવતાં, કેવલી સુરનદીમાંહે સિદ્ધો;
ભાવના સરલતા જેણે મન રોપવી, તેણે શિવનારી પરિવાર રૂદ્ધો. મુંઝ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૯૪) અશરણ ભાવનાની સજ્ઝાય

કો નવિ શરણં કો નવિ શરણં, મરતાં કોઈને પ્રાણી રે;
બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો, જસ હય ગય બહુરાણી રે.
તસ નવનિધિ ધન ખાણી રે કો નવિ૦ ૧
માતપિતાદિક ટગમગ જોતાં, યમ લે જનને તાણી રે;
મરણે થકી સૂરપતિ નવિ છૂટે, નવિ છૂટે ઈન્દ્રાણી રે. કો નવિ૦ ૨
હય ગય પય રથ કોડે વીંટ્યા, રહે નિતરાણા રાય રે;
બહુ ઉપાય તે જીવન કાજે, કરતાં અશરણ જાય રે. કો નવિ૦ ૩
મરણ ભીતિથી કદાચિત જીવો, જો પેસે પાયાલે રે;
ગિરિ દરિ વન અંબુધિમાં જાવે, તો ભી હરિયે કાળે રે. કો નવિ૦ ૪
અષ્ટાપદ જેણે બળે ઉપાડ્યો, સો દશમુખ સંહરીયો રે;
કો જગ ધર્મ વિના નવિ તરીયો, પાપે કો નવ તરીયો રે. કો નવિ૦ ૫
અશરણ અનાથ જીવજીવન, શાંતિનાથ જગ જાણો રે;
પારેવો જેણે શરણે રાખ્યો, મુનિ તસ ચરિત્તે વખાણ્યો રે. કો નવિ૦ ૬
મેઘકુમાર જીવ ગજગતિમાં, સસલો શરણે રાખ્યો રે;
વીર પાસે જેણે ભવભય કચર્યો, તપ સંયમ કરી નાખ્યો રે. કો નવિ૦ ૭
મત્સ્યપરે રોગ તડફડતો, કોણે નવિ સુખી કરીયો રે;
અશરણ અનાથ ભાવના ભરીયો, અનાથી મુનિ નિસરિયો રે. કો નવિ૦ ૮

## (૧૯૫) એકત્વભાવનાની સજ્ઝાય

(રાગ : પુણ્ય સંયોગે પામીઓજી)

આવ્યો પ્રાણી એકલો રે, પરભવ એકલો જાય;
પુણ્ય પાપ સાથે ચલે રે, સ્વજન ન સાથી થાય રે;
પ્રાણી ! ધર જિનધર્મસું રંગ, પામો સુખ અભંગ રે. પ્રાણી૦ ૧
માલ રહે ઘર સ્ત્રી વળે રે પોળે વળાવી કંથ;
સ્વજન વળે સમશાનથી રે, પ્રાણ ચલે પરપંથ રે. પ્રાણી૦ ૨
સ્વારથીયો મેળાવડો રે, સ્વજન કુટુંબ સમુદાય;
સુખદુઃખ સહે જીવ એકલો રે, કૂળમાં નહીં વહેંચાય રે. પ્રાણી૦ ૩
પ્રાણ ભોગ લખ આપીને રે, વસુમતી કરી નિજ હાથ;
ચક્રી-હરિ ગયા એકલા રે, પૃથ્વી ન ગઈ તસ સાથ રે. પ્રાણી૦ ૪
લખપતિ છત્રપતિ સૌ ગયા રે, રિદ્ધિ ન ગઈ તસ સાથ;
હાક સુણી જન થરથરે રે, તે ગયા ઠાલે હાથ રે. પ્રાણી૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિમાની રાવણ ગયો રે, જગ જશ લેઈ ગયો રામ;
આખર જાવું એકલું રે, અવસર પહોંચે જામ રે. પ્રાણી૦ ૬
એકાકીપણું આદર્યું રે, મૂક્યું મિથિલા રાજ;
વલય દૃષ્ટાંતે બૂઝીયો રે, ત્યાગી થયો નમિ રાજ રે. પ્રાણી૦ ૭

## (૧૯૬) અન્યત્વભાવનાની સજ્ઝાય

(રાગ : શ્રીજિનવરને પ્રગટ થયું રે)

પાંચમી ભાવના ભાવીયે રે, જીવ અન્યત્વ વિચાર;
આપ સ્વાર્થી એ સહુ રે, મળીયો તુજ પરિવાર.
સંવેગી સુંદર બુઝ, મા મુંઝ ગમાર;
તારું કો નહીં ઈણ સંસાર, તું કેહનો નહીં નિરધાર. સં૦ ૧
પંથ શિરે પંથી મળ્યા રે, કીજે કિણહીશું પ્રેમ;
રાતિ વસે પ્રહ ઊઠી ચલે રે, નેહ નિર્વાહ કેમ ? સં૦ ૨
જિમ મેળો તીરથે મળે રે, જન જન વણજની ચાહ;
કે ત્રોટો કે ફાયદો રે, લેઈ લેઈ નિજ ઘર જાય. સં૦ ૩
જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં લગે દાખે નેહ;
સૂરિકાંતા નારી પરે રે, છટકી દેખાડે છેહ. સં૦ ૪
ચૂલણી અંગજ મારવા રે, કૂડું કરે જ તુગેહ;
ભરત બાહુબલી ઝુઝીયા રે, જો જો નિજના નેહ. સં૦ ૫
શ્રેણિક પુત્રે બાંધીયો રે, લીધું વહેંચી રાજ્ય;
દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતના કાજ. સં૦ ૬
એ ભાવનાએ શિવપુર લહે રે, શ્રી મરૂદેવી માય;
વીર શિષ્યે કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય. સં૦ ૭

## (૧૯૭) પાંચમની સજ્ઝાય

(રાગ : એક દિન પુંડરિક)

શ્રી ગુરૂ ચરણ પસાઉલે રે લોલ, પંચમીનો મહિમાય આત્મા;
વિવરીને કહેશું અમે રે લોલ, સુણતાં પાતક જાય આત્મા;
પંચમી તપ પ્રેમે કરો રે લોલ... ૧
મન શુદ્ધે આરાધીએ રે લોલ, તુટે કર્મ નિદાન આત્મા;
ઈહ ભવ સુખ પામે ઘણો રે લોલ, પરભવ અમર વિમાન. આત્મા. પંચમી૦ ૨
સકલ સૂત્ર રચ્યા થકી રે લોલ, ગણધર હુઆ વિખ્યાત આત્મા;
જ્ઞાન ગુણે કરી જાણતા રે લોલ, સ્વર્ગ નરકની વાત આત્મા. પંચમી૦ ૩
જે ગુરુ જ્ઞાને દીપતા રે લોલ, તે તરીયા સંસાર આત્મા;
જ્ઞાનવંતને સહુ નમે રે લોલ, ઉતારે ભવપાર આત્મા. પંચમી૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજવાળી પક્ષ પંચમી રે લોલ, કરો ઉપવાસ જગદીશ આત્મા;
ૐ હ્રીં નમો નાણસ્સ ગણણું ગણો રેલોલ,
નવકારવાળી વીશ આત્મા. પંચમી૦ ૫
પાંચ વરસ એમ કીજીએ રે લોલ, ઉપર વળી પાંચ માસ રે આત્મા;
યથા શક્તિ કરી ઊજવો રે લોલ, જેમ હોય મનને ઉલ્લાસ. આત્મા. પંચમી૦ ૬
વરદત્ત ને ગુણમંજરી રે લોલ, તપથી નિર્મળ થાય આત્મા;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે લોલ, કાંતિવિજય ગુણ ગાય આત્મા. પંચમી૦ ૭

## (૧૯૮) આઠમની સજ્ઝાય

(રાગ : એક દિન પુંડરિક ગણધર)

અષ્ટ કર્મ ચુરણ કરી રે લાલ, આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે;
ક્ષાયિક સમકિતના ધણી રે લાલ, વંદુ વંદુ એવા સિદ્ધ મેરે. પ્યારે રે. અષ્ટ૦ ૧
અનંતજ્ઞાન દર્શન ધરા રે લાલ, ચોથું વીર્ય અનંત મેરે;
અગુરૂ લઘુ સૂક્ષ્મ કહ્યા રે લાલ, અવ્યાબાધ મહંત મેરે. અષ્ટ૦ ૨
જેહની કાયા જેહવી રે લાલ, ઊણી ત્રીજે ભાગ મેરે;
સિદ્ધશિલાથી જોયણે રે લાલ, અવગાહન વીતરાગ. મેરે૦ અષ્ટ૦ ૩
સાદી અનંતા તિહા ઘણા રે લાલ, સમય સમય તેહ જાય મેરે;
મંદિર માંહી દીપાલીકા રે લાલ, સઘળા તેજ સમાય. મેરે૦ અષ્ટ૦ ૪
માનવ ભવથી પામીયે રે લાલ, સિદ્ધ તણા સુખ સંગ મેરે;
એહનું ધ્યાન સદા ધરો રે લાલ, એમ બોલે ભગવતી અંગ મેરે. અષ્ટ૦ ૫
શ્રી વિજયદેવ પટ્ટધરૂ રે લાલ, શ્રી વિજયસેન સૂરિશ મેરે;
સિદ્ધ તણા ગુણ એ કહ્યા રે લાલ, દેવ દીયે, આશિષ મેરે. અષ્ટ૦ ૬

## (૧૯૯) અગિયારશની (એકાદશીની) સજ્ઝાય

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ;
પૂછ્યાનો પડિઉત્તર પાછો, કેહને કાંઈ ન કહીએ. આજ૦ ૧
મારો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો;
ધૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો. આજ૦ ૨
ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જાતા પાલવ ઝાલે, તે મુજને દેખાડો. આજ૦ ૩
માગશર સુદિ અગિયારસ મોટી, નેવું જિનના નીરખો;
દોઢસો કલ્યાણક મોટા, પોથી જોઈ જોઈ હરખો. આજ૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો;
પાવકે પુર સઘળો પરજાળ્યો, એહનો કાંઈ ન દહીયો. આજ૦ ૫
આઠ પહોરનો પોસહ કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાગર તરીએ. આજ૦ ૬
ઈર્યાસમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિક્કમણાશું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે ? આજ૦ ૭
કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વનમાંહી;
ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઈણ ભજને સુખ નાહિં. આજ૦ ૮
પૌષધશાળે ભેગા થઈને, ચાર કથા વળી સાધે;
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળી બાંધે. આજ૦ ૯
એક ઊઠંતી આળસ મરડે, બીજી ઊંઘે બેઠી;
નદીઓમાંથી કાંઈક નિસરતી, જઈ દરિયામાં પેઠી. આજ૦ ૧૦
આઈ બાઈ નણંદ ભોજાઈ, ન્હાની મ્હોટી વહુને;
સાસુ સસરો મા ને માસી, શિખામણ છે સહુને. આજ૦ ૧૧
ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નરનારી રહેશે;
પોષહમાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે. આજ૦ ૧૨

## (૨૦૦) સાડા ત્રણસો ગાથાના સ્તવનની ઢાળ ૧લી (સજ્ઝાય)

શ્રીસીમંધરસાહિબ આગે, વીનતડી એક કીજે;
'મારગ શુદ્ધ મયા કરી મુઝને, મોહનમૂરતિ ! દીજે રે.'
જિનજી ! વીનતડી અવતારો... ૧
ચાલે સૂત્ર વિરુદ્ધાચારે, ભાખે સૂત્ર વિરુદ્ધ;
એક કહે અમે મારગ રાખું, તે કિમ માનું શુદ્ધરે ? જિનજી!૦ ૨
આલંબન કૂડાં દેખાડી, મુગ્ધ લોકને પાડે;
આણાભંગ તિલક તે કાળું, થાપે આપ નિલાડે રે. જિનજી!૦ ૩
'વિધિ જોતાં કલિયુગમાં હોવે, તીરથનો ઉચ્છેદ;
જિમ ચાલે તિમ ચલવે જઈએ, એહ ધરે મતિભેદ રે.' જિનજી!૦ ૪
ઈમ ભાખી તે મારગ લોપે, સૂત્રક્રિયા સવિ પીસી;
આચરણા-શુદ્ધિ આચરીએ, જોઈ યોગની વીસી રે. જિનજી!૦ ૫
પંચમ આરે જિમ વિષ મારે, અવિધિ દોષ તિમ લાગે;
ઈમ ઉપદેશ પદાદિક દેખી, વિધિરસિયો જન જાગે રે. જિનજી!૦ ૬
કોઈ કહે 'જિમ બહુ જન ચાલે, તિમ ચલીએ શી ચર્ચા ?
મારગ મહાજનચાલે ભાખ્યો, તેહમાં લહીએ અર્ચા રે. જિનજી!૦ ૭


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પણ બોલ મૃષા મન ધરીએ, બહુજનમત આદરતાં;
છેહ ન આવે બહુલ અનારય, મિથ્યામતમાં ફિરતાં રે. જિનજી!૦ ૮
થોડા આર્ય અનારય જનથી, જૈન આર્યમાં થોડા;
તેહમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલ્પ બહુ મુંડા જિનજી!૦ ૯
ભદ્રબાહુગુરુ વચન વિચારી, આવશ્યકમાં લહીએ;
આણાશુદ્ધ મહાજન જાણી, તેહની સંગે રહીએ રે. જિનજી!૦ ૧૦
અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું;
ધર્મદાસગણી વચન વિચારી, મન નવિ કીજે ભોળું રે. જિનજી!૦ ૧૧
અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાએ વિહારી;
અજ્ઞાની જે ગચ્છને ચલવે, તે તો અનંત સંસારીરે. જિનજી!૦ ૧૨
ખંડ ખંડ પણ્ડિત જે હોવે, તે નવિ કહીએ નાણી;
નિશ્ચિત સમય લહે તે નાણી, સંમતિની સહિનાણી રે. જિનજી!૦ ૧૩
જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત, બહુશિષ્યે પરિવરિયો;
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચયદરિયો. જિનજી!૦ ૧૪
કોઈ કહે 'લોચાદિક કષ્ટે, મારગ ભિક્ષાવૃત્તિ;"
તે મિથ્યા નવિ મારગ હોવે, જનમનની અનુવૃત્તિ રે. જિનજી!૦ ૧૫
જો કષ્ટે મુનિમારગ પાવે, બળદ થાએ તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢપ્રહારો રે. જિનજી!૦ ૧૬
લહે પાપઅનુબંધી પાપે, બલહરણી જનભિક્ષા;
પૂરવભવ વ્રતખંડન ફળ એ, પંચવસ્તુની શિક્ષા રે. જિનજી!૦ ૧૭
કોઈ કહે 'અમે લિંગે તરશું, જૈનલિંગ છે વારુ;'
તે મિથ્યા નવિ ગુણ વિણ તરીએ, ભુજ વિણ ન તરે તારું રે. જિનજી!૦ ૧૮
કૂટલિંગ જિમ પ્રગટ વિડંબક, જાણી નમતાં દોષ;
નિધ્વંધસ જાણીને નમતાં, તિમજ કહ્યો તસ પોષ રે. જિનજી!૦ ૧૯
શિષ્ય કહે 'જિમ જિન પ્રતિમાને, જિનવર થાપી નમીએ;
સાધુ વેષ થાપી અતિસુંદર, તિમ અસાધુને નમીએ રે.' જિનજી! ૨૦
ભદ્રબાહુગુરુ બોલે 'પ્રતિમા, ગુણવંતી નહિ દુષ્ટ;
લિંગ માંહે બે વાનાં દીસે, તે તું માન અદુષ્ટ રે.' જિનજી!૦ ૨૧
કોઈ કહે 'જિન આગે માગી, મુક્તિ મારગ અમે લહિશું;
નિરગુણને પણ સાહિબ તારે, તસ ભક્તે ગહગહિશું રે.' જિનજી!૦ ૨૨
પામી બોધ ન પાલે મૂરખ, માગે બોધ વિચાલે;
લહીએ તેહ કહો કુણ મૂલે ? બોલ્યું ઉપદેશમાલે રે. જિનજી!૦ ૨૩
આણા પાલે સાહેબ તૂસે, સકલ આપદા કાપે;
આણાકારી જે જન માગે, તસ જસલીલા આપે રે. જિનજી!૦ ૨૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૦૧) સમક્તિના ત્રણ લિંગની સજ્ઝાય - ઢાળ ૨જી

(રાગ : જંબુદ્વીપના ભરતમાં રે)

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહિલો શ્રુત અભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે;
પ્રાણી ! ધરીયે સમકિત રંગ, જિમ લહિયે સુખ અભંગ રે. પ્રા૦ ૧૧
તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુર ગીત;
તેહથી રાગે અતિ ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે. પ્રા૦ ૧૨
ભૂખ્યો અટવી ઊતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ;
ઈચ્છે તિમ જે ધર્મને રે, તેહી જ બીજુ લિંગ રે. પ્રા૦ ૧૩
વૈયાવચ્ચ ગુરુ-દેવનું રે ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક તણી પરે રે, આળસ નવિ ય લગાર રે. પ્રા૦ ૧૪

## (૨૦૨) સમક્તિના ૧૦ વિનયની સજ્ઝાય - ઢાળ ૩જી

(રાગ : સમકિતનું મૂલ જાણીએજી)

અરિહંત તે જિન વિચરતાંજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઈય જિન પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ.
ચતુર નર ! સમજો વિનય પ્રકાર...............
જિમ લહિયે સમકિત સાર ચ૦ ૧૫
ધર્મક્ષમાદિક ભાખિઓજી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચ૦ ૧૬
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણિયેજી, દરિસણ સમકિત સાર. ચ૦ ૧૭
ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદય પ્રેમ બહુમાન;
ગુણ થુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનાની હાણ. ચ૦ ૧૮
પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂળ;
સીંચો તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂળ. ચ૦ ૧૯

## (૨૦૩) સમક્તિના આઠ પ્રભાવકની સજ્ઝાય - ઢાળ છટ્ઠી

(રાગ : અભિનંદન જિન દરિશણ તરીસીએ)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;
વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણ ખાણ.
ધન ધન શાશન મંડન મુનિવરા.............. ૨૮
ધર્મકથી તે બીજો જાણિયે નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ. ધન૦ ૨૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદી ત્રીજો રે તર્કનિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે રે જય કમલા વરે, ગાજંતો જિમ મેહ. ધન૦ ૩૦
ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પર મત જીપણ કાજ;
તેહ નિમિત્તિ રે ચોથો જાણિયે, શ્રીજિનશાસન રાજ. ધન૦ ૩૧
તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ. ધન૦ ૩૨
છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલિ, જિમ શ્રીવયર મુણિંદ;
સિદ્ધ સાતમો રે અંજન યોગથી, જિમ કાલિક મુનિ ચંદ. ધન૦ ૩૩
કાવ્ય સુધારસ મધુર અર્થે ભર્યા, ધર્મ હેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અઠ્ઠમ વર કવિ તેહ. ધન૦ ૩૪
જબ નવિ હોવે પ્રભાવક એહવા, તબ વિધિ પૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન૦ ૩૫

# વિભાગ-૩

**(નૂતન સ્તવનો-પારણું-ગીત-ગહુંલી-દિક્ષાગીતો-અન્ય ગીત-તીર્થંકર નામ-લંછન અને વર્ણ)**

## (૨૦૪)૧ શ્રી મહાવીર જિન નૂતન સ્તવન (મારવાડી)

ધોમ પડેરે ધરતી તપે રે, પડે રે નગારાં વળી ઢોલ પ્રભુજી થારી જાનમાંયરે. ૧
માતા વિના રે કૈસો ચાલણો રે, માતા ત્રિશલાદેવી સાથ... પ્રભુજી. ૨
પિતા વિના રે કૈસો ચાલણો રે, પિતા સિદ્ધારથ સાથ પ્રભુજી... ૩
ભાઈ વિના રે કૈસો ચાલણો રે, ભાઈ નંદિવર્ધન સાથ... પ્રભુજી. ૪
બહેન વિના રે કૈસો ચાલણો રે, બહેન સુદર્શના સાથ. પ્રભુજી. ૫
બાંયે શોભે પ્રભુને બેરખાંરે, કોટે નવસેરો હાર. પ્રભુજી. ૬
માથે મુગટ હીરેં જડ્યો રે, કેસર તિલક લલાટ. પ્રભુજી. ૭
મુંગફળી જેસી આંગલી રે, આંખ્યો લાલ ગુલાલ. પ્રભુજી. ૮

## (૨૦૪)૨ શ્રી મહાવીર જિન અર્વાચીન સ્તવન (મારવાડી)

મત જાઓ મોરા મહાવીર સ્વામી (૨) રો રો ચંદના પોકાર રે. મતિ૦ ૧
મેં અબળા કરમોરી ભારી. (૨) દરદર ઠોકર ખાઈ રે મતિ૦ ૨
મેં ભી તો થી રાજદુલારી, શહેર બાજાર, બિકાણી રે. મતિ૦ ૩
ધન્ય ઘડી ધન્ય ભાગ્ય હમારો (૨) આપ પધાર્યા આંગણિયે મતિ૦ ૪
હાથ પગો મેં હથકડિયાં રે , તીનદિનોરી ભૂખી રે મતિ૦ ૫
અડદ બાકુલા હૈ અબ હાજર, આહાર કરો મોરા સ્વામી રે... મતિ૦ ૬
મૈં દુખિયારી દુઃખ થી ભારી. (૨) અબ હુઈ પરીક્ષા મારી રે... મતિ૦
મિત્રામંડલરી અરજ માનલો, વીરપ્રભુ ગુણ ગાવો રે. મતિ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૦૫) અર્વાચીન સ્તવન

### દાદા તારુ મંદિર

દાદા તારું મંદિર તો આ જગનો સહારો છે
વ્હાલા તારું મંદિર તો આ જગનો સહારો છે.
સુખીયા કે દુખીયાનો પ્રભુ તુંહિ સહારો છે.
દાદા તારું...(૧)
મોહ અને માયાના જુઓ વાદળ છવાયાં છે.
એમાં મારા પ્રભુજીની પ્રતિમા તો, સૌને શાતા પમાડે છે.
દાદા તારું...(૨)
તારા ને મારામાં સહુ જીવન વિતાવે છે.
તારું કહે તે તરે અને મારું કહે તે મરે.
દાદા તારું...(૩)
આ દોરંગી દુનિયા પ્રભુ જેમ તેમ બોલે છે.
પ્રભુ સાચો સહારો છે જે અંતર ખોલે છે...
દાદા તારું...(૪)
જેગોલ સ્વામીને, હું વિનંતિ કરું છું રે.
મારી ડૂબતી નૈયાને કરજો પાર બસ એટલું જ માગું છું.
દાદા તારું...(૫)

## (૨૦૬) પારણો

### (મારવાડી ગીત)

સક સાંઈ રે સોનારૂપારો પારણો
સક સાંઈરે રેશમ કેરી ડોર, નજરે નિહાળો સ્વામી રો પારણો,
સક સાંઈરે કટોડે બંધાવું પારણો.
સક સાંઈરે કટોરે બંધાવું લાંબી ડોર... નજરે. ૧
સકસાંઈરે શેત્રુંજે બંધાવું પારણો,
સકસાંઈરે ગિરનારે બંધાવું લાંબી ડોર... નજરે. ૨
સકસાંઈરે ઊડતાં પંખેરુને પૂછિયું,
સકસાંઈરે શેત્રુંજો કતરોક દૂર... નજરે. ૩
સકસાંઈ રે ધરમીરો મારગ ઢૂંકડો
સકસાંઈરે પાપીરા પગલાં દૂર... નજરે. ૪
સકસાંઈરે શેત્રુંજે આદિનાથ સમોસર્યા,
સકસાંઈરે ગિરનારે નેમિનાથ... નજરે. ૫
સકસાંઈરે અણરે મારગિયે ચાલતાં,
સકસાંઈરે ઝીણો ઝીણો ઊડે રે ગુલાલ... નજરે. ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકસાંઈરે પાપી રે કાંટો વાગિયો,
સકસાંઈરે ધરમી દોડયો દોડયો જાય... નજરે. ૬
સકસાંઈરે ભાવે જૈન ધર્મ કીજિએ,
સકસાંઈરે મળશે મુક્તિમાલ... નજરે. ૭

## (૨૦૭) આત્માને શિખામણનું ગીત

ભોલી આતમા રે ડાગ લગાઈજો મતિ,
અણ ઉજળીને મેલીથે, બનાઈજો મતિ. ભોલી. ૧
આતમા એ થારો અસલી રે સોનો અણ સોને મેં ખોટ થે
મિલાઈ જો મતિ... ભોલી. ૨
આતમા એ થારો અમીરસ કુંપો, અણ અમૃતમેં ઝેર થે
મિલાઈજો મતિ... ભોલી. ૩
આતમાએ થારો જ્ઞાનરો હે દીવડો
ફૂંક માર દીવડો બુજાઈજો મતિ. ભોલી. ૪
આતમા એ થારી જ્ઞાનરી હૈ ગોદડી
પાપરી ખોલી થેં ચડાઈજો મતિ.. ભોલી. ૫
આતમાએ થારી જ્ઞાનરી હે પાવડી
સુખેસુખે મુક્તિ જાઈજો જીઓ, પાછા આઈજો મતિ...
ભોલી આતમારે ડાગ લગાઈજો. ૬

# વિભાગ-૩

### (ગુરુ ગહુંલી)

## (૨૦૮) આ છે અણગાર અમારા

જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા,
આ છે અણગાર અમારા (૨)
દુનિયામાં જેની જોડ જડે ના એવું જીવન જીવનારા
આ છે અણગાર અમારા (૨)
સામગ્રી સુખની લાખ હતી સ્વેચ્છાએ એણે ત્યાગી
સંગાથ સ્વજનનો છોડીને સંયમની ભિક્ષા માગી (૨)
દીક્ષાની સાથે પાંચ મહાવ્રત અંતરમાં ધરનારા...
આ છે અણગાર અમારા...૧
ના પંખો વીંઝે ગરમીમાં ના ઠંડીમાં કદી તાપે,
ના કાચા જળનો સ્પર્શ કરે, ના લીલોતરીને ચાંપે,
નાનામાં નાના જીવ તણું, પણ સંરક્ષણ કરનારા
આ છે અણગાર અમારા. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૂઠું બોલીને પ્રિય થવાનો, વિચાર પણ ના આવે,
યા મૌન રહે યા સત્ય કહે, પરિણામ ગમે તે આવે,
જાતે ના લે કોઈ ચીજ કદી, જો આપો તો લેનારા.
આ છે અણગાર અમારા. ૩
ના સંગ કરે કદી નારીનો, ના અંગોપાંગ નિહાળે
જો જરૂર પડે તો વાત કરે, પણ નયના નીચા ઢાળે,
મનથી વાણીથી કાયાથી વ્રતનું પાલન કરનારા.
આ છે અણગાર અમારા. ૪
ના સંગ્રહ એને કપડાનો, ના બીજા દિવસનું ખાણું
ના પૈસા એની ઝોળીમાં, ના એના નામે થાણું
ઓછામાં ઓછા સાધનમાં, સંતોષ ધરી રહેનારા,
આ છે અણગાર અમારા. ૫
ના છત્ર ધરે કદી તડકામાં ના ફરે કદી વાહનમાં,
મારગ હો ચાહે કાંટાળો, પહેરે ના કાંઈ પગમાં
હાથેથી સઘળા વાળ ચૂંટી, માથે મુંડન કરનારા,
આ છે અણગાર અમારા. ૬
કલ્યાણ જીવોનું કરવા કાજે, વિચરે દેશ વિદેશે,
ના રાય રંક, ના ઊંચનીચ, સરખા સૌને ઉપદેશે.
અપમાન કરો યા સન્માન, સમતાભાવે રહેનારા
આ છે અણગાર અમારા. ૭
ના દેહ તણી દરકાર કરે, અઘરા તપને આચરતા,
અભ્યાસ ક્રિયા ને ભક્તિથી, આતમને ઉન્નત કરતા,
આરાધનામાં આયુષ્ય વિતાવી, ઉચ્ચગતિ વરનારા
આ છે અણગાર અમારા. ૮

## (૨૦૯)૧ દીક્ષા સમયે ગાવાનું ગીત

જા સંયમ પંથે દીક્ષાર્થી, તારો પંથ સદા ઉજમાળ બને,
જંજીર હતી જે કર્મોની, તે મુક્તિની વરમાળ બને,
જા સંયમ પંથે દીક્ષાર્થી... ૧
હોંશે હોંશે તું વેશ ધરે, તારો વેશ બને પાવનકારી,
ઉજ્જવળતા એની ખૂબ વધે, જેને ભાવથી વંદે સંસારી
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દેદાર બને. જા સંયમ પંથે૦ ૨
જે જ્ઞાન ગુરુએ તને આપ્યું, તે ઊતરે તારા અંતરમાં,
રગ રગમાં એનો સ્રોત વહે, તે પ્રગટે તારા અંતરમાં,
તારા જ્ઞાન દીપકના તેજથી, આ દુનિયા ઝાકઝમાળ બને,
જા સંયમ પંથે... ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિતરાગ તણા વચનો સુણી, વધતી તારી વાણી હો,
અંધારે કોઈ મારગ ઢૂંઢે, ત્યાં તારા વેણ સદા રણકાર કરે
વૈરાગ્ય ભરી મધુરી વાણી, તારા સંયમનો શણગાર બને
જા સંયમ પંથે... ૪
અણગાર તણા જે આચારો, એનું પાલન તું દિનરાત કરે,
લાલચ કેરાં લાખ પ્રલોભનો, પણ તું ધર્મ તણો સંગાથ કરે
સંયમનું સાચું આરાધન, તારો તરવાનો આધાર બને
જા સંયમપંથે દીક્ષાર્થી... ૫
જે પરિવારે તું આજ ભળે, તે ઉન્નત હો તુજ નામ થકી
જીતે સૌનો તું પ્રેમ સદા, તારા સ્વાર્થ વિહોણા કામ થકી,
શાસનમાં જગમાં શાન વધે, તારા એવા શુભ સંસ્કાર બને
જા સંયમ પંથે દીક્ષાર્થી તારો પંથ... ૬

## (૨૦૯)₂ ઓઘો હાથમાં આવે ત્યારે ગાવાનું ગીત

ઓઘો છે અણમોલો, એનું ખૂબ જતન કરજો,
મોંઘી છે મુહપતી, એનું રોજ રટણ કરજો. ઓઘો છે૦ ૧
આ ઉપકરણો આપ્યાં, તમને એવી શ્રદ્ધાથી,
ઉપયોગ સદા કરજો, તમે પૂરી નિષ્ઠાથી,
આધાર લઈ એનો, ધર્મારાધન કરજો. ઓઘો છે૦ ૨
આ વેશ વિરાગીનો, એનું માન ઘણું છે જગમાં.
માબાપ નમે તમને, પડે રાજા પણ પગમાં,
આ માન નથી મુજને, એવું અર્થઘટન કરજો. ઓઘો છે૦ ૩
આ ટુકડા કાપડના, કદી ઢાલ બની રહેશે,
દાવાનલ લાગે તો, દીવાલ બની રહેશે.
એના તાણાવાણામાં, તપનું સિંચન કરજો... ઓઘો છે૦ ૪
આ પાવન વસ્ત્રો તો, છે કાયાનું ઢાંકણ,
બની જાયે ના જોજો, એ માયાનું ઢાંકણ,
ચોખ્ખું ને ઝગમગતું, દિલનું દર્પણ કરજો. ઓઘો છે૦ ૫
મેલાં કે ધોયેલાં, લીસાં કે ખરબચડાં
ફાટેલાં કે આખા, સૌ સરખા છે કપડાં
જ્યારે મોહ દશા જાગે, ત્યારે આ ચિંતન કરજો. ઓઘો છે૦ ૬
આ વેશ ઉગારે છે, એને જે અજવાળે છે,
ગાફેલ રહે એને, આ વેશ ડુબાડે છે.
ડૂબવું કે તરવું છે, મનમાં મંથન કરજો. ઓઘો છે૦ ૭
દેવો ઝંખે તો પણ, જે વેશ નથી મળતો,
તમે પુણ્ય થકી પામ્યા, એની કિંમત પારખજો,
દેવોથી પણ ઊંચે, તમે સ્થાન ગ્રહણ કરજો.
ઓઘો છે અણમૂલો...૦ ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૧૦) ઉપકારી ગુરુદેવનું ગીત

### શ્રી બ્રહ્મભટ્ટ સાહેબે બનાવેલ ગુરુ ગીત

ચાર્તુમાસ પ્રસંગે પધારેલ શ્રી ભાવેશ રત્ન વિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પ્રશમરત્ન વિજયજી મહારાજના પર્યુષણ પર્વે રચાયેલ ગીત / વિસનગર / પારેખ પોળ ઉપાશ્રય.

મુખે છે અનેરી વૈખરી અમૃત સમાણી તો જો
નિકાય છે આપનો વિસનગર ઉપાશ્રય જો
રાગ નહીં વૈરાગની વાતો વહાવતા સંત જો
જન્મ જેગોલે, દાંતીવાડા પાસના સપૂત તો જો
શ્રીમોર બન્યા આપ દોશી મુત્તા પરિવારના જો
ભાવથી રત્નત્રયી પ્રાપ્ત કરવાને કાજે તો જો
વેતા છો આપ કલ્પસૂત્રના અનેરા ભાસતા જો
શરીરની ચિંતા છોડી સ્વાધ્યાય કરતા રહ્યા જો
રસપૂર્વક સ્વાધ્યાય કરાવતા મુમુક્ષોને જો
તત્સમ-તદ્‌ભવ ધર્મગ્રંથો પર પ્રભુત્વ જો
નમસ્કાર મંત્રના જાપ્ત, અઠ્ઠમના તપસ્વી જો
વિસનગરે આપનો દ્વિતીય આ ચાર્તુમાસ જો
જગવંદનીય તીર્થંકર ઋષભદેવની જો
યત્ર પ્રતિષ્ઠા કરાવી આપે શ્રાવકો પાસ જો
જીવન ઉજ્જવળ કરવા દેતા ઉપદેશ જો
મળસકે જિનેન્દ્રનું અકળ ધ્યાન ધરતા જો
હાજર શંકાના નિવારક સંસ્કૃતના વક્તા જો
રામાયણ પર ગામે ગામે વ્યાખ્યાનો આપતા જો
જગને અહિંસાનો પાઠ ભણાવતા ઘૂમતા જો
સાદગીના અપરિગ્રહના પાઠ શીખવતાં જો
હેતે પ્રભુનું પ્રેમે કલ્પસૂત્ર સંભળાવતા જો
બળવંત આપ મહાવીરના ગુણાનુરાગી જો
ને સંવત્સરી પ્રતિક્રમણમાં સૌ શ્રાવકોને જો
વંદન સહ મિચ્છામિ દુક્કડં સહુને હોજો
દર્દ-જન્મ-જરાના મિટાવા ઉપાયો બતાવો જો
નાડી તમારે હાથ અમારા ઉધ્ધારની જાણ જો
કવિ આનંદ રાય કરે વંદના કર જોડી જો

નોંધ :- કાવ્યની દરેક પંકિતનો પ્રથમ અક્ષર લેવાથી - મુનિરાજ શ્રી ભાવેશરતન વિજયજી સાહેબને વંદના એમ વાક્ય બનશે.

કવિશ્રી આનંદરાય બ્રહ્મભટ્ટ
ગુંદીખાડ - બ્રહ્મભટ્ટ મહોલ્લો વિસનગર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૧૧) અંજનાસુંદરીની સજ્ઝાય

અંજનાવાત કરે છે મારી સખી રે, મને મેલી ગયા છે મારા પતિ રે;
અંતે રંગમહેલમાં મને રોતી મૂકી રે, સાહેલી મોરી કર્મે મલ્યો નિવાસ રે,
સાહેલી મોરી પુણ્યયોગે તુમ પાસ રે ૧

લશ્કરે જતાં મેં શુકન જ કીધા રે, તે તો મારા નાથે નહિ લીધા;
ઢીંકા-પાટુ પોતે મને દીધા... સાહેલી. ૨

સખિ! ચકવી-ચકવાનો સુણી પોકાર રે, રાત્રે આવ્યા પવનજી દરબાર રે;
બાર વરસે લીધી છે સંભાળ... સાહેલી. ૩

સખી! કલંક ચડાવ્યું મારે માથે રે, મારી સાસુએ રાખી નહિ પાસે રે;
મારે સસરે મેલી વનવાસે ... સાહેલી. ૪

પાંચસે સખી દીધી છે મારા બાપે રે, તેમાં એકેય નથી મારી પાસે રે;
એક વસંતબાલા છે સાથે... સાહેલી. ૫

કાળો ચાંલ્લો ને ખરડી છે રાખી રે, રથ મેલ્યો વન મોઝારી રે;
સહાય કરો દેવ મોરારી... સાહેલી. ૬

મારી માતાએ લીધી નહિ સાર રે, મારા પિતાએ કાઢી ઘરબાર રે;
સખી! ન મેલ્યો પાણીનો પાનાર... સાહેલી. ૭

મને વાત ન પૂછી મારા વીરે રે, મારા મનમાં રહેતી નથી ધીરે રે;
મારા અંગે ફાટી ગયા ચીરે... સાહેલી. ૮

મને દિશા લાગે છે ઝાંખી રે, મારી છાતી જાય છે ફાટી રે;
અંતે અંધારી અટવીમાં કર્મે નાખી... સાહેલી. ૯

મારું જમણું ફરકે છે અંગ રે, નથી બેઠી હું કોઈની સંગ રે;
અંતે રંગમાં શો પડશે ભંગ... સાહેલી.૧૦

સખિ! ધાવતાં છોડાવ્યાં હશે બાળ રે, નહિતર કાપી હશે કુંપળ ડાળ રે;
તેના કર્મે પામી ખોટી આળ... સાહેલી. ૧૧

વનમાં ભમતાં દીઠા મુનિ આજ રે, પૂર્વભવની પૂછે છે વાત રે;
જીવે કેવા કીધાં હશે પાપ?... સાહેલી.૧૨

બેની! હસતાં રજોહરણ તમે લીધાં રે, મુનિરાજને દુઃખ જે દીધાં રે,
તેણે કર્મે વનવાસ તમે લીધ... સાહેલી.૧૩

પૂર્વે હતો શોક્યનો બાળ રે, તેને દેખી ઊછળતી ઝાળ રે;
તેણ કર્મે જોયાં વનનાં ઝાડ... સાહેલી.૧૪

સખિ! વનમાં જન્મ્યો છે બાળ રે, ક્યારે ઊતરશે મારી આળ રે;
ઓચ્છવ કરશું માને મોસાળ... સાહેલી. ૧૫

વનમાં ભમતાં દીઠા મુનિ આજ રે, અમને ધર્મ બતાવ્યો મુનિરાજ રે;
ક્યારે સરસે અમારાં કાજ?... સાહેલી.૧૬

વનમાં મળશે મામા-મામી આજ રે, ત્યાં પવનજી કરશે રે સાજ રે;
પછી સરસે તમારાં કાજ... સાહેલી.૧૭

મુનિરાજની શીખ જ સારી રે, સર્વે લેજો ઉરમાં અવધારી રે;
માણેકવિજયને જાઉં બલિહારી... સાહેલી. ૧૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૧૨) વૈરાગ્યની સજ્ઝાય

ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો, ભમીયો દિવસ ને રાત;
માયાનો બાંધ્યો રે પ્રાણીઓ, ભમે પરિમલ જાત. ભૂલ્યો૦ ૧

કુંભ કાચો રે કાયા કારમી, તેહના કરો રે જતન;
વિણસતા વાર લાગે નહિ, નિર્મળ રાખો રે મન. ભૂલ્યો૦ ૨

કેનાં છોરૂ ને કેનાં વાછરૂં, કેના માય ને બાપ;
અંતે જાવું જીવને એકલું, સાથે પૂણ્ય ને પાપ. ભૂલ્યો૦ ૩

જીવને આશા ડુંગર જેવડી, મરવું પગલાં રે હેઠ;
ધન સંચી સંચી રે કાંઈ કરો, કરો દૈવની વેઠ. ભૂલ્યો૦ ૪

ધંધો કરી ધન મેળવ્યું, લાખ ઉપર ક્રોડ;
મરણની વેળા રે માનવી, લીધો કંદોરો છોડ. ભૂલ્યો૦ ૫

મૂરખ કહે ધન માહરૂં, ધોખે ધાન ન ખાય;
વસ્ત્ર વિના જઈ પોઢવું, લખપતિ લાકડાં માંય. ભૂલ્યો૦ ૬

ભવસાગર દુઃખ જળ ભર્યો, તરવો છે રે તેહ;
વચમાં ભય સબળો થયો, કર્મ વાયરો ને મેહ. ભૂલ્યો૦ ૭

લખપતિ છત્રપતિ સવિ ગયા, ગયા લાખ બે લાખ;
ગર્વ કરી ગોખે બેસતાં, સર્વે થયા બળી રાખ. ભૂલ્યો૦ ૮

ધમણ ધખંતી રે રહી ગઈ, બુઝ ગઈ લાલ અંગાર;
એરણકો ઠબકો મીટ્યો, ઉઠ ચાલ્યો રે લુહાર. ભૂલ્યો૦ ૯

ઉવટ મારગ ચાલતા, જાવું પેલે રે પાર;
આગળ હાટ ન પાંગીયો, શંબલ લેજો રે સાર. ભૂલ્યો૦ ૧૦

પરદેશી પરદેશમાં, કુણશું કરો રે સનેહ;
આયા કાગળ ઉઠ ચાલ્યા, ન ગણે આંધી ને મેહ. ભૂલ્યો૦ ૧૧

કેઈ ચાલ્યા રે કેઈ ચાલશે, કેઈ ચાલણહાર;
કેઈ બેઠાં રે બુઢ્ઢા બાપડા, જાયે નરક મોઝાર. ભૂલ્યો૦ ૧૨

જે ઘર નોબત વાગતી, થાતાં છત્રીસ રાગ;
ખંડેર થઈ ખાલી પડ્યા, બેસણ લાગ્યા છે કાગ. ભૂલ્યો૦ ૧૩

ભમરો આવ્યો રે કમળમાં, લેવા પરિમલ પૂર;
કમળ મીંચાયે માંહે રહ્યો, જબ આથમતે સૂર. ભૂલ્યો૦ ૧૪

રાતનો ભૂલ્યો રે માનવી, દિવસે મારગ આય;
દિવસનો ભૂલ્યો રે માનવી, ફિર ફિર ગોથાં ખાય. ભૂલ્યો૦ ૧૫

સદ્‌ગુરુ કહે વસ્તું વોરીયે, જે કાંઈ આવે રે સાથ;
આપણો લાભ ઉગારીયે, લેખું સાહિબ હાથ ભૂલ્યો૦ ૧૬

વ્હાલા તે વ્હાલા શું કરો, વ્હાલાં વોળાવી વળશે;
વ્હાલા તે વનના લાકડાં તે તો સાથે જ બળશે. એક૦ ૧૭

નહીં ત્રાપો નહીં તુંબડી, નથી તરવાનો આરો;
**ઉદયરત્ન** મુનિ ઈમ ભણે, મને પાર ઉતારો. એક૦ ૧૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

### (રાગ : તુજ શાસનરસ અમૃત મીઠું)

આજ મનોરથ માહરો ફળિયો, પાસ જિનેસર મળિયો રે;
દુરગતિનો ભય દૂરે ટળિયો, પાયો પુણ્ય પોટલિયો રે...આજ૦ ૧
મોહ મહાભટ જે છે બળિયો, સયલ લોક જેણે છળિયો રે;
માયામાંહે જગ સહુ ડુલિયો, તે તુજ તેજે ગળિયો રે... આજ૦ ૨
તુજ દરસન વિણ બહુ ભવ રુલિયો, કુગુરુ કુદેવે જલિયો રે;
ઝાઝા દુઃખમાંહી હાંફળિયો, ગતિ ચારે આફળિયો રે... આજ૦ ૩
કુમતિ કદાગ્રહ હેલે દળિયો, જબ જિનવર સાંભળિયો રે;
પ્રભુ દીઠે આણંદ ઉછળિયો, મગમાંહે ઘી ઢળિયો રે... આજ૦ ૪
અવર દેવશું નેહ વિચલિયો, જિનજીશું ચિત્ત હળિયો રે;
પામી સરસ સુધારસ ફળિયો, કુણ લે જલ ભાંભળિયો રે...આજ૦ ૫
જન મન વાંછિત પૂરણ કલિયો, ચિંતામણિ ઝળહળિયો રે;
મેઘ કહે ગુણમણિ માદળિયો, દો દોલત દાદલિયો રે... આજ૦ ૬

## નેમિનાથ ભગવાનું સ્તવન

આવ્યા ઉગ્રસેન દરબાર, નેમ પરણવા રાજુલ નાર(૨)
નવભવની નારીને બુઝવવા...
જાન તોરણ પાસે આવે, સખીયોં મંગલ ગીતો ગાવે
સજી સોળ શણગાર, રાજુલ ઉભી ગોખમાં(૨)
શામળીયા નેમને નિહાળવા...૧
સુણી નેમજીનું દિલડું દુભાય છે, રથડો પાછો વાળે છે શ્યામરે,
દેવા માંડ્યું વર્ષીદાન, ત્યાં તો રૂવે રાજુલ નાર
નવભવની નારીને બુઝવવા...૨
પતિ વિરહ સુણી ધરણી ઢળે, રાજુલ કોટી વિલાપ કરે છે,
મુજને છોડી ન જાવો નાથ, હું તો આવું તમારી સાથ
શામળીયા નેમને નિહાળવા...૩
સહસાવન જઈ સંયમ લીએ છે, રાજુલ પણ સંસાર તજે છે,
બુઝવી સ્નેહી રાજુલ નાર, બતલાવે મુક્તિનો માર્ગ
નવભવની નારીને બુઝવવા...૪
નેમ રાજુલની જોડી શોભે છે, બંને મુક્તિની મોજ માણે છે,
પહેલા તારી રાજુલ નાર, પછી પહેરે મુક્તિમાળ
શામળીયા નેમને નિહાળવા...૫
ગુરૂ ઉદયરત્ન વિનવે છે, ભવો ભવનાં દર્શન ઈચ્છે છે,
જેમ તારી રાજુલ નાર, તેમ તારી લ્યો આ બાળ
નવભવની નારીને બુઝવવા...૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॐ હ્રીં શ્રી ભાભર તીર્થમંડન શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ
## વિ. સં. ૨૦૬૨ના શ્રાવણ સુદ-૧૦ની
## શ્રી મુનિસુવ્રત દાદાની ૧૧૦મી શાલગીરી નિમિત્તે

### ભાભર સંઘના દાતાઓની નામાવલી

| | |
|---|---|
| ગટેચા | હરગોવનદાસ તારાચંદ પ્રેમચંદ |
| રોલીયા | પન્નાલાલ કકલદાસ કપુરચંદ |
| મણીયાર | મનદીપ દીનેશચંદ્ર ફોજાલાલ |
| મણીયાર | ફોજાલાલ અમૃતલાલ મયાચંદ |
| મણીયાર | કંચનબેન ફોજાલાલ અમૃતલાલ |
| મણીયાર | મધુબેન દીનેશચંદ્ર ફોજાલાલ |
| મણીયાર | કલ્પનાબેન કીરીટભાઈ ફોજાલાલ |
| મણીયાર | રેખાબેન પ્રકાશભાઈ ફોજાલાલ |
| મણીયાર | મીનાબેન રાજેશકુમાર ફોજાલાલ |
| મણીયાર | સુમિત્રાબેન તથા મુક્તાબેન ફોજાલાલ |
| મણીયાર | વૈરાગીબેન રાજેશકુમાર ફોજાલાલ |
| મણીયાર | ચીમનલાલ અમૃતલાલ મયાચંદ |
| મણીયાર | રીખુબેન ચીમનલાલ અમૃતલાલ |
| મણીયાર | રમણીકલાલ ચીમનલાલ અમૃતલાલ |
| મણીયાર | તારાબેન રમણીકલાલ ચીમનલાલ |
| મણીયાર | પ્રફુલભાઈ રમણીકલાલ ચીમનલાલ |
| મણીયાર | અશ્વિનભાઈ રમણીકલાલ ચીમનલાલ |
| મણીયાર | કૈલાશબેન પ્રફુલભાઈ રમણીકલાલ |
| મણીયાર | શર્મીષ્ટાબેન અશ્વિનભાઈ રમણીકલાલ |
| મણીયાર | રીધીબેન પ્રફુલભાઈ રમણીકલાલ |
| મણીયાર | સમકિત પ્રફુલભાઈ રમણીકલાલ |
| મણીયાર | જીનલ પ્રફુલભાઈ રમણીકલાલ |
| મણીયાર | હર્ષ અશ્વિનભાઈ રમણીકલાલ |
| મણીયાર | રૂચી અશ્વિનભાઈ રમણીકલાલ |
| મણીયાર | અપેક્ષાબેન કીરીટભાઈ ફોજાલાલ |
| મણીયાર | શુશીલાબેન વસંતલાલ છોટાલાલ |
| મણીયાર | ભૂરીબેન ખેતશીભાઈ અમૃતલાલ |
| મણીયાર | રંભાબેન નાનાલાલ અમૃતલાલ |
| મણીયાર | રંભાબેન ચીમનલાલ પરસોત્તમદાસ |
| મણીયાર | શુશીલાબેન તથા જ્યોત્સનાબેન |
| મણીયાર | પારુંબેન સંપ્રીતલાલ નેમચંદ |
| મણીયાર | ઈન્દુબેન જસવંતલાલ સંપ્રીતલાલ |
| મણીયાર | બાબલો આશીષભાઈ નાનાલાલ |
| મણીયાર | પ્રેમીલાબેન પ્રવિણભાઈ છોટાલાલ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| રોલીયા | કપૂરચંદ માનચંદ ચંદ્રભાણ |
| રોલીયા | રંભાબેન બાબુલાલ મફતલાલ |
| રોલીયા | શાન્તાબેન હાલચંદ ચુનીલાલ |
| રોલીયા | બચુલાલ શાન્તીલાલ હરગોવનદાસ |
| રોલીયા | શશીબેન બચુલાલ મફતલાલ |
| રોલીયા | મોતીબેન મફતલાલ કપૂરચંદ |
| રોલીયા | ભીખીબેન પનાલાલ કકલદાસ |
| રોલીયા | મંજુલાબેન તથા નયનાબેન ઝુમચંદ |
| રોલીયા | નરોત્તમદાસ હરગોવનદાસ બાલચંદ |
| રોલીયા | પ્રભાબેન ફોજાલાલ ઉત્તમચંદ |
| રોલીયા | ધુડીબેન પનાલાલ ગંભીરદાસ |
| રોલીયા | સેવન્તીલાલ જગજીવનદાસ ચાંપસીભાઈ |
| રોલીયા | શુભદ્રાબેન મફતલાલ ભુદરદાસ |
| રોલીયા | શારદાબેન સેવન્તીલાલ હરગોવનદાસ |
| રોલીયા | ભૂરીબેન છોટાલાલ ચાંપશીભાઈ |
| રોલીયા | રંભાબેન જમનાલાલ ભુદરદાસ |
| રોલીયા | ચંદુબેન હરગોવનદાસ ચાંપશીભાઈ |
| રોલીયા | રંભાબેન કીર્તીલાલ હરગોવનદાસ |
| રોલીયા | પ્રભાબેન કીર્તીલાલ ગંભીરદાસ |
| રોલીયા | સવિતાબેન મહેન્દ્રભાઈ ધનજીભાઈ |
| શેઠ | જીવતલાલ અમૃતલાલ અમૃતલાલ |
| શેઠ | સમરથબેન જીવતલાલ અમૃતલાલ |
| શેઠ | બબીબેન મુક્તિલાલ જીવતલાલ |
| શેઠ | સવીતાબેન જમનાલાલ જીવતલાલ |
| શેઠ | ધુડીબેન કાંતિલાલ જીવતલાલ |
| સંઘવી | બાલચંદ મણીલાલ ભુદરદાસ |
| સંઘવી | કંચનબેન બાલચંદ મણીલાલ |
| સંઘવી | મફતલાલ દેવસીભાઈ કેવળદાસ |
| સંઘવી | રમણીકલાલ લહેરચંદ પોપટલાલ |
| સંઘવી | શારદાબેન બાબુલાલ લહેરચંદ |
| સંઘવી | મફુબેન બાબુલાલ મણીલાલ |
| સંઘવી | શારદાબેન જયંતીલાલ નરોત્તમદાસ |
| સંઘવી | રીખુબેન ફોજાલાલ ખૂબચંદભાઈ |
| સંઘવી | હાલચંદ મણીલાલ વજેચંદભાઈ |
| સંઘવી | લીલાબેન હિરાલાલ મનસુખલાલ |
| સંઘવી | મંજુલાબેન કીર્તીલાલ હિરાલાલ |
| સંઘવી | હિરાલાલ હરગોવનદાસ હરજીવનદાસ |
| સંઘવી | પ્રભાબેન પ્રભુલાલ ચુનીલાલ |
| સંઘવી | શારદાબેન રમણીકલાલ હરગોવનદાસ |
| સંઘવી | સુરેશભાઈ હિરાલાલ મણીલાલ |
| સંઘવી | ચંદનબેન કકલદાસ જગજીવનદાસ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| સંઘવી | મથુબેન જીવતલાલ ચુનીલાલ |
| સંઘવી | યશકુમાર પ્રકાશભાઈ જમનાલાલ |
| સંઘવી | પ્રભાબેન મુક્તિલાલ રૂપશીભાઈ |
| સંઘવી | શાંતિલાલ ખોડીદાસ ત્રીભોવનદાસ |
| સંઘવી | ભૂરીબેન કકલદાસ ગેલચંદભાઈ |
| સંઘવી | શકુબેન વાડીલાલ જગજીવનદાસ |
| સંઘવી | સદ્‌ગૃહસ્થ તરફથી |
| વોરા | હીરાબેન મનસુખલાલ કરમણભાઈ |
| વોરા | રંભાબેન જયંતીલાલ મણીલાલ |
| | (સા. શ્રી શ્રુતદર્શનાશ્રીના સદુપદેશથી) |
| શાહ | કાંતિલાલ મણીલાલ દેવસીભાઈ |
| શાહ | રંભાબેન ફોજાલાલ મણીલાલ |
| શાહ | વીમળાબેન પ્રભુલાલ નરોત્તમદાસ |
| શાહ | દીનેશચંદ્ર વાલચંદભાઈ |
| માલું | કિશનમલજી સુલતાનમલજી કરણમલજી |
| કોઠારી | પુનમચંદભાઈ દેવશીભાઈ દલીચંદભાઈ |
| કોઠારી | પન્નાલાલ કાન્તીલાલ દેવસીભાઈ |
| કોઠારી | સમુંબેન વાડીલાલ દેવસીભાઈ |
| કોઠારી | વીરચંદભાઈ સોભાગચંદભાઈ |
| મોદી | માણેકલાલ રતનશીભાઈ કાંનજીભાઈ |
| મોદી | ચંદ્રીકાબેન માણેકલાલ રતનશીભાઈ |
| મોદી | ભુરાલાલ કાંનજીભાઈ |
| મુજપુરા | ભુદરલાલ નેમચંદભાઈ મગનલાલ |
| મુજપુરા | હરગોવનદાસ રૂપસીભાઈ બોઘરદાસ |
| મુજપુરા | વરઘીલાલ ટીલચંદભાઈ રૂપસીભાઈ |
| મુજપુરા | શારદાબેન ફોજાલાલ પરસોત્તમદાસ |
| મુજપુરા | ભુરીબેન બાવાલાલ વીરચંદભાઈ |
| મુજપુરા | રંભાબેન બાવાલાલ વીરચંદભાઈ |
| મુજપુરા | જેણીબેન ચીમનલાલ પરસોત્તમદાસ |
| મહેતા | કંચનબેન કાળીદાસ ભીખાલાલ |
| ફોફાણી | હીરાલાલ ભુરાલાલ સૂરજમલ લુદ્રાવાળા |
| ફોફાણી | જયંતિલાલ હિંમતલાલ લુદ્રાવાળા |
| ફોફાણી | સુલસાબેન વિનોદભાઈ જયંતીલાલ લુદ્રાવાળા |
| દોશી | કિર્તિલાલ મફતલાલ હંસરાજભાઈ |
| સોનેથા | શાંતાબેન ચંદુલાલ ધનજીભાઈ |
| સોનેથા | મથુબેન કાંતીલાલ ગંભીરદાસ |
| ગટેચા | શાંતિલાલ પ્રેમચંદભાઈ |
| આકોલીયા | રમીલાબેન નવિનચંદ્ર મણીલાલ |
| ગાંધી | વીમળાબેન શાંતિલાલ ભોગીલાલ |
| ઠાકોર | ઘારસીજી બજાજી |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શુદ્ધિપત્રક વિચારણા

| ક્રમ | પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ | ગાથા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૦૩ | ૧૬ | વિલયં જંતિ | વિલિજ્જંતિ | ૭ |
| ૨ | ૧૪૦ | ૮ | પરમાર્થ જાણ્યા વિના ભુલાવ્યા મોહ્યા | પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા વ્યામોહ્યા | |
| ૩ | ૧૪૬ | ૨ | ખાદિ લગે અદેખાઈ ચિંતવી | ખાધિ લગે અદેખા ચિંતવી | |
| ૪ | ૧૮૨ | ૧૫ | ૐ હ્રીં શ્રીં ધૃતિ-મતિ-કીર્તિ-કાંતિ | ૐ હ્રી શ્રી ધૃતિ-મતિ-કીર્તિ-કાંતિ | ૬ |
| ૫ | ૧૮૮ | ૧૧ | એષા શાન્તિઃ પ્રતિષ્ઠાયાત્રા | એષાં શાન્તિઃ પ્રતિષ્ઠાયાત્રા | ૧૩ |
| ૬ | ૧૧૬ | ૬ | સૌં ર્હીં નમો સવ્વોસહિ | સૌં હ્રીં નમો ચ સવ્વોસહિ | 3 |
| ૭ | ૧૧૭ | ૪ | રકખંતુ મમ રોહિણી | રકખંતુ મમં રોહિણી | ૫ |
| ૮ | ૧૧૭ | ૨૧ | બંભો મણુઓ સુરકુમારો | બંભો મણુએ સરકુમારો | ૭ |
| ૯ | ૨૧ | ૧૦ | જગચિંતામણિ જગનાહ | જગચિંતામણિ જગહનાહ | ૯ |
| ૧૦ | ૯૮ | ૧૪ | ફૂટ્ ફૂટ્ સ્વાહા | ફટ્ ફટ્ સ્વાહા | ૧૪ |
| ૧૧ | ૧૩૧ | ૧૨ | ભાવતોડહં નમામિ | ભાવતોડર્ચા નમામિ | 30 |
| ૧૨ | ૨૦૪ | ૧૯ | સ્થંડિલ (ઠલ્લ આદિ...) | સ્થંડિલ (ઠલ્લે આદિ...) | |

## અનુક્રમણિકાનું શુદ્ધિપત્રક

| પેજ | ક્રમ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૫ | ૮ | શ્રી લોગસ્સ....... ૧૪ | શ્રી લોગસ્સ..... ૧૫ |
| ૨૭ | ૧૦૦(૪) | સ્વામી સીમંધરા.... ૨૫૩ | સ્વામી સીમંધર.. ૨૫૪ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# ક્રિયાનો મહિમા

શ્રી જિનેશ્વરદેવના શાસનની બધી
ક્રિયાઓ મોક્ષના હેતુપૂર્વક કરવાની છે.

'અમે આટઆટલી ધર્મક્રિયાઓ કર
છીએ એટલે અમે તો દુર્ગતિમાં નહિ
જવાના' એવી તમારી ખાતરી છે ? તમે
ધર્મ કરો છો, તે એટલી રૂચિપૂર્વક કરો છો
જ્યાં સુધી ધર્મ થઈ શકે ત્યાં સુધી તો તમે
જ કરો ને ? ઘરે ગયા વિના ચાલે તેમ નથી,
ઘરે જાઓ છો ને ? કરવા લાયક-સેવવા લાયક
ધર્મ જ, એવું જ તમારા મનમાં ખરું ને ? એટલે ઘેર
પણ તમને 'ગૃહવાસ સારો છે'

એમ તો લાગે નહિ ને ? ધર્મક્રિયા થોડો સમય થાય, પણ ધર્મની
તો બધે રહે ને ?

જૈનશાસન કહે છે કે 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ'- એકલા જ્ઞાનથી મુ
જૈનશાસને માની નથી.

છોકરો દુનિયાનું ન ભણે, વેપાર ન આવડે, પચાસ પગાર લાવતાં ન આવડે
બાપ તે છોકરાને અક્કલ વગરનો બેવકૂફ કહે, પણ શ્રી જિનેશ્વરદેવની
ન કરે, વ્યાખ્યાન ન સાંભળે, સાધુ પાસે ન જાય, સામાયિક પ્રતિક્રમણ ન
તો માબાપ કહે કે-કામ ઘણું છે, ફુરસદ નથી, બિચારો શી રીતે કરે ? અને
લોકપ્રવાહમાં તણાઈને સાધુ પણ એમ કહી દે કે-એમાં કાંઈ વાંધો
નથી, તો પછી કહેવું જ શું ?

સામાની ઉત્તમ ક્રિયા આંખે ન ચઢતાં બીજું જ
યાદ આવે છે, એમાં તમારી ત્રુટિ છે. એમાં સારી
ક્રિયા પ્રત્યેનો અનાદર છે.

- પૂ.આ.ભ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

Concept By Raj arts
094274 70773
098795 54578

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org